॥ ॐ नमो जिणिंदस्स
जिणपचयणस्स य ॥

॥ पू.गुरुवर्य्य सिद्धान्तमहोदधि
आचार्यदेव श्री
विजयप्रेमसूरीश्वरेभ्यो नमः ॥

વીર સંવત ૨૪૭૮ ● વિક્રમ સંવત ૨૦૦૮ ● ભાદરવા સુદ-૧ ગુરૂવાર ● તા. ૨૧-૮-૫૨

प्रवचन पत्रिका

સકલાગમરહસ્યવેદી પૂ. સ્વ. આચાર્યદેવ **શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજના** પટ્ટાલંકર સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રીવિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ **શ્રી ભાનુવિજયજી મહારાજના** મનનીય આર્હત્ પ્રવચનોનું પ્રકાશન

પ્રકાશકનું પ્રાગ્વકતવ્ય :-

જ્યારે, વર્તમાન કાળે માનવ પ્રાણીને વિજ્ઞાનવાદ મુંઝવી રહ્યો છે, જડવાદ આંજી રહ્યો છે, ફેશન-વિલાસવાદ લલચાવી ફસાવી આર્ય સંસ્કૃતિથી પતન કરાવી રહ્યો છે, જ્યારે આર્થિક સંકડામણો કૌટુંબિક કલેશ, આબરૂનો અતિરેક કે અભાવ, હૃદયને નિરંતર બાળી રહ્યો છે, ને દુર્ધ્યાનમાં આત્માને શેકી-ધોર કર્મબંધ કરાવી રહ્યો છે.

ત્યારે એ બધા અનિષ્ટો અને અનર્થોનો પ્રતિકાર કરતાં, આત્માને નવું ચૈતન્ય અને જવલંત તાત્ત્વિક જોમ અર્પતાં, ચિત્તને અનુપમ શાંતિ અને ઠંડક બક્ષતાં, શુભ વિકલ્પ, શુભ ભાવના, શુભ મનોરથ, અને શુભ ધ્યાન તથા અપૂર્વ સમતા-સમાધિના પવિત્ર પંથે ચઢાવતાં, વિશિષ્ટ તત્ત્વજ્ઞાન અને શ્રી સર્વજ્ઞ વચનના માર્મિક રહસ્યોની બાલગમ્ય સમજુતી આપતાં, તર્ક શક્તિ, ચિંતન-મનન શક્તિ, ધ્યાન-નિદિધ્યાસન શક્તિ, યોગાભ્યાસ તથા વિચાર વાણી શક્તિ, વગેરેને ખિલવતાં.

પૂજ્ય મુનિરાજ **શ્રી ભાનુવિજયજી મહારાજનાં** યોગદૃષ્ટિ ઉપરનાં પ્રસિદ્ધ પ્રવચનોને સાંભળીને શ્રોતાજનોને પોતાના જીવનમાં ફરી પણ એનું વાંચન મનન અતિ લાભદાયી લાગવાને લીધે તથા દેશદેશાવરના ભવ્ય જીવોને પણ એ ઉપકારી લાગવાના લીધે શ્રોતાજનોની શુભ પ્રેરણા અને યોજનાથી આ **દિવ્યદર્શન** નામની પત્રિકા દ્વારા પ્રવચનો પ્રસિદ્ધ કરવામાં આવશે. એમાં પ્રથમ, પત્રિકાના શુભનામ સાથે સંકળાયેલું ભૂલેશ્વર લાલબાગ પ્રવચન હૉલમાં થયેલું. **'દિવ્યદર્શન'** એ વિષય પર તા. ૧૧-૧૧-૧૯૫૧ના બપોરે થયેલું જાહેર પ્રવચનનું યથાશક્તિ અવતરણ નીચે મુજબ આપવામાં આવે છે :-

પૂનાસીટીમાં યોજાયેલા ભવ્ય કાર્યક્રમો

સિદ્ધાંત મહોદધિ પ.પૂ.આચાર્યદેવશ્રી વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજા** જ્યારથી પોતાના વિશાળ મુનિમંડળ સાથે પૂનાસિટીના આંગણે પધાર્યા છે, ત્યારથી શ્રીસંઘમાં અપૂર્વ ધર્મસ્ફૂર્તિ આવી છે. તેઓશ્રીની આજ્ઞાથી પ્રસિદ્ધ વકતા પૂ. વિદ્વાન મુનિરાજશ્રી **ભાનુવિજયજી** મહારાજ વ્યાખ્યાન આપે છે. તેમાં શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર અને સમરાઈચ્ચ કહા પૂ. મુનિરાજ દ્વારા સુંદર શૈલીમાં વિવેચાઈ રહ્યાં છે. શ્રી આદીશ્વરજી મંદિરનો નીચેનો વિશાલ હોલ સ્ત્રી-પુરુષોથી ચીકાર થઈ જાય છે.

દર રવિવારે અન્ય જાહેર સ્થળોએ હિંદીભાષામાં પૂ. મુનિશ્રીનાં પ્રવચનો યોજાય છે. તેમાં ખાસ ગોખલે હોલમાં **"રામાયણમાં ભરેલું તત્ત્વજ્ઞાન"** એ વિષય પર ત્રણ વ્યાખ્યાનો યોજાયાં હતાં. તેમજ દર સોમવારે બપોરે ધર્મશાળામાં **"વાસના પર ભાવનાનો વિજય અને જંબુસ્વામીનો રાસ"** એના પર અપૂર્વ વ્યાખ્યાનો થાય છે. આ વ્યાખ્યાનમાળામાં ગુજરાતી તથા મારવાડી સંઘ મોટી સંખ્યામાં લાભ ઉઠાવે છે.

પૂ. આચાર્ય ભગવંતની પ્રેરણાથી સંઘમાં શ્રી નવકારમંત્રનો તપ થયો હતો. તેમાં ૨૫૦ ભાઈ-બહેનો જોડાયાં હતાં. એકાસણાં સામુદાયિક થતાં હતાં. આ તપ પૂરો થતાં તા. ૧૪-૧૫ ઓગષ્ટે પાંચ ભવ્ય કાર્યક્રમ યોજાયા હતા. ૧૪ મી તારીખે સવારે **'સ્વાતંત્ર્યના માર્ગે અને મહાસતી પ્રભંજના'** એ વિષય પર જાહેર પ્રવચન, બપોરે દીક્ષા બીલ નિવારણ અર્થે શ્રી સંઘમાં લગભગ ૭૦૦ સામુદાયિક આયંબિલ (મુંબઈ નિવાસી શેઠશ્રી ખુશાલભાઈ ખેંગારભાઈ તરફથી-દીક્ષાપ્રતિબંધક બીલનીવારણાર્થે) અને શ્રી નવપદજીનો લાખોની સંખ્યામાં જાપયજ્ઞ, બપોરે ૨॥ વાગે ભવાનીપેઠના નવા પ્લોટમાં શ્રી નવપદજીની પૂજા, પૂજા ભણાવવા મુંબઈથી શ્રી મહાવીર સંયુક્ત મંડળને બોલાવવામાં આવ્યું હતું. રાત્રે ભાવના-આ રીતે આખોય દિવસ સુંદર રીતે પસાર થયો હતો. ૧૫મી ઓગષ્ટે સવારે જાહેર પ્રવચન અને બપોરે ૧ વાગ્યાથી **અષ્ટાપદજીની મહાપૂજા** ભણાવવામાં આવી હતી. આ પૂજામાં લગભગ **ત્રણ હજાર ભાઈ-બહેનોએ** લાભ લીધો હતો. શ્રી કાંતિલાલ ચીમનલાલ તરફથી આ પૂજા ભણાવાઈ હતી. પૂજાના અર્થો **પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી** મહારાજ ખૂબ સ્પષ્ટ શબ્દોમાં અને રોચક ભાષામાં સમજાવતા હતા. મંડળ પણ અપૂર્વ ભક્તિરંગ જમાવતું હતું, પ્લોટમાં શેઠશ્રી શંકરજીએ ભવ્યમંડપ

ઊભો કર્યો હતો. પડદા પર અષ્ટાપદજીનું એક અદ્‌ભુત મોટું ચિત્ર પણ બનાવવામાં આવ્યું હતું. આ પૂજામાં ઠેઠ મુંબઈ વગેરે સ્થળોથી પણ ૭૫-૧૦૦ માણસ અત્રે આવેલા. હજુ પણ સંઘમાં નવા રચનાત્મક કાર્યક્રમો યોજવાની વિચારણા ચાલી રહી છે.

પૂનાની વસંતટૉકીઝના થિયેટરમાં જાહેર વ્યાખ્યાનો

દેવાધિદેવની ૧૬ હજાર ફૂલોથી થયેલી ભવ્ય-અંગરચના

સુપ્રસિદ્ધ પ્રવચનકાર પરમપૂજ્ય **ગુરુદેવશ્રી ભાનુવિજયજી મહારાજ**નાં સંવેગવૈરાગ્યની રેલમછેલ કરતાં વ્યાખ્યાનોથી પૂનાની જૈન-જૈનેતર જનતા પૂજ્ય મુનિવર્ય પ્રત્યે આકર્ષાઈ રહી છે. તેમાં અત્રેના ગુજરાતી બંધુ સમાજના કાર્યકર ભાઈશ્રી નાણાવટીએ પૂ. ગુરુદેવશ્રીને અત્રેના **વસંત ટોકીઝના થિયેટરમાં** જાહેર વ્યાખ્યાન આપવા વિનંતી કરતાં, તેનો સ્વીકાર કરી પૂજ્ય મુનિશ્રીએ તા. ૨૮-૮-૫૫ રવિવારે સવારે **"જીવન-સંગ્રામ"** એ વિષય પર બે કલાક સતત વાણી-પ્રવાહ વહાવ્યો હતો. વ્યાખ્યાનની જાહેરાત પત્રિકાઓ દ્વારા થયેલી હોવાથી થિયેટર માનવમહેરામણથી ભરચક બની ગયું હતું. જેમાં પુનાના અગ્રગણ્ય નાગરિક શ્રી કેશવલાલ મણિલાલ, શ્રી કેશવલાલ માણેકલાલ, શ્રી પુનમચંદ સંઘવી, બેલગામ-નિવાસી શ્રીયુત ચતુરભાઈ તથા કોલ્હાપુરના જૈન આગેવાનોની હાજરી ધ્યાન ખેંચતી હતી. વ્યાખ્યાનમાં પૂ. મુનિપુંગવે "મનુષ્ય જીવનરૂપી કુરુક્ષેત્ર પર શાના સંગ્રામ ખેલવા ? જીવનસંગ્રામનાં વિવિધ રહસ્ય શાં ? એમાંથી સર્જાતી હાર-જીતનાં કેવા સચોટ પરિણામ, વિજય-સંગ્રામની સાધના કેવી ?" ઇત્યાદિનું અપૂર્વ માર્ગદર્શન કરાવ્યું હતું. સાથે અદ્‌ભુત સાત્વિક પ્રેરણાઓ સુંદર શૈલીમાં આપી હતી.

એજ થિયેટરમાં સોમવારે સવારે પૂજ્ય મુનિરાજશ્રીએ **"મન પર વિજય"** એ વિષય પર અલૌકિક પ્રકાશ પાથર્યો હતો. તેઓશ્રીએ "આજે પ્રત્યેક સાધક મનુષ્યની વ્યાપક ફરિયાદ 'મન સ્થિર રહેતું નથી...' આ ફરિયાદનો રદિયો આપતાં મનની અસ્થિરતા શાથી જન્મી અને તે દૂર કેમ થઈ શકે તેના સચોટ ઉપાયો દર્શાવ્યા હતા." સ્થિર-અસ્થિર મનના લાભાલાભ સાથે પ્રાસંગિક અદ્‌ભુત દૃષ્ટાન્તોએ ગજબનાક જમાવટ કરી હતી.

આ ઉપરાંત પુનાના શ્રીસંઘમાં પૂ. આચાર્ય ભગવંતની પાવનનિશ્રામાં ૯ આંબેલ અને ૩ ઉપવાસની **'સંસાર-તારણતપ'** ની આરાધના થઈ. જેમાં ૭૦ ભાઈ-બહેનોએ આરાધના કરી હતી. આ તપની શુભપૂર્ણાહુતિ નિમિત્તે ભાદરવા બીજને રવિવારના દિવસે મુંબઈ (વિલા-પારલા) નિવાસી શ્રીયુત ખુશાલભાઈ ખેંગારભાઈ તરફથી શ્રી આદીશ્વરજી મંદિરમાં દેવાધિદેવની સોળ હજાર ફૂલોની અપૂર્વ આંગી રચવામાં આવી હતી. પબાસણથી આગળ મોટું આઠેક ફૂટ પહોળું, દસેક ફૂટ લાંબુ સ્ટેજ બનાવી એના પર અષ્ટપાંખડી કમળની રચના, આજુબાજુ પાન વગેરેની રચના-એ બધું હજારો ફૂલોથી બનાવાયું હતું. દૃશ્ય અલૌકિક અને પૂના માટે અભૂતપૂર્વ હતું. અંગરચના કરવા માટે મુંબઈથી શ્રી રમણલાલ મણિલાલ તથા હીરાભાઈ દમણી વગેરે ભાઈઓને ખાસ આમંત્રણથી બોલાવામાં આવ્યા હતા. પ્રભુજીના અંગે ઝવેરાત જેવી ભવ્ય આંગી રચવામાં આવી હતી. આખુંયે દેરાસર પુષ્પોની સુવાસથી મઘમઘાયમાન થઈ રહ્યું હતું. પ્રભુભક્તિની આ ભવ્ય શોભા જોવા માટે જૈન-જૈનેતર હજારો ભાઈ-બહેનો ઉમટી પડ્યા હતા. સૌ કોઈના મુખેથી આશ્ચર્યના સૂર નીકળી પડતા. નિમિત્તની કેટલી બધી જબરદસ્ત અસર છે એ પ્રત્યક્ષ જોવા મળતું.

બપોરે બે વાગે તપસ્વીઓ તરફથી શ્રી બારવ્રતની મહાપૂજા ભણાવવામાં આવી હતી. પૂજા ભણાવવામાં મુંબઈથી મહાવીર સંયુક્ત મંડળ તથા લોનાવાલાથી શ્રી રમણિકલાલ બાપુલાલને બોલાવવામાં આવ્યા હતા. સોનારની વિશાળ ધર્મશાળાના ચોગાનમાં બાંધેલો મંડપ આજે નાનો પડી ગયો હતો ! પૂજ્ય ગુરુદેવશ્રી વચ્ચે વચ્ચે કડીઓના રહસ્ય સુંદર રીતે સમજાવતા હતા.

રાત્રે ભાવનામાં પણ એક-દોઢ હજાર માણસોએ લાભ લીધો હતો. મંડળમાંના શ્રી પ્રતાપરાય જનતાને ભક્તિરસમાં લીન બનાવતા હતા. શરીર પર સળગતી મીણબત્તિઓ લઈ નૃત્ય કરી રાત્રે ૧૧॥ વાગે વિસર્જન થયું હતું.

વિશેષ અનુમોદનીય ઘટના તો એ બની કે પરમકારુણ્યનિધિ પૂ. આચાર્ય ભગવંતની પુનિતનિશ્રામાં જ્ઞાન-ધ્યાન અને તપત્યાગના અવર્ણનીય વાતાવરણમાં રહેલા બાલમુનિવરો શ્રી કીર્તિચન્દ્રવિજયજી, શ્રી જિનચન્દ્રવિજયજી તથા શ્રી પુણ્યપાલવિજયજી મહારાજે 'અમારે હજામત નથી કરાવવી લોચ કરાવવો છે'-એમ કરી અપૂર્વ આત્મબળથી લોચ કરાવ્યા. લોચ જે દિવસે થયો, તે દિવસે આ બાળ મુનિઓ સવારે ત્રણ વાગે ઉઠી ગયા હતા ! ને પૂજ્ય આચાર્ય ભગવંતના ચરણોમાં માથું મૂકીને કહ્યું હતું કે "આજે તો અમારે દિવાળી છે ! વરસમાં બે

દિવાળી આવે, આજે અમે કર્મના ફટાકડા ઊડાવવાના છીએ !" પ્રતિક્રમણ, નમસ્કારમંત્રનું સ્મરણ, પડિલેહણ વગેરે કરી ત્રણે મુનિવરો આચાર્ય ભગવંતની સાથે દેરાસર જઈ આવી હોંશથી લોચ કરાવવા બેસી ગયા હતા ! લોચ કરનાર સાધુઓને કહી દીધું કે "અમારી દયા ન ખાતા. જેટલા વાળ લેવા હોય તેટલા લેજો ! અમારાં કર્મ ખપવાના છે. ગજસુકુમાળ મુનિએ માથે સગડી સહી હતી." બાળમુનિવરોના આ આત્મબળે અને પૂજ્ય આચાર્ય ભગવંત પરની અટલશ્રદ્ધાએ સાધુઓને મુગ્ધ કર્યા હતા. લોચ સુંદર રીતે પૂર્ણ થયા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૪,અંક-૧૦,તા.૧૨-૧૧-૧૯૫૫

પૂ. આચાર્ય મહારાજો, મુનિરાજો અને પૂ. સાધ્વીજી મહારાજોને વિજ્ઞપ્તિ

શ્રી ચતુર્વિધ સંઘની પ્રેરણાથી બાળ સં. દીક્ષા પ્રતિબંધક વિધેયનો વિરોધ કરવા મુંબઈમાં સ્થપાયેલી સમિતિએ તેનું કાર્ય અનેક રીતે શરૂ કરી દીધું છે. જાહેર જનતાને આ આધ્યાત્મિક વર્તનમાં હસ્તક્ષેપ કરનારા બીલના ભયંકર અનર્થો સમજાવવા માટે અત્રે જાગૃતિ વ્યાખ્યાનમાળાની યોજના બહાર પાડી છે, હજુ તો બોરીવલી, મલાડ, અંધેરી, દાદર, લાલવાડી, લાલબાગ, કોટ, વીર્લેપારલા અને ભાયખલામાં વ્યાખ્યાનો થયા છે. એથી સુજ્ઞ જૈન-જૈનેતર જનતામાં બીલ રદ કરાવવા માટે અજબ ઉત્સાહ આવ્યો છે અને આ બધા સ્થાનોએથી બાળ સં. દીક્ષા પ્રતિબંધક બીલ ઉડાડી દેવા માટે ના. મુંબઈ સરકારને વિનંતી કરતા ઠરાવો થયા છે. આનો પડઘો ગુજરાત, મહારાષ્ટ્ર, માળવા, મેવાડ અને બંગાળના દૂર દૂરના પ્રદેશોમાં પડવા માંડ્યો છે. ભારતમાં અનેક સ્થળોએ ચાતુર્માસ અર્થે રહેલા પૂ. આચાર્ય મહારાજાદિ મુનિરાજો અને પૂ. સાધ્વીજી મહારાજો કા. સુદ ૧૫ પછી પ્રાયઃ અન્ય સ્થળોએ વિહાર કરી જશે. તો તેઓશ્રીને અમારી વિનંતી છે કે તે અગાઉ જે જે પ્રદેશમાં આપશ્રી હાલ છો તે તે આખા યે પ્રદેશના જૈન-જૈનેતર આગેવાનોને અને કાર્યકર્તાઓને એકઠા કરી-કરાવી આ વિધેયની બિનજરૂરીયાત અને નુકસાનો સમજાવશો અને મુંબઈ સરકારે પ્રજામત જણાવવા માટે તક આપી છે, તો સંસ્કૃતિપ્રેમી ભારતની પ્રજાનો આ બીલની વિરુદ્ધ સાચો પ્રચંડ અવાજ લાખ્ખો સહીઓ મેળવીને પહોંચાડશો.

ધર્મપ્રેમનું સર્વોત્તમ દર્શન કરાવતી ધર્મપ્રેમીઓના અપૂર્વ ઉત્સાહ અને આનંદ સાથે અમદાવાદમાં નીકળેલી ભવ્ય અને શાનદાર

જાગૃતિ કૂચ
'દીક્ષા પ્રતિબંધક બીલ રદ કરો'ના

બુલંદ અવાજોથી ગાજી ઉઠેલા અમદાવાદના રાજમાર્ગો.

અગાઉથી જાહેર થયા પ્રમાણે બાળ સં૦ દીક્ષા પ્ર. વિધેય વિરોધ સમિતિ તરફથી રવિવારે સવારના સાડા આઠ વાગે જાગૃતિ કૂચ શ્રી ચીમનલાલ કડીયા, શ્રી મોહનલાલ જમનાદાસ, શ્રી અમૃતલાલ જેશીંગભાઈ, શ્રી મફતલાલ ગાંધી કાર્યવાહકો અને ચતુરભાઈ ચીમનલાલ વગેરે આરાધક મંડળના સભ્યોની દેખરેખ નીચે કાઢવામાં આવી હતી. શ્રી પટવારી દીક્ષા પ્રતિબંધક બીલ સામે ઉગ્ર વિરોધ ફાટી નીકળેલો હોવાથી સ્કૂલો, પાઠશાળાઓના સેંકડો છોકરા-છોકરીઓ કૂચમાં જોડાવા માટે સમિતિની ઓફિસ આગળ ઝવેરીવાડ આવી પહોંચ્યા હતા, વિવિધ બેન્ડો, લાઉડસ્પીકરની ગાડી, સંખ્યાબંધ બોર્ડો, પડદાઓ અને મોખરે જાગૃતિ કૂચ ધ્વજધારી બાળક ઘોડા ઉપર હતો.

રીલીફરોડ, ગાંધીરોડ, માણેકચોક, રતનપોળ વગેરે શહેરના મુખ્ય મુખ્ય રસ્તા ઉપરથી પટવારીના દીક્ષા પ્રતિબંધક બીલ રદ કરવાના કાવ્ય અને પોકારો કરતું સરઘસ ફર્યું હતું. આથી રાજમાર્ગો ગાજી ઉઠ્યા હતા. છેલ્લે સ્વામીનારાયણના મંદિરે પ્રાર્થના સભાના રૂપમાં ફેરવાઈ ગયું હતું. બધાયે રસ્તામાં બંને બાજુએ હજારો ભાઈ-બહેનોએ ઊભા રહીને આ સરઘસ જોયું હતું. શહેરમાં હજારો ભાઈ-બહેનોએ આયંબિલનો તપ કર્યો હતો. આજે જનતામાં ખૂબ જાગૃતિ આવી છે.

પૂનામાં વિશાળ પરિવાર સાથે

આચાર્યદેવેશશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ

પૂ. આચાર્યશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ, પૂ. પં. શ્રી માનવિજયજી મ., પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ., પૂ. મુનિવર્યો શ્રી મલયવિજયજી મ., શ્રી જયંતવિજયજી મ., શ્રી મુક્તિવિજયજી મ., શ્રી ભાનુવિજયજી મ., શ્રી પદ્મવિજયજી મ., શ્રી રવિવિજયજી મ., વગેરે વિશાળ પરિવાર સાથે પૂ. આચાર્યદેવેશશ્રી વિરાજે છે. મહા સુદ ૨ ના દિવસે શ્રી સંઘ સાથે સ્વ. પૂ. ગુરુદેવ શ્રી આચાર્યદેવેશ-વિજયદાનસૂરીશ્વરજી મહારાજના સુંદર ગુણાનુવાદ કરવામાં આવ્યા હતા. પછી વર્તમાન પૂ. ગચ્છાધિપતિનો વિહાર થવાનો હતો, પરંતુ જાણવા મળે છે કે ફા. સુદ ૧૧ શ્રી ભગવતીજીના જોગવાળાની ગણિ પદવીઓ કરવાની હોવાથી ત્યાંના સંઘે આગ્રહભરી વિનંતી કરી હોવાથી પૂ. આચાર્યદેવેશે તે વિનંતી માન્ય કરી છે, અને વિહાર હમણાં મુલત્વી રાખવામાં આવ્યો છે.

રાજનગરે (અમદાવાદ) અપૂર્વ ભાગવતી દીક્ષાઓ

વિસનગર નિવાસી શેઠ શ્રી રતિલાલ ડાહ્યાભાઈની ચિ. બાલકુમારિકા શારદાબહેન તથા સુશીલા બહેન વિ.સં. ૨૦૧૨ના વૈશાખ સુદ ૩ ને રવિવાર તા. ૧૩-૫-૫૬ના સવારે ૯-૩૦ વાગે ભાગવતી દીક્ષા અંગીકાર કરવાના છે. દીક્ષાનો વરઘોડો જૈન મરચન્ટ સોસાયટી સરખેજરોડ અમદાવાદ શા. ભોગીલાલ લક્ષ્મીચંદના બંગલેથી ચડશે અને ત્યાંના જ ઉપાશ્રયે ૯-૩૦ વાગે દીક્ષા પ્રદાનની શુભ ક્રિયા થશે.

પ્રકાશકીય સમાચાર :

ગ્રાહકબંધુઓને

નિવેદિત કરતાં અતિ હર્ષ થાય છે કે 'દિવ્ય-દર્શન' ચાર વર્ષની યાત્રા પૂર્ણ કરી પંચમ વર્ષમાં ટૂંક સમયમાં જ પ્રવેશ કરશે.

પરંતુ અમારી સમિતિએ ધાર્યું છે કે વર્તમાનમાં એવા કેટલાક અનિવાર્ય પ્રસંગો ઉપસ્થિત થયા હોઈ 'દિવ્ય-દર્શન' ને હાલ અઠવાડિકને બદલે પાક્ષિક બનાવવું. છતાં એમાં માસિક જે છ ફર્માનું વાંચન અપાતું, તે ચાર ફર્માનું આપવું. તેમાં એક સુંદર કથાનક તથા બોધક પ્રશ્નોત્તરી પણ આપવી. તેનું વાર્ષિક લવાજમ માત્ર રૂપિયા સાડા ત્રણ રાખવું. આશા છે કે દિવ્ય-દર્શનના ચાલુ દરેક ગ્રાહકને

નવા પાંચ ગ્રાહક વધારી મોકલવા માટે આ ટૂંકુ લવાજમ અને ભવ્યવાંચન અનુકૂળ રહેશે.

ઉપસ્થિત થયેલા પ્રસંગમાં એક યોજના એ વિચારીએ છીએ કે જૈન ધર્મના વિવિધ વિષયોને, તથા સંવેગ રંગ અને માનવજીવનને અજવાળતા કથાનકને બહુ જ સરળ અને રસમય ભાષામાં વર્ણવતા હોય તેવા ૨-૪ પુસ્તક પ્રતિવર્ષ પ્રગટ કરવા. તેના અગાઉથી સભ્ય થનારને ઘેર બેઠા મળ્યા કરે એવી વ્યવસ્થા કરવી. આમાં જે ભાઈઓ સભ્ય થઈને અગર બીજી રીતે સહકાર આપવા ઇચ્છતા હોય, તેમણે મુંબઈના સરનામે કાર્ડથી જણાવવા વિનંતી છે. યોગ્ય સહકાર મળ્યા પછી નક્કી કરાશે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" વર્ષ-૫,અંક-૧,તા.૧૫-૯-૧૯૫૬

નૂતન વર્ષે તંત્રીનું નિવેદન

'દિવ્ય-દર્શન' ચોથું વર્ષ હવે પૂર્ણ કરીને પાંચમા વર્ષમાં પુનીત પ્રવેશ કરે છે.

પરમ-આનંદના અનુભવ સાથે વિદિત કરીએ છીએ કે છેલ્લા ચાર-ચાર વર્ષથી 'દિવ્ય-દર્શન' પત્ર ભવ્ય માર્ગ-દર્શન, અનુપમ મનોમંથન-ઊંડા આત્મસંશોધન અને તળપદ આધ્યાત્મિક આંદોલનથી આત્માર્થીઓને સાધનામાં પરમ આલંબન બની રહ્યું છે.

દિવ્ય-દર્શન એટલે પૂ. પરમકૃપાસિન્ધુ સિદ્ધાંત મહોદધિ આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પરમવિનેયરત્ન પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવરની સંવેગ વૈરાગ્યના વિપૂલ જલપ્રવાહ સાથે વહી જતી વેગીલી દેશના-યમુનામાંથી ભરાતી મંગળ-ગાગર !

એ મંગલગાગરનાં નિર્મળાં જળ દર શનિવારે અનેક ભવ્ય જીવો આતુર હૃદયે ઘેર બેઠાં મેળવે છે, પીએ છે, અને તૃષાને મીટાવી નવી નવી સ્ફુર્તિ અનુભવે છે !

એ દિવ્ય-દર્શનની મંગલ ગાગરમાં આત્માની તુષ્ટિ, પુષ્ટિ અને વૃદ્ધિકારક કેવા કેવા અને કયા કયા પાણી આવ્યાં ? દ્વેષ, ક્રોધ, અને પરિતાપમાં શેકાતા આત્માને પરમ સમતાના પાન કરાવતી, વેરના કરુણ વિપાકને દર્શાવતી, જીવનના પારમાર્થિક પંથે પ્રકાશ ફેંકતી... સમરાદિત્ય મહર્ષિની કથાનાં પુણ્ય-વારિ આવ્યાં, મર્મજ્ઞ અને મનોમંથનમાં કુશળ આત્માઓને પરમતૃપ્તિ કરનાર ગણધરવાદનું પાણી

આવ્યું, ચંબુજી ચપ્પણિયાવાળા,... જીવરામ પટેલ વગેરે અનેકાનેક બોધક-રોચક અને આત્મારોગ્ય પોષક કથાનકોનાં સરબતીયાં સલીલમાં કોણે મોજ નહોતી માણી ? બુદ્ધિના ઊંડા આર્જવને, આત્માની અનુભૂતિ અને કલ્યાણની કામનાઓને પ્રાદુર્ભૂત કરતું યોગદૃષ્ટિનું સરળ અને સુબોધ નિરુપણ-નીરમાં કોના આત્મ પ્રદેશોએ નહોતું અવગાહ્યું ?

હૃદયની સાખે કહેવું પડશે કે દિવ્ય-દર્શને અર્વાચીન યુગમાં આધ્યાત્મિક રસસિદ્ધિનો એક નવીન વળાંક પાડ્યો છે. દિવ્ય-દર્શન એટલે સાહિત્ય-સાગરમાં ઉદ્ભવેલો અણમોલ મણિ મૌક્તિકનું કરંડક છે ! ખોબે ખોબે અમૃતાસ્વાદ કરાવતી દિવ્ય વાનગીઓનો રસથાળ છે !

હવે ટૂંક કાળમાં જ દિવ્ય-દર્શન પાંચમા વર્ષમાં પદાર્પણ કરશે... પણ, હવે દિવ્ય-દર્શન સાપ્તાહિક નહિ પણ પાક્ષિક બનશે. દિવ્ય-દર્શનનું વાર્ષિક લવાજમ છ રૂપિયા નહિ પણ માત્ર ત્રણ રૂપિયા આઠ આના રહેશે.

દિવ્ય-દર્શન સાહિત્ય સમિતિ એક નવી યોજના એ વિચાર રહી છે કે આજના કાળે શું જૈનો કે શું જૈનેતરો, આધુનિક સરળ અને રસગ્રાહી ભાષા-વાંચનના રસીયા બન્યા છે. જૈનધર્મમાં વિશિષ્ટ તત્ત્વજ્ઞાન, સ્યાદ્વાદ સિદ્ધાન્ત કર્મસિદ્ધાન્ત, દૃષ્ટાન્ત કથાનક, ખગોળપદ્ધતિ, વિવિધ અનુષ્ઠાન, ઉત્ક્રાન્તિ સોપાન... ઇત્યાદિ ઇત્યાદિ અનેક વિષયો ભર્યા પડ્યા છે. જો એને ઉપરોક્ત ભાષામાં સુંદર રીતે લખાવી પ્રકાશિત કરવામાં આવે, તો જૈન ધર્મની અલૌકિક મહત્તાથી જૈન-જૈનેતરોને સારા આકર્ષિત, પરિચિત, અને પ્રેરિત કરી શકાય.

પણ આ એક ભગીરથ કાર્ય છે; વિશિષ્ટ શ્રમ અને આયાસથી સાધ્ય છે. આમાં વાર્ષિક અમુક પુસ્તક બહાર પડે અને તે તેના જુદા વાર્ષિક લવાજમ ભરનારા સભ્યોને ઘેર બેઠા મળ્યા કરે એવી યોજના કરવાની છે. આ અને બીજા અગત્યના કારણે દિવ્ય-દર્શનને હાલ સાપ્તાહિક રૂપે ચલાવવાનું મુશ્કેલ બન્યું હોવાથી એને પાક્ષિક રૂપમાં ફેરવી નાખવામાં આવે છે. જરૂર દર શનિવારે આતુર નયને 'દિવ્ય-દર્શન'ની રાહ જોનારા અમારા વહાલા વાંચકોને આ સાંભળી દુઃખ થશે. પરંતુ અમે આશા રાખીએ છીએ કે તે જલદી દૂર થાઓ. જનસેવાનો, સાહિત્ય સેવાનો લાભ લે. શાસનદેવ 'દિવ્ય-દર્શન'ની યાત્રામાં સહાયક બને એ શુભેચ્છા.

છતાં દિવ્ય-દર્શનની સાહિત્ય સામગ્રી હવે વિવિધ આવશે. એમાં પ્રવચન ઉપરાંત આબાલ ગોપાલ ગ્રાહ્ય રસપ્રદ કથાનકો, વિવિધ જિજ્ઞાસાને તૃપ્ત કરતી પ્રશ્નોત્તરી વગેરે પીરસાશે. સાપ્તાહિકમાં માસિક છ ફર્માનું વાચન અપાતું તે હવે

પાક્ષિકમાં ચાર ફર્માનું અપાશે. એટલે દરેક અંક આઠ પાનાનો રહેશે. અનુકૂળતાએ વધારો થશે. આમ છતાં લવાજમ વર્ષે માત્ર ત્રણ રૂપિયા આઠ આના ઠરાવ્યું છે. ધ્યેય એ છે કે આર્થિક સામાન્ય સ્થિતિવાળા પણ આવા કલ્યાણકર વાંચનનો લાભ લઈ શકે.

અંતે, અમે અમારા સહૃદય વાંચકોને વિનંતી કરીએ છીએ કે દિવ્ય-દર્શન-પાક્ષિકનો તેઓ ખૂબ પ્રચાર કરે. ઉત્તમ વાંચનની કદરરૂપે દરેક સભ્ય ઓછામાં ઓછા ત્રણ નવા સભ્ય વધારવાનું જરૂર કરશે એવી આશા રાખીએ છીએ.

પ્રાંતે અમારા શુભ કાર્યમાં એક યા બીજી રીતે અનેક સજ્જનોનો સહકાર મળે છે, તેનો અમે આભાર માનીએ છીએ.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૫,અંક-૧૪,તા.૧-૪-૧૯૫૭**

આથી જણાવતાં હર્ષ થાય છે, કે આ વર્ષની વિ.સં. ૨૦૧૩ના ચૈત્ર માસિક શ્રી સિદ્ધચક્ર આરાધના મહોત્સવ, પૂ. આચાર્યદેવ ૧૦૦૮ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટપ્રભાવક આગમપ્રજ્ઞ પ્રવચનપટુ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય જંબૂસૂરીશ્વરીજી મહારાજ સાહેબ આદિ ઠાણા ૧૧ની નિશ્રામાં શ્રી બામણવાડાજી પ્રાચીન તીર્થ (સ્ટેશન સીરોહી રોડ) રાજસ્થાનમાં પિન્ડવાડા નિવાસી શ્રીમાન્ લાલચંદ છગનલાલજીના તરફથી થવાનું નક્કી થયેલ છે અને આ પ્રસંગે પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ પણ પધારવાના છે.

તપ અને કઠીન કર્મોનો નાશ કરવાનું અમોઘ શસ્ત્ર છે. તેમાં આયંબિલતપ મહા માંગલિક છે. તેમાંયે શ્રી નવપદજી આયંબિલ ઓળીની આરાધના સમસ્ત જૈનશાસનની સારભૂત આરાધના છે. તો એ મહામાંગલિક પ્રસંગે સર્વે પધારીને આરાધનાનો લાભ લેશો. તેમજ શાસનની શોભામાં વૃદ્ધિ કરશોજી.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૫,અંક-૧૫,તા.૧૫-૪-૧૯૫૭**

● **પાલીતાણા :** પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાની પવિત્ર નિશ્રામાં શંખેશ્વરજીથી નીકળેલો દાદરના ભાઈઓનો યાત્રાસંઘ નિર્વિઘ્ને પાલીતાણા બહાર ગુરુકુળમાં ફાગણ વદ ૦))ની સાંજે આવી પહોંચ્યો,

ચૈત્ર સુદ એકમે શેઠ આણંદજી કલ્યાણજી પેઢી અને સંઘ તરફથી દિગંબર ધર્મશાળાએથી ભવ્ય સ્વાગત સમારોહ સાથે શહેરમાં પ્રવેશ કરાવવામાં આવ્યો. હાથી પર પ્રભુજી, રથમાં પ્રભુજી, પૂજ્યશ્રી સાથે લગભગ પોણોસો મુનિવરોનો પરિવાર, વિશાલ સાધ્વીજી મંડળ, સેંકડો શ્રાવક-શ્રાવિકાઓ માનવમહેરામણ, બેન્ડ, શરણાઈઓ, ઘોડેસ્વારો વગેરેનો વરઘોડો ઠેઠ તળેટી સોસાયટી મુકામ સુધી ચાલ્યો. કહે છે છેલ્લા કેટલાય વર્ષોમાં આ અપૂર્વ પ્રસંગ હતો. સંઘ સાથે ગિરિરાજની સ્પર્શના થઈ. તીર્થપતિ શ્રી આદીશ્વરદાદાને ભેટી સૌએ અવર્ણનીય આનંદ અનુભવ્યો. બીજના દિવસે સંઘવીઓ શ્રી દામજીભાઈ, શ્રી કાનજીભાઈ તથા ભાણજીભાઈની તીર્થમાળા ઉત્સવ દાદાના દરબારમાં ભવ્ય ઉત્સાહ વચ્ચે ઉજવાયો. વિશેષતા એ થઈ કે યુવાન સંઘવી શ્રી દામજીભાઈ, શ્રીકાનજીભાઈએ સજોડે જીવનભરનું બ્રહ્મચર્ય વ્રત ઉચ્ચર્યું. સાંજના સંઘનું પાદપ્રક્ષાલન, ફૂલહાર તથા પ્રભાવનાઓ સાથે વાત્સલ્ય કરવામાં આવ્યું. રાતના શેઠ રમણભાઈ (કોલસાવાળા)ના પ્રમુખપદે સંઘવીઓ તથા સુરેન્દ્રનગરના શ્રી મનસુખભાઈ, રાણપુરવાળા શ્રી નરોતમભાઈ અને હળવદના શ્રી બાબુભાઈને ભવ્ય માનપત્ર મેળાવડો ઉજવાયો.

પૂ. આચાર્યદેવ પાલીતાણામાં બિરાજમાન છે. એઓશ્રીના પુણ્ય હસ્તે વૈ.સુ. ૩ નાસિકવાળા શ્રી મણિભાઈની દીક્ષા, પૂ.પં.ભક્તિવિજયજી મહારાજનું વર્ષીતપનું પારણું થશે; તેમજ શ્રીમદ્‌ની નિશ્રામાં અન્ય પારણાના મહોત્સવ ઉજવાશે. પૂજ્યશ્રીની આજ્ઞાથી વૈશાખ સુદ ૩ના રોજ પૂ. **ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજના** હસ્તે **અમરેલી** નગરે યુવાન દંપતી શ્રી જયસુખભાઈ તથા જશુમતીબેનનો દીક્ષા પ્રસંગ ભવ્ય ઉત્સવ સાથે ઉજવાશે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૫,અંક-૨૩/૨૪,તા.૨૦-૮-૧૯૫૭**

અગત્યની જાહેરાત

જોત જોતામાં પાંચ પાંચ વર્ષના વહાણાં વિતવા આવ્યાં. પૂ. **મુનિરાજશ્રી ભાનુવિજયજી** ગણિવરનાં સંવેગ-વૈરાગ્ય નીતરતાં વિદ્વત્તાપૂર્ણ પ્રેરક પ્રવચનોનાં અમૃતપાન 'દિવ્ય-દર્શન'ના પ્રિય વાંચકો કરતા આવ્યાં છે. ચાલુ વર્ષમાં સંયોગવશાત્ સાપ્તાહિક પત્રને પાક્ષિક રૂપમાં ફેરવી નાખવું પડ્યું હતું; તેથી વાંચકોને દિલગીરી થઈ હતી, પરંતુ જણાવતાં આનંદ થાય છે કે આ અંક બાદ નવા વર્ષમાં પત્ર ફરીથી સાપ્તાહિકરૂપે પ્રસિદ્ધ કરવામાં આવશે.

વિશેષતઃ આનંદની વાત એ છે કે **'દિવ્ય-દર્શન'** સાહિત્યનું સંચાલન સંભાવિત ગૃહસ્થોનું નવું બોર્ડ-નવી સમિતિ હવેથી અસ્તિત્વમાં આવે છે. આ સમિતિએ એવો નિર્ણય લીધો છે કે પૂ. મહારાજશ્રીનાં વ્યાખ્યાનોની સાથે બીજા વાચનના પણ લાભ જનતાને આપવા; જેવા કે વર્તમાનના શ્રી જૈનસંઘને સ્પર્શતા અનેકવિધ પ્રશ્નો પર નક્કર વિચારણા અને પ્રતિકારના ઉપાય અંગે પ્રૌઢ લેખો, શ્રી સંઘોમાં પ્રવર્તતા શાસનપ્રભાવનાના સમાચારો, પ્રેરક તાત્ત્વિક ચિંતનના લેખો, ઇત્યાદિ.

આજે ધર્મમાં દખલ કરનારા કાયદાના બીલ આવતા જાય છે; તેમજ પવિત્ર આર્ય સંસ્કૃતિને ધક્કો લગાડે તેવા, એ અગર બીજા આક્રમણો ઉપસ્થિત થતાં જાય છે. આજના કોઈ કોઈ આધુનિક લેખકો વસ્તુસ્થિતિને અજ્ઞાનતાના અગર ઇર્ષ્યાદિના કારણે ધર્મ પર જૈનધર્મ અને જૈન-વિભૂતિઓ ઉપર આક્ષેપાત્મક લખાણ અગર અસત્ય પ્રતિપાદનો કરે છે આની કેટલાંયને ખબર નથી હોતી, તેમજ ખબર પડ્યા પછી પણ કેટલાયને તે સંબંધમાં માર્ગદર્શનની અપેક્ષા રહે છે. વર્તમાન ફાલતો-ફૂલતો ભૌતિકવાદ કેવો ખતરનાક બનતો આવે છે અને તેની સામે શાં કર્તવ્ય હોઈ શકે તે પણ લોકો જાણવા ઇચ્છે છે. આવી બધી પરિસ્થિતિ લક્ષમાં લઈને પ્રવચન-પ્રકાશન ઉપરાંત ઉપર્યુક્ત વાંચનની સેવા આપવાનું નવી સમિતિએ ઠરાવ્યું છે.

હમણાં હમણાં વધી ગયેલી મોંઘવારી તથા અન્ય ખર્ચાથી સૌ કોઈ પરિચિત છે. પૂર્વે સાપ્તાહિક દરેક અંકે છ પાના આપીને રૂા. ૬/- લવાજમ લેવામાં આવતું, પરંતુ હવેથી વિવિધતાવાળો પ્રત્યેક અઠવાડિક અંક આઠ પાનાનો નીકળશે, છતાં લવાજમ ફક્ત રૂા. ૬/- રાખવામાં આવ્યું છે.

ગ્રાહક ભાઈઓને વિનંતી છે કે સત્વરે નવા વર્ષનું લવાજમ અમોને મોકલી આપે, તેમજ બીજા ભાઈઓને ગ્રાહક થવાની પ્રેરણા કરે.

એજ લિ. 'દિવ્ય-દર્શન' સાહિત્ય પ્રચારક સમિતિ.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" વર્ષ-૬,અંક-૧,તા.૭-૯-૧૯૫૭

● સ્થાનકવાસી મુનિશ્રી સુશીલકુમારજી દિલ્હી ખાતે વિશ્વ-ધર્મ સંમેલન ભરવાની યોજનામાં મશગૂલ બન્યા છે.

● મુનિશ્રી દર્શનવિજયજી તથા જ્ઞાનવિજયજીની નિશ્રામાં મૂર્તિપૂજક સંઘે પર્યુષણ પર્વની આરાધના રૂડી રીતે કરી છે. સંઘમાં એકતા સ્થાપવાના પ્રયાસો ચાલુ છે પણ તેને હજી સુધી સફળતા મળી નથી. રાજદ્વારી કામોના પ્રસંગોમાં

ઐક્યથી કામ કરી શકે તેવી એક વગદાર સમિતિની ખાસ જરૂર છે.

● **મુંબઈ :** પર્યુષણપર્વમાં લાલબાગ, દાદર, માટુંગા સર્વત્ર તપશ્ચર્યા ધર્મક્ષેત્રોમાં ઉપજ તથા વરઘોડાનો ઠાઠ ખૂબ રહ્યો હતો. માટુંગામાં શ્રી વિજયધર્મસૂરિજીની પ્રેરણાથી શ્રી વર્ધમાન આયંબિલ તપ ખાતામાં આશરે રૂપિયા એક લાખનું ફંડ થયું છે.

● જુદા જુદા ઉપાશ્રયો તરફથી જીવદયામાં મંડળીની ટીપમાં સારી એવી રકમો નોંધાઈ છે. આજે પણ જૈનોની દયાવૃત્તિ કેટલી જીવંત છે ! ત્યારે અફસોસ, આર્યભૂમિ પર પણ હિંસાનું કેટલું ઉત્તેજન થઈ રહ્યું છે !

● શ્રી જીવરાજ ભાણજી, રાયચંદ મગનલાલ શાહ વગેરે જૈન કાર્યકર્તાઓના પ્રયાસથી સંવત્સરી પર્વના પવિત્ર પ્રસંગે મુંબઈનાં કત્લખાનાંઓ આખો દિવસ બંધ રહ્યાં હતાં.

● ધાર્મિક શિક્ષણ સંઘ તરફથી યોજાયેલી સંસ્કાર વ્યાખ્યાન માળાનાં વધારે વ્યાખ્યાનો હવે પછી થશે. જનતા તેનો સારી રીતે લાભ લઈ રહી છે. ધાર્મિક શિક્ષણ પ્રત્યે સદ્‌ભાવ વધતો જાય છે.

● ગણિશ્રી પ્રેમવિજયજી મહારાજ તરફથી જૈનધર્મના પ્રચારને વેગ મળે તે માટે 'જૈનધર્મ પ્રકાશ' નામનું એક પુસ્તક પ્રસિદ્ધ લેખક શ્રી ધીરજલાલ શાહ પાસે ગુજરાતીમાં તૈયાર કરવા સોંપાયું છે. તેની હિન્દી તથા અંગ્રેજી આવૃત્તિ પ્રકટ કરવાની યોજના ઘડાઈ છે.

● પ.પૂ જૈનાચાર્ય શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ તથા શતાવધાની મુનિશ્રી કીર્તિવિજયજીની પ્રેરણાથી શ્રી આત્મકમળલબ્ધિસૂરીશ્વરજી જૈનજ્ઞાનમંદિર તરફથી 'જૈનીઝમ-ઈન નટ શેલ' નામનાં પુસ્તકની ૧૦૦૦૦ નકલો છપાઈ રહી છે. તે આસો માસના પ્રારંભમાં બહાર પડી જવાની વકી રખાય છે. 'દક્ષિણમાં દિવ્યપ્રકાશ' નામનો એક દળદાર ગ્રંથ લગભગ તૈયાર થઈ જવા આવ્યો છે. આ ગ્રંથ પ્રકાશિત થતાં આધુનિક યુગમાં જૈનધર્મનો પ્રચાર કેમ કરવો તેના પર સારો પ્રકાશ પડશે.

● **અમદાવાદ : નવકાર મહામંત્રની અપૂર્વ આરાધના :**

અત્રે ઉજમફઈની ધર્મશાળાના ઉપાશ્રયે શ્રી દેવેન્દ્રસાગરજી મહારાજ ચોમાસું બિરાજે છે. અનેક ધર્મપ્રવૃત્તિ ઉપરાંત શાસનચિંતક ગણિવર્યશ્રી ધર્મસાગરજી મહારાજશ્રીના વિદ્વાન શિષ્યરત્ન શ્રી અભયસાગરજી મહારાજશ્રીના નવકાર મહામંત્રના રહસ્ય ઉપર સુંદર વ્યાખ્યાનોના પરિણામે સંઘમાં સારો ઉમંગ આવ્યો;

ને શ્રી નવકાર મહામંત્ર તપની આરાધનામાં ૩૨૫ આરાધકો જોડાયા. પૂ.મહારાજશ્રી નવકારપદો અને મહિમાના રહસ્ય સમજાવવા સાથે વિધિ કરાવતા. નવેય દિવસ ચોવિસ કલાકનો અખંડ જાપ કરાવેલો, તેમાં પણ ૬૦ થી ૭૦ આરાધકોએ લાભ લીધો. આ નિમિત્તે વ્યાખ્યાન હોલમાં મહામંત્રના ધ્યાનમાં ચિત્તને સ્થિર કરે તેવા ચિત્રપટો, ફોટાઓ તથા દશ્યોથી સુંદર મહામંત્ર-આરાધના મંદિરની રચના કરવામાં આવી હતી. આ પ્રસંગે નવકાર મહામંત્રનો આરાધનાના મર્મને સમજાવવાના શુભ આશયથી શાસ્ત્રો પરથી, નવકાર જહાજ અને નવકાર વિમાનના સુંદર ચિત્ર તૈયાર કરાવેલા. વળી ૩૨ વલય અને ૫૮૮ ખાનાનું ૧૬ x ૨૧ ફુટનું મહામંત્રના મહિમાને મંડિત કરતું માંડલું શ્રી ઝવેરીવાડના ચૌમુખજીના દેરાસરમાં વિવિધ રંગી અક્ષતોથી આલેખવામાં આવ્યું હતું. જેનું શ્રાવણ વદ ૭ તથા ૮ બંને દિવસોએ મહાપૂજન કરવામાં આવેલું, એ પણ શાસ્ત્રપાઠના ઉચ્ચારણ અને સમજુતી સાથે થયું.

આવું મહામંત્રનું માંડલું તથા તેવું મહાપૂજન પ્રથમવાર અત્રે થયું છે, તેવું જોવા ઊમટી પડેલ વિશાલ જનસમુદાયના મુખે બોલાતું હતું. વળી તપના નિમિતે શ્રાવણ વદ ૮ની સવારના સુંદર વરઘોડો નીકળ્યો હતો. જેમાં સાંબેલાઓ, હાથી, ત્રણ બેન્ડ તેમજ નવકાર પટ, સાજનમાં નગરના બધા મુનિગણ, વિશાલ શ્રાવક, શ્રાવિકાગણ તેમજ પ્રભુજીનો રથ વગેરે અપૂર્વ શોભી રહ્યા હતા, રાતના રાત્રીજાગરણ થવા સાથે મહામંત્ર તપની આરાધના નિર્વિઘ્ને પૂર્ણાહૂતી થઈ હતી.

● રાજનગર જ્ઞાનમંદિર મુકામે સિદ્ધાંત મહોદધિ **પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**, પૂ.પં.શ્રી માનવિજયજી મ.,પૂ. ગણિ શ્રી હેમંતવિજય મ., આદિ વિશાળ પરિવાર સાથે ચાતુર્માસ બિરાજમાન છે, અને પોતાના મહાન સંયમબળ તથા પુણ્યપ્રભાવે ચતુર્વિધ સંઘને અપૂર્વ ધર્મપાન કરાવી રહ્યા છે. એઓશ્રીની નિશ્રામાં યુવાન મુનિઓની નિર્મળ સંયમ-બ્રહ્મચર્યાદિની સાધના સાથે જ્ઞાનયજ્ઞ ચાલી રહ્યા છે. આગમગ્રંથો સંમતિતર્ક, ન્યાય, વ્યાકરણ, કાવ્યાદિનું અધ્યયન ચાલે છે. બે મુનિવરો આપણા પંચસંગ્રહ કમ્મપયડી વગેરેના ઉંડા અધ્યયન પછી દિગંબરના ષટ્‌ખંડાગમ વગેરેનો સૂક્ષ્મતાથી અભ્યાસ કરી રહ્યા છે. બાળમુનિ ન્યાય મુક્તાવલી પરની દિનકરી ટીકા ભણે છે સાથે શ્રી ઉત્તરાધ્યન સૂત્ર ગોખવામાં પૂર્ણ કરતાં, એક દિવસ તો ૨૭૦ ગાથા ગોખી લીધી. બાળમુનિઓ સાથે મુનિવર્યોમાં વર્ધમાન આયંબિલ તપ વગેરે ચાલે છે.

સવારના ૬ થી ૭ ની વાચનામાં નમુત્થુણં સૂત્ર પર આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજનું ''લલિત વિસ્તરા'' નામનું વ્યાખ્યા- શાસ્ત્ર કે જેમાં,- ધર્મના અધિકારી, સમ્યક્ ક્રિયાનાં ઉપાયો, સાથે જૈન ધર્મની અપૂર્વ વિશેષતાઓના

મહાપ્રકાશ આવે છે, તે વાચનામાં સારી સંખ્યામાં લોકો લાભ લે છે. પછી ૮।।। થી ૧૦। માં શ્રી ભગવતીજી સૂત્રનું વ્યાખ્યાન ગંભીર તત્ત્વો, પ્રાસંગિક પ્રેરક છણાવટો, અનેક યુક્તિ દૃષ્ટાન્તો અને ધર્મકથા સાથે ચાલે છે. શ્રી સમરાદિત્ય કેવળીના પૂર્વભવના અધિકાર પણ ચાલે છે. સંવેગ વૈરાગ્યની છોળો, શ્રી અરિહંત પરમાત્મા પર ઉછળતી પ્રીતિના સિંચન, માર્ગાનુસારી ગુણોની પ્રેરણા. સમ્યગદર્શનની વિશુદ્ધિના રંગ ઇત્યાદિ સારું વરસી રહ્યું છે. દર રવિવારે જુદા જુદા જાહેર વિષય અને આગમ કથાનું વિવેચન ચાલે છે. લોક ઠેઠ સીડી સુધી બેઠા પછી પણ, બીજું લોગ જગાના અભાવે પાછું જાય છે.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૬,અંક-૨,તા.૧૪-૯-૧૯૫૭

● **દિલ્હી :** કેન્દ્રીય સરકારના પ્રમુખ મંત્રીઓ તથા ગણમાન્ય વ્યક્તિઓની હાજરીમાં તેરાપંથી આચાર્ય તુલસીના શિષ્ય મુનિ મહેન્દ્રકુમારજીએ દિલ્હીની કોન્સ્ટીટ્યુશન ક્લબમાં તા. ૨૫-૮-૫૭ની સવારે સ્મરણશક્તિના પ્રયોગો કરી બતાવતાં જૈનેતેરો જૈનધર્મની તારીફ કરતા હતા. આ પ્રયોગો શ્રી અનંતશયનમ આયંગરની અધ્યક્ષતામાં થયા હતા, અને ગૃહમંત્રી શ્રી ગોવિંદ વલ્લભ પંતે તેનું ઉદ્‌ઘાટન કરતાં અવધાન પ્રયોગોની શક્તિને ભાવભરી અંજલિ આપી હતી.

સન્ડે સ્ટાન્ડર્ડનો ખાસ ખબરપત્રી આ પ્રયોગોની નોંધ કરતાં જણાવે છે કે મુનિશ્રી મહેન્દ્રકુમારજીએ આ વિદ્યાનું માર્ગદર્શન ગુજરાતના જાણીતા સામાજિક કાર્યકર્તા અને સુપ્રસિદ્ધ લેખક શ્રી ધીરજલાલ ટી. શાહ પાસેથી મેળવ્યું હતું કે જેઓ પોતે શતાવધાની છે અને આ વિષયમાં 'સ્મરણકલા' નામનું સુંદર પુસ્તક લખી ચૂક્યા છે.

● **બોરીવલી-દોલતનગર-શાંતાક્રુઝ-અંધેરી**-દોલતનગરમાં પૂ.આ શ્રી વિજય-અમૃતસૂરીશ્વરજી મહારાજ ચાતુર્માસાર્થે બિરાજમાન છે. સંઘને આરાધનામાં સારો ઉલ્લાસ આપી રહ્યા છે. એઓશ્રીની આજ્ઞાથી બોરીવલીમાં પૂ.મુનિરાજશ્રી મંગળવિજયજી મહારાજ, સાંતાક્રુઝમાં પૂ.પં.શ્રી રામવિજયજી ગણિ, તથા અંધેરીમાં પૂ.પં.શ્રી પુષ્પવિ. ગણિ, તથા પૂ.પં. શ્રી ધુરંધરવિ ગણી ચાતુર્માસાર્થે બિરાજમાન છે, સંઘને સારી આરાધના કરાવી રહ્યા છે. રાત્રી-જાગરણમાં પર્યુષણામાં બોરીવલી-દોલતનગર બંને સ્થળોએ શેઠ સોમચંદ શંકરલાલે લાભ લીધો હોવાથી એકતા અને આનંદનું વાતાવરણ પ્રસરી રહ્યું હતું. ઉપજ પણ સારી થઈ હતી. પૂ.આ.શ્રીના

શિષ્ય મુનિ પ્રવીણવિજયજીએ ચોવિહારી અઠ્ઠાઈ કરી હતી. આઠમને દિવસે ભવ્ય વરઘોડો નીકળ્યો હતો.

● **રાજસ્થાન :** જૈન સાધુઓ અને જૈનધર્મની વિરુદ્ધ નીચ સાહિત્યનો પ્રચાર અને જૈન સંઘ પર આક્રમક **અનોપ મંડળને** સરકાર તરફથી ગેરકાયદેસર જાહેર કરવામા આવ્યું છે અને એના સાહિત્યને જપ્ત કરવામાં આવ્યું છે.

● **સોજત :** અહીં શ્રી ગોડીપાર્શ્વનાથજી મંદિરનો જિર્ણોદ્ધાર નક્કી થતાં પાલીવાળા શેઠ કાનમલજી સંઘવી તરફથી શીલારોપણ કરવામાં આવ્યું અને એમણે રૂા.૭૦૦૧ જિર્ણોદ્ધાર માટે અર્પણ કર્યા...

● **વાંકલી :** અક્ષયનિધિતપ, પર્યુપણ મહાપર્વની આરાધના. પૂ. આ. શ્રી વિજયજંબૂસૂરિજી મહારાજના શિષ્ય મુ. નિત્યાનંદવિજયજી તથા મુનિ શ્રી દેવભદ્રવિજયજી મ. અત્રે ચાતુર્માસ પધારવાથી સંઘમાં અનેરી ધર્મજાગૃતિ આવી છે. ૭૨ ભાઈ-બહેનોએ નવનિધાનતપ ખૂબ આનંદથી કર્યો છે. અક્ષયનિધિમાં ખૂબ ઉલ્લાસથી જોડાયા હતા. પર્યુષણ પર્વમાં ઘીની ઉપજ, રાત્રિ જાગરિકાઓ, પ્રભાવનાદિ, તપમાં નવ, અઠ્ઠાઈ, તથા ૩ ચોસઠ પહોરી પૌષધની આરાધના વગેરે સારા પ્રમાણમાં થયું હતું. તપશ્ચર્યા નિમિત્તે ભવ્ય વરઘોડો નીકળ્યો. તેમાં જૈનતરોએ જોડાઈ શાસન શોભામાં વૃદ્ધિ કરી હતી. તથા પૂ. મુનિ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજને ૫૧ મી વર્ધમાન તપની ઓળી પૂર્ણ થઈ, શ્રી દેવભદ્રવિજયજી મ. ને નવકાર પદોના ઉપવાસ ચાલે છે. ભાદરવા સુદી ૮ અઠ્ઠાઈ મહોત્સવ થયો.

● **ખંભાત :** જૈન અમર શાળામાં પૂ. પંન્યાજી મહારાજશ્રી કનકવિજય ગણિવરની નિશ્રામા સંઘમાં અદ્‌ભુત વ્યાખ્યાનનું શ્રવણ, તપસ્યાઓ વગેરે ચાતુર્માસિક આરાધનાઓ સુંદર ચાલી રહી છે. પર્યુષણ પર્વમાં ભવ્ય આરાધના થઈ. પ્રારંભના ત્રણ દિવસોમાં શ્રી સંઘના કર્તવ્યો પર પૂ. મહારાજશ્રીએ વેધક તથા મનનીય પ્રવચનો કર્યા; પછી શ્રી કલ્પસૂત્રનાં વ્યાખ્યાનો; ગણધરવાદ વગેરેના પણ પ્રવચનો સુંદર થયા. ઉપવાસ ૩૦/૧૬,૮/૧૨, આદિની તપશ્ચર્યા ૩૦ લગભગ હતી. ચોસઠ પ્રહરના ૫૭ પૌષધો હતા. સાધારણ તથા દેવદ્રવ્ય આદિની ૧૩ હજાર જેટલી ઉપજ થઈ હતી. ચાર સાધર્મિક વાત્સલ્યો થયા. રથયાત્રાનો ભવ્ય વરઘોડો ખૂબ જ ધામધૂમ પૂર્વક ચઢ્યો. ૯૦ થી ૧૦૦ સાંબેલા હતા. પૂ. પંન્યાજી મ. શ્રીને છઠ્ઠને પારણે છઠ્ઠની તપશ્ચર્યા ચાલુ હતી. પૂ. મુ. શ્રી પૂર્ણભદ્રવિજયજી મ. ને ૪૪ મી ઓળી ઉપર ૪૫ મી ઓળી ચાલુ છે. તેમાં અઠ્ઠાઈ કરી. મુનિ શ્રી

પૂર્ણાનંદવિજયજીને ૨૮, ૨૯, ૩૦ આ ત્રણે ઓળી સતત ચાલુ છે. શેઠ શ્રી છગનભાઈ અમરચંદ તરફથી શાંતિસ્નાત્ર-અઠ્ઠાઈ મહોત્સવ સુદિ ૬ થી શરૂ થયેલ. સુંદર દબદબાથી જળયાત્રાનો વરઘોડો અને શાંતિસ્નાત્ર થયાં.

● **ધ્રાંગધ્રા :** પૂ. પંન્યાસજી શ્રી કાન્તિવિજયજી ગણિવરની શીતળ છાયામાં પર્યુષણા પર્વની સુંદર આરાધના થઈ હતી. તેઓશ્રીની વૈરાગ્ય ગર્ભિત દેશનાથી આરાધકોમાં અપૂર્વ ઉત્સાહ પ્રગટ થયો હતો. આ પ્રસંગે ૨ સોળ, ૧ નવ, ૧૧ અઠ્ઠાઈ વિ. તથા ૨૪ ચોસઠ પહોરી તથા વર્ધમાન તપની ઓળીના ૨૩ નવા પાયા...આદિ તપશ્ચર્યાઓ વગેરે વિપુલ પ્રમાણમાં થયું. વિશેષમાં અત્રે બાળક બાલિકાઓને ધાર્મિક જ્ઞાનના અભ્યાસ માટે પૂ.પંન્યાસજીની પ્રેરણાથી પાઠશાળા શરૂ કરવામાં આવી, જેની ટીપમાં હાલમાં રૂા. ૮૦૦૦ ભરાયા છે; ટીપ હજુ ચાલુ છે.

● **પાલીતાણા :** અત્રે તપસ્યાઓ સુંદર થઈ. ઉપવાસ ૩૧/૩, ૩૦/૧૧, ૨૧/૧, ૧૬/૨૦, ૧૫/૧૧, ૧૧/૧૫, ૧૦/૧૪, ૯/૨૫, ૮/૬૫ જણાએ કર્યા...પેઢી તરફથી ગિરિરાજ ઉપર બળતણ, પાણી લઈ જતી મજૂરણોએ સૌરાષ્ટ્ર કોર્ટમાં પેઢી સામે લઢીને રોજના ૧૦) આનાને બદલે દોઢ રૂા. નો પગાર નક્કી કરાવ્યો છે...આરિસાભુવનમાં પૂ. પં. શ્રી સુમતિવિજયજી ગણિ તથા પૂ.પં.શ્રી ભક્તિ વિ. મહારાજની નિશ્રામાં સંઘને ચાતુર્માસિક સુંદર આરાધનાનો લાભ મળી રહ્યો છે. પર્યુષણમાં વિશેષ પ્રકારે પ્રભાવના તપસ્યા, વ્યાખ્યાનશ્રવણ આદિનો લાભ મળ્યો.

● **રાજકોટ :** અત્રે શ્રી તપાગચ્છ જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ બિરાજમાન પૂ. શ્રી જયંતવિજયજી ગણિવર તથા પૂ. શ્રી રોહિતવિજયજી ગણિવર આદિની નિશ્રામાં નમસ્કાર મહામંત્ર તપની સુંદર આરાધના થઈ હતી. બાળકો તથા ભાઈ-બહેનોએ પણ સારી સંખ્યામાં લાભ લીધો. પૂ.મુ. શ્રી રોહિતવિજયજી મ.ના રોજ રોચક ધર્મવ્યાખ્યાનથી અપૂર્વ જાગ્રતિ આવી. પર્યુષણામાં સુંદર આરાધના થઈ. બાર વર્ષના-બાળકોએ અઠ્ઠાઈ તેમજ વીસ વર્ષના એક બહેને માસક્ષમણની તપશ્ચર્યા કરી હતી ! ત્યાં ચાતુર્માસ બિરાજતા **સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી** કે જેઓ પૂ. શ્રી ભાનુવિજયજી ગણિવરના સંસારી પક્ષે બેન થાય તેમણે **ચત્તારી અઠ્ઠ દસ દોયની** તપશ્ચર્યા કરી હતી. તપો અંગે તપગચ્છ જૈન સંઘ તરફથી ભા.સુદ ૧૪ થી અષ્ટાન્હિકા મહોત્સવ શરૂ કરવામાં આવ્યો છે. શ્રી અષ્ટાપદજીની પૂજા અમદાવાદના આરાધક મંડળે એવી સુંદર રાગ-રાગીણી અને ભાવભીની ભણાવી કે રાજકોટની જનતા અપૂર્વ ભક્તિરસપ્રદ ઝીલી, લાગ્યું કે આવી પૂજા પહેલીજ વાર સાંભળી.

● **અમદાવાદ :** મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ગોવધ બંધીનો ઠરાવ પસાર

કરવામાં આવ્યો છે, પણ સખેદ સાંભળવામાં આવ્યું છે કે સાથે બીજાં ઢોર વધુ મારવાનો સરકાર પાસે ક્વોટા માગવામાં આવ્યો છે.

● **જ્ઞાનમંદિર : અત્રે બિરાજમાન પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાની શીતળ છાયામાં મહાપર્વની અનુપમ આરાધનાઓ થઈ. પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવર્યની વૈરાગ્ય ગર્ભિત દેશના અમૃત સિંચન દ્વારા આરાધક વર્ગમાં દિનપ્રતિદિન અનેરો ઉત્સાહ જણાતો હતો.** પૂ. મુનિવર્યોમાં બે દસ ઉપવાસ, બે નવ ઉપવાસ તથા બે અઠ્ઠાઈ આદિ ઉપરાંત શ્રાવક સંઘમાં પર ચોસઠ પહોરી પૌષધ, શ્રી રામચંદ્રભાઈનું માસક્ષમણ, શ્રી જયંતિલાલ ખાનદાનને દસ ઉપવાસ અને ૨૨ અઠ્ઠાઈઓ વગેરે તપશ્ચર્યા થઈ. વધુમાં સંવત્સરી પ્રતિક્રમણમાં પ્રતિક્રમણ ભણાવવા, **સંવત્સરી સૂત્ર** બોલવા તથા અતિચાર કહેવા માટે પૂ. આચાર્યદેવના શિષ્યોમાંથી **૨૭ લાખ સ્વાધ્યાયની** ઉછામણી થઈ હતી. આવી ઉછામણી સાંભળીને સર્વે આરાધકો ખૂબ જ અનુમોદના કરતા હતા. પર્યુષણા પર્વની શહેરના પરા વિસ્તારમાં આરાધના કરાવવા માટે પૂ. આચાર્યદેવ પાસે જુદા જુદા સ્થળોની માંગણીઓ થયેલી હોવાથી, ગીરધરનગર, વાડજ, દશાપોરવાડ સોસાયટી, શાહપુર...આદિ સ્થળોએ મુનિરાજોને મોકલવામાં આવ્યા હતાં. બધાંયે સ્થળોએ પર્યુષણા પર્વની ઉજવણી સારી રીતે થઈ.

● અત્રે **લવારની પોળના** ઉપાશ્રયે બિરાજતા પૂ. આચાર્યદેવશ્રી હર્ષસૂરીશ્વરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ભા. સુદ ૧૧ ના રોજ સ્વ. જગદ્‌ગુરુ આ. શ્રી હીરસૂરીશ્વરજી મહારાજશ્રીની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે સવારના પૂજ્યશ્રીનું જીવન ચરિત્ર વાંચવામાં આવ્યું. રાતના રાત્રિ જાગરિકામાં શ્રી જૈનધર્મ આરાધક મંડળે કવિ 'પ્રેમી' કૃત જગદ્‌ગુરુનું પદ્યમાં રચેલું જીવન વર્ણન પણ વિશિષ્ટ રાગ-રાગણીમાં ગાયું, તેથી લોકોમાં અનેરી જાગૃતિ આવી.

● **પિંડવાડા :** ૫.પૂ. આચાર્યશ્રી વિજય જંબુસૂરીશ્વરજી મહારાજ સપરિવાર અત્રે ચાતુર્માસ બિરાજમાન છે. તેઓશ્રીની પ્રેરકવાણી અને ઉપકારક ઉદાર દૃષ્ટિથી અત્રે આનંદમંગળ વર્તાઈ રહ્યો છે. અને સંઘમાં અનેરી જાગૃતિ આવી છે.

અત્રે વર્ધમાન તપના પાયા તથા ચંદનબાળાના અઠ્ઠમો સારી સંખ્યામાં થયા હતા. શ્રી ભગવતીસૂત્ર વંચાવવાનો લાભ શા. છોગાલાલ ભાઈચંદે લીધો હતો. તે નિમિત્તે તેમના તરફથી એક સાચા મોતીનો સાથીઓ ભરાવવામાં આવ્યો છે. અક્ષયનિધિતપમાં ૨૭૫-ભાઈ-બહેનો જોડાયાં હતાં. ૨૦/૮, ૨/૧૧, ૨/૯ ઉપરાંત છઠ્ઠ-અઠ્ઠમ ઘણાં થયાં. નવકારશી નહીં કરનાર ૮-૧૦ યુવાનોએ ૮-૯ ઉપવાસ

કર્યા. સોળ એકાસણાનો તથા અક્ષયનિધિ, ચોસઠ પહોરી, અઠ્ઠમ વિ.ના પારણાનો લાભ કાંતીલાલ જવાનમલના માતુશ્રી દીવાળી બહેને લીધો હતો. ભગવાનનાં પારણાનો લાભ ૧૨૦૧ મણ ઘી બોલીને શા. મનરૂપજી અચલદાસવાળા શ્રી રતનચંદ પોરવાડે લીધો હતો. આટલો મોટો ચઢાવો પિંડવાડાના ઇતિહાસમાં પહેલો જ છે. ગુરુપૂજન શા. હીરાચંદ ગુલાબચંદવાળા શ્રી ઇંદરમલજીએ રૂા. ૬૦૧માં કર્યું હતું.

ભા. સુદ ૪ ને ગુરુવાર બારસા સૂત્રના વાંચન પછી ચતુર્વિધ સંઘ સાથે ચૈત્ય પરિપાટી થઈ હતી. ભા સુદ ૬ ને શુક્રવારે અક્ષયનિધિ વિ. તપની આરાધનાનો ઇન્દ્રધ્વજા હાથી, પ્રભુજીની પાલખી સાબેલા, બેન્ડ તથા પૂ.આચાર્ય દેવ આદિ મુનિગણથી શોભતો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. પિંડવાડામાં ઇતિહાસમાં અજોડ વરઘોડાનું અનુપમ દૃશ્ય જોવા દૂર દૂરના ગામડામાંથી અસંખ્ય નરનારીઓ આવ્યા હતા. કોઈ અનેરી શાસન પ્રભાવના થઈ હતી. અત્રે આરાધના કરવા માટે રાણી, ખીવાન્દી, રોહીડા, માલગામ, દાંતરાઈ મંડાર આદિ બહારગામથી અનેક ભાગ્યશાળીઓ પધાર્યા હતા.

અત્રે પૂ. શાંત સરળ સ્વભાવી સાધ્વીજી કલ્યાણશ્રીજી મહારાજ તેમના શિષ્યા દમયન્તીશ્રીજી આદિ ઠાણાં અત્રે ચાતુર્માસ બિરાજે છે. તેમના ઉપદેશથી બહેનોમાં ઘણી જાગૃતિ આવી છે.

● **ભરૂચ :** શ્રીમાળી પોળે જૈન સંઘમાં મુનિરાજશ્રી રૂચકવિજયજી મ. ની અધ્યક્ષતામાં પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વની ઉજવણી ઉત્સાહ પૂર્વક બની હતી. અક્ષયનિધિતપની પણ આરાધના થઈ હતી. બે સાધર્મિક વાત્સલ્ય, તથા રથયાત્રાનો ભવ્ય વરઘોડો, ૧૬-૮-૭ વિ. ઉપવાસની તપશ્ચર્યા અને ઉપજ વિ. અનુમોદનીય બન્યું હતું. પ્રતિક્રમણ તથા વ્યાખ્યાનોમાં મોટી હાજરી રહેતી હતી. જૈન યુવાનોનો ઉત્સાહ પ્રશંસનીય હતો.

● **કલોલ :** શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી પં. કૈવલ્યવિજયજી ગણિવર્ય આદિઠાણાં ૪ ના ચાતુર્માસથી, વિશેષે પૂ.મુ. શ્રી ચિદાનંદવિજયજી મ. ના સુંદર પ્રવચન અને પ્રેરણાથી શ્રી સંઘમાં અજોડ આરાધના થઈ રહી છે. પુનમચંદ દલસુખભાઈ તરફથી ચોમાસા માટે આયંબિલ ખાતું ખોલવામાં આવતાં સારી સંખ્યામાં આયંબિલ તપ થઈ રહ્યો છે. ૧૨ જણે નવા પાયા નાખ્યા કેટલાકે

ઓળીઓ કરી. પર્યુષણાની આરાધના સારી થઈ સુ.૬ નો ભવ્ય વરઘોડો ચઢ્યો, ત્રણ નવકારશીઓ થઈ. ભા.સુ. ૧૪ રવિવારે ૮૧ આયંબિલનો ઉપદેશ આપતાં ૧૨૧ ભાઈ-બેનો ઉલ્લાસથી આયંબિલ તપમાં જોડાયા હતા.

● **આમોદ :** અત્રે પૂ.મુ. શ્રી જયવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણપર્વની સુંદર આરાધના થઈ હતી. આઠે દિવસ પાખી પાળવામાં આવી. સુંદર આંગી, પ્રભાવનાઓ થઈ. પાંચમના દિવસે સુંદર વરઘોડો નીકળ્યો. પૂ. સાધ્વીજી ઓંકારશ્રીએ અઠ્ઠાઈ કરી હતી. પુદ્‌ગલ વોસિરાવાની ક્રિયા થઈ હતી. શ્રી દીવાનજી મોહનભાઈ તરફથી ૨૫૦ લગભગ આયંબિલ કરવામાં આવ્યા. સવા લાખ નવકાર મંત્રનો સામુદાયિક જાપ કરાવવામાં આવ્યો.

● **ધંધુકા :** પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન પૂ.ઉ.શ્રી ધર્મવિજયજી ગણિવર સપરિવાર બિરાજમાન છે. પૂ.મુ. શ્રી પુણ્યોદય-વિજયજી શ્રી ધર્મબિંદુ તથા રામાયણનો સુંદર ઉપદેશ આપી રહ્યા છે. તેનો જૈન જૈનેતર જનતા સારો લાભ ઉઠાવે છે. શ્રી નવકારમહામંત્રની તથા શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના અઠ્ઠમની સુંદર રીતે આરાધના થઈ હતી. પર્યુષણમાં ૩/૧૬, અઠ્ઠાઈ, છક્કાઈ વિ. તપશ્ચર્યા સારા પ્રમાણમાં થઈ છે. ગાંધી પોપટલાલ પાનાચંદ તરફથી સુંદર વરઘોડો કાઢવામાં આવેલો. પૂ. ઉપાધ્યાયજી મહારાજના ઉપદેશથી ઉપાશ્રયની ટીપમાં રૂા. ૨૧૦૦૦ એકવીસ હજાર સુધી આંકડો પહોચ્યો છે. ઉપાશ્રયનું નામ શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર અને પૌષધશાળા રાખેલ છે.

● **વાપી :** પૂ. આચાર્યશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. ના શિષ્ય પંન્યાસજી શ્રી નવીનવિજયજી મ. તથા રસીકવિજયજી મ. આદિની નિશ્રામાં અત્રે પર્યુષણપર્વની રૂડી આરાધના થઈ. સ્વપ્ન, પારણા વગેરેની ઠીક ઉપજ થઈ. તાપસ્વી ગુણાકરવિજયજી મ. ૧૦ ઉપવાસ અને સાધ્વીજી ઈન્દ્રપ્રભાશ્રીજીએ અઠ્ઠાઈની તપશ્ચર્યા કરી હતી. તે નિમિત્તે, નવો જ તૈયાર કરાવેલ રૂા. ૩૦,૦૦૦ ત્રીસ હજારના રથ સહિત ભવ્ય રથયાત્રાનો વરઘોડો નીકળ્યો. સારથી તરીકેનો ૧૨૫ મણ ઘી બોલીને લાભ શ્રી ગુલાબચંદ મુળચંદે અને પ્રભુજીને લઈને બેસવાનો લાભ ૧૦૧ મણ ઘી બોલીને શ્રી મનુભાઈ પ્રેમચંદે લીધો હતો.

નવીન ઉપાશ્રયની ટીપમાં કેટલીક બહેનોએ પોતાની પહેરામણીમાં આવેલી અંગત મિલકતો આપી હતી. ધન્ય હો તે બહેનોને ! અઠ્ઠાઈ મહોત્સવ તથા શાંતિસ્નાત્ર શરૂ થનાર છે.

● **બારેજા :** પૂ. મુનિ જયપ્રભવિજયજી મ. ના શિષ્યરત્ન પ્રભાવશાળી

વક્તા પૂ.મુનિ શ્રી કીર્તિપ્રભવિજયજી મ. ચાતુર્માસ છે. તેઓશ્રીના પ્રેરક વ્યાખ્યાનથી શ્રી સંઘમાં અપૂર્વ ઉલ્લાસ અને જાગૃતિ આવી છે. અક્ષયનિધિતપ અને નવકારમંત્રનો જપ થયો હતો. પર્યુષણમાં ઉછામણી વગેરેની સારી ઉપજ થઈ હતી.

ભા. સુદ-૬ દિવસે ભવ્ય રથયાત્રામાં અમદાવાદથી ખાસ રથ બેન્ડ, હાથી, આવેલા. આસપાસના ગામમાંથી અનેક માણસો આવ્યા હતા. સાધર્મિક વાત્સલ્ય થયું હતું.

● **રેવદંડા :** શ્રી સંઘમાં ત્રણ દિવસમાં જ સવાલાખ ઉપરાંત નવકારમંત્રની આરાધના થઈ. શ્રી નગરાજજી અને ભારતમલજીના સુપ્રયત્નોથી પંચનો ઝઘડો મટી ઐક્ય થયું.

● **કાનપુર :** વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સપરિવાર અત્રે ચાતુર્માસાર્થે બિરાજમાન હોઈને વિશેષ કરીને જૈનેતરો જૈનધર્મ પ્રત્યે આકર્ષાય છે. સ્થાનિક નાનો સંઘ છતાં, પર્યુષણ પર્વનું આરાધન અનુમોદનીય બન્યું. પૂના-મુંબઈ વગેરેથી લોકો આવેલા. અત્રેના કેટલાક જૈનતરોએ પણ પર્વાધિરાજની ઉજવણીમાં ભાગ લીધો. શ્રી અક્ષયનિધિતપની આરાધના નિમિત્તે કુમ્ભસ્થાપન, અખંડ દીપક સ્થાપન વગેરેની પાંચેય બોલીઓનો લાભ જૈનેતર ભાઈ-બેનોએ ઉઠાવ્યો. રૂા. ૧૨૫૦ આશરેની ઉપજ થઈ હતી. શ્રા.વ. ૪ સવારે શુભ ક્રિયા સમયે જૈનેતર પણ જિનમૂર્તિને ચઢાવવા પુષ્પો અને પુષ્પહાર લઈ આવ્યા અને શ્રી વીતરાગ પરમાત્માની ભક્તિનો આ પ્રકાર જોઈને ખુશ થયા ! સાથે શ્રી સંઘને પણ આનંદ થયો.

શ્રી કલ્પસૂત્ર ઘરે લઈ જવાની બોલીનો લાભ એક જૈનેતર ગૃહસ્થે લીધો. વરઘોડામાં શ્રી કલ્પસૂત્ર એ ગૃહસ્થનાં ધર્મપત્નીએ લીધું. એમના ઘરે શ્રી કલ્પસૂત્રને શણગારેલા ઓરડામાં પધરાવાયું. કુટુંબે જ્ઞાનપૂજન કરીને ગુરુપૂજન કર્યું. પૂ. આચાર્યદેવશ્રીએ '**अर्हद्वक्त्रप्रसूतं**' એ જ્ઞાનસ્તુતિને અવલંબીને પ્રવચન કર્યું. રાત્રિજાગરણ ગોઠવવામાં આવ્યું હતું.

પૂ. આચાર્યદેવશ્રીએ ગણધરવાદમાં વિશેષ જૈનેતરોના હિસાબે કર્મ, પરલોક વગેરે વિસ્તારથી વિવેચન કરતાં બધાને લાગ્યું કે આવું તો આજેજ જાણ્યું. ભાદરવા સુદ ૪ ને ગુરુવારે શ્રી બારસા સૂત્રનું શ્રવણ કેટલાંક ભાઈ-બહેનોએ ઊભા ઊભા કર્યું હતું. ટીપ લગભગ દસ હજાર સુધી પહોંચી. ભાદરવા સુદ ૭મે બાબુ વિમલકુમારસિંઘજી તરફથી શ્રી સંઘપૂજાનું પ્રભાવના જનક અનુષ્ઠાન થયું. એમને શ્રા.વ.૧૨ ઉપવાસ ચાલુ તે ભાદરવા સુદ ૭મે સંઘપૂજા કરીને પારણું કરવાનું ધાર્યું

હતું. વરઘોડો કાઢીને શ્રી સંઘને પોતાના ઘેર લઈ ગયા, ત્યાં પહોંચતા ગહુંલી કરીને પૂ. શ્રીને વધાવાયા. પૂ. આચાર્યદેવાદિ મુનિવરો બિરાજયા. બાબુજીના માતુશ્રીએ જ્ઞાનપૂજન અને ગુરુપૂજન કર્યું. પછી શ્રાવકોને બાબુજીએ, ને શ્રાવિકાઓને તેમનાં માતુશ્રીએ ચાંલ્લો કરી હાથ જોડવા પૂર્વક શ્રીફળ આપવા માંડ્યું. પ્રસંગ ખૂબ જ રોચક બન્યો. સંઘના ભારે ઉત્સાહ વચ્ચે ચાંલ્લા આપવાની પડાપડી થઈ. પ્રમુખે શ્રી સંઘવતી બાબુજીને હારતોરા પહેરાવ્યા. બાબુજીએ આભાર માનતા કહ્યું કે આ પ્રભાવ શ્રી જિનશાસનનો તથા પૂ. આચાર્યદેવશ્રીનો જ છે. ચાંલ્લાના રૂપિયા હું ન લઉં તો સંઘનું અપમાન થાય માટે એ રકમ ઉપાશ્રયમાં અર્પી દઉં છું. ભાદરવા સુદ ૭મે ભવ્ય વરઘોડો ચઢ્યો ત્યારે અને સુદ ૪ ચૈત્યપરિપાટીમાં આશ્ચર્ય એ થયું કે આગળ પાછળ વરસાદ છતાં એ વખતે વરસાદ નડ્યો નહિ. આરાધના નિર્વિઘ્ને પૂર્ણ થઈ.

પૂર્વસંસ્કાર અને કેળવણી



● **વાપી :** ઉપરના ચિત્ર વાપીના ગ્રેજ્યુએટ જૈન ભાઈશ્રી છગનલાલ ઉમેદચંદના પુત્રરત્નોના છે. મોટા પુત્ર શ્રી હરિણકુમાર, નાના પુત્ર શ્રી દીપકભાઈ અનુક્રમે ઉં. વર્ષ ૧૦ અને ૫ ની ઉંમરના છે. હરિણભાઈએ ૨-૩ વર્ષની જ ઉંમરમાં દેવદર્શન, ગુરુવંદન શરૂ કરેલા. પાંચેક વર્ષની વયે પૂ. પં. શ્રી માનવિજયજી મહારાજના ચાતુર્માસમાં પૂજા અને જ્ઞાનાભ્યાસ પણ શરૂ કર્યો. ત્યાં જ બે પ્રતિક્રમણનો અભ્યાસ થયો. પૂ. મુનિવર્ય શ્રી રોહિતવિજયજી મહારાજના નવસારી ચોમાસામાં અભ્યાસ આગળ વધતાં પાંચ પ્રતિક્રમણે પહોંચ્યા. બીજા બે બાળકો સાથે વર્ધમાન આયંબિલ તપ શરૂ કર્યો. ૧ આં. ૧ ઉપ. ૨ આં. ૧ ઉપ. પછી શારીરિક દુર્બલતાના કારણે ત્રીજી ઓળીથી આગળ ચાલ્યું નહિ. પરંતુ બીજી આખા દિવસની સામાયિક, જ્ઞાનાભ્યાસ વગેરેની પ્રવૃત્તિથી આકર્ષાઈ નવસારી સંઘે રૂા. ૫૧ તથા બીજી કેટલીય સન્માન વિધિ કરી. પૂ. આચાર્યદેવશ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** મુંબઈથી પધારતા એઓશ્રી સાથે ઠેઠ સુરેન્દ્રનગર સુધી વિહારમાં સાથે રહ્યા.

શંખેશ્વરજીમાં ઉપધાન વખતે પૂ.ગણિવર્ય શ્રી **ભાનુવિજયજી મહારાજ** પાસે કેટલાય સામાયિક, પૌષધ, તપ અને જ્ઞાનાભ્યાસમાં નવ તત્ત્વ સુધી આગળ વધ્યા. એમાં એક વખત પ્રતિક્રમણમાં શાંતિનો આદેશ ૮૦૦ **સામાયિકની ઉછામણીથી** લીધો. તે પછી વાપી ઘેર જઈ સ્કૂલના અભ્યાસ ઉપરાંત છ એક માસમાં ૮૦૦ સામાયિક પૂર્ણ કરી આપ્યા. પાંચ પ્રતિક્રમણ, જીવવિચાર, નવ તત્ત્વ, દંડક ઉપરાંત 'લઘુ સંગ્રહણી' શાસ્ત્રના અધ્યયન સુધી પહોંચ્યા.

એમના નાના ભાઈ દીપક તો વળી નાની ઉંમરથી જ એવા ધર્મસંસ્કારમાં જોડાયા કે કુટુંબ સાથે ક્યારેક પોતાની દૃઢ ઇચ્છાથી આયંબિલ, એકાશન-બેસણા વગેરે કરવા લાગ્યા. હજી તો ઉંમર માંડ ૫ વર્ષની, એમાં ઉપવાસ પણ કર્યાં.

પૂર્વ જન્મના સુસંસ્કાર અને વર્તમાન જીવનમાં યોગ્ય માતાપિતા અને ગુરુદેવની પ્રેરણા, દોરવણી કેવું સુંદર કાર્ય કરે !

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' વર્ષ-૬,અંક-૪,તા.૨૮-૯-૧૯૫૭

● **પાલીતાણા : સાહિત્ય મંદિર** - પૂ. આ. શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી મહારાજ સપરિવાર અત્રે ચાતુર્માસ છે. પૂ.પં. શ્રી જયાનંદવિજયજી મહારાજ ધર્મ પ્રવચન કરે છે. લોક સારો લાભ લે છે. તપસ્યાઓ, સ્વામિવાત્સલ્ય, પ્રભાવના વગેરે સુંદર થયું. પૂ. આ. શ્રી ના ઉપદેશથી ત્યાં એક નવા જ્ઞાનમંદિરની યોજના ચાલી રહી છે; તેમજ પૂ. આચાર્યશ્રીની તત્ત્વાર્થ સૂત્ર અને સંમતિ તર્ક ઉપર વિસ્તૃત સંસ્કૃત ટીકા પ્રકટ થવાની તૈયારી છે.

● **ગુરુકુલ** - શ્રી યશોવિજયજી જૈન ગુરુકુલના કેટલાક છાત્રોએ અઠ્ઠાઈની તપસ્યા કરી હતી. એમાં એક ૧૨-૧૩ વર્ષની ઉંમરના વિદ્યાર્થીએ પણ અઠ્ઠાઈ કરી હતી.

● **મુંબઈ :** જૈન એજ્યુકેશન બોર્ડ તરફથી **'જૈન સમાજની સર્વાંગીણ ઉન્નતિનાં માર્ગો'** એ વિષય પર ઓક્ટોબર સુધીમાં ૧૫ થી ૨૫ પૃષ્ઠ જેટલો નિબંધ માગવામાં આવ્યો છે. ૧ લું બીજું ઇનામ રૂા. ૧૦૦) અને ૫૦)નું રાખવામાં આવ્યું છે. (ગોડીજી બિલ્ડિંગ, પાયધુની.)

● **મહુવા :** પૂ. આચાર્યદેવશ્રી વિજયોદયસૂરીશ્વરજી અને પૂ.આ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજના ચાતુર્માસથી સંઘમાં વિવિધ ધર્મસાધનાઓ થઈ રહી છે. ભા.સુ ૮ ના રોજે નવ લાખ નવકાર જાપ અને ૫૦૦ આયંબિલની સુંદર

આરાધના થઈ. શાન્તિસ્નાત્ર, સંઘજમણ થયાં.

● **રાંદેર :** પૂ.આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પૂ. મુનિરાજશ્રી લલિતાંગવિજયજી મહારાજે પર્યુષણામાં રાંદેર સંઘને સારી આરાધના કરાવી. હાલ પૂ. મુનિરાજો શ્રી હેમેન્દ્ર વિ.મ તથા શ્રી જિતેન્દ્રવિજયજી મ. સંઘને લાભ આપી રહ્યા છે.

● **ગોપીપુરા (સુરત) :** પુ.આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ.ના પ્રશિષ્ય પૂ. મુનિરાજશ્રી ગુણાનંદવિજયજીએ ગણધરવાદ એવો સમજાવ્યો કે નવયુવકો અને કેટલાય ભાઈ-બેનોને લાગ્યું કે આવું પહેલીવાર સાંભળ્યું. સુંદર તત્ત્વજ્ઞાન ઉપર મુગ્ધ થયા હતા.

● **પિંડવાડા :** રૂવાઈ પરગણા પિંડવાડાના જૈનોમાં સાત વર્ષોથી જે કુસંપ ચાલતો હતો તે ચાલુ સાલે પૂ. આચાર્યદેવ વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ અહીં પિંડવાડામાં ચાતુર્માસ પધારતાં તેઓશ્રીના સદુપદેશથી તેઓશ્રીની પુણ્ય નિશ્રામાં પિંડવાડામાં થયેલી સમસ્ત પરગણાની જાજમ ઉપર તા. ૨૧-૯-૫૭ દિને સારી રીતે શાંતિપૂર્વક સંપ સ્થપાઈ ગયો. અને તેથી સહુને આનંદ તથા જયજયાકાર વર્તાઈ રહ્યો છે. હવેથી ધર્મનાં તથા સંઘનાં દરેક શુભ કાર્યો સારી રીતે સંપ અને સહકારથી સુંદર થશે.

● **દેવાસ :** ૫૦૦-૭૦૦ વર્ષનું અત્રે પ્રાચીન દેરાસર છે, હાલ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના ખૂબ આકર્ષક પ્રતિમાજી મૂળનાયક છે. આ દેરાસરમાં મોટા મોટા પત્થરો લુણો ખાઈને તૂટી પડવા માંડ્યા છે. તેથી ત્યાંના શ્રી સંઘે દેરાસરજીનો જિર્ણોદ્ધાર કરાવવાનું નક્કી કર્યું છે. નકશો, જગા વિ. નક્કી કરવા માટે શ્રી ચીમનલાલ કેશવલાલ કડીયા, મિસ્ત્રી હરિભાઈને લઈને પધાર્યા હતા. આ પ્રસંગે જૈન યુવક મંડળ તરફથી શ્રી કડીયાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. દેરાસરજીના તળનો નકશો પૂ. શ્રી વિજયઉદયસૂરીશ્વરજી મહારાજાને મહુવા બતાવી આવ્યા છે ને નક્કી થઈ ગયો છે. હવે ટૂંક સમયમાં કામ શરૂ થશે.

● **પુના લશ્કર :** શ્રી કુંભોજગિરિ (મહારાષ્ટ્ર) તીર્થની ધર્મશાળાનું કામ થોડું બાકી છે તે પૂરું કરવા માટે રૂપીયા વીસ હજારની જરૂર હોવાથી ટીપ કરવા માટે અમદાવાદથી શ્રી ચીમનલાલ કડીઆ, કોલ્હાપુરવાળા શ્રી બાબુભાઈ પરમાર અત્રે આવી પહોંચ્યા હતા, અને તેમણે અધુરું ટીપનું કાર્ય શરૂ કર્યું છે. આ કાર્યમાં ભવાની પેઠવાળા શેઠ મોટાજી રૂઘનાથજી વિ. સારી મદદ આપી રહ્યા છે.

● **અમદાવાદ :** પૂ.પા.સંઘસ્થવીર આચાર્યદેવશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મ. પૂ.શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. અને પૂ.શ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મ. શ્રીની સમુહ નિશ્રામાં જાણીતા કાપડના વેપારી શ્રી હીરાલાલ મણિલાલ (મહેન્દ્ર કંપનીવાળા) તથા શ્રી હરગોવનદાસ મણીયાર તરફથી શહેરના સમગ્ર શ્રી જિનમંદિરોની શહેર યાત્રા કાઢવાનું નક્કી થતાં તેનું મંગળ પ્રયાણ સં. ૨૦૧૩ ના ભાદરવા વદ ૧૦ ગુરુવાર સવારે આઠ વાગે શ્રી વિજયદાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર અને પૌષધશાળાથી થયું. વિશાળ સંખ્યામાં પૂ સાધુ મહારાજો, પૂ. સાધ્વીજી મહારાજો, ભાઈઓ અને બહેનો આ ચૈત્ય પરિપાટીમાં જોડાયા છે. શ્રી જૈન ધર્મ આરાધક મંડળ પ્રભુભક્તિમાં સંઘને ઝીલાવે છે. જુદી જુદી પોળોમાં પૂ. મુનિવર્યો પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. તથા શ્રી ભાનુવિજયજી ગણિવરના વ્યાખ્યાનો થઈ રહ્યા છે. લોકો અપૂર્વ લાભ ઉઠાવી રહ્યા છે.

● **ધંધુકા :** કલિકાલ સર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. નો જન્મ અત્રે ધંધુકામાં થવાથી આ ભૂમિ ધન્ય બની છે. તેથી અત્રેના શ્રી સંઘમાં તેઓશ્રીનું ભાવભીનું સ્મારક ઊભું કરવાની વિચારણા ચાલી રહી છે. આ અંગેની યોજના વિચારવા માટે ત્યાંના આગેવાનો ટૂંક સમયમાં અમદાવાદના આગેવાનો શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ, શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઈ, શ્રી ચીમનલાલ કડીઆ વગેરેને મળવા આવનાર છે.

● **દિહોર :** અત્રે પૂ. મુનિરાજશ્રી માનતુંગવિજય મ. સાહેબ (સેવક) ચાતુર્માસ બિરાજમાન હોઈ વિશિષ્ટ પ્રકારે તપની આરાધનાઓ વગેરેમાં સારો લાભ લેવાય છે. પર્યુષણા મહાપર્વની આરાધનામાં યુવાન વર્ગે અઠ્ઠાઈઓ આદિ અનેક તપસ્યાઓ કરી હતી. શ્રી સંઘ તરફથી રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો આ પ્રસંગે જૈન તેમજ જૈનેતર ભાઈ બહેનોએ સારો લાભ લીધો હતો. પ્રભુજીને ગાદીનશીન થયાના ૫૦ વરસની પૂર્ણાહુતિ પ્રસંગે ભાદરવા સુદ ૮ થી ૧૫ સુધી **''શ્રી સોનેરી મંગલ અઠ્ઠાઈ મહોત્સવ''** ઉજવવામાં આવ્યો હતો. પૂજાઓ, રોજ રાતના રાસ ગરબા વગેરે પ્રસંગો દ્વારા આખો ઓચ્છવ ઘણા જ ઉલ્લાસપૂર્વક રૂડી રીતે નિર્વિઘ્ને સંપૂર્ણ થયેલ છે.

● **મહેસાણા :** અત્રે પાઠશાળાનો વાર્ષિક મેળાવડો પૂ.પં. રાજેન્દ્રવિજયજી મ. સાહેબના અધ્યક્ષપણા નીચે યોજવામાં આવ્યો હતો. મંગલાચરણ રિપોર્ટ વાંચન, ભાષણો વગેરે બાદ શેઠ શ્રી નાથાલાલભાઈના વરદ હસ્તે ઈનામોની વહેંચણી કરવામાં આવી હતી. પૂ. મહારાજ સાહેબે આ પ્રસંગે સુંદર પ્રવચન કર્યું હતું.

સંસ્થાને આમંત્રણ મળતાં પર્યુષણા પર્વમાં વિદ્યાર્થીઓ તેમજ પંડિતોને બહારગામ મોકલવામાં આવ્યા હતા. સિકંદરાબાદથી રૂા. ૩૦૧ સંસ્થાને મદદ મળી હતી. સંસ્થાની વાર્ષિક વ્યવસ્થાપક કમિટી અમદાવાદ મુકામે શેઠ શ્રી કસ્તુરભાઈના પ્રમુખસ્થાને શેઠ રાજેન્દ્રકુમાર માણેકલાલ મનસુખભાઈના બંગલે મળી હતી. તેમાં મુંબઈ મદ્રાસ તેમજ અમદાવાદના આગેવાન સભ્યો હાજર હતા. વાર્ષિક રીપોર્ટ તેમજ હિસાબો રજુ કરવામાં આવ્યા હતા. છેલ્લા ત્રણ વર્ષનો રીપોર્ટ બહાર પાડવા સભ્યોએ બહાલી આપી હતી. બાદ સંસ્થાને પગભર બનાવવા એક કલાક વિચારણા કરી સુંદર યોજના ઘડવામાં આવી હતી. ત્યાર પછી પ્રમુખશ્રી તરફથી આભાર દર્શન વિધિ થયા બાદ સૌ વિખરાયા હતા.

● **કચ્છ-ભુજપુર :** પારસમણિનો સ્પર્શ લોહને પણ સુવર્ણ બનાવે છે. મહાત્માઓનો સત્સંગ અશ્રદ્ધામાંથી શ્રદ્ધા, અજ્ઞાનમાંથી જ્ઞાન ને અસદ્ વર્તનમાંથી પણ ઉત્તમ ચારિત્ર પ્રગટાવે છે.

અત્રેના આગેવાનોની આગ્રહભરી વિનંતીને માન આપી પૂજ્ય આચાર્યદેવની આજ્ઞાથી પૂજ્ય પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર સપરિવાર ચોમાસું અત્રે બિરાજમાન છે. આંતર શક્તિનો વિકાસ આયંબિલ તપ અને નવકાર મંત્રના દ્રવ્ય-ભાવ સ્મરણ, જાપ; રટણ અને ધ્યાન દ્વારા થઈ શકે છે, એવું પ્રત્યક્ષ બતાવનાર, માનનાર, આચરનાર અને પ્રતિપાદન કરનારા મહાત્માના પગલાં કચ્છના સુકા રણ જેવા પ્રદેશમાં થવાથી આનંદ-ઉત્સાહના ઝરણાં ઉભરાઈ ઉઠ્યા છે.

સંસાર દાવાનળમાં બળી મરતી જનતા પર એઓશ્રીની અમીભરી કરુણા દૃષ્ટિ વરસી રહી છે. સાચા સુખ અને શાંતિનો માર્ગ બતાવનારા આ ગુરુવર્યોનો કચ્છે સત્કાર પણ અદ્ભુત કર્યો. કર્મસુદનતપ, ચંદનબાળાનો અક્ષમતપ, પંચાંગી તપ, અક્ષયનિધિ તપ અને મહામંગળકારી નવકાર મંત્રની આરાધના થઈ. મુગટ પર કલગી ચડે, કીર્તિ પર કળશ ચડે તેમ પર્યુષણપર્વમાં પણ ઘણીજ સુંદર આરાધના થઈ.

કર્મ મળને દૂર કરવાનો ઉત્તમ ઉપાય તપ અને તેમાં ય આયંબિલ તપ એની આરાધના પૂ. મહારાજશ્રીની પ્રેરણાથી સારા પ્રમાણમાં થઈ. કામચલાઉ બીજે આવા સુન્દર માળીના યોગથી કાયમી સ્વરૂપ થયું અને ભાદરવા વદી ૧૦ થી ભુજપુર (કચ્છ)માં શ્રી વર્ધમાન આયંબિલ તપના પાયા નાખવાનું નક્કી થયું.

આવા મહાપુરુષોના આવા અનુપમ ઉપકારનો બદલો તેમના આદેશને જીવનમાં અપનાવી લેવાથી જ વળી શકે. મહારાજશ્રીનો મુખ્ય ઉપદેશ નવકાર

મંત્રની આરાધના દ્વારા આત્મશક્તિનો વિકાસ કરવાનો હતો. ભુજપુર નિવાસી શ્રેષ્ઠીવર્ય શ્રી નાથાભાઈ નાનજીભાઈ શેઠીયાને નવકાર મંત્રના પ્રભાવથી કેન્સરનાં દર્દમાં સારો ફાયદો થવાથી પૂ. મહારાજશ્રીની નિશ્રામાં દરેકને લાખ નવકારજાપનો સામુદાયિક આરાધના કરાવવાની ભાવના જાગી. ભાદરવા વદી ૧૦ ને ગુરુવાર તા ૧૯-૯-૫૭ થી વીસ દિવસ માટે આયંબિલ અથવા એકાસણા સાથે તથા છ આવશ્યકમાં મશગૂલ રહી રોજ પાંચ હજાર સફેદ પુષ્પથી પ્રભુ પૂજન સ્નાત્ર મહોત્સવ આદિ સાથે મૌનપણે એકાગ્ર ચિત્તે રોજ પાંચ હજાર નવકાર ગણવાનો પ્રારંભ થયો.

● **છોટી સાદડી :** પ્રસિદ્ધ શેઠ ચંદનમલજી નાગોરીએ અત્રે શ્રી વંદિતાસૂત્ર ઉપરની વ્યાખ્યા શ્રી સંઘને સંભળાવી. અનેકાનેક શ્રાવક યોગ્ય કર્તવ્યો અને તાત્ત્વિક વસ્તુઓ સમજાવી. તપસ્યા, વરઘોડો વગેરે સુંદર થયું.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૬,અંક-૫,તા.૫-૧૦-૧૯૫૭



વર્ધમાન આયંબિલ તપ ૧૦૦ ઓળી ચાલુ આસો સુદ ૧૫ મે પૂર્ણ કરનાર નિપાણી નિવાસી

શ્રી દત્તુભાઈ ગણપતિલાલ જગાટકર

વીતરાગ શાસનમાં શ્રી વર્ધમાન તપ સર્વ તપોમાં શ્રેષ્ઠ તપ છે. આ તપમાં એક આયંબિલ ઉપર ૧ ઉપવાસ,... એમ ચઢતાં ૫ આયંબિલ ઉપર ૧ ઉપવાસ

સળંગ કરવાથી પાયો નાખ્યો ગણાય છે. પછી ગમે ત્યારે ૬ આયંબિલ પર ૧ ઉપવાસે છઠ્ઠી ઓળી થઈ ગણાય છે. વળી ગમે ત્યારે લાગટ ૭ આયંબિલ પર ૧ ઉપવાસ કરવાથી ૭મી ઓળી... એમ વધતાં વધતાં ઠેઠ સોમી ઓળી સુધી પહોંચવાનું હોય છે; જેમાં લાગટ ૧૦૦ આયંબિલ ઉપર ૧ ઉપવાસ કરવાનો હોય છે. કુલ ૧૦૦ ઓળીમાં બધા મળીને ૫૦૫૦ આયંબિલ અને ૧૦૦ ઉપવાસ થાય છે. એને જો લાગટ કરવામાં આવે તો ૧૪ વર્ષ ૩ માસ અને ૨૦ દિવસ લાગે છે. આ તપ કોઈ વિરલ આત્માઓ જ સંપૂર્ણ કરી શકે છે. હમણાં હમણાં પાંચ સાધુ મહાત્મા અને એક શ્રાવક ભાઈએ પૂર્ણ કર્યાનું બન્યું છે. હવે આમ આ અજબ સામર્થ્યસિદ્ધ વર્ધમાન તપ નિપાણી નિવાસી શ્રાવકરત્ન શ્રી દતુભાઈ ગણપતિ (ઉં.વ.૫૦) છેલ્લા અઢારેક વર્ષથી કરતાં કરતાં સ. ૨૦૧૩ ના આસો સુદ પૂર્ણિમાના મંગળ દિવસે એની ૧૦૦મી ઓળી નિર્વિઘ્ને પૂર્ણ કરે છે. એ નિમિત્તે એઓશ્રી આસો સુદ ૭ થી ૧૫ સુધી શ્રી જિનેન્દ્ર પ્રભુની ભક્તિનો જાહેર મહોત્સવ ઉજવી રહ્યા છે.

એમનું પ્રેરણાદાયી ધર્મ જીવન : શ્રી દત્તુભાઈ દક્ષિણ મહારાષ્ટ્રના બેલગામ જિલ્લાના જત્રાટ ગામના મૂળ રહેવાસી, શ્રી ગણપતિ મલુકચંદના સુપુત્ર થાય. બાલ્યકાળથી જ ગર્ભશ્રીમંત હતા. માનવતાના ન્યાય-નીતિ આદિ વિવિધ ગુણોથી સંપન્ન હોવા છતાં એમનામાં યુવાવસ્થા સુધી કોઈ જાતના ધાર્મિક સંસ્કારો કે ધર્મપ્રવૃત્તિ નહોતી. બાલ્યકાળ વીત્યા બાદ નિપાણીમાં તેઓ આવીને વસેલા. વિદ્યાભ્યાસ અંગ્રેજી મેટ્રીક સુધી ઉંચી કક્ષાએ કર્યો. પછીનું પુખ્ત વયનું એમનું જીવન અર્થ અને કામથી જ તરબોળ હતું. તેમનું પાણિગ્રહણ ધર્મપરાયણ સુશીલ નારીરત્ન શ્રી ચંપાબહેન સાથે થયું હતું. સં. ૧૯૯૪ની સાલમાં વ્યાખ્યાનવાચસ્પતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ દક્ષિણ મહારાષ્ટ્રમાં વિહરતા નિપાણી પધાર્યા. તેઓશ્રીના મુખેથી હૃદયવેધી ભવ્ય જિનવાણીના શ્રવણ દત્તુભાઈએ કર્યા અને તેમનો સુષુપ્ત આત્મા દીર્ઘકાળની મોહની નિદ્રામાંથી જાગી ઉઠ્યો. પોતાનાં ભૂતકાલીન ધર્મહીન જીવન માટે તેમને પારાવાર પશ્ચાત્તાપ થયો. ત્યારબાદ પૂ. વૈરાગ્યવારિધિ આચાર્યશ્રી યશોદેવસૂરિજી મ.નો સત્સંગ થયો, અને જવલંત પ્રેરણાઓ મળી અને જીવનની દિશા ધર્મપુરુષાર્થ તરફ વળી, આજ સાલમાં પ્રશાંતમૂર્તિ પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીની ચાર્તુમાસ માટે સ્થિરતા થઈ, ચાતુર્માસમાં આત્મિક સાધના માટેનું અપૂર્વ માર્ગદર્શન મળ્યું. પૂ. પંન્યાસજી મહારાજનું ઉચ્ચકક્ષાનું સાધક જીવન અને પ્રભાવશાળી વ્યક્તિત્વની છાયા પડી. સં. ૧૯૯૪ના ભા.વ.૧૧ ના મંગળ દિવસે પોતાના ધર્મપત્ની ચંપાબહેન સાથે મંગળકારી વર્ધમાન તપની ઓળીનો પ્રારંભ કર્યો. આજ ચાર્તુમાસમાં કા. સુ. ૧૩ થી અક્રમ-અક્રમ એટલે કે

લાગટ ૩-૩ ઉપવાસના પારણે આયંબિલથી ૪૭ દિવસની ઉપધાન તપની આરાધના કરી માળા પહેરી. ત્યારબાદ છૂટક ૯ ઓળી સુધી આરાધના કરી. સં. ૧૯૯૫ ના ચૈત્ર સુદ ૭ ના શુભ દિવસથી ૧૦ મી ઓળીથી માંડી ૩૮ ઓળી સુધી એટલે કે ૭૭૭ દિવસ સુધી સતત આયંબિલ અને વચમાં ઓળીના ઉપવાસ કર્યા. ધર્મશીલ પત્ની ચંપાબહેન પણ એવા સમસ્વભાવી, કે એમણેય ૭૬૭ દિવસ આયંબિલ સહિત ઉપવાસ કર્યા. પછી તબિયતની અસ્વસ્થતાએ એમને પરાણે પારણું કરાવવામાં આવ્યું, પરંતુ પછીથી પાછી એમણે ૩૯ ઓળી પૂર્ણ કરી. સવિધિ અષ્ટપ્રકારી જિનપૂજા-જિનભક્તિ અપ્રમતપણે આવશ્યકાદિ ક્રિયાઓ, શત્રુંજયાદિ અનેકાનેક તીર્થક્ષેત્રોની યાત્રાઓ વગેરે આરાધનામાં આ દંપતી પરસ્પર એક સરખી રીતે સહાયક, પ્રેરક અને પૂરક બની આ દંપતીએ અનેકોને મંત્રમુગ્ધ બનાવ્યા હતા. દંપતીએ સજોડે બે વર્ષ પ્રતિજ્ઞા વિના બ્રહ્મચર્ય પાળી પછી જીવનભરનું બ્રહ્મચર્ય અર્થાત્ શ્રી દતુભાઈએ ૩૩ વર્ષની ભરયુવાન વયે અને શ્રી ચંપાપહેને ૨૨-૨૩ વર્ષની ખીલતી યુવાનીમાં બ્રહ્મચર્યવ્રત સ્વીકારી લીધું. નિપાણીમાં પૂ. આ. શ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના** ચાતુર્માસ વખતે એઓશ્રી તથા પૂ. મુનિવર્ય શ્રી **ભાનુવિજયજી મહારાજની** પ્રેરણાથી શ્રી દતુભાઈએ પોતાના પુત્ર ચક્રવર્તીને ૫-૬ વર્ષની વયથી જ અષ્ટપ્રકારી જિનપૂજા તપ વગેરેમાં જોડી ધર્મ સંસ્કરણ કરવા માંડ્યું. આજે તેમની ૧૦૦મી ઓળી સાથે ચિ. ચક્રવર્તીને પણ ૩૯ ઓળી પૂર્ણ થયેલ છે.

શ્રી દતુભાઈએ ૭૭૭ આયંબિલમાં બીજુ અને ત્રીજુ ઉપધાન કર્યું. તેમાં ૩૨ કોળીયા પ્રમાણ આહાર લેવાની પ્રતિજ્ઞા રાખી હતી. પરિમિત આહારની ખૂબી કેવી કે શરીરનું વજન આમાં બે રતલ વધ્યું હતું ! ત્રીજા ઉપધાનમાં આયંબિલ સાથે ૧૮ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી અને કાયમ ઓછામાં ઓછું એકાસણું કરવાનો અભિગ્રહ લીધો હતો. આમાં છેલ્લા બે વર્ષથી ઠામ ચોવિહાર આયંબિલ કર્યા હતા. **સં. ૧૯૯૬માં** સિદ્ધાંતમહોદધિ કારુણ્યનિધિ સંયમત્યાગ-તપોમૂર્તિ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** વિશાળ મુનિમંડળના ધર્મપ્રભાવક **ચાતુર્માસનો નિપાણી** શહેરને લાભ મળ્યો. પૂજ્યશ્રીની સહજ એવી સંયમ, ત્યાગ-તપ અને સ્વાધ્યાય ધ્યાનની આરાધનાનો પ્રભાવ કોઈ ગજબ હતો. ભાગ્યવાન દત્તુભાઈની ધર્મશ્રદ્ધામાં તેમજ આરાધનાનાં રંગમાં અનેરો ઓપ ચઢ્યો, કર્મગ્રંથનાં અભ્યાસ ઉપરાંત પૂ.મુનિરાજશ્રી ભાનુવિજયજી મહારાજની પાસે ઉચ્ચ સંસ્કૃત તાત્ત્વિક ગ્રંથોનો અભ્યાસ કર્યો. પૂ. આચાર્યદેવના વરદ હસ્તે શ્રાવકના બાર વ્રત સ્વીકાર્યા. મહા માસમાં પોતે બંધાવેલી સમવસરણકાર દેરીમાં પૂ.આચાર્ય ભગવંતના વરદ હસ્તે શ્રી શાંતિનાથ પ્રભુની અંજનશલાકા સાથે પ્રતિષ્ઠા વિધિ

કરાવી રૂા. ૧૦૦૦૦ થી વધુ ધનનો સદ્વ્યય કર્યો. સં. ૨૦૦૨માં એકાંતરા ઉપવાસથી ચાલતી ૬૧ મી ઓળીમાં ઘણી કઠનાઈ છતાં માસક્ષમણની ભારે તપશ્ચર્યા કરી. ચાલુ આયંબિલમાં વર્ષી તપ કરી સં. ૨૦૦૫ના વૈશાખ સુદ-૩ નું પારણું કર્યું ૯૦ થી ૧૦૦ ઓળી સુધીમાં ઠામચોવિહાર આયંબિલ. એમાં બે વખત ૧૬ ઉપવાસ તથા ૮/૯/૧૦ ઉપવાસની તપશ્ચર્યાઓ ચોવિહારી કરી હતી. વિશેષતા તો એ કે આ બધી આરાધના વખતે દુકાનના ટેબલ પર પણ કર્મગ્રંથાદિ શાસ્ત્રના જ્ઞાન-ધ્યાન ચાલુ હતા. શ્રી સર્વજ્ઞ ભગવાને ઉપદેશેલા તપથી સારું જ થાય છે. એવી દૃઢ શ્રદ્ધાથી કેટલાય વિઘ્નોને તેઓ પાર કરી ગયા છે. હવે સારી એવી રકમ વર્ધમાન તપ આયંબિલ ખાતાઓને ભેટ આપવાનો નિર્ણય કર્યો છે.

● **અમદાવાદ :** અત્રે જ્ઞાનમંદિરમાં બિરાજમાન પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પૂ. **મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવરનું** વર્ધમાન તપની ૬૯મી ઓળીનું પારણું ભાદરવા વદ ૫ ને શનિવારના રોજ હોવાથી તે દિવસે શ્રી કાળુશીની પોળના પંચ તરફથી પૂ. આચાર્યદેવ આદિ મુનિવરોને સવારના ૭ વાગે પોળમાં પધરામણી કરાવી હતી અને ૮। થી ૯।। **''આત્મસંયમન''** ઉપર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતુ. ત્યારબાદ શ્રી નવપદજીની પૂજા શ્રાદ્ધરત્ન વકીલ મણિલાલ રતનચંદ તરફથી રાખવામાં આવેલ. જેમાં શ્રી જૈન ધર્મ આરાધક મંડળે સુંદર રાગણીમાં પૂજા ભણાવી પ્રભુ ભક્તિમાં અપૂર્વ ઉલ્લાસ પ્રગટાવ્યો હતો.

● **ગઢસીવાના-રાજસ્થાન :** સ્વ. પૂ.આ. શ્રી વિજયક્ષમાભદ્રસૂરિજી મ.ના શિષ્ય પૂ. મુનિરાજશ્રી માણેકવિજયજી મહારાજ આદિ ઠાણા અત્રે મદ્રાસવાળા શ્રી આશુરામજીની આગ્રહ વિનંતીથી અત્રે ચાતુર્માસ બિરાજમાન છે. સંઘને સુંદર ધર્મ આરાધના કરાવી રહ્યા છે. સ્વર્ગસ્થ આચાર્યશ્રીથી સંપાદિત **'શ્રુતજ્ઞાન અમીધારા'** જે સાધુવર્ગમાં ખૂબ પ્રિય થઈ પડેલ, તેની બીજી આવૃત્તિ કરાવી રહ્યા છે.

● **મુંબઈ :** છેલ્લા કૉન્ફરન્સ અધિવેશનમાં સમાજોત્કર્ષ માટે સારું ફંડ થવાની જે હવા ફેલાવા પામી હતી, તે હવે અદૃશ્ય થવા લાગી છે અને આ કાર્યવાહક સમિતિ દ્વારા કંઈ પણ અગત્યનું કામ થશે કે કેમ ? એવી શંકાઓ ઉઠવા લાગી છે. કૉન્ફરન્સ કાર્યાલયમાં ગાઢ શાંતિ પ્રવર્તે છે. ખાસ કોઈ પ્રવૃત્તિ ચાલતી હોય તેવું તેના અનુયાયીઓનેય જણાતું નથી. તા. ૧૨મી ઓક્ટોબરે કૉન્ફરન્સ કાર્યવાહક સમિતિની બેઠક મળવાની છે. તેમાં કેવા નિર્ણયો થશે તે જોવાનું કેટલાક પસંદ કરે છે તે વખતે બાલદીક્ષા પ્રતિબંધક બીલ અંગે પણ મહત્ત્વની ચર્ચા થવાની વકી રખાય છે.

● શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં રસોઈયા પ્રકરણમાંથી ભૂખમરાની હડતાલ સુધીની જે પરિસ્થિતિ ઉત્પન્ન થઈ, તેથી ઘણાએ રાહતની લાગણી અનુભવી છે, પણ એની ભીતરમાં શું છે ? તે જાણવા માટે જનતા ઠીક ઠીક આતુરતા બતાવી રહી છે.

● **દાદર :** પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજીના સદ્ઉપદેશથી શ્રી આત્મકમલલબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિરના ટ્રસ્ટીઓ તથા ત્યાંના સંઘે આગામી કાર્તિક સુદ ૧૦, ૧૧ અને ૧૨ના દિવસે શ્રુતજ્ઞાન પૂજા મહોત્સવ ઉજવવાનો નિર્ણય કર્યો છે અને તે માટે એક સમિતિની નિમણૂક કરી દીધી છે તથા ટીપ કરવાનું ચાલુ કરેલ છે. સુદિ ૧૦ના દિવસે શતાવધાની પંડિત ધીરજલાલ ટોકરશી શાહે લખેલ દક્ષિણમાં દિવ્ય પ્રકાશ નામના ભવ્ય દળદાર સચિત્ર ગ્રંથનો પ્રકાશન સમારોહ થશે. સુદ ૧૧ના દિવસે કવિકુલ તિલક શતાવધાની મુનિરાજશ્રી કીર્તિવિજયજી મ॰ સાહેબ શહેરની જાહેર જનતા સમક્ષ શતાવધાનના પ્રયોગો કરી બતાવશે. આ કાર્યક્રમ અંગે શહેરના ૧૦૦ ઉપરાંત સદ્ગૃહસ્થોની એક અવધાન સમિતિ નીમાઈ ચૂકી છે અને તેમાં કેટલાક ડેપ્યુટી મિનિસ્ટરો પણ જોડાયા છે. કાર્યક્રમ ખાસ ઊભા કરાયેલા મંડપમાં વિશાળ પાયે થશે. સુદિ ૧૨ના દિવસે જૈન સાહિત્યનું એક પ્રદર્શન જ્ઞાનમંદિરમાં જ ખુલ્લું મૂકાશે, તેમાં વિવિધ સંગ્રહો રજૂ થશે.

● **છાણી :** પ. પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં લલિત બ્રધર્સવાળા શેઠ છોટુભાઈ તરફથી ભાદરવા વદ ૧૨ના રોજ શ્રી નંદીશ્વરદ્વીપની ભવ્ય રચના સાથે પૂજા રાખવામાં આવી હતી. મુંબઈ, સુરત, ખંભાત, પાટણ, અમદાવાદ, વડોદરા વગેરેથી માણસો સારી સંખ્યામાં આવેલા. પૂજ્યોના રોચક પ્રવચનો પછી બપોરની પૂજા નિમિત્તે અત્રેના જિનમંદિરમાં સુંદર કારીગરીપૂર્વક નંદીશ્વરનું વિશાળ માંડલું બનાવ્યું હતું. જે જોતાં ભારતની કળા અને મહાતીર્થની ભવ્યતા ઉપર પ્રેક્ષકોના હૈયાં ઓવારી જતા હતાં. અમદાવાદના શ્રી જૈન ધર્મ આરાધક મંડળ, લોનાવાલા ભાઈશ્રી રમણીકલાલ, ડભોઈ, વડોદરા તથા સ્થાનિક સંગીતકારોએ ભક્તિરસની સુંદર રમઝટ જમાવી હતી. સાંજના નોકારસીનું જમણ રાખવામાં આવેલ. રાતના ભાવનામાં પણ સંગીતકારોએ અનેરો આનંદ આપ્યો હતો.

● **ડભોઈ :** અત્રે પૂ.આ. ભક્તિસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પં. શ્રી પ્રતાપવિજયજી તથા પૂ વિદ્વાન મુનિ મહારાજશ્રી કાંતિવિજયજી ચાતુર્માસ વિદ્યમાન છે. તેઓશ્રીની નિશ્રામાં પર્યુષણમાં આરાધના ઘણા જ ઉલ્લાસપૂર્વક થઈ હતી. પાઠશાળા-વિદ્યોત્તેજક મંડળ બહાર ગામ સ્વામિભાઈની ભક્તિ માટે પૈસા ફંડની નવીન યોજનાનું ફંડ, જૈન સ્ટોરને સહાયક ફંડ તથા અન્ય ફંડ થયાં હતાં. પારણાનું ઘી ૧૧૧ મણ બોલી નગીનદાસભાઈ લઈ ગયા હતા. ભવ્ય શાનદાર વરઘોડો નીકળ્યો હતો. નવકારશી પણ બંને સંઘની ભેગી થઈ હતી. પૈસા ફંડની યોજનામા રોજના ૧ પૈસા લેખે વાર્ષિક રૂા. ૧૧/- પાંચ વર્ષ સુધી આપવા ૬૦-૭૦ ભાઈઓએ સ્વામી ભાઈઓની ભક્તિના કાર્ય માટે પચ્ચક્ખાણ લીધાં હતાં. જેની વ્યવસ્થા માટે સમિતિ નિમાઈ છે.

● **શીરપુર :** (પશ્ચિમ ખાનદેશ) અહીં પૂ. શ્રી ચિદાનંદમુનિ આદિ ઠા. ૨ ચાતુર્માસ પૂ.પં. શ્રી નિપુણમુનિજી મહારાજશ્રીની આજ્ઞાથી રહ્યાં છે. વર્ધમાન આયંબિલ તપ ખાતું નવું શરૂ થયું છે. લગભગ ૬૦ ભાઈ-બેનોએ નવા પાયા શરૂ કર્યા છે. છ વર્ષે મુનિરાજનું ચાતુર્માસ થવાથી ઉત્સાહ સારો છે. પર્યુષણ પર્વની ઉત્સાહ પૂર્વક આરાધના તથા સુપનઆદિ દેવદ્રવ્યની ઉપજ સારી થઈ છે. પાઠશાળામાં માસિક દર્શન ક્રિયાદિ અનુષ્ઠાન મુજબ ઈનામો અપાય છે.

● **સુરત :** પૂ. પં શ્રી મનોહરવિજયજી મ. આ સાલમાં જ વર્ધમાન તપની ૮૧ મી ઓળીની આરાધના કરી પારણું રાંદેરમાં ધામપૂર્વક થયેલ. પછી ૮૨ ઓળી ચાલુ કરી સુરતમાં અંતે અઠ્ઠાઈ કરી. વિશિષ્ટતા એ થઈ કે છાપરીયા શેરીમાં બે તડા ૨૦ વર્ષે ભેગા જમ્યા, અને સંઘમાં શાંતિ પ્રસરી.

● **શ્રી ઉપરીયાળાજી તીર્થ :** આસો સુદ ૧૦ થી ભોજનશાળા શરૂ કરી દેવામાં આવી છે. દેરાસરજીના આગળના રંગમંડપને કાચના મીનાકારી કામથી સુરમ્ય બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ કામમાં તથા દેરાસરજીના બીજા કામમાં મળીને રૂપીયા વીસહજારના ખર્ચનો અંદાજ છે. આ કાર્ય તથા ભોજનશાળા નિભાવ ફંડ કરવાનું કાર્ય શ્રી ચીમનલાલ કેશવલાલ કડીઆ તથા શ્રી રતિભાઈ પટવા વગેરેની કમિટીને સોંપાયું છે.

● **લસુદ્રામાં થયેલ અપૂર્વ પર્વ આરાધના :** કપડવંજથી ગઈ સાલ આસો માસમાં પ્રતિમાજી લાવી ઘરદેરાસર બનાવી સ્થાપના કરેલ. જેથી અમો બધા

ભાઈઓની પર્વની આરાધના કરવાની ઈચ્છા અહીયાં થઈ અને તે માટે કપડવંજથી માસ્તર સાહેબ ચીમનલાલને ઉપદેશ આદિ ધાર્મિક અનુષ્ઠાનો કરવા બોલાવેલ. વળી ત્યાંના સંઘે સુપન, પારણું વગેરે આપેલ, જેને લઈને આ ભવ્ય પ્રસંગ સારી રીતે ઉજવેલ. તેમાં શ્રાવણ વદી ૧૦ તથા ભાદરવા સુદ ૫ ના સ્વામીવાત્સલ્ય, પૂજા, પ્રભાવના, સામાયિક, પોસહ તેમ છઠ્ઠ, અઠ્ઠમ, ઉપવાસ આદિ તપસ્યા પણ સારી થઈ હતી, ભાદરવા સુદી ૪નો વરઘોડો બહુ ઠાઠપૂર્વક પ્રભુજીની પાલખીમાં બેસાડી સુપન આદિ કાઢી પાછો દેરાસર ઉતર્યા અને પ્રભાવના કરી હતી. આવી રીતે આ જૈનોનો પ્રથમ અવસર ટૂંકી વસ્તીમાં બહુ પ્રશંસાપાત્ર છે. ઇતર કોમ પણ સમજી કે પર્યુપણા પર્વ જૈનો સારી રીતે ઉજવે છે. ભાદરવા સુદ ૪ ના ગામમાં દળવાની ઘંટી, ઘાંચીની ઘાણી વગેરેએ પણ પાખી પાળી હતી.

● **અમદાવાદ :** પૂ. ઉપાધ્યાયજી શ્રી દેવેન્દ્રસાગરજી મહારાજ આદિની નિશ્રામાં ફતાસાની પોળે આસો સુદ ૧૫ના રોજ શ્રી સિદ્ધચક્ર મહાપૂજનનું ભવ્ય અનુષ્ઠાન કરાવવામાં આવ્યું હતું. ક્રિયાકારક શ્રી ચિનુભાઈના ભાવવાહી વિધિ-વિધાન ઉપરાંત પૂ. વિદ્વાન મુનિરાજશ્રી અભયસાગરજી મહારાજ શ્લોકો ઉચ્ચારવા પૂર્વક એના ભવ્ય ભાવાર્થને સમજાવતા હતા. શ્રી નવપદજી મહારાજની દ્રવ્ય-ભાવભક્તિ તથા આરાધક ભાવ માટે સુંદર પ્રેરણા આપી હતી. બપોરના પૂ. આચાર્યદેવશ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મહારાજ આદિ મુનિવરો પણ પધાર્યા હતા. પૂ. વિદ્વાન મુનિરાજશ્રી **ભદ્રંકરવિજયજી મહારાજશ્રીએ** પણ અન્ય શ્લોકો ભણવા સાથે **અર્થમાં અષ્ટપ્રકારી પૂજાના દરેકના સુંદર ફળની સમજુતી આપી હતી.** તથા પ્રભુભક્તિમાં ઉત્તમ જાતિના દ્રવ્યો અને સાધનોનો ઉપયોગ કરવા ભાર મૂકીને સમજાવ્યું હતું. પૂ.ઉ. શ્રી દેવેન્દ્રસાગરજી મહારાજશ્રીની નિશ્રામાં આસો વદ ૬થી ઉપધાનનો પ્રારંભ થવાનો છે.

● **'જૈન શ્રમણ'** નામનું મૌલિક અને સચોટ વર્ણન તથા માંસાહારનો પ્રતિકાર કરતું પુસ્તક હિંદીમાં તૈયાર થઈ રહ્યું છે. જૈન સાધુના તથા પ્રભુ શ્રી મહાવીર દેવના ઉચ્ચ અહિંસામય જીવનનો સવિસ્તર વાસ્તવિક ખ્યાલ એમાં આપવામાં આવશે. જૈનેતરો પણ જૈન શ્રમણના જીવન, વ્રતો, અને ચર્યાથી માહિત થઈ શકે એ પ્રકારનું લખાણ થઈ રહ્યું છે. પુસ્તકની ૧૫ રૂા. ની કિંમતના હિસાબે સામટી કોપીઓ જેને જોઈએ તે અગાઉથી શ્રી યંગમેન્સ સોસાયટી, (જ્ઞાનમંદિર સામે કાળુપુર રોડ, અમદાવાદ) ઑફિસે જણાવી શકશે.

● **ભરતપુર :** (રાજસ્થાન) (૧) ભરતપુરની બાજુમાં વ્યાનાજંકશન છે.

અહીંયા શ્રાવકનું ઘર એક પણ નથી. એક યતિ વિજયગચ્છના હતા, પણ એક માસ પહેલાં કાળ પામ્યા. તેઓશ્રી એક લાખ જેટલી સંપત્તિ મૂકી ગયા છે. જ્ઞાનભંડાર અને ઉપાશ્રય પણ છે આનો કબજો મેળવવો જરૂરી છે.

(૨) ભરતપુરથી શ્રી મહાવીર તીર્થ જયપુરની બાજુમાં જ છે. પ્રથમ તો તીર્થ પલ્લીવાલ જાતિ સંભાળતી હતી, પણ કાળે કરીને એ પ્રદેશમાં સાધુઓનો વિહાર ઓછો થવાથી તે તીર્થ દિગંબરોના હાથમાં ચાલ્યું ગયું. દિવાની કોર્ટમાં તે માટે હાલ તે તીર્થ પર પલ્લીવાલ જાતિનો અધિકાર સ્થાપિત થાય તે માટે ભરતપુર દિવાની કોર્ટમાં દાવો ચાલી રહ્યો છે.

● **મુંબઈ :** મુંબઈ નિવૃત્ત ગવર્નર શ્રી મંગળદાસ પકવાસાના પ્રમુખપદે તા. ૪ થી ઓક્ટોબરે સેંટ ફ્રાન્સીસના સ્મરણમાં **'પ્રાણીઓનો વિશ્વ દિન'** ઉજવાયો. સેંટ ફ્રાન્સીસ બારમી સદીમાં થયા. એ મુંગા પ્રાણીઓની રક્ષાના મહાન હિમાયતી કરતા. એ ઉપદેશતા જીવન તત્ત્વ બધા પ્રાણીઓને સરખું છે. દરેકને ખુશીથી જીવવાનો અબાધ્ય હક્ક છે. તો દરેક પ્રત્યે ન્યાય, પ્રેમ અને દયા દાખવવી જોઈએ. એક ખ્રિસ્તીધર્મના અનુયાયી આ હિમાયત કરે ત્યારે આશ્ચર્ય છે કે આજે આર્યધર્મના અનુયાયીઓ તરફથી હિંસા અને માંસાહારનો પૂરજોસમાં પ્રચાર ચાલે છે ! નિશાળોમાં માછલીમાં આટલા વિટામિન્સ, ઈંડામાં આટલું પ્રોટીઈન્સ વગેરેના શિક્ષણ આપી નિર્દોષ આર્ય બાળકોના કૂણાં મગજમાં એના ભક્ષણના પ્રલોભન જગાડવામાં આવે છે ! યાંત્રિક કત્લખાના અને યાંત્રિક મત્સ્યશિકાર વધતા જાય છે !

● **ગોડીજી :** દેરાસરની નીચે ઐક્ય ચાહકોની મિટિંગ મળ્યાનું અને એમાં આવતા વર્ષમાં પાછો ભાદરવા-સુદ પાંચમનો ક્ષય આવતો હોવાથી સર્વ આચાર્યો એક સંવત્સરી કરે એવું ઐક્ય કરાવવાની વિચારણા થયાનું જાણવા મળ્યું છે.

● શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘના ઉપક્રમે સંસ્કાર વ્યાખ્યાનમાળા શરૂ થઈ છે, તેમાં ભાયખલા ખાતે અચલગચ્છના આચાર્યશ્રી ગુણસાગરસૂરિજી મહારાજે **દિવ્ય-દર્શન પત્રના અંકમાંથી 'હિંસા અને અહિંસા' એ લેખનું વાંચન કરી એક કલાક સુધી અહિંસા ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.**

● **દાદર :** પૂ. મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજના કારતક સુદમાં થનાર જાહેર શતાવધાનના કાર્યક્રમનું ઉદ્‌ઘાટન મુંબઈરાજ્યના નામદાર રાજપાલ શ્રી પ્રકાશના હસ્તે કરાવવાનું નક્કી થયું છે.

● **દિલ્હી :** પૂ. મુનિરાજશ્રી દર્શનવિજયજી મહારાજે લખેલી **'ભગવાન મહાવીર ઔર ઔષધિ વિજ્ઞાન'** નામની પુસ્તિકા પ્રગટ થઈ છે. ધર્માનંદ કોશંબીએ

પ્રભુ શ્રી મહાવીર દેવ અને જૈન સાધુઓ પર માંસાહારિપણાનો કરેલો આક્ષેપ કેટલો વજૂદ વિનાનો છે, એના પર આ પુસ્તિકામાં સારો પ્રકાશ પાડવામાં આવ્યો છે. વનસ્પતિ શાસ્ત્રમાં એવા કેટલાય શબ્દો આવે છે જેના અર્થ, એક બાજુ પ્રાણીવાચક હોવા છતાં, વિવિધ વનસ્પતિને જણાવે છે એનો સારો ઉલ્લેખ આમાં આપવામાં આવ્યો છે. ઉપરાંત માંસાહારનો નિષેધ કરતા અનેક જૈન આગમ પાઠો તેમજ શ્રી ભગવતીજી સૂત્રના પાઠ ઉપર માર્મિક વિચારણા આપીને ભગવાન શ્રી મહાવીરદેવે માંસાહાર કર્યો જ નથી એ સચોટ સાબિત કર્યું છે.

● **મદ્રાસ :** શ્રી જૈન માર્ગ પ્રભાવક સભા તરફથી સંસ્કૃતિ રક્ષણ વિભાગ ખોલવામાં આવ્યો છે; જેમાં પ્રસિદ્ધ કાર્યકર શ્રી ઋષભદાસજી ખૂબ વેગ આપી રહ્યા છે. ધર્મ સંસ્કૃતિમાં વિક્ષેપ કરનાર અનેક આંદોલનો થવા લાગ્યા ત્યારથી જ સંસ્થાની એવી ભાવના હતી કે દક્ષિણ ભારતની પ્રધાન નગરી મદ્રાસ છે, (Shri Prakash, Ex. Governer of Madras has said about Madras "I have seen only one thing in Madras Ancient India and her culture truly living in the heart of the city. આવી આ નગરીના પ્રસિદ્ધ છે.) ત્યાં સંસ્કૃતિના રક્ષણ માટે વ્યવસ્થિત કાર્ય ચાલુ થઈ જાય. સમયે સમયે તો આ સંસ્થા ધર્મ અને સંસ્કૃતિ વિક્ષેપક આંદોલનો અને બળોનો ખૂબ પ્રતિકાર કરતી આવી છે, અને મુંબઈ બાળ-દીક્ષા પ્રતિબંધક વિધેયના પ્રતિકારમાં આ સંસ્થાએ ખૂબ મોટો ભાગ ભજવ્યો હતો. આજે ફરીથી આ બીલ દિલ્હીની લોક-સભામાં આવ્યું છે, તથા મહાવીર-માંસાહાર પ્રકરણ' 'ભગવાન-બુદ્ધ' નામની પુસ્તકમાં પ્રગટ થવાથી અહિંસાની ઉપાસક પ્રજાને ઘણું દુઃખ થયું છે. એ ઉપરાંત એવી ઘણી બાબતો છે જેથી આપણી સંસ્કૃતિના સંરક્ષણ માટે એક આજે વ્યવસ્થિત વિભાગ ઉપરની સંસ્થાના આશ્રયે ખોલવામાં આવ્યો છે. આજે વિજયાદશમીને દિવસે મંગળ-મુહૂર્ત કર્યું છે.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૬,અંક-૭,તા.૧૯-૧૦-૧૯૫૭

● **અમદાવાદ :** અત્રેના સકલ ઉપાશ્રયોની આગેવાન વ્યક્તિઓની એક સભા શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઈના પ્રમુખપદે મળી હતી, અને એમાં નક્કી થયું હતું કે એકેક ઉપાશ્રયની પ્રતિનિધિ વ્યક્તિને ચૂંટી મોકલવી. એ મુજબ બીજી અને પછી ત્રીજી મિટિંગ પ્રતિનિધિઓની મળી હતી. તેમાં લગભગ તેટલા બીજા કાર્યકર ભાઈઓને લઈ ૫૧ની કમિટી નિમાઈ છે. હવે આગળ મુનિ-સંમેલન ભરાવવા તરફ પ્રયત્નો લેવાશે.

• **નિપાણી :** અત્રે ભાઈ શ્રી દત્તુભાઈ ગણપતિ જત્રાટકરની વર્ધમાન તપ આયંલિબલની ૧૦૦મી ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગે રાતના નવ વાગે અત્રે સંઘ તરફથી અભિનંદન પત્ર આપવાનો બેલગામ નિવાસી શેઠ શ્રી ચતુરભાઈના અધ્યક્ષપણા નીચે યોજવામાં આવ્યો હતો. આખા નગરના પ્રતિષ્ઠિત આગેવાનો તેમજ જૈન જૈનેતરો તથા બેલગામ-કરાડ-કોલ્હાપુર વગેરે કેટલાય ગામોમાંથી શ્રી સંઘના આગેવાનો વગેરેએ ખૂબ ઉલ્લાસથી ભાગ લીધો હતો. અન્ય સંઘો તેમજ ગામની અન્ય સંસ્થાઓ તરફથી પણ માનપત્ર આપવામાં આવ્યું હતું. અનેક મહારાજ સાહેબો તરફથી સંદેશાઓ આવેલા વંચાયા. ઉપરાંત સુંદર ભાવવાહિ પ્રવચનો થયાં, બહુમાનની વિધિ થઈ. મુંબઈથી આવેલા શ્રી મહાવીર સંયુક્ત મંડળના ભાઈઓએ આમાં અને ઉત્સવમાં પ્રભુભક્તિના સંગીતની પણ સુંદર રમઝટ જમાવી હતી. તપસ્વી ભાઈનું પારણું આયંબિલથી જ તે પણ છેલ્લા અઠ્ઠમના ત્રણ ઉપવાસના અંતે ઘણા જ ઉલ્લાસપૂર્વક થયું હતું, તપસ્વીની ભક્તિનો લાભ લેવા સ્વજનો તેમજ અન્ય બંધુઓની સંખ્યા વિશેષ હતી. છતાં ભાઈશ્રી દત્તુભાઈની સુંદર મુખાકૃતિ તેમજ સમતાગુણ તેમજ છેવટની શક્તિ દરેકને ભારોભાર અનુમોદના કરવા યોગ્ય હતાં-પારણું પણ પોતે સાધર્મિકોની ભક્તિ કરીને કર્યું હતું. બપોરના ત્રણ વાગે સુંદર વરઘોડો ચડાવવામાં આવ્યો હતો. જૈનતરોએ પણ ખૂબ લાભ લીધો હોઈ આનંદની વધુ વાત તો એ થઈ કે આજના દુકાળિયા દહાડામાં વરઘોડા વખતે ઝીણી ઝીણી ઝરમર વૃષ્ટિ વરસી હતી.

• **પૂના :** કલિકાલ સર્વજ્ઞ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય વિરચિત **''અભિધાન ચિંતામણિ કોશ''**નો અનુવાદ પૂ. આચાર્યશ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી મહારાજે કરી ઉપરોક્ત ગ્રંથનો પ્રકાશન સમારોહ ભારત સરકારના આકાશવાણી વિભાગના માનનીય પ્રધાનમંત્રી શ્રી ડૉ.બી.વી. કેલકરના વરદ હસ્તે યોજવામાં આવ્યો હતો. ગુજરાતી ભાષામાં અનુવાદ કરેલો હોઈ સાધુ-સાધ્વીજી તેમજ શ્રાવકોને પણ ઘણો જ ઉપયોગી થઈ પડે તેમ છે. આવા સુંદર પ્રકાશન અંગે ઘણા જ સંદેશાઓ આવ્યા હતા.

• **મુંબઈ :** (i) શ્રી ગોડીજી દેરાસરની મિટિંગમાં તા. ૧૩-૧૦-૫૭ રવિવારે ચૂંટણી થવાની હતી, પણ વદી ત્રીજ રાત્રિના નિરાકરણ થઈ ગયું. **ઘોઘારીમાં** શ્રી લક્ષ્મીચંદ દુર્લભજી, શ્રી લક્ષ્મીચંદ રાયચંદ સરૈયા, શ્રી કાળીદાસ હરજીવનદાસ, શ્રી રંગનાથ જીવણભાઈ, **સુરતીમાં** શ્રી ભાઈચંદ નગીનચંદ, શ્રી પાનાચંદ રૂપચંદ મોતીચંદ, **ગુજરાતીમાં** શ્રી ગોકલભાઈ લલ્લુભાઈ, શ્રી કેશવલાલ બુલાખીદાસ, શ્રી માણેકલાલ ચુનીલાલ, શ્રી રમણલાલ દિલ્હી (કપડવંજવાળા) અને **છાપરિયામાં** શ્રી

લીલાધર ગુલાબચંદ હોવાનું જાણવા મળે છે.

(ii) શ્રી ગોડીજી દેવસૂર સંઘના કેટલાક ભાઈઓ જેમણે આ વર્ષમાં પૂ. આ શ્રી ઉદયસૂરીશ્વરજી મહારાજને બે વખત મળી બુધવારની સંવત્સરી કરાવી હતી. તેમાં તેઓને પૂજ્યશ્રીએ અમુક શરત જણાવી હતી જેને હવે મહિનાઓ થયા છતાં હજી સંઘવાળામાં એટલો ઉમળકો દેખાતો નથી. અવરનવર તેઓ પૂ.આ.શ્રી વિજયપ્રતાપસૂરિજી મ. તથા પૂ.આ.શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. ની સલાહ સૂચન મેળવે છે. જાણવા મળે છે કે પૂ.આ.શ્રી વિજયોદયસૂરિજી મ. તથા પૂ.આ.શ્રી વિજયનંદનસૂરિજી મહારાજનો ઉદ્દેશ એ હતો કે સંઘે તપાગચ્છના તમામ આચાર્ય ભગવંતોને વિનંતી કરી જ્યાં એક ઠેકાણે બધાને સરળતા-સગવડતા થાય ત્યાં ભેગા થવું; અને પંચાગ તથા તિથિ ક્ષય-વૃદ્ધિ અંગે એક નક્કી કરવું. પરંતુ સંઘવાળા આના કોઈ પ્રયત્ન ન કરતાં પત્રથી પૂ. આચાર્ય મહારાજોને પ્રશ્નો પૂછાવી જવાબો મંગાવવા ધારે છે કે તમે પંચાગ કયું માનો છો ? ભા.સુ.૫ ના ક્ષયે શું માનો છો, સુદ ૫ નો, ૪ નો, ૩નો, કે ૬ નો ક્ષય ? ભા.સુ.૫ ની વૃદ્ધિએ શું માનો છો ?

• **શ્રી માટુંગા :** તપગચ્છ જૈન સંઘ તથા શ્રી શિવ મૂ. જૈન સંઘ અને શ્રી યશોભારતી પ્રકાશન સમિતિ તરફથી આમંત્રણ બહાર પડ્યું છે. પ્રસંગમાં ન્યાય વિશારદ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના સ્મરણાર્થે તૈયાર થયેલ **'શ્રી યશોવિજય સ્મૃતિ ગ્રંથ'**નો પ્રકાશન સમારંભ આસો વદ ૧૨ રવિવારે માટુંગા જ્ઞાનમંદિરમાં રાખવામાં આવ્યો છે. શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ જે.પી. ના હસ્તે પ્રકાશન જાહેર થશે. સ્મૃતિ ગ્રંથમાં પૂ. આચાર્યશ્રી વિજયોદયસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. વગેરે અનેકના લેખો સંગૃહીત કરવામાં આવ્યા છે. સંપાદનનો બધો પ્રયત્ન પૂ. મુનિવર્ય શ્રી યશોવિજયજી મહારાજનો છે. શ્રી યશોભારતી પ્રકાશન યોજનામાં પૂ. ઉપાધ્યાયજી મ. ના ગ્રંથો પ્રગટ કરવા, અનુવાદ પ્રસિદ્ધ કરવા, સમીક્ષા પ્રકાશિત કરવી, ફંડ કરવું વગેરે છે.

• **અમદાવાદ : બાળકને જેવા ઘડો તેવા ઘડાય.**



ઉપરની પ્રતિકૃતિ અમદાવાદવાસી તપસ્વી શ્રી રામચંદભાઈના બાળપુત્રી ! ચંદ્રાબેન અને બાળપુત્ર રમેશની છે. એમણે આ વખતે શ્રી આયંબિલ વર્ધમાન તપનો પાયો નાખી ૧ આયંબિલ પર ૧ ઉપવાસ, ૨ આયંબિલ પર ૧ ઉપવાસ... યાવત્ ૫ આયંબિલ પર ૧ ઉપવાસ એમ ૨૦ દિવસ લાગટ તપ કર્યો. બાલ્યવયમાં સારું સંસ્કરણ કરવું હોય તો કેવું સરસ કરી શકાય એનો આ નમૂનો છે.

● **રાજકોટ :** પૂર્વે અમે જેનો ફોટો પ્રગટ કરી ગયા હતા તે વાપીના બાળ હરિન અત્રે પૂજ્ય મહારાજશ્રી પાસે રહી ભક્તામર, કલ્યાણમંદિર તથા ત્રણ ભાષ્ય ભણ્યા. પર્યુષણમાં ચોસઠ પ્રહરી પૌષધ ઉપરાંત સંવત્સરી પ્રતિક્રમણમાં મોટી શાન્તિ એવી સુંદર બોલ્યા કે આખો સંઘ ચકિત થઈ ગયો. એક ભાઈ તરફથી સોનાની વીંટી ભેટ મળી. હમણાં ૭૫ જણની સાથે વર્ધમાનતપનો પાયો સુખરૂપે પૂરો કર્યો. એમના જોડાવાથી તેમના જેવડાં ૯ બાળકો જોડાયા.

● **વાપી :** ઉપરોક્ત ભાઈ હરિનના નાના ભાઈ દીપક (ઉં.વ.૫/૬) આયંબિલની નવપદજીની ઓળી ઉત્સાહપૂર્વક પૂરી કરી. ઘણાને આશ્ચર્ય થયું હતું. એના માતાપિતાને પણ કલ્પના નહોતી કે પૂર્ણ કરશે. અત્રે નવીન સ્થપાયેલ શ્રી જૈન લબ્ધિબાળ મંડળ તરફથી યોગ્ય સન્માનપૂર્વક માનપત્ર દીપકને આપવામાં આવ્યું. મંડળ તથા બીજા ભાઈ-બહેનો તરફથી વિવિધ પ્રકારની ભેટ અપાઈ.

● **કેશરીયાજી :** જાણવા મળે છે કે અત્રેના તીર્થનો કબજો સરકારમાં જવાથી દેવદ્રવ્ય ભંડારના પૈસામાંથી આશરે રૂા. ત્રણ લાખ આર્યસમાજને ધીરવામાં આવ્યા છે. તેમાંથી એક પણ પૈસો ક્યારે આવવાનો હતો ? જૈનોના પૈસા મૂર્તિવિરોધી અને વિરુદ્ધ ધર્મમાં કામે આવે એ કેટલો ઘોર અન્યાય છે ! આજે તો આર્યસમાજ, જૈનધર્મમાં માંસાહાર હોવાનો ખોટો પ્રચાર કરી રહ્યા છે. જ્યાં દેવદ્રવ્ય આ રીતે વેડફાય અગર ઊંધે માર્ગે જતું હોય ત્યાં પૈસા મૂકવાનું ક્યાં સુધી ચાલુ રહેશે ?

● **અમદાવાદ :** મુનિસંમેલન કરાવી શ્રી સંઘ સંગઠન મજબૂત કરવાના માર્ગે ઉપાશ્રયોના પ્રતિનિધિઓ તથા અન્ય આગેવાન ગૃહસ્થોની કમિટી વધીને ૭૧ની કરવામાં આવી. સર્વાનુમત એક નિર્ણય કેવી રીતે આવે તે સંબંધમાં વિચારણા થયા બાદ ૧૧ જણની એક કમિટી ચૂંટવામાં આવી. એ કમિટી ભિન્ન ભિન્ન પૂ. આચાર્યાદિ મુનિરાજો પાસે જઈ કેવી રીતે એક નિર્ણય થાય તેના અભિપ્રાય લેશે.

પછી મોટી કમિટીમાં મૂકાઈ આગળ વધવાનું બનશે. સંમેલનમાં અનેક ચર્ચાસ્પદ પ્રશ્નો વિચારાઈ એક નિર્ણય થાય, સંઘબળ વધે અને ધર્મ સામેના આક્રમણોના સફળ પ્રતિકાર વગેરે થાય એવું સંભવે છે. હમણાં પૂ. વયોવૃદ્ધ આચાર્ય મહારાજશ્રી વિજયહર્ષસૂરીશ્વરજી, પૂ. સિદ્ધાન્ત મહોદધિ આ.મ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી, પૂ. શાંતમૂર્તિ આ.ભ.શ્રી વિજયમનોહરસૂરીશ્વરજી વગેરે સ્થાનિક શ્રમણ સંઘની મિટિંગો થઈ રહી છે. સાત ક્ષેત્ર વગેરે અંગે સારી વિચારણાઓ ચાલી રહી છે. દેખાય છે કે જુદા જુદા સમુદાયના મુનિરાજો ભેગા બેસી વિચારણાની આપ લે કરવાથી વધુ નજીક આવે છે.

● અત્રે **લક્ષ્મીનારાયણની** પોળના ઉપાશ્રયે ડેલાવાળા પૂ.આ.મ. શ્રી વિજય-રામસૂરીશ્વરજીના આજ્ઞાવર્તિની સાધ્વી શ્રી મહેન્દ્રશ્રીજી મહારાજે માસક્ષમણની મહાન તપશ્ચર્યા કરેલ, તે નિમિત્તે શ્રી સંઘે અષ્ટાન્હિકા મહોત્સવ કરેલ. ત્યારબાદ ભાવવૃદ્ધિ સાધ્વીજી મહારાજની પ્રેરણાથી શ્રી સંઘે શ્રી શાંતિ મહાપૂજા મહોત્સવ કર્યો. ક્રિયા પૂ.આ.મ.શ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજીની નિશ્રામાં થઈ. શ્રી લક્ષ્મીનારાયણની પોળના ત્રણ પંચના સભાના શેઠે, નિમાયેલ કમિટીએ, સમસ્ત સંઘે તેમજ યુવક મંડળે અને બહારથી પૂ. આચાર્ય મહારાજાદિ શ્રી સંઘે સારો ભાગ લીધો હતો.

● અત્રે **પાંજરાપોળ**ના ઉપાશ્રયમાં શ્રી વિજયનેમિસૂરીશ્વરજી જૈન પાઠશાળાના બાળકોએ ૪૭૫૧ સામાયિક કર્યા હતા. આ અંગે એક મેળાવડો પં.શ્રી જિતવિજયજી ગણિની નિશ્રામાં યોજ્યો હતો. બાળકોએ સંગીત અને સંવાદનો કાર્યક્રમ રજૂ કર્યો હતો. ધાર્મિકજ્ઞાન અને સામાયિકની મહત્તા એ વિષય ઉપર ભાષણો થયા હતા શેઠ શ્રી વાડીલાલ સાંકળચંદના વરદ હસ્તે વિદ્યાર્થીઓને ઈનામોની પહેરામણી થઈ હતી.

● **દાદર :** વિજયલબ્ધિસૂરીશ્વરજી જ્ઞાનમંદિરમાં પૂ. આચાર્યશ્રી વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં **'શ્રી શ્રુતજ્ઞાન પૂજા'** ઉત્સવ કા.સુ. ૧૦-૧૧-૧૨ ના ઉજવવાની કંકોત્રી, વિગત પત્રિકા તથા આમંત્રણ કાર્ડો બહાર પડી ગયા છે. ૧૦ ના રોજ પૂજ્યશ્રીના મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિલનાડુ વગેરે દેશોમાં થયેલ વિહારથી સ્થળે સ્થળે થયેલ ધર્મ પ્રભાવનાના અહેવાલના રોચકગ્રંથ દક્ષિણમાં દિવ્યપ્રકાશનું પ્રકાશન મુંબઈરાજ્ય વિધાન સભાના સ્પીકર શ્રી એસ.એલ.સીલમના હસ્તે થશે. થોડો સમય જૈન સાહિત્ય પ્રદર્શન પણ ખુલ્લું મૂકાશે, એમાં હસ્તલિખિત અનેક આગમ-પ્રકરણ-જ્યોતિષ-મંત્રાદિના પુસ્તકો વગેરે જોવા મુકાશે.શ્રી સારાભાઈ નવાબનો સંગ્રહ પણ જોવા મુકાશે. કારતક સુદ ૧૧ ના રોજ શતાવધાની પૂ.મુનિવર્ય

શ્રી કીર્તિવિજયજી મ. ના શતાવધાનનો જાહેર સમારંભ થશે. તેનું ઉદ્‌ઘાટન મુંબઈ રાજ્યના ગવર્નર શ્રી પ્રકાશના વરદ હસ્તે થશે. જુદી શતાવધાન આમંત્રણ પત્રિકા મુંબઈ નગરપતિ, એમ.એલ.એ. વગેરે લગભગ સો જેટલા અગ્રગણ્યની સહીથી માનદ મંત્રીઓ શ્રી દામજીભાઈ જેઠાભાઈ તથા શ્રી ધીરજલાલ ટોકરથી શાહ તરફથી બહાર પડી છે. કા.સુ. ૧૨ ના રોજે વધુ સમય જૈન સાહિત્ય પ્રદર્શન જોવાનો લાભ અપાશે. તથા ૪૫ આગમની પૂજા ભણાવાશે. શતાવધાન પ્રસંગે હજારો માણસોની હાજરી હોવાના સંભવે, શાંતિ રહે તે માટે પ્રવેશપત્રો કાઢવામાં આવ્યા છે; અને આ પ્રસંગે ડી.સીલ્વા હાઈસ્કૂલ (રાનડે રોડ, દાદર)ના મોટા કંપાઉન્ડમાં થશે.

● **પ્રાંગધ્રા :** તપોનિધિ પૂ.પં.શ્રી કાન્તિવિજયજી ગણિવરે ગયા વર્ષમાં વર્ધમાન આયંબિલ તપની ૧૦૦મી ઓળી પૂરી કર્યા પછી ભાવનાની વૃદ્ધિથી આગળ ૧૦૧મી ઓળી પણ પૂર્ણ કરી. આવા તપ સાથે સંયમ, સ્વાધ્યાય, વ્યાખ્યાન વગેરેની અખંડ પ્રવૃત્તિના પ્રભાવથી શ્રાવક સંઘમાં પણ તપ અને નવકાર જાપ વગેરેની પણ સુંદર આરાધનાઓ થઈ. એમાં તપમાં તો સામુદાયિક આયંબિલ તપ પણ એક જ ધાન્યના વિવિધ રીતે થયા અને લાખોની સંખ્યામાં નવકાર તપના જાપ થયા. દા.ત. આસો વદ આઠમે એકલા ચોખાના ઉપર ચાર આંગળ તરતું પાણીવાળા શુદ્ધ આયંબિલ ૧૦૧ અને સામુદાયિક લાખ નવકારનો જાપ થયો ! આ અંગે એક સદ્‌ગૃહસ્થ તરફથી રૂપિયા રૂપિયાની પ્રભાવના અને બીજા એક સદ્‌ગૃહસ્થ તરફથી શેર શેર સાકરની પ્રભાવના થઈ. આસો વદ ૧૧ ના દિવસે ૧૬૦ આયંબિલ એકલા મગના થયા. અને દોઢ લાખ લગભગ નવકારનો જાપ થયો. શ્રીફલની પ્રભાવના થઈ. આસો વદ ૧૪સે ૧૦૧ આયંબિલ માત્ર થૂલીના થયા. લાખ નવકારનો જાપ થયો વદ ૧૪સે દિવાળીનો છઠ્ઠ તથા કેટલાકે ઉપવાસ કરેલા હોવા છતાં આયંબિલની સંખ્યા પણ ૧૦૧ લગભગ થઈ. ભારત જેવા દેશમાં પણ વ્યાપી ગયેલી ભયંકર હિંસા અને જડવાદની સામે આવા કલ્યાણકર તપ અને જાપ ખરેખર જૈનશાસનની વિશિષ્ટતા છે, અને સંરક્ષણ આપે છે. કાર્તિક સુદ ૨ ગુરુવારે ૧૨૫ ઉપરાંત મગના આયંબિલ થયા. શ્રીફળની પ્રભાવના થઈ. બેસતા વર્ષે માંગલિક સંભળાવ્યા બાદ આયંબિલખાતાને મદદ આપવા અંગે પૂજ્યશ્રીના ઉપદેશથી પાંચ મિનિટમાં જ રૂા. ૧૧૦૦ નો ખરડો થયો. સુદ પાંચમે, આઠમે, અગિયારસે, ચૌદસે અને પુનમે આ પ્રમાણે આયંબિલ અને જાપનો કાર્યક્રમ રાખવાનું નક્કી થયું છે. સુદ પાંચમે ઉપવાસ ઘણા થવાથી આયંબિલ ૭૫ લગભગ થવા સંભવ,

● **ભાવનગર :** ધાર્મિક શિક્ષણમંડળે પાઠશાળાના વિકાસ અર્થે પેટીફંડની યોજના કરી છે. કુલ ૫૦૦ પેટીઓ ઘેર ઘેર મૂકવામાં આવી છે. દરરોજના ૧

પૈસાના હિસાબે માસિક આઠ આના સૌ નાંખે છે. ફંડનો ઉપયોગ ભાવનગરની પાઠશાળાઓ તથા ધાર્મિક શિક્ષણના વિકાસમાં થશે.

● **પિંડવાડા :** અત્રે અનોપ મંડળવાળાઓએ જૈનો ઉપર હુમલો અને મારપીટનો આરોપ મૂકીને જે ફોજદારી કેસ કરેલ તેનો ચુકાદો તારીખ ૫-૧૦-૫૭ ના રોજે માઉન્ટ આબુની કોર્ટથી આવી ગયો છે, અને બધા આરોપીઓને નિર્દોષ ઠરાવીને છોડી મૂક્યા છે.

● **લીંચ :** અત્રે પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મ. ના તપસ્વી શિષ્યરત્ન પૂ. ધર્મરત્નવિજયજી મહારાજના લાગટ ૫૭-૫૮મી આયંબિલ ઓળી અને ઉપદેશથી શ્રી સંઘમાં આનંદપૂર્વક સુંદર ધર્મસાધના આરાધના થયેલ. નવા શ્રી વર્ધમાન આયંબિલ તપના પાયાવાળાની સંખ્યા ૧૯ અને જુદી જુદી વધમાન આયંબિલ તપની ઓળી કરનારની સંખ્યામાં ૩૦, અત્રે કુલ સંખ્યા ૫૦ લગભગ થઈ. પારણાં શેઠ શ્રી જેઠાલાલ કેવળદાસે કરાવ્યા. પાયાવાળાને સાકરના પડા અને એક એક રૂપિયાની પ્રભાવના થઈ. બધા તપસ્વીઓને શ્રીફળની પ્રભાવના થઈ.

શ્રી પર્યુષણની આરાધનામાં ચોસઠ પ્રહરના પૌષધવાળા ૨૮ જણ હતા. ભાદરવા સુદ ૧ના દિને શેઠ શ્રી કચરાભાઈ માણેકલાલ તરફથી અને સુદ પના દિને શેઠ શ્રી વાલચંદ રંગજી તરફથી સ્વામીવાત્સલ્ય થયું. શેઠ બબલદાસ ડાહ્યાભાઈએ પારણું ઘેર લઈ જઈ ભાદરવા સુદ ૫ થી ૧૦ સુધી ધામધૂમ પૂર્વક પ્રભાવના આદિ કાર્યો કર્યાં. ભાદરવા સુદ ૧૦ ના દિવસે અતિ ભવ્ય વરઘોડો નીકળ્યો. જૈન-જૈનેતરો ખૂબ મુગ્ધ થયા. શેઠ શ્રી કેવળદાસ વાલચંદ તરફથી સ્વામીવાત્સલ્ય થયું. આસો ઓળીમાં ૬૦ જણ જોડાયા. માંડલું વગેરે ધામધૂમપૂર્વક તપ અને વીતરાગની ભક્તિનો અમૂલ્ય લાભ લેવાયો. પૂજ્યશ્રીના ઉપદેશથી મહામંગલકારી ઉપધાન તપનું પણ નક્કી થયેલ છે, અને તેનું શુભ મુહૂર્ત પ્રાયઃ માગશર સુદમાં આવવા સંભવ છે. શ્રી સંઘની વિનંતીથી પૂ. મુનિવર્ય શ્રી ભદ્રંકરવિજયજી મહારાજની નિશ્રામાં ઉપધાન થવાનું નક્કી થયું છે.

● **છાણી :** પૂ. આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ઉપધાન ચાલી રહેલ છે. ૧૦૦ની નજીકની સંખ્યામાં ઉપધાન વાહકોમાં ૭૫ લગભગ માળવાળા છે. એમાં વિશેષતા તો એ છે કે નાના ૧૦-૧૦ વરસ સુધીના બાળક-બાલિકા પણ કઠીન ઉપધાન તપ વહી રહ્યા છે. કા.વદ ૬થી એક બેનની દીક્ષા નિમિત્તે અઠ્ઠાઈ ઉત્સવ શાંતિસ્નાત્ર ચાલુ છે. માગશર સુદ ૬ના રોજ માળારોપણના સુંદર પ્રસંગ ઉપરાંત ત્રણ મુનિવર્યો જેમને શ્રી ભગવતીજી સૂત્રના યોગોદ્વહન ચાલી

રહ્યા છે તેમને પંન્યાસપદવીથી વિભૂષિત કરવાનો ભવ્ય પ્રસંગ અને ત્રણ કુમારિકાઓનો ભવ્ય દીક્ષા પ્રસંગ છે, આ નિમિત્તે ભારે દબદબાથી જિનેન્દ્રભક્તિ મહોત્સવ આદિ થનાર છે.



● **રાજકોટ :** પૂ. મુનિરાજશ્રી રોહિતવિજયજી મહારાજની ભવ્ય પ્રેરણાલબ્ધિ એવી છે કે શ્રી સંઘમાં વર્ધમાન તપના અનેક નાના મોટા આરાધક બન્યા. મૂળ રાજકોટના જ વતની પૂ. મુનિરાજશ્રી જયવર્ધનવિજયજી મહારાજ જેવા કે જેમને એક આયંબિલ ભારે પડતું તે આયંબિલના સ્થાને ઉપવાસ કરી લેતા, એમણે પણ વર્ધમાન તપનો પાયો નાખ્યો, અને દિવાળીમાં ચોવિહાર છઠ્ઠની તપસ્યા પણ કરી. નાના છોકરાઓએ પણ વર્ધમાન અંબિલ તપના પાયા નાખી ૨૦ દિવસ આયંબિલ ઉપવાસો કર્યા. ઉપરની પ્રતિકૃતિમાં નીચે મુજબ વર્ધમાન તપનો પાયો ૯ છોકરાઓએ નાખ્યો. (૧) જશવંતલાલ નટવરલાલ (વર્ષ ૧૫) પ્રતિજ્ઞા લઈને વર્ધમાન તપ પાયો નાખ્યો (૨) હરિનકુમાર છગનલાલ શાહ. (વર્ષ ૧૦) વાપીવાલા. ધાર્મિક અભ્યાસ તથા જીવનના સુંદર ઘડતર માટે તેના પિતાજી રાજકોટ મૂકી ગયા છે. ભક્તામર, કલ્યાણ મંદિર, ચાર પ્રકરણ અને ત્રણ ભાષ્ય સુધી અભ્યાસ કર્યો છે. સંવત્સરીએ ચોવિહારો ઉપવાસ કરી પ્રતિક્રમણમાં મોટી શાંતિ એવી સુંદર બોલેલ કે તે નિમિત્તે શ્રી જોરમલભાઈએ વ્યાખ્યાનમાં સોનાની વીંટી ભેટ આપી. (૩) ઉમેશકુમાર અનુપચંદ ભુજવાલા (વર્ષ ૯) ત્રણ, ચાર અને ૫ મો નંબર-એ ત્રણે સગા ભાઈઓ છે. નંબર ચાર ૧૩ વર્ષના છે. તપનો અભ્યાસ નહિ છતાં "કરેંગે યા મરેંગે"ના નિશ્ચયે સુખે પાયો નાખ્યો (૫) શ્રી અરુણકુમાર અનોપચંદ (વર્ષ ૧૫) શાંતિથી તપ કર્યો (૬) શ્રી રમેશચંદ્ર કમલશી (વર્ષ ૧૭) આ ભાઈને પણ

ક્રિયાની રૂચિ સારી છે. (૭) શ્રી હસમુખ ખુશાલચંદ (વર્ષ ૧૭) શક્ય તેટલી સાધના આ જીવનમાં કરી લેવી એ ધ્યેયવાળા છે. મેટ્રીક ભણે છે. (૮) શ્રી શશીકાન્ત લક્ષ્મીચંદ (વર્ષ ૧૫) ઘીના ત્યાગની પ્રતિજ્ઞા લઈ પાયો નાખ્યો (૯) મહેન્દ્રકુમાર મોહનલાલ-માંગરોળવાલા, (વર્ષ ૧૩) આફ્રિકાના વતની હમણાં અહીં આવેલ છે; માતા-પિતા સંસ્કારી અને ધર્મની ધગશવાળા છે. મહેન્દ્રકુમારને ધર્મ શ્રવણ કરતાં ભાવના થઈ પાયો નાખ્યો. આમાં ઘણા ખરા ભાઈઓએ ચૌદ માસ સુધીમાં ૨ થી ૫ જેટલી આગળ ઓળી કરવાના અભિગ્રહ લીધા છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૬,અંક-૯તા.૯-૧૧-૧૯૫૭**

● **મુંબઈ :** શ્રી મહાવીર જૈન મહિલા મંડળની એક સામાન્ય સભા મંડળની ઑફિસે તા. ૨૬-૧૦-૫૭ ના રોજ બપોરે મળી હતી. મંત્રી શ્રી સુશીલા શાહે નીચે મુજબના ઠરાવો વાંચી સંભળાવ્યા હતા. (૧) દર શનિવારે ૨ થી ૪માં મંડળની ઑફિસે સર્વે સભ્યોએ પૂજાગીતોની પ્રેક્ટીસ કરવા હાજરી આપવી. (૨) વધુ હાજરી, વધુ આવડત પર ધ્યાન આપી મંડળ તરફથી ઈનામો આપવા. (૩) તા. ૨૧-૧૧-૫૭ સુધીમાં નવા વર્ષનું લવાજમ ભરી મંડળની ઑફિસ પરથી લહાણી લઈ જવી. (૪) નવા દાખલ થનાર સભ્યોએ મંડળની ઑફિસે મંત્રીને રૂબરૂમાં મલવું. બાદમાં અલ્પાહાર લઈ શાસનદેવની જય બોલાવી સભા વિસર્જન કરી હતી.

● **માટુંગા :** આચાર્ય મહારાજો શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી અને શ્રી વિજયધર્મસૂરીશ્વરજીની નિશ્રામાં દાનવીર શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલના હસ્તે 'મહોપાધ્યાય શ્રી યશોવિજયજી સ્મૃતિગ્રંથ'નો પ્રકાશન કરવાનો સમારંભ ઠાઠ પૂર્વક ઉજવાયો. પૂ. ઉપાધ્યાયજી મહારાજ કાશીમાં પંડિતોને અજેય એવા મોટા વાદીને શાસ્ત્રાર્થમાં જીતીને તથા ૧૦૮ તર્ક ગ્રંથો લખીને **'ન્યાયાચાર્ય ન્યાયવિશારદ'**નું બિરુદ પંડિતો તરફથી પામેલા. જૈન શાસ્ત્રો આગમો ઉપરાંત અન્ય દર્શન શાસ્ત્રો અને ધર્મ શાસ્ત્રોની અગાધ વિદ્વત્તાથી તે કાળે શ્રુતકેવલીનું સ્મરણ કરાવનાર તરીકે ઓળખાયેલા છે. એમના જીવનકવન સંબંધી ગ્રંથના ઉપરોક્ત પ્રકાશન સમારંભમાં તથા પૂ.મુનિરાજો શ્રી યશોવિજયજી મહારાજ, શ્રી જયાનંદવિજયજી મહારાજ આદિ ઉપરાંત અચલગચ્છીય આ. શ્રી દાનવિજયજી મ. અને અગ્રગણ્ય ગૃહસ્થોથી અલંકૃત મહાન માનવ મેદની ઉપસ્થિત થઈ હતી. યશોભારતી પ્રકાશન સમિતિના મંત્રી

વડોદરા નિવાસી શ્રી લાલચંદ નંદલાલ તથા શ્રી નાગકુમાર મકાતીએ પૂના, મુંબઈ, અમદાવાદથી આચાર્ય મહારાજો મુનિમહારાજો, પ્રોફેસરો વગેરે તરફથી આવેલા અનેક સંદેશાઓનું વાંચન, તથા સ્મૃતિગ્રંથનું આયાસસાધ્ય સંપાદન કરનાર શ્રી યશોવિજયજી મહારાજને ધન્યવાદ-પ્રદાન કર્યું હતું. ન્યાયાધીશ શ્રી પ્રસન્નચંદ્ર બદામી. શ્રી મોહનલાલ ચોક્સી, શ્રી સોહનલાલજી કોઠારી, શ્રી માણેકલાલ ચુનીલાલ, શ્રી રમણલાલ દલસુખભાઈ વગેરેએ પૂ. ઉપાધ્યાયજી મહારાજના ગુણાનુવાદ સહિત પ્રાસંગિક ભાષણો કર્યા. શ્રી યશોવિજયજી મહારાજે પોતાના પ્રવચનમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજના અપ્રગટ-પ્રગટ ગ્રંથોના સંપાદનમાં વિદ્વાનોના સહકારની આવશ્યકતા જણાવી કહ્યું હતું કે ૫-૬ ગ્રંથોનું સંશોધન અને ૧૬-૧૭ ગ્રંથોની પ્રેસકોપીઓ થઈ ગઈ છે. શેઠ શ્રી ચંદુલાલ વર્ધમાન શાહે ભાષણમાં શ્રી યશોવિજયજી મહારાજના અથાગ પરિશ્રમને ધન્યવાદ આપતું ભાષણ કર્યું અને ફંડનો પ્રસ્તાવ રજુ કરી સંઘને અપીલ કરી હતી. પછી અત્યાર સુધી થયેલ રૂા. ૨૭ હજારનું ફંડ જાહેર થયું. બીજી ટીપ કરતાં રૂા. ૪) હજાર થયા.

આ પ્રસંગે પ્રાચીન અર્વાચીન જૈન સાહિત્ય અને ચિત્રકળાનું આકર્ષક પ્રદર્શન પણ બે દિવસ માટે ખુલ્લું મુકાયું હતું; પરંતુ જનતાના રસને લીધે એક સપ્તાહ સુધી લંબાવવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં પૂ.ઉપાધ્યાયજીના પવિત્ર હસ્તાક્ષરોની આગમપ્રભાકર પૂ. મુનિવર શ્રી પુણ્યવિજયજી મહારાજ પાસેથી આવેલી કૃતિઓ, ૧૫ મી સદીથી લઈ ૧૮ મી સુધીના ચિત્રોના નમુનાઓ, ૧૨ મા સૈકાથી લઈ ૧૪ મા સૈકા સુધીની જુદી જુદી ભાષામાં લખાયેલી તાડપત્રીય પ્રતિઓ, ઐતિહાસિક શિલ્પકલાકૃતિના નમૂનાઓ, જયપુરી આર્ટ કલાના વિખ્યાત ચિત્રો, શ્રી ગોકુલદાસ કાપડીઆના અને એચ.પી.ત્રિવેદી તથા અન્ય કલાકારોના ભગવાન મહાવીરના જીવનને સ્પર્શતા શ્રેષ્ઠ નમૂનાઓ, ૮૦૦ થી હજાર વર્ષની પ્રાચીન ધાતુ-પાષાણ પ્રતિમાઓ, ૧૬ મી સદીની સુવર્ણાક્ષરી અને રૌપ્યાક્ષરી બેનમૂન પ્રતિઓ, સુવર્ણ ને રૌપ્યાક્ષરી અર્વાચીન પ્રતિઓ, પૂ ઉપાધ્યાયજીનો પ્રગટ અને ગ્રંથાકાર મુદ્રિત સંગ્રહ, પ્રાચીન અર્વાચીન બહુમૂલ્ય યંત્રપટો વગેરે સાહિત્ય ગોઠવવામાં આવ્યું હતું. પ્રદર્શનની ગોઠવણ અને વિભાગવાર કરેલું દર્શન સહુ કોઈને આકર્ષિત કરી રહ્યું હતું.

● **બીલીમોરા :** શાહ રાયચંદ નેમાજી આટવાળાનાં ધર્મપત્ની શ્રી વિજયાબેન તરફથી સંઘને નિમંત્રણ પત્રિકા બહાર પડી છે, જેમાં પૂ.શાસન પ્રભાવક પૂજ્યપાદ આચાર્યવર્ય શ્રીમદ્ વિજય લાવણ્યસૂરીશ્વરજી મહારાજ આદિ ઠાણા ૧૫ની નિશ્રામાં કારતક વદ ૧ શુક્રવારે શ્રી અલીપુર તીર્થનો છ'રી પાળતો સંઘ નીકળશે. ત્યાંથી

ગણદેવી જશે અને ત્યાં બારવ્રતની પૂજા તથા ભાવુકોની ભક્તિ કરવામાં આવશે. કારતક વદ-૨ ના દિવસે ગણદેવીથી શ્રી સંઘ અલીપુર તીર્થ પ્રવેશશે ત્યાં તીર્થયાત્રા કર્યા બાદ તીર્થમાળ નવકારશી જમણ તથા પૂજા થશે.

● **પિંડવાડા-(રાજસ્થાન) :** પૂ.પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ આદિ મુનિપુંગવો અત્રે ચાતુર્માસ બિરાજમાન છે. તેઓશ્રીની તલસ્પર્શી શ્રી ભગવતીજી આગમ દેશનાનું શ્રવણ કરી સંઘમાં અનેકવિધ તપ-જપ ક્રિયાદિ મંગલમય આરાધનાઓ થવા સાથે શ્રી સંઘમાં અનેક વર્ષોનો કુસંપ દૂર કરીને સંઘશાંતિ સ્થપાયાં છે. પરમ પૂજ્ય આચાર્યદેવના સુવિનીત શિષ્ય સ્વ. પૂ. મુનિવર શ્રી રક્ષિતવિજયજી મહારાજજીના દીર્ઘ ચારિત્ર પર્યાયી શિષ્યરત્ન પૂ.મુનિરાજશ્રી વર્ધમાનવિજયજી મહારાજ જેઓએ સં. ૧૯૮૪ ના કારતક વદ ૬ દિને ૧૧ વર્ષની ઉંમરમાં દીક્ષા ગ્રહણ કરી હતી. બાદ રત્નત્રયીને પૂ.ગુરુનિશ્રામાં રહી સુંદર આરાધી રહ્યા છે; અનેક નવયુવાનો અને બાલકોને પણ ધર્મ આરાધનામાં જોડી રહ્યા છે; તેઓને અષાઢ સુદ ૩ ના શુભ મુહૂર્તે શ્રી ભગવતી સૂત્રના યોગમાં પ્રવેશ કરાવ્યો હતો. હવે તે સૂત્રની અનુજ્ઞા અને શાસ્ત્રવિધિ અનુસાર ગણિપદ અર્પણ પૂજ્યપાદ શ્રી ગચ્છાધિપતિની આજ્ઞાનુસાર કારતક સુદી ૧૩ ના શુભ મુહૂર્તે નિર્ધારિત કરવામાં આવ્યું છે. શ્રી સંઘ તરફથી અઠ્ઠાઈ મહોત્સવ છે.

● **અમદાવાદ :** કારતક સુદ ૧૩ ના શ્રી શાન્તિચન્દ્ર સેવા સમાજે ૩૦મો વાર્ષિક ઉત્સવ ઠાઠથી ઉજવ્યો. સવારના બેન્ડ સામૈયાપૂર્વક પૂ. **આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ અને** પૂ.આ.શ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મહારાજ આદિ મુનિમંડળને બોલાવી લાવી બાંધેલા ભવ્ય મંડપમાં પધરાવ્યા. પૂજ્યશ્રીના મંગળાચરણ બાદ પૂ. **ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજે 'આજનો યુગ' એ વિષય પર બોધક વ્યાખ્યાન આપ્યું અને સાધર્મિક તથા સાધર્મિક ભક્તિનું સુંદર મહત્ત્વ સમજાવ્યું.** પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજે સમાજ એ સંઘનો ૩૦ વર્ષનો યુવાન પુત્ર છે, તો સંઘે એને આપવું જોઈતું પ્રોત્સાહન વગેરે ઉપર સુંદર પ્રકાશ પાડ્યો હતો. બપોરના શ્રી નવપદજીની ભવ્ય પૂજા ભણાવી. રાતના ૮ વાગે સંસ્થાના મેળાવડામાં આગેવાનો વગેરેની સારી હાજરીની વચ્ચે મંગળ ગીત ગવાયા બાદ પ્રમુખ શ્રી ચંદુલાલ દલસુખભાઈએ ભાષણ કરતાં જણાવ્યું હતું કે સંસ્થાની આજ સુધીની ઉજ્જવળ કાર્યવાહીનો યશ સંસ્થાના કાર્યોમાં રસ લઈ સંસ્થાને યેનકેન પ્રકારે સહાય કરનાર મહાનુભાવોને પણ છે.

હું પણ કેટલાક સમયથી આ સંસ્થાના પરિચયમાં છું અને એના પરથી એટલું અવશ્ય કહી શકું છું કે આ સંસ્થા ગુજરાતના પાટનગર અમદાવાદમાં

સ્થપાયેલી હોવા છતાં સંસ્થાનું કાર્યક્ષેત્ર અમદાવાદ પૂરતું કે ગુજરાત પૂરતું મર્યાદિત નથી જ. એણે શક્ય એટલા સેવા કરવાના પ્રયત્નો દેશના પ્રત્યેક ભાગમાં કર્યા છે, કરે છે અને કરશે.

સંસ્થા એ તો સમાજની માતા છે. ક્યારે એ દુઃખી સમાજને સુખી બનાવી શકે કે જ્યારે સમાજમાં અગ્રસ્થાને શોભતો મહારથી વર્ગ માતારૂપી સંસ્થાને જોઈતી સામગ્રી આપશે ત્યારે. પછી ભલે સામગ્રી એ ગમે તે પ્રકારે આપે. બાકી તો સંસ્થા પાસે કંઈ જાદુઇ ચિરાગ નથી કે સમાજનાં અણવિકસીત અંગોને સમાજના ધનવાનો, જ્ઞાનવાનો અને શક્તિવાનોના સહકાર વિના વિકસીત કરી શકે. એક હાથે એક પ્રકારની સેવા સંસ્થાને આપી પછી જ બીજા હાથે અનેક પ્રકારની સેવાઓ લેવાનો આપણને અધિકાર છે. હાજર રહેલ સજ્જનો અને સન્નારીઓને મારી નમ્ર વિનંતી છે કે પોતાનામાં રહેલી કોઈ પણ પ્રકારની શક્તિનો અમુક ભાગ સંસ્થાને હંમેશ માટે આપતા રહે. તો જ સંસ્થા ભૂતકાળની ભવ્ય ઈમારતોને ભવિષ્યકાળની ઉજ્જવળ કાર્યવાહીથી સુશોભિત બનાવી શકશે. બાકી તો કહ્યું છે કે **'વિના સહકાર નહિ ઉદ્ધાર'** સર્વેના સહકારથી જ સંસ્થાનું કાર્ય ચાલે છે.

જેમ દિવાળીના દિવસોએ પ્રત્યેક વેપારી વીતેલા વર્ષનું સરવૈયું કાઢી નૂતન વર્ષની નવીન યોજના ઘડી જીવનને પ્રગતિશીલ બનાવવા પગલાં માંડે છે, તેમ આવા વાર્ષિક મહોત્સવો સંસ્થાના ઉજ્જવળ ભવિષ્ય માટેની યોજનાઓ ઘડવા અને અમલમાં મૂકવા માટે આપણને બધાંને એકઠા થઈ વિચારણા કરવાની એક તક આપે છે.

આપણા સમાજમાં સેવા કરવા માટે ઘણાં ક્ષેત્રો અણખેડાએલાં પડ્યાં છે, નવાં ઊભાં થયાં છે. જેમાં મુખ્ય પ્રશ્ન છે બેકારીનો. બેકારીની દુનિયાભરમાં પ્રસરેલી હવા આપણા સમાજને પણ લાગેલી છે. મધ્યમ વર્ગ બેકારીની ભીંસમાં ભીંસાય છે. બેકારીને નિવારવા આ સંસ્થા સક્રિય કાર્ય કરે અને સમાજના શક્તિવાનો પોતાની પ્રત્યેક પ્રકારની શક્તિનું સંસ્થાને આ કાર્યને માટે દાન કરે એટલી અભિલાષા આ પ્રસંગે હું અવશ્ય રાખીશ. જ્યાં સુધી પોતાનું અંગ સંપૂર્ણ નિરોગી ન હોય ત્યાં સુધી અન્યની સેવા કરી શકાતી નથી, એ ધ્યેયને અનુલક્ષીને સંસ્થાએ પ્રથમ આપણા સમાજનાં પ્રત્યેક અંગને સુદૃઢ સુંદર અને શક્તિવાન બનાવવા પ્રયત્નશીલ બનવું જોઈએ.

સંસ્થાના કાર્યક્ષેત્રોમાં અન્ય પ્રશ્નો તરીકે સમાજ સંગઠન, અહિંસા-પ્રચાર, ધાર્મિક કેળવણી જેવા ઘણા પ્રશ્નો છે જો સમાજની બધી શક્તિઓ સંગઠીત થઈ,

સમાજની સેવા કરે તો પરિણામ ઘણું જ સુંદર આવે.

સંસ્થા એટલે હું તમે કે તે નહિ, પરંતુ આપણે બધા જ એક સંસ્થારૂપે છીએ, અને એટલે જ આપણા બધાએ સમજવાનું છે કે આપણી શક્તિઓનો સદ્‌ઉપયોગ આપણી સંસ્થાઓ દ્વારા કઈ રીતે કરવો.

અહીં હાજર રહેલા શક્તિશાળી સજ્જનો અને સન્નારીઓને નમ્ર વિનંતી સાથે મારો અનુરોધ છે કે આ સંસ્થાને પોતાનાથી બનતો સર્વ પ્રકારનો સક્રિય સહકાર આપે, અને આ સંદેશ એમના લાગતા વળગતા સ્નેહીઓને પહોંચાડે તો જ શ્રી શાન્તિચંદ્ર સેવા સમાજ સમાજની સર્વ મુશ્કેલીઓને દૂર કરી સમાજના આકાશમાં શાન્તિ આપનારો, શીતળચંદ્ર ચમકાવી શકશે એ આજના રશીયન ચંદ્ર જેવો દુનિયાને ખળભળાવનારો નહિ પરંતુ શાન્તિ આપનારો હશે.

''દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૬,અંક-૧૧,તા.૨૩-૧૧-૧૯૫૭**

● **મુંબઈ :** શેઠ શ્રી ગોવિંદજી જેવતભાઈ ખોનાએ પોતાને ત્યાં ધાર્મિક શિક્ષણ આપવા માટે શિક્ષક શ્રી જયચંદલાલ નેમચંદ શાહને રોકેલા. સમ્યગ્જ્ઞાન દાનની કદર રૂપે ગોવિંદજીભાઈએ જયચંદભાઈને દીવાળી પ્રસંગે બોણી તરીકે રૂા. ૪૮૦/- (બાર માસનો પગાર વધુ) આપીને બહુમાન કર્યું. ઘડો લેવા જેવું ઔચિત્ય છે.

● **લાલબાગ :** શ્રી વર્ધમાન જૈન પાઠશાળાના વિદ્યાર્થીની શ્રી ઈન્દુબહેન શાંતિલાલ માગશર સુદ ૬ ને બુધવારે લીંબડી મુકામે ભાગવતી દીક્ષા અંગીકાર કરવાના છે તે નિમિત્તે પાઠશાળા તરફથી એક ભવ્ય સન્માન સમારંભ શેઠ શ્રી બેચરદાસ હરીચંદના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો. ઘણા ભાઈ બહેનોએ આ અનુમોદનીય પ્રસંગમાં લાભ લીધો હતો.

● **માટુંગા :** કારતક વદ ૧૧ ને રવિવારે ભવોભવનાં શરીરો તથા અધિકરણો વગેરે વોસરાવવાની મહામંગળકારી ક્રિયા પૂ. આચાર્યદેવશ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. તથા પૂ મુનિ શ્રી યશોવિજય મહારાજની અધ્યક્ષતામાં કરાવવામાં આવી હતી. ક્રિયા કરનાર ભાઈઓને માટે આયંબિલની વ્યવસ્થા રાખવામાં આવી હતી. સેંકડો આત્માર્થી ભાઈ-બહેનોએ એનો લાભ લીધો હતો.

● **રતલામ :** હાઈકોર્ટનું જજમેન્ટ આવી જતા ક્લેશ મટ્યો નહિ એ વર્તમાન યુગની વિષમતા છે. સનાતની ભાઈઓ તરફથી જૈનોનો સામાજિક બહિષ્કાર

અમલમાં આવ્યો છે. મળેલા સમાચાર મુજબ મ્યુનિસિપાલિટીની નોકરીમાંથી જૈનોને રજા અપાઈ છે, સનાતની વેપારીઓએ પણ જૈનોને નોકરીમાંથી દૂર કર્યા છે, કોમવાદથી પર ગણાતી સ્થાનિક કોંગ્રેસના હોદ્દા પરથી જૈન આગેવાનોને ઉતારી મૂકવામાં આવ્યા છે. હિંદુ સંન્યાસી જૈનોની વિરુદ્ધ પ્રજાને ઉશ્કેરે છે. જૈનોની દુકાનેથી એક પાઈનો પણ માલ ન લેવાની કડકાઈ કરવામાં આવી છે. ટૂંકમાં જૈનો સામે ભારોભાર વેરઝેર પ્રસારી દેવામાં આવ્યા છે.

આ છે સનાતની ભાઈઓની ધર્મિષ્ઠતા અને સૌજન્ય ! રતલામ પ્રકરણમાં તન, મન અને ધનથી મહાન ભોગ આપી વિશિષ્ટ સેવા આપી રહેલ ખંભાત નિવાસી શેઠ શ્રી રમણભાઈ દલસુખભાઈએ સનાતનીઓને સંતોષવા કેટલીય વાટાઘાટો કરી જૈનો તરફથી ખાસ જગામાં શિવલિંગ દહેરી બંધાવી આપવા સુધીની વિચારણાઓ થઈ. નક્કી પણ થઈ જાય એવું હતું, એમાં હવે જાણવા મળે છે કે ગમે તેથી પ્રેરાઈ સનાતની વકીલોનું એક ડેપ્યુટેશન મધ્યભારતની સરકારને મળી સુપ્રીમમાં અપીલ દાખલ કરાવવા પ્રેરી રહ્યું છે. પણ તેથી શું ? જો ભારતના સાચા નાગરિક તરીકે ન્યાયને માન નથી આપવું, તો સુપ્રીમના ન્યાયને પણ અવગણતાં શી વાર ? છેલ્લા મળેલા સમાચાર મુજબ હિંદુ મહાસભા પણ સનાતનીઓના પક્ષમાં ભળી જૈનો પર ગુજરી રહેલા અત્યાચારમાંથી માર્ગ કાઢવાને બદલે એકપક્ષીય વલણ લેવાની છે.

● **વાપી :** શ્રી જૈન લબ્ધિ બાળમંડળ તરફથી ત્યાંના વતની ગ્રેજ્યુએટ ભાઈ શ્રી છગનલાલ ઉમેદભાઈના પુત્ર દીપકકુમારને છ વર્ષની નાની ઉંમરમાં નવપદની આયંબિલની ઓળી કરવા બદલ માનપત્ર આપવાનો મેળાવડો શ્રી ગુલાબચંદ મુળચંદના પ્રમુખસ્થાને થયો હતો. આ પ્રસંગે દીપકકુમારને મંડળ તરફથી તથા જુદા જુદા સદ્‌ગૃહસ્થો તરફથી જુદી જુદી ભેટ અર્પણ કરવામાં આવી હતી.

● **ગોધરા :** પૂ.પં. શ્રી અશોકવિજયજી મ. સાહેબની નિશ્રામાં શ્રી રિદ્ધિવિજયજી જૈન પાઠશાળાનો મેળાવડો યોજાયો હતો. પાઠશાળાની પરીક્ષા જૈન શ્રેયસ્કર મંડળ મહેસાણાના પરીક્ષક શ્રી વાડીલાલભાઈએ લીધી. પાઠશાળા તરફથી રૂા. ૨૧૦ નાં ઈનામો તથા સંઘ તરફથી સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો વિદ્યાર્થીઓને શ્રી મણિલાલ પાનાચંદના હસ્તે ઈનામમાં આપવામાં આવ્યાં હતાં.

● **આમોદ :** અહીંની પાઠશાળાનો મેળાવડો પૂ. મુનિ શ્રી જયવિજયજી મ. સાહેબની નિશ્રામાં થયો. પરીક્ષા મહેસાણાવાળા શ્રી વાડીલાલભાઈએ લીધી. શ્રીમતી રેવા બહેનના સ્મરણાર્થે રૂા. ૫૦૧ શ્રી ચુનિલાલ વમળચંદભાઈએ પાઠશાળાનાં

કાયમી ફંડમાં તથા સ્નાત્રફંડની યોજનામાં ભેટ આપ્યા. શ્રી રાજનગર જૈન શ્વે. મૂ.પા. પરીક્ષાસંસ્થા તરફથી ધાર્મિક પરીક્ષાઓ તા. ૧૫-૧૨-૫૭ના રવિવારના રોજ લેવામાં આવશે.



પાંચ વર્ષના અંજના કુમારી

અંજનાકુમારીની ઉંમર પાંચ વર્ષની થઈ છે. પૂર્વભવની જ્ઞાનની આરાધના તેમની ઉચ્ચ પ્રકારની ગણાય. ક્ષયોપશમ તેમનો ઘણો છે. હજી લખતાં વાંચતાં, અરે પૂરો કક્કો પણ શીખ્યા નથી. છતાં પાંચ પ્રતિક્રમણ, નવસ્મરણ, ચાર પ્રકરણ, શ્રમણસૂત્ર સુધી અભ્યાસ કર્યો છે. એટલું જ નહિ પણ ચૈત્યવન્દન ભાષ્ય પૂર્ણ થવા આવ્યું છે.

ઉપવાસની તપશ્ચર્યા પણ કરી શકે છે. પ્રતિક્રમણમાં સુંદર રીતે સૂત્રો બોલે છે. આ વર્ષે નવાગામમાં પૂ.સા.શ્રી દેવેન્દ્રશ્રીજી આદિ ચાતુર્માસ છે ત્યાં શ્રી અંજનાકુમારીએ ચોમાસાનો સુંદર રીતે ઉપયોગ કરી લીધો.

વિચારો, નાની ઉંમરમાં આટલી જ્ઞાન સંપત્તિ કેવી રીતે આવી ? પૂર્વ ભવને નહિ માનનારને અહીં પૂર્વભવ માનવો પડશે. શુભાશુભ કર્મને કે કર્મના વિપાકને નહિ માનનારાને અહીં તેની સત્તા સ્વીકારવી પડશે. પૂર્વ ભવની ઉચ્ચ ધર્મ આરાધના એજ અહીં પ્રમાણભૂત ગણવી જ જોઈશે. જો પૂર્વ ભવની સારી આરાધના હોય તો જ આ ભવમાં સુયોગ સુજ્ઞાન પ્રાપ્ત થાય નહિતર પાંચ વર્ષના તો શું પરંતુ પંચાવન કે પોણોસો વર્ષનાં થવા છતાં પાંચ પ્રતિક્રમણ ન આવડે તો પછી પ્રકરણ ભાષ્યની ક્યાં વાત કરવી ?

આ ઉપરથી સુજ્ઞજનોએ સમજવાનું છે કે જો આપણે આ ભવમાં ઉત્તમ આરાધના ન કરી તો બીજા ભવમાં સઘળું હીન પ્રાપ્ત થશે. માટે દુર્લભ મનુષ્ય ભવ પામી બને તેટલી ધર્મની આરાધના કરી લેવી જોઈએ.

અંજનાકુમારી બેન પણ પોતાનું આ જીવન પ્રભુ મહાવીરે બતાવેલા ઉત્તમ માર્ગની આરાધનામાં જોડી કૃતાર્થ બને એજ ભાવના.

● **દિલ્હી :** સ્થાનકવાસી મુનિશ્રી સુશીલકુમારજીએ યોજેલી **વિશ્વ ધર્મ પરિષદ**માં શ્રી મહાવીરપ્રભુનું નાટક ભજવવાની અને એમાં એક ભાઈને ત્રિલોકનાથ

મહાવીરસ્વામીનો પાર્ટ આપવાની હકીકત બહાર આવી હતી, લાગતા-વળગતાઓએ એની ભયંકર અનિષ્ટતા સમજાવી હતી. ગાંધીજીની ફિલ્મ ઉતારવાની વાત ચાલી હતી ત્યારે ખુદ વડા પ્રધાન પં. નહેરુજીએ એની સામે અણગમો બતાવતા કહેલું કે-કોઈ મારા પિતા શ્રી મોતીલાલ નહેરુની ફિલ્મ ઉતારે તો મને કેટલું બધું ખરાબ લાગે ! ઉત્તમ આત્માઓના પાત્ર આજના હલકા માણસો પાસે ભજવાવવાની મનોવૃત્તિ સરાસર અવિવેકભરી અને ખતરનાક છે. સારું થયું કે મળેલા સમાચાર મુજબ ઉપરોક્ત નાટક ભજવવાનું બંધ કરવામાં આવ્યું.

'વિશ્વ ધર્મપરિષદ'નો નતીજો માત્રવ્યર્થ નહીં કિન્તુ જૈન સંસ્કૃતિ માટે હાનિકારક હોવાનું નજરમાં આવ્યું. જૈનોના ધર્મખર્ચથી વિશ્વશ્રેષ્ઠ જૈન ધર્મ તરફ બીજાની રુચિ, શ્રદ્ધા કે આકર્ષણ વધારવાનું તો દૂર, પણ ઊલટું બીજા ધર્મોને પોતાની એકતરફી પ્રતિષ્ઠા અને પ્રચાર વધારવાનો અવસર મળ્યો. સૌ ધર્મવાળાએ પોતપોતાના ધર્મનાં એવાં ગીત ગાયાં કે જેમાં પરસ્પર સહચારી રહીને આજના ભીષણ જડવાદ અને મૂકપ્રાણીની કારમી હિંસા સામે સક્રિય પગલાં ભરવાની કોઈ વાત થઈ નહિ. ઊલટું એવું સાંભળવા મળ્યું કે સર્વધર્મોનું મૂળ વેદાન્ત જ છે; એને એ રીતે અપનાવવામાં આવશે ત્યારે જ જગતમાં શાન્તિ થશે. અફસોસ ! કે ખુદ સુશીલકુમારજી અને બીજા પણ આ સાંભળી રહ્યા. જૈન ધર્મના તર્કસિદ્ધ મૌલિક તત્ત્વો, મૌલિક અહિંસાદિ સિદ્ધાન્તો વગેરેથી, પૂરવાર થતી જૈન ધર્મનીજ મૂળભૂતતા ઉપર કશું કહેવાયું નહિ. વિચારકોને લાગ્યું કે શા માટે જૈન ધર્મની ફુસેવા કરનારા આવા પરિષદ ફતવા ઊભા કરાતા હશે !

● **સુરત :** પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મ. ને ચાલુ ૨૦૧૪ના વર્ષનું ચાતુર્માસ કરાવવા સુરતના જૈન શ્રદ્ધાળુ ગૃહસ્થો તરફથી કારતક સુદ ૧૫ પહેલાં કાનપુર જઈ વિનંતી કરવાનો વિચાર હતો. સંયોગવશાત્ થોડું મોડું થયું. સુરતના જાણીતા જૈનો શ્રી બાબુભાઈ અમીચન્દ નાણાવટી, શ્રી માણેકચન્દ ડાહ્યાભાઈ ચોક્સી, શ્રી ખુમચન્દભાઈ અચ્છારીવાલા, શ્રી બાબુભાઈ વીરચન્દ ઝવેરી, શ્રી મણિભાઈ મગનલાલ વાલોડવાલા અને શ્રી સાકરચન્દ માણેકચન્દ ઘડીયાળી વગેરે તા. ૧૦મી નવેમ્બરને દિવસે કાનપૂર જઈ આચાર્યદેવના વ્યાખ્યાનમાં હાજરી આપી હતી. આચાર્યદેવનાં વ્યાખ્યાનમાં જૈનો તેમજ જૈનેતર સ્ત્રી-પુરુષોની હાજરી ઘણી મોટી હતી અને વ્યાખ્યાન દરમ્યાન જૈનેતરો તરફથી શંકાઓ પૂછાતી હતી, અને આચાર્યદેવ તેનું સમાધાન કરતા હતા, વ્યાખ્યાનનો સમય સવારે ૮ થી ૧૦ અને બપોરે ૨ થી ૪ સુધીનો હતો.

તા. ૧૧મી નવેમ્બરના વ્યાખ્યાન દરમ્યાન સૂરતના ઉપરોક્ત ગૃહસ્થો તરફથી શ્રી સાકરચંદ ઘડીયાળીએ સૂરતમાં ચાતુર્માસ કરવા માટે પધારવા વિનંતી કરી હતી અને સૂરતમાં છેલ્લા ઘણા વર્ષોથી તેઓ પધાર્યા ન હોવાથી સૂરતના જૈનો તેમના વ્યાખ્યાનો સાંભળવા આતુરતા દાખવી રહ્યા છે તે સંબંધી વિવેચન કર્યું હતું. આચાર્યશ્રીએ જવાબમાં સૂરત પધારવાના સંયોગ મળતાં સૂરત આવવા હા પાડી હતી અને તેથી સૂરતના ઉપરોક્ત ગૃહસ્થોને બહુ આનંદ થયો હતો.

સુરતના આગેવાનો શ્રી પાવાપુરી યાત્રાએ ગયા હતા. ત્યાં એમણે શ્રી મહાવીર સ્વામીના સમવસરણના મંદિરની પણ યાત્રા કરી હતી, શ્રી પાવાપુરીથી બે ત્રણ ફલાંગ દૂર જે જગ્યા પર શ્રી મહાવીરસ્વામી ભગવાને પોતાની અંતિમ દેશના આપી હતી તે સ્થળે અત્યારે સમવસરણની રચના પ્રમાણે આરસના ભવ્ય સમવસરણનું એક મોટું ભવ્ય મંદિર બાંધવામાં આવ્યું છે અને તેમાં શ્રી ચૌમુખજીની પ્રતિષ્ઠા પણ થઈ ચૂકી છે, એ મંદિરના ટ્રસ્ટીઓ શ્રી રમણલાલ ચીમનલાલ કોલસાવાલાની આગેવાની નીચે સમવસરણની શાસ્ત્રોક્ત રચના પ્રમાણે સમવસરણ સફેદ આરસથી બંધાવી રહ્યા છે અને હજી ત્યાંનું બાંધકામ ચાલુ છે. આ મંદિર જ્યારે બંધાઈ રહેશે ત્યારે ભારતના જૈન મંદિરોમાં પણ એક આકર્ષક મંદિર તરીકે જગ્યા લેશે, એમ તેની બાંધણી અને પ્લાન પરથી જણાય છે.

● **સાદડી :** પૂજ્ય આચાર્યદેવને સૂરતની વિનંતી થયા પછી સાદડીવાળા શેઠ શ્રી ચેનમલજી તરફથી સાદડી પધારવા પૂજ્ય આચાર્યશ્રીને વિનંતી કરવામાં આવી હતી. તેઓએ તેમ કરતાં કેટલાક વર્ષો અગાઉ આચાર્યશ્રીને કરેલી વિનંતીઓની યાદ આપી હતી અને સાદડીમાં તેઓ પધારે તો લાભાલાભની દૃષ્ટિએ બહુ મોટો લાભ છે એમ જણાવ્યું હતું. આચાર્યશ્રીએ એવો જવાબ વાળ્યો હતો કે હાલમાં તો તેઓ ઝાંસી વગેરે સ્થળોની મુલાકાત લઈ અમદાવાદ તરફ જઈ રહ્યા છે. અને પૂ.ગુરુદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. ની આજ્ઞા પ્રમાણે અનુકૂળ સંજોગો મળતા તેઓ સાદડીની વિનંતીને અવશ્ય ધ્યાનમાં રાખશે.

એ પછી અમદાવાદ તરફથી શેઠ રમણલાલ ચીમનલાલ કોલસાવાલા અમદાવાદની થયેલી અગાઉની વિનંતીની યાદ દેવરાવીને આચાર્યશ્રીને અમદાવાદ પધારવા વિનંતી કરી હતી અને આચાર્યશ્રીએ તે સંબધમાં જણાવ્યું હતું કે હાલમાં તો તેઓ અમદાવાદ તરફ જ વિહાર કરી રહ્યા છે એટલે અમદાવાદવાળાને સંતોષ થશે જ એવી આશા દર્શાવી હતી.

● **કપડવંજ :** શાસન પ્રભાવક પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય ઉમંગસૂરીશ્વરજી

મહારાજ સાહેબ તથા પૂજ્ય પં. શ્રી ઉદયવિજયજી મહારાજ સાહેબ આદિ મુનિવરોનું ચાતુર્માસ કાર્તિક સુદ ૧૫ના રોજ સવારના ૭-૦ વાગે વાજતે-ગાજતે દોશી ભોગીલાલ વીરચંદના તરફથી બદલાવવામાં આવ્યું હતું. પૂજ્ય આચાર્યશ્રીએ મંગલાચરણ કર્યા બાદ પ્રવચન થયા પછી જ્ઞાનપૂજન તથા ગુરુપૂજન કરવામાં આવેલ. બંનેમાં રકમ સારી આવી હતી. ૧૧-૦ વાગે સંઘસમૂહ સાથે રથયાત્રાનો ભવ્ય વરઘોડો ચડાવવાપૂર્વક શ્રી તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચલજી જવાના દર્શનાર્થે પધાર્યા હતા. ત્યાં આગળ સાકરીયા પાણી તથા લાડુની શ્રી સંઘની ભક્તિ કરવામાં આવી હતી.

● **મહેસાણા :** પૂ.પં.શ્રી રાજેન્દ્રવિજય મહારાજની અધ્યક્ષતામાં થએલ પુદ્ગલ વોસરાવવાની મંગળ ક્રિયામાં પરીક્ષક વાડીલાલે સભાને કરેલી પ્રેરણાથી ઘણા ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. કારતક વદ ૧૧ ને રવિવારે નંદી સમક્ષ ૩૦૦ ભાઈ-બહેનોએ આ શુભ ક્રિયાની શરૂઆત કરી. કેટલાકે બારવ્રત ચતુર્થવ્રત, રોહીણીતપ, જ્ઞાનપંચમી વગેરે તપનું ઉચ્ચારણ કર્યું. વચમાં વચમાં પંન્યાસજી મહારાજ અધિકરણ વોસરાવવાના હેતુ તથા રહસ્યો સમજાવતા હતા. આ પ્રસંગે શેઠ કાંતીલાલ ચુનીલાલે શ્રી યશોવિજયજી જૈન પાઠશાળાને ૨૫૧ રૂા. ની મદદ જાહેર કરવામાં આવી હતી. બાકી રહી ગએલા ભાઈ-બહેનો માટે માગશર સુદ ૧ના રોજ ફરીથી આ ક્રિયા કરવામાં આવી હતી અને નાનુભાઈ મહોકમચંદ તરફથી આયંબિલ કરાવવામાં આવ્યા. સેલમવાળા શેઠ શ્રી રતનલાલ શેષમલજી તરફથી રૂા. ૩૦૧ રૂા. પાઠશાળાને ભેટ આપવામાં આવ્યા.

● **સીસોદરા :** પૂજ્ય તપસ્વી મુનિરાજશ્રી કંચનવિજયજીની ૫૮મી વર્ધમાન તપની ઓળીની નિર્વિઘ્ન પૂર્ણાહૂતિ નિમિત્તે પારણું માગશર સુદ ત્રીજે સુખરૂપ થઈ ગયું છે. મા.સુ. ૬ ના અઢાર અભિષેક છે.

શ્રદ્ધાજંલિ : દુઃખદ અવસાન : સૂરતના ઉપરોક્ત ગૃહસ્થોમાં એક શ્રદ્ધાળુ જૈન ગૃહસ્થ **શ્રી મણિલાલ મગનલાલ** કસ્તુરચંદ વાલોડવાલા પણ હતા, તેમના વડિલ બન્ધુ ઈંદોરમાં ઝવેરાતની એક મોટી પેઢી ચલાવે છે, અને ઈંદોરમાં એક ભવ્ય ઉપાશ્રય બંધાવવામાં પણ શ્રી મોહનલાલ વાલોડીયા તન, મન અને ધનથી ફાળો આપી રહ્યા છે. તેમને ત્યાં ઉપરોક્ત જૈન શ્રી મણિલાલ વાલોડીયા એ વખતે બધાંની સાથે જ હતા અને કાનપૂર, પાવાપૂરી વગેરેની યાત્રામાં તેમણે ખૂબ આનંદપૂર્વક ભાગ લીધો હતો. પછી તેઓ ઉપરોક્ત જૈન ગૃહસ્થો સાથે પાછા ઈંદોરથી રતલામ થઈ સૂરત તરફ જઈ રહ્યા હતા, એમાં રતલામ પ્લેટફૉર્મ પર

પડી ગયા હતા, અને અવસાન પામ્યા હતા. આ દુઃખદ ઘટનાથી સૂરત જનાર ગૃહસ્થોમાં અને રતલામથી આગળ મુસાફરી કરનાર જનતામાં અને રેલ્વે સ્ટાફમાં દીલગીરી ફેલાઈ હતી. તરતજ એમના અવસાનની દુઃખદ ખબર શ્રી મોહનલાલ મગનલાલ વાલોડવાળાને ઈંદોરમાં ફોનથી આપવામાં આવી હતી, અને તેમને ત્યાંથી એમનાં પત્ની અને શેઠ કેસરીચંદ મણિલાલ મોટરમાં આવી પહોંચ્યા હતા. શ્રી મણિલાલ વાલોડવાલાના દેહને ઈંદોર મોટરમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેમની અંતિમ અગ્નિ-સંસ્કારની ક્રિયા બીજે દિવસે કરવામાં આવી હતી. શ્રી મણિલાલ વાલોડવાલા, અતિ માયાળુ સ્વભાવના અને જૈન ધર્મમાં અજોડ શ્રદ્ધા દાખવનારા હતા. અને દરેક જૈન ધર્મ પ્રવૃત્તિમાં તેઓ આગેવાની ભર્યો ભાગ લેતા હતા. તેમના અવસાનની સૂરતના જૈનોને ખબર મળતાં મોટી ખેદની લાગણી પ્રસરી હતી અને તેમની ભલાઈ યાદ કરતા હતા.

● **અમદાવાદ :** અત્રે કાળુશીની પોળમાં સ્વર્ગસ્થ શ્રી સાંકળચંદ મહોકમચન્દ દલાલ કે જેઓ ઘણા વર્ષો સરકારી કેળવણી ખાતામાં ઊંચા અધિકારી હતા, એમને છેલ્લા કેટલાક વખતથી માંદગી રહેતી હતી, તેમાં પૂ.આ. દેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા. અત્રે બિરાજમાન હોવાથી એઓશ્રીને પોતાના ઘરે આમંત્રી સારી નિર્યામણા લીધી હતી. વ્રત-પૂજન વગેરે કર્યું હતું. ત્યારબાદ તેઓશ્રીનું સમાધિમરણ થતાં એમના સુપુત્ર ડૉ. દીનકરભાઈ તથા શ્રી જયકરભાઈ તરફથી દેરાસરમાં જિનેન્દ્રભક્તિ-પંચકલ્યાણક મહોત્સવ રાખવામાં આવ્યો હતો. પોળના ચોકમાં વિશાળ મંડપમાં પાંચે દિવસ પૂ. ગણિવર્યશ્રીના વ્યાખ્યાનો રાખવામાં આવ્યા હતાં. મા.સુ. ૧૦ના દિવસે પૂ.આ. દેવના વરદ હસ્તે પૂ. મુનિરાજશ્રી **ચિદાનંદવિજયજી મ. ને ગણિપદની પદવી** આપવામાં આવી હતી બપોરનાં શાંતિસ્નાત્ર થયું હતું. ડૉ. ની વગના હિસાબે શહેરના સારા સંભાવિત ગૃહસ્થોએ સારો લાભ લીધો હતો. પ્રભાવના આંગી વગેરે સારું થયું હતું.

● **જ્ઞાનમંદિર :** શ્રી જૈનધર્મ આરાધક મંડળનો બારમો પ્રવેશોત્સવ માગશર સુદી ૩ ને રવિવારના રોજ ભારે ઠાઠથી ઉજવાયો. સવારમાં ૯-૦ વાગે સામુદાયિક સ્નાત્ર મહોત્સવ રાખવામાં આવ્યો હતો. બધા જ સભ્યો સેવાના કપડામાં હાજર હતા. આમંત્રિતો પણ સારી સંખ્યામાં આવ્યા હતા, પ.પૂ.આ.દેવશ્રી

વિજયપ્રેમસૂરીશ્વરજી મ., પ.પૂ.આ.દેવશ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મ. વગેરે મુનિરાજોએ પણ હાજરી આપી હતી. સ્નાત્ર-મહોત્સવ ઘણા ઠાઠ અને ભક્તિભાવથી ઉજવવામાં આવ્યો. ત્યારબાદ બપોરના ૨ વાગતાં પૂ.મુનિશ્રી ભાનુવિજયજી ગણિવરનું **'જિનભક્તિ અને ભૂપતિદશાર્ણભદ્ર'** એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન હતું. પૂજ્યશ્રીની તાત્ત્વિક વાણી સાંભળવા સેંકડો ભાઈ-બહેનો તથા સાધ્વી મહારાજા પધાર્યા હતાં.

તેઓશ્રીએ "શ્રી જિનેન્દ્રદેવની સર્વોત્તમતા કેવી રીતે છે, એમનું શાસન એટલે જગતમાં પ્રકૃતિનું જ શાસનનો કેવી રીતે ઝંડો ફરકાવે છે, તેથી જ પ્રકૃતિ એમના ગર્ભ અવસ્થાથી કેવાં સન્માન કરે છે વગેરે સમજાવી આપણે પણ વિશેષ કરીને એ તારકદેવના સન્માન-ભક્તિ કરવા જોઈએ." એ માટે અનોખી રોચક શૈલીમાં પ્રેરણા કરી હતી. શ્રી જૈનધર્મ આરાધક મંડળની ભક્તિની અનુમોદના કરવા સાથે વિશેષ ધર્મ-પ્રગતિના સૂચન કર્યા હતા.

ત્યારબાદ રાતના આઠ વાગતાં જાહેર મેળાવડો શ્રી ભોગીલાલ મગનલાલ સુતરીયાના પ્રમુખસ્થાને રાખવામાં આવ્યો હતો. અમદાવાદના સમગ્ર જૈન આગેવાન ગૃહસ્થો ઉપસ્થિત થઈ મેળાવડાની શોભા અનેરી વધારી હતી.

શરૂઆતમાં મંગલાચરણ બાદ કંકોત્રીનું વાંચન થયું હતું. ત્યારબાદ સંસ્થાના મંત્રી શ્રી રસીકલાલ ભોગીલાલે ગત વર્ષ દરમીયાન થયેલ કાર્યવાહીનો વિગતવાર અહેવાલ આપ્યો હતો. સંસ્થાના ખજાનચી શ્રી જયંતીલાલ કેશવલાલે સંસ્થાને માન્ય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે ઓડીટ કરાવેલો આવક-જાવકનો હિસાબ રજુ કર્યો હતો.

ત્યારબાદ સંસ્થા છેલ્લા દશ વર્ષ સુધીના પ્રમુખ શ્રી ચીમનલાલ કડીઆએ પોતાની અનોખી શૈલીમાં જિનભક્તિ માટેના પોતાના વિચારો તથા પોતાના અનુભવોનું સુંદર બયાન કર્યું હતું કે "આ સંસ્થાનું ધ્યેય શ્રી જિનેન્દ્રદેવની ભક્તિ-સેવા કરવાનું અને યુવાનોને સિનેમાના સંગીત તરફથી આ તરફ આકર્ષવાનું છે. ભુલાઈ ગયેલા સ્તવનો, પદો ને પૂજાઓને કળાપૂર્વક અને રાગ-રાગણીઓમાં અને રમઝટમાં જ્યારે ચતુરભાઈ, રસીકભાઈ, ભાઈલાલભાઈ વગેરે ગાય છે અને સારાય સમૂહને તે ઝીલાવે છે ત્યારે એક અપૂર્વ, સ્વર્ગીય સંસારથી પર એવું અલૌકિક વાતાવરણ ગુંજી ઉઠે છે. આ પળોએ પ્રભુ સાથે એકતાન થવાના વીરલ પ્રસંગ કદીક પ્રાપ્ત થાય છે. સૌને આવા અનુભવ થયા હશે. આ પ્રસંગે મંડળના સભ્યો આપની પાસે આશીર્વાદ અને અમૂલ્ય સૂચનો માગે છે. હું પોતે રાગ-રાગણી જાણતો નથી. મારે સુસ્વર નથી. આવી અનેક ખામી મારામાં છે. છતાં હું શ્રી

ચતુરભાઈ, રસીકભાઈ, ભાઈલાલભાઈ, નવનીતલાલ જેવા જાણકારોની પાછળ પાછળ ચાલું છું અને છૂટો ન પડી જાઉં તેનો સતત ખ્યાલ રાખું છું અને બિલકુલ શરમાયા કે ગભરાયા વિના સાથ કરવાનો પ્રયત્ન કરું છું. મને અનુભવ છે કે આવા પ્રસંગોએ પ્રભુ ભક્તને શક્તિ આપે છે અને આપણને પોતાની ખૂબ જ નજીક લઈ લે છે. એથી અપૂર્વ એકતાનતા આવી જાય છે. માટે મારા નવયુવાન ભાઈઓ કે જેઓને સંગીતની આવડત નથી તેઓએ શરમ કે ભય કાઢી નાખવાની પહેલી જરૂર છે; પછી અનુભવ થશે કે અનંત શક્તિમાન પરમાત્મા આપણામાં કેવાં જ્ઞાન અને શક્તિના ઝરણા પ્રેરે છે, **'રંગરસીયા રંગ રસ બન્યો કોઈ આગળ નવી કહેવાય; વેધકતા વેધક લહે બીજા બેઠા વા ખાય'** આ પંક્તિનો ઉંડો અર્થ વિચારીએ તો માલૂમ પડશે કે ભક્તને ભગવાનની ભક્તિથી વિશેષ આનંદ કશામાં નથી. આવા થનારે 'જે કાંઈ મળ્યું છે અને મળશે તે અરિહંત પરમાત્માની કૃપાથી જ મળશે.' આવો દૃઢ નિર્ધાર કરવો પડે છે. આવો અચલ વિશ્વાસ રાખવો પડે છે. આપણામાંના ઘણાઓ તો ભગવન્ત રાગદ્વેષ વિનાના છે. માટે કંઈ જ કરતા નથી અથવા તો કરી શકતા નથી એવા ભ્રમમાં પડીને બહારના માર્ગે ચઢી ગયા છે, ખરું કહીએ તો શ્રી જિનભક્તિના અપૂર્વ અમૃત માર્ગથી દૂર રહ્યા છે. ભગવંત નિરંજન નિરાકાર છે એ ખરું છે, પણ એ સાથે ભગવંતને એ રૂપે હૃદયમાં સ્થાપીને ભક્તિ કરવાની ઉચ્ચ ભૂમિકા જુદી છે. બાળપોથીનો વિદ્યાર્થી એમ.એ.ના વિદ્યાર્થીની નકલ કરે તો કદી ભણી શકશે નહીં અને ઊલટું મૂર્ખ રહે, તેવી આ સ્થિતિ છે. આપણે તો નિરાકાર ભગવંતની સાકાર પ્રતિમાજી સ્થાપીને ભગવન્ત તરણ-તારણ છે, સર્વદાતા છે, એમ સમજીને ભજના, સ્તવના, પૂજાદિ કરવાની લાયકાતવાળા છીએ. એમાં જ આપણો ક્રમિક વિકાસ અને સંપૂર્ણ ઉદ્ધાર છે.

'અરિહંત દેવને ઓળખી, ગુણ તેહના રે ગાશું,
ઉદયરત્ન એમ ઉચ્ચરે; ત્યારે નિર્મળ થાશું.'

આનો ગૂઢાર્થ વિચારીને આપણે યથાશક્તિ જીવનમાં આચરણ કરવું જોઈએ. જો તે પ્રમાણે નહીં કરીએ તો પ્રભુ પ્રતિમાની અનેક આશાતનાઓ આજે થઈ રહી છે અને તેમજ થયા કરશે. **પ્રભુ પ્રતિમા પ્રત્યક્ષ ભગવાન જ છે, અને એમની કૃપાથી બધું સારું મળે છે.** આવો ભાવ જ્યાં સુધી આપણામાં સતત જાગૃત નહીં રહે ત્યાં સુધી આવી આશાતનાઓ આપણે દૂર નહીં કરી શકીએ. પ્રત્યેક જૈન ઘર એ જિનેન્દ્રભક્તિની શાળા હોવી જોઈએ.

"છેલ્લે મારી મંડળના સંચાલકોને ભલામણ છે કે જે પ્રભુભક્તિ તમો કરો છો અને કરાવી રહ્યા છો, તેમાં દરેક પ્રકારે દિન દિન વધુ પ્રગતિ સાધો અને માનવ જીવન સાર્થક કરો. શાસનદેવ તમોને અખૂટ બળ અને શક્તિ આપો."

ત્યાર બાદ શેઠ શ્રી રમેશચંદ બકુભાઈ, એલ.ડી. કૉલેજના પ્રોફેસર શ્રી સી.બી. શેઠ તથા અન્ય વક્તાઓએ મંડળને શુભેચ્છાઓ દર્શાવી હતી અને મંડળ વધુને વધુ પ્રગતિ કરે અને સમાજને વધુને વધુ ઉપયોગી થાય તેવી શાસનદેવને પ્રાર્થના કરી હતી. ત્યારબાદ ૧ થી ૧૫ નંબર સુધી હાજરી આપનાર સભ્યોને પ્રમુખશ્રીના વરદ હસ્તે પહેરામણી કરવામાં આવી હતી. અંતમાં મંડળના પ્રાણસમા અને પ્રમુખ શ્રી ચતુરભાઈ ચીમનલાલે પ્રમુખશ્રીનો અને અન્ય આમંત્રિત ગૃહસ્થોનો હાર્દિક આભાર માન્યો હતો. ત્યારબાદ સર્વ મંગલ ગવાયા બાદ સહુ વિખરાયા હતા.

● **નરોડા :** છેલ્લા દોઢેક માસથી ચાલતા ઉપધાન તપની ભવ્ય આરાધનાની પૂર્ણાહૂતિ તા. ૩૦-૧૧- ના રોજ થઈ હતી. તા ૩૦મીના રોજ બપોરના શ્રી ગોડી પાર્શ્વનાથ જિનમંદિરથી ઉપધાનમાળનો વરઘોડો ચઢ્યો હતો. તે માઈલ ઉપરાંત લાંબો હશે. તેમાં નિશાન-ડંકા, ઈન્દ્રધ્વજા, રાગરાગણીમાં બજી રહેલું 'જીઆ બેન્ડ,' છત્રીસેક મોટરો તથા કેટલીક બગીઓ. બીજું બેન્ડ વગેરેથી શોભા ઓર આવી. મોટરમાં બાલિકાઓ દાંડીયા સાથે સ્તવનોથી માર્ગને ગજવી રહી હતી. પ્રભાવક પૂ.આ.દેવ શ્રી વિજયરિદ્ધિસૂરીશ્વરજી મ.સા., પૂ.આ. શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા., પૂ.ઉ. શ્રી દેવેન્દ્રસાગરજી મ.સા. તથા પૂ.ઉ. શ્રી કૈલાસસાગરજી મ.સા., પૂ.ઉ. શ્રી ઉદયવિજયજી, પૂ. શ્રી મહોદયસાગરજી મ.સા., તથા પૂ. શ્રી દર્શનસાગરજી મ.સા. તથા પૂ. ગણિવર્ય શ્રી ધર્મસાગરજી મ.સા. આદિ સાધુ ૩૦-૩૫, તથા પૂ. સાધ્વીજી મ.ની હાજરી ધ્યાન ખેંચતી હતી. વિશાલ સાજન, પ્રભુજીનો રથ, અને તેની પાછળ શ્રાવિકાની મોટી સંખ્યા સાથે માળનો થાળ લઈ ચાલી રહેલ. પ્રભુજીને જૈન-જૈનેતર જનતા મસ્તક નમાવતી અને જયનાદથી માર્ગને ગુંજવી રહી હતી. માળના દિવસે સવારથી જ સેંકડોની સંખ્યામાં માનવ મહેરામણ નરોડાની મુલાકાતે ઉપડ્યો હતો. સાડા આઠ વાગે માળારોપની ક્રિયા શરૂ થઈ. લગભગ દોઢ કલાક સુધી બોલીનું કામકાજ ચાલ્યા બાદ ભારે ઉત્સાહ અને જય ગર્જના વચ્ચે માળા પહેરામણની શરૂઆત થઈ હતી. શ્રી શાન્તિચંદ્ર સેવા સમાજે વ્યવસ્થા સુંદર જાળવી. માળના ભવ્ય પ્રસંગે નાનકડું નરોડા ગામ અમદાવાદના એક મોટા પ્રસંગને યાદ આપતું હતું ! આશરે પાંચ હજાર ઉપરાંત જનતા એકત્રીત થઈ હતી. માળનું કાર્ય પૂર્ણ થયું એટલે ૧૨-૩૫ મીનીટે દેરાસરજીમાં નવો ધજાદંડ

અને ધજા, કળશ વગેરેની પ્રતિષ્ઠા કરવામાં આવી. માળપ્રસંગ જોઈને જૈનેતર પ્રજા જૈનધર્મની ભૂરિ ભૂરિ પ્રશંસા કરી રહી હતી.

● **દાદર :** શ્રી આત્મકમલલબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિરના વિશાળ ચોગાનમાં માગશર સુદ-૬ ના શુભ મુહૂર્તે અત્રેના પ્રસિદ્ધ ઉત્સાહી કાર્યકર શાહ શાન્તિલાલ પાનાચન્દના હસ્તે જૈન ચાલીની શિલારોપણ વિધિ કરવામાં આવી છે.

પૂ.પા. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. હાલ થોડા દિવસ અત્રે સ્થિરતા કરશે. મુનિવર્ય શ્રી કીર્તિવિજયજીના કાવ્યમય પ્રવચનો દર રવિવારે બપોરે ચાલુ છે. ચોમેરથી જનસમુહ ઘણી મોટી સંખ્યામાં ઉમટે છે. ધર્મપ્રવૃત્તિમાં જનતા સારો ઉત્સાહ ધરાવી રહી છે. દેશ-દેશાવરના લોકો ઘણી સારી સંખ્યામાં દર્શનાર્થે આવે છે.

● **ચોપડા :** (પૂ. ખાનદેશ) અમલનેરથી ૨૩ માઈલ પર આવેલ ચોપડામાં જૈન શ્વે.નું એક પણ દહેરાસર નથી. અત્રે મૂર્તિપૂજકોના ૧૫ જેટલા સાધારણ ઘર છે. અમલનેરના ધર્મપ્રેમી શ્રી રીખવચન્દ હાથીચન્દ અત્રે આવતાં દહેરાસર માટે ખૂબ જ પ્રયત્ન કરેલ. આથી કચ્છ નળીયાના દસા ઓસવાળ શ્રી ઉમરશી માલશીએ પોતાના ખર્ચેથી પાવાપુરીમાંથી પૂ. શાસનપ્રભાવક આચાર્યશ્રીમદ્ વિજયરામચન્દ્ર-સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં થયેલ અંજનશલાકા મહોત્સવમાંથી મુનિસુવ્રત સ્વામી ભગવાનની ૨૧ ઇંચની ભવ્ય આકર્ષક શ્યામ પ્રતિમાજી લાવેલ છે. હાલ આ પ્રતિમાજી જગ્યા તેમજ નાણાના અભાવે ઘરમાં બિરાજે છે.

હિંસા વિરોધક સંઘના પ્રતિનિધિ પ્રકાશ, અહિંસાના પ્રચારાર્થે હાલ પૂર્વ ખાનદેશના પ્રવાસે આવેલ છે. ચોપડામાં તેમણે સ્થા. ઉપાશ્રયમાં તેમજ દિગંબરી દહેરાસરમાં અહિંસા અંગે મનનીય વક્તવ્ય આપેલ. રાત્રે જંગી જાહેર સભા યોજેલ. આ સભામાં રાજ્ય સરકાર તરફથી વધતી જતી હિંસક પ્રવૃત્તિઓ, મત્સ્ય ઉદ્યોગ, મરઘા ઉછેર, પશુ-ગૌવધ વગેરે સામે સખ્ત શબ્દોમાં ઝાટકણી કાઢેલ. અન્ય મરાઠી વક્તાઓએ પણ પ્રવચનો આપેલ.

● **અમલનેર :** હિંસા વિરોધક સંઘના પ્રતિનિધિ પ્રકાશ જૈને તા. ૨૧મી એ અત્રેની પાઠશાળામાં 'અહિંસાનું ઉદ્ભવસ્થાન, તથા ધાર્મિક શિક્ષણથી જીવનમાં થતા ફેરફારો' એ વિષય પર વાર્તાલાપ આપેલ હતો.

● **હારિજ :** અત્રેના શેઠ જયંતીલાલ લાલચંદ તરફથી સ્નાત્ર મહોત્સવની ભવ્ય ઉજવણી સંગીતના સાજ સાથે તા. ૧-૧૨-૫૭ ને રવિવારે થઈ. બાળાઓ તથા વિદ્યાર્થીઓને ખાસ પ્રભાવના આપવામાં આવી. દર રવિવારે સ્નાત્ર મહોત્સવ

ભણાવવાની યોજના શરૂ કરી છે.

બપોરના બે વાગે ધાર્મિક ઈનામી સ્પર્ધા નંબર ૫ ના વિજેતાઓને રોકડ ઈનામોની વ્હેંચણી થયા બાદ માસ્તર એ.બી.શાહે વિજેતાઓને અભિનંદન આપ્યાં હતાં.

● **ધંધુકા :** અત્રે પૂજ્ય ઉપા. શ્રી ધર્મવિજયજી મહારાજ, પૂ. મુનિવર્યો શ્રી પુણ્યોદયવિજયજી તથા વિમળપ્રભવિજયજી મ. સાથે બિરાજમાન છે. તેઓશ્રી ભાવસાર નાગરદાસ છગનલાલભાઈની વિનંતીથી કારતક વદી ૪ ને સોમવારે ચતુર્વિધ સંઘ સાથે વાસણા પધારેલ અને ત્યાં શ્રી નાગરદાસ તરફથી પૂજા તથા સંઘને જમણવાર રાખવામાં આવેલ. અત્રે માગશર સુદ ૫ ને મંગળવારે દહેરાસરજીની વર્ષગાંઠ હોવાથી પૂજા, પ્રભાવના તથા દરેક ભગવંતને સોનાની આંગી રચવામાં આવેલ તથા સાંજે શ્રી સંઘ તરફથી સ્વામીવાત્સલ્ય થયેલ. પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ સાહેબની અવસ્થાના કારણે હમણાં ધંધુકા સ્થિરતા છે.

● **કોલ્હાપુર :** અત્રે પર્યુષણા પર્વની આરાધના માટે શ્રી રીખવચન્દભાઈને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેઓશ્રીના ધાર્મિક ભાષણોથી જનતામાં સારી જાગૃતિ આવી હતી. દેવદ્રવ્યની ઉપજ સારા પ્રમાણમાં થઈ હતી. સાધર્મિક વાત્સલ્યો બે થયા હતા. ચૈત્યપરિપાટી ત્રણ દિવસ ચાલેલ. વરઘોડા મોટા ત્રણ નીકળ્યા હતા. એકંદરે ધર્મ પ્રવૃત્તિઓનું વાતાવરણ સુંદર રહેલ. શ્રી રીખવચન્દજી, શ્રી બાબુભાઈ આદિ એ ૬૪ પ્રહરી પૌષધો કર્યા હતા.

● **અમદાવાદ :** પટણીની ખડકીવાળા સ્વ. શેઠ શ્રી લાલભાઈ વાડીલાલના પુત્રી જેઓ ચારિત્ર લઈ હાલ સાધ્વીજી શ્રી કલ્પલતાશ્રીજી તરીકે વિચરે છે, એમણે **૫૦૦ લાગટ આયંબિલથી** શ્રી વર્ધમાનતપ કર્યો તે નિમિત્તે શ્રી લાલભાઈના સુપુત્રો શ્રી વિમળભાઈ વગેરે તરફથી ભવ્ય ઉજમણું અને અઠ્ઠાઈ મહોત્સવ ઉજવવામાં આવ્યો. ચોમુખજીના દહેરાસરમાં રોજ પૂજા ભાવના અને ભવ્ય આંગીઓ થતી. માગશર સુદ ૧૫ સવારે વિનંતી કરીને દીર્ઘ તપસ્વી, સંઘસ્થવિર, પૂજ્ય આચાર્યદેવશ્રી **વિજયસિદ્ધિસૂરીશ્વરજી** મહારાજ તથા સિદ્ધાન્ત મહોદધિ પૂજ્ય આચાર્યદેવશ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજને ભવ્ય સ્વાગત પૂર્વક પોતાના આંગણે પધરાવ્યા. રવિવારે વિશાળ ચોગાનમાં પૂજ્ય **મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવર્યશ્રીનું**

'આત્મા, ધર્મ અને તપ' ઉપર બે કલાક જાહેર પ્રવચન થયું. લગભગ ૨૦૦૦ માણસોએ લાભ લીધો. પ્રભાવના થઈ. બપોરે ભવ્ય શાંતિસ્નાત્ર ઉજવાયું, પ્રભુજીને ઝવેરાતની આંગી થઈ. હજારો માણસોએ દર્શનાદિનો લાભ લીધો. ઉજમફઈની ધર્મશાળાવાળા ભાઈઓ તરફથી હર્ષભેર વિનંતી થતાં પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ હાલ ધર્મશાળામાં બિરાજમાન છે. વ્યાખ્યાન ચાલુ છે.

● **પિંડવાડા :** પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં ચોમાસામાં ધર્મસાધના અપૂર્વ થઈ. બેસતા વર્ષે અર્થ સહિત માંગલિક, દિવાળી, જ્ઞાનપંચમી, ચોમાસી ચૌદશના પૌષધ, દેવવંદન સુંદર થયેલ.

અગીયાર વર્ષની ઉંમરે દીક્ષીત બનેલ પૂજ્ય મુનિરાજશ્રી **વર્ધમાનવિજયજી મહારાજને** શ્રી ભગવતીજી સૂત્રના યોગ ચાલુ હોવાથી તેમને સૂત્ર અનુજ્ઞારૂપે **ગણિપદવી કારતક સુદ ૧૩** પ્રદાન કરવામાં આવી. સંઘ તરફથી સુદ ૧૧ થી અઠ્ઠાઈ મહોત્સવ થયો, પદવી દિને પૂજા ડભોઈવાળા શ્રી કાન્તિલાલ હીરાલાલ તરફથી થઈ. શા. ચુનીલાલ કુદારીયા તરફથી પૂજ્ય આચાર્યદેવ આદિ તથા સાધ્વીજી શ્રી કલ્યાણશ્રીજી મ.નું ચાતુર્માસ બદલાવ્યું.

નાણાથી શા. ટેકચન્દજી આદિ શાંતિસ્નાત્ર અઠ્ઠાઈ મહોત્સવ માટે વિનંતી થતાં, પૂજ્ય આચાર્યદેવને ઉંબરી અંજનશલાકા પ્રસંગે જવાની ઉતાવળ હોવા છતાં નાણા પધાર્યા. પિંડવાડાથી વિહાર કરતા સિવેરા ૨૫૦ ભાઈ-બહેનો સાથે આવ્યા. પૂજા ભણાવાઈ. નાણામાં પૂજ્યશ્રીનું સ્વાગત થયું. પૂજાઓ વગેરે તથા વદ ૧૩ ના શાંતિસ્નાત્ર સુંદર થયું. પૂજ્યશ્રી નાણાથી વિહાર કરી બામણવાડા પધાર્યા, પિંડવાડાથી ભાવિકો આવ્યા. આગળ વિહાર ક્રમે મૌન એકાદશી પાલનપુર કરી. ડીસા કેમ્પ, ભીલડીયાજી વગેરે થઈ ઉંબરી માગશર વદ-૫ ના પ્રવેશ કરશે.

● **રાજકોટ :** પૂજ્ય ગણિવર્ય શ્રી જયંતવિજયજી મહારાજ સાહેબ આદિ ઠાણા આઠની નિશ્રામાં ચોમાસું સુંદર થયું.

પૂજ્ય મુનિવર્યોના ઉપદેશથી અહીં રાજકોટ શહેર તેમજ જયરાજ પ્લોટ પાઠશાળામાં બાળક-બાલિકાઓ સમ્યક્ જ્ઞાનનું પાન સારા પ્રમાણમાં કરે તે માટે સારા શિક્ષકની જરૂર હોવાથી ભાભરવાલા સંઘવી રમણીકલાલ મણિલાલભાઈને ધાર્મિક શિક્ષક તરીકે બોલાવવાનો સંઘે નિર્ણય કર્યો. સંઘના આમંત્રણથી તેઓશ્રી અહીં આવેલ છે. વર્તમાનમાં અભ્યાસ કરનારની સંખ્યા વધતી જાય છે, અને તેઓશ્રીના આવ્યા બાદ મોટા કોલેજીયન વિદ્યાર્થીઓ પણ ધાર્મિક અભ્યાસમાં જોડાયા છે. ચોમાસી ચૌદસે સારી સંખ્યામાં વિદ્યાર્થીઓએ પૌષધ કરેલ, તેમજ રાજકોટથી

યાત્રા પ્રવાસે જામનગર અંજન-શલાકાદિ મહોત્સવ પર પચ્ચીસ કોલેજીયન આદિ વિદ્યાર્થીઓ તેમની સાથે ગયેલ આ પ્રથમ પ્રવાસ થયેલ છે. હાલ ત્રણસો લગભગ અભ્યાસીની સંખ્યા છે. પૂ. રોહિતવિજયજી ગણિવરનાં વર્ધમાનતપ પર ચાલતાં રોચક-બોધક પ્રવચનોનો જનતાએ સારા પ્રમાણમાં લાભ લીધેલ હતો. પૂ. મુનિવર્યોની છત્રછાયામાં પહેલા ૭૫ પાયા તથા કારતક માસમાં નવા વર્ધમાનતપના પાયા ૬૧ ભાઈ-બહેનોએ નાખેલ, તેમજ પૂર્વના છઠ્ઠી સાતમી આદિ ઓળીમાં જોડાયેલ નવી સંખ્યામાં નાના આઠથી નવ વર્ષના ભાઈ કીરીટકુમાર, જ્યોતિન્દ્રકુમાર, ભુપેન્દ્રકુમાર અને બીપીનકુમાર તથા કુમારીકા અનીલાબહેન આદિ જોડાયેલ. તેમજ મેટ્રીક તથા કોલેજીયન વિદ્યાર્થીઓ પણ સારી સંખ્યામાં હતા. સામુદાયિક સુંદર ક્રિયાઓ થયેલ.

પૂજ્ય રોહિતવિજયજી ગણિવરને ૬૦મી ઓળીનું પારણું તથા વર્ધમાનતપના પાયાવાળા તપસ્વીઓનાં પારણાંના પહેલા દિને અનુમોદનરૂપે સુંદર ભક્તિ (પ્રભાવના) આદિ થયેલ, તેમાં ચાર બાળકો તથા અનેક બાળિકા તેમજ કૉલેજમાં અભ્યાસ કરતા ૨૭ વિદ્યાર્થી તથા બાળાઓની શ્રીયુત કીરચન્દભાઈ વાઘજીભાઈ, અમૃતલાલ રૂપચન્દભાઈ, જોરમલ કસ્તુરચંદભાઈ આદિ સંઘના ભાઈઓએ ભક્તિ કરી પ્રશંસાના પુષ્પો વેરેલ. તપસ્વીઓનાં પારણાં શ્રીયુત પટણી ચીમનલાલ મોહનલાલ તરફથી કરવામાં આવેલ.

પૂ. રોહિતવિજયજી. મ.સા. તથા પૂ.રવિવિજયજી મ.સા. વગેરે મહારાજને ગણિપદવી પૂ. ગણિવર્ય શ્રી જયંત વિ.મ.સાહેબના સાંનિધ્યતામાં તેઓશ્રીના વરદ હસ્તે ઘણા જ આનંદપૂર્વક આપવામાં આવેલ. જેમાં વિપુલ પ્રમાણમાં જન સંખ્યા હાજર હતી. ગણિ પદારોપણ નિમિત્તે તથા બૃહત્ શાંતિ સ્નાત્રાદિ પ્રતિષ્ઠા મહોત્સવ, વરઘોડો શાંતિ સ્નાત્ર શહેરમાં તથા મા.વ. રના અષ્ટોત્તરી સ્નાત્ર સુંદરમાં સુંદર થયેલ.

● **પૂના :** શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ તરફથી પરીક્ષાઓના પરિણામનો આ મુજબનો અહેવાલ પ્રસિદ્ધ કરવા મળ્યો છે :

આ સંસ્થા તરફથી દર વર્ષે જૈન તત્ત્વજ્ઞાનની પરીક્ષાઓ લેવાય છે. સંસ્થાનો ઉદ્દેશ ભૂલાતા જતા તત્ત્વજ્ઞાનના વિષયમાં જનતાને જાગૃત કરવાનો છે. અનેક દર્શનોની તુલનાએ જૈન તત્ત્વજ્ઞાનને જાણવાની જેઓને જિજ્ઞાસા થાય છે, તેઓ આ સંસ્થાની પરીક્ષાઓ ઉમંગથી આપે છે. સંસ્થા દ્વારા શૈક્ષણિક સરળ શૈલીના પ્રકાશન થતા પાઠ્યપુસ્તકો ગુજરાતી ઉપરાંત હિન્દી અને મરાઠી ભાષામાં પણ હોવાથી વિવિધ પ્રદેશોના તત્ત્વ જિજ્ઞાસુઓને આ પરીક્ષાઓ આપવામાં સરળતા થાય છે.

સપ્ટેમ્બર ૧૯૫૭માં લેવાએલ પ્રાથમિક, પ્રારંભિક, પ્રવેશ, પરિચય અને પંડિત પરીક્ષાઓમાં પૂજ્ય સાધુ-સાધ્વીજી મ., જૈન-જૈનેતરો, પ્રૌઢો અને બાળકો સહિત ભારતના ૧૧૯ કેન્દ્રોમાંથી કુલ ૨૫૩૩ પરીક્ષાર્થીઓએ ભાગ લીધો હતો, તેનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું છે. પરીક્ષાઓનું પરિણામ પ્રાથમિકમાં ૬૪.૬ ટકા, પ્રારંભિકમાં ૭૨ ટકા, પ્રવેશમાં ૭૧.૩ ટકા, પરિચયમાં ૬૪ ટકા અને પંડિતમાં ૪૦ ટકા આવ્યું છે. પૂ.સાધુ-સાધ્વીજી મહારાજો અને અન્ય પરીક્ષાર્થીઓમાં સર્વપ્રથમ નંબરે ઉત્તીર્ણ થનારના નામો આ મુજબ છે.

પ્રાથમિક : શ્રી કંચનબેન છગનલાલ ગુણ-૮૭, શ્રી નવલખા પાર્શ્વનાથ જૈન પાઠશાળા, પાલી. **પ્રારંભિક**-પૂ.સા. શ્રી દિવાકરશ્રીજી મહારાજ ગુણ-૧૭૬, ગારીઆધાર. શ્રી હસમુખરાય નાગરદાસ ગુણ-૧૬૪, શ્રી લાલવાડી જૈન પાઠશાળા, મુંબઈ. **પ્રવેશ**-પૂ.સા. શ્રી કમલપ્રભાશ્રીજી મહારાજ ગુણ-૧૮૨ સિનોર. શ્રી ભદ્રાબેન માનચંદ ગુણ-૧૯૮, શ્રી જયકુંવર જૈન જ્ઞાન ઉદ્યોગશાળા, સુરત. **પરિચય**-શ્રી રસિકલાલ ખીમજી ગુણ-૨૫૩, શ્રી વર્ધમાન જૈન વિદ્યાલય, વલ્લભપુરી-કટારીઆ. **પંડિત**-શ્રી હંસાબેન છોટાલાલ ગુણ-૨૯૧, શેઠ મણિભાઈ શામળભાઈ જૈન પાઠશાળા, કપડવંજ.

પૂજ્ય સાધ્વીજી પ્રવીણશ્રીજી મહારાજ અને પૂ.સા. શ્રી પૂર્ણભદ્રાશ્રીજી મહારાજ-અમદાવાદ, અનુક્રમે પરિચય અને પંડિત પરીક્ષામાં બિનહરીફ ઉત્તીર્ણ થયા છે. અન્ય પરીક્ષાર્થીઓમાં સર્વ પ્રથમ ઉત્તીર્ણ થનારાઓને પૂના નિવાસી શેઠ માનાજી પોપટલાલ તરફથી વિદ્યાપીઠ દ્વારા ચંદ્રકો એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત દરેક કેન્દ્રમાં પ્રથમોત્તીર્ણ થનાર સૌને નિયમ પ્રમાણે શિષ્યવૃત્તિઓ અને શિક્ષકોને બોનસો તથા પુસ્તકાદિ ઈનામો અપાશે.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૬,અંક-૧૫,તા.૨૧-૧૨-૧૯૫૭**

● **જામનગર :** અત્રે દિગ્વિજય પ્લોટમાં પૂ. આચાર્યદેવશ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી વિ.સં. ૨૦૦૬ના ચોમાસામાં પર્યુષણમાં શહેરમાંથી શ્રી મહાવીરસ્વામીજી લાવી પધરાવેલા. રાખવામાં આવેલ ત્યાં નૂતન મંદિરનું શિલાસ્થાપન પૂજ્યશ્રીના સાંનિધ્યમાં ૨૦૧૧માં થયું. શેઠશ્રી પ્રેમચન્દ વ્રજલાલ, શ્રી રાયશી દેવશી, નેમચન્દ પારેખ આદિના સુપ્રયાસે સુન્દર મંદિર તૈયાર થયું. તેમાં ચાલુ વર્ષના કારતક વદમાં પૂ. આચાર્યદેવ વિજયામૃતસૂરીશ્વરજી

મ. આદિની નિશ્રામાં ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઈ ગયો. શણગારેલા મંદિરની દેવવિમાન જેવી શોભા, ભવ્ય મંડપ, કલ્યાણકો તથા જળયાત્રાદિના ભવ્ય વરઘોડા, ઉછળતી ભક્તિથી ઉછામણીઓ, સાધર્મિક વાત્સલ્યો, પૂજા ભાવના સાથે ભવ્ય વિધિવિધાનો, દિક્કુમારીઓ તથા ઈન્દ્ર ઈન્દ્રાણીઓની સ્થાપના. પ્રસંગ અનુરૂપ ભક્તિ ગીતો, અષ્ટોત્તરી સ્નાત્ર, વગેરેથી શાસન પ્રભાવના સુંદર થઈ. ચારે બાજુના સંઘો આ પ્રસંગે આવવાથી મહામેદની મળી હતી. હજારો ભવ્યાત્માઓએ શ્રી અરિહંત પરમાત્માના ઉછળતા ભક્તિરસમાં અપૂર્વ આત્મસ્નાન કર્યા. પૂ. આચાર્યદેવોની વ્યાખ્યાન વાણી એમાં નવચૈતન્ય સિંચ્યા.

● **અમદાવાદ :** ઉજમફઈની ધર્મશાળામાં **પૂ.આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.** ની નિશ્રામાં સુંદર પ્રસંગો ઉજવાઈ ગયા. પોષ દશમી પર અક્રમ અને ત્રણ આયંબિલથી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની આરાધના લગભગ ૩૪૦ જણાએ કરી. સવારે સામુદાયિક સ્નાત્ર, પછી વાજિંત્ર સાથે પ્રભુના સામુદાયિક સ્તોત્રગીત, તંતુવાદ્યના મધુરા સૂરથી ગુંજતા વાતાવરણમાં સમૂહ જાપ, પાર્શ્વનાથપ્રભુના મંગળમય દશ ભવ પર રોચક વ્યાખ્યાનશ્રવણ, સમૂહ દેવવન્દન કાઉસ્સગ્ગ ખમાસમણ વગેરે સુંદર રીતે ચાલતું. કેટલાક સાધકો આખો દિવસ ઉપાશ્રયમાં જ જાપ કરતા. આરાધના માટે સંઘ તરફથી શણગારેલા હોલમાં ત્રણ ત્રિગડા પર મનોહર ત્રણ પાર્શ્વનાથના પ્રતિમાજી બિરાજમાન કરાવવામાં આવ્યા હતા. એક મોટું તૈલચિત્ર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનું ખાસ તૈયાર કરાવી સ્થાપિત કરવામાં આવ્યું હતું. શેઠ ચીમનલાલ મંગળદાસનો ઉલ્લાસ વધવાથી દશમના દિવસે ભવ્ય પાર્શ્વજન્મ-કલ્યાણકનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. એના માટે પણ ખાસ ચિત્રો તૈયાર કરાવી પાર્શ્વપ્રભુના ભવોના મોટા મુખ્ય ચિત્રો બગીઓમાં ફેરવવામાં આવ્યા હતા. શ્રી સંઘ તરફથી તપસ્વીઓને દૂધપાક માલપુઆનું જમણ આપવામાં આવ્યું હતું. શ્રી દાસકાકા તથા હીરાભાઈએ સેવા સારી આપી.

બીજો પ્રસંગ ભવોભવના પુદ્ગલ વોસરાવવા તથા પાપના અનુબંધ ઉચ્છેદવા અર્થે પોષ સુદ-૧ ભવ્ય અનુષ્ઠાન રાખવામાં આવ્યું હતું. તે માટે હાથીખાનાના વિશાળ ચોકમાં રંગબેરંગી ભવ્ય મંડપ બાંધવામાં આવ્યો હતો. લગભગ બે હજાર ભવ્યાત્માઓએ અનુષ્ઠાન તથા આયંબિલનો લાભ લીધો. પ્રારંભમાં ૮।।। વાગે

'જીવન, પાપ અને શુદ્ધિ' પર વ્યાખ્યાન વખતે જીવ પર અસંખ્ય અતીત શરીરો અને અધિકરણોનો ચઢતો ભાર તથા અનંત ભવના પાપોના અનુબંધનો મોટો ભાર કેવો ચઢે છે, તેને ઉતારવા શું કરવું, વગેરે પર યુક્તિસિદ્ધ શાસ્ત્રીય વિચારણા સુંદર અપાઈ. પછી આ અનુષ્ઠાન અને સંખ્યાબંધ ભાઈ-બહેનોને ચતુર્થવ્રત અંગે નંદીની ક્રિયા કરાવાઈ. વ્રત ઉચરાયાં. તેમજ પુદ્ગલો વોસરાવવામાં આવ્યાં. તથા આઠેય કર્મના હેતુભૂત પાપોને ગણી ગણીને તેની હાર્દિક નિંદા ગર્હા સાથે મિચ્છામિ દુક્કડં દેવાયા. સૌને પોતાનો આત્મા ઘણો હળવો થયો લાગ્યો. ૧૨-૧૨।। વાગે ક્રિયા પૂર્ણ થઈ.

● **દાદર-જૈન જ્ઞાનમંદિર :** પૂજ્ય આચાર્યશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ સાહેબની પુણ્ય નિશ્રામાં હસ્તલિખિત ગ્રંન્થોની સુચારુ વ્યવસ્થા હાલ થઈ રહી છે. પૂજ્ય મુનિવર્ય શ્રી કીર્તિવિજયજીનાં કાવ્યમય પ્રવચનો દર રવિવારે ચાલુ છે. તા.૧૫ મી રવિવારે આગ્રહથી કોટ શ્રી સંઘના ઉપક્રમે **''સુવર્ણ યુગ''** એ વિષય ઉપર શાન્તમૂર્તિ પૂજ્યપાદ પંન્યાસજી શ્રી નવીનવિજયજી ગણિવરની નિશ્રામાં લગભગ ૨૦૦૦ સ્ત્રી-પુરુષોની જંગી મેદની વચ્ચે કાવ્યમય પ્રવચન આપી જનતાનાં હૃદયમાં ભક્તિ અને વૈરાગ્ય રસનું અદ્ભુત વાતાવરણ ખડું કર્યું હતું. બીજે પણ આ વ્યાખ્યાનોની માંગણી થઈ રહી છે. પૂજ્ય આચાર્યદેવ લાલબાગમાં થોડા દિવસ માટે શેઠ શ્રી જીવાભાઈના આગ્રહથી પધાર્યા છે.

● **પાલીતાણા :** (શ્રાવિકાશ્રમ) કલકત્તાથી યાત્રાર્થે પધારેલા શેઠ શ્રી મણિલાલ વનમાળીદાસ કે જેમના બનેવી સ્વ. શેઠ શ્રી નરોત્તમદાસ ભાણજીએ આ સંસ્થાનું ઉદ્ઘાટન કર્યું હતું, એ અત્રે પધારતાં સંસ્થા તરફથી તા. ૧૯ મીએ એમનું સુંદર સન્માન કરવામાં આવ્યું. શ્રી ફુલચંદ દોશી, શ્રી શીવજી દેવશી, શ્રી શામજી ભાઈચન્દ, શ્રી સોમચન્દ ડી. શાહ, ડૉ. બાવીશી વગેરેએ સંસ્થાની કાર્યવાહી તથા શેઠ મણિલાલના સ્વ. બેન સૂરજબહેનની સંસ્થા પ્રત્યેની લાગણી અંગે વક્તવ્યો કર્યા બાદ શ્રી મણિભાઈએ આભાર વ્યક્ત કરી કાર્યવાહી પરત્વે સંતોષ માન્યો હતો. એમના ધર્મપત્ની શ્રી સૌભાગ્યબેન રૂા. ૧૦૦૧ આપી સંસ્થાના પેટ્રન બન્યા હતા. શેઠ મણિભાઈ તરફથી સંસ્થામાં સાધર્મિક વાત્સલ્ય થયું.

● **હારીજ :** (**ઉ.ગુ.**) અત્રે તા ૭-૧૨-૫૭ ના રોજ સરીયદના શેઠ મણિલાલ ભોગીલાલભાઈએ શ્રી શંખેશ્વરજી તીર્થનો છ'રીપાલતો કાઢેલ શ્રી સંઘ માગશર સુદ ૧૫ ના રોજ આવતાં અત્રેના શ્રી સંઘ તરફથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. શ્રી સંઘવી મણિલાલભાઈને ફુલહાર પહેરાવ્યો. સામૈયાના વરઘોડામાં શ્રી નેમીજિન

બાળસ્નાત્ર મંડળના કુમારો અને કુમારીકાઓની સેના સ્વાગત ગીતને લલકારતી. સરીયદના યુવક મંડળનું બેન્ડ પૂ. મુનિ સમુદાય સાજન વર્ગ વિ. શોભી રહ્યો હતો. નવકારશી પૂજા, પ્રભાવના વગેરે કાર્યો થયાં હતાં.

● **અમલનેર :** ન્યૂ પ્લોટમાં સંઘના સંયુક્ત સહકારથી બીજી પાઠશાળા શરૂ થઈ છે. અભ્યાસીઓની સંખ્યા હાલ ૭૦ જેટલી છે. દર રવિવારે રાગરાગણીથી વિદ્યાર્થીઓ સ્નાત્ર ભણાવે છે. પાઠશાળાના વિકાસમાં શેઠ મલુકચન્દ હરજીવનભાઈનો નોંધનીય ફાળો છે. હિંસા વિરોધક સંઘ તરફથી આવેલ શ્રી પ્રકાશ જૈન 'નમસ્કાર મંત્રનું મહાત્મ્ય' ઉપર વાર્તાલાપ અને અમરકુમારનું સુંદર દૃષ્ટાંત આપેલ. પાઠશાળામાં ધાર્મિક સંસ્કારો ટકી રહે એ માટે પ્રગતિપત્રક છાપવામાં આવેલ છે. જે અન્ય પાઠશાળાઓએ પ્રેરણા લેવા જેવું છે. બેટાવદમાં શ્રી પ્રકાશ જૈને અત્રે 'લોકશાહીનું કલંક' એ વિષય ઉપર જાહેર ભાષણ આપતાં સભામાં મત્સ્ય ઉદ્યોગ, મરઘા ઉછેર, ગૌવધ, તથા પશુવધ ઉપર સરકારે પ્રતિબંધ મૂકવો જોઈએ, એવી વિનંતી કરતો ઠરાવ પસાર થયો હતો. સરપંચે મરાઠી ભાષામાં હિંસક પ્રવૃત્તિની ઝાટકણી કાઢેલ.

● **રાજકોટ :** પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયોદયસૂરીશ્વરજીએ કાઢી આપેલા મુહૂર્તના અનુસારે અત્રે તપગચ્છ જૈન સંઘમાં નિર્ણય થયેલ કે માગશર વદ-૧ ને રવિવારે પ્રભુ પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવી. તેમજ પૂજ્ય આચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજે અત્રે પૂજ્ય મુનિવર્યો શ્રી જયંતવિજયજી ગણિવર્ય આદિને ચાતુર્માસાર્થે મોકલી ઉપકાર કરેલો, તેમાં પૂ આચાર્યશ્રી વિજયરામ-ચન્દ્રસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન પૂજ્ય મુનિરાજો શ્રી રોહિતવિજયજી મહારાજ તથા પૂજ્ય મુનિરાજશ્રી રવિવિજયજી મહારાજને ગણિ પદ પ્રદાન અને પ્રતિષ્ઠા અંગે મહોત્સવનો શુભારંભ માગશર સુદ ૮ થી થયેલ. મહોત્સવ દરમ્યાન માગશર વદ-૧ના દિને પ્રભુ પ્રતિમાઓની પ્રતિષ્ઠા બહુ જ ધામધૂમ પૂર્વક ઉજવાયેલ અને પ્રતિષ્ઠા કર્યા બાદ તરત જ અત્રે શહેરના દહેરાસરમાં મૂળ ગભારાની અંદર તમામ ભીંતો ઉપર તેમજ પ્રભુપ્રતિમાઓ ઉપર અમીનાં ઝરણાં ચાલેલ તથા મૌક્તિક સમાન બિન્દુની શ્રેણીઓ મંદિરની ભીંતો પર થયેલ ! જ્યાં હાથ ફેરવીએ ત્યાં દરેક ઠેકાણે હાથ ભીનો થઈ જાય. આ એક અજબ ચમત્કાર દોઢ કલાક સુધી રહેલ. આ ચમત્કારને માણસોનાં ટોળે ટોળાં ઘણી મોટી સંખ્યામાં જોવા આવેલ. જૈન શાસનની ઘણી પ્રભાવના થયેલ છે. જૈનધર્મની કિંમત સમજી ઘણો જ વર્ગ શ્રદ્ધાશીલ બનેલ. જૈનેતરોમાં પણ આ વાતાવરણના કારણે આનંદોર્મીઓ ફેલાયેલ; અને ભૂરી ભૂરી જૈન શાસનની પ્રશંસા થયેલ. તે દિને મહોત્સવ ઘણી જ શાન્તિ પૂર્વક

ઉજવાયેલ. બપોરના સદરના દહેરાસરમાં શાન્તિસ્નાત્ર, રાત્રે ભાવના ધારાવાડી દીધેલ, બીજે દિવસે મા. વદ-૨ ને સોમવારે શહેરના દહેરાસરમાં બૃહત્ શાન્તિ-સ્નાત્ર ઘણા જ ધામધૂમ અને ઉલ્લાસ પૂર્વક ઘણા માણસોની હાજરીમાં ભણાવેલ. તેમાં અનેરો આનંદ આવેલ. અંતિમ પૂજા ભણાયા બાદ તેજ સમયે પણ અમીઝરણાં પ્રગટેલ. આ દેખાવ પૂર્વના દિન કરતાં વધુ પ્રમાણમાં રહેલ ચમત્કારને જોવા માટે ઘણા જૈન-જૈનેતરો ઉતરી પડ્યા હતા. અરિહંત પ્રભુ અને જૈનધર્મના આ અજબ પ્રભાવ જોઈ દર્શન કરનારની સંખ્યાની પડા પડી થઈ હતી. શહેરના ગઢને ફરતી ધારાવાડી દીધેલ, જેમાં જૈન-જૈનેતરોની સંખ્યા ચારથી પાંચ હજારની હતી. સમસ્ત વાતાવરણ ધર્મમય બનેલ. સંઘ ખરેખર આ સર્વ પ્રતાપ પૂજ્ય આચાર્યદેવશ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી ગુરુદેવની કૃપાનો માને છે.** શ્રીમદ્નો ઉપકાર કદી પણ ભૂલે તેમ નથી પૂજ્ય મુનિવર્યોના આગમનથી સંઘમાં ઘણા ભાઈ-બહેનો ધર્મ સંસ્કારિત બનેલ છે. તેમજ વર્ધમાનતપ આદિ અનેક ધર્મ કાર્યો થયા છે. પ્રતિષ્ઠા મહોત્સવ પૂજ્ય આચાર્યદેવો શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પૂજ્ય ભુવનસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિની નિશ્રામાં ઉજવાયો.

● **પૂના :** પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે અત્રે એઓશ્રીના પટ્ટપ્રભાવક પૂજ્ય આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજના શિષ્યો પૂજ્ય મુનિરાજશ્રી કુમુદવિજયજી મહારાજ, પૂજ્ય મુનિરાજશ્રી ચન્દ્રોદયવિજયજી મહારાજ તથા પૂજ્ય મુનિરાજશ્રી કીર્તિચન્દ્રવિજયજી મહારાજને મહોત્સવ પૂર્વક ૩૦ મુનિ પુંગવો અને હજારો શ્રાવક-શ્રાવિકોની વચ્ચે શ્રી ભગવતીસૂત્રની અનુજ્ઞારૂપે ગણિપદ પ્રદાન કરવામાં આવ્યું. સંઘમાં આનંદમંગળ વર્તાઈ ગયો. ઉત્સવ પ્રસંગે મુંબઈ, નવસારી, સૂરત, પેટલાદ, દહેગામ, અમેરિકા વગેરેથી અભિનંદનના સંદેશા આવ્યા હતા. કામળી અને મંત્રપટ વહોરાવવા માટે સેંકડો રૂા. ઉછામણી બોલાઈ હતી.

● **પાંચોરા :** અત્રે શ્રી કલ્યાણપાર્શ્વનાથજીનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ પૂજ્ય આચાર્યશ્રીમદ્ વિજયયશોદેવસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય ગણિવર્ય શ્રી ત્રિલોચનવિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં ધામધૂમથી ઉજવાઈ ગયો. આ પ્રસંગે આઠેય દિવસ સ્વામીવાત્સલ્ય હતું. સેંકડો માનવ સમુદાય ઉપસ્થિત થયેલ હતો. ભગવાન મહાવીરસ્વામીના કાનમાં ખીલાના ઉપસર્ગનો પ્રસંગ, કમઠતાપસ ને પાર્શ્વકુમારને નાગ બચાવવાનો, પાર્શ્વનાથ ભગવાન ઉપર નાસીકા સુધી જળધારા, શ્રીપાલમયણાનો કોઢીયા સાથે વિવાહ વગેરે આકર્ષિત સુંદર રચના કરવામાં આવી હતી. પ્રતિષ્ઠાના દિવસે કસાઈખાના બંધ રહેલ. શ્રી પ્રકાશ જૈને અહિંસાની પ્રતિષ્ઠા

૫૨ ભાષણ આપેલ. પૂજ્ય આચાર્યદેવ વિહાર કરી જલગાંવ થઈ પોષ વદ ૧૧ ના પ્રતિષ્ઠા નિમિત્તે **ધરણગાંવ** પધારશે. પાંચોરામાં જ્યાં સુધી પાઠશાળા ન થાય ત્યાં સુધી છ વિગઈનો ૭ બહેનોએ ત્યાગ કરેલ.

● **જગદલપુર (જી. બસ્તર) :** મુનિ પ્રીતિવિજયજી આદિ ઠા. ૨, કારતક વદ-૨ ના રોજ ધમતરી ચાતુર્માસ પૂર્ણ કરી જંગલ અને પહાડી પ્રદેશ જગદલપુરમાં જૈન સાધુનો પ્રથમવાર વિકટ વિહાર હોવાથી શ્રી સંઘમાં આનંદ મંગલ વર્તાયો છે. રસ્તામાં કાકેર, કેશકાલ, કોડાગામમાં શ્રાવકોની વસ્તી છે. કાકેરમાં જિન પ્રતિમા છે. શ્રાવકો ભાવિક છે, ત્યાંથી રસ્તો બહુ વિકટ છે અને પહાડના આરા આવે છે, અને જંગલના હિંસક પ્રાણીઓનો વધારે ડર છે.

● **ભોપાવરજી તીર્થ** (જીલ્લો ધાર, મધ્યપ્રદેશ) : અત્રે શ્રી કલ્યાણક પ્રસંગે મેળો દર વર્ષે માગશર વદ-૧૦ ના દિવસે ભરાય છે. આ વર્ષે પણ મેળો ભરાયો હતો. શ્રી શાંતિનાથજી પ્રભુની ભવ્ય ચમત્કારિક પ્રતિમા બાર ફૂટ ઊંચી છે. દહેરાસરમાં પ્રવેશ કર્યા પછી બહાર નિકળવાનું મન ન થાય એવું ભવ્ય સ્થાન છે. દરેકને યાત્રા કરવા લાયક છે. આ પ્રસંગે શીરપુર (ખાનદેશ)થી વિહાર કરી પૂજ્ય મુનિરાજશ્રી ચિદાનંદમુનિજી મહારાજ આદિ ઠા. ૨ પધાર્યા હતા. માગશર વદ-૧૧ ના અત્રે શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. દહેરાસરનું કામ રાજગઢવાલા શા પ્રેમચન્દ વાઘમલજી બહુ જ ઉત્સાહપૂર્વક ચલાવી રહ્યા છે. દહેરાસરમાં શ્રી સિદ્ધાચલજીનો પટ કરાવવાની જરૂર છે. કોઈ ભાગ્યશાળીને ભાવના થાય તો લાભ લઈ શકે છે. આ. શ્રી યતિન્દ્રસૂરિજીના સમુદાયના મુનિશ્રી વિદ્યાવિજયજી આદિ ઠા. ૪ પણ પધાર્યા હતા. બહારગામ શીરપુર, અમદાવાદ, ખંભાત, ગોધરા તથા આજુબાજુના હજારો યાત્રાળુઓએ લાભ લીધો હતો. ગોધરાથી મહિલા મંડળને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. મુનિ શ્રી ચિદાનંદમુનિજી વિહાર કરી ઈન્દોર તરફ પધાર્યા છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૬,અંક-૧૭,તા.૪-૧-૧૯૫૮**

● **અમદાવાદ :** જ્ઞાન, સંયમ અને તપના ત્રિવેણી સંગમ-રૂપ શ્રી ઉપધાન તપના ભવ્ય ઉત્સવનો પ્રારંભ અમદાવાદના આંગણે શેઠશ્રી માણેકલાલ મનસુખભાઈના બંગલામાં જાણીતા જૈન અગ્રેસર અને કાપડના વેપારી શેઠ મોહનલાલ છોટાલાલ, શેઠ મુળચન્દભાઈ છોટાલાલ તથા શેઠ શંકરલાલ છોટાલાલ, નડીયાદ

નિવાસી શેઠ નાથાલાલ કીશોરદાસ, ચાંગા નિવાસી શેઠ ભીખાભાઈ જેચન્દભાઈ તથા કેશવલાલ ચુનીલાલના સંયુક્ત સહકારથી થયેલ છે.

પૂજ્ય ઉપાધ્યાય શ્રી દેવેન્દ્રસાગરજી મ. તથા પૂજ્ય શ્રી ધર્મસાગરજી ગણિવર અને પૂજ્ય શ્રી દર્શનસાગરજી ગણિવરની નિશ્રામાં શરૂ થયેલ. આ ઉપધાન તપમાં ૨૦૩ માળવાલા, ૧૦૨ પાંત્રીસાવાળા, ૫૨ અઠ્ઠાવીસાવાળા મળી કુલ ૩૫૭ ભાઈ-બહેનોએ પ્રવેશ કર્યો છે. જેમાં મુખ્યત્વે સંચાલકોના ઘરના માણસો ઉપરાંત શેઠશ્રી માણેકલાલના સુપુત્ર શેઠ રાજેન્દ્રકુમારના માતાજી સૌભાગ્યલક્ષ્મી બહેન તથા બેન ઈન્દુમતિ તથા અજીમગંજ નિવાસી શેઠ નિર્મળકુમારસિંહજી નવલખાના સુપુત્રી શ્રી સુબોધકુમારી, શેઠ રાજેન્દ્રકુમારના ધર્મપત્ની વગેરે છે. આ ઉપરાંત યુવાન બહેનો મોટી સંખ્યામાં જોડાયેલ છે. જેમાં મુખ્ય સુભદ્રાબેન મુળચન્દભાઈ (૧૪) મંજુલાબેન શંકરલાલ, ચન્દ્રિકાબેન શંકરલાલ, કંચનબેન ચન્દુલાલ, શ્રીમતીબેન રતિલાલ (૧૩) કમળાબેન જીવરાજ (૧૩) તારાબેન જેઠાભાઈ (૧૩) વગેરે છે.

તપસ્વીઓની ટોળીઓ જુદા જુદા ગૃહસ્થો તરફથી થઈ રહી છે, જેમાં મુખ્યત્વે શેઠ મોહનલાલ છોટાલાલ, શેઠ છોટાલાલ લલ્લુભાઈ, શેઠ માણેકલાલ મનસુખભાઈ, શેઠ કેશવલાલ છોટાલાલ, શેઠ છગનલાલ ગુલાબચન્દ, શેઠ અંબાલાલ દલસુખભાઈ, શેઠ કાળીદાસ સાંકળચન્દ, શેઠ સારાભાઈ મગનલાલ હઠીસીંગ તથા શેઠ ચન્દુલાલ મણિલાલ, ચીમનલાલ શકરચન્દ, ચોક્સી શેઠ શાન્તીકુમાર જગાભાઈ તથા ચીનુભાઈ લાલભાઈ સોલીસીટર મુંબઈવાળા તરફથી પોષ સુદ-૨ સુધી કરવામાં આવેલ છે. તેમજ બાકીની તમામ ટોળીઓ નોંધાઈ ગયેલી છે.

પૂજ્ય ઉપાધ્યાય શ્રી દેવેન્દ્રસાગરજી મ.સા. તથા પૂજ્ય શ્રી અભયસાગરજી મહારાજ દરરોજ સવારે તથા બપોરના ઉપધાન તપની મહત્તા પર મનનીય પ્રવચન કરી રહેલ છે, અને ક્રિયાની સમજ માટે સાધ્વીજી શ્રી તીર્થશ્રીજી તથા રંજનશ્રીજી આદિઠાણાની પ્રેરણા સારી છે.

વ્યવસ્થા સુંદર હોવાથી શાંતિ સારી રહે છે. દરરોજ સેંકડો જૈન-ભાઈ-બહેનો પોતાના સગા-સ્નેહીઓની સુખશાતા પૃચ્છા અર્થે માણેકલાલ શેઠના બંગલાની મુલાકાતે આવે છે, માળના પ્રસંગે પૂજ્ય આચાર્યદેવશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ પધારશે.

● **છાણી :** પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજની પવિત્ર નિશ્રામાં આમ તો પાંચ દીક્ષાઓની સુવિધિઓ થઈ ચૂકી હતી. વિશેષ શા. સોમચન્દભાઈ ગીરધરભાઈના ચૌદ વર્ષના વૈરાગ્ય રંગથી રંગાયેલા સુપુત્ર

મહેશભાઈની દીક્ષા નક્કી થતાં મંગલ ગીતોના ગુંજારવ વચ્ચે મહેશભાઈને પીઠી, જિન-દર્શન, ગુરુવન્દન, સ્નાત્ર બાદ ભવ્ય વરઘોડો ચઢ્યો. જેમાં કોમલ અને તેજસ્વી બાલ મહેશકુમાર છૂટા હાથે વર્ષીદાન આપી રહ્યા હતા. શું જૈન ! શું અજૈન ! આ ગામના ઇતિહાસમાં ગૃહાંગણે બાલકની પહેલી જ દીક્ષા હોઈ સૌને ભારે આનંદ-અનુમોદના વચ્ચે પૂજ્ય આચાર્યદેવના વરદ હસ્તે દીક્ષા થઈ. નામ મુનિ શ્રી વારિષેણવિજયજી રાખી મુનિ શ્રી પુણ્યવિજયજીના શિષ્ય તરીકે જાહેર કરાયા. સોમચન્દભાઈ તરફથી સંઘ જમણ-પૂજા-પ્રભાવના-ગરબા આદિ થયું. દીક્ષાપૂર્વે જૈન બાલ યુવક મંડળે અભિનંદન પત્ર આપ્યું હતું.

આમ છાણીના આંગણે બે બાલકો અને ચાર બહેનોની દીક્ષાઓ આદર્શ રીતે ઊજવાઈ હતી, અને આચાર્ય ભગવંતના અતુલ અતિશયોની ભૂરી ભૂરી પ્રશંસા જૈન-વર્ગ કરી રહ્યો હતો.

માગશર વદ ત્રીજના પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયભુવનતિલકસૂરિજી, પં. ભદ્રંકરવિજયજી ગણિ આદિ ઠા. ૧૦ વિહાર કરીને વડોદરા મામાની પોળે પધાર્યા હતા ત્યાંથી પાદરા તરફ પધારશે,

● **પાદરા :** પૂજ્ય આચાર્ય વિજયભુવનતિલકસૂરિજી, પં. ભદ્રંકરવિજયજી ગણિ આદિઠાણા સંઘની વિનંતીથી માગશર વદ-૮ ના અત્રે પધારતાં સંઘે હાઇસ્કૂલથી સામૈયુ કર્યું. આત્મશુદ્ધિ ઉપર સુંદર વ્યાખ્યાન થયું. નૂતન મુનિઓ અશ્વસેનવિજયજી, વારિષેણવિજયજીના યોગ ચાલતા હોઈ સંઘાગ્રહથી અત્રે પૂજ્ય આચાર્ય મહારાજની સ્થિરતા કરવામાં આવી છે. જનતા ઠીક લાભ ઉઠાવી રહી છે.

● **ખાનદેશ :** અત્રે પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ.ની આજ્ઞાથી પૂ. આચાર્યશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ સપરિવાર વિચરીને સારો ઉપકાર કરી રહ્યા છે. **ધુળિયામાં** ચોમાસું કરીને લોકોને સારી રીતે તપ જપ વગેરે આરાધનામાં જોડ્યા. એઓશ્રીના પગે વર્ષો જૂના ખરજવાનો વ્યાધિ ખૂબ જ પીડતો છતાં પૂર્વના મહર્ષિને યાદ કરાવે તેવી રીતે ખૂબ સમતા ભાવથી સહન કરી રહ્યા છે, અને રાત્રિના કલાકો સુધી હજારો નવકાર જપ કરતાં આજ સુધીમાં ૭-૮ વાર નવ નવ લાખ નવકાર ગણી ચૂક્યા છે. ઉપરાંત ભવ્ય જીવોને લોકોત્તર ઉપકાર કરવામાં સદા તત્પર રહે છે ! સંઘોમાં સંપ, સંગઠન અને દેવદ્રવ્યાદિની વ્યવસ્થા કરાવે છે. ભારતની ભૂમિ પર મહાત્માઓની બલિહારી છે ! હમણાં એમણે **પાંચોરા** પધારી સારો ઉપકાર કર્યો. હવે વિહાર કરી **જલગામ** પધાર્યા છે. શ્રીમદ્‌ના પ્રભાવથી ત્યાં રગડાંઝગડાની શાંતિ તથા મંદિરાદિની યોગ્ય વ્યવસ્થા થવા વકી છે. પૂજ્યશ્રીના

હસ્તે અનેક જિનમંદિરોની પ્રતિષ્ઠાઓ કરાવવા સંઘો ઝંખી રહ્યા છે. એમાં **કરમસલા** મહા વદ-૭, **ધરણગામમાં** ફા.સુ. ૯ પ્રતિષ્ઠા નક્કી થઈ છે નગરજિલ્લામાં બે ત્રણ પ્રતિષ્ઠાઓ પ્રાયઃ વૈશાખ જેઠમાં સંભવિત છે. મંદિરોના કાર્ય ચાલી રહ્યા છે. નાસિક પાસે **સિન્નર**માં પણ જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે તેની પણ પ્રતિષ્ઠા શ્રીમદ્‌ના હસ્તે કરાવવા સંઘ ઇચ્છે છે.

● **મુંબઈ :** દક્ષિણ દેશોદ્ધારક પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ. પૂજ્ય પં. શ્રી મુક્તિવિજયજી મહારાજ, કવિકુલ કિરીટ શતાવધાની મુનિરાજશ્રી કીર્તિવિજયજી આદિ ઠાણા ૬ બુધવાર તા. ૩૧-૧૨-૫૭ ને રોજ સાહિત્યવારિધિ શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહની વિનંતીને માન આપી વાજતે ગાજતે સંઘ સમેત ચીંચ બન્દર, લધાભાઈ ગણપત બિલ્ડિંગમાં તેમનાં નિવાસ સ્થાને પધાર્યા હતા. મસ્જીદ બન્દર રોડ તથા ભાત બજારમાં સ્થળે સ્થળે ગહુલીઓ થઈ હતી અને રસ્તાની બંને બાજુ તથા મકાનોની ગેલેરીઓમાં ઊભા રહીને હજારો પ્રેક્ષકોએ તેમના દર્શન કર્યા હતા. લધાભાઈ ગણપત બિલ્ડિંગમાં પહોંચતા લોકોની ભારે ભીડ જામી હતી. ત્યાં ગુરુપૂજન થયા પછી ઘણી સારી સંખ્યામાં વ્રત પચ્ચક્ખાણ લેવાયાં હતાં. માળામાં જુદા જુદા ઘરોમાં પગલાં થયાં હતાં. સર્વત્ર જબ્બર ભાવોલ્લાસ વ્યાપ્યો હતો. બીજા માળાઓમાંથી પણ પધારવાની જોરદાર વિનંતીઓ થઈ હતી, પણ સમયના અભાવે જઈ શકાયું ન હતું. છેવટે ભાવિક શ્રી ધીરજલાલભાઈ તરફથી પતાસાની પ્રભાવના કરવામાં આવી હતી.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૬,અંક-૧૮,તા.૧૧-૧-૧૯૫૮**

અમદાવાદ : પૂ. આચાર્ય મહારાજો શ્રી માણેકસાગરસૂરિજી મ., શ્રી વિજયલાવણ્યસસૂરિજી મ., શ્રી વિજયલબ્ધિસૂરિજી મ., વિજયરામચન્દ્રસૂરિજી મ., શ્રી વિજયલક્ષ્મણસૂરિજી મ., વગેરે અત્રે પધારી રહ્યાના સમાચાર મળે છે.

● મનસુખભાઈના બંગલે પૂ.ઉ. શ્રી દેવેન્દ્રસાગરજી મ. તથા પૂ. ગણી શ્રી ધર્મસાગરજી મ. ની નિશ્રામાં ઉપધાન તપ ભવ્ય રીતે ચાલી રહ્યા છે. મહા સુદ-૫ માળ પ્રસંગ ભવ્ય સમારોહ પૂર્વક ઉજવાશે.

● પાડાપોળ ચોકઠામાં પૂ. ગણી શ્રી ભાનુવિજયજી મ. નું તા. ૫ મીએ જૈન-જૈનેતરની વિશાળ મેદની વચ્ચે **'સંજ્ઞા પ્રજ્ઞાના સંગ્રામ અને રાજીમતી રહનેમીનો સંવાદ'** ઉપર જાહેર વ્યાખ્યાન થયું. પોળના સંઘનો ઉલ્લાસ ઘણો હતો.

• પૂ.આ. શ્રી સૌભાગ્યસૂરિજી મ. તથા શ્રી નરેન્દ્ર વિ.મ. સંસારીપણે બે ભાઈ થોડા દિવસના આંતરે કાળધર્મ પામ્યા.

• **મુંબઈ :** (માટુંગા) કા. વદ ૧૧ના રોજ ભવોભવના શરીરો તથા અધિકરણો વોસરાવવાની માંગલિક ક્રિયા પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં થઈ, આરાધકોની સારી સંખ્યા હતી. વિવિધ તપસ્યાની પૂર્ણાહૂતિ અંગે છ છોડનું ઉજમણું જ્ઞાનમંદિરમાં કરવામાં આવ્યું. કોટમાં અગીયાર છોડનું ઉજમણું થયેલ. શ્રી અષ્ટાપદજીની રચના તથા રાવણ-મંદોદરી, ને શ્રી ગૌતમસ્વામીની હાલતી-ચાલતી રચના કરવામાં આવેલ.

શીવ : (સાયન) માગશર વદ-૭ ના રોજ જામનગરે થયેલ અંજનશલાકાવાળા શ્રી શાંતિનાથ ભગવન્તની પ્રતિમા આદિ અત્રે લાવતાં પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ. આદિ સંઘસ્વાગતે ધામધૂમથી પ્રવેશ કરાવવામાં આવેલ. સંઘનો ઉત્સાહ સારો હતો. જૈનસોસાયટીની જ્ઞાનમંદિર સામેનો પ્લોટ દેરાસર માટે લેવાનો પ્રયાસ ચાલુ હતા. પૂ.મુનિશ્રી યશોવિજયજી મહારાજના ઉપદેશથી સમાધાન થતાં ત્યાં આગળ ઉપાશ્રય બાંધવાનું નક્કી થયું.

• **હારીજ :** (ઉ.ગુ.) પોષ સુદ-૮ સ્નાત્ર મહોત્સવ ઠાઠપૂર્વક ઉજવાયો. પૂ.મુ. શ્રી મેરુવિજયજી મહારાજે ધાર્મિક કેળવણી ઉપર પ્રવચન આપેલ. ધાર્મિક ઈનામ સ્પર્ધા નં. ૬ના વિજેતા હરીફોને પારિતોષિકની વહેંચણી થઈ. વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ અભક્ષ્ય કંદમૂળ આદિની બાધા લીધી.

• **બોરસદ :** અત્રે પૂ.મુ. સ્વયંપ્રભવિ. મ. ની નિશ્રામાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની આરાધના થતાં ૧૨॥ હજાર જાપ તથા અઠ્ઠમ તપમાં લગભગ ૩૫ ભાઈ-બહેનો જોડાયા. સમૂહ પારણાં કરાવાયાં.

• **સુરેન્દ્રનગર :** પૂજ્ય પં. શ્રી કાન્તિવિજયજી ગણિવર્ય ધ્રાંગધ્રામાં ચાતુર્માસ કરીને સુંદર ધર્મ-આરાધના કરાવી. ત્યારબાદ સુરેન્દ્રનગરમાં બાલકુમારિકાને દીક્ષા આપવાના નિમિત્તે ત્યાં પધાર્યા. બાલકુમારિકા તારાબહેન ઉંમર વર્ષ ૨૧, પરમ તપસ્વી પૂજ્ય પં. શ્રી ના વરદ હસ્તે, વિશાળ માનવ સમુદાયની હાજરીમાં પારમેશ્વરી પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને સાધ્વીજી મહારાજશ્રી સુલોચનાશ્રીના શિષ્યા શ્રી સુવર્ણલતાશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કરવામાં આવ્યા. તેઓશ્રીનું નામાભિધાન સાધ્વીજી તત્ત્વગુણાશ્રીજી જાહેર કર્યું હતું. જિનભક્તિ આદિ ઉત્સવ સુંદર થયા. આ પ્રસંગે પૂજ્યશ્રીએ વૈરાગ્યની દેશના સુંદર આપી. પૂજ્યશ્રી ત્યાંથી વિહાર કરીને શંખેશ્વરજી યાત્રા કરીને પાટણ પધાર્યા છે. ત્યાંથી અમદાવાદ પધારશે એવી વકી છે.

શ્રીમાન્ સંપાદકજી,

''દિવ્ય-દર્શન'' અહમદાબાદ.

પંન્યાસ શ્રી કલ્યાણવિજયજી કી ''જિન પૂજા પદ્ધતિ'' પુસ્તક પ્રકાશિત હોને કે પશ્ચાત્ જાલોર મેં નન્દીશ્વર દ્વીપ જિનાલય મેં જલાભિષેકાદિ પૂજા બન્દ હો જાને સે રાજસ્થાન જૈન સંસ્કૃતિ રક્ષક સભા કા ઇસ ઓર ધ્યાન ગયા. ઓર યહ નિર્ણય કિયા ગયા કિ ઇસ પુસ્તક તથા જલાભિષેક બંદ હો જો કે બારે મેં પૂજ્ય આચાર્ય મહાનુભાવોં કે અભિપ્રાય મંગાયે જાવે ।

ઇસ નિર્ણયાનુસાર પૂજ્ય આચાર્ય મહારાજોં કો લિખા ગયા । ઉનસે જો અભિપ્રાય પ્રાપ્ત હુએ ઇસ સે સભા કો યહ સ્પષ્ટ હો ગયા કિ 'જિન પૂજા પદ્ધતિ' પુસ્તક શાસ્ત્ર વિરુદ્ધ હૈ ઓર નન્દીશ્વર જિનાલય મેં જલાભિષેકાદિ પૂજા કા બન્દ હોના શાસ્ત્ર ઔર પૂર્વાચાર્ય ભગવંતોં કી પરંપરા કે પ્રતિકૂલ હૈ ।

ઇન અભિપ્રાયોં કો દિનાંક ૮ દિસમ્બર ૫૭ કી મિટિંગ મેં પૈશ કરને સે સભા ને સર્વાનુમતિ સે નિર્ણય કિયા કી સંસ્થા કી ઔર સે પ્રતિનિધિ મંડલ ભેજકર પંન્યાસ શ્રી કલ્યાણ વિજયજી ઔર નન્દીશ્વરદ્વીપ જિનાલય કે પ્રબન્ધ કર્તાઓ સે મિલકર પુસ્તક કો રદ કરાને કા ઔર જલાભિષેકાદિ પૂજા જૈસે પહલે હોતી થી વૈસી શૂરૂ કરવાને કા પ્રયાસ કિયા જાએ ।

તદનુસાર શ્રી શંકરલાલજી ભુણોત, વ્યાવર મુખ્ય કાર્યવાહક તથા શ્રી તારાચન્દજી ભંડારી, જોધપુર, શ્રી મિશ્રીલાલજી ભંડારી જોધપુર, શ્રી લક્ષ્મીચન્દજી રાધનપુર વ શ્રી રઘુનાથજી મોદી જાલોર ઇન પાંચ પાંચ સભ્યોં કા પ્રતિનિધિ મંડલ દિનાંક ૯ દિસમ્બર ૧૯૫૭ કો જાલોર ગયા, ઔર મંદિરજી કે પ્રમુખ પ્રબન્ધ કર્તાઓંસે મિલા, ઉન્હોંને સારી બાત પંન્યાસજી મહારાજ પર ડાલ દી । પ્રતિનિધિ મંડલને દિનાંક ૧૦ દિસમ્બર ૫૭ કો પ્રાત:કાલ પંન્યાસજીકે પાસ જાકર પૂજ્ય આચાર્ય મહારાજોં કે અભિપ્રાય

बताये। दो घंटे तक विचार विनिमय हुआ, परंतु वह खेद जनक बात है कि पंन्यासजी, पूज्य आचार्य महाराजों के अभिप्रायों को भी मानने के लिये तैयार न हुए और अपने हठाग्रह पर अडे रहे ।

इस काल में जब समग्र हिंद के जिनालयों में जलाभिषेकादि पूजा चालु है, पंन्यास श्री कल्याण विजयजीका निर्णय समयानुसार नहीं है ।

दिनांक ३-१-५९ शंकरलाल मुणोत, मुख्य कार्यवाहक : राजस्थान जैन संस्कृति रक्षक सभा ।

● **मुरबाड :** અખિલ ભારતીય જૈન સમાજની જૈન વિદ્યાપીઠના કાર્યવાહકો અને હિતેચ્છકોની એક જનરલ મિટિંગ પૂજ્ય મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ સા. ની નિશ્રામાં પૂનાના જજ સાહેબ શ્રી અમૃતલાલ કાળીદાસના પ્રમુખપદે મુરબાડ (જી. થાણા) મુકામે તા. ૧૨-૧-૫૮ ના રોજ યોજાઈ હતી. આ મિટિંગમાં જુદા જુદા શહેરોમાંથી સંસ્થાના અને કાર્યકરોએ અને સદ્‌ગૃહસ્થોએ હાજરી આપી હતી. સૌ મહેમાનોનો મુરબાડના શ્રી જૈન સંઘે ભાવભીનો સત્કાર કર્યો હતો. બેન્ડ અને બ્યુગલોના મધુર નાદ વચ્ચે મંગલાચરણથી મિટિંગનું કામકાજ શરૂ થયું હતું. સભામંડપ આ પ્રસંગે ચિક્કાર ભરાઈ ગયો હતો. આમંત્રણ પત્રિકા અને રતલામ મિટિંગના રિપોર્ટ વાંચન બાદ સંસ્થાના માનદ્‌મંત્રીશ્રી બાબુભાઈ મોદીએ સંસ્થાનો દશ વર્ષનો અહેવાલ અને હિસાબ મિટિંગ સમક્ષ વાંચી સંભળાવ્યો હતો. જેઓ આ મિટિંગમાં હાજરી રહી શક્યા ન હતા તેઓ તરફથી આવેલ શુભેચ્છાના અનેક સંદેશાઓના વાંચન બાદ વક્તાઓના તથા અધ્યક્ષશ્રીના મનનીય પ્રવચનો થયા હતા. સૌએ સંસ્થા પ્રત્યે પોતાના વિચારો પ્રગટ કરી સંસ્થાની અત્યારની ઉપયોગીતા પર ખૂબ ભાર મૂક્યો હતો અને સંસ્થાને સદ્ધર બનાવવા શક્તિઅનુસાર તન, મન અને ધનથી મદદ કરવા સૌને આગ્રહભરી વિનંતી કરી હતી. મિટિંગની પૂર્ણાહુતિ અને ફૂલહાર બાદ મુરબાડ શ્રી સંઘે પૂર્ણ સહયોગ આપવા બદલ વિદ્યાપીઠ તરફથી સૌનો આભાર માનવામાં આવ્યો હતો. આ જનરલ મિટિંગ અને કાર્યકરોની જુદી જુદી બેઠકોના ભરચક કાર્યક્રમમાં સંસ્થાને વધુને વધુ પ્રગતિશીલ બનાવવા માટે આગેવાનો તરફથી અનેક વિચાર-વિનિમયો થયાં હતાં સંસ્થાનો અહેવાલ અને હિસાબ જોઈ, તેને મંજૂરી આપી સૌએ સંતોષ વ્યક્ત કર્યો હતો, અને સંસ્થાને વધુને વધુ સફળતા આપવા ખાત્રી આપી હતી.

● **ખંભાત :** ઘીમટી લત્તામાં કાચનું દેરાસર જીર્ણ થઈ ગયું હોવાથી તેને નવેસરથી બાંધવાનું શ્રી સંઘે નક્કી કર્યું. અમદાવાદ જીર્ણોદ્ધાર કમિટીએ સારો ફાળો

આપીને ભવ્ય જિનાલય બંધાવવા યોજના થઈ ગઈ છે. શેઠ શ્રી રમણલાલ વજેચંદના હસ્તે માગશર સુદ-૨ના રોજ ખાત મુહૂર્તનો ભવ્ય સમારોહ થયો. દેરાસર ખાતે એમણે રૂા. ૫૦૦/- અર્પણ કરેલ. શેઠ બાબુભાઈ છગનલાલભાઈ શ્રોફ તરફથી એમના ધર્મપત્ની શ્રી વિમળાબેનના હસ્તે શિલાસ્થાપન થયેલ. શેઠ છગનલાલ કસ્તુરચંદની પેઢી તરફથી રૂા. ૨૫૦૦ દેરાસરજી ખાતે અર્પણ કર્યા.

● **ધંધુકા :** અત્રે પૂજ્ય ઉ. શ્રી ધર્મવિજયજી મહારાજ સાહેબ આદિને ભાવસાર નાગરદાસ છગનલાલભાઈએ કાર્તિક વદ ચોથે પોતાના આંગણે શ્રી ચતુર્વિધ સંઘ સાથે પધરામણી કરાવી. પૂજા, સાધર્મિ વાત્સલ્ય વગેરે થયા. સુદિ પના રોજ દહેરાસરજીની વર્ષગાંઠ હોવાથી સંઘ તરફથી પૂજા, પ્રભાવના, સ્વામીવાત્સલ્ય થયું. પૂજ્ય મહારાજશ્રી અત્રે હાલ રોકાશે.

● **પાચોરા (ખાનદેશ) :** અત્રે પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે માગશર સુદ-૧૦ ના રોજ શ્રી કલ્યાણપાર્શ્વનાથ પ્રભુનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. અનેક પ્રકારની આકર્ષક રચનાઓ જિનાલયમાં કરવામાં આવી હતી. પૂજ્ય આચાર્યદેવશ્રી જલગામ પધાર્યા છે. ધરણગામ પ્રતિષ્ઠા અંગે પધારશે.

● **ગૌતમપુર (માલવા) :** અત્રે પૂજ્ય મુનિશ્રી ચિદાનંદમુનિ આદિ પધાર્યા હતા. પાઠશાળાની પ્રેરણા કરવાથી સંઘે પાઠશાળા ચાલુ કરી છે. માસિક ઈનામ પરીક્ષા લઈ બાળકોને ક્રિયામાં જોડવા માટે યોજના કરવામાં આવી છે. મુનિરાજશ્રી ત્યાંથી વિહાર કરી દેપાલપુર પધારતાં ત્યાંની પાઠશાળા જે બંધ જેવી હતી તે માટે પ્રોત્સાહન આપતાં ચાલુ કરાવી અને શિક્ષકનો પગાર વધારી નિયત કરાયો. **બડનગર-**બદનાવરમાં પણ પાઠશાળા ચાલુ કરાવી. તેઓશ્રી અહીંથી વિહાર કરી ઈન્દોર થઈ મક્ષીજી પધારવાની વકી છે.

● **માલવાડા :** અત્રે શ્રી પાર્શ્વનાથ જૈન છાત્રાલયનું શેઠ ઉમાજી ઓખાજીના સુપુત્રો તરફથી નૂતન ઢબનું મકાન લાખના ખર્ચે બંધાનાર છે. તેનું શિલાસ્થાપન માગશર સુદી ૧૫ ના ભવ્ય સમારોહ પૂર્વક થયેલ.

અમદાવાદ - માનવજીવનમાં મહાન કમાણીની સોનેરી તક

સુજ્ઞ ભવ્યાત્મન્ ! શું તમે જાણો છો કે જીવનમાં એવાં અઢળક પાપ છે, દા.ત. ત્રસ જીવને ઈરાદાપૂર્વક મારી નાખવાનું, વિશ્વની અસંખ્ય વનસ્પતિ ખાઈ નાખવાનું, ઇત્યાદિ કે જે પાપો તમે આચરતા નથી છતાં એના ત્યાગની પ્રતિજ્ઞા

નથી, તેથી એની અવિરતિ અંગે અનંત કર્મોના ભાર પ્રતિસમય તમારા આત્મા ઉપર ચઢે છે ! તો જો આ પ્રતિજ્ઞા અર્થાત્ વ્રત લઈ લઈએ તો કેટલા બધાં કર્મબંધનો લાગતાં અટકી જાય !!

ત્યારે તમને શું એ ખબર છે કે આપણાં જીવનમાં એવાં કેટલાય પાપ બને છે કે જેની બાધા નથી માટે મન સુંવાળું ઢીલું-પોચું થઈને એ સેવે છે ? જો બાધા હોય તો સહેલાઈથી તજી શકાય એવાં કેટલાંય પાપ અટકે ! એનાં કુસંસ્કાર, મનની સ્વચ્છંદતા, અને પ્રતિસમય એનાં અપાર કર્મબંધન વગેરે ઢગલાબંધ નુકસાનોથી કેવા બચી જઈએ !!

ગૃહસ્થ જીવનમાં સમ્યગ્દર્શનમૂલક શ્રાવકના બાર વ્રત એવું એક અદ્‌ભુત કલ્પવૃક્ષ છે કે આપણને અપરંપાર અચિંત્ય લાભો આપે છે ! એમાં વગર લેવા-દેવાનાં અનંત પાપોના પ્રવાહ બંધ થાય છે. એ અપૂર્વ અમાપ લાભ છે ! ઉપરાંત, બીજા કેટલાંય નજીવાં પાપ સહેલાઈથી બંધ થાય છે ! દુષ્ટ મન અંકુશમાં આવે છે ! આત્મા ઘણો ફોરો બને છે ! આગળ ઉપર નવા નિયમોમાં જોડાવા ઉત્સાહ મળે છે !

પ્રભુપૂજા, સામાયિક, નવકારવાળી, દાન, શીલ, તપ વગેરે સુકૃત અંગે પણ નિયમ રાખવાથી મહાન લાભ એ છે કે જો નિયમ નથી તો સુકૃત જ્યારે આચરીએ છીએ ત્યારે જ પુણ્યના લાભ મળે છે, ત્યારે એનાં નિયમ રાખ્યાથી એ નિયમ જ્યાં સુધી પહોંચે ત્યાંસુધી અખંડધારાએ પુણ્યના લાભ મળે છે, કેમકે નિયમ તો દા.ત. એક માસ, એક વર્ષ કે જીવન સુધીનો સળંગ છે. અહીં કદાચ પ્રશ્ન થશે કે,

પ્ર.- આટલા અઢળક લાભ દેખી મન તો લલચાય. પરંતુ એ ગભરામણ થાય છે કે અમે આજ સુધી કોઈ વ્રત-નિયમ લીધા નથી તે એકાએક એ લેવાનું શે બને ? અથવા એકદમ લઈએ ને પછી તૂટી જાય તો ?

ઉ.- આમાં કંઈજ ગભરાવાનું નથી; કેમકે ઉપાય છે. (૧) પાપો તમે બિલકુલ આચરતા નથી. દા.ત. કીડી વગેરે કોઈ જીવને જાણી જોઈને મસળી નાખવાનું પાપ, એક કરોડ રૂપિયાનો પરિગ્રહ રાખવાનું પાપ, એવાં પાપનો તો ત્યાગ ખુશીથી કરી શકો. (૨) બારે બાર વ્રત કે અડધા કે યાવત્ એક વ્રત પણ લઈ શકાય છે, (૩) બીજા નિયમો દા.ત. સામાયિક, એમાં રોજનું ન બને તો સામટું એમ પણ રાખી શકાય કે મારે વરસમાં આટલાં સામાયિક કરી આપવાં, (૪) જે નિયમમાં પછીને માટે એમ લાગતું હોય કે 'કદાચ ભંગ થાય તો શું ?' તો એ નિયમ વિકલ્પ (Option) થી લઈ શકાય. દા.ત. મારે બને ત્યાં સુધી રોજ

પ્રભુપૂજા કરવી, ન બને ત્યારે તેને બદલે ૪ આના શુભમાં ભરવા, કે ૧ બાંધી નવકારવાળી ગણવી અને તેય બિમારી, અગવડ વગેરે ખાસ કારણે છૂટ. (૫) ભલે આજે કોઈ નિયમ મોટારૂપેય લઈ શકાય; પછીથી શક્તિ વધતાં આગળ ઉપર એને ઝીણવટથી લઈ શકાય.

સારાંશ કે ઠેઠ એકેન્દ્રિયપણામાંથી છૂટી અનંતા કાળે પામેલા આટલા ઊંચા અમૂલ્ય માનવ અવતારને વ્રત-નિયમથી અજવાળી દો. વ્રત-નિયમ વિના હલકી યોનિમાં ભટકવાનું થયું છે. તો નિજના પાપદુઃખી ખ્યારા આત્માની દયા ખાઈ એને વ્રતમાં જોડી અઢળક પાપોમાંથી બચાવી લો. એક, બે, પાંચ... જેટલા વ્રત લેવા હોય તેટલા લઈ શકાય છે. બે સુકૃતકારી ભવ્યાત્મા તરફથી બાર વ્રતની નાની બુકો છપાઈ છે. તે દિવ્ય-દર્શન કાર્યલયેથી ભેટ મેળવી એમાંથી જેટલા વ્રત લેવા હોય તેટલા પર નિશાન-નોંધ કરો, અને પ્રતિજ્ઞા લો, તમને તેટલું જ લાગુ પડશે. પુસ્તિકામાં દરેક વ્રતમાં સાથે સાવધાની અને કરણી લખી છે. તેનો ય નિયમ લાગુ પડશે એવી ગેરસમજ ન કરશો. એનો તો ભલે નિયમ વિના પણ શક્યતા મુજબ માત્ર અભ્યાસ કરવાનો છે.

જણાવતાં હર્ષ થાય છે કે ઉજમફઈની ધર્મશાળાએ પૂજ્ય ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજના બાર વ્રત ઉપર એકધારા રોચક અને બોધક પ્રવચનો થવાથી સેંકડો માણસ વ્રત લેવા ઉત્સાહિત થયા છે. તો તમે પણ માનવજીવનની મહાન કમાણીની આ સોનેરી તક ગુમાવશો નહિ.

વ્રતારોપણ, **રતનપોળ, હાથીખાનાના વિશાળ ચોકમાં** ભવ્ય મંડપની નીચે શ્રી અરિહંત પ્રભુની સાક્ષીએ સિદ્ધાન્ત મહોદધિ આચાર્યદેવેશ **શ્રી વિજય પ્રેમસૂરીશ્વરીજી મહારાજના** વરદ હસ્તે મહા સુદી ૬ રવિવાર તા. ૨૬-૧-૫૮ સવારે ૮॥ વાગે થશે. વ્રત લેનારે તે દિવસે ઉપવાસ કરવો, શક્તિ ન હોય તો આંબેલ કરવું. વ્રતક્રિયા માટે ચરવળો, મુહપત્તિ લાવવા. અને જ્ઞાનપૂજા કરવી. આંબેલવાળાએ વર્ધમાન ખાતામાં આગળથી જણાવી દેવું.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૬,અંક-૨૦,તા.૧-૨-૧૯૫૮**

● **અમદાવાદ :** અત્રે ધનાસુથારની પોળમાં પૂ. આચાર્યદેવશ્રી લાવણ્ય-સૂરીશ્વરજી મહારાજ સાહેબ પધારતાં ભવ્ય સામૈયાથી તેઓશ્રીનો નગરપ્રવેશ થયો અને તેઓશ્રીને લાવરીની પોળમાં સદ્‌ગત મુનિ શ્રી ચરણકાન્તવિજયજી મ. શ્રીના

સ્વર્ગવાસ નિમિત્તેના ઉત્સવ પ્રસંગે ત્યાં આગ્રહભરી વિનંતીપૂર્વક લઈ જવામાં આવ્યા. ઉત્સવ સદ્‌ગત મુનિશ્રીના સંસારી પુત્રો શ્રી હીરાભાઈ તરફથી ધામધૂમપૂર્વક ચાલી રહ્યો છે.

• રતનપોળમાં, હાથીખાનામાં, પૂ.આ. દેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના વરદ હસ્તે સવાસો-દોઢસો જણને સમ્યક્‌ત્વમૂલક બાર વ્રત મહા સુદ ૬ રવિવારે નાણ સમક્ષ ઉચ્ચરવામાં આવ્યા. આ માટે ત્યાં ભવ્ય મંડપ ઊભો કરવામાં આવ્યો હતો. વ્રતોની ટૂંકી સમજુતિ પૂ. ભાનુવિજયજી મ. શ્રીએ સારી રીતે આપી હતી. બપોરના ત્યાં 'જીવન ધર્મનું મહારાજા કુમારપાળ' એ વિષય પર જાહેર વ્યાખ્યાન થયું હતું. પછીથી આવતા રવિવાર સુધીમાં એજ મંડપમાં 'વૈભવના શિખરે અને શાલિભદ્ર-ધનાજી,' 'ઉન્નતિની એક ચાવી તથા અઈમુત્તા કુંવર' 'બ્રહ્મચર્યના પરાક્રમ અને સ્થૂલભદ્ર-કોશાનો સંવાદ,' 'બહિરાત્મા-અંતરાત્મા અને કેશી-પ્રદેશીનો સંવાદ,' 'પ્રભુના પંથે અને ધન્નો અણગાર' એ વિષય પર વ્યાખ્યાનો ચાલુ છે.

• શેઠ શ્રી મોહનલાલ છોટાલાલ, શેઠ શ્રી મુલચન્દભાઈ છોટાલાલ, શેઠશ્રી શંકરલાલ છોટાલાલ વગેરે તરફથી ઉપધાનતપ પૂ. ઉપાધ્યાય શ્રી દેવેન્દ્રસાગરજી મહારાજ તથા તપસ્વી શ્રી ધર્મસાગરજી ગણિવરની નિશ્રામાં રાજેન્દ્રકુમાર માણેકલાલના બંગલે યોજાયો હતો. ૧૦૦ આરાધકો લેવાની ઇચ્છા છતાં આંકડો ૩૬૦ સુધી પહોંચ્યો. ઉપવાસના દિવસે સવાર-સાંજ બંને સમય વ્યાખ્યાન, બપોરના શ્રી અભયસાગરજી મહારાજ ઉપધાનતપ સંબંધી ક્રિયાઓ, હેતુઓ અંગે સમજ આપતા હતા. ઉલ્લાસપૂર્વક આરાધના પૂરી થવા આવી ત્યારે સંઘવીઓએ તપસ્વીઓએ મળીને મોટી સાધારણ ટીપ કરી. તપની પૂર્ણાહૂતિના મહોત્સવ પ્રસંગે આચાર્યદેવેશ શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજ પણ પધાર્યા હતા.

પોષ વદ-૧૪ ને મંડપમાં મહોત્સવ શરૂ થયો. માળ ઉછામણીની શરૂઆત થઈ. તેમાં કુલ ૨૦૩ માળની ઉછામણી લગભગ ૫૯૦૦૦ રૂા. એ પહોંચી.

પોષ વદ ૦)) સાધ્વી શ્રી રંજનશ્રીજી મહારાજના છ માસિક તપના પારણા નિમિત્તે બૃહત્સિદ્ધચક્ર પૂજનવિધિ થઈ. સુદ-૨ ચતુર્થવ્રત, બારવ્રત વગેરે લીધા.

મહા સુદ-૪ ના રોજ જહાંપનાહની પોળેથી માળાનો વરઘોડો ચઢાવવામાં આવ્યો. વરઘોડામાં ૧૫૫ સાંબેલા, ઇન્દ્ર ધજા, બે હાથીઓ, ભગવન્તના ત્રણ રથો વગેરે હતા.

સાંબેલાઓની પાછળ પૂ. આચાર્યશ્રી વિજયહર્ષસૂરીશ્વરજી મહારાજ, પૂ.આ.

શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ, પૂ.આ. શ્રી રિદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ, પૂ આચાર્યશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજ, પૂ. આચાર્યશ્રી મનોહરસૂરીશ્વરજી મહારાજ, પૂ. આચાર્યશ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજ, પૂ. આચાર્યશ્રી ન્યાયસૂરિજી મહારાજ આદિ વિશાળ મુનિઓનો પરિવાર તથા અગ્રગણ્ય શ્રાવકો મેયર શ્રી ચીનુભાઈ શેઠ, ડેપ્યુટી મેયર શ્રી ચન્દ્રકાન્તભાઈ ગાંધી, બીજા અગ્રગણ્ય કોરપોરેટરો, બાબુ નિર્મળકુમારસિંહજી વગેરેએ હાજરી આપી હતી. રથની પાછળ સાધ્વીઓના વિશાળ પરિવાર સાથે શ્રાવિકાઓનો મોટો સમૂહ કે જેઓના માથે ઉપધાન તપની માળોની છાબોથી શોભતો લગભગ દોઢ માઈલ લાંબો વરઘોડો હતો. માળારોપણની વિધિ માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજે કરાવી હતી. વિધિની ક્રિયા સંપૂર્ણ થતાં શેઠાણી સૌભાગ્યલક્ષ્મીબેન તથા પાંચ સંઘવણો સમરતબેન મુલચન્દભાઈ, માણેકબેન મોહનલાલ છોટાલાલ, માણેકબેન શંકરલાલ છોટાલાલ, શાંતાબેન કેશવલાલ ચુનીલાલ, વિમળાબેન શંકરલાલ છોટાલાલ, છએ જણને માળારોપણ થઈ. ત્યારબાદ ક્રમવાર સઘળી માળારોપાણ થઈ.

તપસ્વીઓએ માળા પહેરી તે વખતે સંઘવીઓ તરફથી તથા સમૂહ ટીપમાંથી જુદી જુદી પ્રભાવનાઓ થઈ હતી.

• **મુંબઈ (લાલબાગ) :** અત્રે પૂજ્ય સ્વ. દાનસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગોરોહણ તિથિ નિમિત્તે વ્યાખ્યાનમાં પૂ. મુનિરાજશ્રી ગુણાકરવિજયજી આદિ મુનિપુંગવેગોની નિશ્રામાં પૂજ્યશ્રીના ગુણગાન કરાવાયા હતા અને બપોરે પૂજા તથા રાત્રે ભાવના થઈ હતી.

• **મહુવા :** પૂ.આ. શ્રીમદ્‌ **વિજયઉદયસૂરીશ્વરજી** મહારાજશ્રી આદિ અત્રે બિરાજમાન હતા. પૂ.સ્વ.આ. શ્રીમદ્‌ **વિજયનેમિસૂરીશ્વરજી** મહારાજના પગલા જે બોર્ડિંગની જોડે વિશાળ કંમ્પાઉંડમાં છે, ત્યાં કા. વદિ-૮ ના દિવસે અમીઝરણાં થયાં. અત્રે વૈશાખ સુદિમાં પૂ. શ્રીના સાનિધ્યમાં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવનાર છે.

• **સરીયદ :** અત્રેથી પૂ. આચાર્યદેવશ્રી શ્રીમદ્‌ વિજયશાંતિચન્દ્રસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં માગશર સુદિ ૧૩ના રોજ શ્રી શંખેશ્વરજી તીર્થનો છરી પાળતો સંઘ નીકળ્યો હતો. શંખેશ્વર તીર્થમાં પૂ. મુનિ શ્રી સુજ્ઞાનવિજયજી મ. ને ગણિપદ પ્રદાન, તેમજ રાધનપુર નિવાસી વૃદ્ધિલાલ છોટાલાલની સુપુત્રી બહેન દમયંતિની દીક્ષા થયેલ, અને નૂતન સાધ્વીજીનું નામ શ્રી સૂર્યમાલાશ્રીજી રાખી તેમને સૌભાગ્યશ્રીના શિષ્યા કરેલ. પૂ. શ્રી અત્રેથી વિહાર કરી ભાભર પધારશે.

• **શ્રી જૈન સંઘને ખોટ :** સેવાભાવી અને પ્રસિદ્ધ કાર્યકરો ઘાટકોપર-શેઠ ચત્રભુજ ગાંધી, વઢવાણ-વકીલ શ્રી ગુલાબચન્દ વાઘજીભાઈ, તથા શિરોહી (રાજસ્થાન) ના શ્રી બી.પી.સીંઘીના અવસાનથી સંઘને ખોટ પડી છે. ત્રણે સ્વર્ગસ્થ મહાનુભાવો સંઘસેવાના સારા કાર્યોમાં આગેવાની ભર્યો ભાગ લેતાં હતા. એમના આત્માને શાંતિ મળો.

• **ઝાંસી :** પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજશ્રી આદિ મુનિરાજો કાનપુરથી કાર્તિક વદિ-૬ ના વિહાર કરી માગશર સુદી-૧૦ મે અત્રે પધાર્યા. તેઓશ્રીનું ભવ્ય સામૈયું થયું. અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવની શુભ શરૂઆત થઈ. મહોત્સવમાં સંખ્યાબંધ ભાઈ-બહેનો પધાર્યા હતા. દેવદ્રવ્યની અને સાધારણ ખાતે ઉપજ સારી થઈ હતી. મહોત્સવ બાબુ મેલાપચન્દ તરફથી હોવા છતાં દેવદ્રવ્યની વૃદ્ધિ માટે બોલી બોલાવાઈ. માગશર વદી-૭ના રોજ પ્રતિષ્ઠા થયેલ. વદી-૯ ના દ્વારોદ્‌ઘાટનની બોલી ૧૩૦૧ બોલી ઝાંસીના દિગંબર જૈન ભાઈએ લાભ લીધો હતો. પૂજ્યશ્રીનાં પ્રવચનોમાં દિગંબર જૈનો તથા જૈનેતરો સારી સંખ્યામાં લાભ લેતા હતા. પૂજ્યશ્રી વિહાર કરી ફાગણ વદી પાંચમ સુધીમાં અમદાવાદ પધારવા સંભવ છે.

• **સમી :** અત્રે શંખેશ્વર તીર્થમાં પૂજ્ય આચાર્યશ્રી શ્રીમદ્ વિજય ભક્તિસૂરીશ્વરજી મહારાજશ્રીના સ્વ. શિષ્યરત્ન પૂ. મુનિશ્રી ભદ્રવિજયજી ગણિવરના શિષ્યરત્ન તપસ્વી મુનિપ્રવર શ્રી **પ્રબોધવિજયજી** મહારાજ સાહેબ કે જેઓએ વર્ધમાન તપ દરમ્યાન પાંચ વર્ષીતપ તેમાં ત્રણ ઉપવાસથી, એક છઠ્ઠથી, એક અઠ્ઠમથી તથા બે સોળ ભત્તા, છ અઠ્ઠાઈ આદિ કરેલ છે. તથા પૂ.આ.શ્રી ના સ્વ. શિષ્યરત્ન અનુયોગાચાર્ય પં. પ્રવર શ્રી **સુમતિવિજયજી** મ. સાહેબ કે-જેઓએ વર્ધમાન તપ દરમ્યાન બે વર્ષીતપ તેમાં એક ઉપવાસથી, એક છઠ્ઠથી, વીસ સ્થાનક તપ, ત્રણ સોળ ભત્તાં તથા અઠ્ઠાઈઓ આદિ કરેલ છે. તેઓશ્રી બંનેને વર્ધમાન તપની ૧૦૦મી ઓળીની થતી નિર્વિઘ્ન પૂર્ણાહૂતિ નિમિત્તે શ્રી શંખેશ્વર તીર્થમાં અષ્ટાન્હિકા મહોત્સવ મહા સુદ-૧૦ થી ઉજવવાનું નક્કી કર્યું છે. જિનભક્તિ, સાધર્મિક વાત્સલ્ય વગેરેની સુંદર પ્રભાવના થઈ. તપસ્વીઓ મહા સુદ ૧૩-૧૪-૧૫ ના દિવસોમાં ૧૦૦મી ઓળીને અંતે અઠ્ઠમતમ કર્યા બાદ મહા વદ-૧ ને બુધવારના દિવસે પૂજ્યશ્રીના શુભ હસ્તે ઓળીનું પારણું કરશે.

• **આદરીયાણા :** પૂ.પં. શ્રી તિલકવિજયજી મહારાજશ્રીના ઉપદેશથી અત્રેથી સંઘવી વર્ધમાન ઈચ્છાચન્દ તરફથી શ્રી શંખેશ્વરજી મહાતીર્થનો છ'રી પાળતો સંઘ તા. ૩૦-૧-૫૮ ના રોજ કાઢવામાં આવ્યો હતો. લોકો સારા પ્રમાણમાં જોડાયા

હતા. દેવભક્તિ વગેરે કાર્યો સારા થયાં હતાં. શ્રી શંખેશ્વરજી તીર્થમાં પં. શ્રી મહારાજશ્રીના વરદ હસ્તે સંઘવીને માળ પહેરાવશે.

• **ઉંબરી :** અત્રે પૂજ્ય આચાર્ય વિજય જંબુસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ મુનિરાજો પધારતાં સંઘે ભવ્ય સ્વાગત પૂર્વક પધારતાં જૈન-જૈનેતરમા હર્ષોલ્લાસ જાગ્યો. તે પ્રસંગે ગામના અગ્રગણ્ય ડૉ. સાહેબ, સ્કૂલના હેડ-શિક્ષકાદિની હાજરી હતી. અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ અંગે પૂજ્યશ્રીની પ્રેરણાથી અમદાવાદના સુશ્રદ્ધાળુ, અનુભવી સુશ્રાવક શ્રી ચીમનલાલ કેશવલાલ કડીયા તથા પાટણના શ્રી ભોગીલાલ મંત્રી, રાધનપુરના શ્રી છગનલાલભાઈ આદિ મહાનુભાવોએ સ્વયોગ્યકાર્યો સ્વશિરે અંગીકાર કર્યા હતાં. અન્ય કાર્યો અત્રેના સ્થાનિક સંઘની કમિટીઓએ સંભાળી લીધાં હતાં. અંજનશલાકા પ્રસંગે શ્રી મેરુ પર્વત, સમવસણ, ચંપાનગરી તથા ભવ્ય મંડપાદિની રચના કરાવાઈ રહી છે. ઉત્સવ અદ્‌ભુત થશે.

મહા સુદ-૧૩ કુંભ-સ્થાપના, જળયાત્રા-વરઘોડો, સુદ-૧૪ નંદાવર્તદિક્‌પાલ પૂજન, સુદ-૧૫ સિદ્ધચક્ર પૂજન વદ-૧ ચ્યવન કલ્યાણક, વદ-૨ જન્મકલ્યાણક, વદ-૩/૪ જન્મ વધામણી આદિ, વદ-૫ દીક્ષા વરઘોડો તથા અમદાવાદવાળા શ્રી ડાહ્યાભાઈની દીક્ષા, વદ-૬ દીક્ષા કલ્યાણક તથા ચઢાવા, વદ-૭ કેવળજ્ઞાન કલ્યાણક અને અંજનવિધિ તથા પ્રતિષ્ઠા અષ્ટોત્તરીસ્નાત્ર અને વદ-૮ દ્વારોદ્‌ઘાટન ઈત્યાદિ ભવ્ય પ્રસંગો યોજાયા છે. બધા દિવસોએ નવકારશી જમણ છે. આ અંગે સકલ સંઘને આમંત્રણની સુન્દર પત્રિકા કાઢવામાં આવી છે. એમાં ખાસ જણાવવામાં આવ્યું છે કે 'આપણો દેશ આજે અનેક કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. રાજ્ય પ્રજા સમગ્રની શાંતિને માટે આવી પુણ્ય ક્રિયાઓની અતિ આવશ્યકતા છે. પ્રભુજીની અંજન-શલાકા એટલે વિશ્વમાત્રનું પરમ કલ્યાણ કરનારાં પાંચે કલ્યાણકોનો સાક્ષાત્ સમવતાર પૂર્વક નેત્રોત્મીલન કરવું તે છે. આ પ્રસંગ વિશ્વ કલ્યાણના યજ્ઞરૂપ છે. અમે આશા રાખીએ છીએ આ પ્રસંગને સહુ અંતરના ઉમળકાથી વધાવી લઈ સ્વપરના અભ્યુદય-લાભમાં વૃદ્ધિ કરશો.'

• **રહિમતપુર :** (જી. સતારા) અત્રે શેઠ મોહનલાલ તુકારામના માતુશ્રી તાનુબાઈ કે જેમણે ૧૯૮૪ના પૂ.આ. શ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી મ. શ્રીના વરદ હસ્તે અમદાવાદમાં ઉપધાન તપ કરી માળ પહેરી હતી, માસખમણ જેવી કઠોર તપસ્યા, છેવટે પાંચ માસની આયંબિલની તપસ્યા પૂર્ણ કરી ચારિત્ર્ય અંગીકાર કર્યું હતું. તે **સાધ્વીજી શ્રી હેમશ્રીજી મ.** બન્યા હતા. એમણે ૨૮ વર્ષ ચારિત્ર પાળી એ પાટણમાં ૨૦૧૨ના શ્રાવણ વદ ચોથના દિવસે સમાધિ પૂર્વક કાળધર્મ પામ્યા

હતાં, તે પૂજ્યશ્રીના શ્રેયાર્થે તેઓશ્રીના સંસારી પુત્રો તરફથી શ્રી અષ્ટાહ્નિક બૃહદ્ શાંતિસ્નાત્ર સહિત મહોત્સવ મહા સુદ ૧૩ ને રવિવારથી ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

● **લીંચ :** અત્રે પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજની નિશ્રામાં ભવ્ય ઉપધાન તપ આરાધાયો. તપસ્વીઓએ વચમાં વચમાં અઠ્ઠમનો અને એકાસણની જગાએ આંબેલ પણ કર્યા. બીજી પણ સુંદર આરાધનાઓ થઈ. માળ વખતે પૂ.પં. શ્રી કાન્તિવિજયજી ગણિવર પધારવાથી શોભા વધી. માળની ઉપજમાંથી ૫૦૦૦ રૂા. રતલામ પ્રકરણમાં અપાયા.

● **અમદાવાદ :** પૂજ્ય આચાર્યદેવશ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** ઝવેરીવાડના લત્તામાં સારો લાભ આપી રહ્યા છે. શેઠ કલ્યાણભાઈ અમૃતલાલ, શેઠ રમણલાલ સારાભાઈ, વકિલ મંગળદાસ મનસુખરામ તથા શેઠ કલ્યાણભાઈ મોહનલાલ તરફથી બહાર પડેલા આમંત્રણ મુજબ હાથીખાનામાં વિશાળ મંડપની નીચે વ્રતોચ્ચારણ તથા અષ્ટાહ્નિક વ્યાખ્યાનો થયા. વિશાળ મેદનીએ લાભ લઈ અદ્‌ભુત ધર્મપ્રેરણા મેળવી. કાવ્યમય સંવાદ વગેરેથી હૈયા ડોલ્યા. ઝવેરીવાડમાં ધર્મપ્રભાવના કરાવવામાં શેઠ પરસોત્તમદાસ વાડીલાલ અને શ્રી હીરાભાઈ ગાંધી વગેરેએ સારી મહેનત કરી.

● **લાવરીની પોળ :** પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ઉત્સવ સુન્દર ઉજવાયો. મુનિઓને ભગવતી સૂત્રના યોગપ્રવેશ વખતે શ્રાવક-શ્રાવિકાઓએ વ્રતો ઉચર્યા. સુદ-૧૫ વિશિષ્ટ પ્રકારનું નંદાવર્તનું મહાપૂજન થયું.

● **મુંબઈ (દાદર) :** જૈન જ્ઞાનમંદિરમાં પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજની પૂનિત-પ્રેરણા અને તેઓશ્રીનાં શુભ સાનિધ્યમાં શ્રી વર્ધમાનતપ આયંબિલ ખાતાની સ્થાપના પોષ વદ-૧૧ના મંગળ દિવસે કરવામાં આવી. તે દિવસે ૧૬૦ ઉપરાંત આયંબિલ થયાં હતાં, શા. અમૃતલાલ દીપચન્દ તરફથી સ્નાત્રમહોત્સવ, મોટી પૂજા, આંગી અને આજના આયંબિલનો તમામ ખર્ચ આપવામાં આવ્યો હતો, પૂજ્ય આચાર્યદેવાદિના મંગળ પ્રવચનો થયાં હતાં, શેઠ દામજીભાઈ જેઠાભાઈ તથા શાન્તિલાલ પાનાચન્દ દોશીએ પ્રેરક ભાષણો આપ્યા

હતા, શેઠ ગોવિન્દજી જેવત ખોનાના હસ્તે ઉદ્‌ઘાટન વિધિ થઈ હતી, અનેકોએ વર્ધમાનતપનો પાયો નાખવાનો અભિગ્રહ લીધો હતો. તે જ દિવસે સૂરિજીનો વિહાર અમદાવાદ તરફ થયો હતો, સ્થળે સ્થળે પ્રવચનોમાં જનતા મોટી સંખ્યામાં ઉમટતી હતી, રવિવારે મલાડ-ગુરુ-શિષ્યના જાહેર પ્રવચનો યોજાતાં બેથી અઢી હજાર માણસોએ લાભ લીધો હતો, શ્રી સંઘે સારી ભક્તિ કરી હતી. ત્યાંથી તેઓશ્રી અગાસી, પાલઘર વગેરે થઈ મહા સુદી ૧૪-૧૫ ના વાપી પધારશે અને મહા વદમાં સૂરત પધારશે.

● શ્રી સિદ્ધહેમ સરસ્વતી પ્રકાશન સમારંભ

તા. ૧૨-૧-૫૮ રવિવારે શાન્તાક્રુઝમાં પૂજ્ય આચાર્યશ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શ્રી સિદ્ધ-હેમ સરસ્વતી ગ્રંન્થનો પ્રકાશન સમારંભ શ્રી સંઘ તરફથી ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો.

એમાં બાળાઓએ મંગલગીત ગાયા બાદ સંઘના મેનેજીંગ સેક્રેટરી ચન્દુભાઈએ પત્રિકા વાંચન કર્યું. ત્યારબાદ એક બહેને સુન્દર સ્વરે સ્તવન ગાયું. આચાર્ય મહારાજશ્રીએ મંગલાચરણ કરીને શ્રી હેમચન્દ્રાચાર્યના વ્યાકરણનું મહત્ત્વ, તે પરના ટીકા ગ્રંથો, તેનો પરિચય આપીને પ્રસ્તુત ટીકાગ્રંથની વિશિષ્ટતા પ્રેરક શબ્દોમાં સમજાવી હતી.

ત્યારબાદ ટીકાકાર પૂજ્ય પંન્યાસજી શ્રી ધુરંધરવિજયજી ગણિવરે વ્યાકરણની આવશ્યક્તા, તેમાં શ્રી હેમચન્દ્રસૂરિજીના શબ્દાનુશાસનનું વિશિષ્ટ તેના ઉપર થયેલ વિશાળ ખેડાણ, ગુજરાતનું મહત્ત્વ, પ્રસ્તુત શ્લોકબદ્ધ ટીકા રચવાની વૃત્તિ કઈ રીતે જન્મી, તે કાર્ય કેવું કઠિન છે, આવી કાવ્યમય સાંગોપાંગ ટીકા પ્રથમ જ છે, વગેરે વિવરણ કર્યું હતું.

પોદાર હાઈસ્કૂલના પ્રિન્સિપાલ શ્રીયુત રામભાઈ બક્ષી એ પોતે શબ્દબ્રહ્મના ઉપાસક છે. શબ્દબ્રહ્મની સાધના કેવી વિકટ છે. પ્રકૃતિ પ્રત્યેનું ભાન ન હોય તો ભાષામાં ગૂંચવાડો થાય. વ્યાકરણથી ભાષા શુદ્ધિ થાય છે. વ્યાકરણનું અધ્યયન કેવું ગહન છે, તેમાં પ્રવેશ કરવા માટે રસ જન્માવવા પૂર્વક આ વૃત્તિ કેવી સમર્થ છે તેની સમજ આપી હતી. આ વ્યાકરણ ગ્રંથનો વધુ પ્રચાર કરવા સૂચન કર્યું હતું.

ત્યારબાદ શતાવધાની ધીરજલાલ ટી.શાહે ટીકાકાર પૂજ્યપાદ પંન્યાસજી મહારાજનો પરિચય આપતાં સૌરાષ્ટ્રનું વૈશિષ્ટ્ય, મહારાજશ્રીનો ત્યાં જન્મ ઉછેર. અધ્યયન વૈરાગ્યની જાગૃતિ દીક્ષા શાસ્ત્રાધ્યયન સાધના વગેરે વર્ણવીને મહારાજશ્રીએ

કરેલા ૪૫ ગ્રંથોનો પરિચય કરાવ્યો હતો. તેમાં ભાષા, વ્યાકરણ, છન્દ, સાહિત્ય, તત્ત્વજ્ઞાન, કથા, સ્તવનો, કાવ્ય, જ્યોતિષ મંત્રશાસ્ત્ર વગેરે વિષયના કરેલા ગ્રંથોની ટૂંક તથા વિશદ સમજણ આપી હતી. ૪૫ માંથી ૧૭ ગ્રંથો પ્રગટ થયા છે. બાકીના ગ્રંથોનું પ્રકાશન બાકી છે. એ અંગે સંઘનું કર્તવ્ય શું છે એ સમજાવ્યું હતું. પોતાનો હાર્દિક ભાવ વ્યક્ત કરતું પ્રેરક વક્તવ્ય સમાપ્ત કરતાં મહારાજશ્રીજીના સર્વતોમુખી પાંડિત્યનો લાભ લેવા સર્વને પ્રેરણા કરી હતી.

પછીથી શેઠ **શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી** બી.એ. એ પોતાનું રમુજી છતાં પ્રાસંગિક સુબદ્ધ શૈલીથી વક્તવ્ય કર્યું હતું, વ્યાકરણને ગોખવું પડે છે એ કેટલું વિષમ છે કે જેને લઈને એ વ્યાધિકરણ કહેવાય છે, ત્યારે આ પ્રયાસથી એ કાઠિન્ય દૂર થાય છે. એ અંગેના પોતાના થોડા અનુભવો જણાવ્યા હતા.

એ પછી **શ્રી ભાનુશંકર વ્યાસે** (બાદરાયણ) વિદ્વત્તાપૂર્ણ વ્યાકરણનો પરિચય કરાવતું વક્તવ્ય કર્યું હતું. તેમાં પરા વિદ્યા અને અપરા વિદ્યાનો પરિચય આપીને પરા વિદ્યાને કાંઈ પણ પર નથી. પરા વિદ્યાના સાધકો કેટલું કરી શકે છે તેનો ખ્યાલ આપ્યો હતો. શ્રી હેમચન્દ્રસૂરિજીના વ્યાકરણનું વૈશિષ્ટ્ય કેવું છે, આ ટીકાનું મહત્ત્વ શું છે એ સમજાવ્યું હતું.

ત્યારબાદ **અંધેરી સંસ્કૃત કૉલેજના પ્રધાન અધ્યાપક શ્રી જીવેશ્વર પંડિતજીએ** હિન્દી ભાષામાં વ્યાકરણનું વૈશિષ્ટ્ય તેની આવશ્યકતા તેમાં દરેકનો ફાળો હોવો જોઈએ, કારણ કે દરેકને તેની જરૂર પડે છે તેનું અધ્યયન કેવું ગહન છે, આચાર્યોપાસનાથી તે સાધ્ય બને છે. આ ગ્રંથ કેવો વિશિષ્ટ છે ઇત્યાદિ સચોટ રજૂ કર્યું હતું. જીવદયા મંડળીના મુખ્ય કાર્યકર જયંતીલાલ માનકરે ટૂંકુ પણ સુંદર વક્તવ્ય કર્યું હતું. એ પછી પ્રાણજીવનભાઈએ આવેલા સંદેશાઓનું વાંચન કર્યું હતું. પછી શ્રી સંઘના પ્રમુખ હિરાભાઈ લલ્લુભાઈ શાહે ટૂંક વક્તવ્ય કરીને બદામી શ્રીયુત પ્રસન્નમુખ સુરચન્દ સ્મોલ કોઝીઝ કોર્ટના જજ સાહેબને ઉદ્‌ઘાટન કરવા વિનંતી કરી હતી,

બદામી સાહેબે વ્યાકરણનો પોતાનો અલ્પ અનુભવ તેમાં પ્રસ્તુત ગ્રંથની વિશિષ્ટતા શ્રી હેમચન્દ્રચાર્યનો સમય, ગુજરાતની અસ્મિતા, સિદ્ધરાજનું સ્વાભિમાન, તેમાંથી થયેલી વ્યાકરણની ઉત્પત્તિ, તેનું કરેલું બહુમાન વગેરે સુન્દર રીતે સમજાવીને ગ્રંથનું ઉદ્‌ઘાટન કરીને પૂજન કર્યું હતું. ત્યારબાદ શ્રી અમૃતલાલભાઈ, નગીનદાસ સંઘવી વગેરેએ પૂજન કર્યું હતું. વ્યાકરણની નકલોની નોંધ થઈ હતી. પછીથી અહીંના ભૂતપૂર્વ પ્રમુખ પુરુષોત્તમદાસે આભાર દર્શન કર્યું હતું. છેવટે પૂજ્ય

આચાર્યદેવે સર્વ મંગલ કર્યા બાદ સભા વિસર્જન થઈ હતી.

સમારંભમાં મુંબઈ અને પરાઓમાંથી પધારેલા વિશિષ્ટ ગૃહસ્થોની સારા પ્રમાણમાં હાજરી ધ્યાન ખેંચતી હતી. બાજુમાં ગોઠવેલા પ્રાચીન પુસ્તકોનું પ્રદર્શનના દર્શન કરી અલ્પાહારને ન્યાય આપી સર્વે વિસર્જન થયા હતા, બપોરે પીસ્તાલીશ આગમની પૂજા અને રાત્રે ભાવનામાં પ્રસિદ્ધ સંગીતકાર દેવેન્દ્રભાઈએ સારો રસ જમાવ્યો હતો.

• **આદરીયાણા :** સંઘવી વર્ધમાન ઇચ્છાચન્દે પૂજ્યપાદ પંન્યાસજી તિલકવિજયજી ગણિવર આદિ મહારાજ સાહેબો તથા પૂજ્ય સાધ્વીજી બિંદુપૂર્ણાશ્રીજી આદિ મહારાજ સા. ની નિશ્રામાં અત્રેથી શ્રી શંખેશ્વરજીનો છ'રી પાળતો સંઘ કાઢેલ તે નિમિત્તે મહા સુદ-૧૦ ના સવારમાં શ્રી નવાણું પ્રકારની પૂજા, પ્રભાવના, શ્રી આદરીઆણા સંઘ તરફથી નોકારસી, બપોરના સંઘ પ્રયાણ નિમિત્તે ભવ્ય વરઘોડો અને પ્રભાવના, સાંજની સંઘવી તરફથી નોકારસી. પ્રભુની અંગરચના થઈ. મહા સુદ-૧૧ સવારના સાત વાગે શ્રી સંઘ પ્રયાણ કરી બોલેરા પહોંચતા ત્યાંના સંઘે સામૈયું કરેલ તેમજ ગહુંલીઓ થઈ અને બોલેરાના સંઘ તરફથી ચા-નાસ્તો, બોલેરાથી સાડા દસ વાગે પ્રયાણ કરી સાડા અગીયાર વાગે શ્રી શંખેશ્વરજી પહોંચતાં ત્યાં શ્રી પેઢી તરફથી સામૈયું થયેલ તેમજ ગહુંલી થઈ. શ્રી પ્રભુજીની ભક્તિ કરી. પૂજ્યપાદ પંન્યાસજી શ્રી તિલકવિજયજી મહારાજ સાહેબે વ્યાખ્યાન આપેલ. પ્રભાવના થઈ સંઘ જમણ થયેલ તેમજ શ્રી પંચ કલ્યાણકની પૂજા, પ્રભાવના, અંગરચના, ભાવના, મહા સુદ-૧૨ સવારના નવ વાગે પૂજ્યપાદ પંન્યાસજી મહારાજ સાહેબે વ્યાખ્યાન આપેલ. પ્રભાવના થઈ, બંને ટંકનું સાધર્મીવાત્સલ્ય બપોરે બાર વ્રતની પૂજા પ્રભાવના ભવ્ય અંગરચના રાત્રે ભાવના-પ્રભાવના. રાત્રે દસ વાગે આદરીઆણાના શ્રી જૈન યુવક મંડળે ''સંપત્તિનો નશો'' એ પ્રસંગ સુંદર રીતે બતાવ્યો હતો. મહા સુદ-૧૩ સવારે નવ વાગે પૂજ્ય પંન્યાસજી તિલકવિજયજી ગણિવરના વરદ હસ્તે સંઘવી વર્ધમાનભાઈને તથા તેમના સુપુત્રી લલીતાબહેનને તીર્થમાલા પહેરાવવામાં આવી. તે પ્રસંગે શ્રી જૈનધર્મ આરાધક મંડળના મંત્રી શ્રી રસીકભાઈએ સુંદર ગીત ગવરાવતાં સંઘમાં અતિ હર્ષની લાગણી ફેલાઈ હતી. પ્રભાવના થઈ. આખા દિવસની નોકારસી, બપોરે શ્રી અંતરાય કર્મની પૂજા. અંગરચના-પ્રભાવના, રાત્રે ભાવના. અમદાવાદથી આવેલ જૈનધર્મ આરાધક મંડળે સુદી ૧૨-૧૩ બંને દિવસો બપોરે પૂજામાં તથા રાત્રે ભાવનામાં ભક્તિરસ જમાવી આવેલ જૈન તથા જૈનેતર ભાઈઓના દિલમાં અનેરો ઉત્સાહ પ્રગટાવી શાસન

શોભામાં ઘણી જ વૃદ્ધિ કરી હતી.

● **ધાર્મિક પરીક્ષાઓ :** પોષ સુદી ૨ થી શ્રી જૈન શ્રેયસ્કર મંડળ મહેસાણા તરફથી પરીક્ષક શ્રી રામચન્દ્ર ડી. શાહે પાઠશાળાની વિઝિટો લીધી અને ધાર્મિક શિક્ષણ માટે ઉપદેશ કરી સંઘને સમજાવી પાઠશાળા ચાલુ કરાવી. શાળાનો એક વર્ષનો સંપૂર્ણ ખર્ચ પટેલ શ્રી સોમાભાઈએ આપવાનું જાહેર કર્યું. પ્રભાવનાઓ થઈ. **પેટલાદ :** રતનપોળ જૈન પાઠશાળાની પરીક્ષા લીધી. પરિણામ ઠીક છે. શા. મણિલાલ છગનલાલ તરફથી ઈનામો વહેંચાયા. શ્રી લીંબડી શેઠની પાઠશાળા લગભગ પાંચેક માસથી બંધ હતી. તે શાખાના કાર્યવાહકોને સમજાવી, ચાલુ કરાવી. પેંડાની પ્રભાવના થઈ. **તારાપુર :** પાઠશાળાની પરીક્ષા લીધી. પરિણામ ઠીક છે. પ્રભાવના થઈ. **વડોદરા :** પરીક્ષા થોડા સમય પહેલાં થઈ ગયેલી હોવાથી પાઠશાળાઓની યોગ્ય માહિતી મેળવવામાં આવી. **ડભોઈ :** પાઠશાળાની પરીક્ષા લેવામાં આવી. પરિણામ સારું છે, સંખ્યાનું પ્રમાણ વિશેષ હોવાથી જોઈન્ટ શિક્ષક રાખવાની ખાસ ભલામણ કરવામાં આવી. આ પરીક્ષાનો મેળાવડો ચૈત્ર સુદી તેરસે કરવાનો નિર્ણય લેવાયો, કાર્યવાહકોએ મહેસાણા સંસ્થાને ૨૫/- રૂપિયા ભેટ આપવાની જાહેરાત કરી. **છાણી :** પાઠશાળા ઘણો સમય થયાં બંધ હતી. તે પરીક્ષકે કાર્યવાહકોને સમજાવી ચાલુ કરાવી, પરીક્ષી લીધી. પરિણામ મંદ હોવાથી સભા રાખી પરીક્ષકે યોગ્ય ઉપદેશ કર્યો. 'ઈનામો વહેંચાયા.' **પાદરા :** પાઠશાળા વ્યવસ્થિત નહોતી તે પરીક્ષકે યોગ્ય પ્રયત્ન કરી કાંઈક વ્યવસ્થિત બનાવી, કાર્યવાહકોને સમજાવી એક બહેનને રાખવામાં આવ્યાં. **દરાપુરા :** પાઠશાળાની પરીક્ષા લેવામાં આવી. પરિણામ ઠીક છે. મહેતા નટવરલાલ દીપચન્દે ઈનામો વહેંચ્યાં. **માસરરોડ :** પાઠશાળા માટે યોગ્ય ઉપદેશ કર્યો અને ખર્ચ માટે સંઘમાંથી એક વર્ષનું ફંડ એકઠું કરવામાં આવ્યું. બહારગામથી બહેનને બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું. મહા સુદી-૩ લગભગ પાઠશાળા ચાલુ થશે. **જંબુસર :** પાઠશાળાની પરીક્ષા લેવામાં આવી. પરિણામ ઠીક છે. પરીક્ષા બાદ મેળાવડો થયો. શેઠ ચંદુલાલ જમનાદાસ તરફથી લગભગ પાંત્રીસ રૂપીયાનાં ઈનામો વહેંચાયા. **આમોદ :** પાઠશાળાની વિઝિટ કરી શાળા વ્યવસ્થિત છે. યોગ્ય ભલામણો કરી. **(ભરૂચ) વેજલપોર :** મારવાડીભાઈઓ તરફથી તેમજ શ્રી લાડુઆ શ્રીમાળી તરફથી ચાલતી પાઠશાળાની વિઝિટ લઈ યોગ્ય સૂચનો કર્યાં. **ભરૂચ (શ્રીમાળી પોળ) :** પાઠશાળા બંધ છે. કાર્યવાહકોને સમજાવવામાં આવ્યા. શિક્ષક મલ્યે શાળા ચાલુ કરવાનો નિર્ણય થયો. **પાલેજ :** પાઠશાળાની પરીક્ષા લીધી, પરિણામ સારું છે. મેળાવડો થયો. લગભગ દોઢસો રૂપિયાનાં ઈનામો

વહેંચાયાં. શિક્ષકને પણ યોગ્ય ઈનામ આપવામાં આવ્યું. **કરજણ :** પાઠશાળા વ્યવસ્થિત નથી. કાર્યવાહકોને યોગ્ય ભલામણો કરવામાં આવી છે. શાળામાં યોગ્ય ઉપદેશ કરવામાં આવ્યો. **મીયાંગામ :** પાઠશાળાની પરીક્ષા લેવામાં આવી. પરિણામ સારું છે. મેળાવડો થયો. લગભગ ૬૫/- રૂપિયાનાં ઈનામો વહેચાયાં, શિક્ષકને પણ યોગ્ય ઈનામ અપાયું. સંગીતનો કેટલાક છોકરાઓ સારો લાભ લે છે. **સિનોર :** પાઠશાળાની પરીક્ષા લીધી. પરિણામ મંદ છે. શાળા વ્યવસ્થિત નથી. વ્યવસ્થિત કરવા માટે કાર્યવાહકોને સમજાવી ઈનામો વહેંચવાનું નક્કી કર્યું.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૬,અંક-૨૩,તા.૨૨-૨-૧૯૫૮

● **મુંબઈ-(કોટ) :** અત્રે પૂ.આ.શ્રી વિજયપ્રતાપસૂરિજી તથા પૂ.આ.શ્રી વિજયધર્મસૂરીજી મહારાજની નિશ્રામાં માંગરોળ નિવાસી શેઠશ્રી નેમીદાસ અભેચન્દ તથા એમના ધર્મપત્ની શ્રી પ્રભાવતી બહેન જેઓ કોટમાં વસે છે, ને બંનેને વરસીતપ ચાલે છે. તેઓએ નવપદજી, જ્ઞાનપંચમી આદિ વિવિધ તપશ્ચર્યાઓ કરી તે નિમિત્તે જૈન ઉપાશ્રયમાં તેમના ૧૬ છોડ તથા શેઠ જમનાદાસ મોરારજીના પાંચ છોડ તથા માંગરોળ વેરાવળ-પાટણના અન્ય ગૃહસ્થોના મળીને કુલ ૨૭ છોડ-ચંદરવા-પુંઠીયાનું ઉજમણું વિશાળ હૉલમાં ખાસ મંડપ ઊભો કરીને કરવામાં આવ્યું હતું. વિવિધ પ્રસંગોના વિવિધ પ્રકારની ડીઝાઈનોવાળા કિંમતી છોડ-પીંછવાઈઓ લટકાવ્યા હતા સિદ્ધચક્ર બૃહદ્યંત્રને લગતા છોડો ભારે આકર્ષક બન્યા હતા. જાણકારો બોલતાં કે-આ નોવેલ્ટી આજે જ જોવા મળી. સમ્યગ્જ્ઞાન-દર્શન અને ચારિત્રના જે ઉપકરણો મૂક્યા હતા તે જનતાની ભારે પ્રશંસા પામ્યા હતા. શ્રેયાંસકુમાર ઈક્ષુરસનું દાન દે છે તેની હાલતી-ચાલતી રચનાએ તો કમાલ કરી હતી. ઉજમણાના મંડપમાં ચઢ-ઉતર સ્ટેજ બનાવ્યું હતું. વચમાં મોટા સ્ટેજ, વચમાં પ્રભુજી ને તેની પાછળ ઠાણામાં શેઠ નેમીદાસ ને તેમના દંપતીએ જ પ્રભુજી પધરાવેલા હોવાથી ત્યાંના મંદિર માટે ખાસ બનાવેલ કિંમતી મખમલનો છોડ લટકાવ્યો હતો. બંને બાજુએ શ્રીપાળ મહારાજાના જાત જાતના દશ્યો કલાત્મક જણાતા હતા. હજારો માણસોનાં ટોળે ટોળાં દર્શનાર્થે ઉમટ્યા હતા. રંગબેરંગી ઝગારા મારતુ બહુમૂલ્ય પ્રદર્શન જોઈ ભારે અનુમોદનાઓ થતી. જૈન, જૈનેતરો, પારસી, મુસલમાનો, અગ્રગણ્ય વ્યક્તિઓએ પણ આનો લાભ ઉઠાવ્યો હતો. છેલ્લા દિવસે સિદ્ધચક્ર પૂજન ભણાવ્યું હતું.

● **ભાયખલા :** પૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.સાહેબ તથા આદિ મુનિપુંગવોની નિશ્રામાં કું મુક્તાબહેને ભાગવતી દીક્ષા મહા સુદ-૧૦ ના દિવસે અંગીકારી કરી પૂ.સા. શ્રી લાવણ્યશ્રીના શિષ્યા તરીકે શ્રી મૃગલોચનાશ્રી નામ રખાયું. આદીશ્વર જિનાલયે ત્રણ દિવસનો ઉત્સવ ઉજવાયો. દીક્ષાર્થી બહેનને માટુંગા, શીવ, મુલુંડ, ભાયખલામાં અભિનન્દન અપાયાં.

● **સિહોર :** છ ગાઉંની પ્રદક્ષિણાનો મહાન દિવસ ફાગણ સુદ-૧૩ સાડા આઠ કોડ મુનિવરોની સાથે શત્રુંજયના ભાડવા નામના વિભાગ ઉપર શાંબ અને પ્રદ્યુમ્ન આદિ મોક્ષ પામ્યા. આ પવિત્ર ભૂમીતળની યાત્રા કરી અપૂર્વ લાભ મેળવો. આ શુભ દિને શ્રી સિહોર પાલકમિટી દ્વારા પ્રત્યેક યાત્રીઓને ચા, દૂધ, દહીં, ઢેબરા ઈત્યાદિ આપવાની સુંદર વ્યવસ્થા કોઈ પણ પ્રકારના ભેદભાવ સિવાય કરવામાં આવશે, તો યાત્રાએ પધારી અમોને પણ આપની સેવાશુશ્રૂષા કરવાની તક આપશો.

લી. શ્રી સિહોર પાલકમિટી વતી,
જયન્તીલાલ ટી. શાહના જયજીનેન્દ્ર.

ઉપર મુજબનું આમંત્રણ કાઢવામાં આવ્યું છે. નવ વર્ષથી કમિટી સેવા-પ્રશંસનીય કરે છે. ખર્ચ અને આવકનો રીપોર્ટ બહાર પાડે છે. પ્રામાણિકતા અનુમોદનીય છે. સેવામાં લાભ લેવો હોય તે કમિટીને ફાળો મોકલી આપે.

● નૂતન આદિનાથજીનો ગાદીનશીન દિવસ મહા વદ-૧ ના પ્રસંગે શ્રી સંઘ તરફથી મહા સુદ-૧૩ થી મહા વદ-૧ સુધીનો મહોત્સવનો કાર્યક્રમ યોજાયેલ હતો. મહા સુદી-૧૩ રવિવારે કુંભસ્થાપના, મહા સુદ-૧૫ નવગ્રહ દશદિગ્પાળ પૂજન, તથા મહા વદી-૧ બુધવાર સવારના ભવ્ય દબદબાપૂર્વક શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. તેમજ સ્વામી વાત્સલ્ય પણ થયું હતું.

● **રતલામ :** વ્યા.વા.પૂ. આચાર્યદેવશ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ ઉગ્રવિહાર કરીને અમદાવાદ પધારી રહ્યા છે. ઝાંસીથી નીકળ્યા પછી ઈંદોરની વિનંતી સ્વીકારી લીધી હોવાથી ઈંદોર પધાર્યા. પણ ત્યાં રતલામ સંઘના અતિ આગ્રહને લીધે ૫ માઈલનો વિહાર વધારી રતલામ પધારવાની વિનંતી સ્વીકારવી પડી. ઈંદોરમાં અભૂતપૂર્વ સામૈયું થયું, વિશિષ્ટ પ્રવચનો થયાં. આખા શહેરમાં ધર્મનું વાતાવરણ પ્રસરી ગયું. અહીં દિગંબરોની મોટી વસ્તી છે. એમણે પણ પ્રવચન સાંભળી નવું ચૈતન્ય અનુભવ્યું. ત્યાંથી વિહાર કરી પૂજ્યશ્રી ક્રમશઃ મહા સુદ-૬ ઉજ્જૈન પધાર્યા. અહીં તો સંઘમાં અજબ ઉલ્લાસ હતો. ભવ્ય સામૈયાથી પ્રવેશ

કરતાં ગહુંલીઓ કરનાર મહિલાગણની પડાપડી થઈ હતી. પ્રવેશ દિવસના પ્રવચનની જબ્બર અસર થવાથી બીજે દિવસે પ્રવચન સાંભળવા માનવનો મહેરામણ ઉલટ્યો હતો. મેજીસ્ટ્રેટ વગેરે અધિકારી વર્ગ પણ તલ્લીન બની પ્રવચન સાંભળતો હતો. શ્રોતાઓના હૈયાં ધર્મભાવનામાં એવા ડોલી ઉઠ્યાં હતાં કે એની એક અસરરૂપે બપોરે વિહાર થતાં વળાવવા માટે સામૈયા જેવી મેદની પૂજ્યશ્રીની પાછળ લાગી હતી. સૌને એમ હતું કે પૂજ્યશ્રી રોકાઈ જાય. પરંતુ વિહાર આવશ્યક હતો, તેથી લોકના રડતા હૈયે વિહાર આગળ વધ્યો. ઉન્હેલ, પીપલોદમાં સુન્દર સ્વાગત અને પ્રવચનો થયાં. અહીં રતલામ, નાગદા, મહીદપુર, ખાચરોદ; ઉજ્જૈન, મક્ષીજી વગેરેથી સંખ્યાબંધ ભાઈઓ વંદન-વાણી શ્રવણાદિ માટે આવ્યા હતા. બાદ ખાચરોદ અને મલવાસામાં પ્રવચનનો સુન્દર લાભ લેવાયો. મહા સુદ-૧૩ પૂ. આચાર્યદેવ રતલામ પધાર્યા. અહીં શ્વેતાંમ્બર મૂર્તિપૂજક ઉપરાંત સ્થાનકવાસી, દિગંબરો ને તેરાથંથી સંઘ સ્વાગતમાં સામેલ હતો. ઉલ્લાસ અને ભક્તિ એટલા બધા અપૂર્વ હતા કે એ વર્તમાન રતલામ પ્રકરણની વચ્ચે એક આશ્ચર્ય ઘટના બની ગઈ. સ્વાગત માટે બજારને શણગારવામાં આવેલો. ઠેર ઠેર ધજાઓ, દરવાજા કમાનો વગેરેથી બજાજખાનાનો રસ્તો મંડપ જેવો ભાસતો હતો. સામૈયું ૨ કલાક ઉપરાંત ફર્યું. શરૂથી અંત સુધી ગહુંલીઓ ચાલુ રહી. બજાજખાનામાં મંડપમાં પ્રભાવક દેશના થઈ. શહેરની હવા ફરી ગઈ. પછી સોમ, મંગળ, બુધ, રોજ સવારે બજારમાં જ વ્યાખ્યાનો થયાં. શ્રોતામેદની અસાધારણ હતી. જૈનતરો પણ સાંભળવા આવતા પૂજ્ય આચાર્યદેવે હાઈકોર્ટના ફેંસલાનો અમલ થવો જરૂરી છે એમ જણાવ્યું હતું. બુધવારે વ્યાખ્યાન પૂર્ણ થતાં સ્થાનકવાસી આગેવાન ચાંદમલજીએ પૂજ્યશ્રીને વધુ રોકાવા માટે આગ્રહભરી વિનંતી કરી, પરંતુ હાલ સંયોગો નહિ હોવાથી તેમ થવું અશક્ય હતું. બપોરના ત્યાંથી વિહાર થતાં હજારો ભાઈ-બહેનો વળાવવા આવ્યા હતા.

ડૉ. શ્રી પ્રેમસિંહજી રાઠોડ અહીંના રહેવાસી છે. તેઓ ઘણા લાંબા સમયથી કોંગ્રેસના સભ્ય હતા. વળી તેઓશ્રી એક વખતે મધ્યપ્રદેશની સરકારમાં આરોગ્યપ્રધાન હતા. અખિલ ભારતીય શ્રી રાજેન્દ્ર જૈન સભા નામે એક સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી, તે સંસ્થાના તેઓશ્રી ઉપપ્રમુખ હતા, પણ સખેદ જાણવા મળ્યું છે કે ત્યાંની કોંગ્રેસ કમિટીએ શ્રી રાજેન્દ્ર જૈન સભાને એક સાંપ્રદાયિક સંસ્થાના સભ્ય તરીકે જાહેર કરીને ડૉ. શ્રી પ્રેમસિંહજી રાઠોડને કોંગ્રેસના સામાન્ય સભ્યપદેથી દૂર કરવામાં આવ્યા છે. રતલામ પ્રકરણમાં ન્યાયની કોર્ટનો ચુકાદો આવવા છતાં સનાતનીઓ કેટલા બધા અન્યાયના માર્ગે જઈ રહ્યા છે તે જોવા મળે છે.

● **બોડેલી :** પરમાર ક્ષત્રીય જૈન ભાઈઓની વિનંતીને માન આપી પૂ.આ.

શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી તથા આદિ મુનિપુંગવો પધાર્યા હતા. પરમાર ભાઈઓએ સુંદર સ્વાગત કર્યું. પં. શ્રી દક્ષવિજયજી મ. ના પ્રવચનથી પરમાર ભાઈઓમાં સારી જાગ્રતી આવી ને ભીડા ગામના એક બહેને જૈન ધર્મ અંગીકાર કર્યો. ડુમા ગામે પૂ. શ્રીના પ્રવચનથી મનસુખ ભગતે દીક્ષા અંગીકાર કરવાની પ્રતિજ્ઞા લીધી.

● **મેસાણા :** શાહ હરગોવનદાસ લહેરચન્દના પુત્રી કુ.વીરબાળાને પૂ.ઉ. શ્રી દેવેન્દ્રસાગર મ.સાહેબની નિશ્રામાં ફાગણ સુદ-૨ ના દિવસે ભાગવતી દીક્ષા ધામધૂમથી આપવામાં આવી.

● **કાવી તીર્થ :** અત્રેના મેનેજર શ્રી કીસનચંદજી જેઓ ખૂબ લાગણીથી અને પ્રામાણિકતાથી તીર્થનો વહિવટ સંભાળે છે, તેઓ જ્ઞાનના પુસ્તકોનો પણ શોખીન છે. પુસ્તકાલયમાં વર્ષ દરમિયાન ૩૦૯ પુસ્તકો નવા આવતાં ૩૯૧૯ થયા છે અને આવક રૂા. ૬૨૫ થઈ છે.

● **ગંધાર તીર્થ :** મહા સુદ-૫ ના દિવસે શ્રી પાર્શ્વનાથ પ્રભુની સાલગીરી હોઈ મુંબઈ, નાશિક વગેરે સ્થળેથી ઠીક ઠીક સંખ્યામાં યાત્રિકો આવતા ધૂમધામથી ઉજવવામાં આવી હતી. વહીવટદાર શેઠ ચુનીલાલ રાયચન્દભાઈ ભરૂચથી લગભગ ૭૦ યાત્રિકો સાથે આવતાં સારી સંખ્યા થઈ હતી. પૂજા, જમણવાર વગેરે થયું.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૬,અંક-૨૪,તા.૧-૩-૧૯૫૮**

● **ઉમેટા-(જી. ખેડા) :** પૂ.પા.આ.શ્રીમદ્વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજા સપરિવાર બેન્ડ સહિત ભવ્ય સામૈયું ગહુંલીઓ દ્વારા અત્રે પધાર્યા. પૂ.આ.શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજે મંગલ પ્રવચન કરેલ. વડીદીક્ષા નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ થયો. વરઘોડો, શાન્તિસ્નાત્ર, જમણ શ્રી ચીમનલાલ મગનલાલ તરફથી થયું. મહા સુદ-૧૩ મુનિશ્રી અશ્વસેનવિજયજી, મુનિ શ્રી વારિષેણવિજયજીની વડી-દીક્ષાની સુવિધિઓ પૂ. આચાર્ય ભગવન્તના વરદ હસ્તે થઈ. દશેક શ્રાવિકા-શ્રાવકોએ ચતુર્થવ્રત આદિવ્રતો ઉચ્ચાર્યા. મુનિશ્રી ગુણાકરવિજયજી, પં.શ્રી વિક્રમવિજયજી-ગણીએ છટાદાર રસભરીશૈલીથી હિત-શિક્ષાને અનુલક્ષીને લાક્ષણિક પ્રવચન કરેલ. બાદ પૂ. આચાર્ય ભગવન્તે ગંભીર સ્વરે ગંભીર જ્ઞાનના પ્રવાહને વહાવતી સુરમ્ય દેશના આપેલ અને નૂતન દીક્ષિતોના સંસારી પિતાશ્રી શા. સોમચન્દ અમીચન્દભાઈ, શા.સોમચન્દ ગીરધરભાઈ છાણીવાળા અને શા.હેમચન્દ ચુનીલાલ ગાંધી તરફથી ત્રણ ત્રણ પ્રભાવનાઓ જૈન-અજૈનોને છૂટથી વહેંચવામાં આવી.

પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મ.ના ભગવતીજી યોગ પૂર્ણ થતાં એમના સંસારી પિતાશ્રી વગેરે તરફથી પૂજા તથા ઘરદીઠ ૦॥ શેર સાકરની લાણી થઈ, આનીની પ્રભાવના થઈ.

આવા નાનાશા ગામડામાં આવો મહોત્સવ, ઓગણવીશ ઠાણા જેટલા વિશાલ મુનિવરો સાથે ધુરંધર ધર્માચાર્યોની પધરામણી વગેરે ચિરસ્મરણીય બની ગયું. મોટા આચાર્ય ભગવન્તે આંકલાવ પ્રતિ વિહાર કર્યો છે. નાના આચાર્ય મહારાજાદિ રોકાયા. મહા વદ-૬ ના સ્વ. પંજાબી વિજયકમલસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગા-રોહણતીથિ હોઈ વ્યાખ્યાનમાં પૂજ્યશ્રીના ગુણાનુવાદ કરવામાં આવેલ, બપોરના આ.શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ કૃત પાર્શ્વનાથ પંચકલ્યાણ પૂજા ભણાવવામાં આવી. પૂ. આચાર્યદેવ, પંન્યાસજી આદિ વિહાર કરી પાદરા પાલેજ થઈ ઝગડીયા તીર્થમાં ફાગણ-વદમાં પધારવા સંભાવના છે.

● **પાલીતાણા :** અત્રે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ભારતભરના પ્રતિનિધિઓની વાર્ષિક સભા તા. ૧૬-૨-૫૮ના રોજ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈના પ્રમુખપણા નીચે મળી. સંવત ૨૦૧૩ના હિસાબી સરવૈયા રજૂ થયા પછી પેઢી તરફથી આબુ-દેલવાડામાં ચાલી રહેલ મંદિરનું કાર્ય અને શ્રી કેશરીયાજી અંગેનો પ્રશ્ન વગેરે બાબતો રજૂ થઈ. શ્રી રમણલાલ દલસુખભાઈએ 'રતલામ પ્રકરણ' અંગેની પરિસ્થિતિની જાણ કરી. શેઠ જીવતલાલ પ્રતાપસીભાઈ તરફથી જમણ આપવામાં આવ્યું. રાત્રીના પ્રતિનિધિઓ તેમજ કેટલાક કાર્યકરોની મિટિંગમાં સંઘના કેટલાક પ્રશ્નો અંગેની ચર્ચા-વિચારણા થઈ.

● **રાજકોટ :** અત્રે પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં સાધ્વીશ્રી અમરપ્રભાશ્રીજીની વડી દીક્ષા મહા સુદ-૬ના થઈ હતી. શ્રી ડાહ્યાભાઈ તરફથી પ્રભાવના, શ્રી પ્રભુદાસ તરફથી પંચકલ્યાણક પૂજા, સાધ્વીજીના સંસારી પૂત્ર શ્રી નગીનભાઈ તરફથી પ્રભાવના થયેલ. ઘણા ભાઈ-બહેનોએ ચતુર્થ આદિ વ્રતો ઉચ્ચર્યા હતાં.

● **પૂનાથી વિહાર :** પૂ.આ.શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ તથા પૂ.આ. શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ વિહાર કરી ઘાટકોપર ઉત્સવ પ્રસંગે પધારી ત્યાંથી શાંતાક્રુઝ પધાર્યા છે અને તેઓશ્રીના શિષ્ય પં. શ્રી યશોભદ્રવિજયજી ગણિવર, પં. શ્રી શુભંકરવિજયજી ગણિવર, મુનિશ્રી કીર્તિચન્દ્રવિજયજી ગણિવર આદિઠાણાના પૂનાથી વિહાર કરી સતારા; કરાડ, ઈસ્લામપૂર થઈ સાંગલી પધારી વ્યાખ્યાન વાણીનો લાભ આપી કુંભોજ તીર્થ પધાર્યા છે. ત્યાંથી કોલ્હાપુર, નીપાણી થઈ

ફાગણ સુદ પુનમ હુબલી થઈ બેંગલોર તરફ પધારવા સંભવ છે.

● **બગસરા :** અત્રે પૂ.આ.શ્રી વિજયભુવનસૂરીશ્વરજી મહારાજ સાહેબ, આદિ મુનિરાજો રાજકોટથી વિહાર કરી દેરડી પધારતાં રાજકોટ, સુલતાનપુર, પોરબંદર વગેરે સ્થળેથી ભાવિકો સારી સંખ્યામાં આવેલા. શ્રી અમૃતલાલ કરશનજી તરફથી નવકારશી થઈ, પૂજા ભણાવાઈ. બગસરા સંઘે પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાનું નક્કી કર્યું. પૂ.શ્રી પધાર્યા. લોકોનો અનેરો આનંદ ઉત્સાહ હતો. મહોત્સવપૂર્વક ફાગણ સુદ-૨ ના દિવસે પ્રતિષ્ઠા થઈ. વિધિ માટે અમદાવાદ વિદ્યાશાળાથી શેઠ શ્રી ભોગીલાલભાઈ આદિ તથા સંગીતકાર શ્રી હીરાભાઈ ગજાનનભાઈ પધાર્યા હતા. ઉપજ સારી થઈ હતી.

● **ખંભાત :** પૂ.સ્વ.આ. દેવશ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજશ્રીની ૨૨ મી સ્વર્ગારોહણ તિથિની ઉજવણી અત્રે અમરજૈનશાળામાં મહા સુદ બીજના ઉજવાઈ. પૂ.પં.શ્રી કનકવિજયજીગણિવરે સંઘ સમક્ષ પૂ. સ્વર્ગીયશ્રીના જીવન પ્રસંગો પર મર્મસ્પર્શી વિવેચન કર્યું હતું. પૂજ્યશ્રીના હૃદયની સરળતા સંયમી જીવનની દૃઢતા, આશ્રિતો પ્રત્યે નિષ્કામ હિત વત્સલતા ઇત્યાદિ ગુણો વિષે પ્રેરણા આપી. બપોરે પૂજા ભણાવાઈ, અત્રેના જ્ઞાન ભંડારોની મુદ્રિત તથા હસ્તલિખિત પ્રતો, પુસ્તકોની વ્યવસ્થાના કારણે પૂજ્યશ્રી સપરિવાર રોકાયેલા, પૂ. મુનિશ્રી પૂર્ણભદ્રવિજયજીએ ૪૪, ૪૫, ૪૬ ઓળીઓ કરેલી, ૪૭ મી ઓળી હાલ ચાલુ છે. શ્રી પૂર્ણાનંદવિજયજીએ હજી ૨૭, ૨૮, ૨૯, ૩૦-૩૧, ૩૨ ઓળીયો અહીં કરી છે અને ૩૩ મી ઓળી હાલ ચાલે છે. પૂ.પં. શ્રી મહારાજ વિહાર કરીને નડીયાદ પધાર્યા છે. ત્યાં રોકાવા વકી છે.

● **મદ્રાસ :** અત્રે વિશ્વવનસ્પત્યાહારી પરિષદ મળી. તેમાં ખર્ચામાં ૭૦ ટકા જૈનોની રકમ વપરાઈ અને પરિણામ એથી ઊલટું આવ્યું છે. પરિષદમાં જે જે કારણો માંસાહારની વિરુદ્ધમાં આપ્યા તેનો હિંદુ, ઈન્ડિયન એક્ષપ્રેસ, આદિ દૈનિક પત્રોએ માંસાહારની તરફેણમાં આપી લોકમાનસને ભ્રમિત કરાવાયું. પરિષદ મળી હોવા છતાં આની સામે અહીં હિંસાવિરુદ્ધ કશું જ આંદોલન જાગ્રત કરી શકાયું નહિ, ને હજારોનો ખર્ચનો પ્રચાર માટે ધૂમાડો થયો.

● **સૂરત :** પૂ. આચાર્યદેવશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. મુંબઈથી વિહાર કરીને બોરડી, ભીલાડ, વાપી થઈને સુરત પધાર્યા હતા. વાપીમાં સ્થળે સ્થળે ગહુંલીઓ તથા પૂ.આ.મ. અને પૂ.મુનિરાજશ્રી કીર્તિવિજયજીના જાહેર બે વ્યાખ્યાનો થયાં હતાં. બગવાડા હાઈસ્કૂલમાં ૭૦૦ વિદ્યાર્થીઓ અને નગરજનો સમક્ષ પૂ. શ્રી

કીર્તિવિજયજીએ જાહેર પ્રવચન આપ્યું હતું. ત્યાંથી પારડી, વલસાડ, અમલસાડ થઈ નવસારી પધારતાં સુંદર સ્વાગત અને વ્યાખ્યાન થયાં. શ્રી નગીનદાસ જાદવજી તરફથી શ્રી અષ્ટાપદજીની પૂજા ભણાવાઈ. પૂ. કીર્તિવિજયજી મ. સાહેબે ભરત મહારાજાની પાટ-પરંપરાનો ભવ્ય ઇતિહાસ અને પૂજાનો ભાવાર્થ સમજાવ્યો. સુરત નેમુભાઈની વાડી તરફથી દબદબાપૂર્વક સ્વાગત થયું. પૂ.શ્રીના રોચક વ્યાખ્યાનમાં વિશાળ મેદનીએ સારો લાભ લીધો. બેસન્ટહોલમાં શ્રી કીર્તિવિજયજીએ જાહેર પ્રવચન આપ્યું. જૈન-જૈનેતરથી હોલ ચીક્કાર ભરાઈ ગયો હતો. અનેરો ઉત્સાહ અને મંગલમય વાતાવરણ સર્જાયું.

● **પાવાપૂરી :** અત્રે ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર પ્રભુની અંતિમ દેશના ભૂમિના સ્થાને સમવસરણ યુક્ત નૂતન જિનાલયની સ્થાપનાનું ૧ વર્ષ પોષ વદ-૬ ના રોજ પૂરું થતાં ત્રણ દિવસનો સુંદર વર્ષગાંઠ ઉત્સવ ઉજવાયો સેંકડો નર-નારીઓ આવ્યા હતા. વદિ-૪ના દિવસે અમદાવાદ નિવાસી શેઠ શ્રી આર. સી. શાહ તરફથી રૂપવિજયજી કૃત પંચ કલ્યાણ પૂજા આદિ થયું. સાધર્મિક વાત્સલ્ય, ગરીબોને અન્નદાન પણ થયું. પોષ વદ-૫ ના રોજ શેઠ શ્રી બકુભાઈ મણિલાલ તરફથી પૂજાદિ થયું. પોષ વદ-૬ ના સવારના શેઠ શ્રી ગોવિંદજી જેવંત ખોના તરફથી ગામ મંદિરેથી સુંદર વરઘોડો ચડ્યો. બપોરે પૂજા આદિ થયું. વદ-૬ ના મંગલ મુહૂર્તે મંદિર પર ધજા રૂા. ૫૦૧/- બોલી બચુભાઈ દામોદરે ચઢાવી.

● **કલમસરા :** (પૂર્વ ખાનદેશ) અત્રેના જિનમંદિરમાં શ્રી નેમિનાથપ્રભુજી આદિ જિનબિંબ પ્રતિષ્ઠા મહોત્સવ મહા સુદ-૧૩થી મહા વદ-૮ સુધી સુંદર રીતે ઉજવાઈ ગયો. પ્રતિષ્ઠા માટે પૂ.આ.શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી ત્રિલોચનવિજયજી આદિ પધાર્યા હતા. મહા વદી-૭ ના રોજ ધામધૂમથી પ્રતિષ્ઠા થઈ. વિધિ માટે શ્રી મોહનલાલ મોતીલાલ તથા ચિનુભાઈ છાણીથી પધાર્યા હતા. પૂજા-ભાવના માટે પૂનાથી ભોજક રતિલાલભાઈ આવ્યા હતા. અત્રે બીજા કેટલાક સ્થળે પૂ.આ. શ્રીની નિશ્રામાં પ્રતિષ્ઠા થાય તેવી વકી છે.

● **માતર :** સંમેલન નિમિત્તે ઝાંસીથી ઉગ્ર વિહાર કરી વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવશ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ અમદાવાદ તરફ પધારી રહેલ છે. ગોધરામાં ભવ્ય સ્વાગત, પ્રવચન વગેરે થયું. ત્યાંથી અત્રે શાસન પ્રભાવક પૂ. આચાર્યદેવેશ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબની સાથે આજે પધારનાર છે, અત્રે રવિવાર સુધી સ્થિરતા છે. અમદાવાદ વગેરે સ્થળોએથી ભક્તવર્ગ શ્રીમદ્ના દર્શનાદિ નિમિત્તે વિશાળ સંખ્યામાં આવવાની વકી છે.

● **અમદાવાદ :** અત્રે સ્વ. શેઠ છોટાલાલ જમનાદાસનાં ધર્મપત્ની શણગાર-બહેનને જ્ઞાનપંચમી તપની આરાધના પૂર્ણ થયેલ હોવાથી એમના તરફથી નવછોડનું ઉજમણું રાખવામાં આવ્યું હતું. આ નિમિત્તે તેઓશ્રીના બંગલામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના સુન્દર ઉપકરણો ગોઠવવામાં આવ્યા હતા. અઠ્ઠાઈ મહોત્સવ, શાંતિસ્નાત્ર ઉજવવામાં આવ્યા. એમના ભત્રીજા શેઠ કાન્તિલાલ ચીમનલાલ કોલસાવાલા વગેરે પાંચે ભાઈઓ તથા એમનું વિશાળ કુટુંબ ઉત્સવ દીપાવવા માટે ખડે પગે પ્રયત્નશીલ હતું. ખાસ આગ્રહભરી વિનંતીથી ગચ્છાધિપતિ સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ સપરિવાર અત્રે પધાર્યા હતા. એઓશ્રીને કીકાભટની પોળવાળા શેઠ રમણભાઈએ પોતાના બંગલામાં ખાસ આગ્રહથી ઉતારો આપ્યો હતો. વ્યાખ્યાન પૂજા-દર્શન વગેરેમાં લોકોએ સારો લાભ લીધો.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૬,અંક-૨૮,તા.૫-૪-૧૯૫૮**

● **અમદાવાદ :** પૂ.આ.શ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મ.સા. સપરિવાર ઉંબરીથી વિહાર કરતાં ડૉ. જે.વી. શાહની વિનંતીથી થોડીવાર દવાખાને પધારી સૌને સુંદર ઉદ્‌બોધન કર્યું હતું. ક્રમશઃ કુંવારા, ભાભર વગેરેમાં વિનંતીસહ પધારી રાધનપુર પધાર્યા હતા. ફાગણ સુદ-૩ પૂજ્યશ્રીના આચાર્યપદના વાર્ષિક દિવસ નિમિત્તે પૂજા ભણાવવામાં આવી હતી. ત્યાંથી સાંજે શંખેશ્વરજી પધાર્યા. પૂજ્ય આચાર્યદેવે તથા પૂજ્ય મુનિવરો, સાધ્વીજી મહારાજો આદિએ અઠ્ઠમનો તપ કર્યો, તે નિમિત્તે ત્રણ દિવસ પૂજા, ભાવના આંગી વગેરે થઈ; ત્યાંથી વિહાર કરી ક્રમશઃ અરુણ સોસાયટી શા. કાન્તિલાલ કેશવલાલના બંગલે પધાર્યા. ચાર દિવસની સ્થિરતા દરમિયાન વ્યાખ્યાન વગેરેમાં લોકોએ સારો લાભ લીધો. વદ ૧૧ ના દિવસે જ્ઞાનમંદિરે પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં પધાર્યા છે.

● જાણવા મળે છે કે પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયોદયસૂરીશ્વરજી સરખેજ પધારી સાબરમતી પધારવાના છે; જ્યાં પૂ.આ.શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મ.બિરાજે છે. પૂ.આ.શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ પાલીતાણાથી આ તરફ વિહાર કરી ચૂક્યા છે. બધા આચાર્ય મહારાજોનો અમદાવાદમાં પ્રવેશ ચૈત્ર વદ-૧૦ ના રોજે થવાનું સાંભળ્યું છે.

● જ્ઞાનમંદિરમાં પૂ.આ.શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના રોચક

વ્યાખ્યાનો સામગ્રી સંપની માનવભવના મોંઘા મૂલ્ય ઉપર ચાલી રહ્યા છે. વ્યાખ્યાન-સમય ક્યાં પૂરો થઈ જાય છે તેની ખબર પડતી નથી.

● વિદ્યાશાળામાં પૂ.આ.શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના આકર્ષક વ્યાખ્યાનો આત્મવાદ ઉપર ચાલી રહ્યા છે. વિશાળ હોલ ભરચક થઈ જાય છે. રજાના દિવસે બપોરે પૂ. મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજના કાવ્યમય પ્રવચન જુદા જુદા વિષય પર ચાલે છે. રવિવારે માણસોની ભીડ ખૂબ વધી જતાં કોલાહલ થવાથી વ્યાખ્યાન અધવચ્ચે બંધ કરવું પડ્યું હતું.

● ચૈત્ર સુદ-૧૩ સવારે શ્રમણભગવાન મહાવીર પ્રભુના જન્મકલ્યાણક નિમિત્તે પાંજરાપોળેથી ભવ્ય વરઘોડો ચઢ્યો હતો. પાઠશાળાઓના બાળક બાલિકાઓની લાંબી કતારો વ્યવસ્થિત ચાલતી શોભી રહી હતી. જુદા જુદા પૂજ્ય આચાર્યદેવાદિ મુનિગણની વિશાળતા, તથા સંભાવિત ગૃહસ્થો અને અન્ય શ્રાવકસંઘની મોટી સંખ્યા શાસન શોભામાં વૃદ્ધિ કરી રહી હતી. રથમાં અંગરચના સહિત પ્રભુજીના મોટા બિંબ વરઘોડાના પ્રાણ તરીકે શોભી દર્શનાર્થીઓના આત્માને આનંદ આપી રહ્યા હતા. હજારો મનુષ્યો જોવા માટે ઉમટી પડ્યા હતા. બપોરે શ્રી મહાવીર પ્રભુના ગુણાનુવાદ વ્યાખ્યાનોમાં કરાયા હતા. મસ્કતી માર્કેટ અને મહાવીર સ્વામીના દહેરે પૂજા ભણાવાઈ હતી.

● અત્રે પૂ.દર્શનવિજયજી તથા (ત્રિપુટી મહારાજ) આદિ દિલ્હીથી ઝડપી વિહાર કરીને આબુ વગેરે સ્થળે પધારીને જૈન સોસાયટી, એલીસબ્રીજ અમદાવાદમાં બિરાજે છે.

● અત્રે પૂ.પં.શ્રી કાન્તિવિજયજી મ.સા. રીલીફરોડ પર આવેલ અરવિંદ મિલ્સ ગ્રુપ રીટેલશોપવાળા શ્રી કલ્યાણભાઈ રાવના નવા મકાનમાં બિરાજે છે.

● રાજનગર ધાર્મિક ઈનામી પરીક્ષાનો મેળાવડો તા. ૧૬-૩-૫૮ના રોજ **પૂ.આ.શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી** મ.ની નિશ્રામાં, પૂ.આ.શ્રી વિજય મનોહરસૂરીશ્વરજી તથા પૂ.આ. દેવ શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ, વિશાળ સાધુ-સાધ્વીઓની, વિશાળ માનવમેદની વચ્ચે દોશીવાડાની પોળે વિદ્યાશાળે બપોરે ૨॥ વાગે ભવ્ય રીતે ઉજવાયો. મંગલાચરણ કર્યા બાદ સંસ્થાના કાર્યકરે સંસ્થાના રિપોર્ટનો આછો ખ્યાલ આપ્યો હતો. ત્યાર બાદ પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજે શ્રી સમ્યક્ જ્ઞાન પર સુંદર, મનનીય અને બોધક પ્રવચન કર્યું હતું. ત્યારબાદ સંસ્થાને માટે ટીપ થતાં સારી એવી રકમ ભરાઈ હતી. ત્યારબાદ શ્રી કાન્તિલાલ ચીમનલાલ કોલસાવાળાના શુભહસ્તે સારા નંબરે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને ઈનામ વહેંચાયાં.

● **મહેસાણા :** જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક શ્રી રામચંદ્ર ડી. શાહે ફેબ્રુઆરીમાં બનાસકાંઠામાં આવેલા, મોરવાડા, સુઈગામ, ભાભર, નવાડીસા, ધાનેરા, ખીમત, ડીસા-રાજપુર, અને જુનાડીસામાં ચાલતી પાઠશાળાઓની પરીક્ષા લીધી. તે પ્રસંગે બધા સ્થળે ઇનામી મેળાવડાઓ યોજાયા, વિદ્યાર્થીઓને ઇનામો વહેંચાયા. તેમજ પાઠશાળાના શિક્ષકોનું યોગ્ય બહુમાન કરાવાયું. પરીક્ષકશ્રીએ ધાર્મિક શિક્ષણ અને પાઠશાળા અંગે વિદ્યાર્થીઓને, કાર્યકરોને તથા અન્ય ભાઈ-બહેનોને યોગ્ય પ્રેરણાઓ કરી.

● **ધરણગામ (પૂર્વ ખાનદેશમાં) :** અમલનેર તથા જલગામની વચ્ચે આ ગામમાં નવીન જિનમંદિરમાં પ્રતિષ્ટા મહોત્સવ થયો. પૂ.આ. દેવ શ્રીમદ્ યશોદેવસૂરીશ્વરજી ઠા.-૯ તથા પૂ. સાધ્વીજી શ્રી હંસાશ્રીજી ઠા-૫. પધાર્યા હતા. નવકારશીઓમાં હજાર ઉપરાંત માણસ જમતું તેની વ્યવસ્થા સારી રહી. દિગંબર-સ્થાનકવાસી, તેરાપંથી વગેરે સર્વેને નવકારશીનું આમંત્રણ હતું. કામકાજમાં તેમનો સાથ સારો હતો. પૂજ્યશ્રી ત્યાંથી વિહાર કરી શીરસાળામાં વદ-૨ થી અઠ્ઠાઈ મહોત્સવ છે ત્યાં પધારશે. ધરણગામમાં યેવલાનો સંઘ ચાતુર્માસની વિનંતી કરવા માટે આવ્યો હતો.

● **પૂના :** શ્રી મોહનલાલ સખારામ ચાહવાળાના ઘર દેરાસરની વર્ષગાંઠના દિન ફાગણ વદ-૭ બુધવારે ત્યાં રોજ દર્શનાદિ કરનાર ભાઈ-બહેનોનું સાધર્મિક વાત્સલ્ય રાખવામાં આવ્યું હતું અને મંડપમા પ્રભુ પધરાવીને પંચકલ્યાણક પૂજા ભણાવી હતી. પૂજામાં મારવાડી મંડલે સારો ભક્તિરંગ જમાવ્યો. ૪૦૦-૫૦૦ માણસોએ પૂજા-દર્શનાદિનો લાભ લીધો. પૂ.તપસ્વી મુનિરાજશ્રી હિમાંશુવિજયજી મહારાજ આદિઠાણાને વિનંતી કરી આમંત્રવામાં આવ્યા હતા.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૬,અંક-૨૯,તા.૧૨-૪-૧૯૫૮**

● **અમદાવાદ :** પૂ.આ.શ્રી વિજયનંદસૂરીશ્વરજી મહારાજ ચૈ-વ-૧૦ સરખેજ પધારવાના છે. વદ-૧૩ અમદાવાદ પ્રવેશ સંભળાય છે.

● અત્રે **પાડાપોળમાં** શ્રી ચુનિલાલ મયાચંદ દવાવાળા તરફથી ત્રીજી વખતની આયંબિલની ઓળી કરાવવામાં આવી હતી. અને નવ દિવસમાં કુલ આઠસો આયંબિલ થયાં હતાં, તથા ૫૦ બહેનોને ઓળી હતી. પંચ તરફથી તપસ્વી ભાઈબહેનોને પારણાં કરાવાયાં.

● **અમરેલી :** અત્રે બુદ્ધિસાગરજી મ. તથા પ્રબોધસાગરજીના ઉપદેશથી આયંબિલની શાશ્વતીની ઓળી શ્રી કાલીદાસ જગજીવનદાસ તથા વોરા જેચંદ વનમાળીદાસ તથા સંઘવી બાબુભાઈ ઉત્તમચંદ તરફથી થઈ. સાધ્વીજી હીરશ્રીજીના શિષ્યા કુમુદશ્રીજી, કનકશ્રીજી તથા હેમંતશ્રીજીના ઉપદેશથી ચૈત્ર સુદ-૧૫ ના રોજ મોટા દેવ વન્દાયા, તથા સાધ્વીજી હેતશ્રીજીના શિષ્યા સાધ્વીજી લાવણ્યશ્રીજી (મૂળ અત્રેના વતની) આદિ જામનગરથી પધારતા યોગ્ય સ્વાગત કરવામાં આવેલ.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૬,અંક-૩૦,તા.૧૯-૪-૧૯૫૮**

● **અમદાવાદ :** અત્રે શામળાની પોળે, પાયચન્દ ગચ્છ ઉપાશ્રયે પૂજ્ય ગણિવર્ય **શ્રી ભાનુવિજયજી મહારાજની** નિશ્રામાં ચૈત્ર વદ-૧૦ રવિવારના આત્મકલ્યાણ અને સંઘ-અભુદય નિમિત્તે સામુદાયિક એક ક્રોડ **'અરિહંત'** પદનો જાપ કરાવવાનું અનુષ્ઠાન રાખવામાં આવ્યું હતું. આરાધકોથી ઉપાશ્રય અને વાડી ભરાઈ ગઈ હતી. જાપનો મંગલમય કાર્યક્રમ લગભગ ૮।। થી શરૂ થયો હતો. દેવવન્દન કરાવાયું. આરાધક મંડળે 'શ્રી અરિહંતપદ ધ્યાઈએ' એ પૂજા ઝીલાવી. ત્યારબાદ પૂજ્ય પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરે 'અરિહંત જાપનો મહિમા, જાપની વિધિ અને એનાથી થતા લાભો, તથા આરાધના માત્ર જાત માટે નહિ પણ સંઘના લાભ માટે કરવાની ઉદારતા' એ વિષય પર સુંદર પ્રકાશ પાથર્યો હતો. ત્યારબાદ અરિહંતની ધૂન કરાવાઈ જાપ શરૂ થયો. બીજી બાજુ વાયોલીનના મધુરા સૂર વાતાવરણને રોચક બનાવી રહ્યા હતા. પછીથી 'વિજય'કવિએ રચેલ અરિહંતનું ગુણકીર્તન કાવ્ય ઝીલાવાયું. બાદ પાછો જાપ થયો હતો. ત્યારબાદ ૧૨ ખમાસમણ, ૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરાવાયો, શેઠ શ્રી રતિલાલ મોહનલાલ તરફથી સામુદાયિક ખીરના એકાસણાં કરાવાયા. ૬૦૦-૭૦૦ ભાઈ-બહેનોએ લાભ લીધો હતો. બપોરના ૧-૩૦ વાગે શેઠ લાલભાઈ જોઈતારામ તરફથી શ્રી અષ્ટાપદજીની ભવ્ય પૂજા ભણાવવામાં આવી. જૈનધર્મ આરાધક મંડળે વિવિધ રાગોમાં ગાઈ-ગવરાવી લોકને ભક્તિરસમાં નવરાવ્યા વચમાં વચમાં **પૂ.ગણિવર્ય શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબે પૂજાના ભાવો** ભવ્ય રીતે અને પ્રેરણાદાયી વિવેચનથી સમજાવી લોકોને સંવેગ-વૈરાગ્ય અને પ્રભુભક્તિમાં તરબોળ કર્યા હતા.

● અત્રે પૂજ્ય વિજયઉમંગસૂરીશ્વરજી મહારાજ આદિ મુનિ મંડળ સાબરમતીથી

ચૈત્ર વદિ-૬ ના રોજ અમદાવાદ, શાહપુર, મંગલપારેખના ખાંચામાં જૈન ઉપાશ્રેય પ્રવેશ કર્યો છે. તબિયત સુધારા પર છે.

● **મુંબઈ :** ચૈત્ર વદ-૭ સવારે સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં જવા માટે દીક્ષાર્થી મુમુક્ષુ કુ. મંજુલાબહેન જ્યારે સ્ટેશન ઉપર આવ્યાં ત્યારે માનવ મેરામણ જાણે ઊલટી પડ્યો હોય તેવો દબદબાભર્યો દેખાવ થઈ ગયો હતો. રા.બ.શેઠ જીવાભાઈના અનેક સંબધી ગૃહસ્થો જેવા કે શેઠ માણેકલાલ ચુનીલાલ, શેઠ ચીમનલાલ જેસીંગભાઈ, શેઠ વાડીલાલ ચુનીલાલ, શેઠ ગોવિંદલાલ જુહારમલ, શેઠ મગનલાલ મુલચંદ, શેઠ મણિલાલ મોહનલાલ, શેઠ રમણલાલ દલસુખભાઈ, શેઠ કીર્તિલાલ ગીરધરલાલ ત્રીકમદાસ શેઠ સેવંતિલાલ કાન્તિલાલ ઈશ્વરલાલ વગેરે હારતોરા સાથે સ્ટેશન ઉપર વહેલી સવારમાં આવી ગયા હતા.

કુમારી મંજુલાબેન, ઘણાં ભવ્ય અને ગંભીર લાગતાં હતાં અને ચહેરા ઉપર હાસ્ય છવાયેલું હતું અને બધાંને ઘણા નમ્રતાપૂર્વક વંદન કરી રહ્યાં હતાં. એક આખી ફર્સ્ટક્લાસની બોગી ફુલહારથી ભરચક થઈ ગઈ હતી અને શાસનદેવની જયઘોષણા સાથે પાર્ટીએ પ્રસ્થાન કર્યું હતું.

કુમારી મંજુલાબેનના આ ભવ્ય ત્યાગથી માનવ સમુદાય ઘણો ભાવભીનો થઈ ગયો હતો અને દરેકના અંતર આશિષ વર્ષાવી રહ્યાં હતાં. આવો ભવ્ય ત્યાગ કદીક જ જોવા મળે છે અને એવા અલૌકિક આત્માનાં સદેહે દર્શન થતાં સૌના હૈયાં ભીનાં થાય છે.

આવી રીતે વૈભવ-વિલાસને ઠોકરે મારી કુ. મંજુલાબહેન મુંબઈથી વિદાય થયાં.

સુરત વગેરે સ્ટેશન ઉપર પણ ભવ્ય અભિનંદનો થયાં. અમદાવાદ સ્ટેશન પર શ્રી યંગમેન્સ જૈન સોસાયટી તરફથી માનપત્ર અભિનંદન થયા. ઠેકઠેકાણે સંભાવિત ગૃહસ્થો આદિ બહુજનોએ સ્વાગત કર્યાં.

● **સાણંદ :** અત્રેના સંઘની વિનંતીનો સ્વીકાર કરી ઓળી પ્રસંગે પં. શ્રી મહિમાવિજયજી ગણી આદિ ઠા. અત્રે આવેલ. તેમની નિશ્રામાં આરાધન નવે દિવસ વ્યાખ્યાન, અંગરચનાદિ થયેલ, આયંબિલ શેઠ વર્ધમાન મોહનલાલ તથા જયંતીલાલ સુખલાલ તરફથી થયેલ. ચૈત્રી-૧૫ ના લક્ષ નવકારનો જાપ, સંઘ સાથે દેવવંદન તથા પ્રભાવના થયેલ. ચૈત્ર વ.૫. દિવસે લલીત બ્રધર્સવાળા છોટાલાલ મણિલાલ તરફથી તેમના પોતાના લઘુપુત્ર નરેશકુમારના જન્મદિવસ નિમિત્તે પૂજા, પ્રભાવના, ભાવના, અંગરચના થયેલ. સંગીતકાર શાંતિલાલ શાહ આવેલ. ત્યાંથી

પુનઃ અમદાવાદ પધાર્યા છે.

● **મોરબી :** મહાવીર જન્મકલ્યાણક મહોત્સવ પૂ. મુનિમહારાજ પદ્માકરવિજયજી આદિઠાણા-૨ ની નિશ્રામાં ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવેલ. રાસવાંચન આદિના કાર્યક્રમ બાદ ડૉ. વલ્લભદાસ નેણસીભાઈએ શ્રી મહાવીર પ્રભુના જીવનચારિત્ર અંગે ભાષણ કર્યું. પૂ.મુનિમહારાજ ક્ષમાવિજયજીએ પણ જીવનચરિત્ર અંગે વિવેચન કરતાં યુવકોમાં ઓસરતી જતી ધર્મભાવના અંગે પ્રેરણા કરી. બપોરના ડૉ. વલ્લભદાસ નેણસીભાઈના ધર્મપત્ની ઉજવલબાઈ તરફથી પૂજા, પ્રભાવના થયેલ. ઓળીની આરાધના નવે દિવસે સારી થઈ હતી. લગભગ ૧૨૫ થી ૧૫૦ જણે ઓળી કરવાનો લાભ લીધેલ.

● **કોઈમ્બટુર :** અત્રેના જૈન સંઘે ભ. મહાવીરના જન્મ કલ્યાણક નિમિત્તે હજારોની સંખ્યામાં વાજંત્રો, ગજરાજની સવારી તથા ગાનતાનપૂર્વક પ્રભાતમાં વરઘોડો કાઢેલ. મહાવીરપ્રભુના ગુણગાન થયાં. પૂજા ભણાવી મ્યુનિસિપાલિટીએ આજના દિવસ માટે કતલખાનું બંધ રાખેલ. તેમજ દરેક જૈનભાઈઓએ પોતાની દુકાનો બંધ રાખી પ્રસંગને ભવ્ય બનાવેલ.

● **ભરૂચ :** પૂ.પા. આચાર્યદેવ વિજયભુવનતિલકસૂરિજી, પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિ આદિ મુનિવરો સુસ્વાગત પધારતાં સંઘ તરફથી ઓળીનું આરાધન કરાવાયું. ઠીક ભાઈ-બહેનો જોડાયા. નવપદ અને શ્રીપાલચરિત્રના સુંદર પ્રવચનો થતાં. જનસમૂહે ઠીક લાભ લીધો. મહાવીર જન્મ-કલ્યાણક દિન, ચૈત્રી પૂર્ણિમા દિન, એકમના પારણા, આદિ ધામધૂમથી ઉજવાયા. પૂ. આચાર્યશ્રીને સુરત. મીયાગામ, શીનોર, ઉમેટા, ભરૂચ આદિની ચાતુર્માસ માટે વિનંતીઓ થઈ. છાણી ગામમાં વૈ. વ.-૬ ના શા. મોહનલાલ મોતીલાલના ૧૬ વર્ષની વયના સુપુત્ર રજનીકાન્તભાઈની દીક્ષા હોઈ, તેઓશ્રીની ખાસ વિનંતીથી પૂજ્યશ્રી વિહાર કરતાં વૈ.સુ.૬ લગભગ છાણી પધારવા સંભાવના છે. પૂ. આચાર્ય મહારાજનું સુરત અને પંન્યાસજી મહારાજનું ભરૂચ ચાતુર્માસ થવા સંભાવના છે.

● **પાનસર :** (તા.-કલોલ) શ્રી નવપદ આરાધક સમાજ મુંબઈ તરફથી દર સાલ ચૈત્ર માસની ઓળીનું આરાધન ભિન્ન ભિન્ન તીર્થાદિ સ્થળોમાં યોજાય છે જુદા જુદા સદ્‌ગૃહસ્થો તરફથી તેને માટે આમંત્રણ અપાય છે.

ચાલુ સાલમાં પાનસર તીર્થમાં આરાધના માટે શેઠ શ્રી વાડીલાલ દેવચંદ અમદાવાદવાલા તરફથી આમંત્રણ હતું. પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી આદિ ઠા. ૧૮ ને વિનંતી કરીને લાવવામાં આવ્યા

હતા. તેઓશ્રીનો તીર્થમાં ચૈત્ર સુ.૬ ના મંગલપ્રવેશ થયો હતો.

જૈનશાસનમાં નવપદ આરાધનનો મહામહિમા છે. આમંત્રણ પત્રિકાઓ બહાર પડતાની સાથે જ ચારે બાજુથી આરાધકો તીર્થમાં આવ્યા. ચૈત્ર સુદ.૬ ની સાંજ સુધીમાં તો ૧૦૦૦ ની સંખ્યામાં સાધકો આવી પહોંચ્યા. તેઓના ઉત્તર પારણા આરાધક સમાજ તરફથી થયા. ચૈત્ર સુદ ૭ થી આરાધકો સામુદાયિક આરાધનામાં જોડાયા. પ્રાતઃકાલનું પ્રતિક્રમણ, રોજનો કાયોત્સર્ગ ખમાસમણ ચૈત્યવંદનો સાથીયા, દેવવંદન-દેવદર્શન આદિ વિધિ કરી આરાધકો વ્યાખ્યાન શ્રવણ માટે વ્યાખ્યાન મંડપમાં બેસી જતા. સ્ટા.ટા. ૯ વાગે પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર નવપદનું સ્વરૂપ સુંદર રીતે સમજાવતા. એના આરાધન પાછળ રહેલા રહસ્યને આરાધકોના દિલમાં ઠસાવતા. જે આરાધન શ્રીપાલ અને મયણાએ કર્યું તેનું તે જ આરાધન આપણને મલ્યું છે તો તેની આપણા જીવનમાં પણ તેવી જ આધ્યાત્મિક અસર નીપજાવવા આરાધકોએ પોતાના દિલમાં ભાવનાની કઈ ભુમિકા તૈયાર કરવી જોઈએ તેનું રોજ ગંભીર નિરૂપણ થતું હતું. આરાધનમાં રોજ થતા જાપ અને સિદ્ધચક્રનું ધ્યાન અંગે અપૂર્વ માર્ગદર્શન અપાતું. વિશેષમાં પંન્યાસશ્રીના ઉપદેશથી મૌન જાળવવાનો સારો પ્રયત્ન થયો હતો.

વ્યાખ્યાન બાદ સ્નાત્ર-ચોસઠપ્રકારી પૂજા-વગેરે સંગીતના સાજ સાથે ભણાવાતી. સંગીતકાર શ્રી હીરાભાઈ તથા ગજાનનભાઈ જિનેશ્વરદેવની ભક્તિના રસમાં સ્વ-પરને તરબોળ કરાવી દેતા. રોજ રાત્રે ભાવના-આરતિ વગેરે થયા બાદ આરાધકો નિવૃત્ત થતાં હતા.

ચૈત્ર સુ. ૧૩ ના પ્રભુ મહાવીરદેવનું જન્મકલ્યાણક હોઈને પૂ.પં.મહારાજશ્રીએ પરમાત્માના અદ્‌ભુત પ્રસંગો અનુપમ રીતે વર્ણવ્યા હતા. બપોરે ભવ્ય વરઘોડો નીકળ્યો હતો.

ચૈત્ર સુદ-૧૫ ના શ્રી બાબુભાઈ કડીવાલા તરફથી બૃહત્સિદ્ધચક્ર પૂજન ખૂબજ સુંદર રીતે ભણાવાયું. પૂજન ૯ વાગે શરૂ થયેલું અને સાંજે ૫ વાગે પૂર્ણ થયું હતું. પ્રેક્ષકોએ અપૂર્વ શાન્તિ જાળવી પૂજનની પ્રત્યેક ક્રિયાને જોઈ હતી અને દરેક ક્રિયાનો સમજાવવામાં આવતો મર્મ સાંભળી હર્ષ વ્યક્ત કર્યો હતો.

પૂજન બાદ જલયાત્રાનો વરઘોડો નીકળ્યો હતો. વરઘોડામાં ૫૦૦૦ જેટલી માનવ મેદની હતી. અમદાવાદનું પ્રસિદ્ધ જીયા બેન્ડ આવ્યું હતું. ૧-૨ ના દિવસે આરાધકોને શ્રી વાડીલાલ દેવચંદ તરફથી પારણા કરાવાયા. બપોરે શાન્તિસ્નાત્ર પણ તેમના તરફથી થયું અને આમંત્રિત સકલસંઘને નવકારશીનું જમણ અપાયું

હતું. ૭ થી ૮ હજાર સાધર્મિકોએ નવકારશીના જમણનો લાભ આપ્યો હતો. વાડીલાલ દેવચંદ તરફથી પાંચ છોડનું ભવ્ય ઉજમણું હતું. કિંમતી છોડ તેમજ રત્નત્રયીની સુંદર-કિંમતી સામગ્રી ઉજમણામાં શોભતી હતી. આ પ્રસંગે ભગવાન મહાવીરદેવના જીવન પ્રસંગોની રચનાઓ થઈ હતી. નવપદ આરાધક સમાજના ખૂટતા ખાતાની પાનસર તીર્થસાધારણ ખાતાની તથા અન્ય ગામોની ટીપો થઈ હતી. લગભગ રૂા. ૧૦૦૦૦ ભરાયા હતા.

આ આરાધન અતીવ અનુપમ હતું. ચિરસ્મરણીય બન્યું. આવનાર પ્રત્યેક આરાધકો અને યાત્રિકો નવપદ આરાધક સમાજના કાર્યકરોએ તથા પાનસરતીર્થના ટ્રસ્ટીઓએ બનતી બધી જ સગવડો આપી હતી. આરાધક સમાજે પણ આ વખતે ૫ થી ૭ હજારનો ખર્ચ કર્યો હતો. વાડીલાલ દેવચંદભાઈએ પણ લક્ષ્મીનો છૂટે હાથે સદ્‌વ્યય કર્યો હતો.

● જિનેશ્વર, શાસન અને સાધુ ●

લેખક : પ્રો. ઘનશ્યામ જોષી, એમ.એ. (ખાલસા કૉલેજ, મુંબઈ)

જય હો જય જયકાર જિનેશ્વર, તન મન-ધન જીવન જિનેશ્વર;
સર્વ દૃષ્ટિનો સાર જિનશાસન, નોંધારાનો આધાર જિનશાસન.
જનમ જનમથી થાક્યાં પાક્યાં, જીવનો સંગીન આધાર જિનેશ્વર;
જ્યાં જાત નહીં ને નાત નહીં. ને નબળાનો ધૂતકાર નહીં.

ને તપને બહાને ઢોંગ ધતૂરા, 'હું' હું નો હુંકાર નહિ;
ધન ને રૂપ રમણીના રૂપને, ભડભડ બળતી હોળી કીધી.
તન ને તપથી તાપી ટીપી, જોગની ઝોળી લીધી;
એવા સાધુ ધરખમ વીરો, નિશદિન વિહરે તુજ ચરણોમેં.

ગામે ગામે ઠામે ઠામે, ધામે ધામે જ્ઞાનની લહાણી;
પુણ્ય-કમાણી કરતાં જનનાં, જુગ જુગ જૂના બંધન હરતાં,
તન મન ને વાણીમાં શુદ્ધિ, ભક્તિમાં છે તરતી બુદ્ધિ;
જેના દરશનમાં છે રિદ્ધિ, આશિષથી નીપજે છે સિદ્ધિ.

જેના ગુંજનમાં શાસનનો, મર્મ બધો સમજાઈ ગયો;
ને સીધી સાદી દૃષ્ટિમાંથી, સાર બધો સમજાઈ ગયો.
જેની વાણી ધારામાંથી, સાર જીવન વરતાઈ ગયો;
જગમાં સૌ સઘળાને મારે, તેમાં કોક કદાપિ ઉગારે.

જલમાં સઘળા તરવા મથતા, તેમાં કોક તરે ને તરાવે;
જેને નીરખી મન મહેરામણ, ઉમટે આંસુ સારે,
જેની વાણી શ્રવણે પડતાં, મોહ વમળ ટળવળતાં;
ભાગે આત્મ પ્રદીપ પ્રકટે, જગ શમણાંની ભ્રમણાં ભાંગે
જય હો જય જયકાર જિનેશ્વર.

● **અમદાવાદ :** તા. ૨૬-૪-૫૮ ના રોજ એકી સાથે **૯ બહેનોએ ભાગવતી** પ્રવ્રજ્યા અંગીકાર કરી. પ્રવ્રજ્યા પહેલાં જુદે જુદે સ્થળેથી વરઘોડા નીકળ્યા હતા, વરઘોડામાં સારા પ્રમાણમાં જનતા અને સંભાવિત ગૃહસ્થોની હાજરી હતી. ત્રણ વરઘોડા કાળુપુર, ટંકશાળે ઉતર્યા હતા, અને બીજા વરઘોડા માંડવીની પોળ, નાગજી ભુદરની પોળે ઉતર્યા હતા. ત્યાં આગળ દીક્ષાની વિધિ કરાવાઈ, આમાં શ્રી કેશવલાલ મોહનલાલ ઝવેરીના સુપુત્રી સવિતાબેન કે જેઓ બી.એ. થયેલા છે, અને કોવિંદની પરીક્ષામાં પણ ઉત્તીર્ણ થયા છે તેઓએ પણ પ્રવ્રજ્યા અંગીકાર કરી હતી. એમના સહિત બીજી ચાર બહેનો, કુલ પાંચ બહેનોની દીક્ષા ટંકશાળમાં પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આ. શ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**, પૂજ્ય આ. શ્રી વિજયમનોહરસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં થઈ હતી. તથા નાગજીભુદરની પોળે પૂ.આ.શ્રી વિજયઉદયસૂરીશ્વરજી મહારાજાદિની નિશ્રામાં થઈ.

● **મુંબઈ (દાદર) :** અત્રેના શ્રી દામજી પદમશી જેમણે ગઈ સાલ શંખેશ્વરજીથી પાલીતાણાનો સંઘ કાઢેલો તેમના પુત્રી કુ.પ્રભાવતીબેનની દીક્ષા વર્ષીદાનના વરઘોડા દાદર, કચ્છ અને અમદાવાદમાં નીકળ્યા. વરઘોડામાં દાનમાં કપડાં પણ વહેંચાયાં. ત્રણેય સ્થળે પૂજા-ભક્તિ સારી થઈ. દીક્ષા સાધ્વીજી શ્રી રોહિતાશ્રીજી પાસે અમદાવાદ, ટંકશાળમાં થઈ. પ્રભાવનામાં નવકાર-લોગસ્સના રંગીન ચિત્રના કાર્ડ વહેંચાયા.

● **(રતલામ) નોંધ :** ખૂબ જ ખેદ સાથે લખવું પડે છે કે રતલામ શાન્તિનાથજીના દહેરાસર અંગે જ્યારે એક બાજુ ન્યાયાલય તરફથી જૈન સંઘને ન્યાયમાં વિજય મળે છે, ત્યારે બીજી બાજુ શાસક સરકાર તરફથી ઉદાસીનતા જોવા મળે છે ! મંદિરનો કબજો જૈનોને સોંપી દેવાના ન્યાયી ચૂકાદા પછી પણ સરકારને કબજા જેવો પહેરો રાખવો પડે છે, અને પોલીસ પહેરાની હયાતીમાં

મંદિરમાં કોઈ શિવલિંગ મૂકી જાય છે ! જૈનસંઘ સામે ગુંડાગીરીને ઉત્તેજનાર પત્રકારને એક બાજુ કોર્ટ સજા કરે છે, ત્યારે બીજી બાજુ એની પછી તરત સરકારના જાગતા તંત્ર નીચે જૈન ભાઈ શ્રી લક્ષ્મીચંદ લુણિયા પર કોઈ માથાના બે ફાડચા કરનારો લાઠીનો પ્રહાર અને મોંઢા પર છરાના ઘા કરી જાનથી મારવાનો યત્ન કરે છે ! એમાં પોલીસ ગુન્હાહિત તરીકે ૨-૫ ને પકડી પકડી જામીન પર છોડી દે છે. અને આજે લગભગ મહિનો થયા હજી ખૂનીને પકડી યોગ્ય નશીયત કરી શકતી નથી ! તેથી ફરી પાછું રતલામ સંયુક્ત જૈનસંઘના એક આગેવાન કાર્યકર્તા શ્રી સરદારમલજી જૈનનું રાત્રિના ખૂન કરી નાખવા કોઈ સીધો ગળા ઉપર છરાનો ઘા ચલાવવા જાય છે ! પરંતુ ઘા ગળાને બદલે દાઢીની ઉપર લાગે છે ! જેથી જડબું અને દાઢી જુદા પડી જાય છે, જેના પર ૨૨ ટાંકા લેવા પડે છે ! લોકશાહીતંત્ર અમલમાં હોય અને પ્રજા પર ગુન્ડાતત્ત્વ આવા ઘાતકી આક્રમણ કરે એ ખુદ સરકાર સામે ચેલેંજ છે. એક કટુ પ્રસંગ કદાચ બન્યો તો તે પર સરકાર જાગ્રત થઈ કડક શાસન ન અજમાવે અને કટુ પ્રસંગની આવૃત્તિ થાય એ પછી પણ ગુન્હાહિતોને પકડવા-કરવાની જોરદાર દોડધામ ન કરે, એમાં સરકારની ઉદાસીનતા સમજવી કે શું સમજવું ?

આજે જ્યારે પાકિસ્તાનમાં લઘુમતીનું સંરક્ષણ માગીએ છીએ ત્યારે શું અહીં લઘુમતીઓનું સંરક્ષણ કરવાની ફરજ નથી ? કે પછી નવી ચુંટણી વખતે આપણને વધુ મતો ક્યાંથી મળે એ ભયના માર્યા શું આંખમિચામણાં છે ? અમે માનીએ છીએ કે સમાજમાં કામ કરી રહેલા ગુંડાતત્ત્વો એ માત્ર જૈનો શું પણ ખુદ સરકાર અને પોલીસ સામે ખુલ્લી ચેલેંજરૂપ છે કે તમારી તાકાત હોય તો અમને નિયંત્રિત કરી જુઓ, અને ડારવા માટે સરકાર અને પોલીસે ચાંપતા ઈલાજ લઈ કડક હાથે આવા ગુંડાતત્ત્વો પર નિયંત્રણ કરી દેવું જોઈએ. પ્રજાના એકેક માણસનું જીવન કિંમતી છે; એને પૂરતું સંરક્ષણ જોઈએ. એમાંય જૈનો જેવી શાંત અને અહિંસક પ્રજાને માટે તો આવા કાળે સંરક્ષણનો ખાસ પ્રબંધ થવો ઘટે.

સનાતન પ્રજાને પણ અમારી ખાસ ભલામણ છે કે માનવતાની હિમાયત ખાતર માનવતા-હીન આવા ગોઝારા કૃત્યો કરનાર સામે સખ્ત અણગમો જાહેર કરો, એવા હીચકારા હુમલાખોરોને સરકાર પકડી પાડું નિયંત્રણ જમાવી શકે એમાં સરકારને સહાય કરો.

વિશેષમાં ભારતના ગામે ગામના જૈનસંઘોને અમારી ખાસ અપીલ છે કે રતલામ મંદિરના પ્રશ્નને માત્ર રતલામ સંઘનો ન ગણતાં તમારો ગણી, ત્યાંના

મંદિર તથા સંઘના સંરક્ષણાર્થે તન-મન-ધનથી ભોગ આપવાનું ન ચૂકો. રતલામ જૈનસંઘે ખૂબ જ સહન કર્યું છે; અને હાઇકોર્ટમાં વિજય મેળવ્યો છે. રતલામની મુશીબતો તથા આજના કોર્ટ કેસના ખર્ચા આપણે જાણીએ છીએ. ગામે ગામના સંઘને એમ કેમ ન થાય કે રતલામ સંઘ અને મંદિરની સેવામાં અમારી વિનશ્વર લક્ષ્મીને લગાડી દેવાનું અમારું ગંભીર કર્તવ્ય છે ?

● **મહેસાણા :** જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક શ્રી રામચંદ ડી. શાહે માર્ચ માસમાં ભાલક, સીપોર, ગવાડા, વીજાપુર, આજોલ, માણસા, દહેગામ, પ્રાંતિજ અને ઈડરમાં ચાલતી પાઠશાળાઓની પરીક્ષા લીધી, તે અંગે મેળાવડાઓ યોજાયા. વિદ્યાર્થીઓને ઈનામો વહેંચાયા. તેમજ શિક્ષકોનું યોગ્ય બહુમાન કરાવાયું. પરીક્ષકશ્રીએ ધાર્મિક શિક્ષણ અને પાઠશાળા અંગે વિદ્યાર્થીઓને, કાર્યકરોને તથા અન્ય ભાઈ-બહેનોને પ્રેરણાઓ કરી, તેમજ વડનગર, લોદ્રા અને પેથાપુરના સંઘના આગેવાનોને બંધ પડેલી પાઠશાળા ફરી શરૂ કરવા માટે ભલામણ કરી. પરીક્ષક શ્રી વાડીલાલ મગનલાલ તથા કપુરચંદ રણછોડદાસ વારૈયાએ માર્ચ માસમાં પાલીતાણામાં ગુરૂકુળ, બાલાશ્રમ, શ્રાવિકાશ્રમ તથા બ્રહ્મચર્યાશ્રમના વિદ્યાર્થીઓની લેખિત તથા મૌખિક પરીક્ષાઓ લીધી હતી.

● **પાલીતાણા :** અત્રે વૈશાખ સુદ-૭ ના રોજ મુંબઈ નિવાસી શેઠ શ્રી જીવતલાલ પ્રતાપસીભાઈના ભત્રિજી કુ. મંજુલાબહેને સંસારના મહાવૈભવ છોડી પ્રવ્રજ્યા અંગીકાર કરી. દીક્ષા પ્રસંગ શેઠના પોતાના બંગલામાં આગમ જૈન સોસાયટીમાં ખૂબ ધામ-ધૂમપૂર્વક લગભગ ૫-૬ હજારની મેદની વચ્ચે ઉજવાયો બહારગામથી સારા સારા માણસો આવેલા; તથા નાણાપ્રધાન શ્રી મોરારજીભાઈ, શ્રી બીરલા વગેરેના અભિનંદન સંદેશા આવેલા.

● **માતર :** અત્રે શ્રી મુનિસુવ્રતસ્વામી આદિ જિનબિંબોને પ્રતિષ્ઠિત કરવાનો મહોત્સવ પૂજ્ય પં. શ્રી પ્રવીણવિજયજી ગણિવર તથા પૂજ્ય પં. શ્રી મહિમાવિજયજી મહારાજ સાહેબ આદિની નિશ્રામાં ચૈત્ર વદ-૧૪, વૈશાખ સુદ-૩,૫,૬ એમ ચાર દિવસ ભવ્ય રીતે ઉજવાયો. પૂજા, અંગરચના, ભાવના વગેરે સારું થયું.

● **પુડલ તીર્થ (મદ્રાસ) :** મદ્રાસથી ઉત્તરમાં દશ માઈલ દૂર રેડહિલ્સ સરોવરની સમીપ આ તીર્થમાં પ્રથમ જિનેન્દ્ર શ્રી આદિનાથ ભગવાનની મહાપ્રભાવિક પ્રતિમાજી

છે. શ્રી કેશરીયાજી મહારાજની સ્મૃતિરૂપ છે. તેથી લોકો 'કેશરવાડી' કહીને સંબોધે છે.

પૂર્વકાળમાં જિનાયતનમાં મુનિવાસ હતો, 'નિર્ગ્રન્થ વસ્તી' કહે છે. આજે પણ ઉપાસકોને આ પવિત્ર સ્થાનમાંથી વિદ્યુતમય આંદોલનોનો અનુભવ થાય છે. મુમુક્ષુ આત્માઓ દૂર દૂર સ્થાનોમાંથી આવી જપ-તપના અનુષ્ઠાનનો લાભ લે છે. હમણાં લગભગ ૪૦ ભાઈ-બહેનોએ નમસ્કારમંત્રની આરાધના પૂર્ણ કરી છે. છ માસ રહીને નવ લાખ નમસ્કારમંત્રનો જાપ વિધિપૂર્વક પૂર્ણ જેઠ વદ-૧ થી અનુષ્ઠાન કાર્તિક સુદ-૧૫ સુધી ચાલશે. માટે જે ભાગ્યશાળીઓ લાભ લેવા ઇચ્છે તે પ્રવેશ-પત્ર મંગાવી લો. વૈશાખ સુદ-૧૫ સુધીમાં પ્રવેશ-પત્રનો સ્વીકાર કરવામાં આવશે. ખાવા, પીવા, રહેવા વગેરેની વ્યવસ્થા સંસ્થા તરફથી થશે.

● **હીંગનઘાટ :** વિદુષી સાધ્વી શ્રી નેમશ્રીજીનાં શિષ્યા ચંપકશ્રીજી તથા સુલસાશ્રીજીનાં વર્ષીતપના પારણાં અંગે શેઠ કનકમલજી તારાચન્દજી કોઠારી તથા શેઠ બન્સીલાલજી કોચર તરફથી વિમલનાથ સ્વામી જિન-પ્રાસાદમાં અઠ્ઠાઈ મહોત્સવ તથા શાન્તિસ્નાત્ર કરાવાયું. સાધર્મિવાત્સલ્ય થયું. મુંબઈવાળા નાનુભાઈની મંડળીએ ગીત-નૃત્યો વગેરેથી સુંદર ભક્તિપૂજા કરી. લોકોની ઠઠ જામતી. આ પ્રસંગ ઉપર ઠેઠ મુંબઈ, અમદાવાદ, હુબલી વગેરે ઘણા ગામોથી લોકોની સંખ્યા સારી આવી. વૈશાખ સુદ ત્રીજનાં બેન્ડવાજા, ચતુર્વિધ સંઘ સાથે તપસ્યાનો ભવ્ય વરઘોડો ચઢ્યો. હોલમાં પ્રભુ ઋષભદેવ ભગવાનને શ્રેયાંસકુમાર ઈક્ષુરસ વહોરાવવાનું સુંદર દશ્ય બનાવ્યું હતું. બંસીલાલજી ભાઈએ ૧૦૮ ઈક્ષુરસ ઘડા વહોરાવ્યા, તેમજ એમણે જ ત્યાં દુન્દુભીની જગો પર શંખ, પાંચ વર્ણના ફૂલની જગો પર સોના-રૂપાનાં ફૂલો, ગંધોદકની જગો પર અત્તરદાનીમાં ગુલાબજળ, રત્નની વૃષ્ટિની જગો પર સાચા મોતીઓ પૈસા પરચુરણ વગેરેની વૃષ્ટિ અને વસ્ત્રોની વૃષ્ટિ આવી રીતે પંચદિવ્ય પ્રગટ કર્યા હતા. સખત ઉનાળો હોવા છતાં તપસ્વી સાધ્વી શ્રી ચંપકશ્રીજીએ નવ ઉપવાસ કરેલા અને સુલસાશ્રીજીએ ચાર ઉપવાસ કરેલા. બાલ સાધ્વી ત્રિલોચનાશ્રીજીએ લગોલગ ૩૦ થી માંડીને ૩૭ વર્ધમાન તપની ઓળી કરેલી, તેનું પારણું પણ તે જ દિવસે થયું.

● **સુરત :** પૂજ્ય શાન્તમૂર્તિ પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવર અને આદિ મુનિવરો નડીયાદથી ફાગણ વદ-૧૧ ના વિહાર કરી પાલેજ પધારતાં શ્રી સંઘે ભવ્ય સામૈયું કરેલ. સંઘ તરફથી વીર પ્રભુના જન્મકલ્યાણકની ઉજવણી નિમિત્તે પૂજ્ય મહારાજશ્રીને આગ્રહ થતાં તેઓશ્રી રોકાયા હતા. સુદિ ૧૨ ના રાત્રે જાહેર વ્યાખ્યાન યોજાયું હતું. સેંકડોની માનવ મેદનીએ લાભ લીધો હતો.

પૂજ્યશ્રીની પ્રેરણાથી અત્રે પહેલ વહેલા શ્રી મહાવીર પ્રભુના જન્મકલ્યાણ નિમિત્તનો ભવ્ય વરઘોડો નીકળ્યો. ભરૂચથી ખાસ બેન્ડ બોલાવેલ. બપોરે પૂજ્ય પંન્યાસજી મહારાજે પ્રભુના જીવન પ્રસંગો પર મનનીય બોધ સચોટ રસ ઝરતી શૈલીમાં આપ્યો. ત્યારબાદ પૂજ્ય મુનિરાજશ્રી ગુણાનંદવિજયજી મહારાજે પણ ટૂંકું વિવેચન કરેલ. પેંડાની પ્રભાવના થઈ. પૂજ્ય પંન્યાસજી ઝગડીયાથી માંગરોલ કઠોર થઈ વદિ ૧૩ ના સુરત શ્રી સંઘ સ્વાગતપૂર્વક છાપરીયા શેરીના ઉપાશ્રયે પધાર્યા. વ્યાખ્યાન આપ્યું. ગોપીપુરા નેમુભાઈની વાડી માટે વિનંતી થતા પૂજ્ય મહારાજશ્રી સપરિવાર વૈશાખ સુદિ ૧ ના દિવસે વાજતે-ગાજતે શેઠ શ્રી નવલચન્દ ખીમચન્દ, બાલુભાઈ ખીમચન્દ વગેરે સંઘના સામૈયા સહિત નેમુભાઈની વાડીએ પધાર્યા. દરરોજ વાડીના ઉપાશ્રયે વ્યાખ્યાનો થતાં લોકો સારી સંખ્યામાં લાભ લેતાં.

શેઠ નવલચન્દ ખીમચન્દની વિનંતીથી પૂજ્ય મહારાજશ્રીની નિશ્રામાં છાણી નિવાસી બાળ બ્રહ્મચારિણી કુમુદિની બહેનની દીક્ષાનો ભવ્ય મહોત્સવ વૈશાખ સુદી-૭ ના નેમુભાઈની વાડીમાં ઉજવાયો. ભવ્ય દીક્ષાના વરઘોડા, બાદ ચિકાર માનવમેદનીના ઉત્સાહ વચ્ચે પૂજ્ય પંન્યાસશ્રીએ કુમુદિનીબહેનને દીક્ષાક્રિયા કરાવી, શુભ નામ સાધ્વીશ્રી કિરણરેખાશ્રી રાખી, તેમન સાધ્વીજી દર્શનશ્રીજીના શિષ્યા સ્થાપેલ. પૂજ્ય મહારાજશ્રીએ ચતુર્વિધ સંઘને મંગલ ઉદ્‌બોધન કરેલ. શ્રી સંઘની વિનંતીથી સુદિ ૮ સુધી રોકાઈ છાપરીયા શેરી પધાર્યા છે. ગોપીપુરા નેમુભાઈની વાડીમાં પૂજ્ય મહારાજશ્રીની અઠવાડીયાની સ્થિરતાથી તેઓશ્રીની જ્ઞાનગંભીર પ્રવચનશૈલીથી ત્યાંની જૈન જનતામાં ઉત્સાહ તથા પ્રેમભાવનું વાતાવરણ સર્જાયું હતું. શેઠ નવલચન્દભાઈની આગ્રહપૂર્વકની વિનંતીથી પૂજ્યશ્રી સપરિવાર સુદિ ૧૩ ની સાંજે નેમુભાઈની વાડીએ પધારી ૧૪-૧૫ નાં વ્યાખ્યાનો આપી સગરામપરા થઈ મુંબઈ બાજુ વિહાર કરશે.

● **બોરીવલી (મુંબઈ) :** બાળકાળથી વિરક્ત બનેલા મહુવાવાસી ભાઈ શ્રી કાન્તિલાલ, સંઘવી જગજીવનદાસ ગુલાબચન્દના સુપુત્રનો દીક્ષા-મહોત્સવ બોરીવલી સંભવનાથજી જૈન દહેરાસરમાં પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ઘણા જ ઉત્સાહપૂર્વક વૈશાખ સુદ-૭ ને શનિવારના દિને ઉજવાયો.

દીક્ષાર્થીને ત્યાગના સંસ્કાર નાની ઉંમરથી જ હતા. છેલ્લા ત્રણેક વરસથી તેમનો વૈરાગી આત્મા ચારિત્રને ઝંખી રહ્યો હતો. સોનામાં સુગંધ મળે તેમ આ ત્રણ વરસના ગાળા દરમ્યાન તેમને વિદ્વાન અને ત્યાગી મુનિવરોનો સતત સંપર્ક રહ્યો જેથી તેમના વૈરાગ્યને પુષ્ટી મળી.

કાંતીભાઈના ત્યાગને તેમની ચાલીના જૈન જૈનેતર ભાઈઓએ એક સન્માન સમારંભ યોજી ઘણી અનુમોદના કરી. ચાલીના મુસ્લીમ મકાન માલિકે તેમને ફૂલહાર અર્પણ કરી પોતાના અંતરના આશીર્વાદ આપ્યા. બીજે દિવસે સંઘ તરફથી તેમનું બહુમાન થયું.

દીક્ષાના દિવસે તેમના નિવાસસ્થાનેથી વર્ષીદાનનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. જૈન તેમજ જૈનેતરો આ ભવિષ્યના બાલયોગીને જોવા ઉમટ્યા હતા. વરઘોડો દેરાસરે પહોંચતાં ઉપાશ્રય માનવસમુદાયથી ચિક્કાર થઈ ગયો હતો.

દીક્ષાની વિધિ પત્યા બાદ નૂતનદીક્ષિતને આચાર્યદેવ અમૃતસૂરીશ્વરજીના શિષ્ય ધુરંધરવિજયજીના શિષ્ય કુંદકુંદ વિજયજી તરીકે જાહેર કરવામાં આવ્યા છે. બોરીવલીમાં તે દિવસે સંભવનાથજી પ્રભુની વરસગાંઠ હતી. તેમજ આ પ્રથમ દીક્ષા-પ્રસંગ હતો એટલે સંઘનો તેમજ દીક્ષાર્થીના વડીલોનો ઉત્સાહ અપૂર્વ હતો.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' વર્ષ-૬,અંક-૩૪,તા.૧૭-૫-૧૯૫૮

''જૈન'' પત્રના તંત્રીશ્રીનો ખુલાસો

(ગત પર્યુષણ પૂર્વે ઝરીયામાં પૂ. સાધ્વીશ્રીને વિહાર કરાવવા સંબંધે એમના જૈન' પત્રમાં છપાયું હતું. તે સંબધે તંત્રીશ્રીનો ખુલાસો તા. ૨૬-૪-૫૮ ને છપાયો તે અત્રે અક્ષરશઃ રજૂ કરીએ છીએ. પ્રકાશક)

તા. ૧૮-૫-૫૭ ના ''જૈનપત્ર''માં ''ક્ષમાપના દિનના મમત્વમાં કરુણ પ્રસંગ''ના હેડીંગ નીચે જૈન જગત વિભાગમાં એક સમાચાર અમોએ પ્રગટ કરેલ જેમાં પરમપૂજ્ય આચાર્યદેવશ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તી સાધ્વીજીશ્રી સુમંગળાશ્રીજીના શિષ્યા સાધ્વીશ્રી વિમળાશ્રીજીનું સ્વાસ્થ્ય પૂર્વ દેશમાં વિહાર કરતાં બગડ્યું અને પાનાગઢ મુકામે તેઓશ્રી કાળધર્મ પામ્યાની હકીકત હતી અને આ બનાવના નિમિત્તભૂત તરીકે શ્રી ઝરીયા તપગચ્છ સંઘના અગ્રેસર કાર્યકર્તા શ્રી દેવસીભાઈ માણેકચંદ વોરાને દર્શાવવામાં આવેલ અને સાથોસાથ પરમપૂજ્ય આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબનો તેમાં ઉલ્લેખ કરવામાં આવેલ, તેના ખુલાસામાં જણાવવાનું કે :

આ સમાચાર અમોને મુંબઈથી ભાઈ કલ્યાણજી વીરપાળભાઈ તરફથી મળેલ અને તેના ઉપર વિશ્વાસ મૂકીને તેના સત્યાસત્યનો નિર્ણય કરવા પહેલાં અમોએ તરત પ્રગટ કરેલ.

આ સમાચાર પ્રગટ થયા બાદ ઝરીયાનિવાસી શ્રી દેવસીભાઈ માણેકચંદ વોરાએ અમારા ઉપર ધનબાદ (બિહાર)ની કોર્ટમાં (૫૦૦ P.C.) ધારા હેઠળ કેસ કર્યો હતો અને તેના અનુસંધાનમાં અમોને તા. ૧૦-૪-૫૮ ના દિવસે કોર્ટમાં હાજરી આપવા માટે ઝરીયા જવું પડ્યું હતું.

ઝરીયામાં અમો શ્રી દેવસીભાઈને મલ્યા. તેમનો સદ્‌ભાવભર્યો વર્તાવ અને કેસને અંગે સુંદર સલાહ મળતાં કેસનું અમારું તે દિવસનું કામ પ્રેમપૂર્વક પતી ગયું હતું.

ત્યારબાદ ઝરીયાના અન્ય કેટલાક કાર્યકરોની મુલાકાતનો પ્રસંગ પણ અમોને મળેલ અને તેને અંગે અમોને જે માહિતી મળી તે જોતાં અમોને ખરેખર આશ્ચર્ય થયું અને અમોને લાગ્યું કે તા. ૧૮-૫-૫૭ ના 'જૈન' માં પ્રગટ થયેલ સમાચાર બિલકુલ સત્યથી વેગળા અને સાધ્વીશ્રી વિમળાશ્રીજીના કાળધર્મના નિમિત્તરૂપ દેવસીભાઈની અથવા શ્રી ઝરીયા તપગચ્છ સંઘને બનાવવામાં સમાચાર મોકલનારે ગંભીર ભૂલ કરી છે એમ અમોને લાગ્યું.

ઝરીયામાં એમાં જે વાત મળી તે ઉપરથી જાણવાનું થયું કે સાધ્વીશ્રી સુમગળાશ્રીજીએ ઝરીયામા ચાતુર્માસ કરવાની ઈચ્છા ઝરીયા શ્રી સંઘની કોઈ પણ વ્યક્તિ પાસે વ્યક્ત કરી ન હતી. જ્યારે શીખરજીથી સાધ્વીશ્રી વિમળાશ્રીજીના સ્વહસ્તે શ્રી દેવશીભાઈ ઉપર લખેલ એક પત્ર છે તેમાં તેઓશ્રીએ ઝરીયામાં આયંબિલની ઓળી કરવાની ભાવના વ્યક્ત કરી હતી, પરંતુ આયંબિલની ઓળી તેઓશ્રીએ શિખરજીથી ઝરીયા આવતા રસ્તામાં જ લગભગ પૂરી કરી હતી.

સાધ્વીશ્રી ઝરીયા પધાર્યા ત્યારે તેઓશ્રીએ તરત કલકત્તા પહોંચવાની ઈચ્છા દર્શાવી હતી. શ્રી દેવસીભાઈની તબીયત તે વખતે સાધારણ નરમ હતી તેથી તેઓ ઘરની બહાર જતા ન હતા એટલે સાધ્વીજીના એ શિષ્યાઓ શ્રી દેવસીભાઈના ઘરે ગયા હતા અને ત્યાં તેઓશ્રીએ કલકત્તા સુધીની વિહારની સગવડતા જેમ બને તેમ જલદી કરી આપવા કહ્યું હતું અને ઝરીયા શ્રીસંઘે વિહારની યોગ્ય સગવડ તરત કરી આપી હતી.

સાધ્વીશ્રીની તબીયત આ સમયે સારી હતી અને સારી ન હોય તો તેઓ કલકત્તા તરફ વિહાર કરે જ નહીં, કારણ કે ઝરીયાની નજીકમાં જ દશ માઈલ દૂર કતરાસગઢ ગામ છે અને ૩૦ માઈલ દૂર બેરમો ગામ છે. જ્યાં ઉપાશ્રયો તથા ઘર દેરાસરો છે અને શ્રાવકોના ઘરો પણ ત્યાં સારા પ્રમાણમાં છે અને તે બંને ગામો શિખરજીથી ઝરીયા જતાં લગભગ રસ્તામાં આવે છે, જ્યારે કલકત્તા ઝરીયાથી ૨૦૦ માઈલ દૂર છે.

વધુમાં જાણવા મળે છે કે સાધ્વીજી કોલેરાના દર્દ અંગે કાળધર્મ પામ્યા હતા એટલે કોઈ જૂના દર્દનું આમાં નિમિત્ત નથી.

આ વિગતનો વિચાર કરતાં જણાય છે કે સમાચાર મોકલનાર ભાઈએ તદ્દન બિનપાયાદાર અને સત્યથી વેગળા સમાચાર મોકલી પરમપૂજ્ય આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબને તેમજ તેમના શ્રાવકોને ઉતારી પાડવાની ભાવના જ સેવી છે એવું સહેજે દેખાય છે એમ છતાં બીજી કોઈ તેમની સારી ભાવના હોય તો જ્ઞાની મહારાજ જાણે.

આવા બિનપાયાદાર સમાચારના સત્યાસત્યનો અભ્યાસ કરવા પહેલાં સમાચાર પ્રગટ અમોએ કરેલ અને પરિમાણે શ્રી દેવશીભાઈ માણેકચંદ વોરા અને ઝરીયા શ્રી તપગચ્છ સંઘને ઘણુંજ સહન કરવું પડ્યું છે અને તેમની ખોટી રીતે બદનક્ષી થઈ છે જેથી તેમને ઘણું જ દુઃખ થયું હશે. તેમજ પરમપૂજ્ય આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના નામનો ખોટી રીતે ઉલ્લેખ થયો છે, જેથી શાસનની ઘણી જ હીલના થવા પામી છે તે માટે અમો ખરા અંતઃકરણપૂર્વક ક્ષમા માગીએ છીએ. અને પક્ષપાતમાં ખેંચાય એવા વિસંવાદી સમાચાર પાઠવનારને અંગે અમો કહીએ છીએ કે સમાજમાં ખોટો વિખવાદ ફેલાવી ખોટા મનદુઃખના કારણ ઊભા થાય એવા બિનપાયાદાર સમાચાર પ્રગટ કરાવવાની ભૂલ ભવિષ્યમાં ન કરે જેથી કોઈ નિર્દોષ વ્યક્તિઓને આવી રીતે ભવિષ્યમાં સહન કરવું ન પડે.

આટલી સ્પષ્ટતા બાદ આશા છે કે શ્રી દેવશીભાઈને પણ સંતોષ થશે અને જે કેસ અમારા ઉપર રજૂ કરવામાં આવેલ છે તે પાછો ખેંચી આભારી કરશો.

● **અમરેલી :** બાપજી મહારાજના સમુદાયના સાધ્વીશ્રી હીરશ્રીજી મ.ના સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે તેમના વિદ્વાન શિષ્યા કુમુદશ્રીજી-સુજ્ઞાનશ્રીજી-કનકશ્રીજી-હેમેન્દ્રશ્રીજીના ઉપદેશથી વૈશાખ વદ ૧ ના રોજ બહેનોએ પંચકલ્યાણક પૂજા ભણાવી. સાધ્વીશ્રી કુમુદશ્રીજીની સ્થિરતા દરમ્યાન ધર્મનો ઉદ્યોત સારી રીતે થઈ રહ્યો છે, સાધ્વીજી મહારાજ અત્રેથી કનકશ્રીજીના સગાઓએ પાલીતાણામાં મોટા દેરાસર પાસે બંધાવેલ ભવ્ય ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન કરવા જવા ધારણા રાખે છે.

● **અમલનેર :** પૂ.આ. યશોદેવસૂરિજી મ.ના મહાપુણ્ય પ્રભાવે પૂ. શ્રી ત્રિલોચનવિજયજી ગણિવર સંસારની અસારતા સમજાવતા, દેશનાથી સંઘમાં અપૂર્વ જાગ્રતિ આવી. અત્યાર સુધીમાં નહિ થયેલ એવી ભવોભવનાં પુદ્‌ગલો વોસરાવવાની ક્રિયા ચૈત્ર સુદ ૧૦ ના રોજ લગભગ અઢીસો માણસોએ કરી. લગભગ અઢીસો જેટલાં આયંબિલ થયાં. ચૈત્ર સુદ ૧૫ ના રોજ દેવવંદનની ક્રિયા સારી રીતે થઈ.

ભગવંતને અંગરચના કરવામાં આવી; દર્શન માટે સારા પ્રમાણમાં લોકોએ લાભ લીધો, ચૈત્ર વદ ૧૦ ના રોજ શિરસાળાના આરસના મંદિરમાં બિરાજમાન શ્રી આદીશ્વર ભગવંતની યાત્રાનો કમળાબાઈ રૂપચંદ સંગમનેરવાળા તરફથી સંઘ નીકળ્યો હતો. વ્યવસ્થા સારી હતી. પાછા ફરતાં અમલનેરના સંઘની જોરદાર વિનંતીથી વૈશાખ સુદ ૫ ની વર્ષગાંઠ પર પૂ.આ. દેવ પધાર્યા. પંચકલ્યાણક ઉત્સવ થયો. અમલનેરમાં ચોમાસું થવાનો સંભવ છે.

● **અમદાવાદ :** પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મહારાજશ્રીના તપસ્વી શિષ્યરત્ન મુનિશ્રી ચંદ્રાનનવિજયજીના સંસારીપુત્રો શ્રી રસીકલાલ ને નવીનચંદ તરફથી અત્રે ઝવેરીવાડ ઝવેરીપોળમાં તેમના માતુશ્રી અ.સૌ. માણેકબેને જુદી જુદી તપસ્યાઓ કરી તે નિમિત્તે પાંચ છોડનું ભવ્ય ઉજમણું, શાંતિસ્નાત્ર, અઠ્ઠાઈ મહોત્સવ વગેરે કરાવાયું. અત્રે બિરાજતા સાધુ-મુનિરાજો તથા જનતાએ સારા પ્રમાણમાં દર્શનાદિનો લાભ લીધો હતો.

● **પૂના :** શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠનો અગિયારમો વાર્ષિકોત્સવ પૂના શહેરના અગ્રગણ્ય શ્રીમાન શેઠશ્રી મણિલાલ માણેકચંદ સંઘવીના પ્રમુખપદે ગઈ કાલે રાત્રે ભવ્યતાપૂર્વક ઉજવાયો હતો. મંગલાચરણ, સ્વાગત ગીત, નૃત્ય, ગરબો વગેરે કાર્યક્રમ બાદ વિદ્યાપીઠના માનનીય પેટ્રન અને જૈન સમાજના અગ્રગણ્ય ઉદ્યોગપતિ, દાનેશ્વરી રાયબહાદૂર શ્રેષ્ઠિવર્ય શ્રીમાન હીમચંદભાઈ કપુરચંદ શાહ (જીવણલાલ (૧૯૨૯) લિ. ના મેનેજીંગ ડિરેક્ટર) ના તૈલચિત્રની અનાવરણ વિધિ પ્રમુખશ્રીના વરદ હસ્તે થઈ હતી. સંસ્થાના માનદ્‌મંત્રી શ્રી બાબુભાઈ મોદીએ સંસ્થાની દશ વર્ષની પ્રગતિનો ખ્યાલ આપતાં જણાવ્યું હતું કે-વિદ્યાપીઠ સાથે આજે ભારતભરની લગભગ ૩૦૦ પાઠશાળાઓ, ગુરૂકુળો, વિદ્યાલયો વગેરે જોડાયેલા છે અને વિદ્યાપીઠે નિયત કરેલ અભ્યાસ-મુજબ અભ્યાસ કરાવે છે. પૂ. સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો સહિત લગભગ ૧૨૦૦૦ પરીક્ષાર્થીઓએ આજ સુધીમાં આ સંસ્થાનો લાભ લીધો છે, અને હજુ વધુને વધુ પરીક્ષાર્થીઓ તેનો લાભ લઈ રહ્યા છે. અમે જે કંઈ પ્રગતિ કરી શક્યા છીએ, તે શ્રી ચરોતર ચોપન એકડા વીશાશ્રીમાળી જૈન કેળવણી મંડળના માનનીય અધ્યક્ષ રા. બ. શેઠશ્રી હીમચંદભાઈ અને અન્ય સંચાલક મહાશયોની સૌજન્યતાને વિશેષ કરી આભારી છે. શેઠશ્રી

હીમચંદભાઈને અંજલિ અર્પતાં તેઓએ જણાવ્યું હતું કે તેઓશ્રી પ્રત્યે અમે કૃતજ્ઞતાની લાગણી પ્રગટ કરીએ છીએ અને પ્રાર્થીએ છીએ કે તેઓશ્રીને ચિરાયું સર્વતોમુખી સફળતા અને બીજા અનેક શુભ કાર્યો કરવાની પ્રેરણા મળે. શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ અને પૂના શહેર સુધરાઈના ભૂતપૂર્વ પ્રમુખ અને ધારાસભ્ય શ્રી પોપટલાલ રામચંદ શાહે, શેઠશ્રીને ભાવભરી અંજલિ આપતાં કહ્યું હતું કે-પૈસા મેળવીને ભેગા કરનારા ઘણા હોય છે પણ તે પૈસા સમાજને ચરણે ધરનારા બહુ જ ઓછા હોય છે. વિદ્યાર્થીઓ કુળદીપક બને અને સમાજમાં જ્ઞાનનો દીવો ઘેર ઘેર પ્રગટે તે માટે શેઠશ્રીએ લાખ્ખો રૂપિયાની સખાવતો કરી છે, એ આપણા જૈન સમાજ માટે ગૌરવરૂપ છે. શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-પૂનાને તેઓશ્રીએ ૧૯૫૧ થી ૧૯૫૬ સુધીની પંચવર્ષીય વિકાસ યોજના માટે રૂા. ૬૩૦૦૦ આપ્યા છે. આવા દાનવીર વિભૂતિના તૈલચિત્રની અનાવરણ વિધિ આપણા શહેરમાં થઈ રહી છે તે અતિ આનંદજનક છે. શેઠશ્રી દીર્ઘાયુ ભોગવે અને સમાજ, ધર્મ અને રાષ્ટ્રહિતના વધુને વધુ કાર્યો તેઓશ્રી દ્વારા થાય એવી પ્રાર્થના છે. પ્રમુખશ્રીએ પણ શેઠશ્રીના કાર્યોને ગૌરવવંતા અને યશસ્વી ગણાવ્યા હતા, આ શુભ પ્રસંગે સંસ્થાના સંસ્થાપક પૂ.મુ.શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ સાહેબનો આશીર્વાદ સંદેશો તેમજ મુંબઈ, અમદાવાદ, દિલ્હી, ભરૂચ, બેલગામ, પાલીતાણા, ગોધરા વગેરે અનેક શહેરો અને ગામોમાંથી પત્ર અને તાર-સંદેશાઓ આવ્યા હતા.

● અખિલ ભારતીય શિક્ષણ સંસ્થા શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-પૂનાની જૈન દર્શનની પાંચ પરીક્ષાઓ-પ્રાથમિક, પ્રારંભિક, પ્રવેશ, પરિચય અને પંડિત-ભારતભરના કેન્દ્રોમાં તારીખ ૨-૩ ઓગષ્ટ ૧૯૫૮ નક્કી કરવામાં આવી છે. પરીક્ષાઓ અપાવવા ઈચ્છતી પાઠશાળાઓ, મંડળો કે ગુરૂકુળ અને વિદ્યાલયોએ પરીક્ષાના ઉમેદવારી પત્રો ભરીને તા. ૨૨ જુન ૧૯૫૮ સુધીમાં પૂના હેડ ઓફિસે મોકલવાના રહેશે.

નાત-જાત કે ઉંમરના ભેદભાવ વિના સૌ કોઈ તત્ત્વ-જિજ્ઞાસુઓ કોઈ પણ પ્રદેશમાંથી આ પરીક્ષાઓ આપી શકે છે. બોર્ડિંગો, વિદ્યાલયો અને ગુરૂકુળોના પરીક્ષાર્થીઓની અનુકૂળતા માટે સપ્લીમેન્ટરી પરીક્ષાઓ તા. ૨૩-૨૪ ઓગષ્ટ ૧૯૫૮ રાખવામાં આવી છે. વધુ માહિતી મેળવવા માટે શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ, ૧૫૬-૫૭ રવિવાર પેઠ, પૂના ૨, ના સરનામે સંપર્ક સાધો.

● **છાણી :** અત્રે પૂ.આ.શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા આદિ મુનિવરો મીયાગામથી વિહાર કરીને વૈશાખ વદ ૩ ના દિવસે સામૈયા પૂર્વક પધાર્યા. વૈશાખ વદ ૬ ના દિવસે શ્રી મોહનભાઈના સુપુત્ર શ્રી

રજનીકાન્તભાઈનો વર્ષીદાનનો વરઘોડો ચઢ્યો. પૂ.આ. શ્રીના વરદહસ્તે ચતુર્વિધ સંઘની હાજરીમાં નાણ સમક્ષ તેમની સંયમ. પ્રદાનની મંગલ ક્રિયા કરાવાઈ. નૂતન મુનિનું વીરસેનવિજયજી નામ રાખી મુનિશ્રી પુણ્યવિજયજીના શિષ્ય કરાવાયા. બાદ મુનિશ્રીના પિતાશ્રીએ સ્વામિવાત્સલ્ય, પૂજા-અંગરચના વગેરે કરાવ્યું.

● **અમદાવાદ :** અત્રે ડોશીવાડાની પોળમાં કસુંબાવાડમાં સ્વ. શેઠ જેશીંગભાઈ કાળીદાસ જરીવાળાની ૪૫ આગમ અને ૨૦ સ્થાનક તપસ્યા અંગે તેમના સુપુત્ર શ્રી રમણલાલભાઈ તરફથી પાંચ છોડનું ભવ્ય ઉજમણું, અઠ્ઠાઈ મહોત્સવ, તથા અષ્ટોત્તરી બૃહત્શાંતિસ્નાત્ર વગેરેનો કાર્યક્રમ પૂજ્ય આચાર્યશ્રી **વિજય સિદ્ધિસૂરીશ્વરજી,** પૂજ્ય આચાર્યશ્રી **લબ્ધિસૂરીશ્વરજી મ.સા.,** પૂજ્ય આચાર્યશ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી** મ.સા. તથા પૂજ્ય આચાર્યશ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ. સાહેબ આદિ મુનિપુંગવોની નિશ્રામાં જેઠ સુદ ૩ થી ૧૦ સુધી ભવ્ય રીતે ઉજવાયો. પૂજ્ય આચાર્યશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબ બાંધેલા વિશાળ મંડપમાં દરરોજ સવારે એક કલાક પ્રવચન આપતા હતા. સ્થાનિક સાધુ-સાધ્વીઓ અને જનતાએ દર્શનાદિનો સારો લાભ લીધો હતો.

અત્રે **પાછીયાની પોળ**માં શેઠ શ્રી મોહનલાલ જમનાદાસની બે પુત્રીઓના દીક્ષા પ્રસંગે અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાઈ ગયો.

જેઠ સુદ-૬ ના કલકત્તા નિવાસી રમેશભાઈ કે જેઓ કસુંબાવાડમાં શણગારવામાં આવેલ ભવ્ય મંડપમાં પારમેશ્વરી પ્રવ્રજ્યા થઈ હતી. કલકત્તાના ચાતુર્માસ વખતે પૂજ્ય મૃગાંકવિજયજી ગણિવરના પરિચયમાં આવેલા. દિનપ્રતિદિન વૈરાગ્યભાવના વધતા આ સાલમાં પ્રવ્રજ્યા અંગીકાર કરવાનું અમદાવાદ નક્કી કર્યું. જેઠ સુદ ૫ ના વર્ષીદાનનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો અને જેઠ સુદ ૬ ના મંગળ પ્રભાતે કસુંબાવાડમાં તેમનું નામ મુનિશ્રી રત્નભૂષણવિજયજી અને એમના ગુરુશ્રી મૃગાંકવિજયજી ગણિવર્ય જાહેર કરાયા હતા. આજ શુભ દિવસે ૯-૨૭ મિનિટે પ્રવચન પ્રભાવક આ. વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના તપસ્વી શિષ્યરત્ન મુનિશ્રી મલયવિજયજી મ.ની ભગવતીસૂત્રની અનુજ્ઞારૂપ ગણિ પદવી પૂજ્ય આચાર્યદેવ **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા**ની પાવન નિશ્રામાં થઈ હતી. આ પ્રસંગે અનેક આચાર્યો આદિ વિશાળ મુનિ-મંડળ-સાધ્વીગણ-શ્રાવક-શ્રાવિકાઓની

સંખ્યા સારી હતી. ગણિપદવી બાદ તેમના સંસારી માતુશ્રીએ કામળી વહોરાવી હતી. ક્રિયા વખતે વાતાવરણ કોઈ અનુપમ કોટીનું હતું.

● **સાબરમતી :** પૂ.આ.શ્રી વિજયઉમંગસૂરીશ્વરજી મહારાજશ્રી આદિ મુનિપુંગવોનો જેઠ સુ. ૬ ના શનિવારના રોજ સુખપૂર્વક પ્રવેશ થયો.

● **મુંબઈ (દાદર) :** પૂ. મુનિરાજશ્રી પદ્મવિજયજી ગણિવર્ય આદિ શ્રી આત્મકમળલબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર પૌષધશાળા ઉપાશ્રયમાં ટ્રસ્ટીઓની વિનંતીથી ચાતુર્માસ માટે પધાર્યા છે. તેઓશ્રીને કેન્સર હોવાથી ટ્રીટમેન્ટ ચાલુ છે. તબીયત સારી છે. પૂજ્ય મુનિશ્રી સિદ્ધસેનવિજયજી મહારાજશ્રીને તાતા હોસ્પીટલમાં પેટનું ઓપરેશન કરાવ્યું છે. તબીયત સારી છે.

નવસારી : અત્રે શ્રી ઝવેરચંદભાઈના માતુશ્રી રૂક્ષ્મણીબેન તથા તેઓશ્રીનાં ભગિની બાલ બ્રહ્મચારિણી મધુકાન્તાબેન (મેટ્રીક)ની દીક્ષા જેઠ સુદ ૧૦ ના રોજ પૂ. શ્રી દોલતસાગરજી મહારાજશ્રીના વરદ હસ્તે ધામધૂમ પૂર્વક થઈ. શ્રી મધુકાન્તાબહેન એસ.એસ.સી. પાસ છે. વળી તેઓશ્રીએ ચાર પ્રકરણ, સંસ્કૃત બે બુક, વગેરેનો અભ્યાસ કર્યો છે. વરઘોડો સાડા સાત વાગે નીકળી શહેરના મુખ્ય માર્ગોએ ફરી ૧૦ વાગે મંડપમાં આવ્યો. વરઘોડામાં ભરયૌવન વયે દીક્ષા ગ્રહણ કરતાં મધુકાન્તાબહેને છૂટે હાથે વરસીદાન દેતાં નીરખી ઈતરોમાં ખૂબ ખૂબ અનુમોદના થયેલ. રૂક્ષ્મણીબેનનું નામ તત્ત્વરસાશ્રી અને મધુકાન્તાબેનનું નામ મોહજીતાશ્રીજી રાખીને પૂ.સા. મૃગેન્દ્રશ્રીજીનાં શિષ્યા કરાવાયાં અને સા. શ્રી મોહજીતાશ્રીજી તેઓના માતુશ્રીના શિષ્યા બનેલ. જલાલપોર, નવસારી, સિસોદ્રા વગેરે સ્થળેથી દીક્ષાર્થીઓને માનપત્ર અપાયાં. બહારગામથી સારા પ્રમાણમાં જનતા આવી.

● **અમદાવાદ :** સાધ્વીશ્રી રક્ષાશ્રીજી મ.ને એક હજાર આયંબિલ ચાલુ છે હાલ ૭૨૫ થવા આવ્યા છે, સાધ્વીશ્રી દિવ્યદયાશ્રીજી મ. ૫૦૦ આયંબિલ કરી ચૈત્ર સુદિ ૩ ના રોજ પારણું કર્યું છે, શ્રી રામચંદ્ર ગોપાલદાસે ૧૧૧૧ આયંબિલ કરવાનો અભિગ્રહ પૂ. આચાર્યદેવશ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** પાસે ફાગણ સુદિ ૧૩ ના રોજ લીધો છે, એજ દિવસથી આયંબિલ શરૂ કર્યા છે.

● **કોલ્હાપુર :** અત્રે શાહુપુરીમાં પાંત્રીસ વર્ષ પહેલાં પેથાપુરથી શ્રી શાંતિનાથજીનાં પ્રતિમાજી પેથાપુરનિવાસી શ્રી મણિભાઈ ભીખાભાઈએ લાવીને

ઘરદેરાસરમાં પધરાવેલ. પૂ.આ.શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. મુનિરાજશ્રી લલીતવિજયજી મહારાજના સદુપદેશથી નૂતન જિનમંદિર તૈયાર થયું. વૈશાખ સુદિ-૬ ને શુભ મુહૂર્તે પ્રતિષ્ઠા કરવાનું સંઘે નક્કી કર્યું અને જોરશોરથી તૈયારીઓ શરૂ કરવામાં આવી. આ માંગલિક પ્રસંગ ઉપર પૂ. પંન્યાસજી મુક્તિવિજયજી મહારાજ તથા પૂ. મુનિરાજશ્રી હિમાંશુવિજયજી મહારાજ આદિને પધારવા માટે સંઘના અગ્રેસરો આમંત્રણ કરવા પૂના ગયા. પૂ. પંન્યાસજી મહારાજ વિનંતીનો સ્વીકાર કરી ગુરુદેવની આજ્ઞા મુજબ પૂનાથી વિહાર કરી કોલ્હાપુર પધાર્યા. વૈશાખ સુદિ ૧૪ રથ, મોટરો વગેરેને વિમાન આકારે ફૂલોથી શણગારી પ્રભુજીને મંદિરના ગભારામાં પ્રવેશ કરાવ્યો. વૈશાખ સુદી ૧૪ થી વૈશાખ વદિ-૬ પૂજા, ભાવના, આંગી રોશની સ્વામિવાત્સલ્ય વગેરે થયું હતું. વૈશાખ સુદિ ૧૪ ધામધૂમપૂર્વક કુંભ-સ્થાપના થયું હતું. વદિ ૪ ના રોજ શ્રી તારૂબેન સાંગાવકર તરફથી નવકારશી થઈ હતી. વૈશાખ વદિ ૫ ના દિવસે જલયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો, ઈન્દ્રધ્વજા, મોટરો, ઘોડાગાડીઓ, રથ, બેન્ડો, હાથી અને હજારોની માનવ મેદનીથી વરઘોડાનું દશ્ય અનુપમ હતું. પૂ. મુનિરાજશ્રી પ્રભાકરવિજયજી મહારાજે પોતાની નાની ઉંમરે આવી સખત ગરમીમાં ૧૧ ઉપવાસ કર્યા હતા. વૈશાખ વદિ ૬ ના પવિત્ર દિને સવારના મંગળ સમયે શ્રી શાંતિનાથ ભગવાનને મૂલનાયક તરીકે શેઠ શ્રી ફકીરચંદ છનાભાઈએ, શ્રી સુપાર્શ્વનાથ ભગવાનને શેઠ શ્રી મણિલાલ પરસોતમદાસે, શ્રી પદ્મપ્રભુસ્વામિને શેઠ શ્રી મણિલાલ ભીખાભાઈએ, બીજા શાંતિનાથ ભ. ને શેઠ શ્રી અમૃતલાલ હીરાલાલે. અને શ્રી મહાવીરસ્વામિને શ્રી હીરાલાલ મોતીલાલવાળાએ ગાદીએ બિરાજમાન કર્યા હતા. ધ્વજાદંડ બેલગામનિવાસી શેઠ શ્રી ચતુરભાઈ નગીનદાસે ચડાવ્યો હતો. શીખર ઉપર સુવર્ણકળશ શ્રી વિનોદભાઈ દલીચન્દે ચડાવીને લાભ લીધો હતો, એકંદર ઉછામણીની બોલી સારા પ્રમાણમાં થઈ હતી. સંઘમાં આનંદ, ઉત્સાહ અને ઉલ્લાસનું વાતાવરણ ખૂબ જ મઘીમઘી રહ્યું હતું. વૈશાખ વદિ ૬ ના રોજ પ્રતિષ્ઠાના દિવસે શ્રી અષ્ટોત્તરી મહાપૂજા શેઠ શ્રી મણિલાલ પરસોતમદાસ તરફથી ભણાવવામાં આવેલ. વૈશાખ વદિ ૫ ના રોજ શેઠ શ્રી અમૃતલાલ હીરાચંદ તરફથી અને વૈશાખ વદિ ૭ ના રોજ શેઠ શ્રી ચંદુલાલ હંસરાજ તરફથી નવકારશી થઈ હતી. રાધનપુરના શ્રી રમણિકલાલભાઈ પ્રભુભક્તિથી રોજ ભારે આંગી સુંદર બનાવતા હતા. મહોત્સવના શુભ પ્રસંગે વિવિધ પ્રકારની રચનાઓ કરવામાં આવી હતી. સાંજ પડે હજારો ભાઈ-બહેનો દર્શનનો લાભ લેતા હતા. વૈશાખ વદિ ૯ ના રોજ કોલ્હાપુર અને આજુબાજુ વસતા ગરીબ નિરાધાર માણસોને શેઠ શ્રી ડાહ્યાલાલ

ભાઈચંદ તરફથી ભોજન અપાયું હતું. કોલ્હાપુરના આંગણે પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ ઉલ્લાસભર્યા વાતાવરણ વચ્ચે ઉજવાયો હતો. પૂ. પંન્યાસજી મુક્તિવિજયજી મહારાજની વૈરાગ્ય દેશનાથી જનતા ખૂબ આકર્ષાઈ હતી અને મહોત્સવમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

● **સેલમ (મદ્રાસ)** : અત્રે જૈન મિશન સોસાયટીના સેક્રેટરી શ્રી ઋષભદાસજીની શુભ પ્રેરણાથી શ્રી જૈન સંઘે જૈન પાઠશાળા (જૈન સંસ્કૃતિ સમિતિ)નું ઉદ્‌ઘાટન તા. ૨૮-૫-૫૮ ના રોજ થયું છે, અધ્યાપક તરીકે શીવગંજ શ્રી વર્ધમાન જૈન તત્ત્વ પ્રચારક વિદ્યાલયમાં અભ્યાસ કરીને તૈયાર થયેલા ભાઈ ભુરમલજી વીરચંદજી આવેલ છે. અધ્યાપકને રહેવા તથા ખાવા-પીવાની છ માસ માટે સગવડતા શેઠ શ્રી રાજમલજી ખીમરાજજીએ આપેલ છે. સંસ્કૃતિ શિક્ષણના સભ્ય શેઠ શ્રી વસ્તિમલજી નેમીચંદજી તથા શેઠ શ્રી રતનચંદજી શેષમલજીના સહકારથી કામ શરૂ થયું છે.

● **ગારીયાધાર** : જેઠ સુ. ૧૦ ના શાન્તિલાલ નંદલાલના ધર્મપત્ની શ્રી ચંપાબહેન તથા તેમના સુપુત્રી બાલબ્રહ્મચારી સુમનબહેને પૂ. મુનિરાજશ્રી મણિવિજયજી મ. ની અધ્યક્ષતામાં ધામધૂમથી પૂ. મોહનસૂરીશ્વરજી મ. ના સમુદાયમાં સાધ્વીજી શ્રી નંદનશ્રીજી મ. પાસે દીક્ષા અંગીકાર કરેલ. ગારીયાધારને આંગણે માતા-પુત્રીનો પ્રથમ જ દીક્ષા મહોત્સવ હોઈ તેમના સંસારી કુટુંબીઓ તરફથી ઉત્સાહથી ઉજવાયેલ. બહારગામથી સારા પ્રમાણમાં જનસંખ્યા આવી હતી. અત્રે ૧૧૮ વર્ષના જુના પ્રાચીન દેરાસર શ્રી શાંતિનાથજી ભગવાનના ગભારાનો જીર્ણોદ્ધાર થઈ રહ્યો છે. ૧૧૮ વર્ષથી અખંડ રીતે બળતા દીવા ઉપર કેસર પડે છે.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૬,અંક-૪૦,તા.૨૮-૬-૧૯૫૮**

● **અમદાવાદ** : (ગીરધરનગર) આગમપ્રજ્ઞ પૂજ્ય આચાર્યશ્રી વિજય જંબુસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. મુનિશ્રી રૈવતવિજયજી ગણીવર તથા પૂ. મુનિશ્રી વર્ધમાનવિજયજી ગણિવરાદિ ઠા. ૭ શ્રી ગીરધરનગર શાહીબાગ જૈન સંઘની આગ્રહભરી વિનંતી થતાં પૂજ્ય ગુરુદેવની આજ્ઞાથી ચાતુર્માસાર્થે અષાઢ સુદ-૩ શુક્રવારે શ્રી સંઘના અનેરા ઉત્સાહ સાથે સસ્વાગત પધાર્યા. ઠેકાણે ઠેકાણે ગહુંલીઓ થઈ. અત્રે શિલ્પ સ્થાપત્યના કલાયુક્ત નૂતન મંદિર દર્શનીય છે, તેમજ ઉપાશ્રય પણ નવો જ બંધાયેલ છે. એમાં પ્રથમ ચાતુર્માસ પૂજ્યશ્રીનું થતાં શ્રી સંઘનો આનંદ

ઉત્સાહ સારો છે. રોજ વ્યાખ્યાનનો ટાઈમ સ્ટા ૮।। થી રાખવામાં આવેલ છે.

● **વરતેજ (સૌરાષ્ટ્ર) :** જેઠ વદ ૧૧ ના દિવસે પ્રાથમિક સંગીત થયા બાદ, સંગીતના સૂરો વચ્ચે, નવીન બંધાયેલ ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન જાણીતા સમાજ અગ્રગણ્ય શ્રી ભોગીલાલ મગનલાલભાઈના પ્રમુખસ્થાને શ્રીયુત મોહનલાલ તારાચંદભાઈના શુભ હસ્તે થયું હતું. ઉપાશ્રયની મહત્તા દર્શાવતા પ્રવચનો થયાં હતાં. શ્રી મોહનલાલભાઈની આ ઉપાશ્રય તૈયાર કરવામાં જે સહાય કરી તેની ભૂરી ભૂરી પ્રશંસા કરી. આ પ્રસંગે પૂ. તપસ્વી મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી મહારાજશ્રીએ માંગલિક તેમજ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

● **મોટી પાવડ : (બનાસકાંઠા)** પૂ. મુનિરાજશ્રી સુજ્ઞાનવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજના સદુપદેશથી નૂતન જિનાલય અને ઉપાશ્રય તૈયાર થયેલ, વૈશાખ વદિ ૬ ના રોજ પૂ. મહારાજશ્રીની અધ્યક્ષતામાં પ્રતિષ્ઠા-મહોત્સવ ખૂબ ધામધૂમપૂર્વક ઉજવાયો હતો.

પાવડ ખાતે ભાભર નિવાસી શેઠ શ્રી નાગરદાસ પોપટલાલની સુપુત્રી શ્રી ભૂરીબેનની દીક્ષા પૂ. સુજ્ઞાનવિજયજી મહારાજના વરદ હસ્તે થઈ હતી. દીક્ષાર્થી બેનનું નામ ધર્મપૂર્ણાશ્રીજી રાખવામાં આવ્યું હતું અને સાધ્વી શ્રી સૌભાગ્યશ્રીજીના શિષ્યા સાધ્વી શ્રી સુલોચનાશ્રીજીના શિષ્યા તરીકે જાહેર થયાં હતાં.

● **સુદામડા :** (વાયા-સાયલા) અત્રે પૂ. સિદ્ધાંત મહોદધિ આચાર્ય વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી પૂ. મુનિરાજશ્રી પદ્માકર વિ. આદિ. ઠા. ૨ ચાતુર્માસ માટે જેઠ સુદ ૧૦ ના ધૂમધામથી પ્રવેશ કરેલ છે. ગામમાં ધર્મ-જાગ્રતિ સારી આવી છે. વ્યાખ્યાન દરરોજ વંચાય છે. સાંભળવા માટે જનતા સારી સંખ્યામાં આવે છે. ઉત્સાહ સારો છે. પ્રતિક્રમણાદિમાં સારી સંખ્યા લાભ લે છે.

મુંબઈ જૈન ધાર્મિક શિક્ષણસંઘ તરફથી માટુંગા ખાતે યોજાયેલ છઠ્ઠા ધાર્મિક શિક્ષણ સંમેલનની કાર્યવાહી.

અત્રે જૈન શ્વે.મૂ.તપ. સંઘના આમંત્રણથી શ્રી જૈન ધાર્મિક શિક્ષણસંઘ તરફથી ''છઠ્ઠું ધાર્મિક શિક્ષણ સંમેલન'' તા. ૧૫-૬-૫૮ ના રોજ માટુંગા શેઠ જીવણભાઈ અબજીભાઈ જૈન જ્ઞાનમંદિરમાં પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ. સાહેબની સાનિધ્યમાં યોજાયું હતું.

પં. શ્રી રામવિજયજી ગણી, મુનિ શ્રી યશોવિજયજી, આદિ મુનિમહારાજોએ સંમેલનમાં ખાસ હાજરી આપી ભાગ લીધો હતો.

શેઠશ્રી જીવતલાલ પ્રતાપસીભાઈ, શેઠ શ્રી ગોવિંદજી જેવતભાઈ ખોના, માટુંગા સંઘના પ્રમુખ શેઠ હરિલાલ માણેકચંદ, શ્રી મહિપતરાય જાદવજી, શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, ખાલસા કૉલેજના પ્રોફેસર શ્રી ઘનશ્યામભાઈ જોષી, માલેગામવાળા શ્રી મોતીલાલ વીરચંદ, પૂના તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ વડોદરા શાખાના અધિકારી શ્રી જયચંદલાલ છગનલાલ ધ્રુવ વગેરે ધાર્મિક શિક્ષણમાં રસ ધરાવતા અનેક આગેવાનો, જુદી જુદી પાઠશાળાઓ અને શિક્ષણ સંસ્થાઓના કાર્યકર પ્રતિનિધિઓ, શિક્ષક-શિક્ષિકાઓ તથા ધાર્મિક શિક્ષણસંઘના અગ્રગણ્ય કાર્યકર્તાઓ વગેરેએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

સંમેલનનો પ્રારંભ સવારે ૯-૦ વાગતાં આચાર્ય મહારાજશ્રીનાં મંગલાચરણથી થયો હતો.

સંસ્થાના મંત્રી શ્રી વીરચંદ નાગજીભાઈ શાહે આમંત્રણ પત્રિકાનું વાંચન કર્યું હતું. બાદ માટુંગા જૈન પાઠશાળાની બાળાઓએ સ્વાગત-ગીત રજૂ કર્યું હતું અને માટુંગા જૈન સંઘ તરફથી શ્રી નરભેરામ રૂગનાથભાઈએ સ્વાગતપ્રવચન કર્યું હતું.

આ પ્રસંગે શિક્ષણસંઘના પ્રમુખ શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ શાહે પોતાની નાદુરસ્ત તબિયતના કારણે હાજર નહિ રહી શકવાથી મોકલાવેલો ખાસ સંદેશો શ્રી મનુભાઈ હેમચંદ સંઘવીએ વાંચી સંભળાવ્યો હતો.

શ્રી ચીમનલાલ પાલીતાણાકરે સંમેલનની સફળતા ઇચ્છતા અને સંસ્થા પ્રત્યેની શુભેચ્છા દર્શાવતા આવેલા સંદેશાઓ રજૂ કર્યા હતા. જેમાં પ.પૂ.આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી કસ્તૂરસૂરીજી મ, પૂ.શ્રી ધુરંધરવિજયજી ગણિ, વગેરે મુનિપુંગવો તથા પૂના તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ તરફથી બાબુલાલ એન. મોદી, પાલનપુર પાઠશાળા તરફથી શિક્ષક શ્રી લક્ષ્મીચંદ અનોપચંદ, **'શ્વેતાંબર જૈન'**ના તંત્રી જવાહરલાલજી લોઢા. શેઠ રતિલાલ જીવણલાલ વઢવાણ સીટી, જવાહરલાલ ગીરધરલાલ મણીયાર મીશીગન અમેરીકા, પં. લાલચંદ્ર ભગવાન ગાંધી વડોદરા, કપુરચંદ રણછોડદાસ વારૈયા પાલીતાણા, ચીમનલાલ કોઠારી અને જયંતિલાલ બાવીશી મદ્રાસ, રતુભાઈ અ. શેઠ પારલા, નાનજી કેશવજી શાન્તાક્રુઝ, રતિલાલ તારાચંદ અમદાવાદ, શ્રી અમૃતલાલ કાલીદાસ (સીવીલ જજ) વગેરેના સંદેશાઓ મુખ્ય હતા.

સંમેલનનું પ્રારંભિક પ્રવચન પૂ. મુનિ શ્રી યશોવિજયજી મ. શ્રીએ કર્યું હતું અને ધાર્મિક શિક્ષણને માટે આપણામાં શ્રુત શબ્દ પ્રચલિત હતો અને તેની વિવિધ પ્રકારે ભક્તિ કરતાં સંઘને કેટલો ફાયદો થયો હતો, તે સમજાવ્યું હતું. તેમજ હાઈસ્કૂલ તથા કૉલેજના વિદ્યાર્થી માટે એક કલાકના શિક્ષણની જોગવાઈ, અધ્યાપન

મંદિરની જરૂરિયાત વગેરે પર ભાર મૂક્યો હતો. ત્યારબાદ વ્યવહારિક ઉચ્ચ શિક્ષણ લઈ રહેલા વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણમાં રસ લેતા કેમ થાય ?' એ પ્રશ્ન શ્રી ધીરજલાલ ટોકરશી શાહે ચર્ચા-વિચારણા અર્થે રજૂ કર્યો હતો અને આ પ્રશ્ન કેમ ઉપસ્થિત થયો તેના ઉપર વિસ્તૃત વિવેચન કર્યું હતું. તે પરથી શ્રી કેશવલાલ મોહનલાલ શાહ, શ્રી મોતીલાલ વીરચંદ, પ્રો. ઘનશ્યામ જોષી, શ્રી ગુલાબચંદ ગફલભાઈ, શ્રી ફુલચંદ હરિચંદ દોશી, શ્રી જયચંદલાલ, શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, વગેરે વક્તાઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા, ત્યારબાદ શ્રી વિજય અમૃતસૂરિજીએ શ્રુતભક્તિ વિષે મનનીય વિચારો દર્શાવ્યા હતા અને સવારની બેઠક સમાપ્ત થઈ હતી. ભોજન વિધિ બાદ ૨-૦૦ વાગે સંમેલન ફરી મળતાં નીચેનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

ઠરાવ ૧ લો

આ સંમેલન એવો અભિપ્રાય ધરાવે છે કે વ્યવહારિક ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણમાં રસ લેતા થાય તે માટે જુદા જુદા લત્તાઓમાં સંસ્કાર કેન્દ્રો ખોલવા અને તેમાં દર અઠવાડીએ એકથી બે કલાકનો વ્યવહારશુદ્ધિનો તથા ધાર્મિક શિક્ષણને લગતો રસમય કાર્યક્રમ રાખવો તથા અભ્યાસના વર્ગો ચલાવવા તેમજ સચિત્ર વાચનમાળા તથા સચિત્ર કથાઓનું સાહિત્ય તૈયાર કરાવીને પ્રગટ કરવું અને ઉપર્યુક્ત વિદ્યાર્થીઓમાં પ્રચાર કરવો. શક્ય હોય ત્યાં વક્તૃત્વ અને નિબંધ ઈનામી હરીફાઈઓ ગોઠવવી તથા ઈનામી પરીક્ષાઓ રાખવી.

રજૂ કરનાર શ્રી ધીરજલાલ ટોકરશી શાહ.

ટેકો શ્રી મનસુખલાલ તારાચંદ મ્હેતા.

અનુમોદન-શ્રી કેશવલાલ મોહનલાલ શાહ

ત્યારબાદ શ્રી ફતેચંદ ઝવેરભાઈએ એક અભ્યાસક્રમનો પ્રશ્ન રજૂ કર્યો હતો અને તેના પર યોગ્ય વિવેચન થયા બાદ તે પણ સર્વાનુમતે પસાર થયો હતો.

ઠરાવ ૨ જો

આ સંમેલન ધાર્મિક શિક્ષણના અભ્યાસ અને પ્રચારનાં ક્ષેત્રમાં કામ કરતી જુદી જુદી સંસ્થાઓને ઐક્ય સાધીને સર્વમાન્ય થાય તેવો અભ્યાસક્રમ તૈયાર કરવાનો અનુરોધ કરે છે અને તેને લગતી કાર્યવાહી કરવા માટે તથા દરેક સંસ્થાના પ્રતિનિધિઓને આમંત્રણ આપી તેમનું સંમેલન યોજવા માટે નીચેના ગૃહસ્થોની એક સમિતિ વધારાના સભ્યો નીમવાની સત્તા સાથે નીમવામાં આવે છે. તેણે વધારેમાં વધારે છ માસમાં આ કાર્યવાહી પૂરી કરવી.

સમિતિના સભ્યો.

(૧) શેઠશ્રી જીવતલાલ પ્રતાપસીભાઈ (૨) શ્રી ફતેહચંદ ઝવેરભાઈ શાહ,

(૩) શ્રી પ્રાણજીવનદાસ હ. ગાંધી, (૪) શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા,

(૫) શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, મંત્રી (૬) શ્રી મોહનલાલ દીપચંદ ચોક્સી, મંત્રી (૭) શ્રી જયચંદલાલ છગનલાલ ધ્રુવ (૮) શ્રી હીરાલાલ પાનાચંદ શાહ,(૯) રાજનગર ધાર્મિક પરીક્ષા સંસ્થાના એક પ્રતિનિધિને લેવા.

સર્વાનુમતે પસાર.

રજૂ કરનાર-શ્રી ફતેહચંદ ઝવેરભાઈ શાહ, **ટેકો**-શ્રી મોતીલાલ વીરચંદ શાહ,

અનુમોદન-શ્રી કેશવલાલ નગીનદાસ શાહ તથા શ્રી મોહનલાલ દીપચંદ ચોક્સી.

સર્વાંગ સુંદર અને બધી સંસ્થાઓને સંપૂર્ણ માન્ય એવો અભ્યાસક્રમ ઘડી કાઢવા માટે અને તે અભ્યાસક્રમનો સારાયે ભારત વર્ષમાં વ્યાપક રીતે પ્રચાર થાય તે માટે માલેગાંવ નિવાસી મોતીલાલ વીરચંદે ૧૦૦૧) રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. તેમજ શિક્ષણ પત્રિકા માસિકના ગ્રાહકો બનાવી આપવાના વચનો મળ્યા હતા. સંમેલનમાં સહાયક બનનારાઓનો આભાર પ્રદર્શિત કર્યો હતો.

સંમેલનમાં સર્વે પ્રતિનિધિ બંધુઓની શ્રી માટુંગા જૈન શ્વે.મૂ.તપ.સંઘ તરફથી ભોજન તથા ચા વગેરેથી ભક્તિ કરવામાં આવી હતી.

સંસ્થા તરફથી પ્રગટ થતા જૈન શિક્ષણ-સાહિત્ય-પત્રિકા માસિક માટે શ્રી ચીમનલાલ પાલીતાણાકરે નિવેદન રજૂ કર્યું હતું અને તેને પૂજ્ય મુનિરાજશ્રી યશોવિજયજી મ. શ્રીએ પુષ્ટિ આપતા અને શ્રી ધીરજલાલ ટોકરથી શાહ અને બીજાઓના પ્રયત્નોથી આશરે ૫૫૫ ગ્રાહકોનાં નામો નોધાયાં હતાં, જેમાં શાળાઓના શિક્ષકો તથા કાર્યકર્તાઓનો હિસ્સો મોટો હતો.

છેવટે 'જૈનં જયતિ શાસનમ્' ના જયનાદ વચ્ચે સંમેલનની આનંદપૂર્વક પૂર્ણાહુતિ થઈ હતી.

● **છાણી :** અત્રે સંઘની વિનંતીથી પધારેલ પૂ. આ. શ્રી વિજયભુવનસૂરીશ્વરજી મ. સા., પં. સુદર્શનવિજય ગણિવર આદિનું ચાતુર્માસ પ્રવેશ વખતે ભવ્ય સામૈયુ, બેન્ડ, ઠેર ઠેર કમાનો તેમજ ગહુંલીઓ સાથે થતાં ગામમાં અનેરો ઉત્સાહ દેખાતો હતો. આચાર્યદેવે સુંદર પ્રેરણાદાયક પ્રવચન કર્યું હતું. શ્રી લબ્ધિસૂરીશ્વરજી જૈન યુવક મંડળ તરફથી પૂજા, પ્રભાવના તેમજ પ્રભુજીની સુંદર અંગરચના, રોશની થઈ હતી. રોજ સવારે આચાર્યદેવનું સુંદર પ્રેરણાદાયક પ્રવચન થતાં ઘણા ભાઈ-બહેન લાભ લે છે.

● **નોંધ :** આજે વ્યવહારિક શિક્ષણનું તંત્ર ખૂબ વિકાસ પામ્યું છે અને તે લીધા વિના કોઈને પણ ચાલે નહીં એવી પરિસ્થિતિ પેદા થઈ છે. પરંતુ તેમાં નથી તો આત્મા કે કર્મની માન્યતા, નથી તો પુણ્ય-પાપની વિવેચના કે નથી તો તેનાં ફળો ભોગવનારી કોઈપણ સ્થિતિનું દર્શન એટલે નાસ્તિકતા ખૂબ વધી છે અને જે ચાર્વાકને ભારત-વર્ષે જાકારો દીધો હતો, તેના અનુયાયીઓની સંખ્યા મોટા પ્રમાણમાં વધી જવા પામી છે. તેનાં સીધા પરિણામરૂપે ધનપ્રાપ્તિની ઇચ્છા અમર્યાદ બની છે અને માત્ર અર્થ તથા કામ એજ છેવટનું ધ્યેય હોય તેવું વાતાવરણ સર્જાયું છે. એટલે લાંચરિશ્વત વધી છે, અનેક પ્રકારની અનીતિઓ અસ્તિત્વમાં આવી છે અને પાખંડનો બજાર ગરમાગરમ બન્યો છે. આ સ્થિતિમાં કોઈ વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્ર પોતાની ઉન્નતિ સાધી શકે જ નહિ એ દેખીતું છે. તેથી ધાર્મિક શિક્ષણની ખાસ જરૂર રહે છે. પરંતુ ઘણા માબાપો આ વસ્તુ સમજતા નથી કે સમજે છે તો પોતાના બાળકોને ધાર્મિક શિક્ષણ આપવાનો આગ્રહ રાખતા નથી અને કદાચ રાખે છે, તો એ માત્ર તેર, ચૌદ, પંદર વર્ષની ઉંમર સુધી. પછી તો તેને પાઠશાળામાંથી ઉઠાડી જ લે છે અને વ્યવહારિક શિક્ષણમાં જ ધ્યાન આપવાનો આદેશ કરે છે. વિદ્યાર્થીઓ પણ કાચી વયના હોવાથી પોતાનું હિત શેમાં છે ? તે બરાબર સમજી શકતા નથી, એટલે ચાલુ વાતાવરણથી રંગાઈ જાય છે. તાત્પર્ય કે તેમનો પણ ધાર્મિક શિક્ષણનો રસ સૂકાઈ જાય છે. આવો વર્ગ નાનો-સૂનો નથી, એટલે તેની ઉપેક્ષા કેમ કરી શકાય ? **(જૈ. શિ. સા. પ. ના સૌજન્યથી)**

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૬,અંક-૪૧,તા.૫-૭-૧૯૫૮**

● **આમોદ :** સંઘની આગ્રહભરી વિનંતીનો સ્વીકાર કરી પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી પૂજ્ય મહારાજશ્રી જયંતવિજયજી ગણિવર તથા પૂ. બાલમુનિ શ્રી જયદેવવિજયજી મહારાજ ચાતુર્માસાર્થે પધારતાં સારું સામૈયું થયેલ. રસ્તામાં ગહુંલીઓ ઠેર ઠેર થઈ. મંગળ વ્યાખ્યાન બાદ પ્રભાવના થઈ. સુદી ૭ ના પરમપૂજ્ય પંન્યાસ શ્રી સુબુદ્ધિવિજયજી ગણિવર કાલધર્મ પામ્યાનો તાર આવતાં સંઘમાં શોકની લાગણી ફેલાઈ હતી. સાંજના દેવવંદન કરવામાં આવેલ. તે નિમિત્તે આઠમના પાખી, શોકસભા તથા અંતરાય કર્મની પૂજા રાખવામાં આવેલી. શોકસભામાં પૂ.સુબુદ્ધિવિજયજી ગણિવર તથા પૂ. પંન્યાસ તિલકવિજયજી મહારાજ સાહેબના શિષ્ય **પૂ. તપસ્વી રત્નાંકવિજયજી** કાલધર્મ પામ્યા નિમિત્તે શોક પ્રદર્શીત

કરતા તથા તેમના આત્માને ઉત્તરોત્તર શાંતિ મળે તેવી ભાવના વ્યક્ત કરતા બે ઠરાવ સંઘ તરફથી પસાર કરવામાં આવ્યા હતા. (શ્રદ્ધાંજલિ)

આઠમના ઉત્તરાધ્યયન સૂત્ર તથા શ્રી મલયસુંદરી ચરિત્ર પૂ. મહારાજશ્રીને વહોરાવવા આદિ માટે ઘી બોલતાં ઘીની ઉછામણી સારી થઈ હતી. દશમથી વાચન શરૂ થયું છે. લોકો લાભ સારો લે છે.

● **અમલનેર :** (પૂ. ખાનદેશ) અત્રે શ્રી સંઘની આગ્રહભરી વિનંતીથી પૂ. આ. શ્રી વિજયયશોદેવસૂરિજી મહારાજનું ચાતુર્માસ નક્કી થયું. ચાતુર્માસ પૂર્વે શેઠ ખેતમલજી હજારીમલજી કોઠારી અત્રે આજુબાજુના પારોલા, બહાદરપૂર, સીરસાલા, બેટાવદ અને કલમસરાનો પંચતીર્થી યાત્રા સંઘ કાઢવાની ખૂબ ભાવનાથી પૂજ્ય આચાર્યદેવને વિનંતી કરી, પાચોરાથી પૂજ્યશ્રીને ખાસ વહેલા તેડાવી જેઠ વદમાં શુભ મુહૂર્તે અમલનેરથી ચાંદીના રથમાં પ્રભુજી તથા સાધુ-સાધ્વીના ૧૫ ઠાણા, શ્રાવક-શ્રાવિકા ૩૦૦-૩૨૫ સાથે ભવ્ય પ્રયાણ થયું. સંઘની સેવામાં મોટરલોરી, સ્ટેશન વેગન, બેલગાડીઓ, પચાસેક નોકરો, તંબુ, રોશની વગેરે હતા. સંઘમાં બેન્ડ, મંગળ વાજિંત્રો વગેરે વાતાવરણને ગજાવી રહેતા. મુંબઈના ગવૈયા, ખાપરના ભંવરલાલજી તથા મહારાષ્ટ્રના શાસન-કાર્યકર શ્રી રીખવચંદજી પૂજા-ભાવનામાં જનતાને પ્રભુભક્તિમાં તરબોળ કરી દેતા. પૂ. ગુરુદેવના વ્યાખ્યાનો લોકોને ધર્મરસમાં ઝીલાવતા. ઠામઠામ જૈનેતર પ્રજા પણ ખૂબ પ્રતિબોધ પામતી હતી. નિત્ય કાર્યક્રમમાં સવારે ૩॥-૪ વાગે ઉઠી પ્રતિક્રમણ, યાત્રા પ્રવાસ, ભવ્ય સામૈયા સાથે નગર પ્રવેશ, વ્યાખ્યાન, સામુદાયિક સ્નાત્રની રમઝટ, ભક્તિ ભરપૂર એકાસણ, ભક્તિરસની છોળો ઉછાળતી મોટી પૂજા, સાંજે પ્રતિક્રમણ, રાત્રે ભાવના વગેરે રહેતું. મુકામોની વ્યવસ્થા ભાઈ હીરાલાલ નેમીચંદજી કોઠારી તથા રતનમલજી ઉપાધ્યાય કરતા હતા. રતનમલજી જાતે બ્રાહ્મણ છતાં જૈન ધર્મ પર ખૂબ પ્રેમ ધરાવે છે. એમણે અન્ય દર્શનીઓને જૈન દેવગુરુની તત્ત્વ સારી રીતે લાઉડ સ્પીકરથી સમજાવી પૂર્વ ખાનદેશમાં સારો પ્રચાર કર્યો. ગામેગામ સંઘવી સાધારણ ખાતે રૂા. ૧૦૧) તથા શ્રાવકોના ઘર દીઠ થાળીની લહાણી કરતા. નંદરબારવાળા અમુલખભાઈ સોમચંદ તથા મણિલાલ ડાહ્યાભાઈ, અને સોલાપુરવાળા રામલાલજી વૈદ તરફથી પણ શ્રીફળની પ્રભાવના થઈ. સંઘના બંદોબસ્ત પહેરાનું કામ હોમગાર્ડ કમાન્ડીંગ ચંદુભાઈ (સત્યનારાયણ પ્રેસવાળા)ના નેતૃત્વમાં હતું ને વચ્ચે એવો જોખમી બનાવ બનતાં તરત જ તેમણે પોતે જબરદસ્ત કામ કરી બચાવ કરી લીધો હતો, અન્ય દર્શનીયો આ સત્સમાગમથી દારૂ-માંસ-કંદમુળ વગેરેના નિયમો લેતા. એકંદરે સંઘવીએ ખૂબ જ ઉદારતાપૂર્વક સંઘ-ભક્તિ, પ્રભુભક્તિ વગેરે કરવા સાથે શાસન પ્રભાવના

સુંદર કરી. ખાનદેશમાં આવો સંઘ પહેલો જ હતો.

પરમતારક ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના ચ્યવન કલ્યાણકનો વરઘોડો અસાડ સુદ ૬ રવિવારના સંઘવી ખેતમલજી કોઠારી તરફથી ધૂમધામથી નીકળ્યો હતો. ચ્યવન કલ્યાણકના વરઘોડાનો રથ શ્રાવકો હાથે ખેંચતા હતા, ભગવંતનાં ચ્યવન કલ્યાણકનાં ગુણગાન પૂ. આચાર્યદેવે સારી રીતે સમજાવ્યાં હતાં.

તે પરથી આગલા મોક્ષ-કલ્યાણક આસો વદ ૦)) નો વરઘોડો મોતીલાલજી ભીમરાજજી પારેખ તરફથી કાઢવાનું જાહેર થયું હતું.

● **નોંધ :** મુંબઈ જૈન ધાર્મિક શિક્ષણ સંઘ તરફથી માટુંગા ખાતે મળેલ છઠ્ઠા ધાર્મિક શિક્ષણ સંમેલને પહેલો ઠરાવ કરીને વ્યવહારિક ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓમાં ધાર્મિક શિક્ષણનો રસ પ્રગટાવવા સંસ્કાર-કેન્દ્રો ખોલવાનો અને તેમાં દર અઠવાડિયે એક-બે કલાકનો વ્યવહારશુદ્ધિ તથા ધાર્મિક શિક્ષણને લગતો રસમય કાર્યક્રમ રાખવાનો તેમજ અભ્યાસના વર્ગો ચલાવવા અને સચિત્ર વાચનમાળા તથા સચિત્ર કથાઓનું સાહિત્ય તૈયાર કરાવી પ્રચારવાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે, તે ધર્મરુચિ ધરાવનાર ભાગ્યવાનોએ ખૂબ ધ્યાન પર લેવા જેવો છે. અલબત ધાર્મિક શિક્ષણ સંઘે એટલું ખ્યાલમાં રાખવાનું છે કે ઉપરોક્ત બધી પ્રવૃત્તિ ગીતાર્થ આચાર્ય ભગવંત યા ગીતાર્થ મુનિમહારાજના માર્ગદર્શનને અનુસારે થાય. કેમકે આજે જડવાદનું શિક્ષણ અને સંસ્કરણ એટલું બધું વધી ગયું છે, કે એની અસર નીચે આવેલા આપણા બાળકો ધર્મની વાસ્તવિક રુચિ વિહોણા બની ગયા છે. એમનાં જીવન કેવળ ભૌતિક પ્રવૃત્તિઓ અને ભૌતિક વાણી-વિચારથી વ્યાપ્ત થઈ ગયા છે. ઊગતી પ્રજાના આંખ અને કાન પર આજે ચોવીસેય કલાક ભૌતિક વાત-વસ્તુ આવ્યા કરે છે. ભૌતિકતાના આજના ઘેરા અંજામણની સામે આધ્યાત્મિક શિક્ષણ-સંસ્કરણ માટેના ચાંપતા ઈલાજો આજે તાકીદે લેવાની ખાસ જરૂર છે. આજે તો સ્કૂલ-કૉલેજોમાંથી ધાર્મિક શિક્ષણને દેશવટો આપવામાં આવ્યો છે. એટલું જ નહિ, પણ તેમાં અધ્યયન કરતા કેટલાયે વિદ્યાર્થીઓ બાકીના જે સમયમાં ધાર્મિક શિક્ષણ લઈ શકે તેમાં પણ તેમ ન કરતાં એકસ્ટ્રા કલાસોમાં જોડાય છે, પછી એને ધાર્મિક શિક્ષણનો અવસર જ ક્યાં ? શું એવી કોઈ યોજના ન થઈ શકે, કે એવા વર્ગોમાં ધાર્મિક શિક્ષણ અને તત્ત્વજ્ઞાન આપવાનો પ્રબંધ કરાય.

બીજું વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણમાં રસ લેતા કરવા માટે ગુરુ-મહારાજોના આશ્રય હેઠળ રોજ અથવા કમમાંકમ રજાના દિવસોએ ધાર્મિક શિક્ષણ તથા સંસ્કરણના કાર્યક્રમો એવા રસભર્યા રાખવા જોઈએ કે જેથી વિદ્યાર્થીઓ સહેલાઈથી તેમાં જોડાવા પ્રેરાય. વડીલોએ પણ કાળબળ ઓળખીને ઉગતી પ્રજામાં વિનય, સેવાભાવ, સત્ય અને નીતિ, વગેરે માર્ગાનુસારી ગુણોનું સંસ્કરણ તથા જૈનપણાના આચાર-વિચારો અને ધાર્મિક શિક્ષણ પ્રાપ્ત થાય એ માટે ખૂબ જ સાવધાન બનીને ઘટતું કરવા પ્રથમ તકે આવશ્યકતા છે. જો કાળબળને નહિ પિછાણવામાં આવે તો વડીલોને જે કિંમતી ધર્મવારસો મળ્યો છે તેને આગળ પહોંચાડી શકાશે નહીં.

● શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ-મુંબઈ નિયોજિત જૈન ધર્મ સાંસ્કૃતિક-વિદ્યાર્થી વ્યાખ્યાનમાળાના ઉપક્રમે તારીખ ૬-૭-૧૯૫૮ રવિવારે સવારે ૯-૦૦ વાગે મહાવીર જૈન વિદ્યાલય (ગોવાલીઆ ટેંક)ના મોટા હોલમાં મંત્રીઓની વિનંતીથી શ્રીયુત પ્રો. ઘનશ્યામ જોષી એમ. એ. સાહિત્યાચાર્ય સંસ્કૃત અને પ્રાકૃતના પ્રોફેસર (ખાલસા કૉલેજ, મુંબઈ) **"જૈન ધર્મ અને વર્તમાન વિદ્યાર્થી જીવન"** એ વિષય પર સુંદર ભાષણ આપ્યું હતું.

માધ્યમિક શાળાઓ, કોલેજો, બોર્ડિંગો, હોસ્ટેલ વિદ્યાર્થીગૃહ, છાત્રાલયો તેમજ જૈન હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ, શિક્ષક-શિક્ષિકાઓ અને ધાર્મિક શિક્ષણમાં રસ લેતા ભાઈ-બહેનોએ સારી હાજરી આપી હતી.

શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ-મુંબઈ (શાન્તિનાથજી જૈન દહેરાસર પાયધુની, મુંબઈ, નં. ૩) તરફથી જે જે જૈન હાઈસ્કૂલો કોલેજો અથવા વિદ્યાર્થી મંડળો, સ્વયંસેવક મંડળો, પોતાની સંસ્થામાં વ્યાખ્યાનો રાખવા ઇચ્છતા હોય તેઓને અગાઉથી નક્કી કરવા વિનંતી કરવામાં આવી છે.

વક્તૃત્વ હરીફાઈ.

ધો. ૧૦ તથા ૧૧ માં તથા કૉલેજમાં અભ્યાસ કરતા ભાઈઓ અને બહેનોની **"જૈન ધર્મની વિશેષતા"** એ વિષય પર તા. ૧૦ મી ઓગષ્ટના રોજ એક વક્તૃત્વ હરીફાઈ યોજવામાં આવી હતી. પ્રથમના પાંચ વિદ્યાર્થીઓ માટે રૂા. ૧૦૦/- સુધીના ઈનામો રાખવામાં આવ્યા હતા.

● **પાટણ :** પૂ. આ. શ્રી વિજયજંબુસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂજ્ય ચિદાનંદવિજયજી ગણિવર આદિઠાણા ૩ નગીનદાસ મંડપના શ્રી સંઘની આગ્રહભરી વિનંતીને માન આપી, પૂજ્યપાદ, આચાર્યભગવંત પ્રેમસૂરીશ્વરજી મ. સાહેબની આજ્ઞાથી અમદાવાદથી વિહાર કરીને અષાઢ-સુદ ૩ ના અત્રે ચોમાસા

માટે વાજતે-ગાજતે પધારેલ છે. 'योगः सर्व विपद्वल्लि'... એ શ્લોક ઉપર મંગલિક દેશના અપાયા બાદ પતાસાની પ્રભાવના થઈ હતી. ત્યારબાદ અષાઢ સુ. ૧૧ થી શ્રાદ્ધદિનકૃત્ય સૂત્ર અને ભાવનાધિકારે જયાનંદ કેવલિચરિત્ર શરૂ કરવામાં આવેલ છે. ઉછામણી બોલીને વહોરાવવાનું તેમજ સૂત્રપૂજન આદિ થયું હતું. ચોમાસી-૧૪ ના ૫૦) ભાઈઓએ પૌષધો કર્યા હતા. વ્યાખ્યાન બાદ પ્રભાવના તેમજ બધા પોષાતીઓને ૧।) શેર ભારની પ્રભાવના કરવામાં આવી હતી. પૂજ્ય ગણિવર પધાર્યા ત્યારથી નિયમિત વ્યાખ્યાન ચાલે છે. જનતા સારો લાભ લે છે.

● **વઢવાણ :** ચાતુર્માસ માટે પૂ. પં. ચિદાનંદસાગરજી ઠાણા ૫ પધાર્યા છે. પૂ. આ. કનકસૂરીશ્વરજી મ. સા. ના આજ્ઞાવર્તિ પૂ. કેવલવિજયજી આદિ ઠાણા ૫ અભ્યાસાર્થે લીંબડીવાળા ઉપાશ્રયે પધારેલ છે.

શેઠ રતીલાલ જીવણભાઈ તરફથી ચાલતી પાઠશાળામાં ૨ પૂ. મુનિરાજો તથા પૂ. સાધ્વીજી મ.સા. પંડીતજી અમુલખભાઈ પાસે અભ્યાસ કરી રહ્યા છે. પ્રકરણોની પરીક્ષા મેસાણાના પરીક્ષક વાડીલાલભાઈ મારફત લેવરાવતાં પરિણામ સારું આવ્યું. સંસ્કૃત વિષયોની પરીક્ષા-અષાઢ વદ-૯ ના રોજ પ્રશ્ન પ મો દ્વારા મેસાણા તરફથી થશે. શેઠ રતીલાલ જીવણભાઈની લાગણી અને કાળજી પ્રશંસા પાત્ર ગણાય.

● **ભરૂચ :** પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર આદિ ઠા. ૫. છાણીનગરમાં જે. સુ. ૬ ના મુનિ શ્રી વીરસેનવિજયજીને વડી દીક્ષા આપીને સુ. ૧૦ ના ભરૂચ તરફ વિહાર લંબાવતાં દૂર સુધી જનતા આવી પહોંચી હતી. પૂજ્યશ્રી પાદરા-મીયાગામ આદિ ગામોમાં જાહેર વ્યાખ્યાનો વગેરે દ્વારા ધર્મની પ્રભાવના પ્રસરાવતા અ. સુ. ૨ ના વેજલપુર પધાર્યા હતા. ભરૂચ શહેરમાંથી ભાવીક વર્ગ વંદનાર્થે આવી પહોચ્યો હતો. અત્રે પણ રાત્રિના વ્યાખ્યાન થતાં ઠીક જનતાએ લાભ ઉઠાવ્યો હતો. સુ. ૩ ના મંગલ ચોઘડીયે શહેરમાં પ્રવેશ હોઈ વેજલપુરથી સંઘે સામૈયું કરેલ. મુખ્ય શેરીઓમાં ફરીને શ્રી મુનિસુવ્રતસ્વામિપ્રસાદે આવી પહોંચતાં દર્શન-ચૈત્યવંદન સામુદાયિક થયેલ. બાદ સામૈયું ઉપાશ્રયે ઉતર્યું હતું. પંન્યાસજી મહારાજે મંગલ પ્રવચન આપેલ અંતે પ્રભાવના થઈ હતી. સુ. ૫ ના વ્યાખ્યાન સમયે યોગશાસ્ત્ર તથા મલયસુન્દરી ચરિત્રનો પ્રારંભ થતાં ચુડગર રમણલાલ લલ્લુભાઈએ ઘી બોલીને મલયસુન્દરી ચરિત્ર પંન્યાસજી મહારાજને વહોરાવ્યું હતું. બાદ જ્ઞાનપૂજન થયેલ. સુ. ૧૦ ના શ્રી આદીશ્વર પ્રભુની વર્ષગાંઠ સારી રીતે ઉજવાઈ હતી. પૂજ્યશ્રીના પધાર્યા પછી સંઘમાં ધાર્મિક વાતાવરણ સારું થવા પામ્યું છે.

બહારગામ ચાતુર્માસ નિર્ણય.

પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી નીચે મુજબ પૂ. આચાર્ય મહારાજાદિ બહારગામ ચાતુર્માસ બિરાજમાન છે.

પૂ. મુનિરાજશ્રી મંગળવિજયજી મહારાજ આદિ. કલોલ (ઉ.ગુ.)
પૂ.આ.શ્રી વિજયશોદેવસૂરીશ્વરજી મ.સા. આદિ.મુ.પો.અમલનેર. (ખાનદેશ)
પૂ.આ.શ્રી વિજયભુવનસૂરીશ્વરજી મ. આદિ. છાણી. (જી. વડોદરા)
પૂ. ઉ. શ્રી ધર્મવિજયજી મ. આદિ. નડીયાદ. જૈન ઉપાશ્રય.
પૂ.પં.શ્રી સુમતિવિજયજી ગણી તથા પૂ.પં.શ્રી ભક્તિવિજયજી ગણી આદિ. ઠે. આરિસાભુવનમાં મુ. પાલીતાણા.
પૂ.પં.શ્રી પુષ્પવિજયજી ગણિ, આદિ. શીપોર. (વાયા વડનગર)
પૂ.પં.શ્રી કેવલવિજયજી ગણિ, આદિ. બાવળા.
પૂ.પં.શ્રી માનવિજયજી ગણિ, આદિ. કાશીપુરા. બોરસદ.
પૂ.પં.શ્રી કનકવિજયજી ગણિ, આદિ લાલબાગ, જૈનઉપાશ્રય, મુંબઈ-૪
પૂ.પં.શ્રી કાન્તિવિજયજી ગણિ, આદિ. મુ. સાદડી સ્ટે. ફાલના (રાજસ્થાન)
પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિ, આદિ. ડીસા કેમ્પ. (બનાસકાંઠા)
પૂ. મુનિશ્રી ચિદાનંદવિજયજી ગણિ, આદિ. પાટણ (ઉ.ગુ)
પૂ. મુનિશ્રી જયંતવિજયજી ગણિ, આદિ. આમોદ.
પૂ. મુનિશ્રી રોહિતવિજયજી ગણિ, તથા મિત્રાનંદવિજયજી મ. આદિ રાધનપુર (બનાસકાંઠા)
પૂ. મુનિશ્રી મુક્તિવિજયજી ગણિ, આદિ. સાંગલી. (મહારાષ્ટ્ર)
પૂ. મુનિશ્રી પદ્મવિજયજી ગણિ, આદિ. આત્મકમલ લબ્ધિસૂરિ જ્ઞાનમંદિર, દાદર બી.બી. (મુંબઈ-૨૮)
પૂ. મુનિશ્રી રવિવિજયજી ગણિ આદિ. ધંધુકા
પૂ. મુનિરાજશ્રી માનતુંગવિજયજી ગણિ આદિ. ઈંદોર
પૂ. મુનિશ્રી હર્ષવિજયજી મ. આદિ. વાવ (થરાદ)
પૂ. મુનિશ્રી જયવિજયજી મ. આદિ. ચલોડા (અમદાવાદ)
પૂ. મુનિશ્રી રાજવિજયજી મ. આદિ. આંકલાવ (જી. પંચમહાલ)
પૂ. મુનિશ્રી પદ્માકરવિજયજી આદિ. સુદામડા.
પૂ. મુનિશ્રી ભદ્રાનનવિજયજી મ. આદિ. ધીણોજ.
પૂ. મુનિશ્રી મહાભદ્રવિજયજી મ; શ્રી કુંદકુંદ વિ. આદિ. જામનગર.

પૂ. મુનિશ્રી નિત્યાનંદવિજયજી મ. આદિ. મીયાગામ.
પૂ. મુનિશ્રી ધનવિજયજી મ. આદિ. રાજપીપળા.
પૂ. મુનિશ્રી યશોભદ્રવિજયજી મ. તથા શ્રી ભદ્રગુપ્ત વિ.મ. આદિ. ખંભાત
પૂ. મુનિશ્રી તત્ત્વપ્રભ વિ. મ. આદિ. પોરબંદર (સૌરાષ્ટ્ર)
પૂ. મુનિશ્રી ધનપાલવિજયજી આદિ. પાચોરા (ખાનદેશ)
પૂ. મુનિશ્રી જિનપ્રભવિજયજી મ. આદિ. માલવણ (બનાસકાંઠા)
પૂ. મુનિશ્રી ખાન્તિવિજયજી આદિ. ગોંઈજ (હાલોર)

અમદાવાદમાં વિચરતા શ્રમણ સમુદાયની ચાદી.

વયોવૃદ્ધ પૂ. આચાર્યશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મ. (દાદા) આદિ, પૂ.આ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. આદિ. જૈન વિદ્યાશાળા. પૂ.આ.શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી આદિ, આ.પૂ.શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. આદિ તથા પૂ. આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. આદિ શ્રી દાનસૂરિજી જ્ઞાનમંદિર, કાળુપુર રોડ.

આચાર્યશ્રી વિજયમેઘસૂરીશ્વરજી લુણસાવાડ, મોટીપોળ.
પૂ. આચાર્યશ્રી વિજયોદયસૂરીશ્વરજી આદિ પાંજરાપોળ.
પૂ. આચાર્યશ્રી વિજયહર્ષસૂરીશ્વરજી, આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી આદિ લુવારની પોળ.
પૂ. આચાર્યશ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી આદિ ઉજમફઈની ધર્મશાળા.
પૂ. આચાર્યશ્રી વિજયઉમંગસૂરીશ્વરજી આદિ સાબરમતી.
પૂ. આચાર્યશ્રી વિજયમનોહરસૂરીશ્વરજી આદિ પગથીયાનો ઉપાશ્રય.
પૂ. શ્રી ભાનુવિજયજી ગણિવર્ય આદિ કાળુશીની પોળ.
પૂ. શ્રી સુબોધવિજયજી ગણિવર્ય આદિ તળીયાની પોળ
પૂ. મુનિશ્રી મતિધનવિજયજી મ. તથા ચંદ્રશેખરવિજયજી મ. શેખનો પાડો.
પં. શાંતિવિજયજી ગણિ આદિ ડહેલાનો ઉપાશ્રય.
પં. રાજેન્દ્રવિજયજી ગણિ આદિ ડહેલાનો ઉપાશ્રય મંગળપારેખનો ખાંચો.
પં. રમણીકવિજયજી આદિ લુણસાવાડ, મોટીપોળ.
પૂ. આચાર્યશ્રી વિજયજંબુસૂરીશ્વરજી આદિ ગીરધરનગર.
પં. મહોદયસાગરજી આદિ આંબલીની પોળ, સાગરનો ઉપાશ્રય.
પં. શ્રી ભાનુવિજયજી ગણિવર આદિ વીરનો ઉપાશ્રય.
પં. શ્રી પ્રભાવવિજયજી ગણિ આદિ સાબરમતી સંઘનો ઉપાશ્રય.
પૂ. મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી આદિ કીકાભટની પોળ

મુનિરાજશ્રી દર્શનવિજયજી ત્રિપુટી આદિ, જૈન સોસાયટી.
મુનિરાજશ્રી રૈવતસાગરજી આદિ, ખુશાલભુવન.
મુનિરાજશ્રી હંસસાગરજી આદિ, નાગજીભુદરની પોળ.
મુનિરાજશ્રી ચંદ્રકાંતસાગરજી તથા
મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી જૈન મરચન્ટ સોસાયટી.
મુનિરાજશ્રી રવિવિમળજી આદિ, જુનો મહાજન વાડો,
મુનિરાજશ્રી ચંદ્રવિજયજી આદિ, શામળાની પોળ.
મુનિરાજશ્રી ચંદ્રોદયવિજયજી આદિ, શાંતિનગર.
મુનિરાજશ્રી મહેન્દ્રવિમળજી આદિ દેવશાનો પાડો.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૬,અંક-૪૩,તા.૧૯-૭-૧૯૫૮

● **અમદાવાદ : (શાહીબાગ-ગીરધરનગર)** પૂજ્ય આગામદિવાકર આચાર્યદેવ શ્રીમદ્‌વિજયજંબુસૂરીશ્વરજી મહારાજા ચાતુર્માસ પધારતા ધર્મ જાગ્રતિ ઠીક આવી રહી છે. નવા ઉપાશ્રયમાં નવી પ્રવચન પાટ શાહ મણિલાલ સાંકળચંદના સુપુત્રો શ્રીયુત હીરાભાઈ તથા ભીખાભાઈએ બોલી બોલીને પધરાવવાનો લાભ લીધેલ, ત્યારબાદ જ્ઞાનપૂજન, ગુરુપૂજન વગેરે થયું. પછી પૂજ્ય આચાર્ય મહારાજે શ્રી ભવભાવના સૂત્રનું મધુર શૈલીથી મંગળાચરણ સુંદર રીતે કરેલ. રોજ સ્ટા.ટા. શ્રી પૂજ્યશ્રી પોતાની તલસ્પર્શી વિશારદ વાણીનું પાન કરાવી રહ્યા છે. રોજ રાતના પૂજ્ય આચાર્ય મહારાજશ્રી આવશ્યક ક્રિયાના સૂત્ર ગ્રંથોનું વિવેચન કરી સુંદર રીતે સમજાવે છે. તેનો લાભ અર્થીજનો લે છે. આવા શિક્ષણની આજે બહુ જરૂર છે. બાળ પાઠશાળાઓની જેમાં કુમાર, યુવાન અને પ્રૌઢોની પાઠશાળાની ખાસ આવશ્યકતા છે. અહીં ચાતુર્માસ તરીકે પૂ. આચાર્ય મહારાજશ્રીનું પ્રથમ ચાતુર્માસ અને પૂ. આચાર્યદેવની પ્રૌઢ વિદ્વત્તા એનાથી સારો લાભ થવાની વકી છે.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૬,અંક-૪૪,તા.૨૬-૭-૧૯૫૮

● **અમદાવાદ :** દક્ષિણ દેશોદ્ધારક પૂ.આ. શ્રીમદ્‌ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મ. પૂ. ગુરુદેવ વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આ. શ્રીમદ્‌ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજની પુણ્ય નિશ્રામાં ચાતુર્માસ કરવાની ભાવનાથી અત્રે ચાતુર્માસ બિરાજે

છે. તેઓશ્રીની આજ્ઞાથી હાલ તેઓશ્રી સંઘસ્થવિર પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજની પૂનિત છાયામાં વિદ્યાશાળામાં બિરાજે છે. તેઓશ્રીના વિદ્યાશાળામાં થતાં નિયમિત પ્રવચનોનો લાભ લેવા રાજનગરની જુદી જુદી પોળોના માણસો ખૂબ જ રસ પૂર્વક ઘણી મોટી સંખ્યામાં લાભ ઉઠાવે છે. તેમણે અઢી ત્રણ મહિના સુધી લગભગ 'આત્મા, આત્મ-સિદ્ધિ' વગેરે ગહન વિષય ઉપર વ્યાખ્યાનો આપ્યા હતા. ત્યારબાદ **'કર્મ-થીયરી'** વિષય ઉપર મહિના સવા મહિનાથી વ્યાખ્યાનો ચાલી રહ્યા છે. કર્મથીયરી જેવા ગહન અને ઊંડા વિષયને અત્યંત સરળ ભાષામાં ખૂબ જ રસદાર શૈલીમાં છણાવટ કરતા હોઈ શ્રોતાજનો તે સાંભળતા મુગ્ધ બની જાય છે. અને મુખેથી ઉચ્ચારે છે કે આવું તત્ત્વજ્ઞાન અમે કદી જ સાંભળ્યું નથી. તેમજ દર રવિવારે તેઓશ્રીના વિદ્વાન શિષ્ય મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજ જુદા જુદા વિષયો ઉપર કાવ્યમય શૈલીમાં જાહેર પ્રવચનો આપે છે. તે સાંભળવા ચોમેરથી જનસમુહ સાગરની જેમ ઉમટે છે. ઘણી વખત જગ્યાના અભાવે શ્રોતાજનોને નિરાશ થઈ પાછા ફરવું પડે છે. ટંકશાળ, ડોશીવાડાની પોળ, કસુંબાવડો, અરુણ સોસાયટી તથા શામળાની પોળ વગેરે સ્થળે ત્યાંની જનતાની વિનંતી સ્વીકારી તેઓશ્રીએ કાવ્યમય જાહેર વ્યાખ્યાનો આપ્યા હતા. ત્યારે હજારો નરનારીઓએ લાભ ઉઠાવ્યો હતો. તા. ૨૦-૭-૫૮ રવિવારે તેઓશ્રીનું વીસમું પ્રવચન વિદ્યાશાળામાં યોજાયું છે. તેમાં બે રવિવારથી તેઓ "પ્રતિક્રમણનું રહસ્ય" સરળ શૈલીમાં રજૂ કરે છે; અને એક કલાક કાવ્યમય પ્રવચન આપે છે. બાલવૃદ્ધ તેમજ આધુનિક નવયુવાનોને આ વ્યાખ્યાનો ખૂબ જ લોકપ્રિય નીવડ્યા છે.

પ્ર.શ્રા. સુદ ૧ થી શ્રી નવકારમંત્રના તપની આરાધના શરૂ કરવામાં આવતાં-તેમાં લગભગ ૧૪૦ સ્ત્રી-પુરુષો જોડાયા છે. આમ વિદ્યાશાળા ધર્મની વિવિધ પ્રવૃત્તિથી ધમધમી રહી છે. સૂરિજીનું અમદાવાદમાં પ્રથમ જ ચાતુર્માસ થતું હોઈ જનતા તેમના જ્ઞાનનો લાભ લેવા અત્યંત ઉત્સુક છે. હવે થોડા દિવસ પછી ભગવતીજી સૂત્રની શરૂઆત કરવામાં આવશે.

● **લાલબાગ :** (મુંબઈ ૪) અત્રે જૈન દેરાસરના ટ્રસ્ટીઓની વિનંતીથી પૂ.પં. શ્રી કનકવિજયજી આદિ મુનિરાજો ચાતુર્માસાર્થે પધાર્યા છે. પૂ.પં. શ્રી ને બ્લડપ્રેસરનું દર્દ ઉપડ્યું હોવાથી તેઓશ્રીની તબીયત ઠીક નહોતી. તેથી વ્યાખ્યાન બીજા મુનિરાજ વાંચે છે. પંન્યાસજી મહારાજશ્રીની અમૃતવાણી સાંભળવા લોકોની આતુરતા ઘણી છે. એઓશ્રીની તબિયત હવે સુધરતી આવે છે તેથી થોડા વખતમાં એઓશ્રી વ્યાખ્યાનનો લાભ આપશે.

● **મોરબી :** પ્રસિદ્ધ વ્યાખ્યાનકાર પૂ.મુ.શ્રી ભુવનવિજયજી આદિ શ્રી સંઘની વિનંતીથી ચાતુર્માસાર્થે અ. સુ. ૯ ના પધારતાં સુંદર સ્વાગત થયું. શહેરને સારું શણગારવામાં આવ્યું હતું. પ્રવેશના મંગળ વ્યાખ્યાન બાદ વાંકાનેરવાવા શ્રી ચુનીલાલ સુખલાલભાઈ તરફથી પ્રભાવના કરાવાઈ. દર રવિવારે જાહેર વ્યાખ્યાન યોજાય છે, જેમાં જૈન-જૈનેતરો સારા પ્રમાણમાં લાભ લઈ રહ્યા છે.

● **બોટાદ :** પૂ.આ.શ્રી વિજયલાવણ્યસૂરિજી મ. સંઘની આગ્રહભરી વિનંતીથી ચાતુર્માસ પધાર્યા છે. બોટાદ એઓશ્રીની જન્મભૂમિ છે. ચારિત્ર લીધા બાદ ૪૨ વર્ષે ચાતુર્માસ અર્થે પધાર્યા હોઈ જૈન-જૈનેતરોમાં સારો ઉત્સાહ આવ્યો છે. અષાઢ સુદ ૩ થી ગણિપદ ને પંન્યાસપદ પ્રસંગે મહોત્સવ થતાં નાણ મંડાવી. સુ ૧૦ ના રોજ પૂજ્યશ્રીએ મુનિશ્રી પરમપ્રભવિજયજી, મુનિશ્રી મહિમાપ્રભવિજયજી તથા તપસ્વી મુનિશ્રી ચન્દનવિજયજીને ગણિપદવીનો આરોપણ વિધિ કર્યો. બાદ પૂજ્ય આચાર્યશ્રી તથા પૂજ્ય પંન્યાસશ્રી મહારાજોના વ્યાખ્યાનો થયા. બપોરના રથયાત્રાનો વરઘોડો તેમજ સાંજના સંઘજમણ થયું હતું.

● **શિવગંજ :** વર્ધમાન જૈન વિદ્યાલયના મંત્રી, જેશીંગલાલ ચુનીલાલ શાહ તરફથી જણાવવામાં આવે છે કે,

॥ सम्यग् दर्शन-ज्ञान-चारित्राणि मोक्ष-मार्गः ॥

આવો અને તત્વજ્ઞાનનો અપૂર્વ લાભ ઉઠાવો.

રાજસ્થાન મારવાડ શિરોહી સ્ટેટ શિવગંજમાં લગભગ બાર વર્ષથી એક વર્ધમાન જૈન વિદ્યાલયની સ્થાપના કરવામાં આવેલ છે. તે આપ સૌ કોઈ જાણતા હશો.

શિવગંજ મુકામે પરમપૂજ્ય પંન્યાસજી ૧૦૦૮ શ્રી મંગળવિજયજી મ.સા ની અધ્યક્ષતામાં તા. ૫-૬-૫૮ના રોજ વિદ્યાલયની વિશેષ વિચારણા માટે એક જનરલ મિટિંગ બોલાવવામાં આવેલ અને તે પ્રસંગે વિદ્યાલયને વિશેષ સુવ્યવસ્થિત બનાવવા માટે સર્વાનુમતે ઠરાવ કરી વર્તમાનમાં વિદ્યાલયના જનરલ વ્યવસ્થાપક સમિતિના સભ્ય અને મહેસાણા જૈન પાઠશાળાના પ્રધાન અધ્યાપક પુખરાજજી અમીચંદજીને વિશેષ વિકાસ માટે વિદ્યાલયની સર્વ કાર્યવાહી સોંપવામાં આવેલ છે.

તેથી તત્ત્વજિજ્ઞાસુ જૈન બંધુઓને જણાવવાનું કે ગુજરાતી અથવા હિંદી ચાર ચોપડી પાસ કરેલ ઓછામાં ઓછી તેર વર્ષની ઉમરના યોગ્ય વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની ફી વિના દાખલ કરવામાં આવશે અને ચાર વર્ષ દરમ્યાન સંસ્કૃત બે બુક છ કર્મગ્રંથ વગેરે તત્ત્વજ્ઞાનના અભ્યાસ સાથે ઉપયોગી ઈંગ્લિશ, સંગીત, તથા

હિંદી વગેરેનો અભ્યાસ કરાવી વિદ્યાર્થીની ઈચ્છા હશે તો યોગ્ય સ્થળે શિક્ષક પ્રચારક અથવા પંડિત તરીકે ગોઠવવામાં આવશે. પ્રવેશપત્ર સાથે માત્ર સ્કૂલનું સર્ટીફીકેટ તથા પ્રવેશ ફીના રૂા. ૧૧) મોકલવાના રહેશે. ખાનપાન તથા ભણવાના તમામ સાધનો તેમજ ગુજરાતી તથા મારવાડી વિદ્યાર્થીઓને અનુકૂલ આવે તેમ બંને પ્રકારની ખાનપાનની વ્યવસ્થા વિદ્યાલય તરફથી કરેલ છે અને સુંદર તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરાવી શકે તેવા પ્રૌઢ અને અનુભવી આચાર સંપન્ન વિદ્વાન અને શ્રદ્ધાળુ શિક્ષકો તથા ગૃહપતિ વગેરેને રોકવામાં આવેલ છે. માટે દાખલ થવા ઈચ્છનાર વિદ્યાર્થીઓ તથા વાલીઓને નીચેના સરનામેથી પ્રવેશપત્રો મંગાવવા વિનંતી છે.

પુખરાજજી અમીચંદ શાહ.
ઠે. જૈન પાઠશાળા,
મુ. મહેસાણા (ઉ.ગુ.)

વર્ધમાન જૈન વિદ્યાલય.
ઠે. વિલાયતીવાસ, મુ. **શિવગંજ**
જી. શિરોહી (મારવાડ) (રાજસ્થાન)

● **ઉંઝા :** (ઉ.ગુ.) પૂજ્ય આચાર્યશ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્યરત્ન પૂજ્ય પં.શ્રી દક્ષવિજયજી ગણિવર્ય શ્રી સંઘની વિનંતીને માન આપી અત્રે ચાતુર્માસ બિરાજે છે. પૂજ્યશ્રીની વિશદ સચોટ તેમજ રોચક વ્યાખ્યાન શૈલીથી સંઘમાં અનેરો ઉત્સાહ પ્રગટ્યો છે, જેથી અનેક ભવ્યાત્માઓ ચતુર્થ બ્રહ્મચર્યવ્રતની તથા અન્ય ત્યાગની પ્રતિજ્ઞાઓ કરતા થયા છે. વ્યાખ્યાનમાં શેઠ અમૃતલાલ ઉગરચંદ મોદી તરફથી એમના માતુશ્રી મણિબેનની પ્રેરણાનુસાર શ્રી ભગવતીસૂત્ર વંચાવવાનું નક્કી થતાં અષાઢ વદ ૧૨ રવિવારે બપોરે સૂત્રનો ભવ્ય વરઘોડો ચઢ્યો હતો. રાત્રે રાત્રિ-જાગરણ-પ્રભાવનાદિ થયાં. વદ ૧૩ સવારે સૂત્રવાંચન શરૂ થયું છે. ભાવનાધિકારે શ્રી પૃથ્વીચંદ્ર ચરિત્ર ચાલે છે.

● **ખંભાત :** અત્રે સંઘની વિનંતીથી જિનશાળામાં પૂ.આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. ની આજ્ઞાનુસાર પૂ. મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી મ. આદિ ઠાણા ૭ ચાતુર્માસાર્થે પધાર્યા છે. પ્રતિક્રમણમાં એઓશ્રી મધુર સ્વરે વૈરાગ્યભર્યા સ્તવન, સજ્ઝાય રાગ-રાગિણીથી બોલે છે; તેમજ પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ વૈરાગ્ય અને તત્ત્વજ્ઞાનભર્યા વ્યાખ્યાન કરે છે, તેની જનતામાં સારી ધર્મ-લાગણી પ્રસરી છે.

● **બેંગ્લોર :** અત્રે પૂ.પં.શ્રી યશોભદ્રવિજયજી મ. આદિઠાણા સંઘની વિનંતીથી ચાતુર્માસ અર્થે અષાઢ સુદ ૩ના રોજ પધારતાં સંઘે સુંદર રીતે સામૈયું કર્યું. ચીકપેઠના ઉપાશ્રયે વ્યાખ્યાન ચાલે છે, જનતા સારા પ્રમાણમાં લાભ લઈ રહી છે.

● **બોરસદ :** કાશીપરામાં સંઘના અતિ આગ્રહથી પૂ.પં.શ્રી માનવિજયજી

મહારાજ આદિ ઠાણા ૪ ચાતુર્માસાર્થે પધાર્યા છે. સંઘે યોગ્ય સ્વાગત કર્યું. પૂ. પંન્યાસજી મહારાજ આવશ્યકવૃત્તિના સંશોધન આદિના કાર્યમાં વ્યગ્ર રહે છે. પૂ. મુનિરાજશ્રી અમરેન્દ્રવિજયજી મહારાજ વ્યાખ્યાન વાંચે છે. વૃન્દારુવૃત્તિ ગ્રંથ પર નવકારમંત્રનું રોચક વર્ણન કરે છે.

● **શિરોહી (રાજ.) :** અત્રે પૂ.આ.શ્રી રામસૂરિજી પધારતાં દેલંદર ગામે શ્રી કપુરચંદજી ભીમાજીના ધર્મપત્ની ભીખીબેનને ભાગવતી દીક્ષા અષાઢ સુદ ૧૦ ના રોજ આપી. દીક્ષા બાદ ચાતુર્માસ માટે શિરોહી પધાર્યા. સંઘે સ્વાગત સારું કર્યું. લોક વ્યાખ્યાન-શ્રવણ વગેરેનો લાભ લઈ રહ્યું છે.

● **મુંબઈ :** શ્રી મહાવીર જૈન મહિલા મંડળ પોતાના પાંચ વર્ષ પૂર્ણ કરી છઠ્ઠા વર્ષના પ્રવેશ-નિમિત્તે શ્રી મહાવીર સ્વામીજી (પાયધુની) ના દહેરાસરજીમાં તા. ૬-૭-૫૮ના રોજ બપોરે પૂજા, રાત્રે ભાવના રાખેલી હતી. બંને પ્રસંગોમાં બહેનોએ સારી રીતે લાભ લીધો. મંડળના મંત્રી બહેન સુશીલા આર. શાહે મંડળની પ્રવૃત્તિનું બ્યાન સુંદર રીતે કરેલું હતું. વધુમાં જણાવ્યું કે 'પૂજા-૧૩, સ્નાત્ર-૨, ભાવના-૫, રાત્રી-જાગરણ-૮, તથા મિટિંગ-૨, આ મુજબની ચાલુ સાલમાં પ્રવૃત્તિ કરી છે. પ્રમુખ શ્રી ઈન્દુબેને મંડળની સમાલોચના જણાવ્યા બાદ મંત્રીએ હિસાબ રજૂ કર્યો હતો. ત્યારબાદ મંડળના સભ્યોને સમૂહ ભોજન કરાવાયું અને સુંદર કાચની રકાબીની લહાણી કરવામાં આવી.

● **મીયાગામ :** (વડોદરા) અત્રે પૂ.આ. શ્રીમદ્‌વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મહારાજ વ્યાખ્યાનમાં શ્રી શ્રાદ્ધવિધિપ્રકરણ તથા શ્રી ધન્યચરિત્ર વાંચે છે. અષાઢ સુદ-૧૪ ના પોસાતી ભાઈ-બહેનોને અંતરપારણામાં લાડવાની પ્રભાવના અને પારણે જમણ આપવામાં આવ્યું હતું. પ્રથમ શ્રાવણ સુદ પથી શ્રી નવકારમંત્રનો તપ શરૂ થતાં ૩૨ ભાઈ-બહેનો જોડાયા હતા. ચાર વરસની ઉંમરના બે બાળકોએ નવે દિવસ બેસણાં કર્યા હતાં. ગામમાં દરરોજ ઘર દીઠ આયંબિલની તપશ્ચર્યા ચાલુ છે. પાઠશાળામાં બાળકો તથા બાલિકાઓને માસ્તર સુરેન્દ્રલાલ ચુનીલાલ સુંદર રીતે ભણાવે છે. કેટલાક છોકરાઓને પૂરા પાંચ પ્રતિક્રમણ, જીવવિચાર આદિ સુધી અભ્યાસ થયેલો છે. પ્રૌઢોને પૂજ્ય મુનિરાજ અભ્યાસ કરાવે છે. પ્રૌઢશાળા શરૂ કરવામાં આવી છે. પૂ. મુનિરાજશ્રી

નિત્યાનંદવિજયજી મહારાજને ૫૩ મી ઓળી, પૂ મુનિ શ્રી હરિષેણવિજયજી મહારાજને ૪૧ મી ઓળી, પૂજ્ય સાધ્વીજી મહારાજો પણ ઓળીઓ કરી રહ્યા છે.

પૂજ્ય સાધ્વીજી ચરણશ્રી મહારાજ આદિ ઠા.૫ શ્રી સંઘની વિનંતીથી પધાર્યા છે. પૂજ્ય સાધ્વીજી મ. બહેનોને બપોરે વાસુપૂજ્ય ચરિત્ર સંભળાવતા હોવાથી સારી જાગ્રતિ આવી છે. કરજણ ગામના પટેલભાઈઓ વ્યાખ્યાનમાં સારો લાભ લે છે.

• **અમદાવાદ : (જૈન વિદ્યાશાળા)** અત્રે પૂ.આ. શ્રીમદ્ વિજયલક્ષ્મણ-સૂરીશ્વરજી મહારાજના પ્રભાવક પ્રવચનોનો લાભ લેવા રાજનગરની જુદી જુદી પોળની જનતા કીડીયારાની જેમ હંમેશાં ઉભરાય છે. હવે શ્રા.વ. ૧ ભારે ધામધૂમથી શ્રી ભગવતીજી સૂત્રનું વાંચન શરૂ કરવામાં આવ્યું. પૂ. બાપજી મહારાજે મધુરધ્વનિથી મંગળાચરણ કર્યું હતું. વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.પા. શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજે બુલંદ ધ્વનિથી શ્રી ભગવતીજી સૂત્રનો મંગળ શ્લોક ઉચ્ચારી તેના ઉપર વિશદ વિવેચન કરી જનતાને ઉત્સાહ અને આનંદમાં મગ્ન બનાવી દીધી હતી. જ્યારે પૂ.આ. શ્રીમદ્વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજે ભાવનાધિકારે શ્રી નેમિનાથ ભગવાનનું જીવનચરિત્ર વાંચનનો પ્રારંભ કર્યો હતો. સિદ્ધાંત મહોદધિ પૂ. પા. આ. શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ,** ઉપા. જયંત વિ.મ. આદિસાધુ મંડળી પધારેલ. પ્રતિષ્ઠિત આગેવાનો અને માનવ મહેરામણ સાગરની જેમ ઉમટ્યો હતો. જનતાના આનંદની આજે અવધિ નહોતી. ઉછામણીઓ બોલી શેઠ પી.એમ.હઠીસીંગના ધર્મપત્નીએ શ્રી ભગવતીજી સૂત્ર વહોરાવી અને ગીનીથી પૂજન કર્યું. શ્રી નેમિનાથ ભગવાનનું ચરિત્ર શા. મફતલાલ વાડીલાલે વહોરાવ્યું. પ્રથમ જ્ઞાનપૂજન શેઠ મોહનલાલ જમનાદાસે ગીનીથી કર્યું હતું. તેમજ જ્ઞાનપૂજન અને ગુરુપૂજન વગેરેની ઉછામણી પણ સારી થઈ હતી. શ્રા.સુ. ૧૫ ની સવારે બેન્ડ વિ. થી શ્રી ભગવતીજી સૂત્રનો ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હતો. ચાર ઘોડાની શણગારેલી બગીમાં શ્રી ભગવતીજી સૂત્રને પધરાવવાનો લહાવો શેઠ મોહનલાલ ડાહ્યાભાઈએ લીધો હતો. આ નિમિત્તે ત્રણ હજારથી ઉપર આવક થઈ હતી. બપોરે પીસ્તાળીશ આગમની પૂજા ભણાવાઈ.

અત્રે શ્રી નવકારમંત્રનો તપ શરૂ થતાં ૧૩૫ ભાઈ-બહેનો તેની આરાધનામાં જોડાયા હતા.

શતાવધાની મુનિરાજશ્રી કીર્તિવિજયજીના ચાલુ જાહેર પ્રવચનોમાં ચાર રવિવારથી તેઓ પ્રતિક્રમણનું રહસ્ય અને તે વિષયની રસદાર પ્રશ્નોત્તરી રજૂ કરતાં હોઈ જનતાને અનેરો આનંદ આવે છે. સાથે સાથે કાવ્યમય પ્રવચન પણ આપે છે.

• **વઢવાણ :** (સૌરાષ્ટ્ર) અત્રે શ્રી જીવણલાલ અબજીભાઈ પાઠશાળામાં પંડિત શ્રી પુખરાજજી દ્વારા હેમપ્રવેશિકા તથા મંદિરાન્ત પ્રવેશિકાની લેખિત પરીક્ષા લેવાવાઈ, પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. પૂજ્ય પં. શ્રી અત્રે પ્રવચન સારોદ્ધારવૃત્તિ પર પ્રવચન આપે છે.

• **શિહોર :** (સૌરાષ્ટ્ર) અત્રે પૂ. મુનિરાજશ્રી માનતુંગવિજયજી મ. ચાતુર્માસ બિરાજે છે. નિયમિત વ્યાખ્યાન ચાલે છે. વળી અ.વ. ૧થી શ્રી વર્ધમાનતપ આયંબિલ ખાતુ ચાલુ છે. છૂટક આયંબિલ તથા વર્ધમાનતપ ઓળીઓ થઈ રહેલ છે. શ્રી ધન્યકુમાર ચરિત્ર વાંચવાનું વિધિસર શરૂ થયેલ છે. બ્રહ્મચર્યાદિના વિવિધ અભિગ્રહો ઠીક ઠીક થયેલ છે અને હજુ પણ થયા કરે છે. પ્ર.શ્રા.સુ.૨થી શ્રી 'કર્મસુદન તપ' બેનોએ શરૂ કરેલ છે.

અ.વ. ૧૪ ના દિવસે બાર બાળકોએ પોષધ કરેલ.

• **અગીયાળી :** શિહોરથી દસ માઈલ દૂર આ ગામમાં પાંચ છ જૈનોનાં ઘર અને ૨૫ વર્ષથી એક નાનું દહેરાસર છે. એમાં પાર્શ્વનાથ ભગવાન મૂળનાયક તરીકે તથા બીજા જિનબિંબો તથા પદ્માવતીદેવી છે. પ્રતિષ્ઠા વિધિ થયેલ નથી. એક ચમત્કારિક ઘટના અગીયાર-બાર દિવસ પૂર્વેથી થવી શરૂ છે, કે આ પ્રત્યેક બિંબોમાંથી ચોખ્ખા સ્ફટિક જેવું અમી ઝરે છે. બીજા ગામોમાં વાત ફેલાતી ચાલી. માણસો જે સગવડ મલે તે લઈ દર્શન કરવા ઉમટ્યા. ટાણાથી ટોળીવાળાને બોલાવી ત્રણ દિવસ પૂજા ભણાવી, સ્વામિવાત્સલ્યની જેમ સૌને સાચવ્યા. શરૂમાં હંમેશા ૪૦ થી ૫૦ તોલા જેટલું અમી ભેગું થતું અને સૌને ટીપું ટીપું આપતા. શિહોરથી ભાઈ જયંતીલાલ ટી. શાહે જાતે જઈ ખાત્રી કરવા માટે નિરીક્ષણ કર્યું તો હજુ પણ જિનબિંબની પલાઠી પાસેથી તથા પદ્માવતી દેવીના હાથ પાસેથી બિંદુ રૂપે અમી આવ્યા કરે છે. જેમ કાચ ઉપર પાણીનું ટીપું પડ્યું હોય કે ખેતરોમાં ઝાકળનું બિંદુ કેવું દિસે તેવી રીતે આવે છે. હવે પ્રવાહની ગતિ કાંઈક મંદ જણાય છે છતાં ૮ થી ૧૦ તોલા જેટલું હજુ આવે છે. ત્યાં આગળ આ. પ્રતાપસૂરીશ્વરજી મહારાજના શિષ્ય નિત્યાનંદવિજયજી મહારાજ ઠાણા ૧ ચાતુર્માસ છે, તેઓ બાળબ્રહ્મચારી તથા તપસ્વી છે. તેઓ પોતે અવારનવાર કલાકે કલાકે ત્યાં આવે છે અને કોઈથી આશાતના કે અશુચિ ન થાય તે માટે જણાવે છે. કહે છે કે આ વાત સારા દિવસોની નિશાની છે. આ ચમત્કારથી પ્રતિષ્ઠા કરાવવા અંગેના ચક્કો ગતિમાન બન્યા છે. દર્શનાર્થે પધારનાર માટે ચા-નાસ્તો વગેરેની વ્યવસ્થા રાખી છે.

જિનબિંબને અંગલુછણાથી બરાબર સાફ કરી પલાઠી પાસે હાથની આંગળી

અડકાડી રાખીએ તો સહેજવારમાં તે ભીની થાય છે. શરૂમાં અંગુઠો પાસેથી અને હાલ લંછનના ઉપરના ભાગમાંથી પ્રવાહ આવે છે. અત્યારના નાસ્તિકવાદના જમાનામાં માણસો સાંભળેલી વાત કદાચ માનવા તૈયાર ન થાય પણ નજરે જોયેલી તથા અનુભવેલી હકીકત તો માનવી જ પડે ને ? શિહોરના પોલીસ ખાતાના એક કોન્સ્ટેબલ આ હકીકત નજરે જોઈ મોંમા આંગળા નાખી ગયા અને કહે 'મને આવો દર્શનનો લાભ ક્યાંથી મળત ?'

છઠ્ઠા વર્ષની પૂર્ણાહુતિ પ્રસંગે અમારું નમ્ર નિવેદન

વહાલા વાંચકો !

'દિવ્ય-દર્શન'નું ચાલુ છઠ્ઠું વર્ષ ઓગસ્ટની આખરે પૂર્ણ થાય છે. સપ્ટેમ્બર માસથી ૭મું વર્ષ શરૂ થશે. ચાલુ વર્ષમાં ગ્રાહક સંખ્યા સારી વધી અને 'કલ્યાણમિત્ર મહાસતી મદનરેખા', 'આધ્યાત્મિક સામ્રાજ્ય અને નમિ રાજર્ષિ', 'જીવન પર અધિકાર અને અંજનાસુંદરી'ના વ્યાખ્યાનોએ વાચકોને ખૂબ જ ધર્મરસ પમાડ્યો.

પરંતુ પ્રચારકોને લાગે છે કે ચાલુ મોંઘવારી અને જીવન નિર્વાહના મોટા ખર્ચને લીધે કેટલાય ભાઈઓ ગ્રાહક બની શકતા નથી, તેથી દિવ્ય-દર્શન સમિતિએ નક્કી કર્યું છે કે હવેથી લવાજમ ઘટાડીને પાંચ રૂપિયાનું કરવું, અને છપાઈ, કાગળ વગેરેની ય મોંઘવારી તો છે જ, તેથી ખર્ચને પહોંચી વળવા ફુલસ્કેપ ૮ પાનાને બદલે ક્રાઉન ૮ પાનાનું વાંચન આપવું. દિવ્ય-દર્શનના વાંચકો એના વાંચનનો રસ જાણે છે, તેથી જ એ ફરી ફરીને વાંચવામાં આનંદ અનુભવે છે. વળી એનો પ્રત્યેક અક્ષર ખૂબ મનનપૂર્વક વાંચવા યોગ્ય હોય છે, તેથી ક્રાઉન આઠ પાનાના વાંચનથી હાલ સંતોષ માનશે.

તો ગ્રાહક ભાઈઓને પ્રેમપૂર્વક વિનંતી છે કે-તરત જ નવા લવાજમ મોકલી આપે; અને વિશેષમાં હવે લવાજમ ઘટાડ્યું હોવાથી દરેક ગ્રાહક ભાઈ કમમાં કમ ૩-૪ નવા ગ્રાહકો વધારી આધ્યાત્મિક વાંચનનો ફેલાવો કરશે.

અંતમાં જે ભાઈઓએ ગ્રાહક બની આ જિનવાણી-શ્રવણ અને વાંચનનો અમૂલ્ય લાભ લીધો છે અને લેવરાવ્યો છે તેમનો તંત્રીમંડળ હૃદયપૂર્વક આભાર માને છે. એટલું જ નહિ પરંતુ જે સદ્‌ગૃહસ્થોએ અત્યાર સુધી સંસ્થાને ટકાવવામાં અને તેના ફેલાવામાં તન-મન-ધનથી અમૂલ્ય સહાય કરી છે તેમનો પણ અમે

આભાર માનીએ છીએ. ભવિષ્યમાં પણ આવો જ સક્રિય સહકાર મળતો રહેશે એજ અભ્યર્થના સાથે વિરમીએ છીએ.

એજ લી. આપના સ્નેહીઓ.

શા. ચતુરદાસ ચીમનલાલ **શા. બચુભાઈ ચીમનલાલ ઝવેરી**
શા. જેઠાલાલ ચુનિલાલ ઘીવાલા **શા. બાબુભાઈ ભાઈલાલ ગાંધી**

• • •

• **આમોદ (જી. ભરૂચ) :** અત્રે પરમ પૂ. મહારાજ સાહેબ જયંતવિજયજી ગણિવર તથા પૂ. જયદેવવિજયજી મહારાજ સાહેબ બિરાજે છે. લોકો વ્યાખ્યાનાદિનો લાભ સારો લે છે. ચોમાસી ચૌદશે લગભગ ૧૦૦ પૌષધ થયેલ. હજી પણ સારા પૌષધાદિ ધર્મક્રિયા થાય છે.

શ્રદ્ધાંજલિ : પૂજ્ય પંન્યાસ શ્રી તિલકવિજયજી મહારાજ સાહેબ કાલધર્મ પામ્યાના સમાચાર મળતાં સંઘ ઘણો દિલગીર થયો હતો, વેપારી ભાઈઓએ તરત દુકાનો બંધ કર્યા બાદ સંઘે સામુદાયિક દેવવંદન કરેલ. રાતના ૮:૩૦ કલાકે એક શોકસભા સંઘવી રતિલાલ લાલચન્દના પ્રમુખ સ્થાને યોજાઈ. શરૂઆતમાં પાઠશાળાના શિક્ષક શ્રી રમણલાલે-દુનિયાની હૉસ્પીટલો જીવોના દ્રવ્ય રોગોને મટાડે છે જ્યારે શ્રમણ સંસ્થા ભવરોગ-કર્મરોગને મટાડી જીવોને સાચી શાંતિ-માનસિક સ્વાસ્થ્ય અર્પે છે માટે આજે તેની વિશેષ જરૂર છે. કોઈ પ્રસિદ્ધ ડૉક્ટર ચાલ્યા જવાથી કે તેમની બદલી થવાથી આપણને દુ:ખ થાય છે, તેમ સાધુ મહાત્મા પણ પોતાની વાણીરૂપી સુધા વડે જીવોને માનસિક આરોગ્ય બક્ષવા માટે એક ઉચ્ચ ડૉક્ટર સમાન છે. પૂજ્યશ્રી તેમાંના એક હતા, તેઓશ્રી આજે આપણી પાસેથી ચાલ્યા ગયા છે. તેથી આપણને ઘણું જ દુ:ખ થાય છે વગેરે કહી તેઓશ્રીએ આમોદ સંઘ પર કરેલ ઉપકાર-તેઓશ્રીનાં કાર્યો-ગુણો વગેરેનું વર્ણન કરતાં તેઓશ્રીએ બતાવેલ માર્ગે ચાલવું એજ તેઓશ્રીને સાચી અંજલી અર્પવા સમાન છે એમ જણાવેલ. બાદમાં સકલ સંઘે નમસ્કાર મહામંત્રના સ્મરણ પૂર્વક થોડો ટાઈમ મૌન રહી તેઓશ્રીને ભાવભરી અંજલી અર્પી. તેઓશ્રીના આત્માની શાંતિ પ્રાર્થી હતી. તે નિમિત્તે પ્ર.શ્રા. વ. ૧૪ના બપોરના મોહનીય કર્મની પૂજા ધામધૂમથી ભણાવવામાં આવી હતી અને દહેરાસરે આંગી રખાઈ હતી.

• **સુદામડા :** (વાયા-સાયલા) અત્રે પૂ. મુનિરાજશ્રી પદ્માકરવિજયજી મ. આદિનું ચોમાસું છે. ચોમાસા દરમ્યાન ધર્મ જાગ્રતિ સારી આવી છે. શ્રાવકોના ૨૦

જેટલા ઘરો છે. વર્ધમાન તપના પાયાનો પૂ. મહારાજશ્રી ઉપદેશ આપતા લગભગ ૨૦ જેટલા આરાધકો જોડાયા હતા. પારણા પ્ર.શ્રા. વ. ૧૨ ના થયેલ છે. કટાસણા આદિની પ્રભાવના જુદા જુદા ગૃહસ્થો તરફથી થયેલ છે. વ્યાખ્યાનમાં ઉત્તરાધ્યયન સૂત્ર તથા યશોધર ચરિત્ર વંચાય છે. દુકાનો બંધ રાખી દરેક ભાવુકો લાભ લે છે. હમણાં ચૌદ પૂર્વનો તપ ચાલે છે. જેમાં ૩૦ ભાઈ-બહેનો જોડાયા છે.

● **ખંભાત :** અત્રે જૈનશાળામાં સિદ્ધાંત મહોદધિ પૂ.આ.શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના વિદ્વાન શિષ્યરત્ન મુનિરાજશ્રી ભાનુવિજયજી ગણિવરના શિષ્યરત્નો પૂ. મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી મ. આદિ ૯ ઠાણાં ચાતુર્માસ બિરાજે છે. પૂ. મુનિવર્ય શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજની રોચક દેશનાથી અત્રે આરાધકોએ નવકાર મંત્રનો તપ કર્યો, જેમાં નાના નાના લગભગ પાઠશાળાના ત્રીસેક બાળકો તથા લગભગ ત્રણસો ભાઈ-બહેનો અને અન્ય સાધુ-સાધ્વી સમુદાય જોડાયા. નમસ્કાર મહામંત્ર ઉપર પૂ. મુનિરાજશ્રી જોરદાર સચોટ દલીલો સહિત વ્યાખ્યાન આપતા હોવાથી ભાવુકોના હૃદયમાં તો મેઘમયૂરવત્ હર્ષ સમાતો ન હતો. તથા રવિવારે બપોરે પૂજ્યશ્રી છટાદાર શૈલીમાં સુંદર-પ્રેરક આત્મબોધક વ્યાખ્યાનો આપે છે. જનસમૂહ સારો લાભ લે છે. ગયા રવિવારે સંઘે પૂ. મુ. શ્રી યશોભદ્રવિજયજી મ. ની નિશ્રામાં ૧। ક્રોડ પ્રમાણ 'અરિહંત'નો સામુદાયિક જાપ કર્યો કરાવાયો. નાના-મોટા પાંચસો સ્ત્રી-પુરુષો તેમાં જોડાયા. અત્રે આ મહાપ્રસંગ જોવાનો, પ્રથમ જ અવસર હોવાથી તેમને ખૂબ જ ગમી ગયો હતો.

વિશેષતા તો એ હતી કે પાંચ વર્ષની ઉંમરના, સાત વર્ષની ઉંમરના મયંકકુમાર શાંતિલાલ શ્રોફ, ધીમંતકુમાર શાન્તિલાલ શ્રોફ, રમેશકુમાર કેશરીચંદ, દિનેશકુમાર કેશરીચંદ વગેરે નાના-નાના બાળકોએ પણ એકાસનનો તપ અને હજારોની સંખ્યામાં જાપ કર્યો હતો.

કાર્યક્રમમાં સવારમાં પરમાત્માની સમક્ષ સામુદાયિક સ્નાત્ર ભણાવાયું. ત્યારબાદ પૂજ્યશ્રીએ અરિહંત ભગવંત ઉપર સુંદર પ્રેરક વ્યાખ્યાન આપ્યા બાદ અરિહંતની ધૂન જામી હતી. પછી બધાએ એક ચિત્તે જાપ શરૂ કર્યો હતો. ચાલુ જાપમાં દીલરૂબા અને બંસરીના મધુરસ્વરો ચાલુ હતા કે જેના દ્વારા જાપ કરનારાઓનાં ચિત્તની પ્રસન્નતા અખંડ રહી હતી. ત્યારબાદ ફરીથી ધૂન અને જાપ ! વચ્ચે વચ્ચે અરિહંતની સ્તુતિના ગીતો ! આ રીતે સવારે ૭॥ થી ૧૧॥ સુધી ચાલ્યું ! બપોરે ૨॥ થી ૫ વાગ્યા સુધી એ કાર્યક્રમ ચાલ્યો હતો, જે દિવસે જાપ થયો હતો, તે દિવસે જૈનશાળા સંઘની કોક જ ભાઈ-બહેન બાકી રહ્યા હશે. ઘણા તો પોતાના

લાડકવાયા બાળકોને પાડોશીને સોંપીને પણ અરિહંતનો જાપ કરવા બેસી ગયા હતા. તેમાં એક પતિ-પત્ની બંને આરાધનામાં જોડાયાં હતાં અને બાળકને પાડોશીની પાસે મૂક્યો હતો. બાળક રમતો રમતો બીજે માળ ગયો અને ત્યાંથી નીચે સુથારના હથિયાર પર સીધો પડ્યો. આજુબાજુવાળા દોડતા દોડતા આવ્યા પણ આ શું ! નાના કુમળા બાળકને જરા પણ વાગ્યું નહિ, બચી ગયો. પતિ-પત્ની ઘરે આવ્યા; જુએ છે તો બાળક રમતો-ખીલતો હતો. હૈયું હસી ગયું, ''વાહ મારા અરિહંત દેવ ! કેવોક તારો પ્રભાવ !''

લોકો પણ ત્યાં અરિહંત અરિહંત કરવા લાગ્યા. આખું વાતાવરણ અરિહંતના પવિત્ર વાતાવરણમય બની ગયું.

એક સદ્ગૃહસ્થ તરફથી એક-એક રૂપિયાની પ્રભાવના-તથા બીજા ચાર વ્યક્તિઓ તરફથી શ્રીફળની તથા એક ગૃહસ્થ તરફથી પેંડાની પ્રભાવના થઈ હતી. કેટલાય વખતથી બંધ વરસાદ આ જાપ પછી ચાલુ થવાથી જૈનેતરો પણ આ અનુષ્ઠાનની પ્રશંસા કરતા હતા.

● ● ●

વિદ્યાર્થી વ્યાખ્યાનમાળા : હાઈસ્કૂલ અને કૉલેજમાં ભણતાં વિદ્યાર્થીઓમાં સદાચાર અને સુસંસ્કારો વૃદ્ધિ પામે તેમજ તે ટકી રહે, ધર્મના સિદ્ધાંતો જાણવાની જિજ્ઞાસા પ્રગટે અને ધર્મ પ્રત્યેની શ્રદ્ધા દૃઢ બને તે માટે **''શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ-મુંબઈ''** તરફથી **''વિદ્યાર્થી-વ્યાખ્યાનમાળા''** શરૂ કરવામાં આવી છે.

મુંબઈની ખાલસા કૉલેજના સંસ્કૃત અને પ્રાકૃત ભાષા સાહિત્યના પ્રોફેસર શ્રીયુત ઘનશ્યામભાઈ જોષી એમ.એ. સાહિત્યાચાર્યે પ્રવચનો આપવા માટે પોતાની અમૂલ્ય સેવા નિસ્વાર્થભાવે આપવાનું સહર્ષ, સ્વીકાર્યું છે.

પ્રોફેસર શ્રીયુત ઘનશ્યામભાઈ જોષી

તેઓશ્રીએ અનેક વિષયો પર પ્રભુત્વ પ્રાપ્ત કર્યું છે. તેઓ અંગ્રેજી, ગુજરાતી, હિંદી અને સંસ્કૃતમાં કલાકો સુધી અખંડ વાગ્ધારા વહેવડાવી સૌને પરમ આનંદ પમાડે છે. તેઓશ્રી **'નમસ્કાર મહામંત્રની'** પ્રાર્થના અને ધૂન દ્વારા શાંતિનું અપૂર્વ વાતાવરણ સર્જે છે, અને તેનો મહિમા સમજાવે છે. તેઓ બધા ધર્મોના સમન્વયાત્મક અભ્યાસી છે અને જૈન દર્શનના ચિંતક, અભ્યાસી અને અનુરાગી છે. તેઓએ સને ૧૯૪૬ માં પૂર્વ આફ્રિકાના વિવિધ પ્રાંતોમાં પ્રવાસ કરી ધાર્મિક અને સાંસ્કૃતિક

પ્રવચનો દ્વારા ત્યાંની પ્રજામાં અહિંસાની ભાવના પ્રગટાવી હતી અને ત્યાંની જનતાએ તથા અનેક સંસ્થાઓએ 'સુવર્ણચંદ્રકો' તથા સન્માનપત્રો અર્પણ કરીને તેમનું બહુમાન કર્યું હતું. વર્તમાન વિદ્યાર્થીઓને સ્વાભાવિક રીતે, સરળ તર્કથી અને રસિક પદ્ધતિથી આકર્ષવાની તેમની વાણીમાં શક્તિ છે.

(૧) મહાવીર જૈન વિદ્યાલય, (૨) બઝાર ગેટ હાઈસ્કૂલ, (૩) બાબુ પન્નાલાલ પુરણચંદ જૈન હાઈસ્કૂલ, (૪) શંકુતલા કાન્તિલાલ ઈશ્વરલાલ જૈન ગર્લ્સ હાઈસ્કૂલ, (૫) કચ્છી વીશા ઓશવાલ જૈન છાત્રાલય માટુંગા, (૬) ક. વી. ઓ. દે. જૈન હાઈસ્કૂલ. વગેરે સ્કૂલો અને છાત્રાલયોમાં તેમના પ્રવચનો આજ સુધીમાં ગોઠવાયા હતા. જેનો લાભ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ સારા પ્રમાણમાં લીધો હતો.

વિદ્યાર્થી જીવન શિક્ષણનો સાચો હેતુ, અભ્યાસ કરવાની કળા, શિક્ષણ લીધા પછીનું ધ્યેય, વિદ્યાર્થી જીવનના દૂષણો અને સદ્‌ગુણો, જીવનમાં ધર્મ શા માટે? આધ્યાત્મિક સંસ્કૃતિનું મૂલ્ય, શિસ્ત અને વિનય વગેરે વિદ્યાર્થી વર્ગને સ્પર્શતા વિવિધ વિષયો પર પ્રવચનો અપાયા હતા. આ રીતે જુદી જુદી શાળાઓ, કોલેજો અને છાત્રાલયો વગેરેમાં તેમના વ્યાખ્યાનોનો પ્રબંધ કરવામાં આવશે.

● **અમલનેર :** અત્રે પૂ. આચાર્યદેવશ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં દરેક આરાધકે વિધિસર એક લાખ નવકાર ૨૦ દિવસમાં ગણવાનો ભવ્ય આરાધના થઈ. રોજ ખીરથી એકાસણ, તેમાં મુખ્ય દશ ભાઈઓ દાખલ થયા હતા, ને મંદિરના સામે ત્રીજે માળે શાંત જગામાં શ્રી પાર્શ્વનાથ ભગવન્તના સામે અખંડધારાએ નમસ્કાર મહામંત્રનો જાપ રાત-દિવસ રહ્યો હતો. ગામના બીજા સાદું એકાસણ-બેસણું કરીને રોજ ૩૦-૨૫-૧૫-૧૦ એમ માળા ગણી હાજરી પૂરાઈને જનાર આશરે ૧૦૦ ભાઈઓ હતા, ને આશરે ૫ બહેનો જોડાયેલ. ૫૦૦૦ ફૂલ રોજ ભગવન્તને ૫૦૦૦ નવકારથી ચડાવવાના, સુંદર અંગરચના, ૫૦૦૦ થી વધારે અંદાજે અખંડ અક્ષત ચઢાવવા, વગેરે સુંદર થયું. ૨૦ દિવસનાં અલગ અલગ એકાસણાં નોંધાયાં હતાં. પૂ. શ્રી ત્રિલોચવિજયજી મહારાજ સાહેબ વ્યાખ્યાન આપતા હતા. આ પ્રદેશમાં કદી નહિ જોયેલ એવું આ ભવ્ય અનુષ્ઠાન લોકને ખૂબ જ ધર્મપ્રેરક બન્યું છે.

● **ખંભાત :** અત્રે શેઠ બુલાખીદાસ નાનચંદ ઉપાશ્રયમાં સંઘની વિનંતીથી પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજયભક્તિસૂરીશ્વરજી મ. ના શિષ્ય પૂ.પં.શ્રી પ્રતાપવિજયજી ગણિ તથા વ્યાખ્યાનકાર મુનિરાજશ્રી કાન્તિવિજયજી મ. તથા બાલમુનિરાજશ્રી અરણિકવિજયજી મ. આદિ પધારતાં સંઘમાં સારી ધર્મ જાગૃતિ આવી છે.

વ્યાખ્યાનમાં ધર્મબિંદુ અને ધન્યકુમાર ચરિત્ર વંચાય છે. માનવ મેદની ભરચક રહે છે. શ્રા. વ. ૫ થી ૧૧ ગણધરનો તપ થયો તેમાં ૨૨૫ ભાવિકો જોડાયા હતા. ક્રિયા પૂ. મહારાજશ્રી કરાવતા હતા.

શ્રા. વ. ૧૦ ને દિવસે શેઠ બુલાખીદાસ નાનચંદ તરફથી તપસ્વીઓને એકાસણા કરાવાયા તથા શ્રીફળની પ્રભાવના થઈ. શ્રા. વ. ૧૪ બપોરના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા ચતુર્વિધ સંઘે સાથે મળીને ૧૧ ગણધરના દેવવંદન વાંદ્યા હતા. અમાસે સ્થંભણ પાર્શ્વનાથના દેરાસરે સુંદર પૂજા ભણાવાઈ, અને સોમચન્દ પોપટચન્દ તથા બીજા ભાવિકો તરફથી તપસ્વીઓને પારણાનો સ્વામિવાત્સલ્ય થયો, તપસ્વીઓને ચોપડી તથા વાટકાની પ્રભાવના થઈ.

● **સિનોર :** અત્રે પૂ. મુનિરાજશ્રી કૈલાસવિજયજી મ. તથા તપસ્વી પૂ. વિનયવિજયજી મ. અને પૂ. બાપજી મહારાજ સાહેબના આજ્ઞાવર્તી પૂ. સાધ્વી મહારાજ પ્રિયંકરાશ્રી આદિ ઠાણા સાત બિરાજે છે. સંઘમાં ઘણો ઉત્સાહ છે. વ્યાખ્યાનમાં પાર્શ્વચરિત્ર વંચાય છે, અને રતલામના જૈન બંધુઓએ ઉપવાસ આદરીને ધરાવેલી તિથિ સમાધાનની ધગશની સહાનુભૂતિમાં ચૌદસના દિવસે ૧૧૧ એકસો અગીયાર જેટલા આયંબિલ તથા પૂજા પ્રભાવના બાદ રાતના ભાવના થઈ હતી. એમ આખોય દિવસ ધર્મધ્યાનમાં વ્યતીત કર્યો હતો. પૂ. મુનિરાજ કૈલાસવિજયજી મ. ની આંબેલવાળાની સામુદાયિક ભક્તિના ઉપદેશથી વર્ધમાન તપ ખાતું શરૂ થયું છે. સંઘ ઉત્સાહભેર ભાગ લે છે.

''દિવ્ય-દર્શન'' - "સમાચાર" વર્ષ-૭,અંક-૧,તા.૬-૯-૧૯૫૮

રાજનગર સકલ સંઘનો ઠરાવ

શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છીય શ્રી સંઘે અત્યાર સુધી પંચાંગ તરીકે 'ચંડાશુચંડુ' પંચાગનો ઉપયોગ કર્યો છે, પણ આજથી એ પંચાંગની જગાએ જન્મભૂમિ પ્રત્યક્ષ પંચાંગનો **ઉપયોગ કરવા** આપણા શ્રી રાજનગરનો જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છીય શ્રીસંઘ આજથી તે પ્રમાણે વર્તવા જાહેર કરે છે.

● ● ●

● **અમદાવાદ :** અત્રે નગરશેઠના વંડામાં નગર શેઠશ્રી વિમળભાઈ મયાભાઈના પ્રમુખપદે તા. ૫-૯-૧૯૫૮ સવારે ૯॥ વાગે રાજનગર સકલ સંઘની

સભા મળી હતી. તેમાં ઉપર મુજબનો ઠરાવ સર્વાનુમતે પસાર કરતાં શેઠશ્રી કસ્તુરભાઈએ ઐકયતા સાધવા બદલ શ્રી સંઘને થતો આનંદ વ્યક્ત કર્યો હતો; તથા પૂ. આચાર્ય મહારાજાદિ મુનિવરો અને ખાસ કરીને પૂ.આ.શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મ. તથા વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. આપેલ સાથ બદલ અભિનંદન આપ્યા હતા; વળી સંમેલન ભેગું કરનાર શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી, મુંબઈના આવેલ આઠ અગ્રેસર ભાઈઓનો આભાર માન્યો હતો. ઉપવાસો કરનાર રતલામના ભાઈ તખતમલ અને કાળુરામે આપેલ ભોગને અંજલિ આપી હતી. શેઠશ્રીએ અંતે જણાવ્યું હતું કે આપણે સૌ જ્યારે ઉદાર ભાવે પરસ્પરમાં ઐક્ય સાધવા માટે ઉદ્યમ કરી રહ્યા છીએ, તે પ્રસંગે કોઈ પણ જાતનું એવું વર્તન ન કરીએ એ નજીકના ભવિષ્યમાં ચતુર્વિધ શ્રી સંઘને લાગતા અનેકાનેક પ્રશ્નોનો ઉકેલ કરવા ધારણા રાખી છે તેમાં તે આડે આવે.

● **અમદાવાદ : ચાલુ વર્ષે સંવત્સરીનું ઐક્ય જાહેર થયા પછી તરત જ અમદાવાદમાં શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ પ્રભુના દેરાસરમાં પ્રભુની આગળ દેવતાઈ ઉત્સવ થયો,** બપોરે બાર પછી પૂજારી દેરાસરને માંગલિક કરતો હતો, ત્યાં એક બાઈ નીચે ભોંયરામાંથી દોડતી આવી, ને કહે છે, 'પ્રભુના શરીરે સર્પો ફરે છે' બીજાએ પણ તપાસ કરી તો તેમજ હતું. તે પછી બંધ દેરાસરમાંથી ગીત વાજિંત્રના સ્પષ્ટ નાદ બહાર આવવા લાગ્યા. બહાર લોક જમા થતું ગયું. ચારેક વાગ્યે દેરાસર ખોલ્યું, પછી ગીત વાજિંત્ર બંધ થઈ ગયા. પરંતુ પ્રભુના અંગે તદ્દન તાજાં ગુલાબ ચઢેલાં હતાં, અને પ્રભુના શરીરે તથા ભીંતોમાં પુષ્કળ અમી ઝર્યા કરતું હતું. તે અમી બે દિવસ સુધી ઝર્યું. **સંઘશાન્તિનો કેવો ચમત્કારિક પડઘો !**

● **લુણી (કચ્છ) :** અત્રે ભારે ચમત્કારિક બનાવ બની ગયો. બીજા શ્રાવણ સુદ ૪ સોમવારની રાત્રે નવ વાગ્યાના સુમારે અહીંના જૈન દેરાસરજીના શિખર ઉપર જાણે દેવોનો મહોત્સવ ઉજવાઈ રહ્યો હોય એવાં દશ્યો નજરે પડ્યાં હતાં. આ દશ્યો અહીં મોટી પક્ષના જૈન સ્થાનકમાં બિરાજતા મહાસતી શ્રી પ્રેમકુંવરબાઈ સતીજીએ નજરે જોતાં, તેમણે સ્થાનકમાં પૌષધવ્રતમાં બેઠેલી બીજી ત્રીસેક બહેનોને આ હકીકતની જાણ કરી હતી. આ બહેનો તરત જ બહાર નીકળતાં તેમણે પણ નજરો નજર આ દશ્યો જોયાં હતાં. કહે છે, કે આ દશ્યો અડધો કલાકના સમય

સુધી ચાલ્યા હતા અને તે દરમ્યાન દેવતા જેવા બે જણ પ્રભુ પર ચામર ઢાળતા આઠેક જણ નૃત્ય-ગાન કરતા માલૂમ પડ્યા હતા. દેવતાઓ અડધો કલાક મહોત્સવ કરી, ઉગમણી બાજુ અદશ્ય થયા હતા.

ધંધુકા : અત્રે પૂ.મુનિરાજશ્રી રવિવિજયજી મ. આદિ ચાતુર્માસ બિરાજે છે. એમની જોરદાર વાણીથી સંઘમાં ઉત્સાહ ખૂબ છે અને વ્યાખ્યાન અંગે નવ વાગ્યા સુધી દુકાનો બંધ રખાય છે. વ્યાખ્યાનમાં વંદિતા સૂત્ર ચાલે છે. તેઓશ્રીની નિશ્રામાં લગભગ ૨૫ ભાઈ-બહેનોએ વર્ધમાનતપનો પાયો નાખ્યો. તેમાં ગૃહસ્થો તરફથી ચરવલા આદિની પ્રભાવના કરાવાઈ. તપસ્વીઓને પારણાં શ્રી દલસુખભાઈ નાગરદાસ તરફથી કરાવ્યા. શ્રીફળ તથા રૂપિયા વડે ચાંલ્લો કરીને તપસ્વીઓની ભક્તિ સારી કરી.

● **નડીયાદ :** અત્રે પૂ.ઉ.શ્રી ધર્મવિજયજી મ. સાહેબ આદિ ચાતુર્માસ બિરાજે છે. વ્યાખ્યાનમાં પૂ.મુ. શ્રી પુણ્યોદય વિ.મ. ગૌતમપૃચ્છા અને ધન્ય ચરિત્ર વાંચે છે. તેઓશ્રીની નિશ્રામાં પ્ર.શ્રાવણ વદી ૭ એ નવકારમંત્રની આરાધના કરાવાઈ. તેમાં ૧૧૫ ભાઈ-બહેનો જોડાયા. પ્રથમવાર આઠ આઠ વર્ષનાં નાનાં બાળકો પણ જોડાયાં. નવે દિવસ નવ ભાઈઓ તરફથી એકાસણાની વ્યવસ્થા કરાવાઈ. અમદાવાદથી ગવૈયા શ્રી ગજાનનની મંડળીને પૂજામાં બોલાવાઈ. છેલ્લે દિવસે કંચન બહેન તરફથી તપસ્વીઓને બે પ્રતિક્રમણના પુસ્તકની પ્રભાવના કરાવાઈ. વચમાં પૂ.ઉ.મહારાજની તબીયત ગંભીર થયેલી. હવે સારી છે. સંઘે સારવાર સારી કરી. અત્રે જૈન યુવક મંડળની સ્થાપના થઈ. દર રવિવારે સ્નાત્રપૂજા શરૂ છે. પાઠશાળા પણ ચાલુ કરાવાઈ.

● **શંખલપુર :** અત્રે જિનાલયના ભોંયરામાં શ્રી નવખંડાજી પાર્શ્વનાથ ભગવાનને લેપ કરાવેલ તે નિમિત્તે અઢાર અભિષેક વગેરે થયા. અમદાવાદ વાઘેસરની પોળવાળા શેઠ કેસવલાલ છોટાલાલે રાગ-રાગણીથી સુંદર વિધિ કરાવી. મૂર્તિ દેદીપ્યમાન લાગતી હતી.

● **રાજકોટ :** પાઠશાળાની વાર્ષિક પરીક્ષા શ્રાવણમાં પૂ.ઉ.કૈલાસસાગરજી મ.એ લીધેલ. પરીક્ષામાં ત્રણસો લગભગ અભ્યાસી વર્ગ બેઠેલ. પરીણામ ૯૫ ટકા આવેલ છે. અધ્યાપક રમણીકભાઈના આવ્યા પછી સંખ્યા સારા પ્રમાણમાં વધી

રહી છે. પૂ. મુનિવર્યોની નિશ્રામાં બી.શ્રા.વદ ૨ ના રવિવારે સવારે ૮।। વાગે વાર્ષિક પરીક્ષાનો ઈનામી મેલાવડો થયો. ''જીવનનાં મૂલ્ય'' અને 'ધર્મી અધર્મી' એ નામનો સંવાદ સુંદર હતો. આ પ્રસંગને અનુસરીને પૂ. ઉપાધ્યાયજી મહારાજે રોચક બોધક પ્રવચન આપેલ. ત્યારબાદ શિક્ષક વગેરેના સુન્દર ભાષણ થયાં.

ઈનામ વહેંચણી રૂા.૩૦૦)થી વધુ થવા પામેલ. તેમાં પૂજાની સુન્દર પેટીઓ વગેરેની ઈનામ વહેંચણી થયેલ. નમસ્કાર મહામંત્રના અજબ મહિમાને દર્શાવતો સંવાદ રવિવારે રાત્રે ૮।। વાગે રાખેલ. જ્યાં માનવમેદની વિપુલ પ્રમાણમાં હતી. પાંચ વર્ષની ઉંમરના ભાઈ અનંતકુમારે દીપક નૃત્ય કરેલ. પ્રેક્ષક વર્ગ મુગ્ધ બનેલ. સુન્દર તપસ્યાઓ થયેલ છે. અક્રમના અભિગ્રહ તપમાં નાનીશી ઉંમરમાં બહેન અનીલા માણેકલાલ જોડાયેલ. પૂર્ણાહૂતિ થતાં આ દશ્ય વર્ષીતપના પારણાં સમાન હતું. અક્ષયનીધિ તપની આરાધના સારી થઈ.

● **શિહોર :** અત્રે શ્રી મુક્તિવિજયજી જૈન પાઠશાળાનો છપ્પનમો વાર્ષિકોત્સવ પૂ. મુનિરાજશ્રી માનતુંગવિજયજી મ.શ્રીની નિશ્રામાં દ્વી.શ્રા.સુદ ૧૩ના રોજ ભારે ધામધૂમથી ઉજવાયો. પ્રાતઃકાળે પ્રભાત ફેરી કાઢવામાં આવેલ હતી. પછી વિશાળ સભામાં બાળક તથા બાલિકાઓ સવિશેષ ધર્માભિમૂખ બને તે હેતુથી ભાષણો થયા. પછી ઈનામ વહેંચવામાં શાહ લલ્લુભાઈ પ્રેમજી તરફથી ખર્ચમાં રૂા. ૧૨૫/ આપવામાં આવેલ. પૂ.મુ.શ્રી મુક્તિવિજયજી મહારાજનો સ્વર્ગવાસ દિન માગશર વદ ૬ હોવાથી પ્રભુજીને ભવ્ય આંગી રચના તથા પૂજા ઈત્યાદિ થયું.

● **અમદાવાદ : (કાળુસીની પોળ) - પૂ. ગણિવર શ્રી ભાનુવિજયજીએ પર્યુષણા આરાધના કરાવી. મુનિ શ્રી ગુણભદ્રવિજયજી મ.ને ૧૧ ઉપવાસ, મુનિશ્રી પદ્મસેન વિજયજી મ.ને ૯ ઉપવાસ** વગેરે તપસ્યાઓ થઈ. **બાળમુનિ શ્રી જિનચન્દ્રવિજયજીએ સાંવત્સરિક પ્રતિક્રમણ ૩૮૦૦૦ ખમાસમણાની ઉછામણીથી ભણાવ્યું.** બીજા પણ મુનિઓને હજારો ખમાસમણા બોલી સૂત્ર બોલ્યાં. દશાપોરવાડ સોસાયટી સંઘના આગ્રહથી પૂ. ગણિવરશ્રી ત્યાં પધાર્યા છે. વ્યાખ્યાનમાં સારો લાભ સંઘ લે છે.

● **અમદાવાદ : જ્ઞાનમંદિરમાં** પૂ. આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ચોમાસુ આરાધનાભર્યું પસાર થઈ રહ્યું છે. પૂ.આ.શ્રી વિજય-રામચન્દ્રસૂરિજી મહારાજ વ્યાખ્યાનમાં શ્રી આચારાંગસૂત્રનું વાંચન કરતાં સંઘમાં રૂા. ૩૦૦૦) ઉપર ઉછામણી થઈ. પછી પર્યુષણમાં કલ્પસૂત્ર અંગે ઘી રૂા. ૩૫૦૦) લગભગ થયું. સ્વપ્નની ૧૬૦૦ મણ આવક થઈ. શેઠ શ્રી ગોવિંદજી ખોનાએ સકલસંઘની રૂપિયો શ્રીફળ અને તિલકથી સંઘપૂજા કરી. તપસ્યામાં મુનિવરો તથા શ્રાવકોમાં માસખમણો વગેરે સારું થયું, સાંવત્સરિક પ્રતિક્રમણમાં જ્ઞાનમંદિરના પાંચેય વિશાળ મજલા ભરચક ભરાઈ ગયા હતા. તપ નિમિત્તે સુદ ૮ થી ઉત્સવ થયો. સુદ ૧૫ સત્તરભેદી પૂજા તથા વદ ૧ શાન્તિસ્નાત્ર ભવ્ય થયું. શેઠ બકુભાઈની કાળધર્મ તિથિ પ્રસંગે એમના સુપુત્રો શેઠ શ્રી ચંદ્રકાન્તભાઈ તથા રમેશભાઈએ પૂ. આચાર્યદેવોને ઝાંપડાની પોળે આમંત્રી ભવ્ય વ્યાખ્યાન કરાવ્યું. પૂજા વગેરે ભણાવી શ્રીફળની પ્રભાવના કરી.

● **ગીરધરનગર :** અત્રે સંઘની આગ્રહભરી વિનંતીથી પૂ.આ.શ્રી વિજયજંબુ-સૂરીશ્વરજી મ.સા. આદિ ચાતુર્માસાર્થે પધાર્યા છે. પર્યુષણામાં આરાધના સુંદર થઈ. પૂ.ગણિવરશ્રી રૈવતવિજયજીના ૧૧ ઉપવાસ વગેરે તપસ્યા થઈ. ઉપજ સારી થવા પામી.

● **નવા ડીસા :** અત્રે **પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી** મહારાજ પધાર્યાથી સંઘમાં નવી જાગ્રતિ આવી છે. પર્યુષણામાં ઉપવાસ ૧૬-૯-૮-૭-૬-૫-૪ અક્રમ વગેરે ઘણાં થયા. **સંવત્સરી એક દિવસે થવાથી સર્વત્ર રાહતની લાગણી પ્રસરી. પરસ્પર વાત્સલ્યાદિ દર્શનાચાર સારા સચવાણા અને શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના સંઘમાં સારી વધી છે.**

● **સાંગલી :** પૂ. ગણિવર્ય શ્રી મુક્તિવિજયજી મહારાજના ચોમાસાથી જનતામાં અપૂર્વ ધર્મરંગ આવ્યો છે. પૂ. મહારાજશ્રીની પ્રખર ધર્મદેશનાએ તત્ત્વના મહાન પ્રકાશ પ્રસાર્યા છે. પર્યુષણા પર મુનિશ્રી પ્રભાકરવિજયજી તથા શ્રી ચંદ્રકીર્તિવિજયજીને માસખમણ તથા શ્રી વિચક્ષણવિજયજીને ૧૬ ઉ. તથા સંઘમાં પણ તપસ્યાઓ સારી થઈ. ભવ્ય અઠ્ઠાઈ વ્યાખ્યાન તથા કલ્પસૂત્ર શ્રવણથી સંઘ અપૂર્વ આહ્લાદ પામ્યો. શાસનપ્રભાવના પણ સારી થઈ.

● **આંકલાવ :** તપસ્વી પૂ. મુનિરાજશ્રી રાજવિજયજી મહારાજ સંઘના અતિ આગ્રહથી ચોમાસાર્થે પધાર્યા છે. નાના ગામમાં ૩૭ વર્ધમાનતપના પાયા નખાયા. સંઘમાં આરાધનાનો ઉત્સાહ ઘણો. અક્ષયનિધિ તથા અઠ્ઠાઈઓ વગેરે તપ ઘણા થયા. ૬ નવકારશી જમી, ૩ વરઘોડા ચઢ્યા. ઉપજ ટીપ વગેરે સારું થયું. પૂ. મ. શ્રી એ ૪૦ ઓળીથી ૧૦૦ સુધી ઠામ ચોવિહાર તપ કરેલા, તે હવે ૧ થી

૪૦ ઠામ ચોવિહાર ઓળી કરી રહ્યા છે. લગભગ ૨૮ ઓળી થઈ છે.

● **શિહોર :** અત્રે પર્યુષણામાં અઠ્ઠાઈ ૫, સાત ૧, છ ૧, પાંચ. ૪, ચાર. ૨, અઠ્ઠમ. ૨૧, ૬૪ પહોરી પોષધ વગેરે ઘણું થવા પામેલ. પ્રભાવનાઓ પારણા પણ થયાં. ધર્મક્ષેત્રમાં ઉપજો સારી થઈ. વરઘોડો પાંચમના તથા રાત્રિજાગરણો સારા થયા. અક્ષયનિધિ ૧૧ બાળકો તથા ૨૯ બેનો મળી ૪૦ જણે આરાધેલ છે. ઓસવાલ પરગણાના ૨૨ ગામના લાણા દીઠ કટાસણું અને મુહપત્તિ લાણામાં વહેંચાયું.

● **ઉજ્જૈન :** જૈન મંદિરનું શિલારોપણ થયા બાદ ખોદાવતા ૧૧)ફૂટ નીચેથી ૭) જિન પ્રતિમાજી નીકળ્યા છે. તેમાં ૧) જિન પ્રતિમા પદ્મપ્રભુજીની છે. ૩૩ ઇંચ ઊંચા રેતીના છે અને શીલા લેખમાં 'વીર સંવત ૩૨૪ માગશર સુદી ૧ મંગળવાર, સાગરચંદો પ્રતિષ્ઠાભ્યો નમઃ' છે. ૧૫) દિવસના બાદ ૧૧ ફૂટ નીચે ખોદાવતા લાલ નાગદેવતા નીકળ્યા. છાંયડા માટે રાખેલું છત્ર તૂટી પડેલ પણ મજૂરો આબાદ રીતે બચી ગયા છે. ઈંટોની થપ્પી હટાવતા નાગદેવતા દેખાયા પણ કોઈને નુકસાન કર્યા વિના તરત જ અલોપ થઈ ગયા. પછી ચુનો પીસાય છે ત્યાં મજૂરોના માથા પરનો મોટા પ્રાચીન જંગી વીશાળ વડની મોટી ડાળી તૂટી પડી અને અચાનક અદ્ધર રહી ગઈ. મજૂરો દૂર થયા પછી ડાળી નીચે પડી હતી, અને મજૂરો બચી ગયા હતા. કૂવામાં પણ નીલા રંગના નાગદેવતા દેખાયા, અલોપ થઈ ગયા.

● **નવસારી :** પ.પૂ.ઉપા.દેવેન્દ્રસાગરજી મહારાજના શિષ્ય મુનિશ્રી નેમસાગરજી મહારાજ પોતાની જન્મભૂમિમાં દીક્ષા લીધા બાદ પ્રથમવાર જ પર્યુષણ પર્વારાધના માટે પધારતાં સંઘમાં સારો ઉત્સાહ આવ્યો. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જિનાલયમાં પ્રભુજીને નિત નિત વિધવિધ અંગરચના અને રોશની તથા પ્રભાવનાઓ આદિ થયેલ. અઠ્ઠાઈ વગેરે તપશ્ચર્યા સારી થયેલ. સુપનની બોલી તથા ટીપો, વ્રતોના પ્રમાણમાં વધુ થયેલ. ત્રીસ ચાલીસ ઘરની વસ્તીમાં ૬૧ પોષધ થયા. ધર્મપરાયણ શેઠ શ્રી કસ્તુરભાઈને અનેકશઃ અભિનંદન અપાયા, તેઓની દરમ્યાનગીરીથી તિથિચર્ચાનો અંત આવ્યો. અને સર્વે ભાઈ-બહેનોએ અન્યોન્ય મિચ્છામિ દુક્કડં એક જ દિને દઈ સંવત્સરી મહાપર્વ ઉજવેલ.

● **પાટણ :** અત્રે પૂ. મુનિરાજશ્રી ચિદાનંદવિજયજી ગણિવર આદિ ઠાણા ૩ની નિશ્રામાં પર્યુષણાની આરાધના સુંદર થઈ. ૧૪, ૧૨, ૧૦, ૮, ૭, ૬, વગેરે ઉપવાસો કરનારની સંખ્યા અનુમોદનીય હતી. ૬૪ પ્રહરી પોષધ કરનાર ભાઈઓને શેઠશ્રી પોચાલાલભાઈ તરફથી ખેસની, તારાચંદભાઈ તરફથી કટાસણાની

પ્રભાવના થઈ. ભા.સુ.પના સામુદાયિક સ્નાત્રપૂજાપૂર્વક સત્તરભેદી પૂજા ભણાવાઈ. અને આવક વગેરે સારું થયું. ૬૪ પ્રહરી પોષધ વ્રત ધારીઓને, અઠ્ઠાઈની તપસ્યા કરનારને શ્રી મોહનલાલ ત્રીભોવનદાસ કાપડીઆ તરફથી પારણાં કરાવાયાં, ભા.સુ.૬નો ભવ્ય વરઘોડો ચઢ્યો.

● **બોટાદ :** અત્રે **પૂ.આ.શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ સાહેબ,** આદિ મુનિરાજોની નિશ્રામાં પર્યુષણાપર્વની આરાધના સુંદર રીતે થઈ. પૂ.મુ.શ્રી કંચનવિજયજી મ. શ્રી એ પાંત્રીશ ઉપવાસ, તથા શ્રી વર્ધમાનવિજયજી મ. શ્રી એ ત્રીસ ઉપવાસ, વગેરે વિવિધ તપસ્યાઓ થઈ. તેમાં વિશિષ્ટતા એ હતી કે **એક મુસ્લિમ દંપતીએ પણ સત્તર ઉપવાસ કર્યા.** એ તપસ્યા નિમિત્તે ભાદરવા સુદ ૬ થી ભા.સુદ ૧૩ સુધી શ્રી બૃહદ્ સિદ્ધચક્રપૂજન સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ ભારે ધામધૂમપૂર્વક ઉજવાયો. જનતાએ સારો લાભ લીધો. ઉપજ વગેરે સારા પ્રમાણમાં થયું. લોકોની રૂચિ ધર્મ પ્રત્યે સારી છે.

● **મોટી ખાખર-(કચ્છ) :** અત્રે જૈન મંદિરમાં શ્રી આદિનાથ પ્રભુના જમણા અંગુઠાની નજીકથી કેસરી રંગનું અમીઝરણું વહ્યાના સમાચાર મલે છે. તા. ૧૮-૯-૫૮ મીની રાત્રે પોણા નવના સુમારે આ દૃશ્ય દેખાયું. વીસેક મિનિટ આ પ્રમાણે ચાલ્યું હતું. જનતા તે જોવા માટે ઉમટી હતી.

● **સીનોર :** અત્રે પૂ. મુનિશ્રી કૈલાસવિજયજી મહારાજ સાહેબ આદિ ચાતુર્માસાર્થે પધારેલ છે. તેઓશ્રીની સતત વીરવાણીથી સંઘમાં જે ખટરાગ હતો તે દૂર થયો છે. સંઘના કામ અંગે જૂના સભ્યોની જગાએ નવયુવાનોની સર્વાનુમતે પસંદગી કરી છે.

● **આમોદ-(જી.ભરૂચ) :** અત્રે પૂ. મુનિરાજશ્રી જયંતવિજયજી ગણિવરની નિશ્રામાં પર્યુષણા પર્વની આરાધના સારી થઈ. નવે દિવસે પ્રભુજીને ભારે આંગી અને ભાવના થતી. વેપારી બંધુઓએ નવેય દિવસ પાખી પાળી હતી. અક્ષયનિધિ તથા ૮-૪-૩ વગેરે ઉપવાસો સારા થયા. ચાર રાત્રિ-જાગરણ તથા પ્રભાવનાઓ, આવક વગેરે સારું થયું. ભાદરવા સુદ ૫ ભવ્ય વરઘોડો નીકળ્યો. તે ગામના માર્ગોએ ફરી અંગ્રેજી શાળાએ ઉતર્યો, અને ત્યાં સ્નાત્ર ભણાવાયું. મોખરે શણગારેલી ટ્રૉલીમાં અક્ષયનિધિ તપનો સ્થાપન કરેલો કુંભ-ઘડો, કલ્પસૂત્ર, પારણું, ભગવાન મહાવીર સ્વામીનો ફોટો, ચૌદ સુપન આદિ ઉછામણી બોલીને બાળાઓ બેઠેલી, બેનોના માથે તપના કળશ વગેરે આકર્ષક હતું. આખા બજારમાં જનતા જોવા ઊલટી હતી. સુદ ૮ ''પીસ્તાલીસ આગમ''ની પૂજા ભણાવાઈ. પૂજા ભાવનામાં

સંગીતકાર શ્રી બાબુભાઈ મોહનલાલ શાહે પોતાના સાથિદારો સહિત ભક્તિરસ જમાવ્યો.

● **પાલીતાણા :** અત્રે પૂ. બાલબ્રહ્મચારીણી તપસ્વીની પૂ.સાધ્વી શ્રી રત્નલતા-શ્રીજીએ માસક્ષમણની ઉગ્ર તપસ્યા ૨૨ વર્ષની નાની વયમાં પૂર્ણ કરી, તે નિમિત્તે પૂજા-ભાવના વગેરે થયું. દીક્ષાના પાંચ વર્ષમાં તેઓશ્રીએ એક વરસીતપ, અઠ્ઠાઈ, બાર વર્ધમાનતપની ઓળી અનેકવિધ તપસ્યાઓ કરી છે. તેઓશ્રીના પિતાશ્રી, માતુશ્રી, વડીલ ભાઈ તથા એક કુમારીકા બહેન ઉ.વ.૧૪, એમ પાંચ જણે સંયમ જીવન સ્વીકાર્યું છે.

● **છાણી-** (જી.વડોદરા) : અત્રે પૂ.આ.શ્રીમદ્ વિજયભુવનસૂરીશ્વરજી મહારાજ સાહેબ, તથા પૂ. ગણિવર્ય શ્રી સુદર્શનવિજયજી મ. આદિનું ચાતુર્માસ થતાં આખું ગામ ધાર્મિક પ્રવૃત્તિથી ધમધમી રહ્યું છે ! પૂજ્ય આચાર્યદેવશ્રીની નિશ્રામાં અક્ષયનિધિ તપમાં લગભગ ૫૦ ભાઈ-બહેનો જોડાયા. સામુદાયિક એકાસણાં કરાવાયાં. ૬૪ પહોરી પોષધ તથા ઉ.૮-૭-૬-૪-૩ આદિ તપ સારા થયા. કલ્પસૂત્ર પારેખ હરગોવનદાસ ગરબડદાસના ત્યાં લઈ જવાયું, રાત્રે રાત્રિ-જાગરણ, બહેનોને ગાવાનું તેમજ પિત્તળના પવાલાની પ્રભાવના થઈ. ૧૪ના દિવસે કલ્પસૂત્રનો ભવ્ય વરઘોડો દરબાર બેન્ડ સાથે નીકળ્યો.

કેટલાક યુવક ભાઈઓ આનંદપૂર્વક વાજીંત્રો સહ ૦)) ના દિવસે પારણું લઈ ગયા હતા. તે રાત્રે રાત્રિ-જાગરણ બહેનોને ગાવાનું પ્રભાવના વગેરે કરવામાં આવ્યું. તેમજ પારણાનો વરઘોડો કાઢવામાં આવ્યો. શ્રી સંઘ તરફથી પાંચમના દિવસે ભવ્ય વરઘોડો ચઢ્યો. પ્રભુજીનો રથ, જ્ઞાનનું બહુમાન કરતી બગી, વિવિધ બેન્ડ-વાદ્યો-સાંબેલા વગેરે દીપતું હતું. રોજ વ્યાખ્યાન પ્રતિક્રમણમાં પ્રભાવના થતી. તેમજ સંવત્સરી પ્રતિક્રમણમાં પણ શ્રી ચંદુભાઈ સોમચંદભાઈ તેમજ લીલાચંદ ધુળાભાઈ તરફથી શ્રીફળની પ્રભાવના થઈ હતી. રોજ પ્રભુજીને હીરા, ઝવેરાત, આદિ કિંમતી અંગ રચનાઓ તથા રાત્રે ઠાઠપૂર્વક ભાવના થતી. જૈનેતરો પણ પ્રભુજીના દર્શનાર્થે આવતા હતા. ઉપજ પણ સારી થઈ. પૂ. મુનિરાજશ્રી સુદર્શનવિજયજી ગણિવરના શિષ્ય મુનિરાજશ્રી પ્રમોદવિજયજીએ છ ઉપવાસ તથા મુનિરાજશ્રી ચંદ્રવિજયજીએ ચઉવિહાર અઠ્ઠાઈ કરી હતી. તે નિર્વિઘ્ને પૂર્ણ થતા ભા.સુદ ૬ થી શ્રી સંઘ તરફથી પંચકલ્યાણક મહોત્સવ થયો.

● **શિહોર-**(સૌરાષ્ટ્ર) : અત્રે શ્રાવણ સુદ ૧૫ ના રોજ તપોનિધિ પૂ. આ. શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબનો ૧૦૪મા મંગલ જન્મ દિનની શુભ

ઉજવણી નિમિત્તે સવારે બાળસમાજ, જિનમંદિરો અને સિદ્ધાચળજીને જુહારવા ગયેલ પછી એઓશ્રીના જીવન ચરિત્ર પર વ્યાખ્યાન, તથા મંદિરમાં અંગરચના ભાવનાદિ થયું.

● **સુરત-**(છાપરીયાશેરી) : પૂ. પા. આ. શ્રી વિજયભુવનતિલકસૂરિજી આદિ ઠાણા ૯ની નિશ્રામાં તપ તથા આરાધના સારી થઈ. કલ્પસૂત્રનો રાત્રિજગો, વરઘોડો થયો. સ્વપ્નાની ૫૦૦ પણ ઘીની ઉપજ થઈ. શ્રીફળની પ્રભાવના થઈ. પૂ. શ્રી ગુણાકરવિજયજીએ ૧૧ ઉ. તથા સંઘમાં તપ સારા થયા તે નિમિત્તે પંચકલ્યાણક મહોત્સવ આદીશ્વર જિનાલયે યોજાયો. ગોપીપુરા-ઓસવાલ મહોલ્લામાં સંઘના આગ્રહથી પાંચ તિથિ મુનિઓ વ્યાખ્યાન વાંચવા અવારનવાર જતા, પરંતુ પર્યુષણાના આઠે દિવસ મુનિ ગુણાકરવિ. મુનિ અશોકવિ. ઠા. ૨ સ્થિરતા કરી. ઉભય મુનિઓની નિશ્રામાં પોષધો, પ્રભાવનાઓ, તપસ્યાઓ સારી થઈ. શેઠ બાલુભાઈ ખીમચંદ ઝવેરી, બાલુભાઈ વીરચંદ વગેરેની આગ્રહભરી વિનંતીથી ભા.વ.૫ બાદ પૂ. આચાર્યદેવાદિ મુનિમંડળ ત્યાં પધારશે; અને પૂજ્યશ્રીની નિશ્રામાં અઠ્ઠાઈ મહોત્સવ થવાની વકી છે.

● **બગવાડા :** વાપી નજીક બગવાડા તીર્થસ્વરૂપ સ્થળ છે. પર્યુષણામાં વ્યાખ્યાન વાંચવા માટે વાપીથી પૂ. શ્રી મૃગાંકવિજયજી મ. ના શિષ્યરત્ન મુનિશ્રી ભદ્રાનંદવિજયજી મહારાજ આદિ ઠાણા ૨ ને સંઘે અહીં પધરાવતાં અનેરો આનંદ થયો. વ્યાખ્યાન વાંચવાનો નવ્ય પ્રસંગ હતો. છતાં વાણી એવી ચમત્કારિક કે સંવત્સરીના પ્રતિક્રમણ સિવાય ન આવનાર ભાઈ પણ ઉપાશ્રયે ખેંચાયા. એવા બીજા ભાઈ પણ જોડાયા. શ્રી બાબુભાઈ રાયચંદ અને ચીમનલાલ ઉમેદચંદને એવો રંગ લાગ્યો કે લાગલાગટ ઉપાશ્રયમાં હાજરી આપવા માંડી અને અપૂર્વ લાભ લીધો. આ બે ભાઈઓનું પરિવર્તન થયું. એટલે ગામ સુધરી ગયું એમ ગામના લોકો બોલે છે. દેવદ્રવ્યની ઉપજ તથા આરાધના સારી થઈ હતી.

● **વાપી :** નવા ઉપાશ્રયમાં પર્યુષણાપર્વની સુંદર આરાધના થઈ. તથા વ્યા વા.પૂ.આ.શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન ગણિવર મુનિ શ્રી મૃગાંકવિજયજી મ.આદિ ઠાણા ૪ અત્રે સંઘના પ્રબળ પુણ્યોદયથી બિરાજમાન છે. એમની વૈરાગ્યમય સચોટ વાણીએ અનેક આત્માઓને સંસારની અસારતા તથા આત્માના ગુણોનું ભાન કરાવ્યું. એમનો સરળ સ્વભાવ, સુંદર આચાર તથા નિઃસ્પૃહતાદિ ગુણોથી સંઘને પ્રેરણા સારી મળી. પર્યુષણામાં એમની દેશનાએ સંઘમાં સુંદર છાપ પાડી હતી. એમની સચોટ વાણીના ધોધથી સુંદર એવી **'દાન'** ધર્મની

યોજના આકાર પામી. સાતક્ષેત્રમાં દરરોજ સવારે પ્રત્યેક જણે ઓછામાં ઓછું એક પૈસા જેટલું દાન દેવાની યોજના. એથી કુટુંબમાં દાન ભાવના જાગૃત રહે વગેરે સુંદર સમજાવતા સૌએ એનો નિયમ લીધો. એક ભાગ્યશાળી ભાઈ તરફથી ૫૦ પેટીની પ્રભાવના નક્કી થઈ. મહારાજજીએ ક્રોધ ટાળવાના ઉપદેશમાં ક્રોધ આવે તો ઓછામાં ઓછો એક નવકાર ગણવો. એમ કહ્યાથી એનો નિયમ ઘણાઓએ લીધો. પોષધ ન કરનાર ભાઈઓએ પણ પોષધમાં જોડાયા હતા. નવા ઉપાશ્રયમાં આરાધના ચાલુ રહે એ માટે કેટલાક ભાઈઓએ સામાયિક-પ્રતિક્રમણ-નવકારવાળી ગણવાની પ્રતિજ્ઞા લીધી હતી. સંઘના આગેવાન કાર્યકર્તા ભાઈ પર્યુષણા સિવાય ભાગ્યે જ સાંજનું પ્રતિક્રમણ કરતા, એ ભાઈ રોજ સાંજે પ્રતિક્રમણ કરવાનો નિયમ લીધો છે, શ્રાવિકાઓ માટે નવો ઉપાશ્રય બાંધવાનો વિચાર પર્યુષણામાં ઉત્પન્ન થયો હતો અને એ મુજબ સંઘે નિર્ણય પણ કર્યો છે. છેવટ સંઘમાં અપૂર્વ શાસન પ્રભાવના થઈ હતી.

● **બેલગામ :** અહીંના દેરાસર માટે ઝગડો કોર્ટે ગયેલ છે, વહિવટ સ્થાનકવાસીના હાથમાં હતો. તેને શ્રી જૈન શ્વે. મંદિર નામ બદલી-મારવાડી શ્વેતામ્બર મંદિર કરી મારવાડ સિવાયના બીજાઓને વહિવટ-હિસાબ જોવાનો અધિકાર વગેરે અંગે ઘણી જ એવી કલમો કરવાથી મારવાડી મૂર્તિપૂજકો મોટો ભાગ તેમજ ગુજરાતી બંધુઓને વિરોધ નોંધાવેલ છે. હવે પ્રયત્ન ચાલુ છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૭,અંક-૫,તા.૧૧-૧૦-૧૯૫૮**

● **મીયાગામ :** અત્રે પર્યુષણાપર્વની આરાધના પ.પૂ.મુનિરાજશ્રી નિત્યાનંદ-વિજયજી મહારાજ સાહેબ આદિની નિશ્રામાં સારી થઈ. અક્ષયનિધિ તપમાં ૪૩ ભાઈ-બહેનો જોડાયા. વળી રોજ ઘરદીઠ એક એક આયંબિલ ચાલુ છે. ચોમાસામાં આયંબિલખાતાની શરૂઆત કરાવાઈ. કરમડીના પટેલ ભાઈએ પણ સાત અને આઠમી ઓળી કરી. પૂ. સા. શ્રી જયપ્રભાશ્રીજી આદિ ચાતુર્માસ હોવાથી બહેનોમાં પણ ધર્મ-જાગ્રતિ સારી આવી છે. બહેનોએ પ્રભુ-પૂજન ચાલુ કર્યું છે. કલ્પસૂત્ર શ્રી અંબાલાલ દલપતભાઈને ત્યાં પધરાવી રાત્રી-જાગરણ-પ્રભાવના આદિ થયું, તપશ્ચર્યાઓ સારા પ્રમાણમાં થઈ. પાલેજવાળા શ્રી હસમુખલાલે ચોસઠ પહોરી પોષધ અને ચોવિહારી અઠ્ઠાઈ કરી. શ્રી જિનમંદિરમાં પૂજા, તથા રોજ અંગ રચના, રાત્રે ભાવનામાં મા. સુરેન્દ્રલાલ તથા શ્રી શાંતિજિન સંગીત મંડળ

ભક્તિરસની રમઝટ મચાવતું હતું. સુદ ૬ ના દિવસે રથયાત્રા તેમજ અક્ષયનિધિ તપનો ભવ્ય વરઘોડો નીકળ્યો. ઇતરજનોએ સારા પ્રમાણમાં લાભ લીધો. પૂજ્યશ્રીની નિશ્રામાં "શ્રી શાંતિજિન યુવક મંડળ"ની સ્થાપના થઈ.

● **ભરૂચ :** પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ આદિ ઠાણા ૫ ની નિશ્રામાં ખીર સમુદ્રનો તપ કરાવાયો. પ્રભાવનાદિ સારું થયું અને મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજનો સિદ્ધિતપ પૂર્ણ થતાં સંઘ તરફથી અઠ્ઠાઈ મહોત્સવ યોજાયો. વદ ૨ ના વરઘોડો ચઢ્યો, વેજલપુર સ્નાત્રાદિ થઈ શ્રીમાળી પોળે ઉતર્યો. પૂ. તપસ્વી મહારાજના સંસારી ભાઈ તરફથી પ્રભાવના, બહેનોને ગાવાનું તથા સંસારી માતા તરફથી ઠાઠથી પૂજા ભણાવાઈ. પૂજા-ભાવના માટે પાલેજથી શ્રી ચંદુલાલ તેમજ છાણીથી કનુભાઈ, સુરેન્દ્રલાલ માસ્તર આદિ આવતાં ભક્તિરસની રમઝટ જામી. **વદ ૮ ના નૂતન જૈનજ્ઞાનમંદિર** અને જૈન ઉપાશ્રયનું **ઉદ્‌ઘાટન સુરત નિવાસી અમરચંદ વજેચંદભાઈ સંઘવીના હસ્તે થયું.** તેમના તરફથી યોગ્ય બક્ષીસો જાહેર થઈ. પૂજા બાદ સંઘજમણ થયેલ. પર્યુષણાપર્વ સારાં ઉજવાયા. અઠ્ઠાઈ વગેરે તપ સારા થયા. ઉપજ સારી થઈ. આઠેય દિવસ પ્રભાવનાઓ તથા તપસ્વી અને પોષધવાળાને લાડુ, સાકરના પડાં આદિની દશેક પ્રભાવનાઓ થઈ. અક્ષયનિધિ-રથયાત્રાનો ભવ્ય વરઘોડો ચઢ્યો. કબીરપરે જઈ આવી શ્રીમાલી પોળે ઉતર્યો. પછી સંઘજમણ થયેલ. વેજલપુર સંઘની વિનંતીથી મુનિ શ્રી અરુણપ્રભવિજયજી આદિ ઠાણા ૨ વેજલપુર જતાં સંઘમાં તપસ્યા, દેવદ્રવ્યાદિની ઉપજ, ધર્મારાધન સુંદર થયું.

● **અમલનેર**-(પૂ.ખાનદેશ) : અત્રે પૂ.આ.શ્રી યશોદેવસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં બી.શ્રા.સુદ ૧૧ને કેટલાક ભાઈઓએ ખીરના એકાસણા, વગેરે વિધિ-વિધાન સાથે લાખોની સંખ્યામાં નવકાર મંત્રો ગણાવાયા, પર્યુષણામાં માસખમણ, સોળ, પંદર તથા અઠ્ઠાઈ વગેરે વિવિધ તપશ્ચર્યા થઈ, એ નિમિત્તે ભા.સુદ ૫ થી ભા. સુદ ૧૪એ શ્રી શાંતિસ્નાત્ર તથા અષ્ટાન્હિક મહોત્સવ ઉજવાયો. આઠ દિવસ દરમિયાન વિવિધ પૂજાઓ, દેરાસરમાં પ્રભુજીને આંગી-રચના અને પ્રભાવના સુંદર થઈ. જનતામાં ધર્મ-જાગૃતિથી ભાવોલ્લાસ ઘણો.

● **મહેસાણા**- (ઉ.ગુ.) : અત્રે પૂ.પં.શ્રી **વિનયવિજયજી મહારાજ** સાહેબાદિની નિશ્રામાં પર્યુષણા પર્વની આરાધના સારી થઈ. ૧૬/૨, ૮/૩૧ વગેરે તપસ્યા થઈ. **એક રબારી ભાઈએ નવ ઉપવાસ અને બીજા જૈનેતરોએ પણ અઠ્ઠાઈ કરી.** જીવદયા, સાધારણખાતું, વર્ધમાનતપ આયંબિલ ખાતું, સાધર્મિકખાતું, તથા સુપનોની બોલીમાં

સારી રકમ થઈ. અત્રેની પાઠશાળામાં ૧૬૦૦ રૂા. જેવી રકમ નિભાવફંડમાં ભરાવાઈ. આઠે ય દિવસ દહેરાસરોમાં પ્રભુને ભવ્ય અંગરચના કરાવાઈ. અઠ્ઠાઈ મહોત્સવ બૃહદ્‌અષ્ટોત્તરી શાન્તિસ્નાત્ર ભવ્ય રીતે થયું. પૂજા અને ભાવનામાં શ્રી સુમતિજીન મંડળે તથા અમદાવાદના શ્રી રસીકભાઈએ સારો રંગ જમાવ્યો. જલયાત્રાનો વરઘોડો જીઆ બેન્ડ સાથે આઠમના દિવસે ભારે ધામધૂમ પૂર્વક નીકળ્યો. અત્રેનું મંડળ, સ્વયંસેવક બેન્ડ, તથા પચાસ ઘોડેસ્વારો, મોટરો, બગીઓ, ચાંદીનો રથ, તથા સાજન સારું હતું. આજુબાજુમાંથી જનતા સારા પ્રમાણમાં આવી. સાંજે સ્વામી વાત્સલ્ય રખાયું. વરઘોડામાં અમલદાર વર્ગની હાજરી વિશેષ ધ્યાન ખેંચતી હતી. તદ્‌ઉપરાંત શ્રી શંખેશ્વરનો તપ, અક્ષયનિધિ તપ, વગેરે તપો થયા.

● **ટીંટોઈ**- (તા.કલોલ) : અત્રે સંઘની આગ્રહભરી વિનંતીથી પૂ. લબ્ધિસાગર ગણિવર્ય મહારાજ સા. આદિ ચાતુર્માસ બિરાજે છે. પૂજ્યશ્રી દરરોજ વ્યાખ્યાન આપે છે. તેઓશ્રીના વ્યાખ્યાનથી જૈન જનતા ઉપર સારી છાપ પડી. તેઓશ્રીની નિશ્રામાં શ્રી સ્વર્ગસ્વસ્તિકતપ, શ્રી મોક્ષતપ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો અઠ્ઠમ કરી સવા લાખનો જાપ, શ્રી નવકાર મંત્ર તપની ધામધૂમપૂર્વક આરાધના થઈ. નવકાર મંત્રના તપમાં પાંચ જ વર્ષની બાલિકાઓ જોડાઈ. પર્યુષણામાં તપશ્ચર્યા સારી થઈ. એક બહેને માસખમણ તથા પૂ.સા. શ્રી વિપુલાશ્રીજીએ પંદર ઉપવાસ અને બીજા કેટલાય ભાઈ-બહેનોએ અઠ્ઠાઈની તપશ્ચર્યા કરી. વરઘોડો ભવ્ય રીતે નીકળ્યો. રાત્રે ભાવના, પ્રભાવના આદિ થયું સાધર્મિવાત્સલ્ય થયું. તપસ્વીઓને અભિનંદન અપાયાં. અત્રેના જિનાલયમાં ભાદરવા સુદ ૮ ના રોજ એક ચમત્કાર થયો. સવારે જિનાલયનાં બારણાં બંધ હતાં તે વખતે દેરાસર ખોલતાં પ્રભુજીની આગળ તાજાં જ ફૂલની ભરેલી રકાબી જોવા મળેલ. ઉપરાંત ચૌમુખજી ભગવાનની પક્ષાલ, કેસર, ફૂલ પૂજા તાજી જ થયેલી જોવા મળેલ.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૭,અંક-૬,તા.૧૮-૧૦-૧૯૫૮**

● **બોડેલી**-(વાયા-વડોદરા) : પરમાર ક્ષત્રિય જેઓ નવા જૈન બન્યા છે તેઓ દર વર્ષ કરતાં આ વર્ષે પર્યુષણની આરાધના સારી કરી. તૈયાર થયેલ વિદ્યાર્થીઓને ઝાંપા, શાન્તતલાવડા, ડુમા, ભીંડા, ઝાંખરપરા, વગેરે વગેરે સ્થળે આરાધના કરાવવા માટે મોકલ્યા હતા. મોતીપુરા ગામના ૧૫ કુટુંબોએ મિથ્યાત્વ-ધર્મનો ત્યાગ કરી જૈન ધર્મ અહિંસા ધર્મ અંગીકાર કર્યો અને તેઓને ગૃહપતી શ્રી બેચરલાલભાઈએ વ્રત-પચ્ચક્ખાણ કરાવ્યાં. આ જૈન ધર્મ પાળતા પરમાર ક્ષત્રીય

ભાઈ-બહેનોની સંખ્યા આશરે સાત હજારની થઈ છે. તેઓએ હિંસા, માંસાહાર, દારૂ વગેરે છોડ્યો.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૭,અંક-૭,તા.૨૫-૧૦-૧૯૫૮**

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના અગ્રગણ્ય શ્રદ્ધેય શેઠ **શ્રી જીવતલાલ પ્રતાપશી**એ પચ્ચીશથી ત્રીસ વર્ષ સુધી ભિન્ન ભિન્ન ધાર્મિક ટ્રસ્ટોમાં તેમના અનેકવિધ વ્યવસાયી જીવનમાંથી સમય કાઢી એકધારી અમૂલ્ય સેવા આપ્યા બાદ તાજેતરમાં મુંબઈના (૧) શેઠ મોતીશા જૈન દેરાસર ભાયખલા, (૨) શેઠ મોતીશા ચેરીટીઝ લાલબાગ, (૩) શ્રી શાન્તિનાથજી દેરાસર પાયધૂની, (૪) શ્રી ચન્દ્રપ્રભુજી દેરાસર સેન્ડહર્સ્ટ રોડ અને પાલીતાણાના શેઠ મોતીશા અમીચંદ સાકરચંદ પાલીતાણા ચેરીટેબલ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે તેઓએ રાજીનામાં મોકલી આપ્યા છે.

તેમના આ અચાનક રાજીનામાંથી જૈન સમાજમાં એક ગંભીર દુઃખની લાગણી પ્રસરી છે. તેમના આ રાજીનામાંના કારણો શોધતાં જૈન સમાજના મોટા ભાગને એમ લાગે છે કે તેઓ ધાર્મિક ટ્રસ્ટોના પવિત્ર મૂળ ઉદ્દેશ અને ધાર્મિક સિદ્ધાન્તોના અસ્ખલિત રક્ષણના અડગશ્રદ્ધાવાન અને હિમાયતી હોવાથી અને ટ્રસ્ટોના વર્તમાન વહિવટમાં આ ઉદ્દેશમાં મોટા અંતરાયો ઊભા કરવાની પ્રવૃત્તિનાં ચક્રો ગતિમાન થવાથી તેઓએ દુઃખભર્યા હૈયે આ પગલાં લીધાં છે. ઉમદા ભાવનાથી નિઃસ્વાર્થ સેવા આપનારને પણ આ કાળમાં આવું દુઃખભર્યું પગલું લેવું પડે તે જૈન સમાજ માટે એક ગંભીર ચિંતાનો વિષય છે.

તેમના રાજીનામાં પાછળ શેઠશ્રી ભોગીલાલ લહેરચંદે પણ શ્રી શાન્તિનાથજી દેરાસર અને શ્રી ચન્દ્રપ્રભુજી દેરાસર ટ્રસ્ટોમાં રાજીનામાં આપ્યા છે, અને શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ તથા અન્ય ટ્રસ્ટીઓનાં રાજીનામાં મુકાવાની વાતો સંભળાય છે.

શાસનહિતચિંતકો આ રાજીનામાંને પરિણામે ભવિષ્યમાં પવિત્ર ટ્રસ્ટોના મૂળ ઉદ્દેશ અને સિદ્ધાન્તાનુસાર વહીવટ પર થનારી અસર વિષે વિચારી શેઠશ્રી જીવાભાઈ અને તેમના સાથીઓ તેમના જીવનના અંત સુધી શાસનસેવા આપવાનું ન મૂકે તેવી અનુકૂળતા અને વાતાવરણ સર્જવા પ્રબળ પુરુષાર્થ કરશે, તેમાં જ જૈન સમાજનું હિત સમાયેલું છે. આશા છે કે શેઠશ્રી જીવાભાઈ પણ આ બાબતમાં ગંભીર વિચારણા કરી પોતાની સેવા આપવાનું ચાલુ રાખશે.

લી. **સુરચંદ હીરાચંદ ઝવેરી**

૨૭-૨૯, ખારાકુવા, પારસી ગલી, **મુંબઈ-નં.૩**

● **અમદાવાદ :** અત્રે કાળુશીની પોળે પૂ.આ.શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ભા.વ. ૭ રવિવારે ૨૭૫ ભાઈ-બહેનોએ 'અરિહંત'ના જાપનો ભવ્ય કાર્યક્રમ ઉજવ્યો. દરેકને ૫૦ હજાર જાપ કરવાનો હતો. જાપ માટે એક સાથે ૪૫૦ 'અરિહંત' શબ્દના કમળના ખાસ કાર્ડ આપવામાં આવ્યા હતા, જે વાંચી જપવામાં એકાગ્રતા રહેતી. પોળ તરફથી ખીરના એકાસણાં કરાવાયા.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૭,અંક-૯,તા.૮-૧૧-૧૯૫૮**

● **સાબરમતી**-(ઉ.ગુ.) : અત્રે શ્રી આત્મવલ્લભ જૈન જ્ઞાનમંદિરમાં પૂ.આ.શ્રી વિજયઉમંગસૂરીશ્વરજી મ.સા. આદિની નિશ્રામાં ધર્મપ્રવૃત્તિ સારી થઈ રહી છે, પૂ.પં.શ્રી ઉદયવિજયજી મ.સા. અઠ્ઠાઈ તથા પૂ. શ્રી હીરવિજયજી મ.શ્રી આદિએ તપ-જપ સારા કર્યા. તપસ્યા નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો. ઉપજ સારી થઈ. સ્વ. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીની સ્વર્ગવાસતિથિ ભા.વદિ ૧૧ ના દિવસે ઉજવવામાં આવી.

● **ભરૂચ :** પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરની પ્રેરણાથી શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમો થતાં ઠીક સંખ્યા જોડાઈ હતી. વ. ૦)) રવિવારના ૧૨૫ ભાઈ-બહેનોએ સામુહિક લગભગ ૩ લાખ નવકારમંત્ર ગણ્યા. ખીરના એકાસણાં થયા.

● **પાટણ :** અત્રે નગીનભાઈ પોષધશાળામાં પૂ.મુનિશ્રી શ્રી ચિદાનંદવિજયજી ગણિવર આદિની નિશ્રામાં શાશ્વતી આયંબિલની ઓળી સુંદર થઈ. અષ્ટાપદજી આદિ જિનાલયોમાં પ્રતિદિન ભવ્ય અંગરચનાઓ અને ભિન્નભિન્ન પૂજાઓ ભણાવાઈ. આસો સુદ ૧૫ના પુદ્ગલ વોસિરાવવા વગેરે મંગલક્રિયા ભગવંત સમક્ષ કરાવાઈ. ૨૦૦ ભાઈ-બહેનોએ લાભ લીધો.

● **મુંબઈ :** જૈન શ્વે.મૂ. ધાર્મિક અભ્યાસક્રમ એકીકરણ સમિતિ તરફથી પાંચ મુખ્ય સંસ્થાઓને અન્ય શિક્ષણ સંસ્થાના પ્રતિનિધિઓ તા. ૧૮ ને ૧૯ મળેલ. નીચેના ઠરાવો મંજુર થયા (૧) જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક સમાજની દરેક ધાર્મિક શિક્ષણ સંસ્થાઓમાં એક સરખો ધાર્મિક અભ્યાસક્રમ હોવો જોઈએ. (૨) તે માટેની રૂપરેખા તૈયાર કરવા તથા પાઠ્ય પુસ્તકોનું સૂચન કરવા અને તે અંગેનું તમામ કામકાજ કરવા ૨૧ સભ્યોની એક સમિતિ નીમવામાં આવે છે. આ

સમિતિએ મોડામાં મોડો એક વર્ષમાં ધાર્મિક અભ્યાસની રૂપરેખા તૈયાર કરવી. સમિતિમાં શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ, જૈન શ્રેયસ્કર મંડળ, જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ, રાજનગર ધા.ઈ. પરીક્ષા-આ પાંચે સંસ્થાઓના દરેકના ત્રણ ત્રણ પ્રતિનિધિ ઉપરાંત પ્રસન્નમુખભાઈ બદામી, શ્રી અમૃતલાલ દોશી, શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, શ્રી અમૃતલાલ કાળીદાસ મહેસાણા, શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ, શ્રી મોતીલાલ વીરચંદ માલેગાંવ.

● **મહેસાણા :** પૂ.પં.શ્રી વિનયવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાનો વાર્ષિક ઈનામી મેળાવડો તા. ૧૨-૧૦-૫૮ ના રોજ સારી રીતે ઉજવાયો. વિશેષતા એ હતી કે સ્કોલરશીપની યોજનામાં સહકારની વિનંતી થતાં શ્રી મોહનલાલ રવચંદ, રૂા. ૩૬૦), શ્રી ચીમનલાલ અમૃતલાલ રૂા. ૩૬૦), શ્રી ગોપાલદાસ નાગરદાસ રૂા. ૧૨૦), શ્રી પુનમચંદ વાડીલાલ રૂા. ૧૨૦), ની રકમ નોંધાઈ. ઈનામોની વહેંચણી થઈ. શ્રી મહાવીર પ્રભુના દેરાસરે અંગ-રચના વગેરે થયું. વકીલ ચીમનલાલ તરફથી વિદ્યાર્થીઓને જમણ અપાયું.

● **કંબોઈ** (ઉ.ગુ.) : અત્રે પૂ.પં.શ્રી સુંદરવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં અઠ્ઠાઈઓ ૧૭, પૂજાઓ ૧૦, નોકારશીઓ ૯, ગહુંલીઓ ૧૦, વગેરે વિધવિધ ધર્મ-પ્રવૃત્તિ સારા પ્રમાણમાં થઈ. જનતા સારા પ્રમાણમાં વ્યાખ્યાન આદિનો લાભ લે છે. પ્રભાવના, દેરાસરમાં આંગી-રચના, ભાવના વગેરે સારા પ્રમાણમાં થઈ. ઉપજ પણ સારી થઈ.

● **છાણી** : પૂ.આ.દેવશ્રી વિજયભુવનસૂરીશ્વરજી મહારાજશ્રી આદિની શુભ નિશ્રામાં **'સકલ વિઘ્નનષ્ટચૂરક'** નવપદ ઓળીની આરાધના સારી રીતે થઈ. આસો સુદ આઠમે લગભગ ૧૫૦ થી ૨૦૦ આયંબિલો થયાં. પૂર્ણિમાના દિવસે ઝવેરાતની અંગ-રચના, પૂજા, પ્રભાવના આદિ થયું.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૭,અંક-૧૦,તા.૨૨-૧૧-૧૯૫૮**

● **પાટણ :** પૂ. સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી મહારાજે ૧૦૮ આયંબિલની પૂર્ણાહુતિ આસો વદ ૫ અઠ્ઠમ સાથે કરી. પૂ. જશકીર્તિશ્રીજી મ. ને ૫૦૦ આયંબિલમાં ૪૦૦ લગભગ થવા આવ્યા છે.

સંઘના આગ્રહને કારણે જીવતલાલ પ્રતાપશીએ રાજીનામું પાછું ખેચ્યું છે.(અંક-૪૫)

• **આમોદ** (જી.ભરૂચ) : અત્રે પૂ. ગણિવર જયંતવિજયજી મહારાજની નિશ્રામાં વર્ધમાન તપના પાયા, ઓળી તથા નવપદજીની ઓળીમાં મળી કુલ ૬૦ આરાધકો જોડાયા. આસો વદી ૮ના "અરિહંતના જાપ" નો કાર્યક્રમ રાખવામાં આવેલ. શા.નગીનલાલ દીવાનજી તરફથી આયંબિલની વ્યવસ્થા કરાવાઈ. સવારના સામુદાયિક સ્નાત્ર ભણાવાયા બાદ જાપ પછી, "અરિહંતની ઓળખાણ" પર પ્રવચન, વળી પાછો જાપ અને આયંબિલ વગેરેનો કાર્યક્રમ થયેલ. નાની ઉંમરના બાળકો તથા બાલિકાઓ પણ આ આરાધનામાં જોડાયેલ. નાની ઉંમરની બાલિકા સરોજબહેન કનૈયાલાલ શાહે આયંબિલ તપ પૂર્વક ૯૦ હજારનો જાપ કરેલ તથા બીજા બાળક બાલિકાઓએ પાંચ હજારથી પચાસ હજાર સુધીનો જાપ કરેલ તથા અન્ય આરાધકોએ દોઢ લાખ સુધીનો જાપ કરેલ.

• **અમદાવાદ** : પરમ પૂ. શાંત તપોમૂર્તિ પૂ. આચાર્યદેવશ્રી વિજય સિદ્ધિસૂરી-શ્વરજી મહારાજા તથા પૂ. આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજા પૂ.આ.શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. વગેરેની નિશ્રામાં શેઠશ્રી પુરુષોત્તમદાસ ઘેલાભાઈ તથા સ્વ. કવિ સાંકળચંદના ધર્મપત્ની સૌ. મણિબેન તરફથી કાર્તિક સુદ ૧૦થી માગશર સુદ ૮ સુધીનો સમસ્ત શહેરની ચૈત્યપરિપાટીનો કાર્યક્રમ અત્રે યોજાયો છે.

• **મીયાગામ** : પૂ. મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મહારાજની નિશ્રામાં શ્રી નવપદની ઓળીનું આરાધન ૩૨ ભાઈ-બહેનોએ સુન્દર રીતે કર્યું. પ્રફુલ્લકુમાર હરિલાલે છ વરસની ઉંમરે નવે દિવસ આયંબિલ આનંદપૂર્વક કર્યા. સાધ્વીજી વિદ્યુતપ્રભાશ્રીજીએ ૩૩ થી ૩૬ ચાર ઓળી લાગટ કરી. શા. સોમચંદ કસ્તુરચંદે પોતાના પત્ની હીરાબેનના નામે આયંબિલ ઓળી ખાતામાં રૂા. ૧૦૦૧) આપ્યા. આસો વદ બીજ પાંચમે સ્નાત્ર તથા સુંદર પ્રવચન સાથે સામુદાયિક એક લાખ મંત્રનો જાપ વાજિંત્રના સૂર સાથે થયો. પૂ. મહારાજશ્રીને ૫૪મી ઓળી ચાલે છે. પૂ.શ્રી હરિષેણ વિ.મ. નવકારપદના ઉપવાસો કરે છે. દિવાળીની આરાધના પાવાપુરીજીની રચના સમક્ષ થઈ.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૭,અંક-૧૨,તા.૬-૧૨-૧૯૫૮**

• **છાણી** : અત્રે પૂ.આ. શ્રી વિજયભુવનસૂરિજી મ.ની નિશ્રામાં કા.સુદ ૧૧ ના દિવસે એક લક્ષ નવકારનો જાપ, પૂજા, ખીરના એકાશન વગેરે સાથે

સારા પ્રમાણમાં ભાઈ-બહેનોએ કર્યા.

કા.વ.૫ ના દિવસે સવારે નાણ માંડવામાં આવી તેમાં કેટલાક ગૃહસ્થોએ બારવ્રત આદિ વ્રતોચ્ચારણ કર્યા. પૂ.શ્રીએ અમદાવાદ તરફ વિહાર કર્યો છે.

• **કુંભોજ તીર્થ** : અત્રે પ્રખર વ્યાખ્યાનકાર પૂ. ગણિવર શ્રી મુક્તિવિજયજી મ. તથા પૂજ્ય મુનિવર્ય શ્રી હિમાંશુવિજયજી મહારાજની પવિત્ર નિશ્રામાં કોલ્હાપુર નિવાસી શેઠશ્રી સુરતમલજી દરજાજી, તથા શ્રી ત્રિકમચંદજી દઢ્ઢાજી, તથા શ્રી ગેનમલજી નાથાજી તરફથી માગશર સુદ પાંચમે મહાન ઉપધાનતપની આરાધના શરૂ થનાર છે. વળી કુંભોજ તીર્થ કમિટી હસ્તક શ્રીયુત ચીમનલાલ કેશવલાલ કડિઆના માર્ગદર્શન મુજબ અત્રે નવીન તૈયાર થયેલ ભવ્ય શ્વે. મૂર્તિપૂજક જૈન ધર્મશાળાનું માગશર સુદ પાંચમે જ રાજનગર નિવાસી શેરદલાલ શેઠશ્રી રતિલાલ નાથાલાલના શુભ હસ્તે ઉદ્‌ઘાટન કરાવવાનો ભવ્ય સમારોહ ઉજવવામાં આવનાર છે.

• **ભાયખલા (મુંબઈ)** : પૂ.પં.શ્રી રામવિજયજી ગણિવર્યની અધ્યક્ષતામાં શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના સુંદર રીતે થઈ હતી. આ પ્રસંગે પૂ.મુનિ શ્રી મહાયશવિજયજીએ માસક્ષમણ ઉપરાંત નાની-મોટી તપશ્ચર્યાઓની ઉજવણી તેમજ શ્રી નવપદજી મ. ની શાશ્વતી ઓળી નિમિત્તે અત્રેના વિશાળ મંડપમાં અષ્ટાન્હિકા મહોત્સવ કરવામાં આવેલ. ઉપરાંત આ.વ.૫.શ્રી સિદ્ધચક્ર મહાપૂજન થયું.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૭,અંક-૧૩,તા.૧૩-૧૨-૧૯૫૮**

પવિત્ર જિનાગમનું ભવ્ય ઉદ્યાપન

અમલનેરમાં ચાતુર્માસ બિરાજમાન પૂ. શ્રીમદ્ યશોદેવસૂરીશ્વરજીની પુણ્ય નિશ્રામાં ધર્મની સાધના અને ઉપદેશ જોરદાર રહેતા. સંઘમાં જ્ઞાનભક્તિની ખૂબ તમન્ના જાગી ને તેના યોગે ૩-૪ મહીના સુધી ખાસ માણસો જ્ઞાન ભંડારમાં પુસ્તકોની ભક્તિ કરી. લગભગ સો આગમો વસાવ્યાં, તથા બીજા પણ ખૂબ મહત્ત્વના અનેક ગ્રંથો વસાવ્યા. આગમ રક્ષણાર્થે ૬ કબાટ મુંબઈથી લાવ્યા ને ઉજમણા સ્વરૂપે શ્રી મહાવીરસ્વામી ભગવાન સમવસરણમાં વચ્ચે બિરાજી વાણી પ્રકાશે છે, ૧૧ ગણધરો ત્રિપદી સાંભળે છે. આની પ્રત્યક્ષ રચના કરવામાં આવી. જૈનાગમમાં શું છે તે બહારના આબાળ વિદ્વાન વર્ગ સમજી શકે માટે આગમ નામની સાથે તેના અંદરનું રહસ્ય પૂ. શ્રી ત્રિલોચન વિ. મહારાજે પૂ.આ.દેવની નિશ્રામાં બોર્ડોનું માર્ગદર્શન આપવાથી સુંદર બોર્ડ તૈયાર થયાં તે વાંચી આજ સુધી

જે જૈનો અજૈનોને માલૂમ નહોતું તેને અનેરો પ્રકાશ પડ્યો, બીજાં પણ બોધક અનેક બોર્ડો બનાવ્યાં હતાં.

સંઘનો પણ ભક્તિરંગ વધવાથી નિમંત્રણ પત્રિકા બહાર પાડી. કારતક સુદ ૧ થી ૫ દિવસનો જ્ઞાનનો ઉત્સવ શરૂ કર્યો ને જ્ઞાનમંદિરના ઉદ્‌ઘાટન માટે મુંબઈથી ધાર્મિક શેઠશ્રી ગોવિંદજી જેવત ખોનાને આમંત્રણ આપી બોલાવ્યા હતા. જ્ઞાન પંચમીની વહેલી સવારથી જૈન મંદિર આગળનો વિશાળ ચોક જૈન અજૈનથી ભરચક ભરાઈ ગયો. ગોવિંદજીભાઈના શુભ હસ્તે જ્ઞાનમંદિર ખુલ્લુ મૂકવામાં આવ્યું તે વખતે તેમણે સમ્યગ્જ્ઞાન શ્રદ્ધા ઉપર ખૂબ સારું પ્રવચન કર્યું. જ્ઞાનપૂજનના પણ ચઢાવા થયા. ૧ કબાટ શેઠશ્રી ગોવિંદજી જેવત ખોના તરફથી કિંમત રૂા.૩૨૫. ૧ કબાટ મોતીભાઈ મગનદાસ ભુક્તિધર અમલનેરવાળા તરફથી કિંમત રૂા. ૩૨૫ એમ જ્ઞાન મંદિરને ભેટ જાહેર થયાં.

પહેલા જ્ઞાનપૂજનનો લાભ નિહાલચંદ કસ્તુરચંદ અમલનેરવાળાએ રૂા. ૨૮૬માં ચઢાવો બોલી લીધો. બીજા ચઢાવા વગેરે મળી આશરે ૧૫૦૦ ઉપજ થઈ. સંગમનેરથી પૂજા માટે મંડળ આવ્યું હતું, તેમાં નાના બાળકો વગેરેનો અંતરંગ ભક્તિ રચી હોવાથી ખૂબ પૂજામાં આનંદ આવતો.

૪૫ આગમો સૂત્રો વગેરેને ચંદરવા પુંઠિઆ બાંધી મોટી ઠવણીઓ પર પધરાવી આગળ પુસ્તકોની ગોઠવણી થઈ. પૂ.શ્રી જિનરત્નવિજયજી મ. સારું માર્ગદર્શન કર્યું હતું. ભગવાનના પાછળ ફરતું ભામંડળ વગેરે દર્શન કરવા દેખાવા અન્ય પબ્લીક રાત-દિવસ હજારોની સંખ્યામાં આવતી. રાત્રે ચોકમાં ગરબા ગવાતા. બહારગામથી પધારનાર સાધર્મિકોના માટે રસોડું ખોલવામાં આવ્યું હતું.

સુરતથી આગળ ઉત્તર-દક્ષિણ મહારાષ્ટ્રમાં આવો જ્ઞાનભંડાર નહીં હોય તેવો હજારો પુસ્તકોનો સંગ્રહ છે. પૂજ્યશ્રી અત્રેથી વિહાર કરી સોનઈ પ્રતિષ્ઠા માટે પધાર્યા છે. ત્યાંથી રાહુરી પ્રતિષ્ઠા માટે પધારનાર છે. તેઓશ્રીના શુભ હસ્તે માલેગાંવ, ચાંદવડ, જલગામ, પાચોરા, યેવલા, સિન્નર, નાસિક વગેરેમાં શાસનના સારા કાર્યો કરાવવા અંગે આગ્રહ ઘણો છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૭,અંક-૧૪,તા.૨૦-૧૨-૧૯૫૮**

● **આમોદ** (જી.ભરૂચ) : અત્રે પૂ. ગણિવર જયંતવિજયજી મ.ની નિશ્રામાં ચૌમાસી ચૌદશે સારા પ્રમાણમાં પોષધ થયા હતા. એક છ વર્ષના બાળકે પણ

રાત્રિ-દિવસનો પોષધ કરેલ. પૂજ્યશ્રીનું ચોમાસું ડૉ. ત્રિભોવનદાસ (M.B.B.S.) ને ત્યાં બદલાવેલ. વ્યાખ્યાન વખતે દીવાળીમાં દારૂખાનું ફોડવાનો ત્યાગ કરનાર પચાસ બાલક-બાલિકાઓને વેલવેટના સુંદર વાટવા વહેચવામાં આવેલ. નાણ મંડાવવામાં આવેલ. ડોક્ટરશ્રીએ, કેટલાક ભાઈઓ તથા બહેનોએ બારવ્રત, ચતુર્થવ્રત તથા વિવિધ તપ ઉચરેલ.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૭,અંક-૧૫,તા.૨૭-૧૨-૧૯૫૮**

● **ભરૂચ :** પૂ. પૂં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરની નિશ્રામાં ઓળીનું આરાધન, દિવાલીપર્વ, જ્ઞાનપંચમીનું આરાધન સુંદર થવા પામ્યું હતું. પૂ. મહારાજશ્રી કા. વ. ૪ના ઝગડીયા બાજુ વિહાર લંબાવ્યો છે. અને ત્યાંથી સુરત પધારશે.

● **મીયાગામ :** પૂ. મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મહારાજ આદિ ઠા. ૨ની નિશ્રામાં નાણ માંડવામાં આવતા, શેઠ ઝવેરચંદે સજોડે તથા બીજાઓએ બાર વ્રતો ને જ્ઞાનપંચમી તપ ઉચ્ચર્યા હતા.

● **અમદાવાદ :** સિદ્ધાન્ત મહોદધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ **પ્રેમસૂરીશ્વરજી મ. સાહેબે,** મારવાડ-ચડવાલના વતની સ્વ. વનાજી ચેલાજી (કોલ્હાપુરવાળા)ના સુપુત્રો બાબુભાઈ વગેરેની આગ્રહભરી વિનંતીથી માગશર સુદ ત્રીજ બપોરે ત્રણ વાગે અમદાવાદથી મારવાડ તરફ વિહાર કર્યો છે.

મારવાડથી (ચડવાલથી) પૂજ્યપાદ આચાર્ય ભગવંતની પાવન નિશ્રામાં શ્રી સિદ્ધગિરિજીનો છ'રી'પાળતો સંઘ નીકળવાનો હોઈ પોષ સુદમાં પૂજ્યશ્રી ચડવાલ પહોંચવા ધારણા રાખે છે.

માગશર સુદ ત્રીજના દિવસે સવારે મુમુક્ષુ ભાઈશ્રી કાન્તિલાલ ચીમનલાલને ભાગવતી દીક્ષા આપી બપોરે પોતાના સુવિશાળ મુનિવૃન્દ સાથે જ્ઞાનમંદિરથી નીકળ્યા હતા. પૂજ્યપાદને વળાવવા મોટી સંખ્યામાં સાધુઓ, સાધ્વીજીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ આંસુભરી આંખે ઉપસ્થિત થયા હતા. પૂજ્યશ્રીએ મોરૈયા પાર્શ્વનાથના દેરાસરે પુનીત માંગલિક સંભળાવ્યું હતું. ત્યાંથી અમદાવાદમાં વસતા ખંભાત નિવાસી ભાઈઓની વિનંતિથી પૂજ્યશ્રી હઠીભાઈની વાડીએ પધાર્યા હતા. ત્યાં સુદ ૬ના દિવસે ખંભાત નિવાસી સદ્‌ગૃહસ્થો તરફથી પૂજા-જમણ વગેરે કરવામાં આવ્યું હતું.

ત્યાંથી પૂજ્યશ્રી ગીરધરનગર, સાબરમતી, કલોલ, પાનસર, મહેસાણા,

વિસનગર, વડનગર, તારંગાજી, આબુ... થઈ મારવાડમાં પ્રવેશ કરશે.

ચડવાલથી પોષ સુદ ૧૨ના દિવસે શ્રી સંઘયાત્રાનું પ્રયાણ થશે અને ફાગણ સુદ ત્રીજે શ્રી સિદ્ધગિરિમાં તીર્થમાળ પહેરાવવામાં આવશે.

● **મુંબઈ :** શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, શાન્તિનાથજી જૈન દેરાસર, પાયધુની, મુંબઈ-૩ તરફથી જણાવવામાં આવે છે કે-શ્રી વસંતલાલ વાડીલાલની ફ્રું. તરફથી ધાર્મિક શિક્ષણના પ્રચારાર્થે પ્રાપ્ત થયેલી રકમની યોજનાનુસાર શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ સંચાલિત જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકા-માસિક **દોઢસો** ધાર્મિક પાઠશાળાઓને અડધા લવાજમમાં (ફક્ત રૂા. ૧ ના લવાજમમાં) સને ૧૯૫૮ ના જૂનથી અને ૧૯૫૯ના મે સુધીના બાર અંકો મોકલવામાં આવશે. રૂા. ૧) મ.ઓ. થી ઉપરના સરનામે તરત મોકલી આપશો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૭,અંક-૧૭,તા.૧૦-૧-૧૯૫૯

ઉપધાન અંગેની ગેરસમજની સમાલોચના

(લે. શાહ મનસુખલાલ ડાહ્યાભાઈ)

તા. ૨૦ ડીસેમ્બર ૧૯૫૮ના જૈન પત્રના અંકમાં "ઉપધાન અને ગૌચરવૃત્તિ" અંગેશ્રી નાગકુમાર મકાતીનો લેખ લેખકને સાચી હકીકતની માહિતી ન હોવાનું અને વાચકને ખોટો ખ્યાલ ઉત્પન્ન કરનારું હોવાથી, તેની યોગ્ય સમજ આપવાનો શુભ આશય આ લેખનો છે.

ઉપરોક્ત લેખમાં જે ચાર મુદ્દાઓ ચર્ચવામાં આવ્યા છે તેમાં કેટલો સત્યાંશ છે, તે જ આ સમાલોચનમાં જણાવાશે.

(૧) ઉપધાન અને ભોજનની વાનીઓ : લેખકને ઉપધાન અંગેની તપશ્ચર્યા અને પારણાનો પણ પૂરેપૂરો ખ્યાલ નથી. એકાંતર ઉપવાસ એટલે એક દિવસ ઉપવાસ અને પારણે નીવીઆતું એકાસણું હોય છે પણ નીવી નહીં. એકાસણામાં નીવીયાતી વિગય લઈ શકાય. તેમાં પણ તેલ-દહીં-બે વિગય સદંતર પ્રાયઃ વપરાતી નથી. હવે જે ભાત ભાતની વાની અને સંખ્યાનો અતિરેક ગણાવ્યો તે પણ અસ્થાને છે. ભિન્ન ભિન્ન રૂચિવાલા અને ભિન્ન ભિન્ન શરીરની પ્રકૃતિવાલા બાલ-યુવાન, વૃદ્ધ અને સ્ત્રી-પુરુષો તપસ્વીઓ આરાધકો હોય છે. શરીરના ધર્મ પ્રમાણે કફ, પીત્ત અને વાયુના પ્રકોપનો તપસ્વીઓને ઉપશમ રહે, તે ખાતર તે જે રોગશમક પદાર્થો ભોજનની વાનગીઓમાં આર્ય ભારતીય આયુર્વેદિક સંસ્કૃતિમાં

ગોઠવાયેલ છે, એટલે જે જે પ્રકૃત્તિવાળાઓ તે તે પદાર્થો લઈ શકે. દા.ત. ભાત, ખીચડી, રોટલી, રોટલા, પુરી, તુવેરની દાળ, મગની દાળ, ચણાની દાળ, આવી એક એક ચીજની ત્રણ-ચાર-ચાર પ્રકારની વસ્તુઓ હોય જેથી રુચિ પ્રમાણે પ્રકૃતિને માફક એવું શરીરને સાધન આપી ધર્મ-ધ્યાન અને તપશ્ચર્યામાં સ્થિર રાખી શકે. તપસ્વીઓમાં તો છઠ્ઠ, અઠ્ઠમ-અઠ્ઠાઈ વગેરે તપસ્યા કરનારા ય હોય છે, ને ૧૫-૧૨-૧૦-૮ અને ચાર ત્રણ વગેરે દ્રવ્યોના અભિગ્રહવાલા પણ હોય છે. કોઈ ૩૫-૩૫ ચીજોના ખાવાવાલા હોતા નથી. પાલીતાણા જેવામાં સં. ૨૦૦૬ના ચાતુર્માસના ઉપધાનમાં ૧૭૨૫ની સંખ્યાં જેમાં ભારત વર્ષના દરેકે દરેક પ્રદેશ માલવા, મેવાડ, મારવાડ, યુ.પી., મહારાષ્ટ્ર, ગુજરાત, કાઠિયાવાડ, પંજાબ, હૈદ્રાબાદ આદિના આરાધકો હતા. જે જે પોતાને જે દેશાનુકુલ હોય તે લઈ શકે તે શુભ આશયથી ભક્તિ કરનાર ભિન્ન ભિન્ન ચીજો બનાવે, તેમાં ભક્તિ કરનારનો પૂરેપૂરો વિવેક જળવાય છે. તેવી યોગ્ય બાબતની પણ ટીકા કરી ઊંધી રીતે ચિતરવામાં તપ-તપસ્વી અને ભક્તિ કરનાર તરફ કટાક્ષ અને અજ્ઞાનવૃત્તિ સ્પષ્ટ જણાઈ આવે છે એટલે લેખકે સ્વયં જાતિ અનુભવ કરી લેવાની જરૂર છે.

(૨) ઉપધાનનો ખર્ચ : તેમાં પણ અતિશયોક્તિ જ વાપરી છે. માલવા, મેવાડ અને ગુજરાતમાં પણ-૫૦૦-એક હજાર-બે હજાર આદિના-ખર્ચમાં સેંકડો માણસના ઉપધાન થઈ રહેલા કોઈ દાખલા લેખકને મળ્યા ? એક મારવાડી ભાઈ મુકનચંદજી પૃથ્વીરાજ ખુડાલાવાળાએ દશ હજારની રકમ કાઢી ૧૭૨૫ આરાધકોને પાલીતાણામાં ઉપધાન કરાયેલ તેવા કંટ્રોલ અને સપ્ત મોંઘવારીના જમાનામાં. અલબત્ત ત્યાં ટોળીઓ જમાડનારા હતા; પણ મોંઘવારી અને બહુ મોટી સંખ્યાના હિસાબે પણ આજની પાર્ટીઓ અને જમણવારના ખર્ચ આગળ મામૂલી ખર્ચમાં. આવા તો સંખ્યાબંધ દૃષ્ટાંત આપી શકાવાના પ્રત્યક્ષ દાખલાઓ મોજૂદ છે. ઉપધાન એ શ્રાવક-જીવનનો ઉત્તમ અવસર છે. એટલે શક્તિશાળી પુણ્યવાન આત્મા સાતે ક્ષેત્ર-અઠ્ઠાઈ મહોત્સવ, પ્રભુભક્તિ, સાધર્મિક વાત્સલ્ય, આદિ કરી હજારો ખર્ચે એ શ્રી જૈન શાસનની પરમભક્તિ છે અને તે અંગે શક્તિશાળી દાનવીરો ખર્ચ કરે તેની અનુમોદના કરવાને બદલે ટીકા કરવી એ અજુગતું છે. સાતે ક્ષેત્રો જે તરવાનું ઉત્તમ સાધન અને પૂજ્ય માનતા હોય તેની યોગ્ય ભક્તિ કરી ધર્મક્રિયાઓને આરાધાતી રાખવામાં શાસન વહેતું રહે છે એ મકાતીભાઈએ ધ્યાનમાં લેવા જેવું છે. ભક્તિ કરનાર હજારો ખર્ચે અને દશ-વીસ રૂપિયાના મામૂલી ખર્ચમાં પણ ભવ્ય આત્મા સદ્‌ગુરુની નિશ્રામાં ઉપધાન કરી શકે, આનું નામ સ્યાદ્વાદ શ્રી મકાતીભાઈ ઊંડા ઉતરી વિચારશો. ખર્ચની સાથે ધર્મની સરખામણી હોય નહિ.

જેમ જેમ પરિગ્રહની મૂર્છા ઉતરે, ત્યાગ ભાવના વધે, તેમ તેમ વિવેકી આત્મા ધાર્મિક માર્ગે વધુ ખર્ચે, જે ખટકતું હોય તો તેનું કારણ તે અનુષ્ઠાનથી થતા લાભની કિંમત નથી.

(૩) ઉપધાનમાં દાખલ થનારની વય : આ પ્રશ્નની તો બાલદીક્ષાની માફક કૂટ દલીલોથી છણાવટ કરી છે પણ એટલું તો કબૂલ કરવું પડશે કે આઠ વર્ષના બાલક-બાલીકાઓ પણ આવી કઠિન તપશ્ચર્યા આનંદપૂર્વક અડતાલીસ કલાકે પારણા અને કઠીન ક્રિયાઓ કરી શકે છે. જૈનશાસ્ત્રકારો તો ઉપધાન કર્યા પછી જ નવકાર મંત્ર ભણવાની યોગ્યતા જણાવે છે. એટલે જૈન કુળમાં જન્મેલા તો સાચા પાકા સંસ્કાર માટે કુમળી વયમાં ઉપધાન કરે, એ શાસ્ત્રાનુસારી જ છે. જે જે શંકાઓ કરવામાં આવે છે તે પ્રત્યક્ષ દેખવાથી નિર્મલ થશે, અને જણાશે કે આજના ભૌતિકવાદના જમાનામાં ૨૫-૩૦ વર્ષનો યુવાન ગ્રેજ્યુએટ ન કરી શકે તેવી તપશ્ચર્યા-દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના સંસ્કારની પ્રાપ્તિ કુમળી વયના બાળ-કુમારો કરી શકે છે. સર્વ વિરતિ અને દેશવિરતિ સાધુજીવન અને શ્રાવક-જીવન માટેની વય જ્ઞાનીઓએ જ નક્કી કરેલ છે અને તે પ્રમાણે થઈ રહેલ છે, અને તેનું પરિણામ પણ સારું આવી રહેલ છે. હાથ કંકણ ને આરસી અંગે તર્કવાદથી શંકાઓ ઉઠાવવી એ વ્યર્થ છે.

(૪) ઉપધાન-તપ અને તેની ઉત્પત્તિ : આ અંગે લેખક પોતે જ જણાવે છે કે તે બાબતની પોતાને માહિતી નથી. એટલે એવી ભ્રમાત્મક-ખોટી બાબતોને વિવેકી આત્માઓ વજન આપે નહિ એ સ્વાભાવિક છે. ઉપસંહારમાં-ઉપધાન તપ એ શ્રાવક-જીવનની અમૂલ્ય ચીજ છે. તેના કરણ-કરાવણ-અનુમોદનામાં આંકડા, સંખ્યા કે ખર્ચની લિમિટ-મર્યાદા હોઈ શકે જ નહીં.

જૈન શાસનમાં યથાશક્તિ પાઈ, પૈસો ખરચનાર પણ આરાધના કરી શકે છે અને શક્તિશાળીવ્યક્તિ ભાવથી વિવેક-જયણાપૂર્વક જે લાખો, કરોડોનો ખર્ચ કરે અને પરિગ્રહની મૂર્છા ઉતારે, એની ટીકા વિવેકની મર્યાદા લંઘી જાય છે. ઉપધાન તપ એટલે કોરી તપશ્ચર્યા નથી, પણ શ્રુતજ્ઞાન, નવકારજાપ, સમ્યગ્દર્શન, સમ્યક્‌ચારિત્રની આરાધનાઓ, સાતે ક્ષેત્રની ભક્તિ તથા એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય જીવો સુધી સર્વ જીવોની દ્રવ્ય અને ભાવદયા-સ્વરૂપ અને પરનું કલ્યાણ સાધવાની ભક્તિરૂપ શ્રી જૈન શાસનનું મહાન અનુષ્ઠાન ધર્મક્રિયા છે. આટલું વાંચી વિચારી વિવેક બુદ્ધિથી સાચી વસ્તુને વાંચકો સમજે એ જ શુભાભિલાષા...

• • •

સૂરિદેવના મરુધરમાં પુનીત પગલા : પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજા,** આદિ ઠાણા ૩૬ મૌન એકાદશીની આરાધના મહેસાણામાં કરી હતી, **જૈન શ્રેયસ્કર મંડળ-પાઠશાળામાં પૂજ્ય ભાનુવિજયજી ગણિવરનું** સમ્યગ્જ્ઞાનની મહત્તા ઉપર માર્મિક પ્રવચન થયું હતું. વીસનગર સંઘના અત્યાગ્રહથી માગશર સુદ ૧૩ તથા ૧૪/૧ વીસનગરમાં સ્થિરતા થઈ હતી. સુદ ૧૩ રવિવાર બપોરે પૂ. ગણિવરશ્રીનું **''યુગના વહેણ''** એ વિષય પર જાહેર પ્રવચન થયેલું. જૈનેતરોએ પણ મોટી સંખ્યામાં પ્રવચન સાંભળી પ્રેરણા મેળવી હતી. ત્યાંથી ઉમતા, ખેરાલું થઈ માગશર વદ ૧ પૂજ્યશ્રી તારંગા પધાર્યા હતા. પૂજ્યશ્રીની તારંગાતીર્થમાં પધરામણી નિમિત્તે પહેલે દિવસે ડૉ. કાંતિલાલ તથા શ્રી બાબુલાલ છોટાલાલ તરફથી જમણ હતું. બીજે દિવસે વીસનગરથી ૪૦૦ માણસોનો સંઘ આવ્યો હતો. શ્રી ભગુભાઈ રીખવચંદ તરફથી સંઘ-જમણ થયું હતું. તથા બાર વ્રતની પૂજા ગવૈયા હીરાલાલ તથા ગજાનનભાઈએ સુમધુર રીતે ભણાવી લોકોને ભક્તિમાં ગરકાવ કર્યા હતા. તારંગાથી સતલાસણા, દાંતા થઈ પૂજ્યશ્રી કુંભારીયાતીર્થમાં પધાર્યા હતા. પૂજ્ય ગણિવરશ્રીને ૭૩મી ઓળીનો ઉપવાસ હતો. ઘાણેરાવ, પિંડવાડા, રોહિડા વગેરે ગામોથી જૈન ગૃહસ્થો આવ્યા હતા. ઘાણેરાવવાળા કનકરાજ જેઠમલ ખીચા તરફથી નવપદની પૂજા ભણાવાઈ હતી. પિંડવાડા સંઘની આગ્રહભરી વિનંતિથી પૂજ્યશ્રી પિંડવાડા પધાર્યા છે. અને ત્યાંથી ચડવાલ તરફ વિહાર થશે...

• • •

રતલામ-મંદિર અંગે જ્વલંત ચુકાદો.

- **''શાંતિનાથ મંદિર માત્ર જૈનોનું છે.**
- **મંદિર નથી સરકારનું કે નથી તો હિન્દુઓનું.**
- **શિવમૂર્તિ ઉખેડવાના આરોપમાંથી જૈનસાધુ અને શ્રી નેમીચંદનો છૂટકારો.**
- **રતલામ મંદિરમાં ક્યારે પણ શિવલિંગ હતું નહીં.-''**

એ.ડી. એમ.શ્રી કીર્તિનનો ચુકાદો.

ઈન્દોર ૨૨ ડીસે. આજે ઈન્દોરના અતિરિક્ત જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી કીર્તનેએ રતલામ શિવલિંગ પ્રકરણનો ચુકાદો સંભળાવતા આરોપી શ્રી નેમીચંદ કસબાને ધારા ૨૯૫ ભા.દ.વિ.ના આરોપમાંથી નિર્દોષ જાહેર કર્યા.

પોલીસ તરફથી ઘટના આ પ્રમાણે બતાવવામાં આવી કે જૈન સાધુશ્રી માણેકવિજયજી મહારાજ, જેઓ નાસી ગયા એમ કહેવાય છે અને નેમીચંદ કસબાએ

અગરજી શાંતિનાથ જૈન મંદિરમાં સ્થાપિત શિવલિંગનું અપમાન કરીને અને અપમાનજનક શબ્દ કહીને તા. ૧૪-૯-૫૪ના દિવસે ગભારામાંથી ઉખેડીને ફેંકી દીધું. એના પર પોલીસે ૨૯૫ મુજબ આરોપીઓની અટકાયત કરી.

વિદ્વાન ન્યાયાધીશે પોતાના ૨૧ પાનાના ચુકાદામાં સરકાર તરફથી રજૂ થયેલા સાક્ષીઓ અને દસ્તાવેજોનું પૃથક્કરણ કરતાં નીચે પ્રમાણે નિર્ણય કર્યો.

(૧) શ્રી શાંતિનાથજી જૈન મંદિર સરકારી માલિકીનું નથી.

(૨) ઉક્ત મંદિર ફક્ત જૈન-મંદિર છે.

(૩) આ મંદિરમાં શિવલિંગ કદી હતું જ નહિ.

(૪) આરોપીઓએ કોઈ ગુન્હો કર્યો નથી.

ઉપરોક્ત મુદ્દાઓ ઉપર આ પ્રમાણે ચુકાદો આપતાં વિદ્વાન ન્યાયાધીશે લખ્યું કે- 'શ્રી કિશનસિંહ ઓફિસર ખુદ મંજૂર કરે છે કે આ મંદિરનું રિપેરીંગ અને સારસંભાળ સરકાર કરતી નથી. સરકાર તો માત્ર નિમણુક કરે છે. આ મંદિરમાં શિવલિંગ સ્થાપિત થયાની અને શિવપૂજન હોવાની કોઈ નોંધ સરકાર પાસે નથી. નવેમ્બર સન ૧૯૫૪માં શિવલિંગ પ્રકરણ ઉઠવાથી માફી ઑફિસર જ્યાં ત્યાં પત્ર-વ્યવહાર કરતા પૂછતા રહ્યા પણ સરકાર પાસે કોઈ નોંધ મંદિર સરકારી હોવા બાબતની છે નહિ. ઊલટું રતલામ સરકારી ગેઝેટ એકજી. ૧૧; ૧૯૪૭ થી સ્પષ્ટ છે કે આ મંદિર સરકારી કોઈ કાળે નથી.'

શ્રી કિશનસિંહે આ પણ મંજૂર કર્યું છે કે દસ્તાવેજ ડી. ૧૫ તા.૨૦-૧૧-૫૨થી આ સ્પષ્ટ છે કે આ તારીખ સુધી ઉક્ત મંદિર સરકારનું નહોતું અને પહેલીવાર જ ૧૯૫૨માં આ મંદિરને સરકારી કહેવાયું.

વળી શ્રી કિશનસિંહ આ પણ કબૂલ કરે છે કે જેવું એકજી.ડી.૩૮ થી સ્પષ્ટ છે કે કોર્ટ ઓફ વોર્ડસનો આ મંદિરમાં હિસાબ-કિતાબ જોવા સિવાય કોઈપણ જાતનો હસ્તક્ષેપ નહોતો. શ્રી કિશનસિંહને આ પણ મંજૂર છે, કે કોઈપણ એકજી.ડી. ૨૬ અનુસાર આ મંદિરનો કોર્ટ ઓફ વોર્ડથી સંબંધ તૂટી પણ ગયો હતો.

આ વાત પણ માને છે કે સન ૧૯૦૫થી આ મંદિરની આવક સરકારમાં જૈનોએ સ્વયં અરજી આપીને જમા કરવાની ભલામણ કરી હતી કે મંદિરની આવક ખજાનામાં જમા કરાય, કેમકે તેઓ (જૈનો) પ્લેગના કારણે રતલામ શહેર છોડીને બહાર જઈ રહ્યા છે.

શ્રી કિશનસિંહ આ પણ માને છે કે આ મંદિરનો કે મૂર્તિઓનો કે એની મિલકતનો અને વ્યવસ્થાનો અધિકાર રતલામ સ્ટેટ મ.ભા.ને ક્યારે પણ આપ્યો ન હતો, અને ન તો કોઈ બજેટ પાસ થયું. આ બધી વાતોથી આ સ્પષ્ટ છે કે આ

મંદિર સરકારી નથી.

આ મંદિરનો કબજો પણ સરકારી નહોતો. જેવું કે એફ.સી.ડી. ૧૨ તા. ૨૩-૧૧-૫૪થી સ્પષ્ટ છે. સરકારે તા. ૨૩-૧૧-૫૪ના દિવસે આ મંદિર પર કબજો કર્યો અને કબજો કરતી વખતે કલેકટરે માફી ઑફિસર પાસે જ્યારે મંદિરના જૂના ઉલ્લેખો માગ્યા ત્યારે તેમણે લખ્યું કે તેમની પાસે તેવા કોઈ ઉલ્લેખ-નોંધ નથી અને એના વગર પણ ઉક્ત તારીખે મંદિરનો કબજો કરવા આદેશ આપી દીધો. સરકાર પાસે આ મંદિરની મિલકત અંગે પણ કોઈ દસ્તાવેજ નથી અને માગવા છતાં પણ કોઈ ઉલ્લેખ રજૂ કર્યો નથી.

આ મંદિર હિન્દુઓ અને જૈનોનું સંયુક્ત મંદિર નથી. આ ફક્ત જૈન-મંદિર છે. જૈન-મંદિરમાં શિવલિંગ હોવું એ અસંગત અને અસંભવિત વાત છે.

સન ૧૭૯૦ના લખાણથી પણ સ્પષ્ટ છે કે આ એક માત્ર જૈન મંદિર છે. વિદ્વાન ન્યાયાધીશે જૈન અને હિન્દુ ધર્મના સિદ્ધાન્તોનું પૃથક્કરણ કરતાં કહ્યું કે આ બંને ધર્મોના મૂળ સિદ્ધાંતો જુદા છે.

સામા પક્ષનું આ કથન છે કે આ મંદિર સરકારી અને હિન્દુ તથા જૈનોનું સંયુક્ત મંદિર છે. આ કથનને વિદ્વાન ન્યાયાધીશે નામંજૂર કર્યું. એમણે શિવલિંગના વિષયમાં સ્પષ્ટતા કરતાં લખ્યું છે કે- 'શિવલિંગને પૂજારી રઘુનંદને જ લિંગ નહિ પરંતુ શંકર ભગવાનની આખી મૂર્તિ હોવાનું બતાવ્યું છે, અને સાક્ષી ચાંદમલ એ જ મૂર્તિને લિંગ કહેતાં જૈન પ્રતિમાને બતલાવે છે. એ જ પ્રમાણે આ વિષયમાં પોલીસની સાક્ષીઓમાં ઘણો વિરોધ છે કે સ્થાપિત શિવલિંગ પૂર્ણ પ્રતિમારૂપે હતું કે શિવલિંગ માત્ર. શિવલિંગની કહેવાતી ચોરીના અપરાધમાં પણ પોલીસે કોઈ પૂરાવો નહિ આપ્યો, એટલે આ બધી વાતો બનાવટી લાગે છે.'

શિવલિંગનું અપમાન અને ખસેડવા બાબત જે જે લોકોએ અરજી આપી તેમાંથી એકપણ વ્યક્તિને કોર્ટમાં હાજર કરવામાં આવી નથી.

રઘુનંદન અને જગન્નાથની સાક્ષીને વિદ્વાન ન્યાયાધીશે ખોટી ઠરાવી છે. એ જ પ્રમાણે રામનારાયણની સાક્ષીને પણ વિશ્વસનીય ગણી નથી. વિદ્વાન ન્યાયાધીશે આ વાત પર આશ્ચર્ય પ્રગટ કર્યું કે રતલામ જેવા મોટા નગરમાથી એક પણ સંભાવિત વ્યક્તિને આ વાત કહેવા માટે હાજર કરવામાં નથી આવી કે આ મંદિરમાં શિવલિંગ હતું. એવી રીતે સબઈન્સ્પેક્ટર શ્રી ચતુર્ભુજ શર્મા દ્વારા બનાવેલું મૂર્તિઓ બાબત પંચનામું પણ વાસ્તવિકતાથી વિરુદ્ધ ઠરાવવામાં આવ્યું છે.

છેવટે વિદ્વાન ન્યાયાધિશ મહાશયે લખ્યું કે - 'ફરીયાદીપક્ષ પોતાનો મૂકેલો આરોપ પૂરવાર કરવામાં સંપૂર્ણપણે અસમર્થ થયો છે.' અને આ પણ લખ્યું કે -

'આ પ્રકરણમાં ધર્માંધતા સિવાય કશું દેખાતું નથી.' આરોપી નેમીચંદ કસબાને નિર્દોષ જાહેર કરતાં લખ્યું કે - 'ઉક્ત કારણોને લીધે જૈન સાધુ માણેકવિજયના વિરોધમાં આ પ્રકરણ અંગે હવે કોઈ કાર્યવાહી કોર્ટ દ્વારા કરવામાં નહિ આવે.'

પ્રસ્તુત પ્રકરણમાં આરોપી પક્ષ તરફથી કાર્યવાહી શ્રી દેવીપ્રસાદ ભાર્ગવ એડવોકેટ અને સહાયકશ્રી સોહનલાલ શર્મા વકીલે તથા સરકાર તરફથી પી.એસ.આઈ.એ કાર્યવાહી કરી હતી.

મહેસાણા જૈનપાઠશાળા

● પરીક્ષક શ્રી વાડીલાલભાઈએ ભાવનગરમાં ચાલતી તેર પાઠશાળાઓની પરીક્ષા લીધી. કાર્યકરોને ઉત્સાહિત કરવા ઉદ્‌બોધન કરેલ. પરીક્ષક શ્રી રામચંદ ડી. શાહે નવેમ્બર તથા ડીસેમ્બર માસમાં રાજસ્થાનમાં આબુરોડ, સ્વરૂપગંજ, રોહિડા વગેરે અનેક ગામોની પાઠશાળાઓ તથા જૈન બોર્ડિંગોની પરીક્ષાઓ લઈ યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. કેટલાક સ્થળોએ પાઠશાળાઓને પગભર બનાવી હતી. ત્યારબાદ પાટણમાં ચાલતી પાઠશાળા અને બોર્ડિંગની પરીક્ષાઓ તથા વીઝીટો કરવામાં આવી હતી.

પરીક્ષક શ્રી વાડીલાલભાઈની પ્રેરણાથી સ્કોલરશીપ યોજનામાં ૧૨૦ રૂા. શેઠ ગુલાબચંદ ગફલભાઈ મુંબઈ, ૧૨૦ રૂા. શેઠ કાંતિલાલ ઉજમલાલ પાલનપુર, ૧૨૦ રૂા. શેઠ રતિલાલ જીવણલાલ વઢવાણ શહેરવાળાએ આપવાની જાહેરાત કરી છે.

અમદાવાદથી પધારેલ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા તથા પૂજ્ય શ્રી ભાનુવિજયજી ગણિ આદિ પચાસ ઠાણાએ સંસ્થાની મુલાકાત લઈ સંસ્થાની વ્યવસ્થા, અભ્યાસક્રમ તેમજ વિદ્યાર્થીઓની ધર્મભાવના જોઈ પોતાનો સંતોષ વ્યક્ત કર્યો હતો. તે પ્રસંગે પૂજ્યશ્રી ભાનુવિજયજી ગણિવરે **'આદર્શ કેળવણી'** ઉપર રોચક શૈલીમાં ઉપદેશ કરેલ.

શ્રી તારંગાજીમાં યોજાયેલ જૈન સંસ્કૃતિરક્ષક સભાના અધિવેશનમાં હાજરી આપવા મુંબઈથી શ્રી હીરાલાલ બેરીસ્ટર, જોધપુરથી સુપ્રિમકોર્ટના એડવોકેટ શ્રી જીવણસિંહજી ચોરડિયા, અજમેરથી સેશન્સકોર્ટના એડવોકેટ શ્રી નરેન્દ્રસિંહજી ચોરડિયા, બ્યાવરના શ્રી શંકરલાલજી મુણોત, જોધપુરના શ્રી તારાચંદજી ભંડારી, બાલોતરાના શ્રી લક્ષ્મણદાસજી બોથરા, જયપુરના શ્રી નારાયણલાલજી પલ્લીવાલ, કેશરીયાજીના શ્રી કાંતિલાલ છગનલાલ આદિ મહેમાનો સ્ટેશને પધારતાં શ્રી વીસા શ્રીમાળી

૧૦૮ની ગોળની જૈન બોર્ડિંગ તથા શ્રી જૈન પાઠશાળા તરફથી તેઓશ્રીનું ભાવભીનું સ્વાગત કરવામાં આવેલ. તે પ્રસંગે મહેમાનોને હારતોરા એનાયત કરવાની વિધિ સંસ્કૃતિ સભાના માનદ્‌ મંત્રી શ્રી મનસુખલાલ ડાહ્યાભાઈ ચાણસ્માવાળાએ કરેલ.

શ્રી રાજનગર તરફથી લેવાતી લેખીત ધાર્મિક પરીક્ષામાં સંસ્થાના ચોત્રીસ વિદ્યાર્થીઓ તા.૨૮-૧૨-૫૮ના રોજ જુદા જુદા વિષયોની પરીક્ષામાં બેઠા હતા. તે પ્રસંગે શ્રી રાજનગરથી પધારેલ પંડિત શ્રી બાબુલાલ સોમચંદ શાહે હાજરી આપી પરીક્ષા સંબંધી યોગ્ય દોરવણી આપી હતી.

માગશર સુદ-૫ ના રોજ પાઠશાળાના લગભગ પંદર વિદ્યાર્થીઓ, અધ્યાપક શ્રી રસીકલાલભાઈ અને માસ્તર દલપતલાલે પૂજ્ય પં. શ્રી વિનયવિજયજી મહારાજ સાહેબ પાસે નાણ સમક્ષ બારવ્રતો ઉચ્ચરેલ હતા. તે વખતે ગામના કેટલાક ભાવિકોએ પણ સારો લાભ લીધો હતો.

● **સુરત :** અત્રે પૂ.આ. વિજય ભુવનતિલકસૂરિજી મ. આદિની માગશર સુદ ૩ના રાંદેર તરફ વિહાર હોવાના કારણે સવારે જનતા વળાવા આવી. રાંદેર પધારતાં સંઘે સામૈયું કર્યું. દરમિયાન જનતામાં ધર્મ-જાગૃતિ સારી આવી. શ્રી શીવલાલ હીરાચંદ છાણીથી વંદનાર્થે આવેલ, ને તેઓશ્રીના તરફથી પ્રભાવના થઈ. હરીપુરા સંઘની વિનંતીથી સુદ ૭ના વિહાર કરી વડાચૌટા પધારતાં સંઘે સ્વાગત કરેલ. પૂ.પંન્યાસજી મહારાજના રોચક વ્યાખ્યાન બાદ પ્રભાવના થઈ. આચાર્ય મહારાજશ્રીએ હરીપુરામાં સુંદર પ્રવચન આપેલ. એક વ્યક્તિ તરફથી પંચકલ્યાણક મહોત્સવ યોજાયો. પૂજામાં માસ્તર દીનાનાથે અપૂર્વ ભક્તિરસ જમાવ્યો હતો.

પૂ. આચાર્ય મહારાજશ્રી શ્રી સંઘાગ્રહથી, સ્ટેશન ઉપર નૂતન બંધાઈ રહેલ મંદિરમાં પોષ સુદ ૭ના પ્રભુ-પ્રવેશોત્સવ હોઈ ત્યાં સુધી સ્થિરતા કરી કઠોરમાં મહોત્સવ હોઈ મહા સુદમાં ત્યાં પધારશે.

પૂ.પંન્યાસજી મહારાજ વદ ૧૩ના વિહાર કરીને ગંધાર તીર્થની યાત્રા કરીને ખંભાત પૂ. આચાર્ય ભગવંતને વંદન કરી ફાગણ માસમાં પાલીતાણા યાત્રાર્થે પધારશે.

● **પૂના :** ઓગષ્ટ ૧૯૫૮માં લેવાયેલ પરીક્ષાઓમાં પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો, જૈન-જૈનેતરો કોલેજિયનો, પ્રૌઢો અને બાળકો સહિત ભારતભરના ૧૨૭ કેન્દ્રોમાંથી કુલ ૨૮૯૦ પરીક્ષાર્થીઓએ ભાગ લીધો હતો.

પરીક્ષાઓનું પરિણામ પ્રાથમિકમાં ૬૭.૪%, પ્રારંભિકમાં ૭૨.૪%, પ્રવેશમાં ૭૮.૫%, પરિચયમાં ૭૭.૭% અને પંડિતમાં ૬૬.૬% આવ્યું છે. પૂજ્ય સાધુ-

સાધ્વીજી મહારાજ સાહેબો અને અન્ય પરીક્ષાર્થીઓમાં સર્વ પ્રથમ નંબરે ઉત્તીર્ણ થનારના નામો નીચે મુજબ છે. **પ્રાથમિક :** શ્રી ઉષાબહેન રસિકલાલ ગુણ-૯૪, શ્રી શ્વેતાંબર જૈન પાઠશાળા, લોનાવલા. **પ્રારંભિક :** પૂ.સા.શ્રી સ્વયંપ્રભાશ્રીજી મહારાજ સાહેબ ગુણ-૧૨૫, રાજકોટ. શ્રી પ્રવિણચંદ્ર વનરાવનદાસ ગુણ-૧૪૨, શ્રી અજિતનાથ જૈન જ્ઞાનશાળા-મુંબઈ. **પ્રવેશ :** પૂ.સા.શ્રી મહિમાશ્રીજી સાહેબ ગુણ-૧૫૫, ખાચરોદ. શ્રી નયનાબહેન સુરજમલ (બી.એ.) ગુણ-૨૨૧, શ્રી જૈન તત્ત્વજ્ઞાન શિક્ષણવર્ગ-વડોદરા.

પરિચય : પૂ.મુ.શ્રી રાજેન્દ્રમુનિજી મહારાજ સાહેબ ગુણ-૨૩૦, કપડવંજ. પૂ.સા.ઓમકારપ્રભાશ્રીજી મહારાજ સાહેબ ગુણ-૨૩૫, બારડોલી. શ્રી પદ્માબહેન સવાઈલાલ ગુણ-૨૬૩, શેઠ મણિભાઈ સામળભાઈ જૈન પાઠશાળા-કપડવંજ.

પંડિત : શ્રી શંખેશકુમારી નાહર. ગુણ-૨૭૦, શ્રી શાંતિ જૈન મિડલ સ્કૂલ-બ્યાવર.

અન્ય પરીક્ષાઓર્થીઓમાં સર્વ પ્રથમ નંબરે ઉત્તીર્ણ થનાર પાંચેયને મુંબઈ નિવાસી શ્રીમાન શેઠ શ્રી ભૂપતરાય રતિલાલ પારેખ તરફથી વિદ્યાપીઠ દ્વારા ચંદ્રકો એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત દરેક કેન્દ્રમાં પ્રથમ અને બીજા નંબરે ઉત્તીર્ણ થનાર સૌને નવા નિયમ મુજબ શિષ્યવૃત્તિઓ અને શિક્ષક શિક્ષિકાઓને બોનસો અપાશે...

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૭,અંક-૧૯,તા.૨૪-૧-૧૯૫૯

જૈન સમાજ જાગો

પ્રાચીન જૈનતીર્થ કેશરિયાજીની વિષમ પરિસ્થિતિ :

શ્રી કેશરીયાજી પ્રાચીન જૈન તીર્થ છે. જેનો વહીવટ રાજસ્થાન સરકારના દેવસ્થાન ખાતા તરફથી થતો હોઈ અને નોકરો મુખ્યત્વે તમામ અન્ય દર્શની અને પંડ્યા પૂજારી પણ અન્ય દર્શની હોઈ, એ ટોળી જમાવી અનેક દુર્ઘટનાઓ ઉપરાંત અવિધિ, આશાતના તેમજ ગેરવ્યવસ્થા પ્રવર્તાવી રહેલી છે. તેમજ પૂજ્ય સાધુ વર્ગનો અનાદર અને યાત્રીઓને અનેક પ્રકારની કનડગત થતી હોવાથી શ્રી કેશરીયાજીમાં આપણી શ્વેતામ્બર સંઘની પેઢી સ્થાપિત થઈ છે. આ પેઢીનો ઉદ્દેશ ભાઈ-બહેનોની સેવા, સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ તેમજ મંદિરમાં જૈન શાસનની થતી હેલના બાબત. દેવસ્થાન ખાતાને બંધારણીય રીતે લખાપટી કરવાનો તેમજ આપણા જૈન સમાજને

જાગ્રત કરવાનો છે, સાથો સાથ ભાઈ-બહેનોની જમવાની ગોઠવણ તેમજ વ્રત પચ્ચક્ખાણ આદિ પાળવા માટે આયંબિલ ભોજનશાળા માટે તથા ઉકાળેલા પાણી વગેરેની ગોઠવણ કરવાનો છે. જૈન આયંબિલ ભોજનશાળા પણ ચાલુ છે, જે મંદિર અને આપણા સંઘની પેઢીની વચમાં છે, પૂજન સામગ્રી તથા પૂજન માટે કપડાની વ્યવસ્થા પેઢીમાં છે. ધર્મશાળાના દરવાજે સરકારી કર્મચારી વાસણ અને ગોદડા આપે છે તે આપણી પેઢી કે આપણી પેઢીના માણસો નથી તે લક્ષમાં રાખશો.

આ સંસ્થા ભંડારના ઑફિસરોને તેમજ પંડ્યાઓની સામે પડકારરૂપ કરતી હોવાથી તેને કચરી નાખવા નીચે મુજબ પ્રયાસો થવા છતાં ધર્મ પસાયે પેઢી ટકી રહેલ છે.

(૧) સને ૧૯૫૦માં ઑફિસરે પેઢીના મુનીમોને ધર્મશાળામાં સેવાભાવે દાખલ થતાં અટકાવ્યા જે હુકમને ગાંઠ્યા નહિ.

(૨) પેઢીના મુનીમ મંદિરમાં બોલી વખતે હાજર રહી ભાઈ-બહેનોને ચેતવણી આપતો કે પ્રભુ પૂજનની બોલીની રકમ પંડ્યાઓને જાય છે અને મંદિરમાં જમા થતી નથી. એની સામે ભંડાર અને પંડ્યાઓની ટોળીઓએ મુનીમના વિરોધમાં ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૧૦૭ મુજબ ફોજદારી કાર્યવાહી કરી જેમાં તે લોકો ફાવ્યા નહિ અલબત્ત પેઢીના માણસોને પરેશાની થઈ.

(૩) સને ૫૩માં ઉદેપુરના આસીસ્ટંટ દેવસ્થાન કમિશનરે હુકમ કાઢ્યો કે પેઢીના માણસોએ ધર્મશાળામાં પોતાનાં ભાઈ-બહેનોની સેવા માટે દાખલ થવું નહિ જે હુકમ ડીસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટ સાહેબે ગેરકાયદેસર ઠરાવ્યો.

(૪) આ પેઢીને બંધ કરાવવા માટે રાજસ્થાન સરકારમાં ભંડારે લખાપટી કરી પણ ફાવ્યા નહિ.

(૫) શીવગંજ (મારવાડ)ના શેઠ પુનમચંદ જોધાજીની સેવા અર્થે પેઢીનો મુનીમ જતા પંડ્યાઓએ માર્યો. આ બાબત રાજસ્થાન દેવસ્થાન વિભાગમાં લખતા ધ્યાન અપાયું નહિ.

(૬) અહમદનગરનાં યાત્રીઓની સેવાઅર્થે પેઢીનો નોકર જતાં ધર્મશાળાના કામદારે પંડ્યાઓ અને ભંડારના નોકરોની સાક્ષી ઊભી કરી. ઈ.પી. કોલમ-૩૫૩ મુજબ ખોટો પોલીસ કેસ કર્યો. જેમાં તેઓ ફાવ્યા નહિ, પણ પેઢીને પરેશાની થઈ.

ઉપરોક્ત સંજોગોમાં આપણા ભાઈ-બહેનોએ સમજવું જોઈએ કે અન્ય દર્શની પંડ્યાઓ તેમજ ધર્મશાળાના કામદાર વગેરે સરકારી નોકરોના (ધોકામાં) છેતરપીંડીમાં

ન ફસાતાં આપણી જૈન શ્વેતામ્બર સંઘની પેઢી જે મંદિરની નજીક આવેલ છે. ત્યાં પૂછી તમામ માહિતી મેળવવી. **આ તીર્થનો અને શ્રી સિદ્ધાચલજી વગેરે તીર્થોની પરિસ્થિતિમાં ઘણો જ તફાવત છે.**

(૭) સરાઈ (ધર્મશાળા) આપણી જૈન સમાજની છે. અલબત્ત તેનો વહીવટ સરકાર હસ્તક હોઈ અન્ય દર્શની કામદારો કરે છે અને દિલગીરીની વાત એ છે કે ધર્મશાળાની દીવાલોએ તથા કોટડીએ કોટડીએ અને દરવાજે દરવાજે પેઢી વિરોધી પ્રચાર કરીને યાત્રાળુઓમાં ગેરસમજ ફેલાવવા માટે લખ્યું છે. પરંતુ આપણો સમાજ બુદ્ધિશાળી, ધર્મપરાયણ હોઈ સમજી શકશે કે આવો પ્રચાર મેલી વિદ્યાનું પ્રતીક છે. ધર્મશાળામાં યાત્રાળુ તેમજ સાધુ-સાધ્વીની સેવાર્થે આયંબિલશાળા માટે કોટડીઓ માગતાં ના પાડી અને ધર્મશાળાનો ઉપયોગ સ્કૂલ અને ભીલ આશ્રમ તેમજ ગ્રામપંચાયત માટે થઈ રહેલ છે. વળી ધર્મશાળામાં ખાનગી બ્રાહ્મણોની વીશીઓ માટે ઓરડીઓ ભાડે આપેલ છે. કેટલીક ઓરડીઓ ભંડારના નોકરો વાપરે છે. ધર્મશાળા બંધાવનારાનો યાત્રાળુઓની સેવાનો ઉદ્દેશ આ રીતે નષ્ટ થાય છે અને આવા કારણે યાત્રાળુઓના સમયે ઓરડી પણ મળતી નથી. તેમજ પૂજ્ય સાધુઓની પણ આ સ્થિતિ થાય છે.

(૮) આપણા મંદિરમાંથી શ્રી કેશરીયાજી દાદાના ૭૧૧૫ તોલાના સોનાના દાગીના, બે તાળા, સીલ અને સંત્રી પહેરો હોવા છતાં ભીલ અને ડાકુઓએ ધાડ પાડી નથી તો કેવી રીતે ગયા ? પોલીસ તપાસમાં મુદ્દોમાલનો પત્તો નથી. યાત્રાળુઓનું જોખમ ધર્મશાળા અને મંદિરમાંથી ચોરાઈ જાય છે.

(૯) આપણાં સ્વર્ગસ્થ શ્રીમતી ઝબલબહેન (માંગરોળવાળા)એ સને ૧૯૪૮માં અણસણ કર્યું તે વખતે રાજસ્થાન સરકારે લેખીત વચન આપ્યું કે,

(૧) મંદિરની સફાઈ (૨) ધર્મશાળાની સફાઈ, (૩) સ્નાનાગારની સ્વચ્છતા. (૪) પૂજનના કપડાંની સ્વચ્છતા. (૫) પંડ્યાઓ યાત્રીઓને તંગ કરી પૈસા ન પડાવે તેની ચેતવણી. (૬) પ્રભુ-પૂજનની બોલીનો સમય પાંચ મિનિટથી વધારે નહિ.

(૧૦) મંદિરમાં આપણા ભાઈઓએ અમુક રકમ કામ કરવા માટે આપેલ છે. જેનું હજી સુધી કામ થયું નથી અને રકમ પડી રહેલ છે.

(૧૧) આ ઉપરાંત આબુવાળા શ્રી શાંતિસૂરિજી પ્રભુપૂજનની રકમ પંડ્યાઓને મળે છે તે બાબતમાં અણસન કરતાં ઉદેપુર રાજ્યે પંડ્યાઓને વેતન અગર કંઈક

ટકા આપવા ઠરાવેલ છે. છતાં હજી સુધી તેનો-(હુકમો) અમલ થયો નથી. મંદિર અને સુધરાઈ (ધર્મશાળા) દુરસ્ત ન થતાં ભવિષ્યમાં ભારે નુકસાન છે. શ્રી કેશરીયાજી દાદાના ભંડારમાં મુદ્દલ હોવા છતાં મંદિરની આ દુર્દશા માટે જવાબદારી સમાજની છે અને સમાજે આ બાબત લક્ષમાં લઈ સામાજિક શસ્ત્ર ઉપાડવું જોઈએ.

(૧૨) શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સે બોલી ન બોલવા અને, પંડ્યાઓના ચોપડા ન લખવા, ભંડારમાં પૈસા ન આપવા અને ૧૯૫૫માં ઠરાવ કર્યો છે, તેનો કડક રીતે અમલ કરવો જોઈએ.

(૧૩) દિલગીરીની વાત એ છે કે પંડ્યાએ સંઘની માઝા મૂકી નામચીન પંડ્યા કાલુરામે તેની પુત્રી દ્વારા તેને ઘેરથી શ્રી દાદાના ગભારા પાસે થાળીમાં રીંગણ (વંતાક)નું શાક ધરાવેલ.

આપણો કચ્છી તેમજ ગુજરાતી શેઠીયાઓનો આ પંડ્યો કાલુરામ છે; જે મોંઢે મીઠો અને હૃદયમાં દુઃર્ભાવનાવાળો છે. હવે શેઠીયાઓએ જાગી તેનો બહિષ્કાર કરવો જોઈએ.

આપણા જૈન સમાજની શ્રી કેશરીયાજી જૈન શ્વેતામ્બર-સંઘની પેઢી રજીસ્ટર્ડ સંસ્થા છે. જેમાં મેવાડ, મારવાડ, ગુજરાત, વાગડ, કચ્છ, મુંબઈ, દક્ષિણ વગેરેના સભ્યો છે.

આપણી પેઢીના પ્રમુખ શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના મહામંત્રી શ્રી મોહનલાલજી એમ. કોઠારી, બી.કોમ.(લંડન) અને જયપુર બેન્કના મુંબઈ ખાતેના જનરલ મેનેજર છે.

ઓડીટર મેસર્સ જૈન એન્ડ પૂજાવત ચાર્ટડ એકાઉન્ટન્ટ છે.

આ સંસ્થાની ઉપયોગીપણા વિષે વિશેષ ન લખતાં એટલું જ લખવું બસ છે, કે જૈન શ્વેતામ્બરી સમાજનું આ પોલીટીકલ આઉટ પોસ્ટ (થાણું) છે. શ્રી કેશરીયાજીમાં આપણી વસ્તીનું જૂથબળ નથી. તેથી આપણા મંદિરમાં સ્થાપિત હકો તથા આક્રમણ જાળવવા માટે જરૂરી છે જે બાબત રા.સા. કાંતિલાલ ઈશ્વરલાલે તેમજ અનેક ગૃહસ્થોએ અને પરમપૂજ્ય આચાર્યશ્રી મહારાજના અભિપ્રાયો પ્રગટ કરેલ છે...

સિદ્ધાન્તમહોદધિ પૂ.પા.શ્રી ૧૦૦૮ શ્રી આચાર્યદેવશ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાની નિશ્રામાં ચડવાલ (રાજસ્થાન)થી

શ્રી શત્રુંજય તીર્થના છ'રી' પાળતા યાત્રા સંઘના પ્રયાણનો કાર્યક્રમ :

	તિથિ		**સ્થળ**	**માઈલ**
(૧૨)	પોષ વદ	૮	કોઈટા	૬
(૧૩)	પોષ વદ	૯	ચારૂપતીર્થ	૧૦
(૧૪)	પોષ વદ	૧૦ થી ૧૨	પાટણ	૭
(૧૫)	પોષ વદ	૧૩	અઠીઆ	૮
(૧૬)	પોષ વદ	૧૪	હારીજ	૧૦
(૧૭)	પોષ વદ	૦))	મુજપુર	૯
(૧૮)	મહા સુદ	૧-૨	શ્રી શંખેશ્વરજીતીર્થ	૭
(૧૯)	મહા સુદ	૩	પંચાસર	૬
(૨૦)	મહા સુદ	૪	દસાડા	૬
(૨૧)	મહા સુદ	૫	જૈનાબાદ	૫
(૨૨)	મહા સુદ	(પ્ર)૬	પાટડી	૭
(૨૩)	મહા સુદ	(બી)૬	શ્રી ઉપરીયાળાજી તીર્થ	૭
(૨૪)	મહા સુદ	૭	બજાણા	૮
(૨૫)	મહા સુદ ★	૮	પીંપળી	૬
(૨૬)	મહા સુદ	૯	ધરમઠ	૬
(૨૭)	મહા સુદ	૧૦	મેથાણ	૪
(૨૮)	મહા સુદ	૧૧	રાજસીતાપુર	૧૦
(૨૯)	મહા સુદ	૧૨	કટુડા	૬
(૩૦)	મહા સુદ	૧૩	સુરેન્દ્રનગર	૬
(૩૧)	મહા સુદ	૧૪	વઢવાણ શહેર	૪
(૩૨)	મહા સુદ	૧૫	શીયાણી	૧૧
(૩૩)	મહા વદ	૧	લીંબડી	૮
(૩૪)	મહા વદ	૨	ચુડા	૧૦
(૩૫)	મહા વદ ★	૪	મીનાપુર	૬
(૩૬)	મહા વદ	૫	રાણપુર	૬

(૩૭)	મહા વદ	૬	અળાઉ	૯
(૩૮)	મહા વદ	૭	બોટાદ	૮
(૩૯)	મહા વદ	૮	લાઠીદડ	૮
(૪૦)	મહા વદ	૯	લાખીયાણી	૬
(૪૧)	મહા વદ	૧૦	પછેગામ	૧૦
(૪૨)	મહા વદ	૧૧	વળા	૩
(૪૩)	મહા વદ	૧૨	ઉમરાળા	૬
(૪૪)	મહા વદ	૧૩	સણોસરા	૮
(૪૫)	મહા વદ	૧૪	નોંધણવદર	૮
(૪૬)	મહા વદ	૦))	જમણવાવ	૬
(૪૭)	ફાગણ સુદ	૧	પાલીતાણા	૭

★ આ નિશાનીવાળા ગામોમાં દેરાસર નથી.

તીર્થ માળા-રોપણ સં. ૨૦૧૫ના ફાગણ સુદ ૩ ગુરુવાર તા. ૧૨-૩-૧૯૫૯ થશે.

ટપાલ મંગાવવા માટેના નિયત કરેલા સરનામા.

શ્રી જૈન કારખાના પેઢી મુ. જીરાવલાજી તીર્થ, પો. રેવદર (રાજસ્થાન)
શ્રી વરધીચંદજી નાથાજી મુ. મંડાર, પો. મંડાર (રાજસ્થાન)
શ્રી જેસીંગભાઈ નેમચંદ ઠે. સદરબજાર, મુ. નવાડીસા.
શેઠ ભોગીલાલ કરમચંદ મંત્રી ઠે. કનાસાનો વાડો, મુ. પાટણ. (ઉ.ગુ.)
શેઠ ગોદડભાઈ મોહનલાલ વાયા હારીજ, પો. મુજપુર, મુ. મુજપુર.
શ્રાવક મહાજનની પેઢી વાયા વીરમગામ, મુ. પાટડી.
શેઠ આણંદજી કલ્યાણજી મુ. સુરેન્દ્રનગર, (સૌરાષ્ટ્ર)
શેઠ નરોત્તમદાસ છગનલાલ મોદી મુ. રાણપુર, (સૌરાષ્ટ્ર)
શેઠ આણંદજી કલ્યાણજી મુ. બોટાદ. (સૌરાષ્ટ્ર)
જૈન સંઘની પેઢી મુ. વળા (વલ્લભીપુર) (સૌરાષ્ટ્ર)
ચેલાજી વનાજી જૈન યાત્રા સંઘ કેમ્પ મુ. પાલીતાણા (સૌરાષ્ટ્ર)

● **કુંભોજગીરી :** અત્રે પરમપૂજ્ય સિદ્ધાન્ત મહોદધિ આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના વિદ્વાન પ્રશિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજય ગણિવરની નિશ્રામાં શ્રી ઉપધાનતપની સુંદર આરાધના થઈ. ઉપધાન શા. સુરતમલ દરજાજી ઓસવાલ, શા. રતિલાલ ગેનાજી રાઠોડ, શા. તિકમચંદ હિરાચંદજી પોરવાલ તથા શા. હીરાચંદ બાલારામ ઢોણેવાડીકર તરફથી કરાવવામાં આવેલ. ઉપધાનમાં કુલ ૨૭૦ ભાઈ-બહેનોએ પ્રવેશ કરેલ. તેમાં લગભગ ૧૩૫ ભાઈ-બહેનો માળા પહેરનાર છે. પૂ. શ્રી મુક્તિવિજય ગણિવરના શિષ્યરત્ન પરમ તપસ્વી પૂ.મુનિશ્રી પ્રભાકરવિજયજી મહારાજે શ્રી પર્યુષણા પર્વમાં માસખમણની તથા કુંભોજગીરી પર ૩૩ ઉપવાસની પ્રભાવક તપશ્ચર્યા કરી, તેઓશ્રીની આ તપશ્ચર્યાના અનુમોદનાર્થે અષ્ટાહ્નિક મહોત્સવ તથા શ્રી સિદ્ધચક્રજીનું બૃહત્પૂજન ઉજવાયાં હતા.

પૂ.ગણિવરશ્રીની ભવ્ય દેશનાથી આ વખતે મહારાષ્ટ્રમાં સુંદર ધર્મજાગૃતિ અને ધર્મપ્રભાવના થઈ રહી છે.

મુંબઈથી અગાસી તીર્થનો સંઘ

● **મુંબઈ :** પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજ સાહેબ કનકવિજયજી ગણિવર આદિ મુનિવરો તથા પૂ. સાધ્વીજી મહારાજશ્રી દર્શનશ્રીજી આદિની નિશ્રામાં અત્રે લાલબાગથી ચતુર્વિધ સંઘ સાથે છ'રી' પાળતો શ્રી અગાસી તીર્થનો સંઘ, પાદરલી નિવાસી શેઠ હજારીમલજી સેરાજીએ લગભગ આઠસો માણસોનો કાઢ્યો હતો, અને અત્રેથી પોષ સુદ ૬ના પ્રભાતે વાજતે ગાજતે પ્રયાણ કરી ભાયખલા, લાલવાડી દર્શન કરી બપોરના બાર વાગે પહેલો મુકામ **દાદર** જ્ઞાનમંદિરે કર્યો હતો. જ્યાં શ્રી રમીલાબેનનો દીક્ષા મહોત્સવ પણ તે જ દિવસે ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. બીજા દિવસે **અંધેરી,** ત્રીજા દિવસે **બોરીવલી,** ચોથા દિવસે **ભાઈંદર,** પાંચમા દિવસે **વસઈ,** નિર્મલા થઈ સુદ ૧૧ના સવારે **અગાસી** તીર્થે સંઘ આવ્યો હતો. દરેક જગ્યાએ સંઘનું અતિ સુંદર સામૈયું કરવામાં આવ્યું હતું અને દરેક જગ્યાએ સેંકડો માણસોએ લાભ લીધો હતો. સંઘવીજીનો ઉલ્લાસ પણ અનેરો હતો. સુદ ૧૨ના દિવસે સવારે આઠ વાગે માળારોપણ વિધિનો પ્રોગ્રામ શરૂ થયો હતો અને સાધ્વીજીના સગાવહાલા વગેરેએ રૂા. ૩૭૦૫ની બોલી બોલી, સાત જણાઓને બરાબર ૮-૪૫ વાગે માળા પહેરાવી હતી. ત્યારબાદ શ્રી પંન્યાસજી મહારાજનું પ્રવચન થયું હતું અને બરાબર ૧૧ વાગે શ્રી મલ્લિનાથ પ્રભુને પધરાવવાની ક્રિયા શરૂ થઈ હતી, અને ૧૧-૪૫ વાગે પ્રતિષ્ઠા થઈ હતી.

ત્યારબાદ બરાબર સવા બાર વાગે મુંબઈની નવ સંસ્થાઓ તરફથી શેઠશ્રી મણિલાલ મોહનલાલ ઝવેરીના પ્રમુખપદે સંઘવીજીનું બહુમાન કરવામાં આવ્યું હતું અને માનપત્ર એનાયત કર્યું હતું. રા. શેઠશ્રી જીવાભાઈ તથા શ્રી જેઠાભાઈ ઘીવાળાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું અને યંગમેન્સ જૈન વોલીન્ટીયર કોરે બેન્ડના સુંદર સરોદોથી સ્વાગત કર્યું હતું અને શાસનદેવની જયઘોષણા સાથે સભા વિસર્જન થઈ હતી. ત્યારબાદ ૧૨-૪૦ મિનિટે શ્રી શાંતિસ્નાત્રની ક્રિયા શરૂ થઈ હતી અને સંઘવીજી તરફથી સવારથી જ નવકારશીનું જમણ ચાલુ હતું. જેનો સાત-આઠ હજાર ભાઈ-બહેનોએ લાભ લીધો હતો. બહુ જ આનંદમય વાતાવરણ સર્જાયું હતું.

મુંબઈનગરીથી આવો છ'રી' પાળતો સંઘ આ પ્રથમ જ હોઈ સૌ કોઈ ભૂરી ભૂરી અનુમોદના કરતું હતું અને આનંદપૂર્વક સર્વે ભાઈ-બહેનો સુદ ૧૩ના મુંબઈ પાછા પધાર્યા હતા. પૂ. પંન્યાસજી મહારાજ આદિ મુનિવરો તથા સાધ્વીજી મહારાજોએ ગુજરાત તરફ પ્રયાણ કર્યું હતું.

● **ઈડર :** પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાના વિદ્વાન શિષ્યરત્ન પંન્યાસજી શ્રી પ્રવીણવિજયજી ગણિવર તથા મહિમા સંપન્ન પંન્યાસજી શ્રી મહિમાવિજયજી તથા સુશીલવિજયજી મહારાજ આદિ ઠાણાની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન અભૂતપૂર્વ ધર્મકાર્યો થવા ઉપરાંત તેઓશ્રીની નિશ્રામાં પૂ.પં. શ્રી મહિમાવિજયજી મહારાજના સચોટ ઉપદેશથી કારતક વદ પના શુભ દિને મહા મંગલકારી ઉપધાનતપ શરૂ થતાં ૧૬૭ સ્ત્રી-પુરુષોએ ઉલ્લાસપૂર્વક ભાગ લીધો. જેમાં નવ વર્ષની ઉંમરથી લઈ પંદર વર્ષની ઉંમરની બાલકુમારીકાઓએ પણ આ તપમાં પ્રવેશ કરવાની હિંમત દાખવી હતી.

આ તપની નિર્વિઘ્ને પૂર્ણાહૂતિ થતાં પોષ સુદ ૫ થી બૃહદ્ અષ્ટોત્તરી સ્નાત્ર-મહોત્સવ સાથે અષ્ટાહ્નિકા મહોત્સવ શરૂ કરવામાં આવ્યો હતો.

પોષ સુદ ૭ના દિને ભગવાનને ગાદીનશીન કરવાના ચઢાવા બોલાવવામાં આવતા સારી એવી આવક થવા પામી હતી. તેમજ માળના ચઢાવાની આવક લગભગ ૮૦૦૦ રૂપિયા થવા પામી હતી.

પોષ સુદ ૧૨ના મંગલમય પ્રભાતે કન્યાશાળા પાસેના વિશાળ મંડપમાં ચિકાર માનવમેદની વચ્ચે પૂ.પં. શ્રી મહિમાવિજયજીના મહારાજના વરદહસ્તે માલારોપણની ક્રિયા કરવામાં આવી હતી. પહેલી માલ સરદારપુરના શાહ ચીમનલાલ તલકચંદના ધર્મપત્ની શકરીબેને પહેરી હતી. ત્યારબાદ અનુક્રમે દરેકને માળ પહેરાવવાની વિધિ લગભગ ૧૨ વાગ્યા સુધી ચાલી હતી.

વિજય મુહૂર્તે શ્રી આદીશ્વર ભગવાનના દેરાસરે નવેક બિમ્બોને ધામધૂમપૂર્વક વિવિધ ગૃહસ્થો તરફથી ગાદીનશીન કરવાની ક્રિયા કરવામાં આવી હતી. બપોરના અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવાનું શરૂ કર્યું હતું. આ પ્રસંગની શોભામાં વધારો કરનાર દોશી ચુનીલાલ છગનલાલ તથા સાકલચંદ ડુંગરશી તરફથી ઉદ્યાપનની સુંદર રચના કરવામાં આવી હતી.

પોષ સુદ ૧૧ના દિને ઉદ્યાપન કરનારાઓ તરફથી તથા ૧૦-૧૨ના દિને ઉપધાન કરાવનારાઓ તરફથી નવકારશી રાખવામાં આવી હતી. ઈડર સંઘના ભાઈઓએ પણ બહારગામથી આવનારાઓની સુંદર સેવા બજાવી હતી.

ઉપધાન વાહકો તરફથી ઉપધાન કરનારાઓને પૂજાના ડબ્બા તથા ચરવળાની લાણી આપવામાં આવી હતી. મુંબઈવાલા શેઠ છોટાલાલ મણિલાલ તરફથી સવા રૂપિયાની લાણી કરવામાં આવી હતી.

બાકી રહેલા ચાર બહેનોને પોષ સુદ ૧૫ના મંગલમય પ્રભાતે માળારોપણની વિધિ કરવામાં આવી હતી. તે નિમિત્તે સુદ ૧૪ના રોજ એક ભવ્ય વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો. પોષ સુદ ૧૫ના રોજ સકલસંઘ સાથે ગઢ ઉપર જાત્રાએ જતાં પ્રભુભક્તિની સુંદર રમઝટ જામી હતી.

ઈડરના આંગણે આવો ભવ્ય પ્રસંગ પ્રથમવાર જ ઉજવાતો હોઈ જૈન જૈનેતરોમાં અનુમોદનાનું કારણ બન્યો હતો...

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૭,અંક-૨૩,તા.૨૧-૨-૧૯૫૯**

● **ડભોઈ :** કોઠારી શનાલાલ હકમચંદના સુપુત્રોએ પોતાના ઉપકારી માતા-પિતાના સ્વર્ગવાસ નિમિત્તે અમદાવાદ-અરુણ સોસાયટીમાં અષ્ટાહ્નિક મહોત્સવ અષ્ટોત્તરી સ્નાત્ર સહિત સુંદર રીતે ઠાઠમાઠથી ઉજવેલ. ત્યારબાદ અત્રેથી પોષ સુદ ૨ ની સાંજે પરમ પૂજ્ય પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજ આદિએ વિહાર આગળ લંબાવેલ, બારેજા, ખેડા, માતર થઈ વસો પધારતાં શ્રી

સંઘે સુંદર સ્વાગત, વ્યાખ્યાન, પ્રભાવના વગેરેનો લાભ લીધો. બપોરે જાહેર પ્રવચન ચોકમાં **'સુખનાં સોપાન'** ઉપર થતાં જૈન જૈનેતરોએ લાભ ઠીક લીધેલ. ત્યાંથી આગળ કરોલી, મહેરાવ, આણંદ, છાણી, વડોદરા વગેરે સ્થળે ભવ્ય ધર્મોપદેશ અને શાસન-પ્રભાવના કરતાં કરતાં ક્રમશઃ પોષ વદ ૧ રવિવારે **ડભોઈ** પધારતાં ધજાઓ, બોર્ડો આદિથી રસ્તાઓને સુંદર રીતે શણગારવામાં આવેલ, શ્રી સંઘ તરફથી સુંદર સામૈયું ગહુંલીઓ થઈ. સુંદર ઉપદેશ આપેલ પ્રભાવના થયેલ. પૂજ્યશ્રીના ઉપદેશથી અત્રેના શ્રી જિનમંદિરનો જીર્ણોદ્ધાર સુંદર શિલ્પ સ્થાપત્યાનુસાર દેલવાડાની ઝાંખી કરાવતું મંદિર, સાથે **'શ્રી જંબૂસ્વામિ જૈન આગમમંદિર'** ની ભવ્ય ઈમારત તે સાથે સાથે ગામ બહાર ગુરુ પાદુકાઓની જીર્ણ દેરીઓનો નવેસરથી સુંદર રીતે જીર્ણોદ્ધાર ચાલી રહ્યો છે. તેની પુણ્ય પ્રતિષ્ઠાનો મહોત્સવ મહા વદ ૧૧ થી ફાગણ સુદ ૩ સુધી સુંદર રીતે ઉજવાશે. પૂજ્યશ્રીના પ્રવચનો રોજ ચાલે છે તેનો ભાવિક ભાઈ-બહેનો ઠીક લાભ લે છે.

● **પાદરા :** પૂજ્ય મુનિરાજશ્રી જયંતવિજયજી ગણિવર આદિ ઠાણા ૪, અંકલેશ્વરથી પોષ સુદ ૬ના વિહાર કરી શાસન-પ્રભાવના કરતા પાલેજ-મીયાગામ થઈ અત્રે પધારતાં ત્યાંના સંઘની વિનંતીથી પૂજ્યશ્રીએ પોષ વદ-૮ શ્રી અરિહંત પરમાત્માની સાક્ષીએ લગભગ ૮૦ ભાઈ-બહેનોને ઉલ્લાસપૂર્વક અતીત ભવપુદ્ગલ વોસિરાવવાની ક્રિયા કરાવી.

ક્રિયા કરનારાઓને આયંબિલ તથા બપોરે પૂજા ભણાવવામાં આવી. અત્રેથી પૂજ્યશ્રી વિહાર કરી પાલીતાણાનાં છ'રી' પાલતા સંઘમાં લીંબડી ભેગા થવા ભાવના રાખે છે.

● **ખંભાત :** પૂ. મુનિરાજશ્રી જયવિજયજી મ.સાહેબ અત્રે પધાર્યા. દરરોજ સુંદર શૈલીમાં વ્યાખ્યાન આપે છે. સાથે દર રવિવારે બપોરે સચોટ શૈલીમાં બોધદાયક કથાનકો પણ વર્ણવે છે.

મહા સુદ-૨ સોમવારના પરમ પૂ. પ્રાતઃસ્મરણીય વિજય દાનસૂરીશ્વરજી મ.સાહેબના સ્વર્ગારોહિણ તિથિ નિમિત્તે જયવિજયજી મ. સાહેબની નિશ્રામાં સવારના નવ વાગે જૈનશાળામાં પૂ. મુનિરાજે, મુલચંદ ડી. દલાલે તથા માસ્તર શાન્તિલાલે સ્વ. આચાર્યશ્રીના જીવનને લગતા સુંદર બોધદાયક પ્રસંગો વર્ણવ્યા હતા. વચ્ચે સ્વ. આચાર્યશ્રીના ગુણોનું વર્ણન કરતું ગીત રસિકલાલ પી. દંતારાએ ગાઈ સંભળાવ્યું હતું. બપોરે શ્રી સીમંધરસ્વામીના દહેરાસરે પૂજા રાખવામાં આવી હતી.

● **શાહુરી** - (જી.નગર) અત્રે જિનમંદિરમાં પૂ.આ.દેવ યશોદેવસૂરીશ્વરજીની નિશ્રામાં પ્રભુજીની પ્રતિષ્ઠા થઈ. આ પ્રદેશમાં સ્થાનકવાસીઓ વધારે હોવા છતાં પૂ.આ.દેવના પૂન્યોદયે સૌ પધારે છે, લાભ લે છે, ભક્તિ કરે છે, ને દર્શન-પૂજાના નિયમો લે છે.

ભગવંતને ગાદી બિરાજમાન કરવાનો ચઢાવો (૧૦૦૧) મણ ઘી બોલીને શા.રાજમલ ગુલાબચંદ ગુંદેચાના સુપુત્રોએ લીધો. (ડીગરસ-પુસદ વગેરે ઠેકાણે અરજણ ખીમજીના ભાગીદાર છે. તેમણે બીજું પણ ધ્વજા દંડ (૩૦૧)મણ એમ આશરે ૪૦૦૦) રૂપીયા વાપર્યા. કુલ ઉત્પન્ન રૂા. ૬॥-૭ હજારની અંદાજે થઈ. અમલનેરથી રીખવચંદ હાથીચંદ, મંચરથી શેઠ ઉત્તમચંદ સમદડીઆ, નગરથી લખમીચંદ લાલચંદ મુથા તથા સમશેરપુર, સંગમનેર-યેવલા-કોપરગામ, નગર, સોનઈ વગેરે આજુબાજુના સાધર્મિકો પધાર્યા હતા. યેવલાથી ચાંદીનો રથ લાવી વરઘોડો કાઢ્યો હતો.

● **વારી-(જી.નગર)** સ્થા. ભાઈઓનાં ૪/૫ ઘર છે તેમાં મંચરવાલા ધર્મનિષ્ઠ ધરાણાના શેઠ ઉત્તમચંદ આનંદરાય સમદડિઆના **મામા** રહે છે, તેમની પ્રેરણાથી ટ્રેનમાં શીખરજી વગેરે યાત્રાઓ કરીને આવ્યા તેના પુન્યાર્થે ચાંદીનો રથ લાવીને ભગવંતનો વરઘોડો કાઢ્યો. બહાર પત્રિકાઓથી આમંત્રણ આપીને સગાંવહાલાં સાધર્મિકોને બોલાવ્યા. અમલનેરથી શ્રી રીખવચંદને પૂજા વગેરે માટે બોલાવ્યા. સ્થાનકવાસીભાઈઓને અર્થ વગેરે કહી કથા-કીર્તનના રૂપમાં મારવાડી ભાષામાં સમજ આપી. કાર્યક્રમ સુંદર થયો. અને તેમના પર **સારી અસર થઈ.**

● **અમલનેર :** વયોવૃદ્ધ સંઘના આગેવાન શ્રીમાન રા.બ. શેઠશ્રી જીવતલાલ પરતાપશી ૧૦-૧૨ માણસ સાથે તીર્થયાત્રાએ નીકળેલા. અમલનેરના સંઘે ખૂબ સ્વાગત કર્યું. ૩-૪ ઠેકાણે ચા-નાસ્તો વગેરે થયા. બપોરે રીખવચંદ હાથીચંદને ત્યાં ૩૫-૪૦ જણનું જમવાનું થયું. અહીંથી શીરશાળા સંઘના આગ્રહથી રવિવારે બપોરે શીરશાળા થઈ આગળ ઇંદોર તરફ જશે. સીરપુર પણ જશે.

અમલનેરમાં રૂા. ૧૦૧) આયંબિલ ખાતામાં, રૂા. ૫૧) જ્ઞાનખાતામાં, રૂા. ૫૧) સાધારણખાતે, રૂા.૨૫) ભક્તિમંડલ, રૂા. ૨૫) પ્લોટ સાધારણમાં, એમ શુભ કાર્યમાં વાપર્યા.

● **શાહુરી :** (જી.અહમદનગર) ગામ નગરથી નાશીકના વિહારમાં વચ્ચે છે તાલુકાનું ગામ છે. ત્યાંનું મંદિર ૭ વરસ પહેલાં મહાપૂરમાં તણાઈ ગયું હતું તેથી નવીન બંધાવી પ્રતિમાજી શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના મોટા બિંબ ૩૫ ઈંચના

લાવ્યા. પોષ સુદ ૭ના રોજ અમલનેરથી શ્રી રીખવચંદ હાથીચંદ તથા નેમીચંદ કોઠારી ગયા હતા. પ્રવેશ ખૂબ સુંદર રીતે થયો. પોષ વદ ૧ પ્રતિષ્ઠા થઈ. પૂ. આચાર્યદેવશ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સુદ ૧૨ને બુધવારે પ્રવેશ કર્યો. ૮ દિવસ શાહુરીમાં સ્થિરતા થઈ. ભક્તિ ને સમજનો નમુનો છે કે સમશેરપુર જેવા ૫-૭ ઘરવાળા ગામના દેવદ્રવ્ય ખાતામાંથી પૂ.શ્રી મુક્તિવિજયજી મ.સ.ના સદુપદેશથી રૂા. ૩૫૦૦) શાહુરીને આપ્યા, ને હજી આપવાની ભાવના છે. એવી રીતે બીજા ટ્રસ્ટીઓ દેવદ્રવ્યનો સદુપયોગ કરે.

● **સિહોર :** શાશ્વતગિરિરાજ શ્રી સિદ્ધાચળજીના ભાડવા નામના વિભાગ ઉપર શાંબ અને પ્રદ્યુમ્નકુમાર સાડા આઠ ક્રોડ મુનિવરોની સાથે ફાગણ સુદ ૧૩ના દિને સિદ્ધિપદને પામ્યા. આ પવિત્ર ભૂમિતળની છ ગાઉની યાત્રા કરી અપૂર્વ લાભ મેળવો. આ શુભ દિવસની યાત્રાએ જનારા પ્રત્યેક યાત્રિકોને ચા, દૂધ, દહીં, ઢેબરાં ઇત્યાદિ આપવાની સુંદર વ્યવસ્થા કોઈપણ પ્રકારના ભેદભાવ સિવાય કરવામાં આવશે. યાત્રાએ પધારી અમોને પણ આપની સેવા શુશ્રૂષા કરવાની અમૂલ્ય તક આપશો. ઉપરોક્ત વ્યવસ્થા શ્રી સિહોરપાલ કમિટી સ્વધર્મી બંધુઓના સહકારથી દસ વર્ષથી કરે છે. આવક ખર્ચનો રિપોર્ટ પ્રતિવર્ષ બહાર પાડવામાં આવે છે.

લી. શ્રી સિહોર પાલકમિટી વતી, જયન્તિલાલ ટી. શાહના જયજિનેન્દ્ર.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૭,અંક-૨૫,તા.૭-૩-૧૯૫૯**

● **નંદરબાર :** જૈન શ્વે. મૂ.પૂ.જૈન પાઠશાળાની પરીક્ષા મહેસાણા શ્રી જૈન શ્રેયસ્કર મંડળના પરિક્ષક શ્રી રામચંદ ડી. શાહ સાહેબે લીધી. પરિણામ સારું આવેલ છે. મોટી બેનોમાં જીવવિચાર સુધીનો અભ્યાસ છે. પરીક્ષાનો ઈનામી મેળાવડો તા. ૨-૧-૫૯ ના રોજ કરવામાં આવ્યો હતો. ઈનામો સારા વહેંચાયા. ધાર્મિક શિક્ષણનો ઉપદેશ દેવાયો.

● **ભોપાલ :** મુનિરાજ ચિદાનંદમુનિ ઠા.૨ વિહાર કરતાં સીહોર, સુજાલપુર, કાલીસિંધ, રંથભવર, ઉજ્જૈન, ફીંગજ, ખારાકુવા તથા બાલકુમેદ આદિ સ્થળોએ ધાર્મિક પાઠશાળા શરૂ કરાવી. પ્રભાવના આદિ ઉપરાંત પરીક્ષા લઈ ઈનામ આદિ વહેંચાવવા સાથે સારી પ્રેરણા આપી છે. પરિણામ સંતોષકારક આવે છે. અહિથી મહીદપુર જવા ભાવના છે.

● **દાદર :** પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબને દાદર ચાતુર્માસ કરવા પધારવા આગ્રહભરી વિનંતી કરવા ટ્રસ્ટીઓ તેમજ આગેવાનો ખંભાત ગયા હતાં. ત્યાં આગ્રહભરી વિનંતી કરતાં તેઓશ્રીનું આંખનું મોતીઆનું ઓપરેશન કરાવવાનું હોઈને દાદર પધારવા ઇચ્છા બતાવી છે. ઘણાં વરસો થયાં દાદરની વિનંતી ઊભી છે. એટલે આ વરસે તેઓશ્રી પધારે તે માટે બધા ખૂબ જ આતુર છે. એટલે પૂજ્યશ્રી જરૂર દાદર જ્ઞાનમંદિરના ઉપાશ્રયે પધારશે એવી પાકી આશા છે.

● **ડભોઈ :** પૂ. આચાર્યદેવશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજાના સદુપદેશથી, ગામ બહાર સ્થાપન કરેલા બસો વર્ષથી પણ જૂના ગુરુસ્તૂપો જીર્ણ થઈ જતાં તેનો આમૂલચૂલ ઉદ્ધાર કરી, તે સ્થાને શ્રી આદિનાથ જૈનશ્રમણ સમાધિ સ્તૂપોનું અતિદર્શનીય નિર્માણ થયું છે. તેમાં શ્રી રાયણપગલાં-સમવસરણાદિ કલામય ચિત્રપટો સાથે આદિનાથ પ્રભુની ચરણપાદુકા, પ્રાચીન ૧૧ ગુરુપાદુકાઓ, પૂ. આત્મારામજી મ. આદિ સ્વ. ગુરુદેવોની નવ્યચરણપાદુકાઓ, જિનપ્રાસાદમાં શ્રી સુધર્મા ગણધરની મૂર્તિ, બાહુબલજીની કાયોત્સર્ગ મૂર્તિ તથા જ્ઞાનમંદિરમાં નવ્ય સરસ્વતી મંદિરમાં સરસ્વતીની મૂર્તિની પ્રતિષ્ઠા ફા.સુ.૩ના ઉપરોક્ત પૂ. આચાર્યદેવના હસ્તે થશે.

આ પુણ્ય પ્રસંગે મુંબઈ નિવાસી શાસન પ્રેમી છગનલાલ લક્ષ્મીચંદ આંબાવાળા જેમના હસ્તે પૂર્વે શિલારોપણ થયું હતું તેઓ અષ્ટોત્તરી સ્નાત્રાદિ સહિત અષ્ટાહ્નિક મહોત્સવ ઉજવી શાસન પ્રભાવનાનો સંપૂર્ણ લાભ લેશે.

● **ખદરપર :** (તળાજા) મહા સુદ ૧૦ ના રોજ આ.શ્રી દર્શનસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે જિન મંદિરની પ્રતિષ્ઠા કરાવવામાં આવી. આ પ્રસંગે અષ્ટાહ્નિક મહોત્સવ-સ્વામીવાત્સલ્ય વગેરે થયા હતા. જૈન-જૈનેતર ઇત્યાદિ પાંચ હજારની સંખ્યામાં એકત્ર થયા હતા. આનંદ ઉત્સાહ ખરેખર પ્રશંસનીય હતો.

● **સિહોર :** (સૌરાષ્ટ્ર)-ગુરુમહારાજશ્રી મુળચંદજી મહારાજ (શ્રી મુક્તિવિજયજી ગણી)ના સદ્ઉપદેશથી આજથી છપ્પન વર્ષ પૂર્વે સ્થાપવામાં આવેલી શ્રી મુક્તિવિજયજી જૈન પાઠશાળાના નવા મકાનનું ઉદ્ઘાટન મહા વદ ૫ ના રોજ ભવ્ય સમારોહ સાથે ધર્મશાળાના ચોગાનમાં ભવ્ય મંડપ ઊભો કરી અધ્યક્ષ શ્રી મોહનલાલભાઈ, મોહન ટૉકીઝવાળાના પ્રમુખપણા નીચે શ્રી ભોગીલાલ મગનલાલ મહાલક્ષ્મી મીલવાળાના વરદ હસ્તે કરવામાં આવેલ. આમાં રૂા. ૫૧૦૧) શ્રી

વલ્લભીપુર નિવાસી શેઠ લલ્લુભાઈ પદમશીના સુપુત્રો વર્ધમાનભાઈ તથા ધરમચંદભાઈના સ્મરણાર્થે, વસુમતીબહેન વર્ધમાન તરફથી રૂા. ૪૨૦૧), શ્રી સીહોર નિવાસી શાહ મણિલાલ ભગવાનજીના સ્મરણાર્થે તેમનાં ધર્મપત્નિ શ્રી કંચનબેન મુળજીભાઈ તરફથી રૂા. ૩૧૦૧), શ્રી ભાવનગર નિવાસી શ્રી કિશોરચંદ્રના સ્મરણાર્થે તેમના પિતાશ્રી શાહ પ્રાગજીભાઈ રણછોડદાસ તરફથી ભેટ મળેલ. તેમના સન્માન થયાં. પાઠશાળાના નિભાવ ખર્ચ માટે પણ સદર દાતાઓ શાહ પ્રાગજીભાઈ રણછોડદાસ તરફથી રૂા. ૧૦૦૧), શ્રી વસુમતીબેન વર્ધમાન તરફથી રૂા. ૫૦૧), શ્રી કંચનબેન મુળજીભાઈ તરફથી રૂા. ૨૫૦) તથા અન્ય સજ્જનો તરફથી જુદી જુદી રકમો આપતા રૂા. ૫૦૦૦) જેટલી દેણગી જાહેર કરવામાં આવી હતી.

● **વાપી :** કસ્તુરચંદ બાલુજીની સુપુત્રી બાલબ્રહ્મચારિણી બહેન સરસ્વતીને (ઉં.વ.૧૯) દીક્ષા પ્રદાન વિધિ પોષ વદ ૧૩ના રોજ અત્રેના નવા ઉપાશ્રયમાં પૂ.પંન્યાસજી કનકવિજયજી ગણિવર આદિ મુનિપુંગવોના પવિત્ર હસ્તે ધામધૂમથી થઈ. આ પ્રસંગે પંચકલ્યાણક મહોત્સવ ખૂબ ધામધૂમપૂર્વક ઉજવાયો. દીક્ષા વર્ષીદાનનો વરઘોડો બે હાથી સાથે સુંદર ચઢ્યો હતો. નૂતન દીક્ષિતને પૂ. સાધ્વીજી દર્શનશ્રીના પ્રશિષ્યા જયકિર્તીશ્રી (દીક્ષાર્થીના મોટાબેન) સાધ્વીજી સર્વભદ્રાશ્રીજી તરીકે જાહેર કરાયા. દાદરવાળા દાનવીર શેઠ પુનમચંદ બાબુ તરફથી શ્રીફળની પ્રભાવના થઈ.

● **સતારા :** પૂ. આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞાથી ફા. સુ. ૩ના મંગલ દિવસે પૂ. મુનિરાજશ્રી મુક્તિવિજયજી ગણિવરે પૂ. તપસ્વી મુનિપ્રવર શ્રી હિમાંશુ વિજયજી મ. ને ગણિપદ પ્રદાન કર્યું હતું. છત્રપતિ શિવાજીના વખતના પ્રાચીન જિનમંદિરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ બિરાજે છે. અઢાર અભિષેકની ક્રિયા થઈ હતી. ઉપરોક્ત બંને પ્રસંગને અનુલક્ષીને શ્રી સંઘ તરફથી પંચાહ્નિકા મહોત્સવ ઉજવાયો હતો.

● **ડભોઈ :** અત્રે **પૂજ્ય આચાર્યશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજની** પુણ્ય નિશ્રામાં હમણાં દર્ભાવતીના આંગણે એક મહાન પ્રતિષ્ઠા-મહોત્સવ ખૂબ જ સુંદર રીતે ઉજવાઈ ગયો. આચાર્યશ્રીના ડભોઈના સમાજ ઉપર અનેક ઉપકારો થયા કરે છે. તેમાં શ્રી ઋષભાદિ જયતિલકપ્રાસાદ તથા આર્યજંબૂસ્વામિ જૈન આગમ મંદિર સહુ કોઈને અનોખું આકર્ષણ પેદા કર્યું છે. આટલા પ્રદેશમાં એવી સુરમ્ય શીલ્પ

સમૃદ્ધિ ધરાવનારું બીજું કોઈ મંદિર કે સ્થાન નથી. પૂજ્ય આચાર્યશ્રીના ઉપદેશથી એવું નયન મનોહર ત્રીજું સ્થાન હાલમાં ખડું થયું છે, અને તે છે શ્રી **આદિનાથ જૈન શ્રમણ સમાધિ સ્તૂપ.** શ્રી સાગર સંઘે જિર્ણોદ્ધાર કરાવી પાંચ સુંદર દહેરીઓ, તેમાં સુંદર રચનાઓ તેના ઉપર ઊંચું સ્લેબ અને શ્રમણ સિંહોના પ્રતિક સમાન દરવાજે કરવામાં આવનારા પ્રાચીન કલાના સિંહો તથા ચૌદ ગુણસ્થાનોની ચૌદ દીવાદાંડીઓ વગેરેથી આ સ્તૂપો પણ અપૂર્વ કોટિનાં દર્શનીય બન્યાં છે. તેમાં શ્રી ઋષભજિનની ચરણ પાદુકા તથા ૨૫૦ વર્ષ જૂની પુરાણી ગુરુચરણ પાદુકાઓ વગેરેની પ્રતિષ્ઠા પૂ. આચાર્યદેવની નિશ્રામાં ફાગણ સુદિ ત્રીજે ખૂબ ધામધૂમથી કરવામાં આવી. મુંબઈના શેઠ છગનલાલ લક્ષ્મીચંદ આંબાવાલાએ અઠ્ઠાઈ મહોત્સવ અને નવકારશી કરવાની ઉદારતા કરી. આ પ્રસંગે નાણ સમક્ષ એમણે અને બીજાઓએ વ્રતો લીધાં.

પ્રતિષ્ઠાની ઉછામણીઓ બોલતાં ચઢાવાઓ ઘણા સારા થયા હતા. સ્તૂપની પ્રધાન દહેરીમાં શ્રી આદિનાથ ભગવાનની રાયણ પાદુકા, દહેરાસરમાં શ્રી બાહુબલીજીની કાયોત્સર્ગ મૂર્તિ તેમજ શ્રી સુધર્મા સ્વામીની મૂર્તિ, આર્યજંબૂસ્વામી જૈન મુક્તાબાઈ આગમ મંદિરમાં શ્રી સરસ્વતી દેવીની પ્રાચીન મૂર્તિ પણ બિરાજમાન કરવામાં આવી. બીજી જૂની ૧૧ ગુરુચરણ પાદુકાઓ જેમાં સં. ૧૭૭૮નાં એક અજ્ઞાત તથા સં. ૧૭૯૨ના કલ્પસૂત્રા સુબોધિકાકાર ઉપા. શ્રી વિનયવિજયજી મહારાજ આદિનાં મુખ્ય હતાં. અને પૂ. સ્વ. શ્રી આત્મારામજી મહારાજ, પૂ. કમલસૂરિ મ., પૂ. ઉ. શ્રીવીરવિજયજી મ., પૂ. આ. શ્રી વિ. દાનસૂરિ મ., આદિ ગુરુમહારાજાઓનાં નવીન ભરાવેલાં ચરણ પાદુકાઓ પ્રતિષ્ઠિત કરવામાં આવી. પૂજ્ય આચાર્યશ્રી સિદ્ધગિરિરાજ તરફ વિચરવાની ભાવના રાખે છે.

• **શિવગંજ** (રાજસ્થાન)-વર્ધમાન જૈન વિદ્યાલયની મુલાકાત પં. શ્રી મંગલવિજયજી મ. સાહેબે લીધી; અને સંતોષ વ્યક્ત કર્યો. વિદ્યાલયના સભ્ય પંડિત પુખરાજજી અમીચંદજી અવાર-નવાર મહેસાણાથી આવી, સંસ્થાના કાર્યની ઝીણવટ ભરી તપાસ કરી વધુ વિકસિત અને સુવ્યવસ્થિત બનાવવા સતત પ્રયાસ કરે છે. તેજ પ્રમાણે તા. ૧૯-૨-૫૯ થી ત્રણ દિવસ સુધી મહેસાણાથી અત્રે પધારી દરેક વિદ્યાર્થીઓનો અભ્યાસ તપાસી તેઓ સાથે તથા સ્ટાફના દરેક માણસો સાથે સંસ્થાના વિકાસ અંગે અનેક વિચારણાઓ તથા તેઓને સૂચનાઓ કરેલ; તેમજ વિદ્યાલયના તંત્રી માસ્ટર સાહેબ ભીખમચંદજી તથા જેસિંગલાલભાઈ સાથે વિદ્યાર્થીની સંખ્યા વધારવા અને વ્યવસ્થિત રીતે તત્ત્વજ્ઞાનના અભ્યાસ સાથે હિન્દી, અને ઈંગ્લિશનો અભ્યાસ કરાવી સારા સ્કોલરો કેમ તૈયાર થાય અને હિંદભરમાં

તેમજ મુખ્યત્વે રાજસ્થાનમાં તત્ત્વજ્ઞાનનો બહોળો પ્રચાર કેમ થાય અને પાઠશાળાઓ સ્થાપી તેમાં શિક્ષકો નિયુક્ત કરવા માટે બહુ ઊંડી વિચારણાઓ કરી હતી. હાલમાં શિક્ષક કાન્તિલાલ તથા ભુરમલજી સંતોષકારક કાર્ય કરી રહેલ છે અને તેથી પણ પ્રૌઢ અને અનુભવી અધ્યાપક નિયુક્ત કરવાની વિચારણા ચાલે છે.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૭,અંક-૩૦,તા.૧૧-૪-૧૯૫૯

શ્રી મહાવીરજી તીર્થ કેસ

ઉદયપુર સ્ટેટમાં જેમ શ્રી કેશરીયાજીતીર્થ પ્રસિદ્ધ છે તેમ જયપુર રાજ્યમાં શ્રી મહાવીરજી તીર્થ પ્રખ્યાત છે. આ તીર્થ જયપુરથી ૧૦૮ માઈલ દૂર છે. નાગદા રેલ્વે લાઈન ઉપર શ્રી મહાવીરજી નામનું સ્ટેશન છે ત્યાંથી ત્રણ માઈલ ઉપર શ્રી મહાવીરસ્વામીજીનું મંદિર છે. ગાડીના દરેક ટાઈમે મોટર, ઘોડાગાડી આદિનું સાધન મળે છે. જેથી યાત્રાળુઓને કોઈ જાતની તકલીફ પડતી નથી. રહેવા માટે મોટી મોટી ધર્મશાળાઓ છે, દર વર્ષે ચૈત્ર સુદ ૧૩ થી ચૈત્ર વદ ૧ સુધીનો મોટો મેળો ભરાય છે. મેળા વખતે મુસલમાન, ભીલ, ગુજર, જૈન જૈનેતર મોટી સંખ્યામાં આવે છે. દરેક વર્ષે શ્રી કેશરીયાજીની જેમ બાધા-માનતા રાખવાવાળા જૈન-જૈનેતરો યાત્રા કરવા સારી સંખ્યામાં આવજાવ કરે છે.

આ મંદિર જોધરાજ પલ્લીવાલ શ્વેતામ્બર જૈને બનાવરાવ્યું છે. આ ભાઈ અલવર સ્ટેટના હરસાના ગામના રહેવાસી અને ભરતપુર સ્ટેટમાં દીવાન હતા; જેમણે ભરતપુર અને તેની પાસે ડીગ ગામમાં પણ શ્વેતામ્બર જૈન મંદિર બનાવરાવેલું છે. એ મંદિર આજ સુધી શ્વેતામ્બર જૈન પલ્લીવાલોના વહિવટમાં છે. ભરતપુરના મંદિરમાં મૂલનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીજીની પલાંઠીમાં હરસાના નિવાસી જોધરાજ પલ્લીવાલનો લેખ છે. આ મંદિરની સેવા-પૂજા માટે આજ સુધી ભરતપુર સ્ટેટ તરફથી સહાયતા મળે છે. એ પ્રમાણે જયપુર રાજ્યે પણ શ્રી મહાવીરજીના મંદિરને દર વર્ષે ત્રણ હજાર આવક થાય એટલી જાગીર આપી હતી. જેની આવક આજે દર વર્ષે આઠ હજાર લગભગ થાય છે. તે સિવાય મંદિરમાં લાખો રૂપિયાની આવક આવે છે. બીજી સંપત્તિ પણ શ્રી કેશરીયાજીથી ઓછી નથી. પણ વધારે છે. આ તીર્થની વ્યવસ્થા સન ૧૯૧૮ સુધી જૈન શ્વેતામ્બર પલ્લીવાલોની સૂચના પ્રમાણે થતી હતી. રાજ્ય તરફથી મળેલી જાગીરનો પ્રબંધ સમારકામ માટે સરકારે મંદિરનો અધિકાર લઈ લીધો હતો. લગભગ અગીયાર વર્ષ સરકારી વહીવટ ૧૯૩૦ સુધી રહ્યો.

જયપુરમાં દિગંબર જૈનોની સંખ્યા ઘણી હોવાથી દિગમ્બરભાઈઓ સરકારના દરેક મોટા સ્થાનમાં રાજકર્મચારી છે. સન ૧૯૩૦માં પ્યારેલાલ દિગંબર જૈન સ્ટેટમાં કૌનસિલ મેમ્બર હતા. એમની સૂચનાથી દિગંબર જૈનોની દરખાસ્ત લઈને મહાવીરજી મંદિર દિગંબર જૈનોને ૧૯૩૦માં સોંપી દીધું અને તેની સાથે નક્કી કરવામાં આવ્યું કે વહીવટમાં કોઈ પ્રકારની ત્રુટી થશે તો મંદિર પાછું લઈ લેવામાં આવશે. પહેલા તો શ્વેતામ્બર પલ્લીપાલ ભુલથાપમાં રહ્યા, પરંતુ થોડા વરસો પછી દિગંબરભાઈઓ શ્વેતામ્બરભાઈઓ સાથે ભેદભાવ કરવા લાગ્યા. આથી સમાજમાં જાગૃતિ ફેલાઈ મંદિરની સાર સંભાળ માટેની પ્રવૃત્તિઓ થવા લાગી. કેટલીક દરખાસ્તો મુકાઈ, સન ૧૯૪૧થી કોર્ટમાં ઘણીવાર કેસ ચાલ્યા. જેમાં ત્રણ-ચાર વાર તો ફોજદારી કેસ ચાલ્યા. આ બધામાં શ્વેતામ્બર જૈનો જીત્યા અંતે દીવાની દાવો થવાની વાત આવી. જયપુર સ્ટેટના નિયમાનુસાર આવા પ્રકારનો દાવો કરતાં પહેલાં સરકારી એડવોકેટ જનરલની રજા લેવી પડતી. તેઓની દરખાસ્ત સન ૧૯૪૨માં ચેરેટીમાં આપવામાં આવી. બાર વર્ષ સુધી દિગંબર જૈનોએ કેસ ચલાવ્યો. અંતે શ્વેતામ્બરોનો વિજય થયો. દીવાની દાવો દાખલ કરવાની સન ૧૯૫૬માં શ્વેતામ્બર જૈનોને આજ્ઞા મળી ગઈ. પછી દીવાની દાવો ભરતપુર કોર્ટમાં કરવામાં આવ્યો. મહાવીરજીની પ્રબંધકારી કમિટીના ૩૨ મેમ્બરો છે.

ઘણો સમય લાગ્યો શ્વેતામ્બરોની તરફથી બે ભાઈ મુખ્ય છે. નારાયણલાલજી પલ્લીવાલ હાલ જયપુર. બીજા મુલચંદજી ગામ સાથાવાલ. બંને તરફથી સેંકડો સાક્ષીઓની સહીઓ કોર્ટમાં દાખલ થઈ ચૂકી છે.

વાચક ! જાણે છે કે આજ કાલ કોર્ટમાં કેટલો ખર્ચ થાય છે. યોગ્ય વકીલ, બેરીસ્ટરો વિના ન્યાય મલવો મુશ્કેલ થઈ જાય છે. માટે આ ખર્ચાને શ્વેતામ્બર જૈનોએ પુરો કરવો જોઈએ અને જયપુર જૈન શ્વેતામ્બર મહાવીરજી તીર્થરક્ષક કમિટીને દરેક પ્રકારની સહાય કરવી જોઈએ.

● **દાદર :** પરમ પૂજ્ય આ.શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબને વાપી સંઘના અતિ આગ્રહથી નૂતન ઉપાશ્રયના ઉદ્‌ઘાટન પ્રસંગે રોકાણ થયું છે. વાપીથી ચૈત્ર વદમાં વિહાર કરી વૈશાખ સુદમાં દાદર પધારવા વકી છે. તેઓશ્રીના સ્વાગત માટે પૂરજોશથી તૈયારીઓ ચાલી રહી છે.

● **દિલ્હી :** જાણવા મળ્યું છે કે અત્રે શુક્રવાર તા. ૩-૪-૫૯ ના રોજ લોકસભામાં બાળદીક્ષા-પ્રતિબંધક બીલ નીકળ્યું હતું. સરકારની વતી શિક્ષણ પ્રધાન શ્રી શ્રીમાળીએ જણાવ્યું કે-'સરકારે એક વર્ષ સુધી આ બાબતમાં તપાસ કરી છે, પણ બાળદીક્ષા અંગે કોઈ કાયદો કરવા જેવી પરિસ્થિતિ લાગી નથી. માટે તેનો અસ્વીકાર કરવામાં આવે છે. આ બાબતમાં જેને લોકમત કેળવવો હોય તે કેળવી શકે છે.' આ રીતે પ્રસ્તુત બીલને ઊડાડી દેવામાં આવ્યું છે.

ખંભાત : પૂ. મુનિરાજશ્રી જયવિજયજી મ.ની નિશ્રામાં સકલ સંઘને ભવોભવના પુદ્‌ગલ વોસરાવવાની, તથા લાખ નવકારના જાપની આરાધના કરાવવામાં આવી હતી. તે જ દિવસે એમના સંસારી દાદી હીરાકોરબેન તરફથી સામુદાયિક ૨૫૦ આંબેલ કરાવાયા; વર્ધમાન ખાતામાં રૂા. ૧૦૦ અપાયા; તથા ફા.સુ. ૬ થી જીરાળા પાડાના દહેરે અઠ્ઠાઈ મહોત્સવ કરાયો; એમાં રવિવારે નવાણું અભિષેકની મોટી પૂજા થઈ.

● **પોસાલિયા** (રાજસ્થાન) : અત્રે પૂ. ઉપાધ્યાયજી શ્રી ધર્મવિજયજી ગણિવર આદિ પધાર્યા. સેંકડો જનોએ જયનાદથી વધાવવા પૂર્વક ભવ્ય સ્વાગત કર્યું. વિહારમાં અરઠવાડામાં એઓશ્રીના ઉપદેશથી ઉપાશ્રય માટે રૂા. ૬-૭ હજારની ટીપ થઈ. અત્રે પૂ. મુનિરાજો શ્રી પુણ્યોદય વિ. મ. તથા શ્રી વિમળપ્રભ વિ. મ. ના સંસારી પિતાશ્રી હીરાચંદજીના સ્વર્ગવાસ નિમિત્તે સંસારી ભાઈશ્રી રાજમલજીએ અઠ્ઠાઈ મહોત્સવ કરવા ધાર્યું છે.

● **પાલીતાણાથી ભાવનગર :** પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજા** આદિ ઠા. ૩૪ પાલીતાણાથી વિહાર કરી ભાવનગર પધાર્યા. દાદાસાહેબની વાડીએથી ભવ્ય સ્વાગત થયું. જનતાનો ઉલ્લાસ માતો ન હતો. સમવસરણના વંડે વિશાલ માનવ ગણને વિરતિના મહત્ત્વ પર પ્રેરક ધર્મદેશના અપાઈ.

બીજા દિવસે પણ વ્યાખ્યાનમાં ચિકાર માનવમેદની સમક્ષ સૂયડાંગસૂત્રના બીજા અધ્યયનમાંના શ્રી ઋષભદેવપ્રભુએ ૯૮ પુત્રોને કરેલા ઉપદેશને આધારે માનવ જીવનની મોંઘેરી તક અને વિરતિધર્મની મહતા સમજાવી હતી. એના પરિણામે ૨૦-૨૫ પુરુષો તથા ૩૦-૩૫ બહેનો વ્રતોચ્ચારણ માટે તૈયારી કરી. દાઠાવાળા જગજીવનભાઈ મગનલાલ, મણિલાલ મગનલાલને સજોડે ચતુર્થ વ્રત તથા શાંતિલાલ મગનલાલને અન્ય વ્રતો લેવાના હતા. ફા. વદ ૧૦ની સવારે દાદાસાહેબની વાડીમાં તેમના તરફથી ભવ્ય મંડપ ઊભો કરાવી નાણ માંડવામાં

આવી. બાર વ્રતો, ચતુર્થવ્રત તથા વિવિધ તપો ઉચ્ચરાવ્યા. બાદ વ્રતોમાં સ્થિરીકરણ કરાવતું પ્રભાવક પ્રવચન થયું. ત્રણે દિવસ વૈરાગ્યથી તરબોળ અને તત્ત્વભર્યા પ્રવચનોની રસલહાણથી અતૃપ્ત અને વિશેષ જિજ્ઞાસુ બનેલા ભાવનગરના સંઘે સ્થિરતા માટે ઘણો આગ્રહ કર્યો. પરંતુ સુરેન્દ્રનગરમાં પૂ. મુનિરાજશ્રી પદ્મવિજયજી ગણિવરની નરમ તબીયતના કારણે પૂ. આચાર્યદેવશ્રી આદિએ સુરેન્દ્રનગર સંઘની ચોમાસા માટે આગ્રહભરી વિનંતી હોવાથી પૂ. આચાર્યભગવંતે તેઓની વિનંતી સ્વીકારી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૭,અંક-૩૩,તા.૨-૫-૫૯

ઉત્તર મહારાષ્ટ્રમાં ધર્મજાગૃતિ

પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાની પાવન આજ્ઞાથી પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય યશોદેવસૂરિ મહારાજા ઉત્તર મહારાષ્ટ્રમાં તેમજ ખાનદેશમાં વિહરી પોતાની પ્રૌઢપ્રતિભાથી ધર્મોપદેશ કરી જૈનધર્મની અજોડ પ્રભાવના કરી રહ્યા છે. હમણાં હમણાં તેઓશ્રીએ અનેક ગામોમાં સ્થાનકવાસીભાઈઓને જિનબિંબના દર્શન-પૂજનની આવશ્યકતા સમજાવી સત્યધર્મને પંથે વાળ્યા છે. અને ગામેગામ જિનમંદિરોના નવનિર્માણ આરંભાયા છે. ગત મહા માસમાં તેઓશ્રીની પ્રેરણાથી શાહુરીમાં પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો; જ્યાં મોટી સંખ્યામાં સ્થાનકવાસીઓ વસે છે. સોનઈમાં પણ પ્રતિષ્ઠા થવાની હતી. રામપુરથી શ્રી તખતમલજીએ સોનઈનો સંઘ કાઢ્યો. સંઘ બેલાપુર પહોંચ્યો ત્યાં શંખેશ્વર પાર્શ્વનાથના અલૌકિક બિંબની ભક્તિ-કરી સંઘ શાહુરી આવ્યો, શ્રી બનસીલાલજીએ સંઘ-જમણ આપ્યું. ત્યાંથી અનુક્રમે સંઘ સોનઈ પહોંચતાં શાનદાર સ્વાગત થયું. સોનઈમાં પહેલા બધો વર્ગ મૂર્તિપૂજક હતો પણ મુનિ-વિહારના અભાવે ભાવનામાં મંદતા આવી હતી. સૂરિજીના સદુપદેશથી જાગૃત થયેલા સંઘે ૨૫-૩૦ હજારના ખર્ચે ભવ્યપ્રાસાદ બનાવી ભવ્ય રીતે પ્રતિષ્ઠા-મહોત્સવ ઊજવ્યો. આઠ હજારની ઊપજ થઈ અને ધાર્મિક પાઠશાળાનો પ્રારંભ થયો. ભગવદ્ બહુમાનના યોગે સારું ધર્મભાવનાનું પૂર આવ્યું છે, સોનઈથી ભાવસહીવરાનો સંઘ નીકળ્યો. બસો વર્ષનું જીર્ણ જિનમંદિર છે, જૈનોના ૫૦ ઘરમાં જિનદર્શન-પૂજાની ભાવના અલ્પ થઈ હોવાથી ઘણી આશાતના થતી હતી. સૂરિજીના સદુપદેશથી નવીન દહેરાસર માટે ટીપ થઈ. ગામ વચ્ચેની જગ્યામાં જિનમંદિરનું ખાતમુહૂર્ત થયું. જૈનોમાં મૂર્તિપૂજાની

મહત્તા સમજમાં આવી. આ રીતે બીજા પણ અનેક ગામોમાં જિનમંદિરોના નવનિર્માણનો, આશાતના નિવારણનો તથા દર્શન-પૂજનનો પ્રારંભ થયો છે. ઉગ્ર વિહાર કરી અનેક કષ્ટો સહીને સૂરિજી તથા તેમના શિષ્યો જાગૃતિ લાવી રહ્યા છે. જિનમંદિરોના નિર્માણાદિમાં ધનની ખાસ આવશ્યકતા રહે છે. ખાસ લાભ લેવાની ઈચ્છાવાળાઓએ તથા જ્યાં દેવદ્રવ્યનો વધારો હોય તેઓએ ઉપરોક્ત ક્ષેત્રમાં હાથ લંબાવી સાથ આપવાની આવશ્યકતા છે. સૂરિજીની પ્રતિભા-સંયમ ત્યાગ ગજબ કોટિના છે. ચાર ક્રોડ નવકારનો તેઓએ જાપ પૂર્ણ કર્યો છે. વૃદ્ધાવસ્થામાં પણ યૌવનનું તેજ તેમના લલાટ પર ચમકે છે.

● **મક્ષીજી** (મ.પ્ર.) : અત્રેથી પૂ. શ્રી ચિદાનંદ મુનિજી મ. આદિ વિહાર કરી સીહોર, કાલીસીંધ, સુજાલપુર, રન્થમ્બોર વગેરે ગામોમાં પધાર્યા. ઉપદેશ આપી પાઠશાળાઓ શરૂ કરાવાઈ. ત્યાંથી બાલકુમેદ (જી. ઉજ્જૈન) પધારતાં ત્યાં પાઠશાળા અને દેરાસરનું કામ શરૂ કરાવાયું. મંદિર માટે ચંદો થયો. એક ભાઈએ મકાન દહેરાસર માટે ભેટ આપ્યું. ઉજ્જૈનથી વિહાર કરી ઉન્હેલ પધારતાં ત્યાં આગળ દશ વર્ષથી જે કુસંપ હતો તે દૂર કરાવાયો એ ખુશાલીમાં ૫૦ આંબેલ થયાં.

● **મેસાણા સંસ્કૃત પાઠશાળા :** શ્રી સિદ્ધગિરિ છ ગાઉ પ્રદક્ષિણા અંગે ફા. સુદ ૧૩ સંઘને સંસ્થા તરફથી રૂા. ૫૦૦/-નું ભાતું અપાયું. જે પ્રસંગે પરીક્ષક શ્રી વાડીલાલ તથા શ્રી કપુરચંદભાઈએ સુંદર વ્યવસ્થા જાળવી હતી. સિદ્ધક્ષેત્ર શ્રાવિકાશ્રમ તથા બ્રહ્મચર્યાશ્રમના આમંત્રણથી પરીક્ષક શ્રી વાડીભાઈએ પરીક્ષા લીધી શિક્ષણ અંગે બહેનોને સુંદર ઉદ્બોધન કર્યું. અને સંસ્થાની સુંદર પ્રગતિ માટે સંતોષ વ્યક્ત કર્યો. પરીક્ષકની પ્રેરણાથી કલકત્તા નિવાસી ધર્મપ્રેમી શેઠ મણિલાલ વનમાળીદાસ તરફથી રૂા. ૨૦૦/- તથા શેઠ નરભેરામ પાનાચંદ તરફથી રૂા. ૧૦૦/- કુલ રૂા. ૩૦૦/- ભાતાં ફંડ ખાતે મદદના સંસ્થાને આપ્યા. સંસ્થાના સેક્રેટરી ડૉક્ટર શ્રી મગનલાલ લીલાચંદભાઈની વિનંતીથી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી ચન્દ્રસાગરસૂરીશ્વરજી, આદિ મુનિરાજોએ તા. ૨-૪-૫૯ના રોજ સંસ્થામાં પધારી, કાર્યક્રમ, શિક્ષણપ્રથા વ્યવસ્થા અંગેની માહિતી પંડીત શ્રી પુખરાજજી દ્વારા મેળવી સંતોષ વ્યક્ત કરેલ તેમજ વિદ્યાર્થીઓને રોચક શૈલીમાં સુંદર ઉપદેશ કર્યો. સંસ્કૃત, પ્રાકૃત, ધાર્મિક, સાહિત્યાદિ વિવિધ વિષયોની વાર્ષિક પરીક્ષા ચૈત્ર વદમાં શરૂ થશે.

શ્રી નવપદની ઓળી તથા શ્રી મહાવીર જન્મ-કલ્યાણકની ઉજવણી

● **ચૂડા** (સૌરાષ્ટ્ર)-પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજને નવપદની ઓળીની આરાધના માટે મુનિવરની માગણી કરતા પૂજ્ય મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મહારાજ આદિ ઠાણા ૪ ચૈત્ર સુદ ૬ ના દિવસે પધાર્યા હતા. ઓળીમાં નવે દિવસ સવારે સિરિ સિરિવાલ કહા ઉપર વ્યાખ્યાનો અને બપોરે ૩ થી ૪। શ્રી શ્રીપાળ રાજાનો રાસ રસપ્રદ શૈલીએ વાંચતા હતા તથા શ્રી વીર જન્મ-કલ્યાણકની ઉજવણી થઈ હતી.

● **શિવગંજ** - મહાપ્રભાવી શ્રી સિદ્ધચક્રની મહાન આરાધના ૧૫૦ મહાનુભાવોએ કરેલ, જેમાં વર્ધમાન જૈન તત્ત્વ પ્રચારક-વિદ્યાલયના ૧૪ વિદ્યાર્થીઓએ ઓળીની આરાધના કરેલ. બીજાઓએ યથાશક્તિ આચામ્લ કરેલ. ભગવાન શ્રી મહાવીરદેવના જન્મકલ્યાણક મહોત્સવ અંગે ધામધૂમપૂર્વક વરઘોડો નીકળેલ, બાદમાં પ્રવચનો, તથા પંચકલ્યાણક પૂજા થયેલ.

● **અહમદનગર** (મહારાષ્ટ્ર) જૈન શ્વેતાંબર પાઠશાળા માટે ધાર્મિક અભ્યાસ કરાવવા ચારિત્રપાત્ર પ્રૌઢ શિક્ષક અગર શિક્ષિકાની જરૂર છે. સંગીતના જાણકારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

અભ્યાસ, અનુભવ, પગાર સાથે લખો.
શ્રી ઋષભ સંભવ જિન શ્વેતાંબર સંઘની પેઢી
ઠે. કાપડ બજાર, જૈન મંદિર, મુ. **અહમદનગર.**

● **પોસાલિયા** - અત્રે પૂ.ઉ.શ્રી ધર્મવિજયજી મહારાજ આદિની નિશ્રામાં પૂ. મુનિરાજો શ્રી પુણ્યોદયવિજયજી મ. તથા શ્રી વિમલપ્રભવિ.મ.ના સંસારી પિતા શ્રી હીરાચંદજીના સ્વર્ગવાસ નિમિત્તે એમના ભાઈ શાહ તોલચંદજી રાયચંદજી તથા પુત્ર રાજમલજી હીરાચંદજી તરફથી ચૈ.વ. ૫ થી ૧૩ સુધીમાં ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ તથા શાન્તિસ્નાત્ર અને સ્વામીવાત્સલ્ય ઉજવાઈ ગયા. નાના ગામમાં પણ શાસનપ્રભાવના અને ધર્મઉદ્યોત સારા થયા. સંઘમાં ભવ્ય ઉલ્લાસ હતો.

● **સુરેન્દ્રનગર** : અત્રે (પૂ.આ. વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં)

પંન્યાસપદવીઓનો મહોત્સવ સુંદર રીતે ઉજવાઈ ગયો. જુદા જુદા ગૃહસ્થો તરફથી રોજ નવનવી પૂજા, મોટા દેરાસરમાં પ્રભુજીના વિશાલ પરિવારને અંગરચના, રાત્રે ભાવના વગેરે થતું. સંઘ પ્રભુના ભક્તિરસમાં ઝીલ્યો. સુરતવાળા ગવૈયા પુરાણી મધુર સંગીતે પૂજા ભણાવતા, તથા રાત્રે આરતી પછી પાર્શ્વનાથપ્રભુ વગેરેના ભક્તિ-વૈરાગ્યભર્યા આખ્યાનમય ગુણગીત કરતા, જે સાંભળવા વિશેષ લોકો ખાસ ચાહીને તે સમયે આવતા. શેઠ શ્રી ચીમનલાલ નરશીભાઈ તરફથી શાંતિસ્નાત્ર અને શેઠ શ્રી કેશવલાલ ધારસીભાઈ તરફથી સંઘજમણ થયું. બહારગામથી સંભાવિત ગૃહસ્થો સારા પ્રમાણમાં આવેલા.

● **અહમદનગર** : ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી અત્રે પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરિજી મહારાજે પૂજ્ય ગણિવર્યો શ્રી મુક્તિવિજયજી મહારાજ, શ્રી ત્રિલોચનવિજયજી મહારાજ, શ્રી હિમાંશુવિજયજી મહારાજને વૈશાખ સુદના મંગળ મુહૂર્તે પંન્યાસપદે આરૂઢ કર્યા. તે નિમિત્તે સંઘે સુંદર જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવ્યો. દૂર દક્ષિણસુધીમાંથી અને આજુબાજુથી સારા પ્રમાણમાં ગૃહસ્થો પધારેલા.

● **ભુજ-વાંકી (કચ્છ)** : પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની સૂચનાનુસાર અત્રે પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયકનકસૂરીશ્વરજી મહારાજે પૂજ્ય ગણિવર શ્રી સુદર્શનવિજયજી મહારાજને પંન્યાપદે આરૂઢ કર્યા. અત્રે જિનેન્દ્રમહોત્સવ સારો ઉજવાયો.

• • •

કલ્યાણક-ઉજવણી રદ કરવાનો ધડાકો

પ્રભુ શ્રી મહાવીર કલ્યાણક ઉત્સવ નિમિત્તે સંયુક્ત રીતે જે કાર્યક્રમ રખાયેલ, અને જે અંગે એક કરતાં વધુ હેંડબીલો દ્વારા જાહેરાત કરાયેલ, એ સારોય કાર્યક્રમ એકાએક છેલ્લી ઘડીએ રદ કરવાની જાહેરાત કરવામાં જરૂર ઉતાવળ થઈ છે. સાંભળવા મુજબ આ જાતની હીલચાલ દિલ્હીમાં ઊભી થઈ છે. એ પાછળનો હેતુ શુદ્ધ છે એ માટે બે મત નથી, પણ જે કાર્યવાહી હાથ ધરવામાં આવી તે ગળે ઉતરે તેવી નથી જ. કલકત્તામાં પણ ચારે ફીરકાના આશ્રયે મોટા પ્રમાણમાં ઉજવણી કરવાનો નિર્ણય થયો હતો; અને એવી જ સ્થિતિ કેટલાક મોટા શહેરોમાં રાખેતા મુજબ હાથ ધરાઈ હતી. એમાં એકાએક આવી હાકલ કરવી એ ઈષ્ટ હેતુ સિદ્ધ કરવાને બદલે વિસંવાદ ઊભો કરનાર નિવડે છે; અને કેટલીકવાર આપણને હાસ્યજનક દશામાં મૂકી દે છે. જબલપુરનો બનાવ આગલી સાંજે બન્યો હોત અને

આ પગલું ભર્યું હોત તો એ વાસ્તવિક ગણાત. બાકી જે કરુણ ઘટનાને અઠવાડિયાઓ વીતી ગયા એને આગળ ધરી એક પવિત્ર પ્રસંગ પર મોકુફીનું સીલ મારવું એ કેવી રીતે વાજબી ઠરી શકે ? શું આમ કરવાથી ગાંધીજીના શબ્દોમાં કહીયે તો પાંચસોના મગજથી રાજ્ય કરતી અને તુમારશાહીમાંથી ભાગ્યે જ ઊંચી આવતી સરકાર આપણને એકદમ ન્યાય તોળી દેશે એમ માનવું એ તો આકાશમાં કિલ્લો બાંધવા જેવું છે ! આવી ઉજવણી ટાણે મર્યાદિત વાણીમાં જબલપુરના પ્રશ્નને ભગવંતના જીવન પ્રસંગો સાથે વણી લઈ, આપણા ઉપર રાજ ચલાવનારા અને કોઈપણ ધર્મને અન્યાય ન કરવાની બડી બડી બાંગો પોકારનારા-સૂત્રધારોને-મહેમાનોને કાને થયેલ દુઃખ-દર્દ પહોંચાડવાનું કાર્ય કરવાની અગત્ય હતી. રાષ્ટ્ર પ્રમુખ કે ગવર્નર જેવી વ્યક્તિઓ ઉજવણી કાર્યમાં પ્રમુખસ્થાને હોય ત્યારે આ કહાણી સરળતાથી રજૂ કરી શકાય કેમકે તેઓ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહથી રહિત હોય છે. બાકી જે તંત્ર હાઈકોર્ટના ચુકાદાને જજ સાહેબોની સાચી ટીકાને-અવગણી કેવલ પોતાનો કક્કો ખરો કરવા સારુ ખરા-ખોટાની તુલના કરવાની તસ્દી લીધા વિના પ્રીવી-કાઉન્સીલ સુધી દોડી જાય છે ! એવું તંત્ર, પોતાના તીર્થંકર દેવના જન્મ પ્રસંગે ભક્તિ દર્શાવવાના પ્રસંગને રદ કરવા માત્રથી જાગૃત બનશે એમ માનવું તે પોતાની જાતને છેતરવા તુલ્ય છે.

વધુ આશ્ચર્યની વાત તો એ છે કે રથયાત્રાના કાર્યક્રમ સાથે અન્ય ફીરકાઓને કશો સંબંધ ન હોવા છતાં, એ પણ મોકુફ રાખી શ્વે.કોન્ફરન્સના સૂત્રધારોએ, જબલપુરના કાર્યને કેવી સહાય કરી છે એ તો ભાવિ ઈતિહાસકાર કહી શકે. બાકી એ કાર્યક્રમ રદ કરવામાં શ્વે. સમાજની લાગણી પ્રદર્શિત કરી નથી જ.

('સ્વયં સેવક'માંથી સાભાર)

દાદર : પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબને શ્રી આ.ક.લ. દાદર જ્ઞાનમંદિરના ઉપાશ્રયે ચાતુર્માસ કરવા ઘણાં વરસોથી આગ્રહભરી વિનંતી હોઈને ચાલુ વરસે પોતાના શિષ્ય પરિવાર સહ દાદર પધારવા કૃપા કરી છે. પૂજ્ય અગાસી મુકામે પધારતાં દાદરથી સંખ્યાબંધ ભાઈ-બહેનો જઈ પહોંચ્યા હતા. પ્રભુજીની પૂજા આંગી તથા સાધર્મિક ભક્તિનો લાભ એસ.શાંતિલાલે લીધો હતો. વૈશાખ સુદ ૧૦ ને સોમવારે દાદર શિવાજી પાર્કથી બેંડ, શણગારેલા ઘોડા, મોટા શાસન ધ્વજ, શણગારેલી ગાડીઓ, ફુલ બેન્ડ, વિશાલ સાજન વગેરે ભવ્ય સામૈયાપૂર્વક પૂજ્યશ્રીનો પ્રવેશ થયો. આ સામૈયું હજારો માણસોએ જોઈ નેત્ર પાવન કર્યા હતાં. પૂજ્યશ્રીએ સુંદર મંગળ વ્યાખ્યાન આપ્યું હતું. રોજ સવારે ૯ વાગે વ્યાખ્યાન ચાલુ છે.

શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠની પરીક્ષાઓ

● **પૂના :** અખિલ ભારતીય શિક્ષણ સંસ્થા શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ (પૂના)ની જૈન દર્શનની છ પરીક્ષાઓ પ્રબોધિની-પ્રાથમિક-પ્રારંભિક-પ્રવેશ-પરિચય અને પ્રદીપ ભારતભરના કેન્દ્રોમાં લેવાની તા. ૧-૨ ઓગસ્ટ ૧૯૫૯ નક્કી કરવામાં આવી છે. પરીક્ષાઓ અપાવવા ઈચ્છતી પાઠશાળાઓ, મંડળો કે ગુરુકુળો અને વિદ્યાલયોએ પરીક્ષાના ઉમેદવારી પત્રો મંગાવીને તા. ૨૨ જૂન ૧૯૫૯ સુધીમાં ભરી મોકલવાના રહેશે.

વિદ્યાલયો, ગુરુકુળો અને બોર્ડિંગોના પરીક્ષાર્થીઓની અનુકૂળતા માટે સપ્લીમેન્ટરી પરીક્ષાઓ તા. ૨૨-૨૩ ઓગસ્ટ ૧૯૫૯ નક્કી કરવામાં આવી છે. સૌ કોઈ તત્ત્વ જિજ્ઞાસુઓ નાત-જાત કે ઉંમરના ભેદભાવ વિના કોઈ પણ પ્રદેશમાંથી આ પરીક્ષાઓ આપી શકે છે. વધુ માહિતી માટે શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ, ૨૧૫-૧૬, બુધવાર પેઠ, પૂના-૨, ના સરનામે સંપર્ક સાધો.

● **હારીજ :** મેળાવડા પ્રસંગે બાળકો રજૂ કરી શકે તેવા વૈરાગ્યમય સંવાદોની સો બુકો પાઠશાળાઓને ભેટ આપવાની છે, તેર નયા પૈસા સાથે લખો.

એન.બી.શાહ જૈનપાઠશાળા, હારીજ.(ઉ.ગુ.)

● **દાદર :** જેઠ સુદ ૪ ને બુધવારે સવારે આઠ વાગે પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજનું આંખનું ઓપરેશન ડૉ. હીરાલાલ પટેલના હસ્તે સફળ રીતે થયું છે. ડાબી આંખમાંથી મોતીઆનું ઓપરેશન કર્યું છે. હવે વીસેક દિવસ પછી જમણી આંખનું થશે.

શ્રી ચતુર્વિધ સંઘ વહેલી સવારથી જ અરિહંતનો જાપ કરવા બેસી ગયેલ. તે દિવસે ઘણાં ભાઈ-બહેનોએ આયંબિલ તપ કર્યો હતો. અક્રમનો તપ પણ થયો હતો. મુંબઈ-લાલબાગ-વાપી-સુરત-અંધેરીના આગેવાનોની હાજરી તરી આવતી

હતી. દાદર સંઘના ભાઈઓ ખડે પગે સેવા બજાવી રહ્યા હતા.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૭,અંક-૪૧,તા.૧૧-૭-૧૯૫૯**

• વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર) - અત્રે સંવેગી જૈન ઉપાશ્રયમાં પૂ.આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.શ્રીના વિદ્વાન શિષ્યરત્ન પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજે તા. ૨૬-૬-૫૯ના રવિવારે "સંજ્ઞા-પ્રજ્ઞાનાં યુદ્ધ" અને "દીયર ભોજાઈનો સંવાદ" એ વિષય પર એક રોચક પ્રવચન આપ્યું હતું. ત્યારબાદ સંઘની વિનંતીથી તા. ૫-૭-૫૯ને રવીવારે 'આજની સમસ્યાનો ઉકેલ' એ વિષયને યોગ્ય 'અવંતી સુકુમાલનું પરાક્રમ' સંગીતમય કાવ્યની શૈલી સાથે પ્રવચન આપ્યું. તેમાં પૂ.આ.શ્રી આર્યસુહસ્તિસૂરિજીનો ઉપદેશ, અવંતીસુકુમારનું ચારિત્ર-પંથે પ્રયાણ,ભુખી શીયાળણનો ભયંકર ઉપદ્રવ, પોતાની પત્નીઓ તથા તેમની માતાનો હૈયાફાટ રૂદન, વગેરે પ્રસંગોનું વર્ણન કરતાં શ્રોતાગણની ચક્ષુઓમાંથી આંસુઓ સરી પડ્યાં હતાં. સુરેન્દ્રનગરથી પણ વ્યાખ્યાન સાંભળવા માટે પણ ઘણાં ભાઈઓ પધાર્યા હતા.

પૂ.શ્રી ની ૭૪મી ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે તા. ૨૬-૬-૫૯ ના બપોરે નવપદની પૂજા ભણાવાઈ.

• ભાવનગર : શ્રી કૃષ્ણનગરના જૈન ઉપાશ્રયે જેઠ સુદ ૧૧ને બુધવારના રોજ શ્રી કાંતિલાલ ગોવિંદજીના સુપુત્રી બાલ બ્રહ્મચારીણી શ્રી તારાલક્ષ્મીબહેન તથા શ્રી પરમાણંદદાસ વેલચંદના સુપુત્રી મનહરબેનને જ્યાં સંસારની અસારતા સમજાતા, અને ધર્મના અનુરાગી બનતા, પ્રવ્રજ્યા અંગીકાર કરવાની ભાવના થતા ઉપરોક્ત તિથિએ ભવ્ય દબદબા સાથે દીક્ષાનો વરઘોડો કાઢી શહેરના રાજમાર્ગોએ થઈ ઉપરોક્ત જગાએ એમને શુભ વિધિવિધાન અને ક્રિયાઓ સાથે દીક્ષા આપવામાં આવી છે. પં.પ્રવરશ્રી કૈલાસસાગરજી મહારાજના વરદ હસ્તે ક્રિયા વિધાન કરવામાં આવ્યા હતા. સદર દીક્ષાર્થી બંને બહેનોને સાધ્વીજી મહારાજશ્રી ભાવપ્રભાશ્રી મહારાજના શિષ્યા જાહેર કરવામાં આવેલ છે.

• મહેસાણા સંસ્કૃત પાઠશાળા : શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાની જનરલ વ્યવસ્થાપક સમિતિની બેઠક એક અમદાવાદ મુકામે તા. ૩૧-૫-૫૯ના રોજ શેઠ શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈના પ્રમુખ સ્થાને ત્રણવાગે શેઠ બકુભાઈ મણિભાઈના બંગલે મળતાં નીચેનાં સભ્યો હાજર રહ્યા હતા. શેઠ જીવતલાલ પ્રતાપસી, શેઠ રમેશચંદ્ર બકુભાઈ, શેઠ રતિલાલ નાથાભાઈ, શેઠ અમૃતલાલ

દલસુખભાઈ હાજી, શેઠ ચીમનલાલ કેશવલાલ કડીઆ, મંદ્રાસવાલા રીખવદાસજી જૈન, શેઠ હરગોવિંદદાસ મણીયાર, શેઠ હીરાલાલ મણિલાલ, શેઠ અમૃતલાલ જેસીંગભાઈ, શેઠ નરેન્દ્રકુમાર ગીરધરલાલ, ડૉ. મગનલાલ લીલાચંદ, શેઠ પુનમચંદ વાડીલાલ, વકીલ ચીમનલાલ અમૃતલાલ, તદુપરાંત સંસ્થાના મેનેજર કાન્તિલાલ શાહ તથા પરિક્ષક વાડીભાઈએ હાજરી આપી હતી. વકીલ ચીમનલાલભાઈની દરખાસ્ત તથા શેઠ રતિલાલ નાથાલાલના અનુમોદનથી શેઠ શ્રેણીકભાઈએ. પ્રમુખસ્થાનનો સ્વીકાર કર્યો હતો. સંસ્થાનો વિકાસ, ફંડ, ખાતાવાર તપાસણી, ધાર્મિક શિક્ષણ પ્રચાર, સંસ્કાર શિબિર, આદિ અંગે રસપ્રદ વિચારણા થઈ હતી. શ્રી રિખવદાસજીએ જૈન તત્ત્વજ્ઞાનના પ્રચારકો તૈયાર કરવાની યોજનાં સભામાં રજૂ કરી હતી, જે યોજનાને સહુએ હાર્દિક ટેકો આપ્યો હતો. સાંજે શેઠ રમેશચંદ્રભાઈ તરફથી મહેમાનોને જમણ અપાયેલ. સંસ્થાના પરીક્ષક વાડીલાલ મગનલાલ શેઠના પ્રેરણાદાયી પત્રવ્યવહારથી કલકત્તા નિવાસી ધર્મપ્રેમી દાનવીર શેઠ મણિલાલ વનમાળીદાસે સંસ્થાને રૂા. ૨૫૦૦) ની ઉદાર રકમ ભેટ મોકલી વાઈસ પેટ્રન બન્યા છે. જે બદલ સંસ્થાએ હાર્દિક અભિનંદન પાઠવેલ છે. પાઠશાળાના પ્રાધ્યાપક પુખરાજજી તથા સાહિત્યભૂષણ કપુરચંદ વારૈયાની આગેવાની નીચે તમામ વિદ્યાર્થીઓ, ગૃહપતિ, ત્રીસેક આદિ વૈશાખ સુદ ૧૦ના રોજ રાત્રે આબુ લોકલમાં મારવાડ પંચતીર્થી આબુજી, શિવગંજ, નાંદિયા, કોરટાજી, લોટાણાજી, સીરોહી આદિ ૩૩ ગામોની જાત્રા કરવા રવાના થયા હતા.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૭,અંક-૪૩,તા.૨૫-૭-૧૯૫૯**

• ધંધુકા : અત્રેના સમસ્ત શ્રી સંઘની અતિ આગ્રહભરી વિનંતીને માન આપીને અત્રે ચાતુર્માસ બિરાજમાન પૂ.પં.શ્રી ચિદાનંદવિજયજીની શુભ નિશ્રામાં અસાડ શુ.૨થી વ્યાખ્યાનમાં શ્રી શ્રાદ્ધદિનકૃત્ય, જયાનંદ કેવલી ચરિત્ર શરૂ કરવામાં આવેલ. સૂત્રો વહોરાવવાનો લાભ પોપટલાલ પાનાચંદ ગાંધીએ ૧૨) મણ ઘી બોલીને લીધો. સંઘમાં આબાલવૃદ્ધ ધર્મરુચિ સારી છે.

• મુંબઈ : શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ આદિ સંસ્થાઓએ જાહેર સભા ભરી શ્રી ભોયણી ગ્રામ પંચાયતે કા.સુ.૩ થી વદ ૧, મહા સુદ ૭ થી ૧૨, ચૈત્ર સુ.૧૩ થી વદ ૧ ના યાત્રાળુઓ ઉપર કર લેવા જે ઠરાવ કર્યો છે તેનો સજ્જડ વિરોધ કર્યો હતો. જૈનોના આઘાત અને રોષને સૂચવતા જોરદાર ભાષણો પછી સર્વાનુમતે

કર-વિરોધનો ઠરાવ પસાર કર્યો. દરેક ગામ-નગરના સંઘોએ ભોંયણી ગ્રામ-પંચાયત ઉપર વિરોધના તાર કે પત્ર લખી કર નાબુદ કરવા આગ્રહ કરવો જરૂરી છે.

● **ખંભાત :** પૂ. પ્રશાંતમૂર્તિ પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવર શ્રી આદિ ઠા. ૭ ચૈત્ર સુ. ૧૩ ના દિવસે ખંભાત જૈનશાળામાં પધાર્યા છે. શ્રી સંઘની આગ્રહભરી વિનંતીથી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મ.ની અનુજ્ઞા આવતા તેઓશ્રીનું ચાતુર્માસ અત્રે નિશ્ચિત થયું છે. તેઓશ્રી દરરોજ ઉપદેશમાલા પર પ્રવચનો આપતા હતા. જેનો શ્રી સંઘ સારો લાભ લેતો હતો. અષાઢ શુદિ ૧ના દિવસે પૂજ્યપાદ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્વિજય ક્ષમાભદ્રસૂરીશ્વર મહારાજશ્રીની સ્વર્ગારોહણ તિથિની ઉજવણી થઈ હતી. વ્યાખ્યાનમાં પૂ. મહારાજશ્રીએ સ્વ. આચાર્યદેવશ્રીનાં જીવન પર રોચક વિવેચન કર્યું હતું. અસાડ સુદિ બીજના દિવસે તેઓશ્રીએ વ્યાખ્યાનમાં વિપાક સૂત્ર તેમજ ભાવનાધિકારે શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર શરૂ કર્યું છે, જેની ઉછામણી સારી થઈ હતી. તે દિવસે પૂ. સ્વર્ગીય પંન્યાસજી મહારાજશ્રી સુબુદ્ધિવિજયજી મહારાજશ્રીની સ્વર્ગારોહણતિથિ શ્રીસંઘમાં ઉજવાઈ હતી. વ્યાખ્યાનમાં પૂ. સ્વર્ગીય મહાપુરુષના જીવન પ્રસંગોને અનુલક્ષી પૂ. મહારાજશ્રીએ મનનીય વિવેચન કર્યું હતું. બપોરે ભારે ઠાઠથી પૂજા ભણાવાઈ, આયંબિલની તપશ્ચર્યા થઈ હતી. પૂ. તપસ્વી મુનિરાજશ્રી પૂર્ણભદ્ર-વિજયજી મ.ને ૪૯મી ઓળી ચાલે છે.

● **નવા ડીસા :** અત્રે પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ આદિ સંઘના આગ્રહથી ચોમાસું કરવા પધાર્યા છે. લોકોમાં ધર્મરુચિ સારી હોવાથી લાભ સારો લેવાય છે.

● **દાદર :** પરમ પૂજ્ય શાસન પ્રભાવક આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજનું બે વખત થઈને બંને આંખે મોતિયાનું સફળ ઓપરેશન થયું છે, તેથી શ્રી સંઘમાં આનંદ આનંદ વર્તાઈ રહ્યો છે. આચાર્ય મહર્ષિને આંખનું તેજ વધુ પ્રગટ થવાથી સંઘનો પણ પુણ્યોદય વધ્યો છે. પૂજ્યશ્રીને પગે વાનું જોરદાર દરદ રહે છે, તેમાં હવે જાણકાર માલીસવાળાની ટ્રીટમેન્ટથી પૂજ્યશ્રી મકાનમાં સાધુના હાથ પકડીને ચાલી શકે છે એ પણ સુખદ હકીકત છે. પૂજ્યશ્રીને સંપૂર્ણ શક્તિ પ્રાપ્ત થાઓ એવી શાસનદેવને અમે પ્રાર્થના કરીએ છીએ. અત્રે રોજ પૂ.પં.શ્રી વિક્રમવિજયજી બોધક પ્રવચન આપે છે. લોક સારો લાભ લે છે.

અત્રે બંધાયેલ નવી ચાલીમાં જાણીતાં સંગીતકાર શ્રી મનુભાઈ લાલભાઈ (મહાવીર જૈન સંયુક્ત મંડળવાળા) રહેવા આવ્યાથી દાદર ભક્તિ મંડળના

ભાઈઓમાં નવું જોમ આવ્યું છે. સ્નાત્રની રમઝટ અને ભાવનાના કાર્યક્રમોથી વાતાવરણમાં અર્હદ્ભક્તિ ગુંજી રહે છે.

● **પિંડવાડા :** પૂ.પં.શ્રી માનવિજયજી મહારાજ, પૂ. મુનિરાજશ્રી રત્નાંશુ-વિજયજી મ. આદિ અત્રે ચાતુર્માસાર્થે પધાર્યા છે. ગામનો ઉત્સાહ અમાપ છે. ભવ્ય બાવન જિનાલયનો જીર્ણોદ્ધાર ચાલી રહ્યો છે. દિવાળી સુધીમાં ઘણું કાર્ય પૂર્ણ થાય એવી વકી છે.

● **યેવલા :** (ખાનદેશ) અત્રે પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરિજી મહારાજ તથા પૂ.પં.શ્રી ત્રિલોચનવિજયજી મહારાજ આદિ મુનિમંડળ સંઘના અતિ આગ્રહથી ચાતુર્માસાર્થે પધાર્યા છે. સંઘમાં ઉલ્લાસ ઘણો છે. પૂ. મુનિરાજશ્રી લાવણ્યવિજયજી મહારાજની તબીયત હવે સુધારા ઉપર છે.

● **ઝીંઝુવાડા :** શ્રી સંઘની વિનંતીથી પૂ. મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી આદિ અત્રે ચાતુર્માસાર્થે પધાર્યા છે. વ્યાખ્યાનમાં સારી સભા થાય છે. પ્રતિક્રમણ વગેરે ધર્મક્રિયામાં સારી સંખ્યા થાય છે.

● **વિસનગર :** પૂ. મુનિરાજશ્રી ગુણાનંદવિજયજી મહારાજ આદિ અત્રે ચાતુર્માસાર્થે બિરાજમાન છે. મુનિવર્યની તબિયત નરમ હોવાથી વ્યાખ્યાન બંધ હતું તે હવે તબીયત સુધરી હોવાથી શરૂ થયું છે. મહારાજશ્રી વિદ્વાન હોવાથી વ્યાખ્યાન સારું બોધક આપે છે.

● **અમદાવાદ :** અત્રે જ્ઞાનમંદિરમાં પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ આદિ ચાતુર્માસાર્થે પધાર્યા છે. વ્યાખ્યાન રસમય અને તત્ત્વભર્યું આપે છે.

● **લુણાવા :** ઉ. શ્રી ધર્મવિજયજી મહારાજ જેઠ વદ ૪ના દિવસે પધાર્યા હતા. બહેન ચંદનબાળાના લગ્ન નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ તથા અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવાયું. પાઠશાળા તથા કન્યાશાળાના વિદ્યાર્થીઓનો ઈનામી મેળાવડો ગુરુજીની નિશ્રામાં ઉજવવામાં આવ્યો હતો.

● **પાલણપુર :** પૂ.આ.શ્રી વિજય ન્યાયસૂરિજી આદિ મુનિ પુંગવો જામનગરથી વિહાર કરી ચાતુર્માસાર્થે પધાર્યા છે. વ્યાખ્યાન પૂ.શ્રી સુધાંશુવિજયજી વાંચે છે. ઉત્સાહ સારો છે.

● **ચુડા :** પૂ.મુનિરાજશ્રી નિત્યાનંદવિજય મહારાજ સંઘની વિનંતીથી અત્રે ચોમાસું બિરાજમાન છે. અષાઢ સુદ ૨થી 'ઉપદેશપદ' તથા શાંતિનાથ ભગવાનનો રાસ વ્યાખ્યાનમાં શરૂ થયેલ છે. આઠ વર્ષ બાદ પૂ. સાધુ મહારાજ તથા સાધ્વીજીશ્રી દયાશ્રીજી મહારાજનું ચાતુર્માસ થતું હોવાથી સંઘમાં અનેરો ઉત્સાહ પ્રગટ્યો છે.

● **દેવાસ :** અત્રેના પ્રગટ પ્રભાવિક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતના મંદિરના નવનિર્માણનું કામ ચાલી રહ્યું છે જે જોવા માટે આજરોજ અમદાવાદથી પ્રસિદ્ધ કાર્યકર્તાઓ વાર્તાલાપ કરી આવક જાવકની માહિતી મેળવી દેહરાસરજીનું જે કામ થયું છે તે માટે સંતોષ વ્યક્ત કર્યો, અને કામની ઝડપ વધારવા માટે સૂચના કરી અને મંદિર ખર્ચના ફંડ માટે કાર્યકરોને લઈને પ્રવાસ કરવાના છે.

● **અમલનેર :** અત્રે અષાઢ સુદ ૧૩ દેરાસરજીના ચોકમાં સુગંધીદાર કેસરના છાંટાનો વરસાદ થયો છે, સંખ્યાબંધ જૈન જૈનેતરો જોવા આવ્યા હતા. આજુબાજુના ૫૦ ફુટમાં પણ થોડા થોડા છાંટા હતા. સુધારક વિચારવાળાને પણ તે જોઈ આશ્ચર્ય થયું હતું અને પ્રભુકૃપા માનવા લાગ્યા હતા.

● **મુંબઈ :** જૈન ધાર્મિક શિક્ષણ સંઘ તરફથી શ્રાવણ સુદ ૫ ના રોજ પાઠશાળામાં ભણતા વિદ્યાર્થીઓની આવશ્યક ક્રિયાના સૂત્રો બોલવાની હરિફાઈ યોજવામાં આવી છે. પહેલી શ્રેણીમાં 'સંસાર દાવાનલ' સુધી, બીજીમાં બે પ્રતિક્રમણ સુધી, અને ત્રીજીમાં પંચ પ્રતિક્રમણ નવસ્મરણ સુધી એમ ત્રણ શ્રેણીમાં રાખવામાં આવી છે. પહેલાં ત્રણ નંબર સુધી માર્ક મેળવનારને રૂા. ૭-૪-૨નું ઈનામ રાખવામાં આવ્યું છે. હરીફાઈ પ્રવેશપત્ર તા. ૫-૮-૫૯ સુધીમાં મોકલી આપવા.

● **પ્રગતિના પંથે :** આપણો વિદ્યાર્થીસમાજ ધાર્મિક સંસ્કારોની વૃદ્ધિ કરીને 'પ્રગતિના પંથે' ચડે તે માટે મુંબઈનો 'શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ' વિધવિધ યોજનાઓ કરી અમલમાં મૂકી રહ્યો છે. તેમાંની એક યોજના છે, વક્તૃત્વ અને નિબંધ લેખન હરિફાઈ. ગતવર્ષે **'જૈન ધર્મની વિશેષતા'** એ વિષય પર વક્તૃત્વ હરિફાઈ યોજવામાં આવી હતી. ત્યાર બાદ આ વર્ષે પણ તા. ૧૨-૭-૫૯ના રોજ **'શ્રીનમસ્કાર મહામંત્ર'** એ વિષય પર વક્તૃત્વ અને નિબંધલેખન હરિફાઈ યોજવામાં આવી હતી. તેમાં કૉલેજના તથા શાળાના વિદ્યાર્થી ભાઈ બહેનોએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો. અને તેઓને કુલ રૂા. ૨૧૪ના રોકડ ઈનામો તથા પુસ્તકો વગેરે આપવામાં આવ્યા હતા. હવે આવી જ એક વિશેષ હરિફાઈ **'જીવનમાં ધર્મનું સ્થાન'** એ વિષય પર યોજવામાં આવી છે. તેની પહેલી શ્રેણીમાં શાળાના વિદ્યાર્થીઓ અને બીજી શ્રેણીમાં કૉલેજના વિદ્યાર્થીઓ (જૈન જૈનેતરના ભેદ સિવાય) ભાગ લઈ શકશે. ભાગ લેનાર વિદ્યાર્થીઓએ તે માટેનું 'પ્રવેશપત્ર' ભરીને તા. ૧૦-૮-૫૯

સુધીમાં કાર્યાલયમાં મોકલી આપવું આવશ્યક છે. નિબંધલેખન તા. ૧૫-૮-૫૯ શનિવારે બપોરે ૧.૩૦ વાગે અને આખરી હરીફાઈ તા. ૨૩-૮-૫૯ રવિવારે બપોરે ૧.૩૦ થશે. બંને હરિફાઈઓની બંને શ્રેણીઓમાં પહેલા, બીજા અને ત્રીજા નંબરે આવનારને અનુક્રમે રૂા. ૨૫, ૧૫ અને ૧૦ ના ઈનામો આપવામાં આવશે. કાર્યાલય, પાયધુની, શાંતિનાથજી દેરાસર.

સર્વે વિદ્યાર્થી ભાઈ-બહેનો આ હરીફાઈમાં ઉત્સાહપૂર્વક અવશ્ય ભાગ લેશે એવી આશા છે.

● **બિયાવર :** અહીંથી ૨ માઈલ દૂર બલાડ ગામમાં રજપુત મોટસિંહ વંદ સવાઈસિંહની જગામાં રહેલી એક મોટી શિલા તોડતા નીચેથી ત્રણ મોટા પાષાણની પ્રતિમાજી નીકળ્યા છે. એમાં વધુ મોટી મૂર્તિ ભગવાન શ્રી આદિનાથજીની છે, એના પર બલાડિયા પદ્માપુત્ર લાલા ખેળપાલે ભરાવ્યાનો અને ઉપકેશ ગચ્છના આચાર્યશ્રી યશોદેવસૂરિજીએ સં.૪૯૪ વૈ.વદ ૧૦ પ્રતિષ્ઠા કર્યાનો શિલાલેખ છે. બીજી બે મૂર્તિ ભગવાન શ્રી શાંતિનાથજી અને શ્રેયાંસનાથજીની છે. એ પણ બહુ પ્રાચીન છે. આની સામે જ ૧૦૦ ફુટમાં એક પ્રાચીનકાળનું ખાલી જીર્ણમંદિર છે, જેમાં માત્ર બહાર મંગલમૂર્તિ છે. લાગે છે કે આ ત્રણ પ્રતિમાજી આ મંદિરના હોય. સમાચાર ફેલાતાં આજુબાજુના બધા ગામોમાંથી લોકો દર્શનાર્થે ઉમટી પડ્યા અને ભગવાનને ગાજતે વાજતે જિનમંદિરમાં સ્થાપિત કર્યા છે. રામા નંબરદાર, ઘીસા પટેલ અને મોટાસિંહ ઈચ્છે છે કે 'અહીં વિશાલ જૈન શ્વેતામ્બર તીર્થ બનાવવામાં આવે. વીસ રાવત રાજપુત પરિવાર એની પૂજા સેવા કરવા અને મદિરા-માંસ-શિકારનો ત્યાગ કરી અહિંસા ધર્મ પાળવાની પ્રતિજ્ઞા કરવા તૈયાર છે. જૈન સંઘ અમારી ભાવના સફળ કરવા પૂરી સહાય કરે.'

● **આદોની** (આંધ્ર)-જૈન મેડિકલ સ્ટોર તરફથી સાધુ, સાધ્વીઓને સહસ્રપુટી અભ્રક, મોતી ભસ્મ, વસંતમાલતી વગેરે દવાઓ ભેટ આપવાની છે. જરૂર હોય તેમણે વૈદના કાગળ સાથે લખવું. તે કાગળ મુજબ જ શ્રાવકના નામ ઉપર મોકલવામાં આવશે.

● **સુરત :** અત્રે ગોપીપુરા શેઠ રૂપચંદ લલ્લુભાઈ ધર્મશાળાના ટ્રસ્ટી શ્રી રાયચંદ નગીનચંદ ઝવેરી લખી જણાવે છે કે આ ધર્મશાળા જે છેલ્લા બાર વર્ષથી યાત્રાળુઓ માટે બંધ હતી તે હવે ખુલ્લી મૂકવામાં આવી છે. યાત્રાળુઓને લાભ આપવા વિનંતી છે. અહીં દરેક જાતની સગવડ છે.

● **જામનગર :** પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મ. અત્રે પાઠશાળાના સંઘના અતિ આગ્રહથી ચાતુર્માસ પધાર્યા છે. નવકારમંત્ર, આયંબિલ તપ વગેરે તત્ત્વ પર અદ્‌ભુત પ્રવચનો આપે છે. શ્રોતાઓની વિશાળ સંખ્યા મંત્રમુગ્ધ બની જાય છે. શ્રાવણસુદ ૧૦ના રોજે નવકારના પ્રથમપદનો ૧૦૦ માળાનો જાપ સામુહિક એકાસણા, આયંબિલથી કરાવવાનું નક્કી થયું. શ્રા.સુ. ૫ થી સુદ ૧૪ નવકાર મહામંત્રનો તપ થવાનો છે. તથા સુદ ૧૫ શેઠ પોપટલાલ પરસોત્તમદાસ તરફથી સિદ્ધચક્રપૂજન કરાવવાનું નક્કી થયું છે.

● **આમોદ**-(ભરૂચ) પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી અરુણપ્રભવિજયજી આદિ ઠા.૨ અત્રે સંઘના સ્વાગતપૂર્વક ચોમાસું પધાર્યા છે. ચૌમાસીના ૧૨૫ પૌષધો થયા. યુવકો આદિ ખાસ વ્યાખ્યાનાદિમાં લાભ લઈ રહ્યા છે.

● **સુરેન્દ્રનગર :** પૂ.પં.શ્રી પદ્મવિજયજી ગણિવરને કેન્સરની ઈલેક્ટ્રીક ટ્રીટમેન્ટ પછીથી માથાનો સખ્ત દુઃખાવો, ગળાનો સંકોચ, અવાજનું બેસી જવું, કાનમાં બહેરાશ વગેરે પીડાઓ રહે છે. પરંતુ સમાધિ સુંદર જાળવવા સાથે તથા કલાકો જાપ, અરિહંત ધ્યાન અને સુભાષિત શ્રવણ વગેરેમાં મશગૂલ રહી વેદના પરીસહ સહન કરે છે. જૈન શાસનની જ આ બલિહારી છે, હાલમાં છેલ્લા પંદરેક દિવસથી દુઃખાવામાં રાહત દેખાય છે તથા અવાજ ખુલતો જતો અને બહેરાશ ઓછી થતી જણાય છે. મુનિગણમાં સુંદર વૈયાવચ્ચ સાથે દિગંબર ષટ્‌ખંડાગમ મહાબન્ધાદિ ગ્રંથોનું તુલનાત્મક સંશોધન, કમ્મપયડી, ન્યાય અને વિશેષાવશ્યકાદિ આગમ વગેરેનો સ્વાધ્યાય ચાલી રહ્યો છે. વ્યાખ્યાનમાં શ્રી આચારાંગ-લોકવિજય અધ્યયન તથા સમરાદિત્ય કેવળી ચરિત્ર ચાલે છે. રવિવારોએ 'આજનું જીવન અને દ્વારિકાનો દાહ' 'અનંતના પ્રવાસે અને પ્રવાસી જનોની ગુણ ગાથા' વગેરે જુદા જુદા વિષયો પર જાહેર પ્રવચન યોજાય છે. આવતા રવિવારે 'જીવવાની કળા અને કમળાવતીનો કેકારવ' પર સ્થાનકવાસી જૈન ભોજનશાળામાં જાહેર પ્રવચન નક્કી થયું છે.

● **વળા :** અત્રે પૂ.આ.વિજયલાવણ્યસૂરીશ્વરજી મ., પૂ.પં. શ્રી દક્ષવિજયજી મહારાજાદિ ચાતુર્માસાર્થ બિરાજમાન છે. પૂજ્યશ્રીની સચોટ દેશનાથી શ્રી ભગવતી સૂત્રાદિ વાંચન તથા આંબેલથી નવલાખ નવકારનો જાપ વગેરે નક્કી થયું છે, તે નિમિત્તે અષાઢ વ.૧૦ થી ૧૧ દિનનો મહોત્સવ ચાલુ છે. શ્રાવણ સુ.૪ શાહ દીપચંદ

ભવાનભાઈ તરફથી બૃહદ્ સિદ્ધચક્ર પૂજન છે. સુ.૫ સૂત્ર વાંચન શરૂ થશે.

● **સાબરમતી :** પૂ.સ્વ.આ.શ્રી વિજયભક્તિસૂરિજી મહારાજના શિષ્યરત્ન પૂ.પં.શ્રી પ્રતાપવિજયજી મ. અત્રે ચોમાસુ છે, એમની સુંદર ધર્મદેશનાથી અષાઢ વદથી ગણધર તપમાં સારી સંખ્યા જોડાઈ છે.

● **ખીવાન્દી :** પૂ.ઉ. શ્રી ધર્મવિજયજી ગણિવર, પૂ.મુનિશ્રી પુણ્યોદયવિજયજી વગેરે બેડામાં ઉત્સવ, સિદ્ધચક્ર પૂજન, લુણાવામાં વીસ સ્થાનકનું ઉજમણું, ઉત્સવ અષ્ટોત્તરી સ્નાત્ર વગેરે કરાવી અત્રે સંઘ આગ્રહથી ચોમાસું પધાર્યા છે. શ્રાદ્ધ-વિધિ-રામાયણના વ્યાખ્યાનમાં લોક સારો લાભ લે છે.

● **મુંબઈ :** જણાવતાં હર્ષ થાય છે કે શેઠ શ્રી જીવતલાલ પરતાપશીએ શ્રી શાન્તિનાથજી મંદીર ટ્રસ્ટીપદેથી આપેલ રાજીનામું સંઘના આગ્રહથી પાછું ખેંચી લીધું છે.

● **બિજાપુર** (કર્નાટક) : પૂ.પં.શ્રી મુક્તિવિજયજી મહારાજ તથા પૂ.પં.શ્રી હિમાંશુવિજયજી આદિ ઠા. સંઘની ખૂબ આગ્રહભરી વિનંતીથી અત્રે ચાતુર્માસ બિરાજમાન છે. સંઘની વિનંતીથી અષાઢ સુદ ૧૦ થી ભગવતી સૂત્ર તથા પાર્શ્વનાથ ચરિત્ર પર જોરદાર વ્યાખ્યાન થઈ રહેલ છે, લોકોમાં ધર્મરુચિ સારી હોવાથી વ્યાખ્યાન અને પ્રતિક્રમણમાં સારી સંખ્યા થાય છે. પૂજ્યશ્રીના ચાતુર્માસથી સંઘમાં અનેરો ઉત્સાહ પ્રગટ્યો છે.

● **નંદરબાર** (ખાનદેશ) : પૂ.આ. વિજયભુવનતિલકસૂરીજી મ. આદિ દ્વારા અઠવાડિયાની સ્થિરતા થતાં જન-સમૂહમાં જાગૃતિ સારી આવેલ. નંદરબાર સ્ટેશન ઉપર ચીમનભાઈના બંગલે પધારતા જનતાએ સ્વાગત કરેલ. વ્યારા તથા નંદરબારના સંઘે માર્ગમાં સુંદર વ્યવસ્થા જાળવી હતી. બંગલે પાંચ દિનની સ્થિરતા થતાં એક માઈલ દૂરથી વ્યાખ્યાન શ્રવણ-વંદનાર્થે જનતા ઉત્સાહભેર આવતી હતી. જેઠ વદ ૬ ના પૂજ્યશ્રીનો નગર પ્રવેશ જનતાના ભારે ઉત્સાહ વચ્ચે થયો. 'માનવ જીવનમાં આધ્યાત્મિકતા' ઉપર રોચક પ્રવચન થયેલ. જૈનેતરોના અતીવાગ્રહથી દર રવીવારે જુદા જુદા વિષયો પર પૂ. આ. મહારાજશ્રીનાં પ્રવચનો થઈ રહ્યા છે. આ પ્રદેશ સાધુઓનું આવાગમન ઓછું છતાં જનતામાં શ્રદ્ધા, ભક્તિ અનેરી દેખાઈ આવે છે.

● **ધુલીયા** (ખાનદેશ) : પૂ.આ.વિજયભુવનતિલકસૂરિજી મહારાજશ્રીના શિષ્યરત્ન મુનિ શ્રી અભયવિજયજી મહારાજ આદિ ઠા.૨ સંઘાગ્રહથી અત્રે ચોમાસું પધાર્યા છે, વ્યાખ્યાનમાં ઉત્તરાધ્યયન સૂત્ર તથા શ્રી જૈન રામાયણ ચાલે છે. સર્વ ગચ્છની જનતા સુંદર લાભ ઉઠાવી રહી છે.

● **પાલેજ** : પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર આદિ ઠા.૪(છાણીવાળા) ભરૂચ પધાર્યા, પૂ.સ્વ.આત્મારામજી મ.ની સ્વર્ગારોહણતિથિ પૂ.મુનિશ્રી ચન્દ્રસેનવિજયજીની વડી દીક્ષા આદિ દ્વારા શાસન પ્રભાવના કરી, અષાઢ સુદ ૨ નાં અત્રે ચાતુર્માસાર્થે સંઘ સત્કાર સહિત પધાર્યા છે. યોગશાસ્ત્ર તથા મલયાસુંદરી વંચાય છે. લોક સારો લાભ લે છે, સંઘમાં શાન્તિ અર્થે રોજ એક આયંબિલ, સ્નાત્રપૂજા ચાલુ છે. વ્યાખ્યાન સમયે એક કલાક દુકાનો બંધ રહે છે. પરીક્ષક રામચંદ્રભાઈએ પરીક્ષા લેતાં ૮૫ ટકા પરિણામ સુંદર આવેલ. ઈનામો અપાયા હતા. પૂ. મહારાજશ્રીએ 'જીવનમાં ધાર્મિક અભ્યાસની અતીવ ઉપયોગિતા' ઉપર બોધક વ્યાખ્યાન આપેલ. અત્રે સાધ્વી સુવ્રતાશ્રીના શિષ્યાઓ સા. ઉર્મિલાશ્રી આદિ.ઠા.૩ ચોમાસું પધાર્યા હોઈ બહેનોમાં ધાર્મિક જાગૃતિ સારી આવી છે.

● પૂજ્યપાદ આચાર્ય ભગવંત વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજના સમુદાયની ચાતુર્માસ યાદી

૧. પૂ.આ. વિજયલબ્ધિસૂરીશ્વરજી મ., પૂ.ઉ.શ્રી જયંતવિજયજી ગણિવર, પૂ.પં.શ્રી વિક્રમવિજયજી ગણિવર આદિ ઠા. **દાદર** (મુંબઈ). પૂ.આ. વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મ., પૂ.શતાવધાની મુનિરાજશ્રી કીર્તિવિજયજી મ. આદિ ઠા. **કોટ** (મુંબઈ). પૂ.આ. વિજયભુવનતિલકસૂરીશ્વરજી આદિ ઠા. **નંદરબાર** (ખાનદેશ), પૂ.પં.શ્રી નવીનવિજયજી ગણિવર આદિ ઠા. ગોટીવાળા જૈન-ઉપાશ્રય **પુનાસીટી.** પ્રવીણવિજયજી ગણિવર, પૂ.પં.શ્રી પદ્મવિજયજી ગણિવર, પૂ.પં.શ્રી મહિમાવિજયજી ગણિવર આદિ ઠા. **વડાલી** (સાબરકાંઠા), પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર આદિ ઠા. **પાલેજ** (વેસ્ટર્ન રેલવે) પૂ. મુનિવર્ય હેમેન્દ્રવિજયજી મહારાજ આદિ ઠા. **વાપી** (સુરત) પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ આદિ ઠા. **થાણા** (મુંબઈ) પૂ. મુનિરાજશ્રી અરુણપ્રભવિજયજી મહારાજ આદિ ઠા. **આમોદ** (ભરૂચ) પૂ. મુનિરાજશ્રી અભયવિજયજી મહારાજ આદિ ઠા. **ધુલીયા** (ખાનદેશ).

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૭,અંક-૪૬,તા.૧૫-૮-૧૯૫૯**

● **બોટાદ** : સંઘની આગ્રહભરી વિનંતીને માન આપી આ વર્ષે પૂજ્ય આચાર્યદેવ વિજયપ્રેમસૂરીશ્વરજી મ.ની આજ્ઞાથી પૂ. પંન્યાસજી રવિવિજયજી ગણિવર તથા પૂ. મુનિશ્રી લોચનવિજયજી ચોમાસું બીરાજે છે. પંન્યાસજી મહારાજને ૫૮ અક્ષાવનમી ઓળી તથા લોચનવિજયજીને ૩૮મી ઓળી ચાલે છે. વ્યાખ્યાનમાં તત્ત્વાર્થ સૂત્ર તથા ભાવના અધિકારે પાંડવ ચરિત્ર વંચાય છે. જન સમુદાય ખૂબ લાભ લે છે. ને પર્યુષણ સુધી ૧ કલાક દુકાન બંધ કરવાનું રાખ્યું છે.

● **ધંધુકા** : પૂ.પં.શ્રી ચિદાનંદવિજયજી મ.ની નિશ્રામાં ધર્મસાધના સારી થાય છે. બહેનોમાં શંખેશ્વર પાર્શ્વનાથની આરાધનાના અને ચંદનબાલાના અક્ષમો થયા. પૂ.પં.શ્રીના સદુપદેશથી અ.વ.૧૦ ગુરુવારથી આયંબિલની સમૂહભક્તિ ચાલુ કરવામાં આવેલ છે. સાત ભાઈ બહેનોને વર્ધમાન તપના પાયા નંખાયા. દરરોજ ૨૫-૩૦ આયંબિલ થાય. મોટા બાલકો પણ આયંબિલ કરે છે.

● **સાદડી** (રાજસ્થાન) અત્રે વ્યા.વા.પૂ. આચાર્યદેવશ્રી વિજયરામચંદ્ર-સૂરીશ્વરજી મ.સંઘની આગ્રહભરી વિનંતીથી ચાતુર્માસાર્થે પધાર્યા છે. ચાતુર્માસ દરમ્યાન અનેક વિવિધ ધર્મપ્રવૃત્તિઓ ચાલી રહી છે. અષાઢ સુદ ૧૦ થી શ્રી ભગવતીજી સૂત્ર વંચાય છે. શ્રી ચિંતામણી પાર્શ્વનાથ મંદિરેથી શ્રી કપુરચંદજી અનરાજરાજી તરફથી ભવ્ય વરઘોડો નીકળ્યો. અષાઢ સુદ ૨ થી અક્ષાઈ મહોત્સવ હતો તેના માટે અમદાવાદના પ્રખ્યાત શ્રી જૈનધર્મ આરાધક મંડળને ખાસ આમંત્રણ હોવાથી શ્રી ચતુરભાઈ ચીમનલાલની આગેવાની નીચે મંડળના સભ્યોએ આવી પૂજામાં વરઘોડામાં, ભાવના-રાત્રિ જાગરણ વગેરેમાં પ્રભુ ભક્તિની સંગીતમય અને ભાવભરી રમઝટ જમાવી હતી.

● **મુંબઈ (વાલકેશ્વર)** તા. ૨૯-૭-૫૯ ની **ટ્રસ્ટીઓનો થયેલ ઠરાવ** : જ્ઞાન ખાતાની રકમના ઉપયોગ બાબતમાં તા. ૨૭-૭-૫૮ ના રોજ ટ્રસ્ટીઓની મિટિંગમાં જે ઠરાવ કર્યો છે, તે બાબત વિચાર કરવામાં આવ્યો હતો અને આ બાબત અંગે આવેલા પત્રો રજૂ કરીને વાંચી બતાવવામાં આવ્યા હતા, અને તે બાબત નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો હતો.

ઠરાવ "જ્ઞાન ખાતાની રકમના ઉપયોગ અંગે તા. ૨૭-૭-૫૮ ના રોજ ટ્રસ્ટીઓની મિટિંગમાં જે ઠરાવ કર્યો છે, પ્રથમ અગાઉ જે રીતે અને પદ્ધતિસર જ્ઞાન ખાતાની રકમનો ઉપયોગ કરવામાં આવતો હતો તેવી જ રીતથી જ્ઞાન ખાતાની રકમનો ઉપયોગ કરવાનું અને તે અનુસાર અનુસરવાનું અને જ્ઞાનખાતાની રકમ વાપરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવે છે !"

બલાડ ગામમાં મહાન ક્રાન્તિ : જૈન ધર્મનો જયજયકાર

બિયાવર પાસેના આ ગામમાં ભગવાનશ્રી આદિનાથજી વગેરેના જ્યારથી ત્રણ મોટા પ્રતિમાજી નીકળ્યા ત્યારથી ગામવાળામાં અદ્‌ભુત ભાવોલ્લાસ વધી રહ્યો છે. બિયાવર શહેરના ભાઈઓએ ભગવાનને લઈ આવવા ઘણો પ્રયાસ કર્યો, પરંતુ બલાડવાળા રજપૂતોએ મચક ન આપી ! ઊલટું, સાદડી પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરિજી મહારાજ પાસે જઈ ૧૯ ભાઈઓએ જીવનભર માંસ-મદિરા અને શિકારનો ત્યાગ તથા રોજ પ્રભુ દર્શનની પ્રતિજ્ઞા કરી. ત્યાંથી રાણકપુરજી ભેટીને તો નવા જન્મનો અનુભવ કર્યો. બલાડમાં પુરાણા જિનમંદિરનો જીર્ણોદ્ધાર પણ શરૂ કર્યો. ભગવાનને ૯મી ઓગસ્ટ રવિવારે અઢાર અભિષેક પણ ધામધૂમથી કરાવ્યા. એ દિવસે ૪૫ નવા રાવત રજપૂત ભાઈઓએ ઉપરોક્ત પ્રતિજ્ઞા ગ્રહણ કરી. જીવનમાં માંસાદિમાં ટેવાયેલા આ ભાઈઓનું આ પરિવર્તન અને ધર્મલાગણી જોઈ બિયાવરના ભાઈઓ બહુ પ્રભાવિત થયા. અહિંસા ધર્મની અને જિનમૂર્તિ પૂજાની અદ્‌ભુત પ્રભાવનાથી જૈન માત્રને આનંદ થશે. આ ક્રાન્તિ બીજા ગામોમાં ફેલાઈ રહી છે. બલાડના અધિષ્ઠાયક દેવ મહાસમર્થ અને શાસન પ્રભાવક જણાય છે. આજ સ્થિતિ ચાલુ રહી તો બલાડ એક તીર્થ ભૂમિ બની જવાની વકી છે.

● **મહેસાણા પાઠશાળા**-અત્રે શ્રી શ્રીમદ્‌ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાનો વાર્ષિક ઈનામી મેળવડો તા. ૧૮-૮-૫૯ના રોજ પૂજ્ય પંન્યાસજી શ્રી કનકવિજયજી ગણિવરની અધ્યક્ષતામાં સવારે દશવાગે ઉપાશ્રયના હોલમાં ઉજવાઈ ગયો. પ્રાર્થના રીપોર્ટ વાંચન વગેરે બાદ વાડીભાઈએ પરીક્ષકોના અભિપ્રાયો વાંચી ધાર્મિક કેળવણીની મહત્તા વિષે ભાષણ આપેલ. સંસ્થાના પ્રાધ્યાપક પુખરાજજી કોઠારી, પંડિત રામાનંદન ઝા, સીવીલ જજ શ્રીયુત અમૃતલાલ કાળીદાસ શાહ તથા વકીલ ચીમનભાઈએ પ્રાસંગિક અસરકારક પ્રવચનો કરી જૈન સમાજને આર્થિક સુંદર સહકાર આપવા અપીલ કરી. પ્રાંતના ન્યાયાધીશ શ્રીમાન અમરતલાલભાઈના શુભહસ્તે રૂા. ૧૮૦ના રોકડ ઈનામો, તથા રાજનગર ઈનામી પરીક્ષાના પ્રમાણપત્રો અભ્યાસકોને અર્પણ કરાયાં. પૂજ્ય મહારાજશ્રીના ઉપદેશથી નમસ્કાર મહામંત્રના તપની માંગલિક ક્રિયામાં સંસ્થાના વીસ વિદ્યાર્થીઓ તથા ગૃહપતિ જોડાયા. માળવા

મેવાડ ખાનદેશ વગેરેમાં સંઘના આમંત્રણથી શિક્ષકો વિદ્યાર્થીઓ પર્યુષણા કરાવવા જવાના છે. ભાવનગરમાં રૂા. એક લાખના ખર્ચે તૈયાર થયેલ સુખડીઆ બોર્ડિંગમાં ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રાવણ સુદ ૬ ના રોજ સંસ્થા તરફથી પરીક્ષક ગયેલ. વાડીલાલ મગનલાલ તથા અન્ય વક્તાઓના પ્રેરણાદાયી પ્રવચનોથી લગભગ રૂા. પચ્ચાસ હજારનું ફંડ થયું છે. તેમજ ભાવનગર મુકામે સુખડીયા યુવક પરિષદની એક મિટિંગ સ્થાનકવાસી જૈન ભોજનશાળામાં શ્રાવણ સુ. ૫ ની રાત્રે ૧૦ વાગે ભરાયેલ. જે પ્રસંગે સંસ્થાના પરીક્ષક વાડીલાલે સામાજિક સહકાર વિષે ભાષણ આપી યુવાનોને ચારિત્રનું દૃઢ ઘડતર કરવા ઉદ્‌બોધન કર્યું હતું.

● **ચાણસ્મા** : શ્રી અખિલ ભારતવર્ષીય જૈનસંસ્કૃતિ રક્ષક સભાની સ્થાનિક કાર્યવાહક સમિતિએ ઠરાવ કર્યો કે વાલકેશ્વર જૈન દેરાસરના વહીવટદારોએ જ્ઞાનખાતાની ઉપજ સંબંધી ધાર્મિક તથા વ્યવહારીક કેળવણી અંગે વાપરવા તા. ૨૭-૭-૫૮ના રોજ જે ઠરાવ કરેલો તે ઠરાવ જૈન સિદ્ધાંતની મર્યાદા બહારનો હોવાથી ટ્રસ્ટીઓએ આ હકીકત ધ્યાનમાં લેઈ સિદ્ધાંતને માન આપી તેમનો ઠરાવ તા. ૨૯-૭-૫૯ના રોજ મિટિંગ કરી ફેરવી મૂળ સિદ્ધાંત પ્રણાલિકા પ્રમાણે વાપરવા ચાલુ રાખવા ઠરાવ કરેલો છે તે હકીકત જાણી આ સભાને સંતોષ થયેલો છે અને ટ્રસ્ટીઓએ જે શુભ વિચાર-વિચારણા કરી યોગ્ય પગલું લીધેલ હોવાથી તેમના શુદ્ધમનોભાવને અમો અનુમોદન કરીએ છીએ તે બદલ તેમને અભિનંદન આપીએ છીએ.

● **માંડવગઢ** : નૂતન મંદિર પ્રતિષ્ઠા-માંડવગઢ પ્રાચીન ઐતિહાસિક તીર્થ છે. નૂતનમંદિર જીર્ણોદ્ધારમાં ભવ્ય મંદિરનું કામ ધમધોકાર ચાલુ છે. મદદની ખાસ જરૂર છે. પ્રતિષ્ઠા સં. ૨૦૧૬ મહાસુદ ૧૧ થવા નિર્ણય થયેલ છે, સુપાર્શ્વનાથ ભગવાનની પ્રાચીન પ્રતિમા ૨૫ ઈંચથી ૩૫ ઈંચ સુધીની મૂલનાયકજી માટે જોઈએ છે. નીચેના સરનામે જણાવશો.

શ્રી જૈન શ્વે. સંઘની પેઢી, માંડવગઢ, ધાર, વાયા રતલામ (મ.પ્ર.)

● **વેરાવળ-માયલાકોટ** : અત્રે પૂ. મુનિરાજો શ્રી મતિવિજયજી, શ્રી માણેકવિજયજી આદિ સંઘની વિનંતીથી ચાતુર્માસ બિરાજમાન છે. શ્રી યોગશાસ્ત્ર પર સુંદર ધર્મદેશના અપાય છે. લોકમાં ધર્મજાગ્રતિ સારી છે.

● **જામનગર** : પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મ.ની નિશ્રામાં શ્રા.સુ.૧ એક હજાર ભાઈ બહેનોએ 'નમો અરિહંતાણ' પદનો એક ક્રોડનો સમૂહજાપ કર્યો. સુદ ૫ થી ૨૦૦ ભાઈ બેનોએ નવકાર મંત્રનો નવ દિવસનો તપ કર્યો. તપસ્યા,

અર્હદ્‌ભક્તિ, સ્વામિ વાત્સલ્ય વગેરે સુંદર થયું. પૂ.પંન્યાસજી મહારાજની નવકાર-પ્રભાવ, ત્યાગ-તપ, મૈત્રી આદિ ભાવના વગેરે ઉપર સચોટ દેશનાથી જનતા પ્રભાવિત થઈ છે.

● **વાંકાનેર :** પૂ. મુનિરાજો શ્રી અશોકવિજયજી તથા શ્રી જયવર્ધનવિજયજી મહારાજની પ્રબળ ધર્મ પ્રેરણાથી ૫૦ વર્ધમાન આંબેલ તપના પાયા તથા ચણતર થયા. દરેકને અંતર વાયણા, રૂા. ૫)ની પ્રભાવના તથા વર્ધમાન તપો માહાત્મ્યની ચોપડીની પ્રભાવના થઈ.

● **ઝીંઝુવાડા :** પૂ. મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી મ.ની નિશ્રામાં ૧૪૦ લગભગ જણને નવકાર મંત્રના તપની સુંદર આરાધના થઈ.

● **હારિજ :** માસ્તર એન.બી.શાહના માર્ગદર્શન નીચે બાળ મંડળ અને સ્નાત્ર મંડળ ધર્મ પ્રવૃત્તિમાં સારી પ્રગતિ કરી રહ્યું છે. શ્રા.સુ.૫ શ્રી નેમિજિનજન્મ-કલ્યાણક નિમિત્તે ભવ્ય સ્નાત્ર મહોત્સવ, બાદ અલ્પાહારથી ભક્તિ, રાત્રે ભાવના વગેરે સુંદર કાર્યક્રમ થયો.

● **નંદરબાર :** અત્રે પૂ.આ.શ્રી વિજય ભુવનતિલકસૂરિજી મ.ના ચાતુર્માસથી વિધવિધ ધર્મપ્રવૃત્તિ સંઘમાં ચાલુ છે. વ્યાખ્યાન પ્રતિક્રમણમાં કદી ન આવનારા પણ જોડાયા છે. જૈનેતરોના આગ્રહથી રવિવારે જાહેર વ્યાખ્યાનો યોજાયા છે. આગેવાન નાગરિકો સુંદર લાભ લઈ જૈન શાસનની અનુમોદના કરે છે. સંઘમાં કષાયવિજય તપ થયો; નાના બાળકો પણ એમાં જોડાયા હતા. પ્રભાવના વગેરે સારું થયું, પૂજ્યશ્રીના તાત્વિક વ્યાખ્યાનોથી જનતાને ધર્મની ધૂન લાગી છે.

● **ઈંદોર :** અત્રે પૂ.શ્રી ચિદાનંદમુનિજીની નિશ્રામાં નવકાર મંત્રની તપ-આરાધના ૧૦૦ ઉપર ભાઈબેનોએ કરી. આરાધકોની એકાગ્રતા માટે નવકાર મંત્રનો બૃહત્‌પટ તૈયાર કરાવાયો હતો. સંઘ તરફથી એકાસણાં કરાવવામાં આવ્યા.

● **ધંધુકા :** અત્રે પૂ.પં.શ્રી ચિદાનંદવિજયજી ગણિવર આદિની નિશ્રામાં માસધરના દિને પહેલીવાર અરિહંતપદનું સામુદાયિક આરાધના થયું. ૧૨૫) આયંબિલ થયા, સપ્તાક્ષરી મંત્રજાપ સાડાબાર લાખ થયો. વર્ધમાન તપનાં થડાં બાંધનારને ચરવળા કટાસણાં આદિ પ્રભાવનાઓ થઈ. હવે પંદરના ધરને દિવસે સિદ્ધપદનું સામુદાયિક આરાધન થવા વકી છે. અત્રે મેસાણા-શ્રેયસ્કર મંડળના પરીક્ષક રામચંદભાઈએ પાઠશાળાની પરીક્ષા લીધી. ૮૬ ટકા પરિણામ આવ્યું. મેળાવડો કરી ઈનામો વહેંચાયા. પૂજ્યશ્રીએ તથા પરીક્ષકે સમ્યગ્જ્ઞાનની જરૂરિયાત અને માબાપોની ફરજ પર સુંદર વિવેચન કર્યું. પાઠશાળામાં નવા બાળકોના

નામ નોંધાયા.

● **ચુડા :** પૂ.મુ.શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ આદિની નિશ્રામાં અષાઢ વદ ૫ થી શ્રી નવકાર મંત્રનો તપ ૩૬ જણને શરૂ થયો. તેની ક્રિયા માટે કલાત્મક સુંદર ઓરડી થઈ. શ્રી નવકાર મંત્રનો બનાવેલ તામ્રપટ, શ્રી કલ્પસૂત્ર પધરાવવાની તથા પ્રથમજ્ઞાન પૂજન વગેરેની ઉછામણી સારી થઈ હતી. સંગીત સાથે સુંદર ક્રિયા ચાલતી. રાત્રિજાગરણ પ્રભાવના સારું થયું.

પૂ.મુ.શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ અઠ્ઠાઈ સાથે વ્યાખ્યાન કરતાં. પ્રભાવના રાત્રી જાગરણ સુંદર થયા. પૂ. શ્રી હરિષેણ વિ.મ.તપ સારો કરે છે.

● **આંકલાવ :** અત્રે પૂ.મુ. શ્રી જયવિજયજીમહારાજ સંઘના આગ્રહથી ચાતુર્માસ બિરાજે છે. અતીત પુદ્‌ગલો વોસરાવવાની તથા ભવોભવનાં પાપોને આલોચવાની ક્રિયા થઈ. તે દિવસે સામુદાયિક લાખ નવકાર મંત્રનો જાપ કરાવાયો. આયંબિલની તપશ્ચર્યા થઈ. પૂજા પ્રભાવના વગેરે સારું થયું.

● **સુરેન્દ્રનગર :** ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજની** નિશ્રામાં ચતુર્વિધ સંઘમાં આંબેલ વર્ધમાન તપ પાયા-ઓળીઓ નવકાર મંત્ર તપ, વગેરે તપસ્યાઓ સહિત ધર્મપ્રવૃત્તિનું ઝગમગતું વાતાવરણ વર્તી રહ્યું છે. શ્રી નરોત્તમદાસ મનજીભાઈ તથા ધારશીભાઈ માણેકચંદની આગ્રહભરી વિનંતી થતાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના અઠ્ઠમ સાથે ભક્તિની રમઝટ વગેરે સંઘને કરાવવાનું નક્કી થયું. બંને ભાગ્યવાનો તરફથી શ્રા.વ.૩ સાંજના અંતરવાયણા વિવિધ વસ્તુથી કરાવાયાં. આરાધના માટે સમવસરણ મંડપને શણગારી શ્રી પાર્શ્વનાથ પ્રભુજી પધરાવવામાં આવ્યા. રોજ ૩૦ અક્ષરના મંત્રની ૪૦ નવકારવાળી ગણવાની એટલે આરાધકો સવારથી જ જાપ શરૂ કરી દેતા. ત્રણેય દિવસનો કાર્યક્રમ ભરચક રહેતો. પ્રતિક્રમણાદિ પછી સવારે ગીત વાજિંત્ર સાથે સામુદાયિક સ્નાત્ર-શાંતિકળશ તથા પૂ.મહારાજ સાહેબ આદિ ચતુર્વિધ સંઘનું શ્રી શંખેશ્વર ભગવાનનું ચૈત્યવંદન થતું. પછી શ્રી ચંપકલાલ માસ્તર સંઘને શ્રી પાર્શ્વપ્રભુનું ગીત ઝીલાવતા. પછી વ્યાખ્યાન, બાદ બંધ આંખે એકાગ્ર મનથી શ્રી શંખેશ્વર સ્તોત્રાષ્ટકથી સમૂહ પ્રાર્થના, પછી વાજિંત્રના વિવિધ સૂર ગુંજતા. મનોરમ વાતાવરણમાં સામુહિક મંત્ર, જાપ, પછી પ્રભુનું ગીત તથા ધૂન, બાદ સમૂહ દેવવંદન થતું. રોજ ત્રિકાળ દેવવંદન, ખમાસમણાં, કાઉસ્સગ્ગ વગેરે ઉપરાંત બપોરના રોજ પૂજા, રાતના ભાવના વગેરે થતું. વ્યાખ્યાનમાં પહેલે દિવસે શ્રી શંખેશ્વર પ્રભુનો ભવ્ય ઈતિહાસ, પ્રગટ પ્રભાવ વગેરે. બીજે દિવસે સંવેગ-વૈરાગ્ય નીતરતો શ્રી પાર્શ્વનાથ પ્રભુના દસ ભવનો

રોચક અધિકાર, અને ત્રીજે દિવસે પ્રભુની આરાધના ધન, કીર્તિ, આરોગ્ય, ધર્મ અને ઠેઠ મોક્ષ સુધીની સદ્‌ગતિ આપે છે. છતાં આપણે આરાધનામાંથી સમાધિ, નિર્વિકાર દશા વગેરે માગવાનું, જેનો પ્રત્યક્ષ અપૂર્વ લાભ અનુભવવા મળે છે, ઇત્યાદિ સચોટ દૃષ્ટાંત-દલીલ અને હૃદયવેધી દિવ્ય પ્રેરણાભર્યું સમજાવવામાં આવ્યું હતું. આરાધકોની સંખ્યા ત્રણસોની ઉપર હતી, જેમાં નાના બાળક-બાળિકાઓ પણ ડઝનેક હશે. તપસ્યા સૌને ખૂબ શાતાથી થઈ. પારણામાં ભવ્ય ભક્તિ કરવામાં આવી અને દરેકને રૂપિયો-શ્રીફળની પ્રભાવના વહેંચવામાં આવી. સંઘના સેક્રેટરી શેઠ બાપાલાલભાઈ અને મુનિમશ્રી ભોગીલાલે સઘળું આયોજન સુંદર કર્યું. લોકોને રસ રહી ગયો અને લાગ્યું કે આવી આરાધનાઓ ફરી ફરી યોજવામાં આવે.

મંત્રઃ "શ્રી ધરણેન્દ્ર પદ્માવતી પૂજિતાય ૐ હ્રીં ક્લીં અર્હં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ"

(સુરેન્દ્રનગરમાં અઠ્ઠમની આરાધના પ્રસંગે ગવાયેલ ગીતો.)

સુરેન્દ્રનગરના રે, જૈન સંઘમાં રે, ઉત્સવ ધર્મના મંડાય રે,
પાસ શંખેશ્વર તુઠ્યા સુખકર રે, મંગળ અઠ્ઠમ થાય રે.

૧. પાતાળ લોકથી ઈહાં પધાર્યા, બિરાજો દેશ વઢીયાર રે
ધરણેંદ્ર પદ્માવતી સેવા કરતા, સેવકને ઈષ્ટ દાતાર રે પાસ૦

૨. ભવ્ય જીવો દેશોદેશથી આવે, પ્રભુજીના દરિસણ કાજે રે
લાખેણી આંગી નિત્ય રચાવે, કરે ગુણગાન નભ ગાજે રે. પાસ૦

૩. હરિહર બ્રહ્મા સરિખા નાવે મારા પ્રભુજીની તોલે રે
એ છે કામક્રોધાદિના સેવક, પ્રભુજી એને ધૂળ રોળે રે; પાસ૦

૪. શંખેશ્વર પૂજ્યો વાંછિત આપે, ભવોભવનાં દુઃખ કાપે રે
સેવો પ્રભુને તન-મન-ધનથી, આનંદમંગળ વ્યાપે રે; પાસ૦

૫. સિદ્ધાંત મહોદધિ **પ્રેમસૂરીશ્વર**, ગુરુદેવના સુપસાય રે
વાસુપૂજ્ય દાદાજીના રાજ્યે સંઘમાં, જય જય થાય રે. પાસ૦

● **સાબરમતી** (અમદાવાદ) : અત્રે સંઘની ભાઈ બહેનોનો ઉત્સાહ સારો છે. આગ્રહભરી વિનંતીથી પૂ.આ.શ્રી વિજયઉમંગસૂરીશ્વરજી મ.સા. તથા આદિ મુનિપુંગવો શાંતિનગર જૈનઉપાશ્રયે ચાતુર્માસાર્થે પધાર્યા છે. પર્યુષણ પર્વની આરાધના સારી રીતે થવા વકી છે.

નવું વર્ષ....! નવો હર્ષ....!

માનવજાતને માટે સહજ રીતે જ અતીતનાં સંભારણાં પ્રિય હોય છે. તેમાંય જે વાત-વસ્તુનો ભૂતકાળ ભવ્ય હોય છે, જીવન સાથેની જેની અતિ સમીપવર્તિતા હોય છે. જીવનના ઉત્થાનમાં જે પ્રધાનહેતુ બની ગયેલ હોય છે, તેનાં સંભારણાં આવે છે, અને કોઈ રોમાંચ કોઈ નૂતન પ્રેરણા, કોઈ અગોચર આનંદ ભેટ ધરી જાય છે.

આપણા પૂર્વમહર્ષિઓનું એક વચન છે. **गतं न शोच्यम्** "ભૂતકાળ ભૂલી જાઓ !" અમારે અહીં આજે જરા જૂદું કહેવું છે. **"ભૂતકાળ યાદ કરો !** ભૂતકાળના ભવ્ય સ્મૃતિસંસારમાં તમારું પર્યટન અવિરત, અણ અટક્યું ચાલુ રાખો."

"પણ અહીં તમારું મન પ્રતિકાર કરવા પ્રેરાશે, કે ઋષિ મહર્ષિઓનાં વચનનો તમે અપલાપ કરો છો !"

ના ! સર્વજ્ઞવચનને ઉલ્લંઘીને અમારે સંસારસાગરમાં નથી બૂડવું. એટલું ધ્યાન રહે કે ઋષિ-મહર્ષિનાં વચન અનેકાન્તવાદના સિદ્ધાન્ત પર રચાયેલાં હોય છે.

તો આવો, આપણે બંને વિચારધારાઓનો સમન્વય સાધીએ...

પછી તમે જ પોકારી ઉઠશો; "ભૂતકાળ ન ભૂલો ! સ્મૃતિલોકનો પ્રવાસ ચાલુ જ રાખો !"

"गतं न शोच्यम्" આ ઋષિ-વચન આપણને એવા ભૂતકાળને ભૂલી જવાનું સ્નેહ પૂર્વક આમંત્રણ કરે છે, કે જે ભૂતકાળની યાદ કરતાં આપણે, વિષાદ ચિંતા, ને વ્યાકુળતાના ભોગ બનતા હોઈએ. જે ભૂતકાળની સ્મૃતિ આપણા મનોયોગને અપ્રશસ્ત ગતિ કરાવી ગાઢ કર્મોનાં ઉપાર્જન કરાવતી હોય.

પરંતુ જે સ્મૃતિલોકમાં ઘૂમવાથી આત્મા આનંદ, હર્ષ, સ્વસ્થતા અને બ્રહ્મ-મસ્તી અનુભવતો હોય, તે સ્મૃતિલોકના ભ્રમણને એ ઋષિ-વચન નકારતું નથી; એટલું જ નહિ, પણ એવા ભ્રમણને તે આવકારે છે, અભિનંદે છે, કર્તવ્ય તરીકે નિર્દેશે છે. માટે જ કરેલા સુકૃતની પુનઃ પુનઃ અનુમોદના એક મહાન સાધના ગણવામાં આવી છે.

તો જે સ્મૃતિ મનોયોગને અપ્રશસ્ત-પ્રવાસથી વારી, પ્રશસ્ત-કલ્યાણકારી પ્રવાસે લઈ જતી હોય, જેનાં ફળરૂપે આત્મા કર્મોનાં બંધનોમાંથી મુક્ત બનતો જતો હોય, તે સ્મૃતિ, તે ભૂતકાળ કદી પણ કેમ જ વિસરાય ?

"દિવ્ય-દર્શન" જ્યારે આજના પુણ્ય પ્રભાતે આઠમા વર્ષમાં પ્રવેશ કરે છે, ત્યારે આપણું મન સહેજે એનાં વીતેલા કાળે 'અતીત' બનાવેલા સાત વર્ષોના ભૂતકાળના પટ પર દોડી જાય છે. અને ત્યાં એ મનગમતું પરિભ્રમણ કરે છે, કે જે પરિભ્રમણ પરિણામે નિજના આત્માના ભવભ્રમણને ટૂંકાવવામાં પ્રેરક બને છે.

સાત સાત વર્ષોથી 'દિવ્ય-દર્શન' વિશ્વ સમક્ષ એવું સાહિત્ય રજૂ કરતું રહ્યું છે કે જે સાહિત્યના સહારે કેઈ ભાવુક આત્માઓએ, કેઈ પ્રજ્ઞાવંત પુરુષોએ, કેઈ સાધનામગ્ન સાધકોએ સ્વજીવનમાં નવચૈતન્ય, નવું જોમ અને નવો પ્રકાશ પ્રાપ્ત કર્યો છે.

વૈરાગ્યરસવારિધિ પૂજ્યપાદ પ્રવચનકાર પંન્યાસશ્રીનાં પ્રવચનોની એ મૌલિકતા, એ ખાસિયત, એ અનોખી શૈલી છે કે શ્રોતાના હૃદયમાં તે પ્રવચનોનું શ્રવણ એક જબ્બર આંદોલન ઊભું કરે છે ! એથી સંસારનો ભય, પાપસ્થાનકોની ભયંકરતાનો ખ્યાલ, અને સંવેગ-વૈરાગ્ય એવી તો આબાદ અસર કરી જાય છે કે જેના પરિણામે તેનો સંસાર રસહીન અને તેની આંતરવૃત્તિઓ વૈરાગ્યવાસિત બનતી ચાલે છે.

ગત વર્ષમાં 'દિવ્ય દર્શન'માં પ્રગટ થયેલા પ્રવચનો ચાર વિભાગમાં વિભાજિત થયેલાં છે.

(૧) સંસારની જડ (૨) જીવનમાં દિશાનું પરિમાણ શા માટે ?

(૩) ગૃહસ્થધર્મ કેમ દીપે ? (૪) સંસારના ત્રિવિધ પાપ કેમ ટળે ?

પૂજ્યપાદ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે **'પંચાશક'** ગ્રંથમાં વર્ણવેલ શ્રાવકના પરિગ્રહ-પરિમાણ-વ્રત વગેરે પરના પ્રવચનોનો પ્રારંભ થાય છે. **"संसारमूलमारम्भा तेषां हेतुः परिग्रहः" પરિગ્રહને સંસારનું મૂળ-સંસારની** જડ તરીકે પૂજ્યશ્રી વિવેચેલી વસ્તુ વીસ વીસ અંક સુધી ચાલી... પછી તે મૂળનું ઉન્મૂલન કરવા જાણે પ્રથમ ગુણવ્રત **"દિશા-પરિણામ"** નું વિવેચન પરમ પ્રકાશ આપી જાય છે.

અને દિશા પરિણામ દ્વારા સંસારની ફોગટ દોડધામમાંથી નિવૃત્ત થયેલા આત્માનો જ ગૃહસ્થધર્મ દીપે એમ કહેવા ઇચ્છતા તેઓશ્રી **"ગૃહસ્થ ધર્મ કેમ દીપે ?"** એજ વિષયને ખૂબ જ વિશદતાથી રોચક અને બોધક શૈલીથી વર્ણવે છે. તેમાંય ભગવાન શ્રી ઋષભદેવનો પોતાના અઠ્ઠાણુ પુત્રોને ભવ્ય ઉપદેશ જબ્બર જમાવટ કરી જાય છે. **"संबुज्झह किं न बुज्झह..." "સૂત્રકૃતાંગ"** સૂત્રના વૈતાલીય અધ્યનના વૈરાગ્યરસ-કૂપ સમા એ શ્લોકો પરનો પૂજ્યશ્રીનો લલકાર જીવોને મોહનિદ્રામાંથી ઊભા કરી દે છે; માનવ જીવનનાં મહાકર્તવ્યોને અદા કરી

લેવા કટિબદ્ધ કરી દે છે.

અને છત્રીસમો અંક હાથમાં આવતાં જીવનની મહા મુંઝવણોનું મહામૂલું માર્ગદર્શન મળી જાય છે. જાણે પૂજ્યપાદશ્રી સર્વ મુંઝવણોને ટાળવા માટે એક માત્ર **સંસારના ત્રિવિધ તાપોને ટાળવાની** હાકલ કરે છે. 'ચન્દ્ર'નું કથાનક, મારવાડી યુવાનનું કથાનક પ્રસંગે પ્રસંગે અનેક વર્તમાનકાલીન, રાજકીય, સામાજીક અને ધાર્મિક પ્રશ્નોનું સુંદર માર્ગાનુસારી માર્મિક આલોચન, ક્વચિત્ ક્વચિત્ દાર્શનિક ચર્ચાઓ... સ્થળે સ્થળે સંસારની નિર્ગુણતા...રાગની ભયંકરતા... વૈરાગ્યની અનિવાર્યતા વગેરે એટલું તો ભવ્યતાપૂર્વક હૃદયના ભાવોની પૂર્ણપ્રાયઃ અભિવ્યક્તિ પૂર્વક પૂજ્યશ્રી ગુરુદેવે પ્રરૂપ્યું છે, કે જે પ્રવચનોનું મનનપૂર્વક વાંચન જરૂર જીવનનાં સર્વ ક્ષેત્રોને ઉન્નતિકારી અને ઉપયોગી બની જાય.

છેલ્લે છેલ્લે તેઓશ્રીનું વૈરાગ્યવાસિત હૃદય સંસારના સર્વતોમુખી અવલોકન બાદ બોલી ઉઠે છે.

"આવી આધિ-વ્યાધિ-ઉપાધિની ભડભડ બળી રહેલી જ્વાળાઓના તાપ મિટાવવાને જગતમાં દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના સિવાય બીજા કોઈ ઔષધ નથી."

દિવ્ય દર્શન સાપ્તાહિકના એક મુખ્ય સાહિત્ય પ્રદેશ પરનું આપણું સ્મૃતિ પર્યટન અહીં જ અટકાવી દઈ આપણે બીજા વિભાગો પણ ટૂંકમાં જ જોઈ લઈએ.

દિવ્ય-દર્શનના અગ્રલેખોએ છેલ્લા છેલ્લા બે વર્ષમાં ઠીક ઠીક ધ્યાન ખેંચ્યું છે. તેમાં સમાજના વિવિધ ધાર્મિક પ્રશ્નોને વિશાળ-વ્યાપક દૃષ્ટિબિંદુથી મધ્યસ્થભાવે નિરૂપવામાં આવે છે; એટલું જ નહિ પણ બીજા બીજા પણ આધ્યાત્મિક ક્ષેત્રને સ્પર્શતા ચિંતક અને વિચારક પુરુષોના વિચારો આપવામાં આવ્યા છે.

તદુપરાંત 'લલિત-વિસ્તરા' કે જે ટૂંક સમયમાં જ **'પરમતેજ'**ના નામે વિવેચન-ગ્રંથ પ્રકાશિત થનાર છે. તેમાંથી અવસરે અવસરે સર્વજનોપયોગી પ્રકરણો દિવ્ય દર્શનમાં પ્રગટ કરવામાં આવ્યા છે; ઉપરાંત પ્રેરણાદાયી શાસન-પ્રભાવનાના સમાચારો ટૂંકમાં આપવામાં આવે છે; સાથે સાથે શ્રી જિનશાસન અને સંઘ પરના આક્રમણો આવે છે ત્યારે ત્યારે દિવ્ય-દર્શન આક્રમણોનો પ્રતિકાર કરતું રહ્યું છે.

નૂતન વર્ષના પ્રારંભે **'દિવ્ય-દર્શન'**ને આજના કપરા સંયોગોમાં જે મહાનુભાવોએ આર્થિક ટેકો આપીને, પ્રચાર કાર્યમાં પરિશ્રમ કરીને, જૈનેતરોને પણ એના વાંચનમાં રસ લેતા કરીને, યાવત્ એમાં વાંચક સભ્ય બનીને સહાય કરી છે, તે સૌનો આભાર માનીએ છીએ.

વિશ્વમાં આજે જડવાદના જોરશોરથી બ્યુગલ ફુંકાઈ રહ્યા છે, ભૌતિક વિજ્ઞાનનાં નવાં નવાં આવિષ્કરણો, ભોગ-વિલાસને વ્યાપકપણે મહેકાવનારી નવી નવી સગવડો, ઉછળતા લોહીવાળા ઉગતા વર્ગમાં સ્વચ્છંદતા ફેલાવનારી નવી રીતરસમો, નવી પ્રજામાં દેવાધિદેવ અને સંતપુરુષો પ્રત્યેની શ્રદ્ધાભક્તિમાં વિકસતો હ્રાસ તથા ધર્મ પ્રત્યે શ્રદ્ધાને બદલે થતી સૂગ, ધર્મ અને આર્ય સંસ્કૃતિના બાધક કેઈ કાયદા, નવીન સમાજપ્રવૃત્તિઓ, સાહિત્ય, કેળવણીના નવીન ઢંગ ઇત્યાદિ આજે પ્રસરી રહ્યું છે. એની સામે પ્રતિકારરૂપે આજે ઘણું ઘણું કરવા જેવું છે. શ્રાવક કુળના પ્રાચીન પવિત્ર આચારોનું પુનરુત્થાન, સત્સંગની નિત્ય પ્રવૃત્તિ, ધાર્મિક આકર્ષક કાર્યક્રમો, તત્ત્વો અને સુચરિત્રોનાં અધ્યયન, જૈન ધર્મની અનુપમ વસ્તુઓના આધ્યાત્મિક સરળ સાહિત્યનો પ્રચાર, જૈનત્વનું હૈયે ગૌરવ વધારનાર વિવિધ પ્રવૃત્તિઓ, ધાર્મિક પાઠશાળાઓના વિકાસ, તત્ત્વજ્ઞાનનો રસ વધારનારી અને શ્રદ્ધાબળ પોષનારી ઈનામી યોજનાઓ, લેખન-વાર્તાલાપો, વગેરે વગેરે ઉપાયો યોજવાની જરૂર છે.

આમાંના એક ઉપાય તરીકે અમે **'દિવ્ય-દર્શન'** પત્ર દ્વારા આધ્યાત્મિક વાંચન ફેલાવાનો પ્રયત્ન આદર્યો છે; અને એના નક્કર સ્થાયી વાંચકોનો રસ જોતાં અમે કાંઈક અંશે કૃતાર્થતા અનુભવીએ છીએ, ઇચ્છીએ છીએ કે દરેક વાંચક મહાનુભાવ મિત્રમંડળ વગેરેમાં એનો વિશેષ પ્રચાર કરે.

ગત વર્ષમાં પત્રની ક્રાઉન સાઈઝ કરવામાં આવી હતી પરંતુ કેટલાય ભાઈઓનો જુની ફુલ્સકેપ સાઈઝ ઠીક હોવાનો અભિપ્રાય હોવાથી આઠમા વર્ષથી પાછી તે સાઈઝમાં પત્રનું પ્રકાશન શરૂ કરીએ છીએ. એક ફાર્માને બદલે દોઢ ફાર્માનું સાપ્તાહિક વાંચન આપવાનું હોવાથી આજની મોંઘવારીના હિસાબે રૂા. ૫ ને સ્થાને હવેથી રૂા ૬નું વાર્ષિક લવાજમ નક્કી કર્યું છે. તો તે સભ્ય બંધુઓ સવેળા કાર્યાલયે પહોંચતું કરશે એવી વિનંતી છે.

• • •

શ્રી નવકાર મંત્રના તપની અપૂર્વ આરાધના

ખંભાત : શ્રી તપગચ્છ અમર જૈન શાળા ખાતે પૂજ્યપાદ શાંતમૂર્તિ પ્રસિદ્ધ વક્તા પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં તેઓશ્રીના સદુપદેશથી શ્રાવણ સુદી ૧૩થી શ્રી નવકાર મંત્રની આરાધનાનો ભવ્ય સમારોહ શરૂ થયો હતો, આબાલ-વૃદ્ધ સર્વ કોઈના હૃદયમાં આનંદની ઉર્મીઓ ઉછળથી

હતી. જૈનશાળાનો વ્યાખ્યાન હોલ સુંદર રીતે શણગારાયો હતો.

જૈનશાળાના વિશાળ વ્યાખ્યાન હોલમાં દરરોજ સ્નાત્ર મહોત્સવ રહેતું. માસ્ટર બબલ સંગીતથી ધૂન મચાવતા. સંગીત મંડળના યુવાન વિદ્યાર્થીઓ દરરોજ દાંડીયા રાસની રમઝટ બોલાવતા હતા. પ્રવેશની મંગલક્રિયા પૂ. પંન્યાસજી મહારાજે કરાવી હતી, દરરોજ પૂ. મહારાજશ્રી વ્યાખ્યાનમાં નવકાર મંત્રના મહિમાપર, તેની શ્રદ્ધા તથા તેના સ્વરૂપ ઉપર મનનીય અને અદ્‌ભુત વિવેચન કરતા, જે સાંભળી શ્રોતાઓ મંત્રમુગ્ધ બનતા. વ્યાખ્યાનમાં દરરોજ નવકારની ધૂન તેમજ નવકારનું ગીત સામુદાયિક ગવાતું હતું. આ તપમાં છ વર્ષના બાળકોથી માડી ૬૦ વર્ષના વૃદ્ધ સુધી આશરે ૨૭૫ ભાઈ-બહેનોએ પ્રવેશ કર્યો હતો. વાતાવરણ નવકારમય બની ગયું હતું. જુદા જુદા ભાઈઓ તરફથી દરરોજ ઉપધાન તપની જેમ એકાસણામાં વિવિધ પ્રકારની વાનગીઓથી તપસ્વીઓની ભક્તિ થતી હતી. છેલ્લા દિવસે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દેરાસરે ઠાઠમાઠથી પૂજા આંગી થયું. વદ ૭ના તપસ્વી ભાઈ-બહેનોને શેઠ શાંતિલાલ શ્રોફ તરફથી પારણામાં દૂધપાક, પુરીનું જમણ અને દરેકને રૂા. ૧ની પ્રભાવના થઈ હતી.

ઉલ્લાસ પૂર્વક એકાસણાની ટોળીઓ નોંધાવાઈ એ ખંભાતના ઇતિહાસમાં રેકર્ડ રૂપ હતું. પૂ. મુનિશ્રી મહિમા વિજયજી મહારાજશ્રીની પ્રેરણા, પૂ. પંન્યાસજી મહારાજશ્રીનો ભવ્ય ઉપદેશ, પૂ. ચંદ્રપ્રભવિજયજીની આરાધકોને નવકાર ગીત ધૂન તથા શ્રી જૈનશાળાના શ્રી સંઘના ધર્મશીલ કાર્યકરોની ધગશથી આ નવકાર મંત્રના તપની આરાધના કોઈ અભૂતપૂર્વ ઉજવાઈ છે. જેમાં ૬ વર્ષના શિરિશચંદ્ર નવીનચંદ્ર, સાત વર્ષના ચાર બાળકો શ્રી કમલેશકુમાર, જયંતિલાલ, નરેશકુમાર તથા ચંદ્રકુમાર આદિએ પણ નવે દિવસ એકાસણા કરી સુંદર આરાધના કરી હતી. ૬ વર્ષથી ૧૮ વર્ષ સુધીના ૪૦ બાળકો, છથી મોટી ઉંમરના ૫૦ લગભગ ભાઈઓ અને બહેનોમાં ૭ થી ૧૮ વર્ષની બાળાઓની પણ સંખ્યા સારી હતી. પૂ. પંન્યાસજી મહારાજશ્રીની શુભનિશ્રામાં જૈનશાળા ખાતે આ તપ ભવ્ય રીતે ઉજવાઈ ગયો એમ સર્વ કોઈ બોલતા હતા.

• **ખંભાત** : શ્રી તપગચ્છ અમર શાંકુબાઈ જૈન પાઠશાળાનો મેળાવડો પ.પૂ.શ્રી કનકવિજયજી ગણિવરની શુભ નિશ્રામાં ઉજવાયો હતો તે પ્રસંગે શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફ તરફથી રૂા. ૧૫૦ ના ઈનામો વેચાયા હતા અને શિક્ષકોનું યોગ્ય સન્માન કરવામાં આવ્યું.

• **મુંબઈ કોટમાં** પૂ. આ. શ્રી વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના આત્મા,

કર્મ અને ધર્મ ઉપર જોરદાર વ્યાખ્યાનો ચાલી રહ્યા છે. રવિવારના દિવસે તો ગેલેરીઓ પણ શ્રોતાગણથી ભરચક ભરાઈ જાય છે. પૂ. મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજના પણ કાવ્યમય પ્રવચનોમાં ચિકાર મેદની રહે છે. જૈનેતરો તાત્ત્વિક વ્યાખ્યાનોનો સારો લાભ લે છે. સૌ કોઈ શ્રવણથી શ્રી જિનશાસન પર ઓવારી જાય છે.

● **શ્રી નમિનાથજીના ઉપાશ્રયે :** પ. પૂ. આ. શ્રી વિજય વિજ્ઞાનસૂરીશ્વર મ. ની નિશ્રામાં પૂ. પં. શ્રી ચન્દ્રોદયવિજયજી મ. ની જોશીલી ધર્મદેશનાથી વિવિધ ધર્મ પ્રવૃત્તિઓ થઈ. શ્રી ગૌતમસ્વામીના છઠ્ઠની આરાધના ૧૦૦૦ ભાઈ બેનોએ ભવ્ય રીતે કરી. દાનના ઉપદેશમાં પૂ. મહારાજશ્રી કહે છે કે 'કૂવામાંથી પાણી કાઢશો તો નવું ભરાશે; નહિતર પાણી ગંધાઈ જશે...' વગેરે. છઠ્ઠના ઉત્સવમાં રૂા. ૨૦૦૦ ઘીની ઉપજ થઈ.

● **લીંબડી :** જૈન શ્વે. મૂર્તિપૂજક જૈન પાઠશાળાની પરીક્ષા મહેસાણા જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક શ્રી રામચંદ ડી. શાહે લીધી. પરિણામ ૯૫ ટકા આવેલ છે. તેનો ઈનામી મેલાવડો તા. ૨૨-૮-૫૯ ના રોજ પૂજ્ય પં. શ્રી જયંતવિજયજી મ. ની નિશ્રામાં રાખવામાં આવ્યો હતો. પૂ. પંન્યાસજી મહારાજે મંગલાચરણ કરી સમ્યગ્જ્ઞાન માટે સુંદર ઉપદેશ કર્યો હતો. પછીથી દોશી શ્રી દલસુખભાઈ ચત્રભુજે પ્રાસંગિક વિવેચન અને પરીક્ષક શ્રી રામચંદભાઈએ પરીક્ષાનું પરિણામ જાહેર કરી પાઠશાળા અંગે યોગ્ય સલાહ સૂચન અને માર્ગદર્શન આપ્યું હતું. ઈનામો તથા પ્રોત્સાહક ભેટ અપાઈ.

પછીથી બાળક બાલિકાઓએ પ્રાર્થના ગુરુ સ્તુતિ રાસ અને સંવાદો વગેરેનો સુંદર કાર્યક્રમ રજૂ કર્યો હતો. તેમાં શાહ ચંદ્રકાંત જાદવજીભાઈએ નટવાના પ્રસંગમાં સુંદર અને આકર્ષક ઢબે આખી જિંદગીનો ચિતાર રજૂ કર્યો હતો. બાળક બાલિકાઓમાં મેલાવડા અંગે ખૂબ જ ઉમંગ ઉત્સાહ જણાતો હતો.

● **બીજાપુર :** પરમપૂજ્ય પંન્યાસજી શ્રી મુક્તિવિજયજી ગણિવર્ય પંન્યાસ શ્રી હિમાંશુવિજયજી ગણિવરશ્રીની નિશ્રામાં પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વની આરાધના બહુ સુંદર પ્રકારે થઈ. પરમપૂજ્ય મુનિરાજ **પ્રભાકરવિજયજી** મહારાજે **૨૩ વર્ષની** નાની ઉંમરમાં **૪૨ ઉપવાસનો અનુપમ** કોટીનો તપ કર્યો. જૈન જૈનેતર વર્ગ અત્યન્ત આશ્ચર્ય ચકીત અને આકર્ષિત બન્યો હતો ! તપસ્વી મહાત્માના હંમેશા દર્શન વંદન કરી ઘણું ઘણું અનુમોદન કરતા.

પૂ. પ્રભાકરવિજયજી મહારાજે કેટલીય વર્ધમાન તપની ઓળી અને

ઉપવાસાદિ તપ ઘણો ઘણો કરેલો છે. ગયા વર્ષના ફાગણમાં **૯ ઉપવાસ,** ચૈત્રમાં **૧૦ ઉપવાસ,** વૈશાખમાં **૧૧ ઉપવાસ,** જેઠમાં **૧૨ ઉપવાસ,** અષાઢમાં **૧૩ ઉપવાસ,** અને સાંગલી ચાતુર્માસમાં મૃત્યુનો જય કરનાર માસક્ષમણની ભીષ્મ તપસ્યા કરી હતી. **કુંભોજ તીર્થમાં** ઉપધાનતપના શુભ પ્રસંગે **૩૪ ઉપવાસની** દીર્ઘ તપસ્યા આદરી હતી. આ રીતની તપશ્ચર્યા દ્વારાએ એમણે પોતાના આત્માને તપના વિષયમાં ખૂબ ખૂબ કેળવ્યો છે. તપશ્ચર્યાઓમાં એમનું જ્ઞાન ધ્યાન પણ કેટલાએ દિવસો સુધી ચાલતું હતું. ઉત્સાહિતતા, અપ્રમત્તતા અને અગ્લાનતા અખંડ રીતીએ દીપતી. આવા પ્રકારના અનુપમ કોટીના તપનું આરાધન કરવા દ્વારાએ પોતાના આત્માને સુ-કૃતાર્થ કરવા સાથે બીજા અનેક લોકોમાં મોક્ષનું પરમ સાધનભૂત એવા બોધિબીજમાં કારણભૂત બન્યા છે.

પ્રસ્તુત ભીષ્મ તપશ્ચર્યા નિમિત્તે અષ્ટાન્હિકા મહોત્સવ તથા ભવ્ય અષ્ટોત્તરી સ્નાત્ર ભાદરવા સુદ ૭ થી ભાદરવા સુદ ૧૫ સુધી છે. તપસ્વીનું પારણું હતું ત્યારે સવારે વ્યાખ્યાનમાં ૨૦૫૧ રૂા. ની ઉછામણીથી શા. રાયચંદ ખુશાલજીએ ગુરુપૂજનનો લાભ સોનામહોરથી લીધો હતો.

● **પાલીતાણા :** પૂ. આ. શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મ. ના પ્રભાવશાલી ઉપદેશથી અત્રે ધર્મની જાગૃતિ અપૂર્વ વિસ્તરી રહી છે. તેઓશ્રીની પુણ્યનિશ્રામાં શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના દાનથી-શીલથી-તપથી અને ઉત્તમ ભાવથી સારાયે શ્રી ચતુર્વિધ સંઘને નિર્વિઘ્ને સંપન્ન થઈ છે. આ પ્રસંગ પામીને શ્રી તીર્થાધિરાજની શીતલ છાયામાં પૂ. આચાર્યદેવના સુશિષ્યરત્ન તપસ્વી પૂ. પંન્યાસજી **શ્રી રૈવતવિજયજી ગણિવર,** કે જેઓએ પોતાના ૨૭ વર્ષના દીક્ષા પર્યાયમાં પૂજ્ય ગુરુકૃપાથી બે વખત માસખમણો, એક વખત ૩૪ વગેરે અનેક મહાન તપશ્ચર્યાઓ કરી છે. તેમનો પોતાનો પુણ્ય મનોરથ હતો તદનુસાર આ સાલે તેમણે **માસધરથી પ્રારંભી ૪૫ દિવસના ઉપવાસની મહાન તપશ્ચર્યા** પણ જ્ઞાનાદિ રત્નત્રયીની આરાધનામાં ખૂબ જ અપ્રમત્ત રહીને સુખશાતાથી સંપૂર્ણ કરી છે. એ ઉપરાંત આરીસાભુવનમાં પૂ. પંન્યાસજી મહારાજશ્રી **મેરુવિજયજી ગણિવરે** ૮-૧૨ અને ૧૦, પૂ. મુનિવર **શ્રી મહાયશવિજયજી મહારાજે** ૮-૧૬-૧૬ અને ૮, પૂ. મુનિરાજશ્રી **દેવભદ્રવિજયજી મહારાજે** ૧૬, પૂ. પંન્યાસજી **શ્રી વર્ધમાનવિજયજી**

ગણિવરે ૯, પૂ. મુનિ **શ્રી હેમેન્દ્રવિજયજી મહારાજે** ૮. સાધ્વીજી મહારાજોએ એક માસખમણ, ચાર ૧૬-૧૬, એક ૧૫ વગેરે, શ્રાવક-શ્રાવિકાએ એક એક માસખમણ, એક વીસ, પાંચ ૧૬, એક ૧૫, વગેરે તપશ્ચર્યાઓ કરી છે અને ૧૧-૧૦-૯-૮-૭-૬-૫-૪-૩-૨ની તો ઘણી જ સારી સંખ્યામાં થઈ છે. વળી વર્ધમાન તપની ઓળીઓ, લાગટ આયંબિલો, સમવસરણ તપ, સિદ્ધિ તપ, અક્ષયનિધિ તપ, ચોસઠ પહોરી પૌષધ આદિ અનેક આરાધનાઓ પણ ઘણી જ સારી સંખ્યામાં થઈ છે. પાલીતાણાના ભૂમિમાં પ્રતિવર્ષ તપશ્ચર્યાઓ અનેરી થાય છે. તેમાં આ વર્ષે સુંદર ઉમેરો કર્યો છે. અને તેમાંયે પૂજયશ્રીની નિશ્રામાં આરીસાભુવન ખાતે તો તપ વગેરેનો મહાન સત્ર મંડાયો હોય તેમ ઘણી અધિક પ્રમાણમાં થઈ છે. એ સર્વના ઉપલક્ષમાં શ્રી શાંતિસ્નાત્રાદિ અષ્ટાહ્નિક જિનેન્દ્રભક્તિમહોત્સવ ભા. સુ. ૫ થી સુદ ૧૨ સુધી ઉજવાયો.

● **દાદર :** અત્રે બિરાજમાન વયોવૃદ્ધ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પૂ. ઉપાધ્યાયજી શ્રી જયંતવિજયજી મહારાજ તથા પૂ. પં. શ્રી વિક્રમવિજયજી મહારાજ સાહેબની પરમ છત્ર છાયામાં દાદર શ્રી જ્ઞાનમંદિરમાં આરાધક ભાઈ-બહેનોએ સુંદર આરાધના કરી હતી. જેમાં ત્રણ માસક્ષમણ-સોળ-બાર દશ તથા આઠ ઉપવાસ આદિ કરી ચોસઠ પહોરી પૌષધમાં ૨૫૨ ભાવિકોએ પ્રવેશ કર્યો હતો જેમાં ચાર વરસના મનુભાઈના સુપુત્ર અમીતનો પણ સમાવેશ હતો. દરેક ટીપોમાં હજારો રૂપિયાની ઉપજ થઈ હતી. ગીનીઓથી તેમજ મોટી રકમોથી જ્ઞાન તેમજ ગુરુપૂજનો પણ થયા હતાં. અત્રેના સંઘનો ઉત્સાહ અજબગજબનો હતો. પૂજ્ય મુનિરાજશ્રી સુધાકરવિજયજી મહારાજે પાંત્રીસ અને પૂ. ગુણાકર વિજયજી મહારાજે તેર ઉપવાસ તેમજ સાધ્વીજી મહારાજે સોળ ઉપવાસ કર્યા હતા. અત્રે પૂ. સાધ્વીજી શ્રી સર્વોદયાશ્રીજી મહારાજશ્રીની નિશ્રામાં બહેનોએ પણ ઘણી જ આરાધના કરી છે. ભાદરવા સુદ ૫ ના સવારનાં પારણાના ટાઈમે સાધર્મિક ભક્તિનો કાર્યક્રમ ઘણો જ અનુમોદનીય હતો. દરેક સાધર્મિકોના પગ દૂધથી ધોઈ ફૂલહાર તિલક તથા પ્રભાવના કરી હતી. આ પ્રસંગે સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. સુદ ૬ ના સવારનાં રથયાત્રાનો વરઘોડો જેમાં બે રથ ચાંદીના તેમજ ચાંદીની ઈન્દ્ર ધજા-ગાડી સાંબેલા તથા મોટર શરૂઆતમાં નગારાં ગાડી તથા જૈન શાસનનાં મોટા ધ્વજ ફરકાવતાં ઘોડાઓથી વરઘોડો ખૂબ શોભી રહ્યો હતો. ચતુર્વિધ સંઘ સાથે વરઘોડો મુખ્ય રસ્તાઓ ફરી શ્રી શાંતિનાથના જિનાલયે દર્શન કરી જ્ઞાનમંદિર ઉતર્યો હતો.

ભાદરવા સુદ ૧૨ ને સોમવારે સવારે ૮-૩૦ વાગે માટુંગાના જિનાલયે વાજતે ગાજતે પૂ. આચાર્ય મહારાજશ્રીની સાથે ચતુર્વિધ સંઘ ચૈત્ય પરિપાટી નીકળશે.

● **ગઢડા (શીહોર) :** પૂ. મુનિરાજશ્રી માનતુંગ વિ.મ. ની નિશ્રામાં પર્યુષણામાં વિવિધ તપ, નિયમ, ને સૌરાષ્ટ્રમાં પ્રાયઃ પ્રથમવાર અત્રે પોષધ પૂર્વક ચોવિહાર અઠ્ઠાઈઓ થઈ, ભવ્ય વરઘોડો, સારી ઉછામણી, રૂડી ઉજવણી, અપૂર્વ અમારિપડહ, જૈનેતર જનતાનો સાથ, તપ નિમિત્તે નવકારશીઓ, અંગરચના, ભાવના, રાત્રિ જાગરણાદિ સુંદર થયું. હિંસા-ત્યાગાદિના અભિગ્રહો જૈનેતર જનતાએ પણ કરેલ છે. એ પણ ઉપવાસથી માંડી અઠ્ઠાઈ સુધીનું આરાધન રૂડી રીતે કરેલ છે. સ્થાયી માલવણ ટોડા, ટોડી આદિ ગામે જૈનેતર જનતાએ સંવત્સરી દિવસે અણોજો પાળેલ છે તેમજ હિંસા કરવાનું પણ બંધ રાખેલ છે. અપૂર્વ ભવ્ય વરઘોડો ગામ વચ્ચે પ્રથમવાર રૂડી રીતે નીકળેલ છે. ટુંકમાં જનતા ધર્મઘેલી બની જવા પામેલ છે.

● **ધંધુકા :** પૂ. પં. શ્રી ચિદાનંદવિજયજી મ. સાહેબની નિશ્રામાં પર્યુષણપર્વમાં ૧૬-૧૯ આદિ ઉપવાસો ૬૪ પ્રહરી પૌષધો, પ્રભાવનાઓ, પ્રભુજીને ભવ્ય અંગરચનાઓ, પ્રથમના ત્રણેય દિવસોએ પૂજા પ્રભાવના કલ્પસૂત્ર રાત્રિજાગરણ વગેરે રૂડી રીતે થયું હતું. દેવદ્રવ્યની ઉપજ સારી થઈ. સુદ ૫ નું સાધર્મિવાત્સલ્ય હતું અને સુદ ૬ ના નવકારશી થઈ હતી.

● **આકોલા :** પૂ. મુ. શ્રી પ્રીતિતત્ત્વવિજયજી મ. શ્રીની નિશ્રામાં પર્યુષણપર્વ ધામધૂમપૂર્વક ઉજવાયાં. તપશ્ચર્યા, દેવદ્રવ્ય, સાધારણદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, વગેરે ઠીક પ્રમાણમાં થયું. સંઘમાં ઉત્સાહ સારો હતો.

● **લીંબડી :** પ્રશાંતમૂર્તિ પૂ. પંન્યાસજી મહારાજશ્રી જયંતવિજયજી ગણિવરાદિ ઠાણા ૪ પધાર્યા હોવાથી સંઘમાં ઘણો જ આનંદ વર્તી રહ્યો છે. તેઓશ્રીની શુભ પ્રેરણાથી સંઘમાં ૫ સિદ્ધિતપ, ૩ સોળભથ્થા, ૧ અગીયાર, ૨૨ અઠ્ઠાઈઓ વગેરે તપશ્ચર્યાઓ ઘણી સારી થઈ છે. દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, જીવદયા, સાધારણ, વર્ધમાન તપ વગેરે ખાતાઓમાં આવક ઠીક થઈ છે. ભાદરવા સુદ ૩ ની સાંજે રથયાત્રાનો સુંદર વરઘોડો નીકળ્યો હતો. ત્રણ સ્વામિવાત્સલ્ય થયા, પૂજાઓ ભણાવાઈ. રોજ ત્રણે દેરાસરે પ્રભુજીને સુંદર અંગરચના વગેરે ભક્તિઓ થયેલ, રાત્રિજાગરણ, ભાવના, પ્રભાવના, તથા બહેનોને ગાવાનું ચાલતું હતું. તપસ્યા નિમિત્તે ભાદરવા સુદ ૭ થી શાંતિસ્નાત્ર અષ્ટાન્હિક મહોત્સવ થયો, મુનિપ્રવર શ્રી મણિશેખરવિજયજીએ ૯ ઉપવાસ કર્યા હતા.

● **આંકલાવ :** પરમ પૂજ્ય મુનિરાજશ્રી જયવિજયજી મહારાજ આદિ ઠા.

૨ની નિશ્રામાં પર્યુષણ પર્વની ભવ્ય આરાધના થઈ. તપસ્યા, પૂજાઓ, રાત્રિજાગરણ, પ્રભુજીને ભવ્ય અંગરચના, પ્રભાવનાઓ, વગેરે થઈ. પર્યુષણમાં જૈનોમાં સદંતર દુકાનો બંધ રહી દેવદ્રવ્યાદિ ઉપરાંત દેરાસરના સાધારણ ખાતામાં કેસર-સુખડ માટે લગભગ પંદરસો રૂપિયાની ટીપ થઈ. ભાદરવા સુદ ૫ સુંદર વરઘોડો નીકળ્યો હતો.

● **ખીવાંદી :** પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના વયોવૃદ્ધ શિષ્ય ઉપાધ્યાયજી શ્રી ધર્મવિજયજી મહારાજ તથા પૂ. મુનિરાજશ્રી પુણ્યોદયવિજયજી મ. વિમલપ્રભવિજયજી મહારાજ આદિ ઠાણા ૩ ચાતુર્માસ બિરાજે છે. પૂ. પુણ્યોદયવિજયજી મ. ની વૈરાગ્યવાહીની દેશના ચાલુ છે. નવકાર મહામંત્ર તપ, લક્ષજાપ, અક્ષયનિધીતપ વગેરે આરાધના તથા પર્વાધિરાજ પર્યુષણ પર્વની સુંદર આરાધના થઈ હતી. ૧૬-૧૧-૧૦-૮ ઉપવાસ વગેરે સારી તપસ્યા થઈ, પૂજા, પ્રભાવના આંગી અક્ષયનિધિ તપનો વરઘોડો સુંદર રીતે નીકળ્યા. જૈન યુવક મંડળની વર્ષગાંઠ ભાદરવા સુદ ૫ ને ધૂમધામથી ઉજવાઈ.

● **પાલેજ :** પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરની નિશ્રામાં અક્ષયનિધિ તપમાં બાલક-બાલિકા પણ સારા જોડાયા હતા. ચૌદ સ્વપ્ના, પ્રભુપારણું આદિની લગભગ ૭૦૦ મણ ઉપજ થઈ. અઠ્ઠાઈ આદિ તપ, બે સંઘ જમણો, નૂતન રથ સહિત પ્રભુનો વરઘોડો આદિથી પર્યુષણ સારી રીતે ઉજવાયા.

● **કરજણ :** પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણ સારી રીતે ઉજવાયાં. પૂજાઓ, અંગરચનાઓ, ભાવનાઓ, તપસ્યા, પ્રભાવનાઓ, ઉપજ, સંઘજમણ, ભવ્ય વરઘોડો, પાઠશાળા, સાધારણ આદિની ટીપ વગેરે દ્વારા શાસન પ્રભાવના સારી થઈ હતી. પૂ. મુનિશ્રીના પધારવાથી આઠેય દિવસ વ્યાખ્યાનશ્રવણ, પ્રતિક્રમણ નહિ કરનાર વ્યક્તિઓએ પણ સુંદર લાભ ઉઠાવ્યો.

● **ધુલીયા :** પૂ. મુનિશ્રી અભયવિજયજી મ. ની નિશ્રામાં સંઘને ચોમાસું સારા લાભમાં ચાલે છે. વ્યાખ્યાનમાં સ્થાનકવાસી કચ્છીદશા ઓસવાલ વગેરેએ પણ મોટી સંખ્યામાં લાભ લીધો. ચૌદ સ્વપ્ના, પ્રભુપારણું આદિની લગભગ ૧૮૦૦ મણ જેટલી ઉપજ થઈ, અઠ્ઠાઈ આદિ તપો, વરઘોડો, રાત્રિજગો, ભાવના, પ્રભાવનાઓ દ્વારા શાસન પ્રભાવના સારી થઈ.

● **લીંબડીનગરે :** ઉજવાએલ ભવ્ય શાંતિસ્નાત્રાદિ જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ.

શાંતમૂર્તિ પૂ.પં.જયંતવિજયજી ગણિવર આદિની નિશ્રામાં પૂ.સાધ્વીજી શ્રી ગુણોદયા-શ્રીની મ.ની પ્રેરણાથી તપશ્ચર્યા નિમિત્તે શાંતિસ્નાત્રાદિ મહોત્સવ ઉત્સાહ પૂર્વક ઉજવાયો. સ્વામિવાત્સલ્ય થયું. અમદાવાદથી ગવૈયા શ્રી ગજાનંદભાઈની ટોળી આવવાથી પ્રભુ ભક્તિમાં સુંદર રસ જામ્યો. ક્રિયાકારક કાંતિલાલ મણિલાલ તથા મનુભાઈ વગેરે આવવાથી ઉત્સાહમાં વધારો થયો. જીવદયાનો ફાળો લગભગ રૂા. ૭૦૦ નો થયો હતો. ભાદરવા સુદ ૧૫ ના સવારે સંઘ-સામુદાયિક સ્નાત્ર મહોત્સવ ઉજવાયો. ઘણાં વરસે આ પહેલવહેલો અનુમોદનીય પ્રસંગ ઉજવાયો. મહોત્સવ પર બહાર ગામથી માણસ ઠીક આવ્યું હતું.

● **શિવગંજ :** પર્યુષણ મહાપર્વની આરાધના સુંદર રીતે થયેલ. જૈન ઓસવાલની ધર્મશાળામાં અષ્ટાન્હિક અને કલ્પસૂત્ર બાલાવબોધનું વાંચન શ્રીયુત પં. જેશીંગલાલભાઈએ કરેલ. જેમાં જનતાએ સારો લાભ લીધો હતો. અને રૂા ૧૦૧મણ ઘીએ પારણું લેવાયું પોરવાલોની ધર્મશાળામાં કલ્પસૂત્ર બાલાવબોધનું વાંચન શ્રીયુત ભીકમચંદજીભાઈએ કરેલ અને ૨૫૧ મણ ઘીએ પારણું લેવાયું. ચોસઠ પહોરી પૌષધ ૫૦ થી ૬૦ અઠ્ઠાઈ આદિની તપશ્ચર્યાઓ સારા પ્રમાણમાં થયેલ. વિદ્યાલયના વિદ્યાર્થીઓમાં ૯ ચોસઠ પહોરી પોષધ, ૧ પાંચ ઉપવાસ, ૨ અઠ્ઠમ ૯ છઠ્ઠ અને છૂટક ૭૫ ઉપવાસ થયેલ.

● **ચૂડા :** પૂજ્ય મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મહારાજ આદિની નિશ્રામાં સુંદર પ્રકારે ધર્મ આરાધના થઈ રહી છે. શ્રી નવકાર મંત્ર તપ, શ્રી નવનિધાન તપ, કોળીયાવ્રત, વાડકાવ્રત, વગેરે તપો થયા પછી શ્રી અક્ષયનિધિ તપમાં ૫૧ ભાઈ-બહેનો જોડાયા. દરરોજ ક્રિયા સંગીત સાથે રાગ રાગણીમાં થતી.

● **સુરેન્દ્રનગર :** અત્રે પૂ. પં. શ્રી પદ્મવિજયજી મહારાજની તબીયત આમ તો સ્ફુર્તિમાં રહે છે પરંતુ કેન્સર પછીની કિરણોની ટ્રિટમેન્ટથી ચોક્કસ પ્રકારના શારીરિક નુકસાન ચાલુ છે. ગળામાં પ્રવાહી જ ઉતરી શકે છે. જમણા ભાગનો મોંનો ભાગ કાર્ય શક્તિહીન બની ગયો છે, જેમની આંખ પર ભાર, જમણું નાક નિષ્ક્રિય, જમણા મુખ ભાગથી ડાબી બાજુ કોળિયો ન જઈ શકે, ઈત્યાદિ અશાતા વર્તે છે. અવાજ પણ બેસી ગયો છે. મુખને આંચકા જેવું પણ લાગે. એઓશ્રી અરિહંતનું ધ્યાન, વિવિધ જાપ, વગેરેમાં લીન રહી સમાધિ સુંદર જાળવે છે. સંવત્સરીનો ઉપવાસ, બારસાશ્રવણ પ્રતિક્રમણ વગેરે સારી કરેલ. આઠમને પણ ઉપવાસ કરી શ્રી વીસ સ્થાનકની આરાધના શરૂ કરી.

● ● ●

● શ્રી સંઘની જાણ માટે નીચે મુજબનું 'જન્મભૂમિ' પંચાંગમાં છપાયેલ લખાણ અહીં રજૂ કરાય છે. ●

શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છીય શ્રી સંઘે 'જન્મભૂમિ પંચાંગ'નો **ઉપયોગ કરવાનો** સર્વસમ્મત નિર્ણય કર્યો છે તેને અનુલક્ષીને 'જન્મભૂમિ પંચાંગ' કાર્યાલય તરફથી આચાર્યશ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી તથા આચાર્યશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજીને જૈનો માટેની આરાધ્ય તિથિઓ સંબંધમાં નીચેના ચાર મુદ્દાઓ પર મંતવ્ય લખી મોકલવા વિનંતી કરવામાં આવી હતી. ૧. આપનું તિથિનું ધોરણ કયા આધાર પર છે ? ૨. બીજા પક્ષનો આગ્રહ શા માટે અને શું કારણે છે ? ૩. બંને પક્ષોનો સમન્વય કરનાર કયા ધોરણે સમન્વય ઇચ્છે છે ? ૪. બંને પક્ષો અને સમન્વય ઇચ્છનારા એમ ત્રણને સંતોષી શકાય તેવો શાસ્ત્રશુદ્ધ માર્ગ આપ સૂચવશો.

આચાર્યશ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી તથા આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી તરફથી મળેલા મંતવ્યો અહીં આપવામાં આવેલ છે. તેમજ 'જન્મભૂમિ પંચાંગ' ના આધારે બંને આચાર્યશ્રીએ પર્વારાધના માટે તૈયાર કરેલી તિથિપત્રિકાઓ પણ અહીં આપવામાં આવેલ છે.

આચાર્યશ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજનો પત્ર

તમારા તા.૧૬-૬-૫૯, તા.૧૯-૬-૫૯ અને તા.૬-૭-૫૯ના પત્રો મળ્યા. તેમાં તમોએ તિથિ બાબતના ચાર મુદ્દા ઉપર અમારું મંતવ્ય તમારા પંચાંગમાં પ્રસિદ્ધ કરવા માટે તમોએ લખી મોકલવા અમારી પાસે માગણી કરી તો તેના જવાબમાં તે બાબતમાં અમારું મંતવ્ય નીચે પ્રમાણે છે. જે તમો તેમાં ફેરફાર કર્યા સિવાય તમારા જન્મભૂમિ પંચાંગમાં જરૂર પ્રસિદ્ધ કરી શકો છો.

અમારા તપાગચ્છ શ્રી દેવસૂર જૈન સંઘમાં તિથિની આરાધનામાં બાર પર્વતિથિની ક્ષયવૃદ્ધિ (વધઘટ) નહિ કરવાની શાસ્ત્ર શુદ્ધ પ્રણાલિકા આજ સુધી એકસરખી ચાલી આવે છે. અને એ રીતે અમારા તમામ સંવિગ્ન ગીતાર્થ પૂર્વના અને વર્તમાન પૂજ્ય મહાપુરુષો અત્યાર સુધી બાર પર્વ તિથિને અખંડ રાખીને જ આરાધના કરતા આવ્યા છે અને કરાવતા આવ્યા છે.

પણ અમારામાંથી જ્યારે એક વર્ગે સંવત ૧૯૯૨ના પર્યુષણ મહાપર્વમાં તે ચાલી આવતી શાસ્ત્રશુદ્ધ પ્રણાલિકામાં ફેરફાર કરી આરાધનામાં ભાદરવા સુદ પાંચમ બે કરી અને આરાધનામાં તિથિ વધઘટ કરવાની જુદી પ્રણાલિકા શરૂ કરી

ત્યારથી એટલે સવંત ૧૯૯૨થી તે એક વર્ગથી તિથિ આરાધનામાં મતભેદ ઉપસ્થિત થયા જેને આજે ત્રેવીસ વર્ષ થયાં છે.

તો હવે તિથિ આરાધનામાં તે મતભેદનો ઉકેલ લાવવા, સમન્વય કરવા તથા એકમત થવા તે વર્ગની શી ઇચ્છા છે ? અને કઈ રીતે તે વર્ગ તે મતભેદનો ઉકેલ લાવવા, સમન્વય કરવા અને એકમત થવા ઇચ્છે છે ?

આ બાબતમાં તે વર્ગમાના વયોવૃદ્ધ આચાર્યશ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ, આ.શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ, આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ, આ. શ્રી વિજય રામચંદ્રસૂરીજી મ. નો ચોક્કસ વિચાર સ્પષ્ટ રીતે તમારે સમજી લેવો અને થોડા સમયથી તેઓએ આચરેલી તિથિ વધઘટ કરવાની તે જુદી પ્રણાલિકા છોડી દઈ અમારા આખા તપાગચ્છ શ્રી દેવસુર શ્રી ચતુર્વિધ જૈન સંઘની સાથે ભળી જઈ અને તિથિ વધઘટ નહિ કરવાની તે પ્રાચીન પ્રણાલિકાને એકસરખી રીતે તે વર્ગ માન્ય રાખે તે તે રીતે તમારે તે વર્ગને નમ્ર વિનંતી કરવી; જેથી સમન્વય ઇચ્છનારની ભાવનાની અને આ બાબતમાં તમારી પ્રવૃત્તિની સફળતા જરૂર થશે એમ અમોને લાગે છે.(સહી) **પ્રતાપ વિ.ના ધર્મલાભ. પાલીતાણા.**

જૈન તિથિદિન અને પર્વારાધન સંબંધી સ્પષ્ટીકરણ
આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી

શ્રી જૈન શાસનમાં પર્વાદિનું આરાધન તિથિ આશ્રિત છે. તેથી તિથિ-ભોગકાળનો નિર્ણય કરીને તિથિદિનનો અને પર્વદિનનો નિર્ણય કરવો પડે છે. સાથે કેટલાક પર્વો માટે માસ અને પક્ષનો નિર્ણય પણ કરવો પડે છે. પંચાંગનો આશ્રય લઈને જ આ નિર્ણય કરી શકાય છે. જૈન પંચાંગ વ્યુચ્છિન્ન થતાં, લૌકિક પંચાંગને અનુસારે જ તિથિપ્રવૃત્તિ કરવાનું વિધાન શ્રી જૈન શાસ્ત્રોમાં કરાયું છે. હાલ આ નિર્ણય જન્મભૂમિ પ્રત્યક્ષ પંચાંગથી કરાય છે, કારણ કે વિ.સં. ૨૦૧૪ના દ્વિ. શ્રાવણ વદ ૭, તા. ૫-૯-૫૮ શુક્રવારે જાહેર કરાયું છે, કે ''શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છીય શ્રીસંઘે અત્યાર સુધી પંચાંગ તરીકે ચણ્ડાંશુચણ્ડું પંચાંગનો ઉપયોગ કર્યો છે. પણ આજથી એ પંચાંગની જગ્યાએ જન્મભૂમિ પ્રત્યક્ષ પંચાંગનો ઉપયોગ કરવા આપણા શ્રી તપગચ્છીય આચાર્ય મહારાજો આદિએ સર્વસમ્મત નિર્ણય કર્યો છે. શ્રી રાજનગરનો જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છીય શ્રીસંઘ આજથી તે પ્રમાણે વર્તવા જાહેર કરે છે.''

''उदयम्मि जा तिहि...'' ''क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या

तथोत्तरा ।'' ''जं जा जम्मि हु दिवसे समप्पइ सा पमाणं ति ।'' વગેરે વિધાનો શ્રી જૈન શાસ્ત્રોમાં છે. પંચાંગદર્શિત તિથિ-ભોગકાળ અને આ વિધાનોને લક્ષ્યમાં રાખીને તિથિદિન અને પર્વદિનનો નિર્ણય કરવાનો છે. જે દિવસના સૂર્યોદય સમયે જે તિથિ ભોગવટામાં હોય તે દિવસે તે તિથિનો દિવસ માનવાનો. આમ બધા દિવસો તિથિદિન તરીકે નક્કી થઈ ગયા. આમાં દરેક તિથિને જો દિવસ મળ્યો હોત અને દરેક તિથિને પણ જો એક જ દિવસ મળ્યો હોત તો પર્વ દિનનો નિર્ણય સુલભ હતો, પરંતુ થોડીક તિથિઓ એવી હોય છે કે જે તિથિઓ ભોગવાય છે ખરી પણ તેનો ભોગવટો કોઈ પણ દિવસના સૂર્યોદય સમયે નથી હોતો અને તેથી તે ક્ષીણ તિથિ ગણાય છે. તેમજ થોડીક તિથિઓ એવી પણ હોય છે કે તિથિનો ભોગવટો લાગલાગટ બે દિવસોના સૂર્યોદય સમયે હોય છે અને તેથી તે વૃદ્ધિતિથિ ગણાય છે. આથી જે દિવસે જે તિથિનો ભોગવટો સમાપ્ત થતો હોય તે દિવસને તે તિથિના પર્વનો દિવસ માનવાનું વિધાન કરાયું. આમ તિથિ એક ને દિનેય એક, તિથિ બે ને દિન એક, તિથિ એક ને દિન બે એમ તિથિદિન નક્કી થયા તથા એક દિન ને એક પર્વ અને એક દિન ને અનેક પર્વ એમેય નક્કી થયું, જે તિથિપત્રિકામાં અને કલ્યાણક પર્વોના કોઠામાં જોઈને જાણી શકાશે. જે પર્વો માસ અને પક્ષની અપેક્ષા સાથે તિથિની અપેક્ષા રાખે છે. તે પર્વોની તિથિના અને પર્વના દિન અધિક માસ હોય ત્યારે બીજા માસમાં જ ગણાય છે.

શ્રી જૈન શાસ્ત્રોના આધારે જ ઉપર મુજબની માન્યતા છે, પરંતુ બીજો પક્ષ એમ કહે છે કે પર્વતિથિની હાની વૃદ્ધિ મનાય જ નહિ, માટે પર્વતિથિની હાનિ-વૃદ્ધિ આવે ત્યારે તેની પૂર્વની તિથિની હાનિ-વૃદ્ધિ કરવી અને પર્વની તિથિ જો પર્વતિથિ હોય તો તેની પણ પૂર્વની તિથિની હાનિ-વૃદ્ધિ કરવી. આમ કલ્પિત હાનિ-વૃદ્ધિ કરવાનું પણ એ પક્ષ સર્વ પર્વતિથિઓ માટે કહેતો નથી પણ માત્ર ૨, ૫, ૮, ૧૧, ૧૪ અને ૧૫ કે ૦)) પુરતું જ કહે છે. આવું એ પક્ષ કહે છે તેમાં આધાર તરીકે એ પક્ષ પરંપરાને આગળ કરે છે. શ્રી જૈન શાસ્ત્રોએ પરંપરાને પણ માન્ય રાખવાનું કહેલ જ છે. પણ જે પરંપરાને માન્ય રાખવાનું કહેલ જ છે તે પરંપરાના લક્ષણ બતાવેલાં છે તથા એ લક્ષણો વિરુદ્ધની પરંપરા ચાહે તેટલી પ્રાચીન હોય તો પણ તેને તજીને શાસ્ત્રશુદ્ધ માર્ગને ગ્રહણ કરવાનું શ્રી જૈન શાસ્ત્રોએ ઉપદેશેલું છે. એ પક્ષની એ કહેવાતી પરંપરા વ્યવસ્થિત ચાલેલી પણ નથી, નહિતર ૧૯૫૨માં ભાદરવા સુદ પાંચમના ક્ષયે શું કરવું એ પ્રશ્ન ચર્ચાસ્પદ બનત નહિ. સં. ૧૯૯૧માં પણ એ પક્ષનાએ એકમ-બીજ ભેળા લખેલ મોજૂદ છે. બાર પર્વમાં પૂર્વ-પૂર્વતરની હાનિ વૃદ્ધિ કરવા જતાં સૌથી મોટો દોષ તો એ પેદા

થાય છે કે જે દિવસે સંવત્સરીની, પખ્ખીની અને ચોમાસાની તિથિ સૂર્યોદયને પામીને સમાપ્તિને પામી હોય તે દિવસને ત્રીજ તેરશ માની વિરાધાય છે અને જે દિવસે એ પર્વ તિથિના ભોગકાળનો એક અંશ માત્ર પણ ન હોય તે તિથિ માત્ર કલ્પનાથી આરાધાય છે. બાર પર્વી સિવાયની કોઈ તિથિ પૂર્વતિથિ જ ન હોય એવો ભ્રમ પણ પેદા થાય છે. આવા તો એ માન્યતામાં ઘણા અનર્થો સમાયેલા છે અને જો એ પક્ષના વિદ્વાન મહાત્માઓ સરળ ભાવે વિચારે તો તેઓના ખ્યાલમાં એ આવ્યા વિના રહે નહિ; પરંતુ શ્રીસંઘની એ પણ એક કમનસીબી છે કે એ મહાત્માઓ એ વિષયની વિચારણા કરીને નિર્ણય કરવામાં સમ્મત થયા નથી.

જન્મભૂમિ પંચાંગને અનુસારે જે દિવસે જે તિથિનો ભોગ સૂર્યોદયને સ્પર્શીને અથવા તો સૂર્યોદયને સ્પર્શ્યા વિના પણ સમાપ્ત થતો હોય તે દિવસે તે તિથિએ નિયત પર્વાદિનું આરાધન થાય એવો કોઈ ઉકેલ આવતો હોય તો આ પક્ષના મારા પૂજ્યો આદિ એ ઉકેલને સ્વીકારવાને તૈયાર જ છે. એટલું જ નહિ પણ લવાદી પદ્ધતિએ નિવેડો લાવવાનો બીજો પક્ષ તૈયાર હોય તો તે માટે પણ આ પક્ષ ફરીથી પણ લવાદીમાં જવાને તૈયાર જ છે. મને ખાતરી છે અને જો એમાં ભૂલ જેવું ગણાય તો તે માટે શ્રીસંઘની માફી માગવાને પણ તૈયાર છે.

સહી-**વિજય રામચંદ્રસૂરિના ધર્મલાભ.** સં. ૨૦૧૫ના અષાઢ સુદિ ૫, શનિ, (સાદડી-રાજસ્થાન).

• • •

• **દાદર :** ભાદરવા સુદ ૧૨ અત્રેથી પૂ.આ.શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં સંઘે માઢુંગા સુંદર ચૈત્યપરિપાટી કરી. ૫૦૦ ઉપર ભાઈ-બહેનો હતા. આરાધક મંડળ તરફથી લાડુ ગાંઠીયાનું ભાતું અપાયું. બંને મોટા દેરાસરો ઉપરાંત શેઠ ગોવિંદજી ખોનાના આમંત્રણથી એમના ઘર દેરાસરે દાદર જિનભક્તિ મંડળ પ્રભુભક્તિની રમઝટ મચાવી. પૂ. આચાર્યદેવે માંગલિક સંભળાવ્યા બાદ ગોવિંદજીભાઈએ ગીનીઓથી ગુરુપૂજન કર્યું, અને સંઘમાં પધારેલ દરેક ભાઈ બહેનોને ચાંલ્લા કરી ૧-૧ રૂા. તથા શ્રીફળથી સંઘપૂજા કરી; અને ગળગળે સ્વરે ક્ષમા માગી કે શ્રી સંઘને જમાડવાની ઉમેદ છતાં વરસાદના કારણે હું કાંઈ કરી શક્યો નથી. પૂ.પં.શ્રી વિક્રમવિજયજી મહારાજે સંઘપૂજનનું મહત્ત્વ સમજાવ્યું.

• **સાબરમતી :** પૂ.આ.શ્રી વિજય ઉમંગસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પર્યુષણા રૂડી રીતે આરાધાયા.

• **નંદરબાર :** પ.પૂ.આ.શ્રી વિજયભુવનતિલકસૂરિજી મ. આદિના પધાર્યા બાદ જનતામાં ધર્મ-જાગૃતિ ઘણી સારી આવી. પર્યુષણમાં એક માસખમણ, એક સોળભથ્થુ, પંદર અઠ્ઠાઈ, છ, પાંચ, ચાર, ત્રણ વગેરેથી ૮૦ તપસ્વીઓ હતા. એમને વીસેક લહાણીઓ, અંગરચનાઓ, ભાવનાઓ, વ્યાખ્યાનોમાં નવી વ્યક્તિઓએ સારો લાભ ઉઠાવ્યો. ઉપજો સારી થઈ. પ્રભાવનાઓ, વરઘોડો, પારણા કરાવાયાં.

નંદરબારના ઈતિહાસમાં પૂ. આચાર્યદેવનું આ ચાતુર્માસ સર્વ પ્રકારે આદર્શ ધર્મ-પ્રભાવનાઓ થવાથી ચિરસ્મરણીય થવાનું જનતા બોલી રહી છે. એક ભવ્ય ઉદ્યાપનશાન્તિસ્નાત્ર મહોત્સવ સુદ ૧૧થી ઉજવવાનું નક્કી થયું છે. ઉછામણીઓ રંગેચંગે થઈ. પ્રભુજીને ભવ્ય આકર્ષક રચનાઓ થઈ. તપસ્વીઓ તરફથી બેન્ડ આવ્યું હતું. જેનો સૂરીલો અવાજ પર્વાધીરાજ પર્વની વધાઈ ગાઈ રહ્યો હતો. તપસ્વીઓ તરફથી બે ભવ્ય વરઘોડાઓ નીકળ્યા. મોટરોમાં બેઠેલા સુખી અને સુકુમાર યુવાનોની તપસ્યા સૌ કોઈને તપની મહત્તા સમજાવવા સાથે આંખો ભીની કરી રહી હતી. સંવત્સરીના દિવસે કસાઈખાનું બંધ કરાવ્યું હતું.

• **વડાલી :** પૂ.પં.શ્રી પ્રવિણવિજયજી ગણી આદિ ઠાણા પની નિશ્રામાં કદી પણ ન ઉજવાયેલા એવા અને અમાપ ઉત્સાહી વાતાવરણ વચ્ચે પર્યુષણ પર્વની ઉજવણી થઈ છે. એકાસણા જેવું પણ તપ નહીં કરનાર એવા યુવાનીઆઓએ પણ અઠ્ઠાઈની તપશ્ચર્યાની હિંમત દાખવી. પારણા બાદ પૂજ્યશ્રીની દેશના બાદ તપસ્વીઓને પારણાં કરાવનાર તરફથી ફૂલની માળા, ચાંલ્લો, શ્રીફળ, એક એક રૂપિયાની પ્રભાવના જુદા જુદા ગૃહસ્થો તરફથી લગભગ ૧૭ પ્રભાવનાઓ થઈ. પારણાનું દૃશ્ય રોમાંચક હતું. અઠ્ઠાઈ, પંદર વગેરે તપસ્યા જ્યાં સુધી ન થાય ત્યાં સુધી અમુક વસ્તુના ત્યાગનો અભિગ્રહ ઘણા ભાઈબહેનોએ ગ્રહણ કર્યો હતો. પારણા કરાવનાર વકીલ શ્રી મોહનલાલ તરફથી સવારે તેમજ મહેતા મણિલાલ કાલીદાસ જેઠાભાઈ તરફથી સાંજે સ્વામીવાત્સલ્ય થયું. તેમજ સુદ ૬ અને ૭ ના રોજ સવારે ભાથુ તેમજ સ્વામીવાત્સલ્ય જુદા જુદા ગૃહસ્થો તરફથી થયેલ. પાંચમના બપોરે ભવ્ય વરઘોડો નીકળ્યો. પૂજ્ય મહારાજશ્રીની દેશનાથી કેટલા મતભેદો પણ દૂર થાય. **પૂ.પં. શ્રી પદ્મવિ.મ.**ના શુભ પ્રયાસથી અત્રે સ્ત્રીઓનો ઉપાશ્રય બાંધવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. પર્યુષણ પર્વની આવી ભવ્ય ઉજવણી પૂજ્ય પં. શ્રી મહિમાવિ.મ.ના દરરોજ થતા પ્રેરક પ્રવચનને આભારી ગણાય. ખરેખર આ ચાતુર્માસ વડાલીના સંઘ માટે ચીરસ્મરણીય બની રહેશે. તપસ્યા ઉ. ૧૫/૨, ૮/૨૭, ૯/૨, ૪-૫/૧૬, ૨-૩/૧૨૫ થઈ. ભાદરવા સુદ ૮ ના ભંડારી જયંતીલાલ ચુનીલાલ તથા તેમની ધર્મપત્ની અ.સૌ. સવિતાએ અઠ્ઠાઈ કરેલ તે નિમિત્તે પાવાપુરીની

ભવ્ય અને આકર્ષક રંગોળીથી રચના પેઈન્ટર વીનુભાઈ દોશીએ કરી હતી. તેમ તેમના તરફથી ગવૈયા ગજાનંદની પાર્ટી અમદાવાદથી આવતાં પૂજા તથા ભાવનામાં ખૂબ ઉલ્લાસ થયો હતો. ભાદરવા સુદ ૧૧ શ્રી હીરસૂરીશ્વરજી સ્વર્ગદિન વ્યાખ્યાન આંબેલથી ઉજવાયો.

• **વાપી :** પર્યુષણાપર્વ રૂડી રીતે આરાધાયા. ભાદરવા સુદ ૫ ના દિવસે ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. નાના તપો ઉપરાંત ૧૬ (સોળ) ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા શ્રીમતી મણિબેન છગનલાલે કરી હતી. જૈન તથા જૈનેતરોમાં ખૂબ અનુમોદના થઈ. તપના પ્રભાવરૂપે ગઈ રાતના **૩ કલાકે** શ્રાવિકા બહેન સુતા હતા ત્યાં **શ્રાવિકા ઉપાશ્રયમાં ચમત્કારિક અવાજ સંભળાયો હતો. લગભગ બે કલાક સુધી ઘુઘરાતો જેવો અવાજ** સાધ્વીજી મહારાજે સાંભળ્યો હતો. આ દરમ્યાન સાધ્વીજી મહારાજ સ્વાધ્યાયાદિ કરતા હતા.

• **સુરેન્દ્રનગર :** પૂ.પં.શ્રી પદ્મવિજયજી ગણિવરની વધતી બિમારીના સમાચાર ગયા અંકમાં અપાયા હતા. તે પછી નોંધપાત્ર સુધારો એ બન્યો કે એઓશ્રીએ ભા.વ.૫ થી સળંગ ઉપવાસ શરૂ કર્યા છે. આજે વદ ૦)) એમને ૧૧ મો ઉપવાસ છે. એમાં એમને મુખ પરના આંચકા બંધ થઈ ગયા છે, જમણી આંખ પરનું દબાણ ઘટી ગયું છે. માથાના દુઃખાવામાં પણ રાહત આવતી જણાય છે. શ્રી અરિહંત પદની આરાધના ઉપરાંત જાપધ્યાન વગેરે ચાલુ છે.

• **મુંબઈ :** શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘની ધાર્મિક શિક્ષણ પ્રચાર અંગે પ્રવૃત્તિ ચાલી રહી છે. 'જીવનમાં ધર્મનું સ્થાન' એ વિષય પર કચ્છી દ.જૈન વિદ્યાલયમાં નિબંધ લખાવવામાં આવ્યો હતો. તેમાં કૉલેજના ૨૨ અને શાળાના ૪૩ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો. તેમજ લાલબાગ ઉપાશ્રયમાં વક્તવ્યો ગોઠવવામાં આવ્યા હતા, તેમાં કૉલેજના ૧૬ ને શાળાના ૨૨ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ લાભ લીધો. બંને હરિફાઈમાં કુલ ૧૨ વિદ્યાર્થી ભાઈબહેનોને નિર્ણાયક સમિતિએ વિશિષ્ટ અંક આપ્યાથી અને શાળાના દરેક ૩-૩ વિદ્યાર્થીને અનુક્રમે રૂ. ૨૫-૧૫-૧૦ નું એમ કુલ રૂ. ૨૦૦ નાં ઈનામ આપવામાં આવ્યા. હરિફાઈને યશસ્વી બનાવવા કાર્યકરો ઉપરાંત શ્રી કેશવલાલ મોહનલાલ શાહે સારો પ્રયત્ન કર્યો. સૂત્ર હરિફાઈ અંગે શ્રી મોતીલાલ ઉજમશીભાઈ તરફથી સંસ્થાને રૂ. ૫૦

ઈનામ માટે ભેટ મળ્યા.

● માટુંગા શ્રી બુદ્ધિસાગરસૂરિ જૈન પાઠશાળાનો વાર્ષિક ઈનામી સમારંભ પૂ. આ. શ્રી વિજય ચંદ્રસાગરસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં યોજાયો. પાઠશાળા તરફથી રૂ. ૬૫૦ ના ઈનામો વહેંચાયા.

શ્રી જૈન ધાર્મિક વિદ્યાર્થી મંડળની સભા શ્રી કાન્તિલાલ ઉજમશીના પ્રમુખપદે મળી. તેમાં ચુંટણી ઉપરાંત વિદ્યાર્થી સહકારી ભંડારની થયેલી પ્રવૃત્તિની નોંધ લેવાઈ. પ્રવૃત્તિમાં શાળોપયોગી સ્ટેશનરી વગેરે, રૂ. ૩૦૦૦ની કિંમત ઉપરાંત વિદ્યાર્થી ભાઈ-બહેનોને સસ્તા ભાવે અપાયું. પૂર્વે લીધેલી લોનોના રૂપિયા પાછા અપાયા.

● **કડી :** શ્રી જૈન વિદ્યાર્થી ભવનમાં ધાર્મિક શિક્ષક દલપતભાઈ સી. શાહની પ્રેરણાથી પર્વતિથિએ વિદ્યાર્થીઓ એકાસણાં-બેઆસણાં કરે છે. કેટલાક વિદ્યાર્થીઓ તેમ કાયમી કરવા ભાવના રાખે છે.

● **હારિજ :** પર્યુષણમાં મુનિરાજનો યોગ નહિ છતાં માસ્તર એન.બી.શાહની પ્રેરણાથી નાના બાળકો તથા બાળિકાઓએ પણ પૌષધાદિ ધર્મક્રિયા સારી કરી. પૂજા, ઉપજ, વરઘોડો વગેરે સારું થયું. ભાદરવા સુદ ૧૧ મહિલામંડળે પ્રથમ વાર્ષિક દિન પ્રભુ ભક્તિ વગેરેથી સુંદર ઉજવ્યો.

● **અમદાવાદ :** તપોમૂર્તિ શાસન વિભૂતિ પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજનું ૧૦૫ વર્ષની વયે ભાદરવા વદ ૧૪ અદ્‌ભુત સમાધિપૂર્વક સ્વર્ગારોહણ થયું છે. સકલ સંઘ એમના વિરહથી શોકસાગરમાં મગ્ન થયો છે.

● **ખંભાત :** જૈનશાળા ખાતે પૂ. પાદ શાંતમૂર્તિ પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના ભવ્ય રીતે થઈ. પૂ. પંન્યાસજી મહારાજશ્રી પર્વાધિરાજના આરાધ્ય અંગોનું મનનીય વિવેચન કરતા હતા. કલ્પસૂત્રનાં વ્યાખ્યાનો પણ તેઓશ્રીએ સર્વ કોઈને સમજાય તેવી શૈલીએ વાંચ્યા. ચોસઠ પ્રહરી પૌષધોમાં બાળ પાંચ વર્ષના વીરેન્દ્રકુમાર તથા નરેશકુમાર પણ જોડાયા હતા. સોળ તથા આઠ ઉપવાસ કરનારાઓની સંખ્યા સારી હતી. ૧૧ વર્ષની વયના ભાઈ હસમુખ કેસરીભાઈ સાડીવાલાએ અઠ્ઠાઈ કરી હતી. સાધારણ ખાતામાં રૂા. ૮ હજાર લગભગ ઉપજ થઈ હતી. દેવદ્રવ્ય તથા જ્ઞાનદ્રવ્યમાં પાંચ હજાર લગભગ ઉપજ થયેલી. પૂ. મુ. શ્રી પૂર્ણભદ્રવિજયજીએ ૫૦ મી ઓળીમાં અઠ્ઠાઈ અને પૂ. મુ. શ્રી દેવભદ્રવિજયજીએ ૧૨ ઉપવાસ કર્યા.

સુદ ૬ ના ભવ્ય સમારોહપૂર્વક વરઘોડો ચઢેલ. પૂ. મહારાજશ્રીના સદુપદેશથી ચાર સાધર્મિક વાત્સલ્યમાં એકું નહિ છાંડવાની પ્રતિજ્ઞા સંખ્યાબંધ ભાઈ-બહેનોએ લીધી હતી. એકંદરે પર્યુષણામાં સમાજમાં ઉત્સાહ તથા ઉલ્લાસ બહુ હતો.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' વર્ષ-૮,અંક-૫,તા.૧૦-૧૦-૧૯૫૯

સરકારે શાળાઓમાં ધાર્મિક શિક્ષણના પ્રશ્ન અંગે નીમેલી સમિતિ : ભારત સરકારના ગેઝેટમાંથી ઉતારો

ઠરાવ

બાબત : કેન્દ્રિય શિક્ષણ સલાહકાર બોર્ડની ૨૬મી મિટિંગે કરેલ ભલામણ અનુસારે શિક્ષણ સંસ્થાઓમાં નૈતિક અને ધાર્મિક અને કેળવણીના પ્રશ્નની તપાસ કરવા સમિતિની નિમણૂંક.

નં. એફ. ૧-૧-૫૯ એસ.ઈ.આઈ. કેન્દ્રિય શિક્ષણ સલાહકાર બોર્ડની ભલામણ અનુસાર હિંદ સરકારે નિર્ણય કર્યો છે કે શિક્ષણ-સંસ્થાઓમાં ધાર્મિક અને નૈતિક કેળવણીના પ્રશ્નનો ઝીણવટભર્યો અભ્યાસ કરવા અને તે બાબતમાં યોગ્ય ભલામણો કરવા એક સમિતિ નીમવી.

૨. **સમિતિ નીચેની વ્યક્તિઓની બનેલી હશે.**

(૧) શ્રી શ્રીપ્રકાશ, મુંબઈના ગવર્નર, (ચેરમેન)

(૨) શ્રી એ. એ. એ. ફઈઝી, વાઈસ ચાન્સેલર, જમ્મુ અને કાશ્મીર યુનિવર્સિટી શ્રીનગર.

(૩) શ્રી સી. સી. ચેટરજી, વાઈસ ચાન્સેલર, રાજસ્થાન યુનિવર્સિટી-જયપુર.

(૪) શ્રી પી. એન. કીરપાલ, જોઈન્ટ સેક્રેટરી શિક્ષણ પ્રધાન (મેમ્બર સેક્રેટરી)

૩. **સમિતિનું આ કાર્ય રહેશે :**

(૧) શિક્ષણ સંસ્થાઓમાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોના શિક્ષણ માટે કોઈ ચોક્કસ પ્રબંધ કરવાની ઈચ્છનીયતા અને શક્યતાની તપાસ કરવી.

(૨) આવો પ્રબંધ ઈચ્છનીય અને શક્ય જણાય તો

(અ) શિક્ષણની જુદી જુદી કક્ષાએ એ અધ્યયન (કયા પ્રકારનું રહેશે તે) ની વિશાળ વ્યાખ્યા કરવી અને

(બ) ચાલુ અભ્યાસક્રમમાં તેવા સ્થાનની વિચારણા કરવી.

ધી ગેસ્ટ ઓફ. ઈન્ડીયા. **પી. એન. કીરપાલ**
ઓગસ્ટ ૨૯, ૧૯૫૯, જોઈન્ટ સેક્રેટરી.
(ભાગ ૧, સેક્શન ૧,) (ઇંગ્રેજી પરથી અનુવાદિત)

નોંધ : શ્રી જૈન સંઘે આના પર મુખ્ય ધ્યાન આપવાની જરૂર છે. કેમકે આ સમિતિના જે અભિપ્રાય પરથી સરકાર ધોરણ લેશે. એ અભિપ્રાયમાં જો જૈન ધાર્મિક શિક્ષણને સ્થાન નહિ હોય તો તે વિના અને ઇતર ધર્મના શિક્ષણ દ્વારા જૈન બાળકોના મનમાં શું ઠસશે એ કલ્પી શકાય તેમ છે. માટે જૈન આગેવાનો સમિતિ આગળ લેખિત અને મૌખિક અવાજ સવેળા રજૂ કરે એવી ભારપૂર્વક ભલામણ કરીએ છીએ-

દિ. ઇ. સમિતિ

પાલીતાણામાં મહાન તપશ્ચર્યા વગેરે.

● **પાલીતાણા :** આરીસાભુવન ખાતે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજ સાહેબની પુણ્ય નિશ્રામાં આ વખતનું ધર્મચાતુર્માસ મંગલમય અપૂર્વ ધર્મઆરાધનાઓથી દેદીપ્યમાન બન્યું છે. તેમાં શ્રી પર્વાધિરાજની ઉજવણીએ અનેરી ભાત પૂરાવી છે. શ્રી શત્રુંજય માહાત્મ્ય અને યુગાદિ દેશના ઉપર પૂજ્યશ્રીના પ્રભાવશાળી વ્યાખ્યાનો નિરંતર ચાલી રહ્યાં છે, પૂજ્યશ્રીના સદુપદેશથી આરીસાભુવનમાં સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકા સમસ્ત શ્રી સંઘના જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપની આરાધનામાં અપૂર્વ ભરતી આવી હતી. માસખમણો વગેરેની વિગત અમે પૂર્વ અંકમાં આપેલી છે.

પૂજ્યશ્રી આચાર્યદેવના શિષ્યરત્ન જ્યોતિર્વિદ્ તપસ્વી પંન્યાસજી શ્રી રૈવતવિજયજી ગણિવરે સહુથી વિશેષ જે દોઢ માસ-૪૫ દિવસના લાગટ ઉપવાસની મહાભીષ્મ તપશ્ચર્યાની જ રાય આડા પડ્યા વિના વાચના-સ્વાધ્યાય-ધ્યાન-દેવવંદન ખમાસમણ વગેરે ઊભા ઊભા તેમણે સંપૂર્ણ થતા સુધી જે સાધના કરી તે નોંધપાત્ર છે. જૈનેતર આલમ કે જેઓને પ્રવાહી ઉપવાસ કરવા પણ ભારે પડી જાય છે. તેઓમાં જૈન વિધિના આ નક્કર ઉપવાસોએ અદ્‌ભુત અનુમોદના પેદા કરી પ્રભુશાસનની પ્રભાવના કરી છે, તપસ્વીજીને પારણું કરાવવાનો લાભ ચાર માસથી લાગટ આંબેલ કરી રહેલા પૂ. મુનિરાજશ્રી મનોગુપ્તવિજયજીએ અગીઆર લાખનો સ્વાધ્યાય બોલીને ગ્રહણ કર્યો હતો. શ્રાવણ વદ ૪થી અહીં અક્ષયનિધિ તપ પણ કરાવવામાં આવ્યો હતો. ૬૪ પહોરી પૌષધો મોટી સંખ્યામાં થયાં હતાં. પ્રવચન પ્રભાવક પૂજ્યશ્રી આચાર્યદેવના શ્રીપર્વાધિરાજ સંબંધી વ્યાખ્યાનો, શ્રી કલ્પસૂત્રના

વ્યાખ્યાનો, ગણધરવાદ વગેરે તાત્વિક વિષયને સરળતાથી સમજાવવાની ખૂબી સાથે તલસ્પર્શી રસભરપૂર થયાં હતાં, સુપન-પારણાના ચઢાવા જીવદયા વગેરેની ટીપો પણ ઉત્સાહથી થઈ હતી. આરાધનાની ઉજવણી અર્થે ભાદરવા સુદ ૫ થી જ શ્રી શાંતિસ્નાત્ર સહિત શ્રી જિનેન્દ્ર ભક્તિનો અષ્ટાહ્નિકા મહોત્સવ આરીસાભુવનમાં ભાવિક યાત્રિકો તરફથી શાનદાર ઉજવવામાં આવ્યો. આરીસાભુવન દેવભુવન જેવું બનાવી દેવામાં આવ્યું હતું. પૂજા ભાવનામાં ભક્તિરસની અનુપમ જમાવટ, પ્રભુજીને ભારે આંગીઓ વગેરે થયું. સુદ ૧૧ ભગવાનનો ભારે વરઘોડો ચઢ્યો. નોબત બેન્ડ, બાજાઓ સાંબેલા, પૂ. આચાર્યદેવો શ્રીમદ્વિજયદર્શનસૂરીશ્વરજી, વિજયનંદનસૂરિજી, વિજયપ્રતાપસૂરિજી, વિજયજંબુસૂરિજી આદિ સઘળા જ સમુદાયોના શ્રમણભગવંતો, નગરશેઠ, ડૉ. બાવીશી, બકરાણી આદિ જૈન-જૈનેતર સંભાવિત આગેવાન ગૃહસ્થો આદિનું વિસાળ સાજન, પેઢીના બે રથો અક્ષયનિધિના મંગલકુંભો વગેરે વરઘોડો આરીસાભુવનથી ચઢી આખું શહેર ફરી પાછો આરીસાભુવને ત્રણ કલાકે ઉતર્યો. ઠેઠ સુધી માનવમેદની ચિક્કાર રહી. પૂજ્યશ્રીના પૂનિત પગલે અત્રે અનેકવિધ શાસનની પ્રભાવના અને સંઘ-સમાજહિતનાં મંગલ કાર્યો અનેક થઈ રહ્યાં છે. તેમાં શ્રી ઉપધાન તપ પણ આસો સુદ ૧૦ થી શરૂ છે.

● **મુંબઈ :** આસો સુદિ ૨ ને રવિવારે સવારના ૯ વાગતા ધાર્મિક શિક્ષણ સંઘના ઉપક્રમે લાલબાગ ભૂલેશ્વર ઉપાશ્રયમાં પૂ. ઉ. મહારાજશ્રી મેરુવિજયજી તથા પૂ. મુનિરાજશ્રી વલ્લભદત્ત વિજયજીની નિશ્રામાં ધાર્મિક શિક્ષણની આજની પરિસ્થિતિ પર પ્રેરક પ્રવચનો થયાં હતા. શ્રી પ્રાણજીવન ગાંધી તથા શ્રી મનહરલાલ બી. શાહે નૈતિક અને આધ્યાત્મિક કેળવણીથી રહિત કેળવણી આપવાના અનિષ્ટો સમજાવ્યાં હતા અને હવે પછી ઘડાનારી નીતિ પ્રત્યે અંગુલિ નિર્દેશ કર્યો હતો. ત્યારબાદ શતાવધાની પંડિત શ્રી ધીરજલાલભાઈએ માનસિક શક્તિના બે નવીન ચમત્કારિક પ્રયોગો બતાવતાં સહુ આશ્ચર્ય મુગ્ધ બન્યા હતાં. ત્યાર બાદ તેમણે મુંબઈ સરકારની ગ્રાન્ટ-ઈન-એઈડની કલમોના આધારે કેળવણી ખાતાએ કાઢેલો સર્કયુલર કેટલો ગેરવ્યાજબી છે, તે અંગે આજ સુધી કેવી કાર્યવાહી થઈ અને હવે મુંબઈના રાજ્યપાલ શ્રી પ્રકાશના પ્રમુખપદે સરકારે જે સમિતિ નીમી છે તેના કાર્ય અંગે આપણું શું કર્તવ્ય છે, વગેરે સવિસ્તારથી સમજાવ્યું હતું અને આ માટે સંઘે જરા પણ ઉપેક્ષા ન કરતાં મજબુત સમિતિ નીમી કામ ચલાલવાનો અનુરોધ કર્યો હતો. બાદ પરમાર ક્ષત્રિય જૈન ધર્મ પ્રચાર સભાના મંત્રી શ્રી જેઠાલાલ લક્ષ્મીચંદ શાહે આવી સમીતિ નીમવાની યોગ્ય વ્યવસ્થા કરવા માટે એક પ્રાથમિક સમિતિ નીમવાની દરખાસ્ત કરી હતી. જેમાં નીચેના નામે સર્વાનુમતે પસાર થયા હતા.

(૧) શ્રી પ્રાણજીવન હ. ગાંધી, (૨) શ્રી ધીરજલાલ ટો. શાહ, (૩) શ્રી સુંદરલાલ એમ. ઝવેરી, (૪) શ્રી મનહરલાલ બી. શાહ, (૫) શ્રી સૌભાગ્યમલ સિંધી, (૬) શ્રી જયંતિલાલ રતનચંદ શાહ (મંત્રી શ્રી જૈન શ્વે. કો.) (૭) શેઠ જેસંગભાઈ ઉગરચંદ, (૮) શ્રી જેઠાલાલ લક્ષ્મીચંદ શાહ અને (૯) શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી. ત્યાર બાદ સભાની સર્વાનુમતિથી શ્રી ધીરજલાલ ટો. શાહને આ સમિતિના કન્વીનર નીમવામાં આવ્યા હતા અને તેમણે આ બાબત બનતી તાકીદે મિટિંગ ભરવામાં આવશે એવી સભાને ખાતરી આપી હતી.

● દાદર જ્ઞાન મંદિરમાં પ.પૂ. વયોવૃદ્ધ આચાર્યશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજીના સ્વર્ગવાસ નિમિત્તે સભા યોજાઈ હતી અને પ્રવચનો થયા હતાં. હાલ અષ્ટાહ્નિકા મહોત્સવ ધામધૂમથી ચાલી રહ્યો છે.

● ગોડીજીમાં સુદિ ૧૪ના મુનિરાજોના વ્યાખ્યાન પ્રસંગે સુરતની પુરગ્રસ્ત જનતાને સહાય કરવા રૂા. ૨૦૦૦ આશરે ફંડ થયું.

● શતાવધાની મુનિરાજશ્રી કીર્તિવિજયજીનાં રવિવારનાં કાવ્યમય પ્રવચનો નિયમિત શરૂ થઈ ગયા છે અને તેનો જનતા સારો લાભ લઈ રહી છે. જૈન શ્વે. કોન્ફરન્સનું અધિવેશન ઓકટોબર માસમાં ભરવાની મોટી વાતો હતી પણ હજી કલકત્તામાં તે અંગે ખાસ તૈયારી કંઈ નથી.

● **વિદેશ અને જૈન ધર્મ**-મેક્સિકો યુનિવર્સિટીના પ્રો. પાઈનીસ પી.એચ.ડી. જૈન ધર્મના સારો રસ લઈ રહ્યા છે. તેમણે જૈન ધર્મને લગતા ૨૧ ફૂટ પ્રશ્નો ઉત્તર મેળવવા અર્થે મુંબઈ એક ગૃહસ્થ પર મોકલેલા. તેનો જવાબ થોડા વખત પહેલા જ તે ગૃહસ્થે શતાવધાની શ્રી ધીરજલાલભાઈની સહાયથી આપ્યો છે. વિશેષ પત્રવ્યવહારની અપેક્ષા રખાય છે.

● ફીલીપાઈન્સ મનીલા શહેરમાં યુનેસ્કો તરફથી સર્વ ધર્મ પરિષદ આગ્રામાં જાન્યુઆરી માસમાં ભરાશે. તેમાં ખ્રિસ્તી, બૌદ્ધ, હિંદુ, ઈસ્લામ અને યહુદી એ પાંચ ધર્મને મોટા માની કામ લેવાયું છે. જૈન ધર્મની ગણના થઈ નથી. કોઈ એ માટે પ્રયત્ન કરશે ખરા ?

● **જિયાગંજ (મુર્શિદાબાદ) : અત્રે શ્રી વિમળનાથજીના ભવ્ય મંદિરમાંથી ગત શ્રા. કૃ. ૧૦ રાતે ચાંદીના ૮** પ્રતિમાજી, ૧ સર્વધાતુ પ્રતિમાજી, ૩ નવપદજી

ગટા, કમલ, બે મુગટ, બે કુંડળ અને ૧ સિંહાસનની ચોરી થયેલી. પૂજારીના કોલાહલથી પાસેના ઉપાશ્રયમાં આ. શ્રી વિજય હિમાચલસૂરિજી મ. ના આજ્ઞાવર્તી સાધ્વીજી શ્રી જિતેન્દ્રશ્રી આદિ ઠાણા ૬ મંદિરમાં શ્રી પાર્શ્વનાથ-પદ્માવતીજીના ધ્યાનમાં બેસી ગયા. સવારે પર્યુષણ ચાલુ થયા. મોટા સાધ્વીજી અને બાબુ શ્રીપતસિંહજી દુગડની ધર્મપત્ની ધન્નાકુમારીજી અઠ્ઠમ લગાવી પદ્માવતીદેવીની સામે જાપ શરૂ કર્યો અને પ્રાર્થના કરી કે અધિષ્ઠાયક દેવ ! ગમે તેમ કરી પ્રતિમાજી પાછા લાવી આપો. એની અસર એવી પડી કે ચોર એક મોટી ૧૬॥ શેર ચાંદીની મૂર્તિ તોડવા બેઠા ત્યારે મૂર્તિની અંદરથી અવાજ આવ્યો કે **'મૂર્તિ તોડને સે તુમ્હારી દુર્ગતિ હોગી સમ્હલ જાઓ'** ચોર ગભરાયા કંઈક ભયથી બેહોશ થઈ ગયા. પછી એ લોકોએ સાવધાનીથી મૂર્તિઓ જમીનમાં દાટી. એક માણસે આવીને બાબુજીને ખબર આપી કે અમુક સ્થાનેથી મૂર્તિ મંગાવી લો. મૂર્તિઓ આવી ત્યારપછી જાપ ધ્યાન છોડ્યું. આખા નગરમાં આ ચમત્કારની પ્રશંસા થઈ. બીજા ગામોની જનતાને પણ બોધપાઠ મળ્યો કે મૂર્તિ અને મંત્રમાં અપૂર્વ શક્તિ છે.

● **સુરેન્દ્રનગર :** પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવરને ભા.વ. ૫ થી સળંગ ઉપવાસ હજી ચાલુ છે. આજે આ.સુ. ૧૪ ઉપ. ૨૪ મો છે. દરદમાં રાહત છે. દિવસરાત એઓશ્રી સ્થિર બેસીને કલાકો અરિહંત અને નવકારમંત્રાદિ જાપ, ધ્યાન વગેરેમાં ગાળે છે, અવસરે અવસરે મુનિઓને પ્રેરણા હિતશિક્ષા પણ આપે છે. રોજ વ્યાખ્યાન શ્રવણ પણ કરે છે. કેટલાકને આ જાવજજીવના અણસણની શંકા પડે છે, તેથી અત્રે સ્પષ્ટ કરવું જરૂરી છે કે એવું કાંઈ જ નથી. શારીરિક સ્ફુર્તિ પહોંચે છે એટલે ઉપવાસ રોજ ૧-૧નું પચ્ચક્ખાણ કરે છે. તેવી કોઈ બાધા જણાતાં પારણું કરવાની ગણતરી છે. શારીરિક રોગમાં વારેવારે વૈદ ડૉક્ટરને આશરે જીવનારને ઉપવાસાદિ તપસ્યાનું ઉત્તમ દષ્ટાન્ત એઓશ્રીએ પૂરું પાડ્યું છે અને દ્રવ્ય ભાવ બંને રોગોના નિવારણાર્થે તપ સાથે પંચ પરમેષ્ઠીના જપ ધ્યાન વગેરેની અનુભવસિદ્ધ પ્રેરણા આપી છે.

● **ગાંધીધામ :** પૂ.પં.શ્રીસુદર્શનવિજયજી ગણિવર આદિની નિશ્રામા ભા.સુદ ૮ તથા ૧૪ ના મોટી પૂજા ભણાવાઈ તથા વરઘોડો, ચાર સ્વામીવાત્સલ્ય વગેરે તપશ્ચર્યા નિમિત્તે કરવામાં આવેલ, ગાંધીધામમાં ભાદરવા વદ ૧૦ ના દિવસે આજુબાજુના ગામો સહિતના નવકારશી જમણની સારી સાધર્મિક ભક્તિ થઈ.

પરમ પૂ. વયોવૃદ્ધ સંઘસ્થવિર આચાર્ય વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના સ્વગારોહણ પર પૂજ્ય પંન્યાસજી મહારાજાદિની નિશ્રામાં દેવવંદન થયું. બજારોમાં

પાખી પાળવામાં આવી. વ્યાખ્યાનમાં વિશાળ મેદનીની હાજરીમાં પૂજ્ય મહારાજશ્રીએ દાદાશ્રીના વિશિષ્ટ પ્રકારના ગુણોનું વર્ણન કરતાં કહ્યું કે એવા મહાપુરુષોનું અવસાન થતાં જૈન સંઘને મોટો આઘાત પહોંચ્યો છે ગૃહસ્થોએ પણ મહારાજશ્રીનો સમાજ ઉપર કેવો ઉત્તમ ઉપકાર કર્યો છે, તેની યાદ આપી. દિલગીરીનો ઠરાવ પસાર થયો. પૂજા ભણાવાઈ.

● **પાલીતાણા :** શ્રી ઘોઘાવાળી ધર્મશાળામાં ચાતુર્માસ બિરાજતા પૂ. આચાર્યદેવશ્રી વિજય શાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ. પંન્યાસજી ભુવનવિજયજી મહારાજની નિશ્રામાં કાર્તિક સુદમાં ઉપધાન તપ શરૂ થવાનાં છે તો જેઓની ભાવના હોય તેઓને પધારવા વિનંતી છે.

● **નંદરબાર :** પૂ. આચાર્ય વિજયભુવનસૂરિજી મ. ની રસવાહિની વાણીથી ભા.સુ. ૧૧ના મહોત્સવનો મંગલ પ્રારંભ થયો. પ્રભાવનાઓ છૂટે હાથે દેવાઈ. વ. ૨ના જલ-યાત્રાનો વરઘોડો ચઢ્યો. શાસન પ્રભાવના થઈ. આજે શ્રી પ્રતાપમલજીએ ઉજમણું ગોઠવ્યું હતું. જે ઉમંગમાં ઉમેરો કરતું હતું અને સ્વામી-વાત્સલ્ય કર્યું. વ. ૩ ના શાન્તિસ્નાત્ર ભણાવાયું. સંઘ તરફથી ઘેબરની નવકારશી થઈ. અમુલખભાઈ આદિએ સેવા સુંદર બજાવી.

● **ખંભાત :** પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજશ્રીના સ્વર્ગારોહણનાં સમાચારથી શહેરમાં હડતાલ પડી. પૂ. મહારાજશ્રી કનકવિજયજી ગણિવરશ્રીની નિશ્રામાં ચતુર્વિધ સંઘે દેવવંદન કર્યું. પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ સ્વર્ગીય સૂરિદેવશ્રીના અનેક ગુણોનું વર્ણન કરી તેઓશ્રીના શ્રીસંઘ તથા શાસન પરના અમાપ ઉપકારોને અંજલિ અર્પી અને વદિ ૦)) પૂ. પાદશ્રીનાં જીવન પર મનનીય વ્યાખ્યાન કર્યું. એમાં સૂરીશ્વરજીની નિર્મલ સાધુતા, સ્વાધ્યાયરુચિ અપ્રમત્ત ભાવ, જાગૃતિ, સરલતા. દીર્ઘતપશ્ચર્યા ઇત્યાદિ અનેક ગુણોની સ્તવના કરી. આજે પણ જૈનોની દુકાનો બંધ હતી, તેમજ આસો સુદી બીજ પૂ. સ્વર્ગસ્થશ્રીનાં નિમિત્તે સામુદાયિક સવાલાખ નવકાર જાપ, આયંબિલ વગેરેથી સમગ્ર દિવસ ધર્માનુષ્ઠાનનો કાર્યક્રમનો રાખ્યો હતો.

● **આમોદ :** અત્રે ભા. વ. ૧૦ ના રોજ ખીરનાં એકાસણાથી સામુદાયિક સવા લાખ નવકારમંત્રનો જાપ લગભગ ૧૩૫ આરાધકોએ કર્યા. પ. પૂ. સિદ્ધિસૂરીશ્વરજી મ. ના સ્વર્ગવાસના સમાચાર મલતાં સંઘમાં શોકની ઘેરી લાગણી ફરી વળી. તરત જ જૈન ભાઈઓએ પોતાની દુકાનો બંધ કરી દીધી અને દેવવંદન કરવામાં આવ્યું. બપોરના પૂજા ભણાવાઈ પ. પૂ. અરુણપ્રભવિજયજીની નિશ્રામાં

સંઘની શોકસભા થઈ. શોકનો ઠરાવ પસાર થયો.

● **પાલેજ :** પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિની પ્રેરણાથી ભા.વ. ૧૦ થી સામુદાયિક આંબેલભક્તિમાં વર્ધમાનતપના પાયા તથા વર્ધમાનતપ-નવપદની ઓળીમાં ઠીક સંખ્યા જોડાઈ. અત્રેના જૈન આગેવાન અને ગ્રામપંચાયતના પ્રમુખ ઉત્તમચંદ નેમચંદનું હાર્ટફેઈલ થતાં સંઘમાં અને ગામમાં તેઓની મોટી ખોટી પડી છે. તેઓના અસીમ પ્રયાસથી સુરત રેલસંકટ સહાય માટે લગભગ દશ હજાર રૂપીયા એકઠા થયાં હતા. જેની દશ માણસોની મંડલી નીમીને ગામોગામ જઈને હાથો-હાથ કપડાં-અનાજ સંચા વગેરે આપીને મંડળીએ સેવા બજાવી હતી. બે નાના મુનિઓ વર્ધમાન તપના પાયા નાખે છે. પૂ.સ્વ. બાપજી મહારાજના કાલધર્મ નિમિત્તે ચતુર્વિધ સંઘે દેવવંદન કરેલ શોકસભા થઈ તેમજ આ. સુ. ૧૦ ના બે વ્યક્તિઓ તરફથી સિદ્ધચક્ર મહાપૂજન તથા સંઘ તરફથી આ.સુ. ૧૪ ના શાન્તિસ્નાત્ર રાખવામાં આવેલ.

● **ધન્ય તેજસ્વી તપસ્વિની શ્રીમતી કાન્તાબેન. રામપુરા** (ભંકોડા)માં જન્મ પામી લગ્ન સંબંધે કોતુબ(જિ.અહમદનગર)ના નિવાસી બન્યા. તપ-ત્યાગના સારા અભ્યાસ ઉપરાંત ઉપધાન તપ વહ્યાં. વર્ધમાન આંબેલ તપની ૩૬ ઓળી કરી ૩૭ ઓળી વિ.સં.૨૦૧૨માં શરૂ કરી ત્યારથી આજસુધી અખંડ ધારાએ આયંબિલ ચાલુ છે. લગભગ ૩॥ વર્ષના ગાળામાં ૧૨૦૦ ઉપર આંબેલ તો થઈ ગયા. અમલનેરવાળા રીખવચંદભાઈ લખે છે કે "હું પોતે એમને જાતે મળ્યો ત્યારે એ બેન કહે છે કે 'મારા આત્માની શાંતિ રહેશે ત્યાં સુધી આ મહામંગળકારી તપ કરીશ.' ગામમાં ભવ્ય જિનાલય છે નવો બાંધેલો ઉપાશ્રય પણ છે. પરંતુ એનો કબજો સાચવનાર શ્રાવક પોતાનો માલ ભરે છે તેથી સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકાને બીજું સાધન નથી. તો ઉપાશ્રય જો ધર્મક્રિયા માટે ખુલ્લો થાય તો વખતે બાઈ આયંબિલનું પારણું તેમના મનમાં આવે તો કરે."

● **વિસનગર :** પૂજ્ય મુનિરાજશ્રી ગુણાનંદવિજયજી આદિ ઠાણા ૪ની નિશ્રામાં સુંદર રીતે ધર્મ આરાધના થઈ રહી છે. તેમાંય પૂજ્ય **જગતચંદ્રવિજયજી** મહારાજની સુંદર પ્રેરણાથી નવજુવાન વિદ્યાર્થી વર્ગ નાના બાળકો પણ ધર્મ માર્ગમાં સારો જોડાએલ છે. પર્યુષણ પર્વની આરાધના પણ બહુ જ ઉલ્લાસ અને ઉત્સાહના વાતાવરણથી સુંદર થઈ હતી. ચૌસઠ પહોરી પૌષધ અઠ્ઠાઈ છ, છઠ્ઠ અઠ્ઠમ પણ સારી સંખ્યામાં થયા. કલ્પસૂત્રનો તથા પારણાના ચઢાવા બોલી અઠ્ઠાઈ કરનાર શેઠ જયંતિલાલ ફતેચંદ પોતાને ઘેર વાજતે ગાજતે લઈ ગયા હતા. સુદી ૭ વરઘોડો તેમના ઘરેથી ચઢ્યો હતો. નવકારશી શ્રી સંઘ તરફથી થઈ. આયંબિલની ટીપમાં

રૂા. ત્રણ હજાર તથા જીવદયા જ્ઞાનખાતા તથા ચઢાવાની ઉપજ સારી થઈ હતી. આસો સુદી ૫ ના રોજ ભવોભવના પાપ વોસીરાવવાની ક્રિયા થઈ. મહારાજશ્રીની વ્યાખ્યાન શૈલી બહુ જ સુંદર છે, હાજરી સારી રહે છે, ધર્મજાગૃતિ સારી છે.

● **સાબરમતી :** ભા. વદિ ૧૪ પરમપૂજ્ય આચાર્યદેવ સંઘ સ્થવિર ૧૦૦૮ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મ.શ્રીજીના સ્વર્ગવાસ પામ્યાના સમાચાર તાર દ્વારા મળતા દેવવંદન પૂ. આ. શ્રી વિજય ઉમંગસૂરિજી મ. ની નિશ્રામાં કરાયું. એઓશ્રીની નિશ્રામાં શાન્તિનગરમાં પર્યુષણા સુંદર ઉજવાયાં, વ્યાખ્યાનો, તપસ્યાઓ, દેવદ્રવ્યાદિ ઉપજ વગેરે સારું થયું.

● **હારીજ :** જૈન વિદ્યાર્થી સ્વયંસેવક મંડળ તરફથી વિજયાદશમીના મંગલમય દિવસે ''બાલમાસિક (હસ્તલિખીત) **સુવાસ**'' નો પ્રથમ અંક ઈનામી સ્પર્ધા વિ.ના આકર્ષક વિભાગો સાથે બહાર પડશે. અંક મંગાવનારે ૨૫ ન.પૈ.ની ટિકિટો બીડવી.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૮,અંક-૭,તા.૨૪-૧૦-૧૯૫૯

● **કલકત્તા :** લગભગ ૮૧ વર્ષ દીક્ષા પર્યાયમાં રત્નત્રયીની અનુપમ આરાધના કરી, સાહિત્યક્ષેત્રે સંશોધન કાર્યમાં અવિરત શ્રમ સેવી, કેવળી ભગવંત પૂ. સુધર્માસ્વામિની પાટે શતાબ્દિ વટાવી ૧૦૫ વર્ષનું દીર્ઘ આયુષ્ય ભોગવી, પુછ્યા ઠેકાણાનું વહાલસોયું બાપજી મહારાજનું સાર્થક બીરુદ અપનાવી અગણીત ઉપકારોની અમી વર્ષા વરસાવી સંસારભરમાં યશસ્વી નામના મૂકી વર્ષો સુધી વર્ષીતપની દુષ્કર તપશ્ચર્યા કરી અમર થઈ જનાર અપ્રમત્ત સંયમી તપોમૂર્તિ પંન્યાસ પ્રવર પૂજ્ય મણિવિજયજી દાદાના વિનીત શિષ્ય પરમ પૂજ્ય ધર્મ પ્રભાવક આચાર્યશ્રીમદ્ ૧૦૮ **શ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ** ગત્ ભાદરવા વદ ૧૪ તા. ૧-૧૦-૫૯ના રોજ વિપુલ સંખ્યામાં શિષ્ય પ્રશિષ્યો અને શ્રાવક વર્ગને શોકાતુર મૂકી અમદાવાદ મુકામે સ્વર્ગસ્થ થયા તે સદ્ગત આત્માને એકત્રીત થયેલ આજની આ શ્રી ભવાનીપુર મૂર્તિપૂજક જૈન શ્વેતાંબર સોસાયટીની સભા કોટિ વંદન સાથે ચિર શાંતિ ઈચ્છે છે.

● **કડી :** શ્રી જૈન વિદ્યાર્થી ભવન પ્રમુખ તરીકે સુંદર કાર્ય બજાવવા બદલ જોટાણા નિવાસી શેઠ શ્રી મણિલાલ ભીખાભાઈને માનપત્ર આપવાનો મેળાવડો થયો. સળંગ એકાસણાં, બેસણાં, કરવા બદલ વિદ્યાર્થીઓને પ્યાલાનું ઈનામ અપાયેલ, વિદ્યાર્થીઓએ યોજેલ સંસ્કાર કાર્યક્રમમાં શહેરની આમ જનતાને સારો લાભ લીધેલ.

● **સુરેન્દ્રનગર :** જૈન પાઠશાળાની વાર્ષિક પરીક્ષા મહેસાણા શ્રી જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક શ્રી રામચંદ ડી. શાહે લીધી. પરીક્ષાર્થીઓની સંખ્યા ૪૮૫ ની હતી. પરિણામ ૯૦॥ ટકા જાહેર કરવામાં આવ્યું હતું. વાર્ષિક ઈનામી મેળાવડાનો કાર્યક્રમ **પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રી આદિ વિશાળ મુનિગણની નિશ્રામાં ભવ્ય રીતે ઉજવાયો હતો.** પાઠશાળાના બાળકોએ મંગળ ગીત, ગુરુસ્તુતિ, તીર્થરક્ષાનો સંવાદ, જગતના દર્શનનો સંવાદ, આપણી પાઠશાળા વિષે સમુહગીત આદિ કાર્યક્રમ ભાવવાહી રીતે રજૂ કરેલ. રીપોર્ટ વાંચન પાઠશાળાના પ્રાધ્યાપક શ્રી ચંપકલાલ ચુનીલાલે કરતાં પાઠશાળાની પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો. પરીક્ષક શ્રી રામચંદ ડી. શાહે પાઠશાળામાં ચાલતી પ્રવૃત્તિઓ ઉપરાંત તત્ત્વાર્થસૂત્ર, ધર્મસંગ્રહ, શ્રાદ્ધવિધિ જેવા અત્યંત આવશ્યક સૂત્રોના અધ્યયન ઉપર ભાર મુક્યો હતો અને તેના અમલ માટેની યોજનાઓ રજૂ કરી હતી. શ્રીયુત બાપાલાલ મનસુખલાલભાઈએ સુરેન્દ્રનગરમાં પાઠશાળાએ બાળકોમાં સમ્યગ્જ્ઞાનનાં બીજારોપણ કરેલ છે તેનું મહત્ત્વ સમજાવતા આવી પાઠશાળા કાયમી ભંડોળ વિના તૂટથી ચાલે છે તે તરફ અંગુલી નિર્દેશ કર્યો. ચાલુ વર્ષના તૂટાને પહોંચી વળવા ફંડ કરતાં ત્યાં જ રકમો ભરાઈ હતી. તેમજ બાળકોના સુંદર કાર્યક્રમ પર તેમના તરફથી દરેકને રૂા. એક આપવાની જાહેરાત કરવામાં આવી. **સમ્યગ્જ્ઞાનની આવશ્યકતા ઉપર મંગલ પ્રવચન પરમ પૂજ્ય મહારાજશ્રી ભાનુવિજયજી ગણિવરશ્રીએ કર્યું અને તત્ત્વાર્થ સૂત્ર, ધર્મ સંગ્રહ, શ્રાદ્ધવિધિ જેવા સૂત્રોના અધ્યયનથી જૈન બાળકોને કેટલો મહાન લાભ થાય છે, તેનો સુંદર અને રોચક શૈલીથી ખ્યાલ આપ્યો.** ''શ્રીયુત કેશવલાલ ત્રીકમલાલ વોરાએ કાયમી ઈનામી પ્રબંધ'' માંથી પાઠશાળાના બાળક-બાલિકા બહેનો અને શિક્ષિકાઓને આશરે રૂા. ૩૭૫ નાં ઈનામો તથા ફેણીની પ્રભાવના શ્રીયુત કેશવલાલ ત્રીકમલાલભાઈના વરદહસ્તે વહેંચાયા હતા. **પરમ પૂજ્ય પંન્યાસજી પ્રવર શ્રી ભાનુવિજયજી ગણિવરશ્રીની શ્રી વર્ધમાન તપની ૭૫ મી ઓળીની પૂર્ણાહૂતી નિમિત્તે તથા પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રી પદ્મવિજયજી ગણિવરશ્રીની ૨૪ ઉપવાસની તપશ્ચર્યાની પૂર્ણાહૂતી નિમિત્તે બપોરના ગાંધી છોટાલાલ સુખલાલ તરફથી પૂજા ભણાવવામાં આવી હતી.**

● **વડાલી :** પૂ. પં. શ્રી મહિમાવિજયજી ગણિવરના ભાદરવા વદ ૧૨ થી આરંભાતા એકાવનમાં મંગળ વર્ષમાં સંયમ અને ત્યાગની વધુ નિર્મળ આરાધના

અને વીર્યોલ્લાસ પ્રાપ્ત કરે તેવી શુભ ભક્તિ ભરેલી કામનાઓ પૂર્વક આ દિવસે મંગળમય કાર્યક્રમ યોજાયો. મુંબઈથી શેઠ છોટાલાલ મણિલાલ (લલીત બ્રધર્સ) શેઠ નાનચંદ જુઠાભાઈ, ગવૈયા શાંતિલાલ, જયંતીલાલ શાયર, આદિને સાથે લાવેલ હોઈને તેમના તરફથી પૂજા, ભાવના, આદિમાં રમઝટ જામી હતી. લગભગ પચ્ચીસેક ગામોમાંથી ભાઈઓએ આ પ્રસંગે હાજરી આપી હતી. આ પ્રસંગને પામી, સુરત રેલ રાહત ફંડ તથા સાધર્મિક ભાઈઓને સહાય કરવાનો ઉપદેશ પં. શ્રી મહિમાવિજયજી મહારાજે આપતાં શેઠ નાનચંદ જુઠાભાઈએ રૂા. ૧૦૦૧ તેમ લલીત બ્રધર્સવાળા તરફથી રૂા. ૫૦૧, તેમ વડાલી સંઘ તેમજ બહાર ગામથી આવેલ સદ્‌ગૃહસ્થો તરફથી આ ફાળામાં લગભગ સાડા ત્રણ હજાર રૂપીયાનો ફાળો થયો. શ્રી અષ્ટાપદજી રચના, પૂજા શાહ નાનચંદભાઈ જુઠાભાઈ તરફથી આખા દિવસનું સ્વામી વાત્સલ્ય અત્રેની શાળાઓમાં તમામ બાળક-બાલિકાઓને મીઠાઈની પ્રભાવના વગેરે થયું. બીજે દિવસે સંઘ તરફથી સ્વામીવાત્સલ્ય થયું. સાચા ગુરુભક્તો હો તો આજના આ પ્રસંગે યથાશક્તિ વ્રત પચ્ચખાણ ગ્રહણ કરવા મારી ભલામણ છે એમ પૂ.પં.શ્રી મહિમાવિજયજી મહારાજે જણાવતા સેંકડો સ્ત્રી-પુરુષોએ વિવિધ નિયમો ગ્રહણ કર્યા હતા. તેમજ મહેતા પોપટલાલ કાલીદાસની કું. તરફથી શ્રી સિદ્ધચક્ર યંત્રનું મહાપૂજન કરાવવાનું નક્કી થયું. તેમ ઉપધાન તપ કરાવવા માટે પણ જુદા જુદા ગૃહસ્થોએ સારી રકમ નોંધાવવા પોતાનો ઉદાર હાથ લંબાવ્યો. વર્ધમાન તપના પાયામાં લગભગ ચાલીસેક સ્ત્રી-પુરુષો જોડાયા. નવે દિવસ પૂજાદિ ઉપરાંત સિદ્ધચક્ર યંત્રનું બૃહદ્‌ પૂજન થયું.

● **દાદર :** જ્ઞાનમંદિરે શ્રી અષ્ટોત્તરી મહોત્સવ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં નક્કી થયેલ. ઉત્સવ પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના સ્વગારોહણ થવાથી બે દિવસ વહેલો શરૂ થયો. શોક સભા થઈ. પૂ.પં.શ્રી વિક્રમવિજયજી મહારાજે ગદ્‌ગદ કંઠે પૂજ્યશ્રીની ત્યાગમય જીવન ઝરમર કહી. ગૃહસ્થોએ પણ શોક રજૂ કર્યો. પછી પૂ. આચાર્ય ભગવંત વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજે પોતાને લાગેલા આઘાતનું અને પૂજ્યશ્રી પ્રત્યેના સદ્‌ભાવનું વિવેચન કર્યું. તે નિમિત્તનો મહોત્સવ કારતક સુદમાં થનાર છે. મહોત્સવમાં તેમજ રાત્રિના ભાવનામાં પ્રભુ ભક્તિની ધૂન જામતી. અષ્ટોત્તરી સ્નાત્રમાં જૈનેતરોએ પણ સારો લાભ લીધો. પૂજ્ય આચાર્યદેવશ્રીના શરીરે તેમજ પગે ઘણું સારું છે. તેઓશ્રીની શુશ્રૂષા તથા સેવા ભક્તિ સૌ સારી રીતે કરે છે તેમાં ખાસ જ્ઞાનમંદિરના ટ્રસ્ટી સંઘવી દામજીભાઈ પદમશી તથા શાંતિલાલ પાનાચંદની ભક્તિ અનુમોદનીય છે. સુરેન્દ્રનગરમાં પૂજ્ય પં. શ્રી પદ્મવિજયજી

ગણિવરશ્રીની નરમ તબિયત હોવાથી તેઓશ્રીની સુખાકારી નિમિત્તે સવારના અરિહંત પદનો જાપ તથા આયંબિલ વગેરે ઘણી મોટી સંખ્યામાં થયા હતા.

● **જાહેરાત :** પ્રબોધ ટીકાનુસારી શબ્દાર્થ, અર્થ સંકલના, તથા સૂત્ર પરિચય સાથે મૂળ આઠ આનાની કિંમતનું સામાયિક ચૈત્યવંદન પુસ્તક ધાર્મિક સંસ્થાઓના લાભાર્થે માત્ર બે આનાની કિંમતે આપવામાં આવશે. તથા પોસ્ટેજ ખર્ચ અલગ. લાભ લેવા ઇચ્છતી સંસ્થાએ પોતાનું નામ, સરનામું, વિદ્યાર્થીઓની સંખ્યા તથા શિક્ષક અને કાર્યવાહકોના નામ જણાવી કેટલા પુસ્તકોની જરૂર છે તે લખવું. રકમ અગાઉથી મ.ઓ.થી યા.વી.પી.થી પણ મોકલવામાં આવશે. શ્રીજૈન ધાર્મિક શિક્ષણ સંઘ, ઠે. શાન્તિનાથજી જૈન દેરાસર, પાયધુની, મુંબઈ-૩.

● **લીંબડી :** પૂ.પં.શ્રી જયંતવિજયજી મ. ના વરદ હસ્તે આસો સુદી ૧૪ ગુરુવારના નાણ માંડી ચતુર્થવ્રત-બારવ્રત-જ્ઞાનપંચમી આદિ તપો ઉચ્ચારાવવામાં આવ્યા હતા. તથા ભવોભવના પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા કરાવવામાં આવી હતી, લગભગ ૫૦ ભાઈ-બહેનોએ લાભ લીધો હતો. ચતુર્થવ્રતધારિઓને સંઘ તરફથી સારી એવી પહેરામણી કરવામાં આવી હતી. વ્રતોચ્ચારણ વગેરેથી શુભ ક્રિયા જોઈ ઘણાઓને એમ થયું કે અમે રહી ગયા. ફરી નાણ મંડાઈ તો અમે લાભ લઈએ એવી ભાવના થવાથી દિવાળી પછી ઘણું કરીને ફરીને નાણ મંડાશે.

● **ભરૂચ :** પૂ.પંન્યાસ શ્રી રંજનવિજયજી ગણિવર્ય તથા મુનિ ભદ્રાનંદવિજયજી મહારાજની નિશ્રામાં નવપદની ઓળી મહોત્સવ શ્રી સિદ્ધચક્રનું બૃહદ્‌પૂજન તથા શાંતિસ્નાત્ર ભારે ઠાઠ પૂર્વક થયું હતું. છેલ્લા વીસ વર્ષમાં નહિ થયેલ. અંતિમ દિને હીરા માણેકની આંગી, નોકારશી હતી. પૂ. બાપજી મહારાજાના સ્વર્ગવાસ પર જાહેર પાખી તથા શાંતિસ્નાત્ર થયું.

● પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના કાળધર્મ નિમિત્તે **પાલીતાણામાં** પૂ.આ.શ્રી જંબૂસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં, **ખંભાતમાં** પૂ.પં.શ્રી કનકવિજયજી મ.ની નિશ્રામાં, **લીંબડીમાં** પ.પૂ.શ્રી જયંતવિજયજી મહારાજની નિશ્રામાં, **વીસનગરમાં** પૂ. મુનિવર્યશ્રી ગુણાનંદવિજયજી મ. ની નિશ્રામાં, **બીજાપુરમાં** પૂ.પં.શ્રી મુક્તિવિજયજી મ.ની નિશ્રામાં. શોક સભા, સુંદર અઠ્ઠાઈ મહોત્સવ-શાંતિસ્નાત્ર વગેરે થયું. **ખેરાળુમાં** પૂ. પ્રવર્તક શ્રી ચંદ્રવિજયજી મ. તથા **વડાલીમાં** પૂ.પં.શ્રી પ્રવિણવિજયજી મ. ની નિશ્રામાં તેમ **ઈડર** અને **હારીજ**માં પૂજા વગેરે થવા ઉપરાંત સ્વર્ગસ્થના વિયોગની શોક સભા થઈ. **ગઢડામાં** પણ પૂ. માનતુંગવિજય મ.ની નિશ્રામાં આયંબિલો તથા સુરત રાહત ફંડ થયું. નવપદ ઓળી સારી ઉજવાઈ.

પાલેજમાં પૂ.પં.શ્રી ભદ્રંકરવિજય મ.ની નિશ્રામાં છ દિવસનો ઉત્સવ તથા શાંતિસ્નાત્ર, જનતાને રોજ ૧-૧ માળા ગણવાનો નિયમ વગેરે થયું. અત્રે શ્રી વારિષેણવિજયજી મ. શ્રી વીરસેનવિજયજી મ. ને વર્ધમાન તપ પાયા, અન્ય તપસ્વીઓને પ્રભાવનાદિ સુંદર થયું. **ચુડામાં** પણ પૂ.મુ.શ્રી નિત્યાનંદવિજયજી મ. ની નિશ્રામાં પૂજા વગેરે થયા. અત્રે શ્રી ગીરનારજી પરનો અભિષેક, નવાણુ અભિષેકની પૂજા નવપદ ઓળી વગેરે તથા ૨૫ લાખ અરિહંત જાપ થયો.

● **સુરેન્દ્રનગર :** પૂ.પં.શ્રી પદ્મવિજયજી ગણિવરને ગળાની તકલીફ વધી જતાં પાણી પણ લેવાનું મુશ્કેલ થયું. રાજકોટના ડૉ. દસ્તુરે હોજરીમાં ઓપરેશન કરી ટ્યુબ મૂકી છે, તે દ્વારા પોષણ અપાય છે. કફ અને શ્વાસની પીડા બહુ છે છતાં એમનું અરિહંત સ્મરણ અને જાગ્રતિ અદ્‌ભુત છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" વર્ષ-૮,અંક-૯,તા.૭-૧૧-૧૯૫૯

● **સુરેન્દ્રનગર :** પૂ.પં.શ્રી પદ્મવિજયજી ગણિવરને હોજરીમાં નળી દ્વારા પ્રવાહી આપી શકવાથી સ્ફુર્તિ આવી છે. પરંતુ ગળાના મહાન દર્દને લીધે ખાંસી અને કફનો ઉપદ્રવ ચાલુ છે એથી તાવ, બેચેની પણ થઈ આવે છે. શ્રી અરિહંતનું ધ્યાન, જાપ વગેરે સાથે સમાધિ સુંદર રાખે છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" વર્ષ-૮,અંક-૧૦,તા.૨૧-૧૧-૧૯૫૯

● **સુરત :** જૈન સંઘ તરફથી સ્વ. પૂ. આચાર્યદેવશ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજના નિમિત્તે કા. સુ. ૧૨ થી વદ ૩ ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ વાડીના ઉપાશ્રયે ઉજવવામાં આવ્યો. શાંતિસ્નાત્ર થયું. માસ્તર દીનાનાથે પૂજાભાવનામાં ભક્તિરસથી જનતાને તરબોળ કરી.

● **મુંબઈ :** પૂ. આચાર્યદેવશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી પૂ. આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શ્રી કોટ જૈન સંઘ તરફથી સ્વ.પૂ. આચાર્યદેવશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના નિમિત્તે કા.સુ.૧૩ થી વદ ૫ સુધીમાં શાંતિસ્નાત્ર સહિત અષ્ટાહ્નિક મહોત્સવ ભારે ધામધૂમથી ઉજવાયો. પૂ. આચાર્યદેવનાં પ્રભાવક પ્રવચન સાંભળવા દૂર દૂરથી જનતા મોટી સંખ્યામાં આવે છે. આત્મા, કર્મ અને ધર્મ પર સચોટ દલીલો દૃષ્ટાન્તો ભર્યા તાત્ત્વિક પ્રવચન

સાંભળી લોકો જૈન શાસન પર ઓવારી જાય છે. પ્રવચનોનું પુસ્તક તૈયાર થઈ રહ્યું છે, જે જૈન-જૈનેતરોને નવો પ્રકાશ આપશે. પૂ. મુનિરાજશ્રી કીર્તિવિજયજી મ. ના દર રવિવાર બપોરે કાવ્યમય પ્રવચનનું પણ ભારે આકર્ષણ છે.

● **ખંભાત :** પૂ. બાપજી મહારાજના સ્વગારોહણ નિમિત્તે જિનશાળામાં ભવ્ય જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવાયો. **મહા કિંમતી ૧૫ છોડથી રચના કરવામાં આવેલી.** સંગીત માસ્તર રસિકલાલ પૂજા ભાવનામાં ભારે ભક્તિ રમઝટ જમાવતાં. રાત્રે કથાગીતોના કાર્યક્રમમાં માનવમેદની ચિકાર ઊલટતી. વદ ૩ વિદુષી સાધ્વીજી મ. શ્રી દર્શનશ્રીજીના પ્રશિષ્યા શ્રી માર્ગોદયાશ્રીજીના ૧૬ ઉ. નિમિત્તે તથા વ. ૪ વાપીવાળા શા. ગુલાબચંદના પુત્રી વાસંતી બેનની અઠ્ઠાઈ નિમિત્તે પૂજા ભાવના કથાગીત થયા. શ્રી કનક વિ. મહારાજશ્રીના ઉપદેશથી જીવદયાની ટીપ, ભાભેર આંબેલ ખાતા માટે રૂા. ૧૦૦૦ ટીપ, સુરત સંકટ માટે રૂા. ૧૧૦૦ ઉપરની ટીપ થઈ.

● **આમોદ :** શ્રી ઓળીની સુંદર આરાધના, પારણા તથા કા. સુ. ૧૦ સારી સંખ્યામાં આયંબિલ સાથે શ્રી શંખેશ્વર પ્રભુનો જાપ થયો હતો.

● **શિવ :** પૂ.આ. શ્રી હેમસાગરસૂરીશ્વરજીની નિશ્રામાં બાર વ્રતો અને તપો ઉચ્ચરાવાયા. ૨૮ જણાએ ચતુર્થ વ્રત લીધું. ૧૩૫ જણાને ભવોભવ પુદ્‌ગલ અધિકરણ વોસરાવવાની તથા પાપસ્થાનક આલોવવાની ક્રિયા કરાવાઈ.

● **મદ્રાસ :** પૂ. પં. શ્રી યશોભદ્રવિજયજી મ.તથા પં. શ્રી કીર્તિચંદ્રવિજયજી મ. ની નિશ્રામાં કા. વદ ૧૨ થી ઉપધાન તપ શરૂ થનાર છે.

● **પૂના :** પૂ. પં. શ્રી પ્રિયંકરવિજયજી મ. તથા પં. શ્રી ચંદ્રોદયવિજયજી મ. ની નિશ્રામાં કા. વ. ૧૧ થી ઉપધાન તપ શરૂ થશે.

● **૨૫૦ આયંબેલ :** પૂ. આચાર્યદેવશ્રી વિજયકનકસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિશ્રી **ઓંકારવિજયજીએ ફાગણ વદ ૧ થી શ્રાવણ સુદ ૧૫ સુધી ઠામ ચોવિહાર અલુણા ૨૫૦ આયંબેલની તપસ્યા કરી.** ૫૦૦ ઉપરાંત આયંબિલ થયા.

● **મહુવા :** દિવાળી દિને શ્રી નેમિવિહારમાં સ્વ. પૂજ્ય આ. શ્રી નેમિસૂરીશ્વરજી મ. ની ચરણપાદુકા તથા ભગવાન ઉપર અમી બિંદુ ઝર્યા. કા.સુ. ૧ સાંજ સુધી અમી પ્રવાહ ચાલુ રહ્યો.

● **પાલીતાણા :** સ્વ.પૂ.આ. શ્રી નેમિસૂરીશ્વરજી મ. કા. સુ. ૧ પરોઢિયે, કોટાવાળાની ધર્મશાળામાં સાધ્વીજી શ્રી કલ્પલત્તાશ્રીજીને સ્વપ્નમાં દેખાયા, સવારે જુએ તો માથામાં અને સંથારામાં વાસક્ષેપ પડેલ હતો, આવું સુદ ૮ સુધી ચાલ્યું.

• **સુરેન્દ્રનગર :** પ.પૂ.શ્રી પદ્મવિજયજી ગણિવરની તબીયત કંઈક સુધારા પર છે ખાંસી, કફ અને શ્વાસની તકલીફ રહે છે. તેઓશ્રીના આરોગ્ય નિમિત્તે દાંતરાઈવાળા હંસરાજ પીથાજી તરફથી કારતક સુદ ૧૦ નવપદજીની પૂજા ભણાવાઈ તથા કારતક સુદ ૧૪ના અહીંના એક સદ્‌ગૃહસ્થ તરફથી એક ધાનના આયંબિલ કરાવાયા. શ્રી અરિહંતના જાપ અને ધ્યાનથી તેઓ અપૂર્વ શાંતતા જાળવે છે.

સુરેન્દ્રનગરમાં ચાતુર્માસ-પરિવર્તન

સુરેન્દ્રનગરમાં મહાભાગ્યે પૂ. આ. શ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના સપરિવાર ચાતુર્માસમાં શ્રી શંખેશ્વરજી દાદાના ૩૦૦ અઠ્ઠમ, ૨ કરોડ અરિહંત જાપ, શ્રી નવકાર તપની તથા ૨॥ લાખ નવકાર જાપની આરાધના, પર્યુષણા ઓળીની આરાધના વગેરેમાં ''સાંકડા ભાઈ પર્વના દહાડા''** ની રીતે જોતજોતામાં ચાતુર્માસ વીતી ગયું. શ્રીયુત્ ગુલાબચંદભાઈ શીવલાલભાઈની ભાવભરી વિનંતીથી એમના બંગલામાં ચાતુર્માસ પરિવર્તન ધામધૂમથી થયું. શ્રી સિદ્ધિગિરિ પટ્ટના દર્શને પૂ. આચાર્ય ભગવંતની નિશ્રામાં ચતુર્વિધ સંઘ વાજતે ગાજતે જતાં મોટા માનવ મહેરામણે શ્રી સિદ્ધિગિરિના સ્તવન ઝીલ્યા. ત્યાંથી આવી પછી **પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવરશ્રીએ પાંચ ''સ'' કાર ઉપર સુંદર મનનીય પ્રવચન આપ્યું.** બપોરના શ્રી નવાણું પ્રકારી પૂજામાં શ્રી વાસુપૂજ્ય જિન મિત્રમંડળે સંગીત ભર્યો ભક્તિ રંગ રેલાવ્યો. ત્રણેય વખત તેમના તરફથી પેંડા-લાડુ-ફેણીની પ્રભાવના થઈ. સાંજે પ્રતિક્રમણમાં શ્રીફળની પ્રભાવના થઈ. રાત્રે મંડળે ભાવના કરી. સાધ્વીજી પ્રિયદર્શનાશ્રીજી અને હર્ષલત્તાશ્રીજી આદિનું ચાતુર્માસ પણ શ્રીયુત્ ગુલાબચંદભાઈને ત્યાં જ બદલાવવામાં આવ્યું. સાધ્વીજી મણીશ્રીજી અને રમણિકશ્રીજી આદિ સાધ્વીજીઓનું વકીલ વનેચંદભાઈને ત્યાં બદલાવવામાં આવ્યું.

પં. શ્રી પદ્મવિજયજી ગણિવરને હવે સુધારો થતો આવતો જણાય છે. શક્તિ વધતી રહી છે. ડાંડાના ટેકે ચાર ડગ ભરી શકે છે અને સંઘને સુધારાથી આનંદ થઈ રહ્યો છે.

• **ગાંધીધામ :** પૂ. પં. શ્રી સુદર્શનવિજયજી મ. નું ધામધૂમ પૂર્વક ચાતુર્માસ પરિવર્તન થયા પછી ન્યૂ કંડલા, કંડલા, ગલપાદર, વગેરેમાં ધર્મવાણીનો લાભ આપતાં અંજાર પધારનાર છે.

• **ચૂડા :** પૂ. મુનિરાજશ્રી નિત્યાનંદ વિ. મ. નવા માણસોને પણ ધર્મરસિક બનાવી સંઘના આગ્રહથી ૫૬ મી ઓળીનું પારણું કરી સુરેન્દ્રનગરમાં પધાર્યા છે.

• **વલભીપુર :** પૂ. પં. શ્રી દક્ષવિજયજી મ. ને મોટી ધામધૂમ સાથેના ઉત્સવપૂર્વક ઉપાધ્યાયપદે બિરાજમાન કરવામાં આવ્યા. ઠાકોર સાહેબ શ્રી ગંભીરસિંહજી તથા યુવરાજ શ્રી જશુભા પણ વિધિ વખતે હાજર રહ્યા હતા અને કામળ વહોરાવી. બોટાદ સંઘ તરફથી પ્રભાવના થઈ. લાઠીદળ સંઘ તરફથી પદવીદિન કા. વ. ૩ ની કાયમી પૂજા માટે રૂા. ૧૦૧ મૂક્યા, અને બગડિયા હરગોવિંદ ઉજમશી તરફથી આંબેલતિથિ યોજાઈ. ઉંઝાવાળા અમૃતલાલ મોદી તરફથી વ્રત ઉચ્ચરનારને રૂ. ની પ્રભાવના અને પેઢીના સ્ટાફને ઈનામો અપાયા. સ્થાનિક તથા સાંતાક્રુઝ-ઊંઝા સંઘ તરફથી કપડા કામળી વહોરાવાયા.

મહેસાણા : પૂ. આચાર્યદેવશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના કાળધર્મ પામતાં સંઘે પાકી પાળી, દેવવંદન કરેલ. સંઘની એક જનરલ સભા શોક દર્શાવવા, ઉપાશ્રયમાં પૂ. પં. કનકવિજયજી મ. ની નિશ્રામાં મળતાં પરીક્ષક વાડીલાલ મગનલાલ શેઠ, ચંપકલાલ હરડે, કેશુભાઈ, તથા પૂ. રૂચકવિજયજી મ. શ્રી એ, પૂ. દાદાના પવિત્ર જીવન પ્રસંગો અંગે વિવેચનો કરેલ. પરીક્ષકના પ્રેરણાત્મક સૂચનથી સભામાં ટીપ શરૂ થએલ. બાદ શેઠ નાથાભાઈ તથા ટ્રસ્ટી સાહેબોના શુભ પ્રયત્નથી રૂા. ૮૦૦ નો સુંદર ફાળો થયો. મોટા દહેરાસરજીમાં કા. સુ. ૯ થી કા. સુ. ૧૫ સુધી અઠ્ઠાઈ મહોત્સવની ભવ્ય ઉજવણી થઈ હતી તેમજ દર વરસે સ્વર્ગારોહણ તિથિએ પ્રભુજીની સુંદર અંગ રચના થાય તેવો પ્રબંધ શ્રી સંઘ તરફથી થએલ છે.

મહેસાણાના પાઠશાળાના ગૃહપતિ રસિકલાલ શાહને વિદાય આપવા સમારંભ થયો, વિદ્યાર્થી અરુણકુમાર, કીરીટકુમાર તથા કેશવકાંતે વર્ધમાન તપનો પાયો વિધિ યુક્ત નાંખેલ છે.

• **વીસનગર :** કલ્યાણ પાર્શ્વનાથ જૈન પાઠશાળાની વાર્ષિક પરીક્ષા શ્રી રામચંદ ડી. શાહ તથા શ્રી કાંતિલાલભાઈએ લીધી. પરિણામ ૯૫।। ટકા આવેલ. ઈનામી મેળાવડો તા. ૨૪-૧૧-૫૯ ના રોજ શ્રી ડૉક્ટર સાહેબ કાંતિલાલ મણિલાલના અધ્યક્ષસ્થાને રાખવામાં આવ્યો, મંગળાચરણ, ગીત, જુના શિક્ષક શ્રી માનચંદભાઈનું ધાર્મિક શિક્ષણ અંગે યોગ્ય વિવેચન, રામચંદ ડી. શાહનું પાઠશાળાઓની જરૂરીયાત માટે ઉદ્‌બોધનાદિ થયું. પ્રમુખ તરફથી રૂ. ૫૧ પાઠશાળાને ભેટ અપાયા. રૂ. ૧૫૦ ના રોકડ તથા શ્રી પંકજકુમાર રમણલાલના સ્મરણાર્થે પુસ્તકોનાં ઈનામ અપાયા. શિક્ષકશ્રી વિનોદચંદ્રભાઈની પણ યોગ્ય કદર કરવામાં આવી. શિક્ષકની મહેનત સારી છે.

• **રાજકોટ :** અત્રે શહેરમાં જૈન તપગચ્છ પાઠશાળાની વાર્ષિક પરીક્ષા પ.પૂ. આચાર્યદેવશ્રી ઓમકારસૂરીશ્વરજીએ લીધેલ. ત્રણસોની સંખ્યામાં પરીક્ષાનું પરિણામ ૯૩ ટકા આવેલ છે. કા. વ. ૭ ઈનામી મેળાવડામાં મંગળગીત, સ્વાગત ગીત, સંવાદ વગેરેથી સુંદર કાર્યક્રમ રજૂ કરેલ. પૂ. આચાર્યશ્રીએ રોચક પ્રવચન આપેલ. પૂનાના પરીક્ષાર્થીઓને પ્રમાણપત્રો અને દરેક અભ્યાસી વર્ગને રૂ. ૩૦૦ સુધીના ઈનામ વહેંચવા ઘણો ઉત્સાહ હતો. રાત્રે ૮।। વાગ્યે 'દાનવીર શેઠ જગડુ શાહ' નામનો મોટો સંવાદ મંડપની રચના કરી કરવામાં આવેલ. મંત્રીવર્યશ્રીએ જણાવેલ કે અધ્યાપક શ્રી રમણીકભાઈ ભારે જહેમત ઉઠાવી અભ્યાસી વર્ગને સમ્યગ્જ્ઞાનમાં અને આવા સુંદર ધાર્મિક કાર્યોમાં જોડી રહ્યા છે. તે સમયે દીપક અને પૂકાર નૃત્યાદિ પણ થયેલ.

• **પાલીતાણા :** ખુશાલભુવન ખાતે પૂ. આ. શ્રી જંબૂસૂરીશ્વરજી મહારાજશ્રી તથા પૂ. પંન્યાસજી શ્રીભુવનવિજયજી ગણિવરની નિશ્રામાં માંડોલીનગરવાળા જેઠમલ ખેતમલ તરફથી ઉપધાન થતાં કા. સુદિ ૫ અને કા. સુ. ૧૦ ઉપધાનમાં બંને મુહૂર્તોમાં ઠીક-ઠીક સંખ્યામાં આરાધક આત્માઓએ પ્રવેશ કર્યો છે. કાર્તિક સુદિ ૫ ના દિવસે પૂ. પંન્યાસજી તિલકવિજયજી ગણિવરની સ્વર્ગવાસ તિથિ હોઈ વ્યાખ્યાનમાં તેઓશ્રીના ગુણગાન કરવામાં આવ્યા તેમજ પૂજા ભણાવવામાં આવી.

• **નાડોલ :** પ. પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિ ઠાણાએ સાદડી ચોમાસામાં જૈનશાસનની જયપતાકા ફરકાવી. મારવાડની પંચતિર્થિના દર્શનાર્થે શ્રીયુત ગોવિંદજી જેવતખોના તરફથી શ્રી છ'રી' પાળતા ચર્તુવિધ સંઘ સાથે અત્રે કા. વ. ૧૦ પધારતાં ગામમાં ભારે ઉમંગ જાગ્યો. ભવ્ય સ્વાગત થયું. ચૈત્યવંદનમાં ભક્તિની ખૂબ જ રમઝટ જામી.

બપોરના ૨ વાગે જાહેર પ્રવચન થયું. પૂજ્યશ્રીજીએ તીર્થયાત્રાનો અપૂર્વ મહિમાનો ભાવાર્થ અમૃતમય વાણી દ્વારા સમજાવી શ્રોતાજનોને મુગ્ધ કરી નાખ્યાં. ત્યારબાદ શ્રીયુત જવેરચંદજી સરદારમલજી સોનીગરા તરફથી શ્રી નવકારશી જમણ કરવાની રજા માંગતાં સંઘમાં વધારે આનંદ પ્રગટ્યો. તેઓશ્રીને રજા મળી. બપોરે પૂજા ભણાવાઈ. રત્નજડિત હીરામાણેકથી પ્રભુજીને ભવ્ય અંગરચના થઈ. શ્રી સંઘ તરફથી શ્રીયુત ગોવિંદજી જેવતખોનાનું જાહેર સન્માન થયું. માનપત્ર આપવામાં આવ્યું. તેઓશ્રીએ માનપત્રનો જવાબ આપતાં જણાવ્યું હતું કે શ્રી નાડોલ જૈનસંઘનો અપૂર્વ ઉત્સાહ સંગઠન એકતા જોઈ મારા દિલને આનંદ પ્રગટે છે. નાડોલના સર્વે ભાઈઓએ જો દર વર્ષે પૂ. આચાર્ય ભગવંતો આદિના તમે ચાતુર્માસ કરાવી ધર્મમાં ઓતપ્રોત બની પ્રગતિ સાધો તો જરૂર આના કરતાં વધારે પ્રગતિ થાય, તેઓશ્રીએ જ્ઞાન અને ધર્મના રક્ષણ માટે પાઠશાળાઓ ખોલી ધાર્મિક વિદ્યાદાન આપવાની હિમાયત કરી. ત્યારબાદ શેઠ ગોવિંદજી જેવતખોનાનો શ્રી સાહેબચંદજી ચાંદમલજીએ પરિચય કરાવતા જણાવ્યું કે તેઓશ્રી મુંબઈના એક પ્રતિષ્ઠિત વેપારી તેમજ અનેક સંસ્થાઓના ટ્રસ્ટી છે. ઉદાર હાથે દાન આપે છે. તેમજ પ. પૂ. ગુરુદેવના મહાન ભક્ત અને શાસનરાગી છે વગેરે.

• **પાલીતાણા :** પૂર્વે મુનિ શ્રી **ઓંકારવિજયજી** કા. વ. ૧ થી શ્રા. સુદ ૧૫ સુધી ચોવિહાર આયંબિલ ૨૫૦ આંબેલ છપાયું હતું તેના બદલે ૫૦૦ ઉપરાંત સમજવાના છે. એમાં ૨૫૦ અલુણા ઠામ ચૌવિહાર કરેલ છે. અચાનક કોલેરા થઈ જવાથી ના છુટકે પારણું કરવું પડ્યું છે.

• **મુંબઈ :** જાણવા મળે છે કે ભારત સરકારે નીમેલી ધાર્મિક શિક્ષણ અંગેની સમિતિની નવેંબરમાં એક બેઠક થઈ ગઈ, અને ચાલુ માસમાં તા. ૨૦ લગભગ બીજી બેઠક છે. જૈનોએ સમિતિ આગળ પોતાનું મંતવ્ય રજૂ કરવા જેવું છે, નહિતર ત્યાં જો કશું નહિ કરવાનો અગર હિંદુ ધર્મનું શિક્ષણ આપવાનો નિર્ણય લેવાયો તો જૈનોને વિમાસવાનું થશે.

• **પ્રતિષ્ઠા :** ઐતિહાસિક પ્રાચીન માંડવગઢ તીર્થ-પ્રાચીન સુપાર્શ્વનાથ ભગવાનાદિની પ્રતિષ્ઠા નૂતન ભવ્ય મંદિરમાં મહા સુદ ૧૧ સોમવાર તા. ૮-૨-૬૦ નિર્ણીત થયેલ છે. પૂ. ગણિવર્યશ્રી ધર્મસાગરજી મહારાજાદિ, ઉદયપુરથી માંડવગઢ તરફ વિહાર પ્રારંભ કરેલ છે. પત્ર-વ્યવહારનું સરનામું -

શ્રી જૈન શ્વે. સંઘની પેઢી. પીપલી બજાર, **ઈંદોર સીટી.**

● **શિયાણી (ઝાલાવાડ) :** અત્રે શ્રી સંપ્રતિ મહારાજનું બંધાવેલું ને **સંવત ૨૦૧૦માં જીર્ણોદ્ધાર પામેલું** અતિ પ્રાચીન તીર્થ છે. માગશર સુદી ૫ ને વરસગાંઠ ભવ્ય રીતે ઉજવાઈ. પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની આજ્ઞાથી પૂ. મુનિરાજશ્રી ગુણાનંદવિજયજી મહારાજશ્રી આદિ પધાર્યા હતા. સુરેન્દ્રનગર, જોરાવરનગર, વઢવાણ શહેર, લીંબડી, શિયાણી તાવીં વગેરે સ્થળોએથી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. માટુંગા-શીવ નિવાસી શ્રીયુત અચરતલાલ ચુનીલાલનાં ધર્મપત્ની શ્રીમતી શાન્તાબહેને એકસઠ મણ ઘીની બોલી બોલી ધ્વજા ચડાવવાનો આદેશ લીધો હતો. લીંબડી-નિવાસી શ્રીયુત વ્રજલાલ ત્રિભોવનદાસ તરફથી 'શ્રી પંચકલ્યાણક પૂજા' ભણાવવામાં આવી. શ્રી સંઘ તરફથી સ્વામિવાત્સલ્ય થયું. શ્રી સાધારણ ખાતાની સારી ટીપ થઈ. શ્રી શિયાણી તીર્થ અતિ પ્રાચીન છે. જેનો ઉલ્લેખ કલ્પસૂત્ર, શત્રુંજય ઉદ્ધાર અને ગૌતમ પરીક્ષા એ ગ્રંથોમાં "એ મંદિર સંપ્રતિ મહારાજાએ બંધાવ્યા"નો કરવામાં આવેલ છે. "જગતમાં તીરથ દો વડાં શત્રુંજય ગિરનાર"ની યાત્રાએ આવતાં સર્વ ભાઈ-બહેનોને સુરેન્દ્રનગર શહેર ઉતરી આ પુરાતન તીર્થની યાત્રા અવશ્ય કરવા યોગ્ય છે. સુરેન્દ્રનગર શહેર આવવાથી ઝાલાવાડની પંચતિર્થિના દર્શનનો લાભ મળી શકશે. સુરેન્દ્રનગર શહેરમાં ત્રેવીશ જિનાલય સહિત બારમાં તીર્થપતિ શ્રી વાસુપૂજ્ય સ્વામિના અતિ દેદીપ્યમાન જિનમંદિરનાં તથા બીજાં જિનમંદિરનાં નજીકમાં જ આવેલા જોરાવરનગરમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવંતના જિનમંદિરનાં, ત્યાંથી ત્રણ માઈલનાં અંતરે આવેલા વઢવાણ શહેર વર્ધમાનપુરિમાં યુગાદિદેવ શ્રી આદિનાથ તથા શ્રી શાંતિનાથ આદિ જિનમંદિરના તથા લોકોક્તિ અનુસાર જ્યાં ચરમ તીર્થપતિ શ્રમણ ભગવંત મહાવીર સ્વામી કાઉસ્સગ્ગ ધ્યાને રહેલાં હતાં તે સ્થળે બંધાવેલી શ્રી મહાવીર સ્વામી ભગવંતની ચરણ પાદુકાવાળી દેરીનાં, ત્યાંથી ચૌદ માઈલ આવેલા શીયાણી તીર્થમાં શ્રી શાંતિનાથ ભગવંતના ત્રણ મજલાનાં ભવ્ય જિનમંદિરનો, ત્યાંથી આઠ માઈલ દૂર શ્રી લીંબડી શહેરમાં શ્રી શાંતિનાથ ભગવંતના વિશાળકાય દેરાસરજી સહીત અન્ય દેરાસરજીનાં દર્શન કરી પાવન થઈ ઝાલાવાડની પંચતીર્થી કરવા યોગ્ય છે.

● **યેવલા :** અત્રે વૈરાગ્યવારિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય **યશોદેવસૂરિજી મહારાજની નિશ્રામાં** નાસીક તીર્થની યાત્રાએ યાત્રિકસંઘ નીકળ્યો. એની કંકોત્રીમાં ભપકાદાર વિશેષણોને બદલે પ્રેરક વસ્તુઓ લખી હતી. જેવી કે તીર્થયાત્રાના ફળ-

૧ હંમેશા શુભ ધ્યાન, ૨ અસાર લક્ષ્મીનું ફળ, ૩ ઉચ્ચ પ્રકારની પુણ્ય પ્રાપ્તિ, ૪ તીર્થની ઉન્નતિ તથા, ૫ શ્રી તીર્થંકર પદની પ્રાપ્તિ, ૬ તીર્થ-માર્ગની રજની કર્મરૂપી રજથી મુક્ત થવાય, ૭ શ્રી તીર્થોમાં ભમવાથી ભવસાગરમાં ભમવું ન પડે, ૮ તીર્થમાં દ્રવ્યનો વ્યય કરવાથી સ્થિર સંપદા અને ૯ પ્રભુને પૂજવાથી પૂજનિક બનાય છે.

છ'રી'ને વિવેકી એવો પુણ્યાત્મા યાત્રા સમયે પાળે-૧. એક વખત ભોજન કરે, ૨. પૃથ્વી ઉપર (પલંગ ગાદલા વિના) સંથારો કરે, ૩. પગે ચાલનારો હોય, ૪. થોડું સહન કરવું પડે તો કરીને પણ અને નિઃસ્વાર્થ સેવા સાથે સાધર્મિકની ભક્તિ કરવી, ૫. પૂ. ગુરુદેવની તથા સંઘના કાર્યવાહકોની મળતી સૂચના સહુએ ખ્યાલમાં રાખવી.

દૈનિક કાર્યક્રમ

સવારે-૪॥ ઉઠવું, ૫-૬॥ સામુદાયિક પ્રતિક્રમણ, ૬-૬। વાસક્ષેપથી જિનપૂજા, ૬।-૯ પ્રયાણ ચાલુ, ૯-૯॥ ગામપ્રવેશ, ૯॥-૧૦॥ વ્યાખ્યાન, ૧૦॥-૧॥ સ્નાત્ર પુજન અષ્ટ પ્રકારે.

બપોરે-૧॥-૨॥ એકાસનું, ૨॥-૩। આરામ, ૩॥-૪॥ વ્યાખ્યાન, ૪॥-૫॥ વિચારણા વાંચન ચર્ચા.

સાંજે-૬-૭ પ્રતિક્રમણ. રાતના-૭-૮॥ ભાવના, ૮॥-૯॥ જૈન જૈનેતરોને વ્યાખ્યાન.

● **કાનોડ :** પૂ. ગણિવર્ય શ્રીધર્મસાગરજી મ. ની નિશ્રામાં શ્રી ઋષિમંડળ મહાપૂજાનો કાર્યક્રમ ઉત્સાહ, આનંદપૂર્વક ઉજવાયો. પૂ. મુનિરાજશ્રી **અભયસાગરજી મ. પૂજાનાં અર્થ સારા સમજાવતા.** પ્રભુજીને ભવ્ય અંગરચના, પૂજાઓ, પહેલી જ વાર નીકળેલો લગભગ એક માઈલ લાંબો વરઘોડો વગેરેથી ધર્મ-પ્રભાવના સુંદર થઈ. મેવાડના કાર્યકર શ્રી ભગવતીલાલજી પોખરનાએ સુંદર શાસનસેવા આપી.

અત્રેના દેરાસરના જીર્ણોદ્ધાર માટે રૂ. ૫૧,૦૦૦ ની જરૂર છે. શ્રીયુત લક્ષ્મીલાલજી ડુંગરવાળાએ રૂ. ૨૨૫૧, તથા શ્રી ભગવતીલાલજીએ રૂ. ૪૧૦૧, ટીપમાં ભર્યા છે. દેરાસરો વગેરેમાંથી આપવાની ખાસ જરૂર છે.

● **દેહૂરોડ :** પૂ. પંન્યાસજી મ. શ્રી પદ્મવિજયજી ગણિવર સુરેન્દ્રનગર ખાતે

અપૂર્વ સમાધિપૂર્વક કેન્સરના દર્દની પીડાઓમાં સમાધિ સાથે અરિહંતના જાપ અને ધ્યાનની આરાધના અદ્‌ભુત કરી રહ્યા છે. તેની અનુમોદના અર્થે મા. સુ. ૧૪ ના પુખરાજ રૂપચંદ તરફથી અંતરાય કર્મ નિવારણની પૂજા ભણાવાઈ.

● **વણી :** પૂ. આ. મહારાજશ્રી યશોદેવસૂરીશ્વરજી ગુજરાત તરફ પધારતા હોઈને નાસિકથી તથા સંગમનેરથી એમ બે સંઘ સાથે આવ્યા લગભગ ૪૦૦ માણસ હતું. ખાનદેશમાં મુનિરાજોને રોકવાના સંઘોના આગ્રહને લીધે પૂ. મુનિરાજશ્રી રંગવિજયજી આદિને રોકવામાં આવ્યા. પૂજ્યશ્રી પ્રાયઃ પો. સુદ ૪ વાંસદા પધારશે. ખાનદેશમાં સંઘસંગઠન, પ્રતિષ્ઠાઓ, ધર્મખાતાની સાફ-સૂફી દેવદ્રવ્ય રકમોની ચુકવણી વગેરે સારા ઉપકાર કરતા હોઈને સંઘો એઓશ્રી જલદી ખાનદેશ પાછા પધારે એમ ઇચ્છી રહ્યા છે.

● **ધાર્મિક પ્રશ્નાવલી**

મેક્સીકોની આઈબેરો અમેરીકન યુનિવર્સિટીના એક અધ્યાપક ડૉ. એફ. પારડીનસ એક સુપ્રસિદ્ધ તત્ત્વચિંતક છે. તેમણે વિજ્ઞાન અને નૂતન સમાજ રચનાને અનુલક્ષીને ૨૧ પ્રશ્નો તૈયાર કરેલા છે. અને તેના ઉત્તરો જૈનધર્મની દૃષ્ટિએ જાણવા માંગ્યાં છે. આ પ્રશ્નોના ઉત્તરો મોકલવાનો "જૈન સાહિત્ય સભા" એ નિર્ણય કર્યો છે. આ વિષયમાં જેઓ રસ ધરાવતા હોય તેમણે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો. જેથી તેમને પ્રશ્નાવલી વગેરે મોકલી આપવામાં આવશે. શ્રી જૈન સાહિત્ય સભા. ઠે. બુલીયન એક્સચેંજ બિલ્ડિંગ, ૨ જે માળે, મુંબઈ-૨.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૮,અંક-૧૬,તા.૯-૧-૧૯૬૦**

● **સુરેન્દ્રનગર : ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સપરિવાર પોષ વદ ૬ અત્રેથી વિહાર કરવા સંભવ છે. મહા સુદ ૧૦ લીંબોદરા (માણસા પાસે) પૂનાવાળા બાબુભાઈની દીક્ષા એઓશ્રીના વરદ હસ્તે કરવા માટે એમના પિતાશ્રી તરફથી મોટાભાઈ મંગળદાસ વગેરે ત્રણ વાર આવીને ખૂબ આગ્રહ કરી ગયા હોવાથી ત્યાં પધારી પછી મારવાડ પિંડવાડા બાવન જિનાલય પ્રતિષ્ઠા **અંજનશલાકા જે વૈશાખ માસમાં નિર્ણીત થઈ છે** તે પર ત્યાંના સંઘની આગ્રહ ભરી વિનંતીને લીધે પધારવા વકી છે. પૂ. પં. શ્રી પદ્મવિજયજી મહારાજને માથાનો દુઃખાવો ચાલુ થયો છે, પણ સમભાવે સહન કરે છે. બાકી સ્વાસ્થ્ય સુધારા પર છે. અત્રેની ધર્મ-પેઢીના વહીવટદારોએ ઝાલાવાડના વહીવટદારોની

મિટિંગ મેળવી એમાં ખાસ આમંત્રણથી પધારેલા વડોદરાવાળા ધર્મપ્રેમી વકિલ કેસરીચંદભાઈએ ટ્રસ્ટ એકટ સંબંધમાં વિસ્તાર અને સૂક્ષ્મતાથી માર્ગદર્શન આપ્યું.

● **દાદર :** આખુ ચાતુર્માસ પૂ.આ.શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં તપશ્ચર્યાઓ, મહોત્સવો, પૂજાઓ, પ્રભુની અંગરચનાઓ તેમજ ભક્તિમય ચાતુર્માસ પૂર્ણ થયું. ચાતુર્માસ પરિવર્તન દેવકરણ મેન્શનમાં ભવ્ય મંડપમાં થતાં સંઘને હર્ષનો પાર ન હતો. ત્યાંથી કોટમાં વિનંતીથી સ્વ.પૂ.આ. સિદ્ધિસૂરીશ્વરજી મહારાજના મહોત્સવ ઉપર પધાર્યા. શેઠ શાંતીભાઈ મણિલાલ શ્રોફે ઘર આંગણે ગીનીથી ગુરુપૂજન અને રૂા. ૧૦૧ થી જ્ઞાન પૂજન કર્યું. શેઠ બાબુભાઈ ફકીરભાઈએ પટવા ચાલમાં ભવ્ય મંડપમાં પૂજ્યશ્રીની દેશના પ્રભુ પૂજા ભાવનામાં ભવ્ય કાર્યક્રમ યોજ્યો. ત્યાંથી લાલબાગ સંઘના આગ્રહથી ત્યાં પધાર્યા. પૂજ્યશ્રીની નિશ્રામાં ચૈત્ય પરિપાટી થઈ. ત્યાંથી શ્રી નમિનાથજીના ઉપાશ્રયે પધાર્યા. પ્રભાવક પ્રવચન કર્યું. પ્રો. શ્રી ઘનશ્યામ જોષીએ ગુરુસ્તુતિ કરી. ત્યાંથી પૂ. મુનિરાજશ્રી હરિભદ્રવિજયજીના સંસારી કાકા શેઠ ભોગીલાલ જેઠાલાલની વિનંતીથી પૂજ્યશ્રી સર્વોદય નગરમાં પધારતા પૂજ્યશ્રીની ઉંમર પ્રમાણે રૂા. ની ગહુંલી થઈ. ભવ્ય મંડપમાં વ્યાખ્યાન પૂજા થયું. લાલબાગમાં ચતુર્થ વ્રતધારીઓનું સન્માન શેઠ ગુલાબચંદ ગફલભાઈ તરફથી થયું. દાદર સંઘની ભારે વિનંતીથી પૂજ્યશ્રી જ્ઞાનમંદિર પધાર્યા છે.

● **મુંબઈ :** ભારત સરકારે શ્રી શ્રીપ્રકાશના પ્રમુખપદે નીમેલી ધાર્મિક શિક્ષણ અંગેની સમિતિઓ છેલ્લી તારીખ ૨૦-૨૧ ડીસેંબરે મિટિંગમાં નિર્ણય કરી પોતાનો રીપોર્ટ ભારત સરકાર પર મોકલી આપ્યો છે. હવે તો પરિણામ જોવું રહ્યું.

● **પાલીતાણા :** પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય જંબુસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ઉપધાન તપની મહામાંગલિક ભવ્ય આરાધના સ્થાનિક આંબેલ ખાતા, શ્રાવિકાશ્રમ આદિ માટે કરાવી આપવામાં આવેલ સહુથી વિશેષ ફંડો, ઉપધાન તપસ્વીઓને સાલો-ડાભડા-રૂપિયા પુસ્તક વગેરે ભરપુર લાણીઓ ઇત્યાદિના ઘણા ઘણા યાદગાર પ્રસંગો ઉજવાઈ ગયા. શ્રી ઉપધાન તપ માળનો અષ્ટાહ્નિકા મહોત્સવ ઉપધાન તપ કરનારા તરફથી ભારે ધામધૂમથી ઉજવાયો. સોલાપુરના શ્રી સંપતલાલજી લુંકડ તરફથી માળાઓનો મોટો વરઘોડો ચડ્યો. પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં માળની ઉછામણીઓ બોલાઈ. પૂજ્યશ્રીએ પ્રથમ સારાયે શાસનની જડ સ્વરૂપ દેવદ્રવ્યવૃદ્ધિના મહાન લાભનો થોડો ટાઈમ ઉપદેશ આપ્યો તેનાથી ભાવોલ્લાસમાં પહેલી ઉછામણી રૂા. ૮૧૦૧ની થઈ હતી જે કહી શકાય કે આ ચઢાવા પાલીતાણામાં પહેલ વહેલો હતો. માળા પહેરનાર લગભગ ૧૩૦ તપસ્વીઓ હતા. એકંદરે પેઢીને માળાની ઉપજ રૂા. ૨૦,૦૦૦ જેવી થઈ હતી. માગશર સુદ ૫ સવારે

આરીસા ભુવનમાં મંડપ ખડો કરીને માળા પરિધાનની ક્રિયા વિધિ થઈ. ચતુર્વિધ સંઘ સભાની મેદનીથી આખું દશ્ય અલૌકિક ચમત્કારી બની ગયું હતું. એક જ મુહૂર્તે બધા ભાઈ બહેનોને એક સાથે માળા પહેરાઈ ગઈ. કોઈકને કશી જ અંતરાય આવી નહિ, એ એક ચમત્કારિક ઘટના હતી. શેઠ સોમચંદ દલસુખભાઈ તરફથી અષ્ટોતરી સ્નાત્ર ભણાવાયું, એકંદર સારાયે ઉત્સવે પોતાની પ્રભા સર્વત્ર અભૂતપૂર્વ ફેલાવી હતી, જેને આજે પણ લોકો ખૂબ યાદ કરે છે. પૂજ્ય આચાર્યદેવ હાલમાં સાધુઓને નવાણું યાત્રાઓ ચાલતી હોવાથી એકાદ માસ અહીં સ્થિરતા કરશે. બાદ શ્રી જુનાગઢ તીર્થ તરફ વિહારની ભાવના રાખે છે.

● **મુંબઈ :** કોટમાં દક્ષિણદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજનું જવલંત ચોમાસું થયું. એમના પ્રભાવક પ્રવચનો તત્ત્વરસિક અને સામાન્ય જનતા ઉભયને માટે આકર્ષક બન્યા. સાધર્મિક ફંડ, ચૈત્યપરિપાટી, જૈનધર્મ પ્રચાર અર્થે સાહિત્યનિર્માણ વગેરે સુંદર પ્રવૃત્તિઓ થઈ. શતાવધાની પૂ. મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજનાં કાવ્યમય જાહેર પ્રવચનોનું ઠેઠ સુધી આકર્ષણ રહ્યું. બંનેનો જુદી જુદી હાઈસ્કૂલોમાં પણ પ્રવચન થયાં. મરીન-ડ્રાઈવના ભાઈઓની આગ્રહ વિનંતીશ્રી પૂજ્યશ્રી ત્યાં પધારતા શાનદાર સ્વાગત થયું. આગેવાનોની મોટી મેદની હતી.

● **લોદ્રા :** પૂ. પ્રવર્તક શ્રી ચંદ્રવિજયજી મહારાજ ખેરાળુથી વિહાર કરી અત્રે પધારતાં સંઘની વિનંતીથી પ્રતિષ્ઠા ધ્વજાદંડ તેમ જ પટ્ટ અભિષેક હોઈ સ્થિરતા કરશે.

● **અમદાવાદ :** પૂ. આચાર્યદેવશ્રી બાપજી મહારાજના નિમિત્તે ફતાસાપોળ, રીચી રોડ પર શ્રી અષ્ટાહ્નિકા મહોત્સવ, તથા સિદ્ધચક્ર પૂજનનો કાર્યક્રમ સારી રીતે ઉજવાયો. છેલ્લા દિવસે વરઘોડો મુખ્ય રાજમાર્ગે ફરીને ફતાસાપોળ ઉતર્યો. છેલ્લા દિવસે સાંજે દેરાસરમાં અમી ઝરી હતી. જૈન-જૈનેતરો સારા પ્રમાણમાં દર્શન કરવા માટે ઉમટ્યા હતા.

● **વીરમગામ : પોષ સુદ ૮** બુધવારે બપોરે **રબારી નાગજી વરસીના મકાનનો** પાયો ખોદાતાં વીરમગામથી **૧૨ માઈલના મેલજી ગામેથી કાળા આરસપાણવાળી ૧૫મા તીર્થંકર ભગવાન ધર્મનાથજી અને ૧લા આદીશ્વરજીની અને સફેદ આરસપાણવાળી ૧૦માં તીર્થંકર ભગવાન શીતલનાથજીની મૂર્તિઓ મળી આવી હતી.** ઉપરની પહેલી બે મૂર્તિઓ ૨૫૦૦ વર્ષ જુની છે. અને રાજા

સંપ્રતિના સમયની છે. જ્યારે ત્રીજી મૂર્તિ ૮૦૦ વર્ષ જુની છે અને રાજા કુમારપાળના સમયની છે. જ્યારે અન્ય જૈન દેવીઓની પત્થરની મૂર્તિઓ અંબીકા દેવી, ચોમુખજી અને યક્ષની પણ મળી આવી છે. આખા ગામ તરફથી સામુદાયિક પ્રાર્થનાઓ થઈ રહી છે.

આ મૂર્તિઓ વીરમગામ મૂર્તિપૂજક જૈન શ્વેતાંબર સંઘના આગેવાનોએ નીહાળી હતી. આ ઉપરાંત મામલતદાર શ્રી મોતીભાઈ પટેલ. તાલુકા કોંગ્રેસ મંત્રી શ્રી ત્રીકમલાલ પટેલ વગેરે નિહાળીને સત્તાવાળાઓને ખબર આપી હતી.

● **માંડવગઢ :** મહા સુદ ૧૧ વિજય મુહૂર્તે અત્રે જીર્ણોદ્ધાર પામેલ ભવ્ય પ્રાચીન તીર્થમાં પ્રતિષ્ઠા થનાર છે. પ્રતિષ્ઠા અંગેની ઉછામણીઓ (બોલી) સુદ ૧૦ રવિવારે બોલવામાં આવશે. મહા સુદ ૫ થી અઠ્ઠાઈ મહોત્સવ ચાલુ થશે. ત્રણેક લાખના ખર્ચથી અદ્‌ભુત જિનમંદિર તૈયાર થઈ ગયું છે. આ ઉત્સવ પ્રતિષ્ઠા વગેરેમાં લાભ લેવાની ઈચ્છા હોય એમણે શ્રી માંડવગઢ તીર્થ કાર્યવાહક (પો. ઓ. મંડુ, જિલ્લા-ધાર) એ સરનામે પત્ર વ્યવહાર કરવો.

● **ખંભાત :** પૂ. આ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ. ખાનદેશથી વિહાર કરતાં અત્રે પોષ સુદ ૧૩ લગભગ પધારવા વકી છે. પછી અમદાવાદ થઈ, લીંબોદરા બાબુભાઈની મહા સુદ ૧૦ દીક્ષા પર અતિ આગ્રહ હોવાથી પધારવા ગણતરી છે.

સાભાર સ્વીકાર

● **'જૈનસંઘ કે બંધારણ કી રૂપરેખા' :** ની હિન્દી પુસ્તિકા પ્રકાશક શ્રી જૈન શ્વે. સંઘની પેઢી, પિપલી બજાર, ઈંદોર સીટી; કિ. ૦-૯-૦; લેખ સંગ્રાહક પૂ. ગણિવર્ય શ્રી ધર્મસાગરજી મહારાજ તથા પંડિત શ્રી પ્રભુદાસ બેચરદાસ. આ પુસ્તિકામાં વિષયો, જિનશાસનની સ્થાપના-ઉદ્દેશ-સંચાલક-સંપત્તિઓ-અધિકારી-સંચાલકની કક્ષાઓ, કાર્યપદ્ધતિ, સાધક-બાધક દ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવ, વર્તમાન ચૂંટણી-પદ્ધતિ-મતાધિકાર વગેરેના ભયંકર પરિણામ, શાસન અને સંઘ, ધાર્મિક ક્ષેત્રોની સમજ, અને વિ.સં. ૨૦૧૪ રાજનગરસ્થ શ્રમણ સંઘ તરફથી સાત ક્ષેત્રાદિ ધાર્મિક વ્યવસ્થાનું દિગ્દર્શન વગેરે સમજાવવામાં આવ્યા છે.

● **'શ્રાવક કર્તવ્ય'** ની હિંદી પુસ્તિકા, પ્રકાશક સંઘવી અર્જુનલાલ નંદરામજી મનાબત, સિંઘટ વાડિયોંકી સહરી, **ઉદયપુર,** મુમુક્ષુઓને ભેટ. પૂ. તપસ્વી ગણિવર્ય શ્રી ધર્મસાગરજી મ. ના ચાતુર્માસના વ્યાખ્યાન શ્રવણથી પ્રભાવિત થઈ આ પ્રકાશન ભાઈ અર્જુનલાલે કર્યું છે. એમાં શ્રાવક-કર્તવ્ય, નમસ્કાર મહામંત્ર, જાપની શાસ્ત્રીય મર્યાદા, દેવદર્શનની વિધિ અને મહિમા તથા જરૂરી ભાવના, વીતરાગદર્શનથી વિવેક, વીતરાગપ્રભુની પૂજા, ૭ શુદ્ધિ, પૂજાની શાસ્ત્રીય મર્યાદા,

વીતરાગ પૂજા શા માટે ? પૂજાથી ૮ કર્મનાશ, ચૈત્યવંદન વિધિ, અષ્ટ પ્રકારી પૂજાના રહસ્યના તથા નવાંગ પૂજાના દુહા અને દુહા-અર્થ વગેરે વિષયો સમજાવવામાં આવ્યા છે.

● **શ્રી મોતીશા જૈન પાઠશાળા-ભાયખલા (મુંબઈ)**

દિલ્હીમાં યુનાઈટેડ સ્કૂલ ઓર્ગેનાઈઝેશનદ્વારા તા. ૨૭-૧૨-૫૯ ના રોજ ભારતની આંતરશાળા હરિફાઈમાં પાઠશાળાના વિદ્યાર્થીની કું. છાયાબહેન કેશવલાલ શાહ (ઉં.વ. ૧૨) વકૃત્વસ્પર્ધામાં પ્રથમ નંબરે અને શ્રી કીરિટકુમાર ભુરાલાલ (ઉં.વ. ૧૪) સંગીત સ્પર્ધામાં ત્રીજા નંબરે યશઃસ્વી વિજેતા થવા ભાગ્યશાળી બનેલ. તે બદલ તેઓ બંનેને અભિનંદન સાથે સન્માનપૂર્વક પારિતોષિક અર્પણ કરવા માટેનો એક જાહેર સમારંભ તા. ૧૭-૧-૬૦ રવિવારે બપોરે ૩-૩૦ વાગે ભાયખલા મોતીશા જૈન દહેરાસરના રંગમંડપમાં યોજવામાં આવ્યો. પ્રમુખસ્થાન શ્રીમાન શ્રી પ્રસન્નચંદ્ર સુરચંદ બદામી બાર-એટ-લો (માનનીય જજ-સ્મોલ કોઝ કોર્ટ) એ સ્વીકાર્યું હતું.

● **મુંબઈ :** તા. ૧૦-૧-૬૦ રવિવારે શ્રી નમિનાથજી જૈન ઉપાશ્રયમાં પૂ. આ. શ્રી વિજ્ઞાનસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી કસ્તૂરસૂરિજી મ. આદિની શુભ નિશ્રામાં મળેલા જૈન ધાર્મિક શિક્ષણ સંઘના અપૂર્વ ઉત્સાહ અને આનંદભર્યા જાહેર સમારંભમાં (૧) મુંબઈની ૨૬ પાઠશાળાઓને (તેઓએ દીવાળી બોણીના ઉઘરાવેલા રૂા. ૬૮૫૯) ની રકમમાં સંસ્થા તરફથી ૧૫% ટકા મુજબ રૂા. ૧૦૨૦।।। ઉમેરીને) કુલ રૂા. ૭૮૮૦) ની રકમ ચેક દ્વારા આપવામાં આવી હતી. (૨) **'નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન'**-પુસ્તકના લેખક શ્રી કાન્તિલાલ મોહનલાલ શાહ (કીરણ)ને જૈન સાહિત્ય સભા દ્વારા તેમના પ્રશંસકો તરફથી સુવર્ણચંદ્રક અર્પણ કરવામાં આવ્યો હતો. (૩) દિલ્હીમાં યુનાઈટેડ સ્કૂલ ઓર્ગેનાઈઝેશન દ્વારા તા. ૨૭-૧૨-૫૯ યોજાયેલી ભારતની આંતરશાળા હરિફાઈમાં વક્તૃત્વ અને સંગીત સ્પર્ધાના વિજેતા કુ. છાયા કેશવલાલ તથા શ્રી કીરિટકુમાર ભુરાલાલ તથા ભાગવતી દીક્ષા અંગીકાર કરનાર શ્રી જયોત્સનાબહેન ચંપકલાલનું સંસ્થા તરફથી બહુમાન કરવામાં આવ્યું હતું. (૪) નિઃસ્વાર્થ ભાવે સેવા આપનાર પરીક્ષક બંધુઓને પુસ્તકો ભેટ

આપવા દ્વારા તથા સંસ્થાના કાર્યકર શ્રી અમૃતલાલ તારાચંદ દોશીને રૂા. ૧૦૦) આપી તેમનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી મહેન્દ્રભાઈ મનસુખભાઈ શાહે-સંસ્થાને રૂા. ૫૦૧) આપવાની ઉદાર ભાવના દર્શાવી હતી. પૂ. આ. શ્રી કસ્તૂરસૂરિજી તથા અન્ય વકતાઓએ મનનીય પ્રવચનો કર્યા હતા.

શ્રી વિજાપુર સત્તાવીશ વીશાશ્રીમાળી જૈનજ્ઞાતિમંડળ પૂના

મુમુક્ષુ ભાઈશ્રી બાબુલાલ માનચંદને અપાયેલ માનપત્ર

ઉપરોક્ત મંડળ તરફથી લીંબોદ્રા નિવાસી શાહ માનચંદ દીપચંદના સુપુત્ર બાલબ્રહ્મચારી ભાઈશ્રી બાબુલાલને તેમની ભાગવતી દીક્ષા નિમિત્તે માનપત્ર અર્પણ કરવાનો ભવ્ય મેળાવડો પુનાના શ્રી સંઘના દેરાસરના સભા મંડપમાં તા. ૬ઠ્ઠીને રાત્રે પુનાના અગ્રગણ્ય શેઠશ્રી કાંતિલાલ ગગલભાઈના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો. સભામંડપ ચિક્કાર ભરાઈ ગયો હતો. મંગલાચરણ બાદ શ્રી જયંત મોદીએ દીક્ષાર્થી ભાઈનો પરિચય આપતાં જણાવ્યું હતું કે, શ્રી બાબુભાઈ સાથે મારો અંગતનો નિકટ સંબંધ છે. છેલ્લા પંદર વર્ષનો ઈતિહાસ રજૂ કરતા તેમણે આજથી ચાર વર્ષ પહેલાનાં બાબુભાઈના જીવનનો આબેહૂબ ખ્યાલ આપ્યો હતો. શ્રી બાબુભાઈના પવિત્ર અને ઉત્તમ મનોબળને અંજલિ આપવા ઉપરાંત તેમના માતા-પિતાને પણ તેમની ધર્મભાવના પોષવા બદલ ધન્યવાદ આપ્યા હતા. મહારાષ્ટ્રના જાણીતા લોકસેવક અને દેશભક્ત શ્રી પોપટલાલ રામચંદ શાહે સભા સમક્ષ માનપત્ર વાંચી સંભળાવ્યું હતું. શ્રી બાબુભાઈનું બહુમાન કરતાં તેમણે દીક્ષાનું મહત્ત્વ અને નવ્ય વિચાર સરણીવાળા યુવાન સાધુ વર્ગની સમાજને કેટલી જરૂર છે તેનું મહત્ત્વ સચોટ દૃષ્ટાંતો સહિત સમજાવ્યું હતું, ત્યારબાદ પ્રમુખશ્રીના વરદ હસ્તે મુમુક્ષુ ભાઈશ્રી બાબુભાઈને કાસ્કેટમાં મઢાયેલ માનપત્ર મંડળ તરફથી અર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પુના શહેરની અનેક સંસ્થાઓ તેમજ વ્યક્તિઓ દ્વારા ફૂલહારથી તેઓશ્રીનું બહુમાન કરવામાં આવ્યું હતું. અંતમાં શ્રી બાબુભાઈએ સકળ સંઘને વિનમ્રતાપૂર્વક ખમાવ્યા હતા અને પોતાને અભિનંદન અને આશીર્વાદ આપવા બદલ સકળ સંઘનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો. મુક્તિના માર્ગમાં પોતાને પ્રેરણારૂપ થયેલાં ગુરુદેવોનો પણ તેમણે ભાવભર્યો આભાર વ્યક્ત કર્યો હતો.

● **અમદાવાદ :** સુરેન્દ્રનગરથી વિહાર કરતાં કરતાં સિદ્ધાન્ત મહોદધિ પરમગુરુદેવ પૂ. આચાર્ય ભગવંત શ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજ સપરિવાર **મહા સુદ ૧-૨ અત્રે સંઘના સ્વાગત** સાથે પધાર્યા છે. **વચમાં લખતર, વિરમગામ, સાણંદ વગેરેમાં** સંઘસ્વાગત ભારે ઉમળકાભેર થયેલા. વિરમગામવાળા કહે છે કે આવું સામૈયું પહેલીવાર જોયું. વ્યાખ્યાનમાં પણ સવાર-બપોર ચિકાર માણસ હતું. અત્રેથી પૂજયશ્રી લીંબોદરા (તા. વિજાપુર-ગુજરાત) મહા સુદ ૧૦ ની બાબુભાઈની દીક્ષા હોવાથી પધારવાના છે. પૂ. પં. શ્રી પદ્મવિજયજી મહારાજ પણ સાથે છે. તબિયત સામાન્ય ઠીક ચાલે છે.

● **પુના :** રાજનગર મુકામે પૂ. આચાર્યદેવશ્રી વિજય હર્ષસૂરીશ્વરજી મહારાજ કાળધર્મ પામ્યાના સમાચાર મળતાં અત્રે ભવાની પેઠમાં શેઠ રત્નાજી મોટાજી રુગનાથજી તરફથી દેરાસરમાં શ્રી નવપદજીની ભવ્ય પૂજા ભણાવવામાં આવી.

● **ધિણોજ :** અત્રે પાઠશાળાની વાર્ષિક પરીક્ષા શ્રી રામચંદ ડી. શાહે લીધી અને ઈનામી મેળાવડો થયો. ઈનામો વહેંચાયા.

● **વાંકાનેર :** મંજુલાબેનની દીક્ષાનો ભવ્ય વરઘોડો ચઢ્યો. પૂ. પં. શ્રી ચિદાનંદ વિ. મહારાજે વરઘોડો ઉતરતા દીક્ષા પર સુંદર વ્યાખ્યાન આપ્યું. પૂ. શ્રી વિહાર કરી મહા વદમાં ધંધુકા પધારવા વકી છે.

● **મદ્રાસ :** પ્રતિભા ટેક્ષટાઈલ (૧૫, મેડોક્સ સ્ટ્રીટ, ચુલાઈ મદ્રાસ-૭) તરફથી સાધુ સાધ્વીજી મહારાજોને શાહી ન રેલાય ન ફૂટે તેવા ઊંચા એરમેલ કોરા કાગળોની પેડ ભેટ આપવાની છે. ખપ હોય તેમણે મંગાવવા એમની વિનંતી છે.

● **સુરેન્દ્રનગર :** પરમ પૂજય આચાર્યભગવંત વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રી વિશાલ મુનિગણ સાથે સુરેન્દ્રનગરમાં રહ્યાં. ધર્મોદ્યોત અને શાસન પ્રભાવનાના અનેક કાર્યો થયાં. સંઘના પ્રમુખ શ્રી કેશવલાલ ધારશીભાઈ તરફથી

રૂા. ૬૦,૦૦૦ ની કિંમતનું મકાન શ્રી સંઘ હસ્તકનાં વર્ધમાન તપ ખાતાને ભેટ આપવામાં આવેલ. દશ મુનિવરોને પંન્યાસપદાર્પણ મહોત્સવ થયેલ. ત્રણ દીક્ષાઓ મહોત્સવ પૂર્વક અપાયેલ. એક વડી દીક્ષા થયેલ. જાહેર વ્યાખ્યાનોમાં મૂર્તિપૂજક, સ્થાનકવાસી તથા જૈનેતર લોકોએ સારું જ્ઞાનામૃતનું પાન કરેલ. પુરુષાદાની પાર્શ્વનાથ ભગવંતની આરાધનામાં અઠ્ઠમ તપમાં આબાલ વૃદ્ધ ત્રણસોથી વધુ સંખ્યામાં ભાઈ બહેનો જોડાયેલ. પર્યુષણા પર્વમાં બાવીશ ઉપવાસથી માંડી ત્રણ ઉપવાસ સુધીની તપસ્યા ઘણી મોટી હતી. શ્રી અરિહંત પદ આરાધનાનાં એકાસણા ચારસો ઉપરાંત ભાઈ બહેનોએ આરાધના કરી. ઓગણત્રીસ ભાઈ બહેનોએ બાર વ્રત અંગીકાર કર્યા . પંન્યાસ પદવી પ્રસંગે શાન્તિસ્નાત્રયુક્ત અષ્ટાહ્નિકા મહોત્સવ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરજી 'બાપજી' મહારાજનાં સ્વર્ગારોહણ નિમિત્તે શ્રી અષ્ટાહ્નિકા મહોત્સવો ઊજવાયા. આચાર્યશ્રીની સ્થિરતા સમય દરમ્યાનમાં એકંદર બાર હજાર આયંબિલ થયાં. પાંચસો સ્નાત્ર ભણાયા હતાં. દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, જનરલ ફંડ, જનરલ ટીપ, સાધર્મિક બંધુની ભક્તિ, સાધુ સાધ્વીની વૈયાવચ્ચ ખાતુ, જીવદયા આદિમાં સારી ઉપજ થઈ.

આમ ધર્મોદ્યોત અને શાસનપ્રભાવનાના કાર્યો વચ્ચે ચાતુર્માસ પૂર્ણ કરેલ. પરમ પૂજય પંન્યાસજી શ્રી પદ્મવિજયજી ગણિવરશ્રી નાદુરસ્ત તબીયના કારણે ચાતુર્માસ પૂરું થયા બાદ પણ વિશેષ રોકાઈ તબીયત સારી થતા વિહાર કરી રાજપુરા ગામ પધાર્યા, સુરેન્દ્રનગરથી સેંકડો ભાઈ બહેનો વિહારમાં સાથે હતાં. ત્યાં વોરા ઉજમશી પુનમજીભાઈ તરફથી પૂજા થઈ અને શ્રીયુત કેશવલાલ ધારશીભાઈ તરફથી સ્વામિવાત્સલ્ય થયું. વરસોથી આચાર્ય ભગવંતનું ચાતુર્માસ કરાવવાની ભાવનાવાળા શ્રી સંઘનાં મનોરથ પૂર્ણ થતાં પ્રતીક્ષિત ચાતુર્માસ ભવ્ય ભૂતકાળ સમુ ચિરસ્મરણીય બની ગયું.

● **વણી :** પૂ.આ.દેવશ્રી વિ. યશોદેવસૂરિજી મ. તથા પૂ.પં.મ.શ્રી ત્રિલોચન મ.સા.વણી પધાર્યા તે વખતે સિન્નર નાશીકથી સંઘો આવેલા તે તથા વણી સંઘના મળી મોટી સભા ભરાઈ. આશરે બીજા ૨૦-૨૫ ગામના ભાઈઓ પણ આવ્યા હતા. તે વખતે અગાઉથી આમંત્રિત કર્યા મુજબ રીખવચંદ હાથીચંદને માનપત્ર આપવાનો જોરદાર મેળાવડો કરવામાં આવ્યો ને વણીના વયોવૃદ્ધ આગેવાન શેઠ નયનસુખ વનાજી પારેખના હસ્તે માનપત્ર અર્પણ કરવામાં આવ્યું ને રૂા. ૪૨૫ ની થેલી અર્પણ કરી તે રીખવચંદે વણીની પાઠશાળામાં આપીને પોતે આત્માને માટે ધર્મકાર્ય કરે છે વગેરે કહ્યું. પછી આગળ ૬૫-૧૦૦ માઈલના ગાઢ જંગલ રસ્તે સંઘ સહીત જવાનું પ્રયાણ નક્કી થયું. કાર્યકર શેઠ પુનમચંદભાઈ ખૂબ સંઘની સેવા

કરતા હતા સાથે મે. બોરા વકીલ તથા બીજી પ્રતિષ્ઠિત મંડલી હતી. અવાર-૯૪-૧૦૦ માણસ સંઘમાં રહેતું. જંગલમાં મંગલ કરતા ઘણા જીવોને પૂ. આ. દેવ તથા પૂ.પં. મહારાજશ્રીની વાણીનો બોધ થતો. નિયમો લેતા. વણી સંઘ તરફથી વાંસદામાં નવકારશીનું જમણ થયું. જંગલમાં મરાઠી ભાષામાં જિન ભજન ગાઈ અર્થો સમજાવી રીખવચંદે ખૂબ લાભ ઉઠાવ્યો.

વાંસદામાં સંઘે પ્રવેશ કર્યો તે વખતે કરચેલીયા, સીસોદરા, વગેરે બહાર ગામના ભાઈઓ વિનંતી માટે પધાર્યા હતા. સભામાં શેઠ નયનસુખ વનાજીનું જોરદાર ભાષણ થયું ને વાંસદા સંઘમાં વરસોથી જે થોડો મતભેદ હતો તે પૂ. આ. દેવની કૃપાથી દૂર થઈ ગયો. દૂધમાં સાકર ભળ્યા જેવો આનંદ થયો ને શેઠ અમુલખ જેઠમમલને કરચેલીયાનો સંઘ કાઢવાની ભાવના થતાં શહેરમાં આનંદ થયો. રાજરત્ન શેઠ જીવરાજ કાનમલ શેઠ વગેરે આગેવાનો ભાઈ મીશ્રીલાલ વસંતલાલ જેવા કાર્યકરોએ રીખવચંદને રોકી લીધા ને સંઘ કરચેલીયા પહોંચ્યો. રસ્તામાં ગામો ગામ જમણ મળ્યું. કરચેલીયામાં બુહારી, સુરત, વાપી, સીસોદરાના સંઘો વિનંતી માટે આવ્યા. જોરદાર સત્કાર થયો. જમણ, પૂજા, પ્રભાવના અંતે સંઘવી તરફથી દરેક સંસ્થાઓમાં સારી ભેટ તથા કરચેલીયામાં નવકારશીનું જમણ આપ્યું. ને બુહારીની વિનંતી સ્વીકારી પૂ. આ. દેવ બુહારી વિહાર કર્યો;

દિવસે પૂજાઓ ભણાતી. તેમાં દુહા ઉપદેશ તથા પૂજા વગેરેમાં મૂર્તિ સંબંધીની વાતના અર્થો સમજાવતા તથા રાત્રે ભાવનામાં જૈન તથા અજૈન સેંકડો માણસોમાં રીખવચંદજી ભક્તિ ઝીલાવી બધાને ખુશ કરતા. ખૂબ મઝા આવતી હતી. પછી બુહારીથી ઝગડિયાનો સંઘ પૂ. આચાર્યદેવની નિશ્રામાં સુંદર નીકળ્યો. આમ ગામે ગામ જૈનધર્મનો જયજયકાર કરતા પૂ. આચાર્યદેવ લીંબોદરા દીક્ષા પર ઉગ્ર વિહાર કરી પધાર્યા.

● 'શ્રી લીંબોદરા મુકામે ઉજવાયેલી ભવ્ય દીક્ષા' ●

સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્નોના સંસર્ગથી અત્રેના વતની અને પૂના નિવાસી શ્રી માનચંદભાઈના ચિ. ભાઈ બાબુલાલ (ઉં. વર્ષ ૨૮) સંસારથી વૈરાગ્ય પામી દીક્ષા લેવા માટે ઉત્સુક થયા. એમની પરમ કલ્યાણી ભાવનાને સફળ કરવા કુટુંબીજનો હરખાયા અને વતનમાં મહા સુદ ૪ થી ૧૦ સુધી દીક્ષાનો ભવ્ય મહોત્સવ ઉજવાયો. **સુરેન્દ્રનગરે વારંવાર જઈને આચાર્યદેવને વિનંતી કરી હોવાથી પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવર્ય આદિને આગળ મોકલ્યા.**

મહા સુદ ૫ ના સવારે પૂ. પંન્યાસજી મહારાજનું સ્વાગત કરતાં ગામનો હર્ષ માતો નહોતો, અને રોજને રોજ પૂજ્યશ્રીની વૈરાગ્યભરી પ્રભાવક દેશના સાંભળવામાં અત્રેના રહીશ દરબાર શ્રી જગતસિંહજી, એમના ભાયાતો વગેરે જૈનેતર ભાઈઓ પણ ખૂબ જ મગ્ન રહેતા.

દેરાસરની બાજુમાં ભવ્ય મંડપ કરી દીક્ષા નિમિત્તે ખાસ દર્શન જ્ઞાન ચારિત્રનું ઉજમણું યોજાયું હતું. ભવ્ય જરિયાન છોડો તથા ઉપકરણોની રચના કરવામાં આવી હતી. આ મહોત્સવમાં દશાશ્રીમાળી ભાઈઓ તરફથી ૪ દિવસ સુધી એક ટંકની નવકારશી, તથા છેલ્લા બે દિવસ શ્રીયુત માનચંદ દીપચંદભાઈ તરફથી બે ટંકની નવકારશી કરવામાં આવી હતી. પૂજામાં ગવૈયા શ્રી રમણીકલાલ તથા છેલ્લા બે દિવસથી જૈન ધર્મ આરાધક મંડળ ચતુરભાઈની આગેવાની નીચે પધારેલ. દરબારગઢમાં દીક્ષાર્થીને ગ્રામજન તરફથી માનપત્ર અપાયેલ.

મહા સુદ ૯ પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ વિશાળ પરિવાર સાથે આવી પહોંચતા, તથા અત્યંત આગ્રહવશ દૂર મહારાષ્ટ્રદેશથી ઉગ્ર વિહાર કરીને વૈરાગ્યવારિધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજાદિ પણ આવી પહોંચતા સંઘને આનંદનો પાર નહોતો. બંને આચાર્ય ભગવંતોના વિશાલ મુનિગણ સાથે સામૈયું થયું હતું. ઠેર ઠેર ગહુંલીઓ થઈ હતી. પૂ. પં. શ્રી ત્રિલોચનવિજય મહારાજે આધિવ્યાધિ વગેરેથી દાવાનળસમા સંસારનું અને તારક સંયમ માર્ગનું રોચક વ્યાખ્યાન આપ્યું.

બપોરના દીક્ષાર્થી બાબુભાઈનો વરસીદાનનો અને જળયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો. વરઘોડામાં બે બેન્ડ, ચાંદીનો રથ. પૂ. આચાર્ય ભગવંતાદિમુનિગણ પૂ. સાધ્વીજી મહારાજો, તથા ઉલ્લસિત મુખે દાન દેતા બાબુભાઈને આખુંય નગરજન નિહાળી રહ્યું હતું.

સુદ ૧૦ ના મંગલ પ્રભાતે વાજતે ગાજતે પૂ. આચાર્ય ભગવંતો સાથે દીક્ષાર્થી બાબુભાઈ તથા નગરજનો શ્રી અમરસિંહજીના દરબારગઢના વિશાળ ચોગાનમાં આવી પહોંચ્યા હતા. અશોકવૃક્ષના નીચે ચાંદીના સમવસરણની નાણ મુકવામાં આવી હતી. દીક્ષાની તથા વ્રતાદિની મંગલવિધિ શરૂ થઈ હતી. પૂ. આચાર્ય ભગવંતના કરકમલથી રજોહરણને લેતા બાબુભાઈને ઉચ્છરંગનો પાર નહોતો. બાદ વેશપરિધાન કરીને આવતા જાવજ્જીવને માટે સર્વસાવદ્યયોગોની વિરતિરૂપ 'કરેમિભંતે' સૂત્રની ભીષ્મ પ્રતિજ્ઞા ઉચ્ચરાવામાં આવી હતી, અને નૂતન મુનિવરનું નામ મુનિશ્રી વિનયચંદ્રવિજયજી તથા તેમના ગુરુનું નામ મુનિશ્રી

નરરત્નવિજયજી મ. જાહેર કરવામાં આવ્યું હતું. બપોરના શ્રી શાંતિસ્નાત્ર ભણાવાયું. તેમાં ચતુરભાઈએ વિવિધ રાગોમાં ઝીલાવી પ્રભુભક્તિમાં લીન કર્યા હતાં.

રોજ નવનવી અંગરચના તથા પ્રભાવનાઓ થઈ હતી.

આ ઉત્સવ પ્રસંગે અત્રે રહેતા કુટુંબો ઉપસ્થિત થયા હતા. તેમણે અને ૨૭ ગામના ભાઈઓએ આ ઉત્સવમાં ઘણો સહકાર અને ભોગ આપ્યો હતો. તથા કુટુંબીજનોને આ પ્રસંગ અંગે ખૂબ ઉલ્લાસ હતો અને ખડે પગે સેવા કરી હતી. અને અભિગ્રહ-નિયમ વ્રતાદિ લીધા હતા.

● **પિંડવાડા : શ્રી અંજનશલાકા પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ :** સં. ૨૦૧૬ ના વૈશાખ સુદ ૨-૩ ના મંગળ મુહૂર્તે પીંડવાડા (શીરોહીરોડ સ્ટેશન) પૂ. પા. શ્રી ૧૦૦૮ સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શ્રી અંજનશલાકા થવાની છે, તો જે પુણ્યશાળીઓને પ્રભુની મૂર્તિઓ, પંચતીર્થી પ્રતિમાઓ, ચોવીશીઓ તથા શ્રી સિદ્ધચક્રજી વિ. પ્રાણ પ્રતિષ્ઠા કરાવવા માટે મોકલવાના હોય તેઓએ ચૈત્ર વદ ૫ સુધીમાં શ્રી જૈન સંઘ પીંડવાડા પહોંચાડવા વિનંતી છે.

● **ખંભાતથી પાલીતાણા :** પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવર ખંભાત જૈનશાળામાં ચાતુર્માસ કરી, અનેક પ્રકારે આરાધના-પ્રભાવના કરી. ખંભાતથી વિહાર કર્યો ત્યારે છરી પાળતો રાળજનો સંઘ નીકળ્યો. પૂજા સાધર્મિક વાત્સલ્ય આદિ થયેલ. પૂજ્યશ્રી વિહાર કરી ધંધુકાની સ્થિરતા દરમ્યાન તેઓશ્રીના પ્રવચનોનો લાભ લોકો સારો લેતા. બરવાળા ખાતે સ્થાનકવાસી સંઘના આગ્રહથી જૈનસ્થાનકમાં પૂ. પંન્યાસજી મહારાજશ્રીનું જાહેર પ્રવચન યોજાયું હતું. જૈન-જૈનેતરવર્ગે સારી સંખ્યામાં લાભ લીધો. તેઓશ્રીની પુણ્યનિશ્રામાં પાલીતાણા શ્રી નરસીનાથાની ધર્મશાળામાં પ્રતિષ્ઠા ઉજમણું, શાંતિસ્નાત્ર તથા અઠ્ઠાઈ મહોત્સવ ઈત્યાદિ પ્રસંગો ઉજવાઈ રહ્યા છે.

● **પાલીતાણા :** કચ્છ-ગોધરા (હાલ મુંબઈ) નિવાસી સ્વ. શેઠ શિવજીભાઈ વેલજીના ધર્મપત્નિ શ્રી ઝવેરબહેને વિવિધ તપોની આરાધના કરેલી, તે અંગે ઉદ્યાપન નિમિત્તે તથા પાર્શ્વનાથપ્રભુની પ્રતિષ્ઠા નિમિત્તે શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સવ શ્રી નરસીનાથાની ધર્મશાળાના વિશાળ હોલમાં પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવરશ્રીની શુભનિશ્રામાં અભૂતપૂર્વ ઉજવાયો. મહામૂલ્ય પાંચ છોડો અને દર્શનજ્ઞાન-ચારિત્રના વિવિધ ઉપકરણો સારી સંખ્યામાં હતાં. મેરુપર્વત તથા સમવસરણની રચનાઓ થયેલી. પૂ. મુનિરાજશ્રી મંગલવિજયજી મહારાજે મંગલ પ્રવચન કર્યું હતું. પ્રભુજીને ભવ્ય આંગીઓ વિવિધ પ્રકારની પૂજાઓ ઠાઠથી ભણાવાતી હતી. હજારો ભાઈ-બહેનો તથા પૂ. આચાર્યદેવાદિ વિશાલ મુનિસમુદાય દરરોજ દર્શનાર્થે પધારતા. પૂજામાં જલયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો. સુદ ૧૪ ના ઝવેરબહેન તરફથી નરસીનાથાના જિનાલયમાં ભગવાન શ્રી પાર્શ્વનાથના ભવ્ય બિંબની પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્વક થઈ હતી.

● **લાસ :** (મારવાડ) અત્રેના વતની ભાઈ મગનલાલની દીક્ષા મહા સુદ ૧૦ ના કરવાની હોઈ તે નિમિત્તે તેમના પિતાશ્રી ભીખમજી સાંકળચંદ તરફથી ભવ્ય જિનેન્દ્ર મહોત્સવ ઉજવાયો. પૂ. પં. શ્રી માનવિજયજી મહારાજાદિ પધાર્યા હતા. દીક્ષાર્થીને ગામ-પરગામથી આમંત્રણ આવતાં વાનોલાં વાયણાં માટે ઘોડે બેસી બેન્ડ વાજા સહિત કેટલાક દિવસથી જવા આવવાનું થતું. પૂજા અને ભાવનામાં મુંબઈથી આવેલ શ્રી મહાવીર સંયુક્ત મંડળ ભક્તિની ભારે જમાવટ કરતું. મહા સુદ ૮ના સવારે મગનભાઈનો વરસીદાનનો ભવ્ય વરઘોડો નીકળેલ અને બપોરે શાંતિસ્નાત્ર ખૂબ જ ઠાઠમાઠથી ભણાવાયું. મહા સુદ ૧૦ ના સવારે વાજતે ગાજતે ઘોડા પર બેસીને દીક્ષાર્થી વરસીદાન દેતા દેતા દીક્ષાના સ્થળે આવેલા. પૂ. પંન્યાસજી મહારાજશ્રી તથા પૂ. તપસ્વી હર્ષ વિજયજી મહારાજાદિની નિશ્રામાં વિધિ ઘણા ઉમંગ અને ઉત્સાહ પૂર્વક મોટી માનવ મેદની વચ્ચે ખૂબ જ સુંદર રીતે થયેલ. આ વખતે ૨૧ વર્ષની વયવાળા મુમુક્ષુ ધરમચંદભાઈએ ચોથુવ્રત તથા બીજા ભાવિકોએ બીજા વ્રત લીધેલ. દીક્ષાર્થીના ઉપકરણની બોલી ૧૫૦૦ મણ ઘી સુધી પહોંચી ગઈ હતી. સાપડો, કંદોરો, નવકારવાળી વગેરે નાની નાની વસ્તુનુ સો સો મણ ઘી બોલાયેલ હતું. દિગ્બંધન વખતે મગનભાઈનું મુનિ મલ્લિષેણ વિજય નામ આપી પૂજ્ય શાંતમૂર્તિ પંન્યાસજી શ્રી ભદ્રંકર વિજયજી મહારાજના શિષ્ય વર્ધમાન તપની ૧૦૦ ઓળી પૂર્ણ કરનાર મુનિરાજશ્રી હર્ષવિજયજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા.

● **પાલીતાણા :** માંગરોળના વતની કોટ મુંબઈવાસી સ્વ. લાલજી કેશવજી ચિનાઈના સુપુત્રી બાલબ્રહ્મચારીણી કુ. બહેન હંસાનો દીક્ષા મહોત્સવ પાલીતાણા ખાતે શ્રી સિદ્ધક્ષેત્રની પુણ્ય ભૂમિમાં ભવ્ય સમારોહપૂર્વક પોષ વદિ ૬ ના રોજ આરિસાભુવનમાં તેમના માતુશ્રી જડાવબેન તથા ભાઈ હિંમતલાલ અને મૂળરાજ તરફથી ભવ્ય ઉજવાયો. ધાર્મિક મનોભાવનાવાળા અને બાલ્યકાળથી સંસ્કાર સંપન્ન

તેમણે ઉપધાનતપ, અઠ્ઠાઈ આદિ ધર્માનુષ્ઠાનો આચરેલ છે. ખંભાત ખાતે ૨૦૧૫ના ચાતુર્માસમાં પૂ. પં. શ્રી કનકવિજયજી મહારાજશ્રીની દેશનાથી તેમની વૈરાગ્ય ભાવના વધુ જાગૃત થઈ. તેમનો ધાર્મિક અભ્યાસ કર્મગ્રંથ, અને સંસ્કૃતની એક બુક સુધીનો છે. વ્યવહારિક જ્ઞાનમાં તેઓ મેટ્રીક પાસ છે, કોટ જૈન સંઘ, માંગરોળ જૈન સંઘ તથા અન્ય અનેક સંસ્થાઓ તરફથી ભવ્ય અભિનંદન મેળાવડો થયેલ. જેમાં હજારો ભાઈ બહેનોની હાજરી રહેલી. દીક્ષાર્થી બહેનને સૌએ શુભાશિષો આપેલ. હંસાબહેનનો વર્ષીદાનનો વરઘોડો ભવ્ય નીકળ્યો હતો. દીક્ષા પૂ. આ. શ્રીમદ્‌વિજય જંબૂસૂરીશ્વરજી મ. તથા પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવરના વરદ હસ્તે થઈ. વાંકાનેરવાળા કુ. શ્રી મંજુલા બહેનની પણ દીક્ષા તે અવસરે થઈ હતી. નૂતન દીક્ષિતનું નામ સાધ્વીશ્રી હર્ષરેખાશ્રીજી રાખી તેમને પ્રશાંત વિદુષી સાધ્વીજીશ્રી દર્શનશ્રીજીના શિષ્યા તરીકે પ્રસિદ્ધ કરેલ. કુટુંબીઓ તરફથી પ્રભાવના પૂજા ઠાઠમાઠથી ભણાવાઈ.

● **અમદાવાદ :** અત્રે પૂ. આ. શ્રી માણેકસાગરસૂરીશ્વરજી મહારાજ આદિ વિશાલ મુનિમંડળની નિશ્રામાં બે મહાન પ્રસંગ ઉજવાઈ ગયા. તેમાં પહેલો પ્રસંગ રાજનગર સંઘના અગ્રગણ્યોની પંક્તિમાં ગણાતા શેઠ શ્રી ચીમનલાલ મંગળદાસના સ્વર્ગવાસ નિમિત્તે એમના સુપુત્રો શ્રી અનુભાઈ, બાબુભાઈ તથા પ્રવીણભાઈ તરફથી અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાયો. સદ્‌ગત ચીમનભાઈ ધર્મચુસ્ત શ્રાદ્ધરત્ન હતા. જીવનમાં સુંદર શ્રાવક ધર્મની સાધના ઉપરાંત સંઘના કાર્યોમાં પણ એમનો સારો ફાળો રહેતો. દેશવિરતિ ધર્મારાધક સમાજ, શ્રી સિદ્ધચક્ર આરાધક સમાજ વગેરેમાં અગ્રેસરોની હરોળમાં એમણે ઘણી સેવા આપી હતી. એમની ઉદારતાએ પણ કેટલાંય આર્થિક સુકૃતો નીપજયાં હતાં; તેમજ એમની ગુપ્ત દાન કરવાની વિશેષતા માનપાનથી દૂર રહેવાની એમની વૃત્તિ સૂચવતી. સ્વર્ગસ્થના સુપુત્ર શ્રી અનુભાઈ પણ પાંચકુવા મહાજનના પ્રતિષ્ઠિત પ્રમુખપદે રહેવા ઉપરાંત કેટલીય સંસ્થાઓમાં અગ્રણી તરીકે સેવા આપે છે. એમણે સ્વ. પિતાના નિમિત્તે ફતાસાની પોળમાં શ્રી શ્રેયાંસનાથ ભગવાનના વિશાલ મંદિરમાં અષ્ટાહ્નિકા મહોત્સવ સહિત શાંતિસ્નાત્ર ભવ્ય રીતે ઉજવ્યું. મહોત્સવના આઠેય દિવસોમાં જુદા જુદા ૧૬ મુનિવરોના પ્રવચન કરાવ્યા. અચ્છારીવાળા શ્રાદ્ધરત્ન રાયચંદભાઈએ સુંદર સેવા આપી. સુરત, ડીસા, ચાણસ્મા, બુહારી વગેરે ગામોથી પણ ઠીક ગૃહસ્થો આવેલા. પૂ. આચાર્ય મહારાજની નિશ્રામાં બીજો પ્રસંગ શેઠ હઠીભાઈની વાડીએ શેઠ વાડીલાલ સાંકળચંદ તરફથી ભવ્ય ઉપધાન મહોત્સવનો ઉજવાયો લગભગ ૩૫૦ આરાધકો, ૧૫૦ ઉપર માળવાળા, માળની મોટી ઉપજ, માળારોપણનો ભવ્ય મહોત્સવ વગેરે

થયું. વિશેષમાં તપના આરાધકો તરફથી ૫૩ છોડનું મહાન ઉજમણું થયું.

● **કડી :** અત્રે શ્રી જૈન ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન મહા સુદ ૯ના રોજ શેઠ શ્રી કસ્તુરચંદ લાલભાઈના કુટુંબીજનોના વરદહસ્તે થયેલ. તે પ્રસંગે અઠ્ઠાઈ મહોત્સવ થયેલ. પૂજ્ય મુનિરાજશ્રી ધર્મગુપ્ત વિજયજી મહારાજ તથા પૂજ્ય મહારાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજે સુંદર ધર્મશ્રવણ કરાવેલ. પૂજ્યમુનિ મહાત્માઓએ અત્રે શ્રી જૈન વિદ્યાર્થી ભવનમાં પધારી વિદ્યાર્થીઓને ''સાચું જ્ઞાન'' એ વિષય ઉપર મનનીય પ્રવચન આપેલ. આઠ દિવસ પૂજાભાવના આદિ પ્રભુભક્તિ સુંદર થયેલ.

● **મહેસાણા સંસ્થાની મુલાકાતે :** મહેસાણા શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાના માનદ્‌ ટ્રસ્ટી સાહેબ શ્રીમાન્‌ શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ તથા શેઠશ્રી રમેશચંદ્ર બકુભાઈ તથા શેઠશ્રી અમૃતલાલ દલસુખભાઈ હાજી, તા. ૮-૧-૬૦ ના રોજ મુલાકાતે આવતાં વહીવટ અંગે ઉંડાણથી તપાસ કરી યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. ભોજન બાદ વિદ્યાશાળા આદિ મકાનો જોઈ બપોરે દોઢ વાગ્યે વિદ્યાર્થીઓની સભામાં મહેમાનો પધારેલ ત્યારે છાત્રગણે સ્વાગત ગીતનો પ્રોગ્રામ રજૂ કરેલ. જે પ્રસંગે પરીક્ષક વાડીભાઈએ ઉચ્ચ અભ્યાસ અંગે માહિતી આપી, અંગ્રેજી અને હિન્દી ભાષાના જાણકાર શ્રદ્ધાળુ વિદ્વાનો અને પ્રચારકો તૈયાર કરવાની આકર્ષક યોજના રજૂ કરી હતી. ઉપરોકત યોજનાને કડીવાળા શેઠ બાબુભાઈ ગીરધરલાલે સમર્થન આપ્યું હતું. માનદ્‌ મંત્રીશ્રી ડૉ. મગનભાઈ તથા વકીલ શ્રી ચીમનભાઈ મારફત સંસ્થાના શાસન અને સમાજોપયોગી ખાતાઓની પૂર્ણ માહિતી ટ્રસ્ટી સાહેબોએ મેળવી હતી.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૮,અંક-૨૬,તા.૧૯-૩-૧૯૬૦

શ્રી શંખેશ્વર મહાતીર્થ ચૈત્રી શાશ્વતાઓળીનું ભવ્ય આરાધન : લાખ નવકારના જાપનું વીસ દિવસનું વિશિષ્ટ અનુષ્ઠાન : નમસ્કાર મંત્રાધકોનું અનેરું અધિવેશન : વિવિધ તપોનું સુંદર ઉદ્યાપન

યોજક : શ્રી નવપદ આરાધક સમાજ મુંબઈ.

આમંત્રણ આપનાર : શેઠ હીરાલાલ મણિલાલ અને તેમના ભાઈઓ, અમદાવાદ ગીરધરનગર.

જણાવતાં અતિ હર્ષ થાય છે કે વળાદ (અમદાવાદ) નિવાસી સ્વ. શેઠ શ્રી મણિલાલ સાંકળચંદ તથા તેઓશ્રીના ગં.ધર્મપત્ની શ્રી મણીબેનના શ્રેયો નિમિત્તે તેમના સુપુત્રો શા. કાંતીલાલ મણિલાલ, શા. હીરાલાલ મણિલાલ અને શા. ભીખાભાઈ મણિલાલ તરફથી નીચે મુજબના ભવ્ય અનુષ્ઠાનો યોજવામાં આવેલ છે.

૧. વિ.સ. ૨૦૧૬ની ચૈત્રી ઓળીનું મોટા સમારોહથી સામુદાયિક આરાધન. ૨. ફાગણ વદી ૧૦ને વાર મંગળવાર તા. ૨૨-૩-૬૦થી વીસ દિવસ સુધી લાગટ શ્રી નમસ્કાર મહામંત્રના લક્ષ જાપનું વિશિષ્ટ અનુષ્ઠાન (ખીરના એકાસણા અગર આયંબિલથી) કરાવવામાં આવશે. ૩. ચૈત્ર સુદ ત્રીજ, ચોથ અને પાંચમ તા. ૩૦, ૩૧ અને ૧ એપ્રિલ એ ત્રણ દિવસોમાં **શ્રી નમસ્કાર મહામંત્રના વિશિષ્ટ આરાધકોનું અધિવેશન રાખેલ છે.** ભારત ભરના સર્વ આરાધકોને અધિવેશનમાં પધારવા ખાસ આમંત્રણ છે. ૪. મહોત્સવમાં આર્થિક સુકૃત કરનાર શ્રેષ્ઠીવર્યે એકાંતરે ૫૦૦ આયંબિલનો તપ વગેરે વિવિધ તપોનું ભવ્ય ઉદ્યાપન (ઉજમણું) કરવાનું રાખ્યું છે.

આ પ્રસંગોએ આરાધના કરાવવા સારુ પૂજ્યપાદ પરમ ગીતાર્થ નિઃસ્પૃહ શિરોમણી સિદ્ધાન્ત મહોદધિ આચાર્યદેવ ૧૦૦૮ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજે અમારી આગ્રહભરી વિનંતીનો સ્વીકાર કરી પોતાના પટ્ટાલંકાર પરમ શાસન પ્રભાવક વ્યા.વા.આ.શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિજી મ. ના વિદ્વાન શિષ્યરત્ન પ્રશાંતમૂર્તિ પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. સાહેબને સપરીવાર મોકલવાનું સ્વીકારી અનુગ્રહ કર્યો છે.

સાથોસાથ પૂજ્યપાદ સંઘ સ્થવિર સ્વ. આ. શ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી બાપજી મહારાજના સમુદાયના પૂ. ગાંભિર્યનિધિ આ. શ્રી વિજય મનોહરસૂરિજી મ. ના વિદ્વાન શિષ્યરત્ન પૂ. શ્રી ભદ્રંકરવિજયજી મ. તથા દર્શન શાસ્ત્રોનાં અખંડ અભ્યાસી વિદ્વદ્રત્ન પૂ. શ્રી જંબૂવિજયજી મહારાજ આદિને પણ અમોએ ખાસ વિનંતી કરી છે. તેઓશ્રી પણ પધારશે.

સકલ શ્રી સંઘને આ સર્વ પ્રસંગોમાં લાભ લેવા અમારું આગ્રહભર્યું આમંત્રણ છે. લી. શ્રી નવપદ આરાધક સમાજ મુંબઈ નં. ૨

● **સુરત :** પૂ. પંન્યાસજી મહારાજશ્રી રોહિતવિજયજીના કાળધર્મ નિમિત્તે પૂ. પંન્યાસ મહારાજશ્રી મૃગાંકવિજયજીની નિશ્રામાં સગરામપુરાના ઉપાશ્રયે શ્રી સંઘ તરફથી શ્રી પંચકલ્યાણક ઓચ્છવ થયો હતો. વિવિધ પૂજાઓ અને રાત્રે ભાવનાઓ થઈ હતી. પ્રભુજીને ઝવેરાતની આંગી થઈ હતી.

● **સિહોર :** શ્રી જ્યંતિલાલ ટી. શાહે શ્રી સિહોર પાલકમિટી જે ફાગણ સુદ ૧૩ સિદ્ધગિરિ છ ગાઉ પ્રદક્ષિણામાં ભાતુ આપવાનું કાર્ય કરે છે, તે કમિટીમાંથી રાજીનામું આપ્યું છે તેના કારણમાં એકતા અને સૌમ્યતા છેલ્લા બે વર્ષથી વેરવિખેર થવાનું જણાવ્યું છે. અને બેંક સિવાયની સ્વ-હસ્તક સિલિક તથા ચોપડા વગેરે સિહોર પાલકમિટી ઠરાવે તેને સોંપી દેવા તૈયારી બતાવી છે.

● **મહેસાણા :** પૂ. આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ વિશાલ સમુદાય સાથે વિજાપુર જિલ્લાના ગામોમાં ધર્મની રંગરેલ ફેલાવતાં અત્રે પધાર્યા છે. એઓશ્રીની નિશ્રામાં અત્રે ઉજમણાનો ભવ્ય વરઘોડો નીકળ્યો તથા શ્રી સિદ્ધચક્ર પૂજન થયું. અત્રેથી વિસનગર પધારી મારવાડ તરફ વિહાર લંબાવશે. પૂ.આ.શ્રી વિજય યશોદેવસૂરિજી મહારાજ તબીયતના કારણે વિસનગર થોડો વખત રોકાવા સંભવ છે. પૂ.પં.શ્રી પદ્મવિજયજી મહારાજને દર્દ એમ જ છે. પણ સ્ફુર્તિ અને સમાધિ સારી છે.

● **મુંબઈ :** શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘના ઉપક્રમે તારીખ ૬-૩-૬૦ રવિવારે દાદર જૈન જ્ઞાન મંદિરમાં પૂ. આચાર્યશ્રી વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મ. તથા પૂ. મુનિ શ્રી કીર્તિવિજયજી મ. નું શ્રી નમસ્કાર મહામંત્ર એ વિષય જાહેર પ્રવચન રાખવામાં આવ્યું હતું તેમજ તેઓશ્રીની શુભ નિશ્રામાં શ્રી 'નમસ્કાર નિષ્ઠા'-પુસ્તકના લેખક શ્રી મફતલાલ સંઘવીને (નવાડીસાવાળા) શુભેચ્છકો તરફથી શેઠશ્રી કેશવલાલ બુલાખીદાસના શુભ હસ્તે સન્માન પૂર્વક સુવર્ણચંદ્રક અર્પણ કરવામાં આવ્યો હતો. તેમજ તે અંગે શ્રી કેશવલાલ મોહનલાલ શાહે શ્રી મફતલાલ સંઘવીનો પરિચય આપ્યો હતો તથા શ્રી ભાયચંદ નગીનભાઈ ઝવેરી, પ્રો. બિપિનચંદ ઝવેરી, માટુંગા વીમેન્સ કૉલેજના પ્રિન્સીપાલ શ્રી મંગેશરાય જે. પાઠક, શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, કુ. છાયા કે. શાહ, શ્રી ફતેહચંદ ઝવેરભાઈ અને શ્રી કેશવલાલ બુખાલીદાસ વગેરે વક્તાઓએ પ્રસંગોચિત મનનીય પ્રવચનો કર્યા હતા.

છેવટે શ્રી મફતલાલ સંઘવીએ ''શ્રી નવકાર મહિમા''-પર અસરકારક પ્રવચન કર્યું હતું.

● ● ●

● રૂા. ૨૫૦૦૦ સારા માર્ગે ખર્ચવાની ભાવનાવાળા શાસન સેવક પર આવેલા પત્રોની સમાલોચના અને અભ્યર્થના.

મારી જિજ્ઞાસાને સંતોષવાને મુનિવરો અને ગૃહસ્થોએ મને કાગળો લખ્યાં, તેમા બદનાવર, સુઈગામ, સિદ્ધપુર, કાનપુર, કારવણ, પ્રાંતિજ, નખત્રાણા, ભરૂચ,

બોડેલી, વસો, સિકંદ્રાબાદ, કોલ્હાપુર, ગુંરગાવ, આબુ-દેલવાડા, કિશનાક, ડભોઈ, મુજફરનગર, દહેગામ, જુન્નર, લાકડીયા, ઈંદોર, સુરેન્દ્રનગર, મુંબઈ આમોદ અને બાર્શીના કાગળો પોતાના કે અમુક ગામ યા પ્રાંતના મંદિર, ઉપાશ્રય, ધાર્મિક પાઠશાળા, ધર્મશાળા, આયંબિલખાતું, કુવા, તળાવ, જૈન હૉસ્પિટલ, જૈન બોર્ડિંગને લગતા એટલે સંકુચિત ક્ષેત્રોપયોગી કહી શકાય.

(૧) મુમુક્ષુ શાંતિ નિકેતન માટે પાલીતાણાનો, સાધર્મી સહાય માટે કાગળ સોનગઢનો, જાનવરોના દવાખાના માટે ચુડાનો, જૈન ભોજનશાળા માટે તળાજા તીર્થનો, ગરીબોને રોટલા માટે વેરાવળનો, સાતક્ષેત્ર માટે માસરરોડનો, અમુક ગ્રંથો છપાવવા સંબંધે પાલીતાણા અને અમદાવાદ બિરાજતા મુનિરાજાનો, ભીલો માટે જૈન ગુરુકુળ, અને જૈન બ્રાહ્મણોને ધાર્મિક શિક્ષણ માટે ચિતોડગઢનો; આ સિવાય પં. શ્રી ભાનુવિજયજી ગણી, જૈન શ્રેયસ્કર મંડળ મહેસાણા. શ્રી રસિકલાલ દોશી B. A. Hon મુંબઈ, શ્રી ફુલચંદ હરીચંદ દોશી પાલીતાણા અને શ્રી માણેકલાલ છગનલાલ મહેતા અમદાવાદ, આ પાંચે કાગળો વિચારવા જેવા છે. બેડકિહાલ અને પૂના સોલાપુર બજાર એમ બે કાગળો પણ આવ્યા છે, પરંતુ તે મહત્ત્વ વિનાના છે. પુન્યના દરવાજા સમા શાસન સેવાના કાર્યો સૂચવનારાઓના કાગળો આવકારદાયક છે. તે લખનાર વ્યક્તિઓનો અને વિશેષતઃ આ પાંચ વ્યક્તિઓનો ઉપકાર માનું છું. આ કાગળો ઉપરથી જૈન સમાજની મનોદશાનો આપણને ખ્યાલ આવી જશે. આમાંથી જૈન ૧૦ સ્કોલરો અને પાઠ્ય પુસ્તકો માટેની સૂચના અવશ્ય અમલમાં મૂકવા જેવી લાગી. તેમાંય આવિત્તવ્યાસંગી જૈન શ્વેતાંબર સમાજના તૈયાર થયેલા ૧૦ સ્કોલરો કે જેમને તૈયાર થતાં રૂા. ૫૦ હજાર જેટલા ખર્ચ થાય. પોતાનું શેષ જીવન આજીવિકા પૂરતું લઈ શાસન સેવા માટે અર્પણ કરે તે હાલના અનુભવ ઉપરથી દુઃશક્ય લાગે છે. કદાચ કરે તોય તે સેવા કેવી અને કેટલી આ એક આજની સ્થિતિ જોતાં બહુ વિચારણીય છે. એ માટે કોઈ સચોટ વ્યવહાર માર્ગ સૂચવવાની કૃપા કરશે ? તેમજ વિદ્વાન મુનિરાજો કે જૈન પંડીતોમાંથી ૨-૪ સમર્થ વ્યક્તિઓ જૈન ધાર્મિક શિક્ષણના પાઠ્ય પુસ્તકો લખી આપવાની ઉદારતા બતાવશે ? કે જે વિદ્વદ્‌માન્ય ગણાશે, તે કે તેના ભાગો ગુજરાતી અને હિંદીમાં છપાવી શકાય. આ સિવાય બાઈબલ, કુરાણ, ધમ્મપદ, કે ગીતા વગેરે જેનો જૈન તત્ત્વજ્ઞાન, વિધિવિધાન જ્યોતિષ ભૂગોળનો સંક્ષેપથી ખ્યાલ આપનાર-ચારસો પાંચસો પાના જેટલો ગ્રંથ કોઈ મુનિરાજ કે જૈન વિદ્વાન સમગ્રપ્રાયઃ જૈન સમાજને માન્ય થાય એવો લખી આપે તો તે પણ જૈનાચાર્યો વગેરેની સંમતી મેળવી, ચાર-પાંચ

ભાષાઓમાં છપાવવાની તીવ્ર ઇચ્છા છે. આ બંને લખાણો જેના સર્વોત્કૃષ્ટ મનાશે તેમને જ આભાર માનવા પૂર્વક ભરપુર પારિતોષિક આપવામાં આવશે. મુનિવર્યો માટે તેઓ ફરમાવશે ત્યાં રકમ ખર્ચવામાં આવશે. આ બંને લખાણોનું પરીક્ષણ સારા વિદ્વાનો કરશે. આ બાબતો માટે પત્ર વ્યવહાર નીચેના સીરનામે કરી શાસન-સેવાના કાર્યમાં સહકાર આપવા આગ્રહભરી વિનંતી છે. ક્ષમાપ્રાર્થી શાસનસેવક C/o. જૈન ભાવનગર.

● **રાજનગરઃ** (જૈનપુરી) નાં સુપ્રસિદ્ધ શેઠશ્રી હઠીસીંગ કેશરીસીંગના સુપુત્ર શેઠશ્રી ઉમાભાઈએ સં. ૧૯૧૫ ની સાલમાં ભવ્ય શિખરબંધી જિનાલય ટંકશાળમાં કરાવી તેમાં ૧૧માં તીર્થપતીશ્રી શ્રેયાંસનાથ ભગવાનના મનોહર બિંબને પ્રતિષ્ઠાપન કર્યા હતા. લગભગ સાઈઠ વર્ષથી તેનો વહીવટ શ્રી ગલામનજીની પોળનો સંઘ ચલાવે છે. દેરાસરજીને એકસો વર્ષ પૂરા થયેલ હોવાથી તેનો ભવ્ય શતાબ્દી ઉત્સવ ગલામનજીની પોળ તથા ટંકશાળના સંઘે મહા સુદ ૧૦ થી બહૂ જ ઠાઠથી ઉજવ્યો. સંગીતરત્ન હીરાભાઈ અને અત્રેનું સુપ્રસિદ્ધ જૈન આરાધક મંડળની પ્રભુ ભક્તિની ઉછળતી છોળોની રમઝટ અને ભક્તિ ધૂન ગાતા ઝીલતા સભાજનોના અંતરનો આનંદ દેવભવન ખડું કરી દેતું હતું. શેઠશ્રી ઉમાભાઈ શેઠના કુટુંબીજનોમાં પણ અપૂર્વ આનંદ હતો. એક દિવસ રાતના ભાવનામાં આ દેરાસરજીને સંવત ૧૯૫૧માં કઈ રીતે બંધાવ્યું અને કેવી રીતે પ્રતિષ્ઠા થઈ તેની સો વર્ષ પૂર્વે રચાયેલા રાસની પ્રત પ્રાપ્ત થઈ હોવાથી તેનું વર્ણન સંગીતમાં આરાધક મંડળવાળા શ્રી રસીકભાઈ ભોગીલાલે સુંદર વિવેચન સહિત સંભળાવ્યું હતું. તેમાં એમ જણાવવામાં આવ્યું હતું કે હરકુંવર શેઠાણીને દેવે સ્વપ્નમાં ટંકશાળમાં શીખરબંધી દેરાસર બંધાવી અને શ્રી શ્રેયાંસનાથ પ્રભુની તેમાં પ્રતિષ્ઠા કરવા જણાવ્યું હતું. અને તે વાત શેઠાણીએ તેમના પુત્ર શેઠ ઉમાભાઈ દ્વારા પૂર્ણ કરી હતી. વગેરે હકીકત વિસ્તારથી શ્રીસંઘને જણાવી હતી. આ બીના જાણીને સંઘમાં ભારે હર્ષ સાથે કોઈપણ ઉછામણી સેંકડોથી નીચે બોલાઈ ન હતી. કુલ ઉછામણી રૂા. ૧૨ હજારની થઈ હતી છેલ્લે બંને પોળમાં સાધર્મિ વાત્સલ્ય થયું હતું. શ્રી રમણલાલ જેસીંગભાઈ તથા શ્રી રસીકલાલ ભોગીલાલભાઈએ રાત દિવસ ખૂબ જ ખંત પૂર્વક સેવા આપી હતી.

● **આબુ-દેલવાડા :** અત્રે ફા. વ. ૮-૯-૧૦ પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ તથા પૂ.આ.શ્રી વિજય યશોદેવસૂરિજી મહારાજ, પૂ. મહારાજશ્રીસુબોધવિજયજી મ. આદિ વિશાલ મુનિમંડળના સાનિધ્યમાં અમદાવાદવાળા શેઠ રતિલાલ નાથાભાઈ તરફથી ત્રણ દિવસનો અર્હદ્-ભક્તિનો સુંદર કાર્યક્રમ શ્રી જૈન ધર્મ આરાધક મંડળને ખાસ આમંત્રીને યોજાયો હતો. બીજાઓને પણ આમંત્રણ અપાયેલ. તેમાં શેઠ રમણલાલ વજેચંદ, શેઠ જીવણભાઈ છોટાલાલ, શેઠ માણેકલાલ જમનાદાસ વગેરે અનેક ગૃહસ્થો ઉપસ્થિત રહ્યાં હતાં. ફા.વ. ૮ મૂળનાયક શ્રી આદીશ્વર દાદાનું જન્મ કલ્યાણક તથા દીક્ષા કલ્યાણક અને મંદિરની વર્ષ ગાંઠ હોઈ આદીશ્વરદાદાને નવાણું અભિષેકની પૂજા ઠાઠથી ભણાવાઈ. સંગીતકારો શ્રી ચતુરભાઈ, શ્રી ભાઈલાલભાઈ ઉપરાંત શ્રી અજિતભાઈ, ખંભાતના શ્રી રસિકભાઈ વગેરેએ ભક્તિની ભારે રમઝટ મચાવી. વદ ૯ સવારે ભક્તિ કાર્યક્રમ પછી પૂ. ગચ્છપતિ આચાર્યદેવ તથા પૂ. પં. શ્રી ત્રિલોચનવિજયજી મહારાજનું વ્યાખ્યાન થયું. પછી શ્રી અષ્ટાપદજી પૂજા ભારે સંગીતની રમઝટની સાથે ભણાવી. ત્રીજે દિવસે શ્રી પંચ કલ્યાણક પૂજા ભણાવાઈ. રોજ રાતના ભાવનામાં રંગ જામતો. **પૂ. આચાર્યદેવ વિહાર કરી પિંડવાડા તરફ પધારે છે. ત્યાં ચૈત્ર સુદ ૧૦ પ્રવેશ છે. પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજાદિ ફા. વદ ૧૩ પિંડવાડા પહોંચવા વકી છે.**

● **રાણપુર :** પૂ. પં. જયંતવિજયજી મ. ની નિશ્રામાં અત્રે ફાગણ સુદ ૧૪ સારી ઉજવાઈ. ૫૦ પૌષધ વગેરે થયા. કોઠારી બોર્ડિંગમાં સુંદર વ્યાખ્યાન થયું. પૂ. શ્રી વિહાર કરી શંખેશ્વરજી પધારશે.

● **દાદર :** દ્વાદશારનયચક્ર-પ્રકાશન નિમિત્તે મંગલ સમારોહ, વાદિચૂડામણિ તાર્કિક શિરોમણિ શ્રી મલ્લવાદી ક્ષમાશ્રમણે આજથી લગભગ સોળસો વર્ષ પહેલાં દ્વાદશારનયચક્ર નામનો એક ઉત્તમ ગ્રંથ બનાવ્યો હતો. તેમાં અનેક મતમતાંતરોની તટસ્થતા ભરી સમીક્ષા કરી હતી અને નયવાદનું અદ્‌ભુત નિરૂપણ કર્યું હતું. કાલાંતરે આ ગ્રંથ વિલુપ્ત થયો, પણ તેના પરની શ્રી સિંહસૂરગણિ ક્ષમાશ્રમણ વિરચિત ન્યાયાગમાનુસારિણી ટીકા જૈન ભંડારોમાં સુરક્ષિત રહી. તે ટીકા સં. ૨૦૦૧ના મુંબઈ ચાતુર્માસમાં પ્રાપ્ત થતાં ન્યાયશાસ્ત્રના પરમ અભ્યાસી જૈનરત્ન કવિકુલકિરીટ વ્યાખ્યાનવાચસ્પતિ પરમ પૂજ્ય આચાર્યશ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજે પોતાની વૃદ્ધાવસ્થા છતાં જ્ઞાનોદ્ધારની પ્રબળ ભાવનાથી પ્રેરાઈને તેનું

સંપાદન કાર્ય હાથ ધર્યું અને મૂળપાઠોના ઉદ્ધાર સાથે તેના પર વિષમપદવિવેચન નામનું ટિપ્પણ કરવા માંડ્યું. તેઓશ્રીના ભારે શ્રમ પછી તેના ત્રણ ભાગ આજ સુધીમાં પ્રકટ થઈ ગયા છે, જે વિદ્વાનો દ્વારા પ્રશંસા પામેલા છે. હવે તેનો ચોથો ભાગ વિસ્તૃત પ્રસ્તાવના તથા અગત્યનાં પરિશિષ્ટો સાથે પ્રકટ કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. આ ભાગ પ્રસિદ્ધ થતાં જૈન ન્યાયના એક અપૂર્વ ગ્રંથનું પ્રકાશન પૂર્ણ થાય છે. પૂ. આચાર્યશ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી જૈન ન્યાય અને જૈન શ્રુતના આ મહાન ગ્રંથનું પ્રકાશન ભારતના ઉપરાષ્ટ્રપતિ અને સુપ્રસિદ્ધ તત્ત્વચિંતક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના હાથે કરાવવાનું નક્કી થયું છે. તેનો મંગલ સમારોહ વિ.સં. ૨૦૧૬ ના ફાગણ વદિ અમાવાસ્યા તા. ૨૭-૩-૬૦ રવિવારના દિવસે નીચેના કાર્યક્રમપૂર્વક દાદર, પોર્ટુગીઝ સ્ટ્રીટનાં નાકે ડૉ. એન્ટોનિયો ડી. સાલ્વા હાઈસ્કૂલના નવા હોલમાં થશે. દાખલ થવા માટે પ્રવેશપત્ર રાખવામાં આવ્યા છે. પૂજ્યપાદ આચાર્યશ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજે આ પ્રસંગે પ્રમુખપદનો સ્વીકાર કર્યો છે. (૧) તા. ૨૭-૩-૬૦ રવિવાર સવારના સ્ટા.ટા. ૮-૩૦ વાગતાં જ્ઞાનમંદિરમાંથી શ્રુતભક્તિનિમિત્તે ભવ્ય વરઘોડો નીકળશે. જેમાં દ્વાદશારનયચક્ર ગ્રંથને પધરાવવામાં આવશે. (૨) સ્ટા.ટા. ૧૦-૧૦ થી ૧૧-૩૦ સુધી પ્રકાશન-સમારોહ થશે. (૩) સ્ટા.ટા. ૧૧-૩૦ થી ૧૨-૦૦ સુધી ગ્રંથપૂજન થશે. આનું જાહેર આમંત્રણ નયચક્રપ્રકાશન સમારોહ સમિતિના સભ્યો. ભાનુશંકર યાજ્ઞિક, એમ.એલ.એ., ડૉ.એન.એન. કૈલાસ, ડે. મીનીસ્ટર ફોર હેલ્થ, હીઝ હાઈનેસ માલોજીરાવ નાયક નિબાલકર મહારાજા ઓફ ફલટન, માણેકલાલ ચુનીલાલ શાહ, જીવતલાલ પ્રતાપસી વગેરે અગ્રગણ્ય જૈન-જૈનેતર નેતાઓની સહીથી બહાર પડ્યું છે.

● **અંતરીક્ષજી :** તારીખ ૨૪ ફેબ્રુઆરીના સાંજે અંતરીક્ષ પાર્શ્વનાથનું સીલ કાયદેસર છોડી કાઢવામાં આવેલ છે અને હવે તેને પૂજવાની છૂટી આપવામાં આવેલ છે. અહીં શ્વે. અને દિ. ના અંતરીક્ષ પાર્શ્વનાથના લેપના ઝગડાને કારણે દિ. લોકોએ સીલ મરાવેલ. આ રીતે મૂર્તિને અપૂજ કરાવેલ પરંતુ શ્વે. જૈનના અગ્રગણ્યોએ મુંબઈના ચીફ મિનિસ્ટર શ્રી ચવ્વાણના સહકારથી આ કાર્ય પતાવેલ છે અને તેનું સીલ છૂટી ગયેલ છે. હવે તેના લેપનું કાર્ય તરત જ શરૂ થશે તેવી વકી છે.

• **રતલામ :** તાજેતરમાં શ્રી શાંતિનાથ દેરાસરની એક ચૌમુખજીની મૂર્તિને પૂજવા માટે જૈન અને સનાતનીઓમાં ઝગડો થયો છે. આ મામલાનું ઘણું ઉગ્ર વાતાવરણ બનતા સરકારી અધિકારીઓએ બંને પક્ષોની વિરૂદ્ધ કલમ ૧૦૭ મુજબ એસ.ડી.એમ. કોર્ટમાં કેસ કરેલ. એસ.ડી.એમ. કોર્ટે જે ફેંસલો આપ્યો તેની વિરૂદ્ધ જૈન સમાજે અહીંની એ.ડી.વી. કોર્ટે અપીલ કરી તેનો ફેંસલો હજુ હમણાં જ જાહેર થયો છે. જે જૈન સમાજની ફેવરમાં (પક્ષમાં) આવેલ છે. પરંતુ આ પ્રકરણ અહીં સમાપ્ત થતાં હાઈકોર્ટે પહોંચેલ છે. શીવલીંગ પ્રકરણ સુપ્રીમ કોર્ટમાં હજુ વિચારણા નીચે ચાલે છે.

• **દિલ્હી :** બુદ્ધનું પુસ્તક સાહિત્ય અકાદમિએ ૧૦ ભાષામાં પ્રકાશન કર્યું છે એને જપ્ત કરવા માટે જૈન સમાજ સારો પ્રયત્ન કરી રહેલ છે. મહાવીર જૈન, સભા-માંડવલા (રાજ.) સારો પ્રયત્ન કરી રહેલ છે. શ્રી ગોવિંદ વલ્લભ પંતે તેમને જવાબ આપ્યો છે કે આ પુસ્તકની તપાસ માટે તરતમાં કાર્ય હાથ ધરાશે. આ પુસ્તક આખરમાં જો જપ્ત (રદ) કરવામાં નહિ આવે તો શ્રી મહાવીર જૈન સભાના આશ્રયે ઉપવાસ ઉપર ઉતરવામાં આવશે.

• **પિંડવાડા : અત્રે જીર્ણોદ્ધાર થયેલ ભવ્ય બાવન જિનાલય મંદિર અને સ્ટેશન પર શેઠ રતનચંદ તથા શેઠ મનરૂપજી તરફથી બંધાવાયેલ શિખરબંધી જિનમંદિરની પ્રતિષ્ઠા, તથા જિનબિંબોની અંજનશલાકાનો ભવ્ય મહોત્સવ ચૈત્ર વદ ૧૧ થી વૈશાખ સુદ ૭ સુધીના ૧૩ દિવસો નક્કી થયેલ છે. એ અંગે સંઘના અતિ આગ્રહથી ગુરુદેવ પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ પોતાના વિશાળ પરિવાર સાથે ચૈત્ર સુદ ૧૦ અત્રે પ્રવેશ કરનાર છે; અને એઓશ્રીની આજ્ઞાથી પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજ આદિ ઠાણા ૮ આગળ વિહાર કરી ફા.વ. ૧૩ અત્રે પધાર્યા છે.** મહોત્સવ અંગે કુશળ શાસન કાર્યકર શ્રી ચીમનલાલ કડિયાના માર્ગદર્શન પ્રમાણે શ્રી સંઘ તડામાર તૈયારીઓ કરી રહ્યો છે. એમાં મોટું શ્રી વર્ધમાન નગર તૈયાર થશે. તે મહેમાનોને ઉતારવા સારુ મોટી **પ્રેમપુરી,** કલ્યાણકોની ઉજવણી માટે વિશાળ **સંપ્રત્તિમંડપ,** મેરુપર્વત, સમવસરણ અને બીજી હાલતી ચાલતી ૯ રચનાઓનું **કુમારપાલ-ઉદ્યાન,** એકસાથે ૩૦૦૦ સાધર્મિકોની જમણભક્તિ કરી શકાય તેવી મોટી **ભરત-વાટિકા** વગેરેથી સુશોભિત બનશે.

ઉત્સવમાં હજી તો નવકરાશીઓ સાધર્મિક વાત્સલ્યો અને પૂજાઓ વગેરેની આશ્ચર્યકારી ઉછામણીઓ થવાથી જનઉત્સાહનો પાર નથી, અને આગળ કલ્યાણકો અંગેની તથા મૂળનાયક શ્રી મહાવીરસ્વામીજી અને બાવને ય દેરીઓમાં પ્રભુજી પધરાવવામાં, તેમજ ધ્વજાદંડ વગેરેની ઉછામણીઓ પણ ચમત્કારિક થવાની ધારણા છે. પ્રભુભક્તિના રસિયા, સંગીત શોખીનો, કળાપ્રેમીઓ વગેરેને અપૂર્વ જલસાનો અવસર મળશે.

અત્રે શ્રી અંજનશલાકા તથા બાવન જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવની ભારે તૈયારીઓ ચાલી રહી છે. પૂ. પં. શ્રી પદ્મવિજયજી મહારાજે અત્રે શ્રી વીસસ્થાનકની આરાધના ચૈ.સુ.૩ થી સળંગ ઉપવાસથી શરૂ કરી છે. ચૈ.સુ. ૮ છઠ્ઠા ઉપવાસે પણ સ્ફુર્તિ સારી છે. શાસ્ત્રવાંચન આનંદથી કરે છે. માથાનો દુઃખાવો તપના પ્રભાવે સારો ઓછો થયો છે ઉપવાસ હજી ચાલુ રાખવા ભાવના છે.

શ્રી કેસરિયાજીના યાત્રાળુઓને અગત્યની સૂચના

છેલ્લાં કેટલાંક વર્ષથી શ્રી કેસરિયાજી તીર્થમાં અસંતોષકારક સ્થિતિ પ્રવર્તી રહી છે. તે અંગે જૈન સમાજને કર્તવ્યનું માર્ગદર્શન આપતાં કેટલાંક નિવેદનો-લેખો પ્રકટ થઈ ચૂક્યા છે, આમ છતાં જૈન સમાજે તેના પર પૂરતું લક્ષ આપ્યું નથી, તેથી આ લેખ લખવાની જરૂરીયાત ઊભી થઈ છે.

આ તીર્થમાં પૂજારી-પંડ્યાઓનું વર્ચસ્વ જામેલું છે અને તેઓ જૈન ધર્મના આચાર-વિચારની પરવા કર્યા વિના પોતાની મનમાની કાર્યવાહી કરી રહેલા છે, તેઓ ત્યાં જે આરતી ઉતારે છે તે વિલક્ષણ પ્રકારની છે અને મંદિરની વચ્ચે પારાયણ બેસાડી તેનું વાચન કરે છે. એ કોઈ હિંદુ કે દેવીમંદિરનું દશ્ય ખડું કરે છે. આ પૂજારી-પંડ્યાઓ મંદિરે પોતાની માલિકોનું હોય તેજ રીતે વર્તે છે અને યાત્રિકોને અમુક રીતે જ દર્શન કરવાની ફરજ પાડે છે.

થોડા દિવસ પહેલાં પૂજ્ય આચાર્યશ્રી વિજય રામસૂરિજી મહારાજ (ડહેલાવાળા) ત્યાં દર્શન કરવા ગયેલા ત્યારે તેમને કહેવામાં આવ્યું કે અહીં ગભારામાં જઈને દર્શન કરવાની મનાઈ છે. માટે અંદર જઈને દર્શન કરી શકશો નહિ. આ શબ્દો સાંભળી પૂજ્ય આચાર્યશ્રીએ આવા હુકમની નકલ જોવા માગી પણ તે ત્યાંના સ્થાનિક અધિકારી શ્રી ભટ્ટ તથા સુબેદાર બતાવી શક્યા નહિ,

એટલે પોતે અંદર જઈને દર્શન કરી શક્યા. પરંતુ અહીં સામાન્ય માણસોની સ્થિતિ કેવી થતી હશે ? તેનો ખ્યાલ આ પરથી આવી શકે છે.

ઉક્ત આચાર્યશ્રીએ આ તીર્થની આવી વિષમ પરિસ્થિતિ જોઈને જ વ્યાખ્યાનમાં કહ્યું કે 'આ તીર્થમાં પૂજારીઓના હાથે પૂજા કરાવવી, તેમને પૈસા આપવા, બોલીઓએ બોલવી, ભંડારમાં પૈસા નાખવા, ફળ-નૈવેધ ચડાવવા એ બધું હવે આશાતના વધારવામાં જાય છે, તેના વડે પાપનું પોષણ થાય છે, માટે પંડ્યા-પૂજારીઓને સાથ આપવો નહિ અને બોલી-ચઢાવા બોલવા નહિ.'

છતાંય ત્યાં રોજ યાત્રાળુઓ બોલી બોલે છે, પૈસા ભંડારમાં નાંખે છે અને ઢગલો કેસર તથા ફૂલ નૈવેદ્ય પણ ચઢાવે છે. કેટલાક મારવાડી ભાઈઓ તો પોતાની પેટીમાં આ તીર્થની ભાગીદારી રાખી તેમાં જે રકમ જમા થાય તે અહીં આવી આ રીતે વાપરે છે, તેમણે પૂ. આચાર્યશ્રીના ઉક્ત શબ્દો ધ્યાનમાં લેવા જેવા છે. પ્રભુભક્તિ નિમિત્તે ધનનો બનતો સદુપયોગ કરવો એ પ્રત્યેક ગૃહસ્થનું કર્તવ્ય છે પણ જ્યાં પરિસ્થિતિ વણસી હોય અને એ ધન જ આપણા શત્રુઓનું કામ કરી રહેલા પંડ્યા-પૂજારીઓની પુષ્ટિ કરનારું નીવડતું હોય ત્યાં એનો ઉપયોગ ન કરવો એજ હિતાવહ છે.

આજે એ તીર્થનું મંદિર કાળું પડી ગયું છે. તેના થાંભલે કેસરના લપેડા લાગ્યા છે અને સફાઈ તથા ઉજળામણ કે જે આપણાં તીર્થો અને મંદિરોની વિશેષતા છે, તે અહીંથી અદશ્ય થઈ ગયાં છે. વળી કેટલાંક મંદિરોમાં શિખર ઉપર વડ અને પીંપળા ઉગ્યા છે અને તેનાં મૂળ દિન-પ્રતિદિન ઊંડા ઉતરતા જાય છે, એટલે ભવિષ્યમાં તે મહા અનર્થકારી થવા સંભવ છે. પણ તેને સુધારી લેવાનું કોઈને સૂઝતું નથી.

હાલમાં એમ જાણવામાં આવ્યું છે કે, સરકાર હસ્તકની શ્રી કેસરિયાજીની સિલકમાંથી ઉદયપુરમાં કાપડની મિલ ખોલવા શેરો પર રકમ અપાઈ છે. અલબત્ત આની સામે ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં દાવો મંડાયો છે અને તેના હિસાબની માગણી કરી કેટલી રકમ કોને ધીરવામાં આવી છે ? તેમાંથી ખોટી કેટલી થઈ । વગેરે વિગતો માગવામાં આવી છે. પણ તેનું પરિણામ તો આવે ત્યારે ખરું !

અહીં અમે યાત્રાળુઓનું એ બાબત તરફ ધ્યાન ખેંચવા ઇચ્છીએ છીએ કે શ્રી કેસરિયાજી તીર્થમાં જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજની એક પેઢી ચાલે છે, તેમાં સાધારણ ખાતું, સાધુ, સાધ્વી-વૈયાવચ્ચ ખાતું, જ્ઞાન ખાતું, દાદાનું પૂજન ખાતું, જીવદયા ખાતું વગેરે ચાલે છે. અને ભોજનશાળા તથા આયંબિલ શાળાની

તિથિઓ ભરાય છે. કેસરિયાજી ઉદયપુર ૪૦ માઈલ, ઈડર ૮૦ માઈલ તથા ડુંગરપુર ૨૫ માઈલ આવેલ છે. રસ્તામાં શ્રાવકોની વસતી નથી, તેથી પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજોના વિહાર અંગે પૂરો બંદોબસ્ત કરવો પડે છે. અને તે પેઢી તરફથી કરાય છે. વળી મોટા પર્વોમાં દાદાની પૂજા-આંગી વગેરે પણ પેઢી તરફથી કરાવાય છે. આ બધું પેઢી તરફથી થાય છે, એટલે તેને તરતી રાખવાની જરૂર છે. જેવો પોતાનો વેપાર કેસરિયાજીનું ખાતું રાખતાં હોય, તેમણે એની આવકનો ઉપયોગ આ પેઢી હસ્તક જ કરાવવો જોઈએ.

કેસરિયાજી જતા યાત્રાળુઓ આટલી સૂચના અવશ્ય ધ્યાનમાં રાખે.

• • •

• **હિંમતનગર :** પૂ.પં.શ્રી પ્રવિણવિજયજી મહારાજ આદિની નિશ્રામાં શ્રી નવપદની ભવ્ય આરાધના થઈ. સુદ ૭ અરિહંત પદની આરાધના એક ધાન્યના ૫૦૦ આયંબિલ તથા સવા કરોડ જાપથી થઈ. પૂનમે શ્રી સિદ્ધચક્ર પૂજન થયું. પૂ. પંન્યાસજી આદિ ચૈ.વ. ૧ વિહાર કરી દધાલીયાની વૈ.વ. ૬ પ્રતિષ્ઠા ઉપર પધારશે.

• **કોલ્હાપુર :** શાહુપુરીમાં પૂ. તપસ્વી શ્રી કેવળવિજયજી મ. ની નિશ્રામાં ભવોભવના પુદ્ગલ વોસરાવવાની ક્રિયા સુંદર થઈ. અરિહંતપદના ૧૨૫૦૦ જાપની ક્રિયા સંગીત વાજિંત્રના નિનાદ સાથે સુંદર થઈ. ૨૫૦ જણ આરાધક હતાં. ખીરનાં એકાસણાં આયંબિલ કરાવાયેલ.

• **પિંડવાડા :** પં. પદ્મવિજયજીને ૧૩ ઉપવાસનું પારણું ચૈત્ર વ. ૧ થયું છે. સુખસાતા છે. પૂ. આચાર્યદેવનો પ્રવેશ બહુ ઠાઠથી થયો. સાધર્મિક વાત્સલ્ય પૂજા વગેરે થયું.

''દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૮,અંક-૩૨,તા.૩૦-૪-૧૯૬૦**

• **પાલીતાણા :** શ્રી વર્ધમાન જૈન આગમ મંદિરના વિશાલ કમ્પાઉન્ડમાં પૂ. ગણિવર્ય શ્રી હંસસાગરજી મહારાજ, પૂ. ગણિવર શ્રી લબ્ધિસાગરજી મ. આદિ ઠાણા ૧૦ ની પવિત્ર નિશ્રામાં રાજનગર શ્રી સિદ્ધચક્ર આરાધક સમાજના આશ્રયે કંડ નિવાસી સ્વ. શેઠશ્રી શીવલાલ અમીચંદની ભાવનાનુસાર તેમના ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તરફથી શ્રી સિદ્ધચક્રજી મહારાજની ઓળીનું આરાધન સુંદર રીતે ઉજવાયેલ. આ ધાર્મિક પ્રસંગે અનેક ગામથી ભાવિકો આરાધન કરવા પધારેલ. ઓળી કરનારા

તપસ્વીઓની સંખ્યા લગભગ સાડા ચારસોની હતી. ચૈત્ર સુદિ ૧૩ પ્રભુ શ્રી મહાવીર દેવના જન્મ કલ્યાણકનો ભવ્ય વરઘોડો આગમ મંદિરથી ચઢી શહેરમાં ફરીને દસ વાગે મોતી સુખીયાની ધર્મશાળાએ ઉતરેલ. બાદ પૂ. આચાર્યદેવશ્રી વિજય લાવણ્યસૂરીશ્વરજી મહારાજના અધ્યક્ષપણામાં પ્રભુ શ્રી મહાવીર ભગવંતના જન્મ કલ્યાણક સંબંધમાં અનુક્રમે પૂ.પં. શ્રી મંગલવિજયજી મ.પૂ.ઉ. શ્રી દક્ષવિજયજી મ.પૂ.પં.સુશીલવિજયજી મ.પૂ.પં. શ્રી જયાનંદવિજયજી મ.પૂ.પં. શ્રી ભુવનવિજયજી મ.પૂ. ગણી શ્રી હંસસાગરજી મ. ના પ્રવચનો થયા હતાં. ચૈત્ર સુદિ ૧૫ ની રાત્રે આગમ મંદિરના વ્યાખ્યાન મંડપમાં ઓળી કરાવનારા સ્વ.શેઠ શ્રી શીવલાલભાઈના સુપુત્રી વસુમતીબહેનને તથા તેમના જમાઈ શ્રીયુત કંચનલાલને માનપત્ર આપવા માટે સમાજના પ્રેસીડેન્ટ શ્રી અનુભાઈ ચીમનલાલના પ્રમુખપણા નીચે મેળાવડો યોજાયેલ હતો. જેમાં દોશી ફૂલચંદ હરીચંદ. શ્રી કપુરચંદભાઈ, શ્રી શામજીભાઈ, શ્રી સોમચંદ ડી. શાહ વગેરેના પ્રવચનો થયા બાદ સભાના પ્રમુખશ્રીએ સુંદર વક્તવ્ય કર્યું, અને માનપત્ર અર્પણ કર્યું. ચૈત્ર વદિ ૧ પારણા, રૂપીયા રૂપીયાની પ્રભાવના અને શ્રી શાંતિસ્નાત્ર થયું. પૂજાઓ ભાવનાઓમાં સંગીત વિશારદ શ્રીયુત લક્ષ્મીચંદ મોહનલાલે સુંદર રંગ જમાવ્યો. આ બધા પ્રસંગોએ અમદાવાદથી શેઠ મોહનલાલ છોટાલાલ, શેઠ સોમચંદ મંગળદાસ, શેઠ મણિલાલ મગનલાલ, શેઠ ભોગીલાલ લક્ષ્મીચંદ તથા અચ્છારી નિવાસી શેઠ રાયચંદ ગુલાબચંદ વગેરે તેમજ શહેરના નામાંકિત સદ્‌ગૃહસ્થોએ હાજરી આપી હતી.

શ્રી નમસ્કાર મહામંત્રના આરાધકોનું અધિવેશન

• શ્રી શંખેશ્વર મહાતીર્થમાં સં. ૨૦૧૬ ના ચૈત્ર સુદિ ૩-૪-૫ ના ત્રણ દિવસોમાં શ્રી નમસ્કાર મહામંત્રના આરાધકોનું એક અધિવેશન પૂ.પં.શ્રી કાંતિવિજયજી ગણિવર, પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણીવર. પૂ.પં. શ્રી મલયવિજયજી ગણિવર, પૂ.પં. શ્રી જયંતવિજયજી ગણિવર, પૂ. પં. શ્રી રવિવિજયજી ગણિવર તથા પૂ. બાપજી મહારાજના પૂ. મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ તથા વિદ્વદ્વર્ય મુનિરાજશ્રી જંબુવિજયજી મહારાજ આદિ મુનિ મહાત્માઓની નિશ્રામાં ભરાયું હતું. દૂર દૂર પ્રાંતોના આરાધકો અહીં પધાર્યા હતા. શ્રી નમસ્કાર મહામંત્ર સંબંધી ઘણા પ્રવચનો થયા હતા. તે વક્તવ્યોના આધારે પાંચ પ્રસ્તાવો મૂકાયા હતા અને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતા તે આ મુજબ છે.

પ્રસ્તાવ ૧ લો. આ અધિવેશન પ્રસ્તાવ કરે છે કે વર્તમાન દેશ કાળમાં તીર્થંકર પ્રણીત શાસન પ્રત્યેની રુચિમાં પ્રગતિ સાધવા માટે શાસ્ત્રાજ્ઞા મુજબ આપણું

એ કર્તવ્ય છે કે પ્રત્યેક આરાધકે નમસ્કાર મહામંત્રના ધારકને પોતાના પરમ બાંધવ લેખી તેના સુખ દુઃખમાં સહાનુભૂતિપૂર્ણ પરસ્પર વ્યવહાર કરવો કે જેથી તેમના હૃદયમાં વસેલા ધર્મભાવને સર્વ પ્રકારે પોષણ મળે.

પ્રસ્તાવ ૨ જો. આ અધિવેશન માને છે કે જૈનધર્મની પ્રભાવના માટે વિશ્વમૈત્રીનો ભાવ પ્રધાન સાધન છે. એટલા માટે ચતુર્વિધ સંઘમાં પારસ્પરિક વાત્સલ્ય જગાવવા માટે સર્વ પ્રકારના પ્રયત્ન કરવા અતિ આવશ્યક છે.

પ્રસ્તાવ ૩ જો. આ અધિવેશન માને છે કે ભૌતિકવિજ્ઞાનના કહેવાતા વિકાસથી અંજાઈને કેટલાકને આધ્યાત્મિક જ્ઞાનનો પ્રકાશ ઘણો ઉતરતો લાગે છે. તે ભ્રાંતિ નિવારવા અને આધ્યાત્મિક જ્ઞાનના પ્રકાશને સુલભ બનાવવા તપ, જપ, પરમેષ્ઠી ભગવંતોની ભક્તિ, શાસ્ત્રોના સ્વાધ્યાય આદિ સાધનોમાં વિશેષપણે પ્રયત્નો કરવા જોઈએ. તે માટે પ્રારંભમાં ઓછામાં ઓછું નિમ્નલિખિત નિયમોનું પ્રત્યેક સાધકે પાલન કરવું જોઈએ.

૧. અભક્ષ્ય ભક્ષણનો ત્યાગ. ૨. દુર્વ્યસનોનો ત્યાગ.

૩. શ્રાવકાચારનું યથાશક્ય પાલન.

૪. રોજ ઓછામાં ઓછું દસ મિનિટ નવકાર પ્રત્યે પ્રીતિભક્તિ જાગે તેવું વાંચન મનન કરવું.

પ્રસ્તાવ ૪ થો. અધિવેશન બધાને અનુરોધ કરે છે કે શ્રી નમસ્કાર મહામંત્રને સદ્‌ગુરુ ભગવંતના મુખારવિંદથી વિધિપૂર્વક લઈને દિવસભરમાં ત્રણે સંધ્યાને ઓછામાં ઓછા બાર બાર નવકાર મંત્રનો નિયમિત જાપ કરવો, અને તેના અનુભવોની નિયમિત નોંધ રાખવી. વળી જ્યારે જ્યારે જ્યાં જ્યાં નવકારની સામુહિક સાધના થાય ત્યારે ત્યારે તેમાં જોડાવું અને આવા અધિવેશનોમાં પણ પધારવું.

પ્રસ્તાવ ૫ મો. આ અધિવેશન નવકારના ઉત્સાહી પ્રેમીઓને વિનંતી કરે છે કે જુદા જુદા તીર્થ સ્થાનોમાં જઈને શ્રી નમસ્કાર મહામંત્રની આરાધનાના કેન્દ્રો ઊભાં કરે અને સર્વ આરાધકોને નમસ્કારની સાધનામાં ઉત્તેજન મળે એ હેતુથી સાહિત્યની વૃદ્ધિ, અનુભવની સામગ્રી તથા જાપના અભ્યાસક્રમની વિધિ આદિ યોજનાઓ દ્વારા માર્ગદર્શન આપવાના પ્રયત્નો કરે અને કરાવે.

આ દિવસોમાં અમદાવાદ નિવાસી સ્વ. શેઠશ્રી મણિલાલ સાકળચંદના સુપુત્રો શેઠશ્રી કાંતિભાઈ, શેઠશ્રી હીરાભાઈ તથા શેઠશ્રી ભીખાભાઈ દ્વારા અધિવેશનમાં પધારેલા આરાધક ભાઈઓની ભક્તિ કરવામાં આવી હતી.

• **પિંડવાડા :** અત્રે ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી

મહારાજ સાહેબની નિશ્રામાં અદ્‌ભુત અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ ચાલી રહ્યો છે અને શ્રીમદ્‌ના સો ઉપર મુનિવરો પધારી ગયા છે. બીજા હવે પધારનાર છે. મંડપ સ્થાપના તથા કુંભસ્થાપના અને નંદ્યાવર્ત પૂજન વગેરે ઠાઠથી ઉજવાયા. આજે ચૈત્ર ૦)) ચ્યવન કલ્યાણકની ઉજવણીનું દશ્ય આબેહૂબ હતું. સેંકડો માણસો બહારથી આવી રહ્યા છે. એક સાથે ૬૦૦૦ માણસો પાટલા સહિત જમવા બેસી શકે એવા મંડપમાં થતી સાધર્મિક વાત્સલ્યની સુંદર ભક્તિ દર્શનીય છે. મજૂરો સુદ્ધાંને સૂર્યાસ્ત પહેલાં જમાડી દેવામાં આવે છે.

● **બાર્શી :** અત્રે શ્રી મહાવીર જન્મકલ્યાણક નિમિત્તે શ્વેતાંબર મૂર્તિપૂજક, દિગંબર અને સ્થાનકવાસી સંઘોનો સામુદાયિક ભવ્ય વરઘોડો સવારમાં ૮॥ વાગે શ્વેતાંબર દેહરાસરથી નિકળી વીરપ્રભુનો ખાસ બનાવેલ ફોટો શહેરના પ્રમુખ રસ્તે ફેરવી દિગંબર મંદિર થઈ સ્થાનક આગળ વિસર્જન થયો. સાંજના ૯ વાગે જાહેર સભા થઈ. દયાનંદ કૉલેજ સોલાપુરના પ્રોફેસર જી. કે. પાટીલ (M.A. LL.B) પ્રમુખસ્થાને હતા. વીરપ્રભુના તત્ત્વોની અત્યારના દેશકાળ પરિસ્થિતિ સાથે ઘણી જ સારી રીતે મેળ બેસાડી, ચાલુ સંજોગોમાં જૈનધર્મની મહત્તા ટકાવવા સમાજે કેવી રીતે વર્તવું એનું સરસ માર્ગદર્શન પ્રમુખે પોતાના પ્રવચનમાં કર્યું.

● **પિંડવાડા :** અભૂતપૂર્વ અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઈ ગયા પછી વૈ.સુ. ૧૨ દક્ષિણ પીપળગામના વતની ભાઈશ્રી શનાલાલ દીક્ષા લેનાર હોવાથી શ્રી સંઘ તરફથી સુંદર અભિનંદન મેળાવડો થયો. શ્રીયુત ચિમનલાલ કડિયાએ રોચક ઉદ્‌બોધન કર્યું. સુદ ૧૨ દીક્ષા થઈ નામ મુનિશ્રી જયસોમવિજયજી રાખી **પૂ. મુનિરાજશ્રી જયઘોષવિજયજીના શિષ્ય કરવામાં આવ્યા.** ચોમાસા માટે ઘણા ગામ નગરોની વિનંતીઓ થઈ તેમાંથી આ પ્રમાણે માન્ય રખાઈ. પૂ. આચાર્યદેવોશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ તથા શ્રી વિજય યશોદેવસૂરિજી મ. **શિવગંજ;** પૂ. પં. શ્રી કાન્તિવિજયજી મહારાજ **ઊંઝા;** પૂ. પં. શ્રી માનવિજયજી તથા શ્રી હેમંતવિજયજી મ. **પિંડવાડા;** પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. **બેડા;** પૂ. પં. શ્રી ચિદાનંદ વિજયજી મ. **સાદડી;** પૂ. પં. શ્રી મલયવિજયજી મ. તથા પં.

શ્રી રવિવિજયજી મ. **રાધનપુર;** પૂ. પં. શ્રી મુક્તિવિજયજી મ. **જોધપુર;** પૂ. પં. શ્રી હિમાંશુવિજયજી મ. **નવા ડીસા;** પૂ. મુનિરાજશ્રી ધનવિજયજી **ડીસા રાજપુર;** પૂ. મુનિરાજશ્રી મહાનંદવિજયજી મ. તથા ભદ્રગુપ્તવિજયજી મ. **ચાણસ્મા;** પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ. **વડાવલી;** પૂ. મુનિરાજશ્રી મતિવિજયજી મ. **ગઢસીવાણા;** હજી બીજી વિનંતીઓ ઊભી છે, તેથી બીજા પણ ચાતુર્માસ નક્કી થવા વકી છે. પૂ. ગુરુદેવશ્રી આચાર્ય ભગવંત વિજય પ્રેમસૂરીશ્વરજી મ. આદિ વિહાર કરી ઘાણેરાવ તરફ પધારી રહ્યા છે. નાણા પાસે ચામુંડેરી દેવદ્રવ્ય ખાતાની ચોખવટ કરાવી. ભણદર ગામમાં બે તડ મિટાવી સંપ કરાવ્યો. ગામેગામ જનતાનો ઉત્સાહ ઘણો, વ્રત નિયમો સારા લે છે. ઘાણેરાવમાં ઉત્સવ તથા ઉજમણું હોવાથી જેઠ સુદ ૨ થી સુદ ૧૫ સુધી પૂજ્યશ્રીની સ્થિરતા થવા વકી છે. પૂ. પં. શ્રી પદ્મવિજયજીને ૧૩ ઉપવાસ પછી માથાનો દુઃખાવો કંઈક ઓછો રહે છે. બાકી સ્ફુર્તિ સારી છે. હાલ પિંડવાડા બિરાજે છે, ત્યાંથી સીધા શિવગંજ પધારશે.

● **ઘાણેરાવ :** અત્રે શ્રી સંઘની આગ્રહભરી વિનંતીને માન આપી પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ વિશાળ પરિવાર સાથે સુદ ૨ ના પધાર્યા. શ્રી સંઘે આખા નગરને ભવ્ય રીતે શણગારી દીધું હતું. નગરમાં શેરી શેરીમાં કુલ ૬૬ દરવાજા, પતાકાઓ, વચમાં વચમાં મંડપો વગેરે યોજવામાં આવ્યા હતા. પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી (સંસારીપણે મુંબઈ જુહારમલ મોતીલાલની પેઢીવાળા જેઠમલજી ખીચીયા) દીક્ષા પછી આઠ વર્ષે પહેલીવાર અત્રે પોતાની જન્મ ભૂમિમાં આવતા હોવાથી જૈન-જૈનેતરો હજારોની સંખ્યામાં દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. જૈનેતરે પણ ગહુંલી તથા વ્રત કર્યા. મુનિશ્રીના સંસારી પુત્રો કનકરાજજી વગેરે તરફથી સુદ ૪-૫-૬/૧ ઉત્સવ છે, તથા શ્રી સાગરમલજી મુલતાનમલજી તરફથી સુદ ૬/૨ થી સુદ ૧૫ સુધી ઉજમણું તથા ઉત્સવ છે. પૂ. ગુરુદેવશ્રી અત્રે ત્યાં સુધી રોકાવા વકી છે. પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવર પિંડવાડા રોકાયા છે. તબીયત એમને એમ ચાલ્યા કરે છે. અશક્તિ રહે છે. ગરમીના અંગે ક્યારેક અસ્વસ્થતા વધુ થાય છે. સ્વાધ્યાય સમાધિ સુંદર જાળવે છે. પિંડવાડામાં આવીને શ્રી આવશ્યકચૂર્ણી સંપૂર્ણ, પ્રશ્ન વ્યાકરણ તથા જ્ઞાતા અધ્યયનનું વાંચન કર્યું. આટલી બિમારીમાં રત્નત્રયીની આરાધના અનુમોદનીય કરે છે.

● **સુરત :** સ્ટેશન ઉપર ઘણા વખતથી જૈનભાઈઓની સગવડ માટે એક ધર્મશાળા અને જિનાલયની અત્યંત આવશ્યકતા હતી. તે આજે શ્રી જિનાલય તેમજ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ધર્મશાળા બંને સુરત સ્ટેશનની સામે જ ખૂબ સુંદર ઢબનાં ખડાં થતાં સંપૂર્ણ થયેલી છે. ઉક્ત શ્રી જૈનચૈત્ય શ્રી કુંથુનાથ ભગવાન આદિ શ્રી જિનબિંબોની પ્રતિષ્ઠાવિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જંબુસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે ઉક્ત સંસ્થાની કમિટી તરફથી તાજેતરમાં ખૂબ ધામધૂમથી કરાવવામાં આવી. વૈશાખ સુદ ૧૨ થી પ્રતિષ્ઠા મહોત્સવ થયો. મંડપો, ધજા-વાવટા, લાઈટો વગેરેથી પ્રસંગને અનુરૂપ શણગાર કરાયો હતો. પૂજ્ય આચાર્યશ્રીનાં પ્રેરક પ્રવચનો હંમેશા થતાં હતાં. વૈ. વદ ૫ મે ધર્મશાળાના મકાનેથી પ્રભુજીનો ભવ્ય વરઘોડો ચઢ્યો હતો. વૈ. વદ ૬ પ્રભુજીને ગાદીએ બેસાડવાના હતા. પૂજ્યશ્રીની નિશ્રામાં ચઢાવા બોલાતાં ઉપજ ઘણી સારી થઈ હતી. મૂળનાયક ભગવંતને અને જમણી બાજુએ પાર્શ્વનાથ ભગવાનને સ્વ. શેઠ નેમચંદ નાથાભાઈના પુત્રી અને જમાઈ આદિએ બેસાડ્યા હતા. પૂજ્યશ્રી જેઠ વદમાં ખંભાત ચાતુર્માસ અર્થે પધારશે.

● **પૂના :** શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ તરફથી જૈનદર્શનની છ પરીક્ષાઓ પ્રબોધિની, પ્રાથમિક, પ્રારંભિક, પ્રવેશ, પરિચય અને પ્રદીપ સમગ્ર ભારતના વિવિધ કેન્દ્રોમાં તા. ૩૦-૩૧ જુલાઈ ૧૯૬૦ ના દિને લેવાશે. પાઠશાળા, મંડળ, ગુરુકુળ અને વિદ્યાલયોએ પોતાના ઉમેદવારી પત્રો પૂનાથી મંગાવી લેવા. પરીક્ષાર્થીઓના નામો તા. ૨૨ જુન ૧૯૬૦ સુધી સ્વીકારાશે. બોર્ડિંગ અને કૉલેજ આદિના પરીક્ષાર્થીઓની સગવડતા ખાતર સપ્લીમેન્ટરી પરીક્ષાઓ તારીખ ૧૩-૧૪ ઓગસ્ટ ૧૯૬૦ નાં લેવાશે.

● **સિહોર :** દહેરાસરજીના સાધારણ ખાતામાં તુટો રહેતો હોઈ સંઘની કમિટીએ દેરાસરજીની પેઢી સાથે નામ જોડવાની અને તે રીતે મોટી રકમ મેળવવાની યોજના ઘડેલ પણ એ ઘણા ભાઈઓને રુચિકર ન લાગી અને વિરોધ પણ કરેલ. પરંતુ શાસન પ્રભાવના કાર્યો શાસન દેવતાની કૃપાથી અધુરા રહેતા નથી. એક ગુપ્ત દાનવીર રૂા. ૨૫૦૦૦ની માતબર રકમ સાધારણમાં આપી યોજના પાછી ખેંચાવી અને સાધારણના પ્રશ્નને સારો ઉકેલ્યો. બીજું કાયમી વર્ધમાનતપ ખાતાની સ્થાપના કરવા પણ વિચારણા થયેલ અને જે ભાગ્યશાળી આ ખાતુ પોતાના

નામથી ખોલવાની ઈચ્છા રાખે તેને ઉછામણીથી ચડાવો લઈ આદેશ આપવો અને કાયમી તિથિઓ નોંધાવી. તે કાર્ય પણ સ્થાપના અંગેનું થઈ ગયું. વલભીપુરવાસી શેઠ લલ્લુભાઈ પદમશીના ધર્મપત્ની નેમકુંવર બેને રૂા. ૨૦૫૦૧ થી ચડાવો લીધો. પ્રથમ વર્ષના રૂા.૩૦૦૧ ખર્ચ તરીકે પણ આપ્યા, હવે તિથિઓ નોંધાય છે. અઢાર તિથિની દરેકના રૂા. ૧૫૧ બીજ, પાંચમ, આઠમ, અગીયારસ, પુનમ વગેરેનો રૂા. ૨૫૧ તથા ચૌદશના રૂા. ૪૦૧ એવા વર્ગો રાખ્યા છે. ચાલુ વર્ષના અષાઢ સુદ ૧૫ થી કા. સુદ ૧૫ સુધી એક વ્યક્તિ તરફથી આયંબિલ અને સં. ૨૦૧૭ ના કારતક વદ ૧ થી ખાતુ નિયમિત રીતે પોતાનું કાર્ય શરૂ કરશે, અહીં સિત્તેર તિથિ નોંધાઈ છે હજુ બીજી નોંધાવવાનું ચાલુ છે. પૂ. મુનિરાજ ભુવનવિજયજી મહારાજની નિશ્રામાં બંને સુંદર કાર્ય થયા.

● **દાદર :** પૂ. આચાર્યદેવેશ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પૂજ્ય પંન્યાસ શ્રી નવીનવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી હરિશ્ચંદ્રવિજયજીને વડી દીક્ષા આમંત્રણ પત્રિકા, જિનેન્દ્ર પૂજાભક્તિ વગેરેનો ઠાઠ પૂર્વક સંઘના ઉત્સાહ વચ્ચે વૈશાખ સુદિ ૬ ના કરવામાં આવી. એમના સંસારી પિતાશ્રી તરફથી શ્રીફળની પ્રભાવના થઈ.

● **રામપુર (જિ.નગર) :** શ્રી સંભવનાથ ભગવંતને ગૃહમંદિરમાં સંઘ તરફથી પરોણારૂપે પધરાવવાના હતા. વૈશાખ વદ ૬ ના રોજ ૪૦૧ મણ ઘી બોલીને બાઈ શાન્તાબેન વગેરે ચંદુલાલે પધરાવ્યા. બધી ઉત્પન્ન ૩।। હજારના આશરે થઈ. છાણીથી રમણભાઈ વગેરે વિધિ માટે આવ્યા હતા. મંદિર બાંધવા ૨૦ હજારની જગા લીધી છે તે ઉપર નવું મંદિર બાંધવાનું છે.

● **પાલીતાણા :** પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવરને રાજકોટ, ધંધુકા, વેરાવળ, માંગરોળ, બોટાદ, જુનાગઢ વગેરેના સંઘોની ઘણી વિનંતી છતાં પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞા થવાથી અત્રે આરિસાભુવનમાં સપરિવાર ચાતુર્માસાર્થે પધારવાનું થયું છે. પ્રવેશ સ્વાગત સારું થયું હતું.

● **સાદડી :** પાટીના ઉપાશ્રયના આગેવાનોની આગ્રહભરી વિનંતી થવાથી અત્રે પૂ.પં.શ્રી ચિદાનંદવિજયજી ગ. આદિઠાણા ૩ ચાતુર્માસાર્થે પધાર્યા છે. મનુષ્ય

જન્મ રૂપી વૃક્ષના ફળ સંબંધી દેશના થઈ.

● **શિવગંજ :** પૂ.આ.શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ., આ.શ્રી વિજય યશોદેવ-સૂરિજી મ. આદિ વિશાળ પરિવાર સાથે ગોડવાડમાં વિચર્યા. ગામેગામ સંઘોનો અમાપ ઉત્સાહ હતો. લોકોને વિવિધ નિયમો થયા; દા.ત. નવલાખ નવકાર, દિવસમાં દરેક કલાકમાં એકવાર 'નમો અરિહંતાણ' નું સ્મરણ, પાંચ તિથિ તપ...ઇત્યાદિ, સાદડીમાં ન્યાતીનોરામાં પધારવાની ખાસ વિનંતી થવાથી પૂજ્યશ્રી સપરિવાર પધાર્યા. ત્રણ દિવસ રોજ બે વખત વ્યાખ્યાનો થતાં વિશાલ જનતા લાભ લેતી, નાડલાઈ, નાડોલ, બીજોવા, ખીમેલ, ખુડાલા વગેરે ગામોમાં સારી ધર્મ પ્રભાવના થઈ. શિવગંજ સંઘે અનેકવાર જઈને ચોમાસું મનાવેલ હોવાથી અષાઢ સુદ ૩ સંઘના ભવ્ય સ્વાગત સાથે પૂ. આચાર્યદેવાદિનો પ્રવેશ થયો. પૂજ્યશ્રીની આજ્ઞાથી વધુ ચોમાસા આ મુજબ નક્કી થયા. પૂ. મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી આદિનું **પાટણ,** શ્રી રાજેન્દ્ર વિ. મ. શ્રી ચરણકાન્ત વિ. મ. શ્રી ગુણચંદ્રજી વિ. મ. નું **વાલી,** શ્રી મિત્રાનંદવિજયજી મ. **ખુડાલા,** પૂ. પં. શ્રી કનકવિજયજી મ. નું **પાલીતાણા,** પૂ. પં. શ્રી સુદર્શન વિ. મ. નું **મોટા ખુંટવડા,** પૂ. મુનિરાજશ્રી જીતેન્દ્ર વિ. મ. નું **બિયાવર,** પૂ. પં. શ્રી જયંત વિ. મ. આદિનું **વાંકાનેર.**

● **રાજકોટ :** પૂ. પં. શ્રી જયંતવિજયજી ગણિવર્યની નિશ્રામાં અત્રેના યુવાન વતની શ્રી દિનકરભાઈની સકલ સંઘના ઉત્સાહ વચ્ચે ધામધૂમથી દીક્ષાનો મહોત્સવ સુંદર ઉજવાયો. નૂતન મુનિશ્રીનું નામ મુનિશ્રી દિવ્યાનંદવિજયજી રાખી પૂ. પં. મ.ના શિષ્ય તરીકે જાહેર કરાયા.

● **મહેસાણા :** જૈન શ્રેયસ્કર મંડળના સંચાલકોની વિનંતીથી પૂ. આચાર્યદેવ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સંસ્થામાં પધારેલ, સાચી કેળવણી તથા સમાજની ફરજ વિષે વ્યાખ્યાન આપેલ. સંસ્થાના વિદ્યાર્થીઓ શિક્ષકો સાથે તારંગાજી યાત્રા કરવા જેઠ સુદ ૧૫ ના ગયા હતા. ધોરાજીવાળા વોરા મણિલાલ ઝીણાભાઈ તરફથી રેલ્વે ખર્ચ મળ્યું હતું. વડોદરાવાળા શેઠ સુંદરલાલ ચુનીલાલ મારફત જુદા જુદા ખાતામાં રૂા. ૧૫૦૦ ની રકમ મળી છે. પાલીતાણામાં ચાલતા ફ્રી દવાખાના માટે મુંબઈમાં મદદ મેળવવા શેઠ બબલદાસ નગીનદાસ, શેઠ જેઠાભાઈ ઘીવાળા, શેઠ ચંપકલાલ ભોગીલાલ સુંદર પ્રયત્ન કરી રહ્યા છે, હાલમાં સંસ્થાના બે પરીક્ષકોએ ઉત્તર ગુજરાતનો પ્રવાસ શરૂ કરેલ છે.

● **ચાણસ્મા :** પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ.

ભદ્રગુપ્તવિજયજી મહારાજના તા.૧૯-૬-૬૦ થી તા. ૧૬-૧૦-૬૦ સુધી દર રવિવારે કમસર જીવનયુદ્ધ, આત્મા છે ? અંતરાત્મા બનો, આત્મસ્વાતંત્ર્યના ઉપાય. પરલોક છે ? પુરુષાર્થ અને પ્રારબ્ધ, વિકાસની દિશા, મનનાં જતન, મુક્તિની યુક્તિ, માનવની મહાનતા, સંસ્કૃતિના જીવંતપ્રતિકો, બુદ્ધિયુગના વહેણો, શ્રદ્ધા અને પ્રજ્ઞા, વિજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન, જીવનના ધ્યેય, અંધકાર અને પ્રકાશ. આ વિષયો પર જાહેર વ્યાખ્યાન યોજાયા છે.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૮,અંક-૪૧,તા.૧૬-૭-૧૯૬૦**

● **શિવગંજ :** પૂ. ગચ્છપતિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ પૂ. આ. શ્રી વિજય યશોદેવસૂરિજી મ. આદિ વિશાળ પરિવાર સાથે અત્રે ચોમાસુ હોવાથી જનતામાં ધર્મપ્રવૃત્તિ વેગબંધ ચાલી છે. બાળ, યુવકો સહિત ૫૫ ભાઈ-બહેનોએ વર્ધમાન આંબેલ તપનો પાયો શરૂ કર્યો છે. શ્રી આચારાંગ લોકવિજય અધ્યયન અને સમરાદિત્યના વ્યાખ્યાનમાં રોજ પજુસણ જેવી સભા ભરાય છે. ચાતુર્માસના બ્રહ્મચર્ય, આંબેલ, એકાસણાં વગેરે કેટલાય વ્રત નિયમો લેવાય છે.

પૂ. આચાર્યદેવની આજ્ઞાથી પૂ. મુનિરાજો શ્રી કૈલાસપ્રભાવિજયજી મ., શ્રી જિનપ્રભ વિ. મ. આદિ **સેવાડી**માં ચોમાસું પધાર્યા છે. શ્રી જિનપ્રભ વિ. મ. ની રોચક વાણીથી જનતામાં જાગૃતિ સારી આવી છે.

પૂ. મુનિરાજશ્રી ચરણકાન્ત વિ. મ., શ્રી રાજેન્દ્ર વિ. મ., શ્રી ગુણચન્દ્ર વિ. મ. આદિ **વાલી**માં ચોમાસુ પધાર્યા છે. શ્રી રાજેન્દ્ર વિ. મ. હિંદીમાં જોરદાર વ્યાખ્યાન આપે છે. લોકોની માગણી રોજ બપોરે પણ વ્યાખ્યાન માટેની છે.

પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિજયજી મ. આદિ **ખુડાલા** ચોમાસુ પધાર્યા છે. એમના હિંદીમાં પ્રેરક વ્યાખ્યાનો થાય છે. સંઘમાં ધર્મરંગ જામતો જાય છે.

● **નાણામાં** પૂ. મુનિરાજ ભાવવિજય મહારાજ દીક્ષા પછી લગભગ ૩૪ વરસે પોતાની આ જન્મભૂમિમાં પહેલીવાર ચોમાસુ પધાર્યા હોવાથી સંઘમાં ધર્મ-ઉત્સાહ સારો જાગ્યો છે. પૂ. મુનિરાજશ્રી મહાયશ વિ. મ. વ્યાખ્યાન આપે છે.

● **ચામુંડેરીમાં** પૂ. મુનિરાજશ્રી કલ્યાણપ્રભ વિ. મ. આદિ, **વિસલપુર**માં પૂ. મુ. શ્રી યશોભદ્ર વિ. મ. આદિ, **ધિણોજમાં** પૂ. મુ. શ્રી પ્રકાશ વિ. મ. આદિ ચોમાસું બિરાજે છે.

● **સીપોરમાં** પૂ. મુનિરાજશ્રી રાજવિજયજી મ. ચોમાસુ પધાર્યાથી ધર્મની

પ્રભાવના થઈ રહી છે.

● **વાંકાનેર :** પૂ. પં. શ્રી જયંતવિજયજી મ. અત્રે ચોમાસાર્થે રાજકોટથી ટોળિયા દિનકરભાઈને દીક્ષા આપી પધારતાં વળાવવા જનતા ઊલટી પડી હતી. અત્રે અ. સુ. ૨ નૂતન મુનિશ્રી દિવ્યાનંદવિજયજીની વડી દીક્ષા ધામધૂમથી થઈ. રોજ વ્યાખ્યાનમાં શ્રી ઉપદેશ-પ્રાસાદ-પાર્શ્વનાથચરિત્ર સાંભળવા સંઘ સારો લાભ લે છે.

● **ખંભાત :** પૂ. આ. શ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજ સપરિવાર સુરત સ્ટેશન દેરાસર પ્રતિષ્ઠા કરાવી અત્રેના શ્રીસંઘના આગ્રહથી ચોમાસું પધાર્યા. અષાઢ સુદ ૧ સ્વ. પૂ. આ. શ્રી વિજય ક્ષમાભદ્રસૂરિજી મ. ના ગુણાનુવાદ સુંદર કર્યા. એઓશ્રીની આજ્ઞાથી પૂ. પં. શ્રી રૈવતવિજયજી મ. આદિ **ડભોઈમાં** અને પૂ. મુ. શ્રી દેવભદ્રવિજય મ. આદિ **સિનોરમાં** ચોમાસુ બિરાજે છે.

● **અમદાવાદ :** ઉજમફઈની ધર્મશાળામાં પૂ. ગણિવર્યશ્રી શ્રી ધર્મસાગરજી મ. ની નિશ્રામાં પૂ. મુનિરાજશ્રી અભયસાગરજી મહારાજના તત્ત્વજ્ઞાનભર્યા વ્યાખ્યાન ચાલી રહ્યા છે. અષાઢ વદ ૨ થી ૨૦ દિન માટે શ્રી નમસ્કાર મહામંત્રના લક્ષ જાપનું ભવ્ય આયોજન જાહેર આમંત્રણ પૂર્વક શરૂ છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૮,અંક-૪૩,તા.૩૦-૭-૧૯૯૦**

● **ખુડાલા :** અત્રે પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી મહારાજ પધારવાથી બંને પક્ષવાલા વ્યાખ્યાનમાં સારો લાભ લે છે. વદ ૫ ના ૧૫૦ આયંબિલ અને ૧॥ લાખ નવકારના જાપનું ભવ્ય અનુષ્ઠાન થયું. પ્રસંગ પ્રથમ વાર હોવાથી સૌએ નિષ્ઠાપૂર્વક અને ઉત્સાહથી લાભ લીધો.

● **વાલી :** પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજીના ઉપદેશથી અષાઢ વદ ૧૧ થી નવકાર મંત્રના તપની સમુહ યોજના થઈ છે. એકાસણાં એક ભાઈ તરફથી છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૮,અંક-૪૪,તા.૬-૮-૧૯૯૦**

● **શિવગંજ :** પૂ. મુનિરાજશ્રી ગુણભદ્રવિજયજીને ૧૬ ઉપવાસની તપસ્યાનું સુખપૂર્વક પારણું થયું. પૂ. મુનિરાજશ્રી મતિધનવિજયજી મ. ને ૨૩ ઉપવાસનો તપ ચાલે છે. પૂ. મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મ. ને વર્ધમાન આંબેલ તપની ૮૧મી ઓળી પૂર્ણ થતાં સાથે જ ૮૨ મી શરૂ થઈ,

● **વડાવલી :** પૂ. મુ. શ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજની નિશ્રામાં સંઘમાં વર્ધમાન તપ પાયા અને શ્રી નવકારમંત્રનો તપ થયો. જૈનેતરોએ પણ નવકાર તપમાં જોડાઈ જાપ સારી રીતે કર્યો.

● **ચાણસ્મા :** પૂ. મુ. શ્રી ભદ્રગુપ્તવિજયજી મ. ના ઉપદેશથી રોજ ૪૦ બાંધી નવકારવાળી ગણવાની એ રીતેના નવકારના તપમાં ૧૨૫ પુરુષો અને ૧૫૦ બહેનો જોડાયા. ખંભાતથી સંગીતકારો બબલ માસ્ટર, શ્રી રસિકભાઈ અને અમદાવાદથી શ્રી અજિતભાઈ આવવાથી જલસો સારો જામ્યો. લગભગ ૭૦ લાખ નવકાર ગણાશે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૮,અંક-૪૬,તા.૨૦-૮-૧૯૬૦**

● **સુરેન્દ્રનગર :** જિનમંદિર અને વિસ્તારપૂર્ણ ઉપાશ્રયો, જ્ઞાનશાળા, પાઠશાળા અને આયંબિલશાળા આદિ ધર્મસ્થાનકોથી અલંકૃત છે. આંબેલ લાગ-લગાટ પાંચસો દિવસ સુધી કરી ધર્મનિષ્ઠ શ્રાવિકાબહેન કસ્તુરી બહેને સુરેન્દ્રનગરમાં ઉજવલ ઈતિહાસમાં એક સુવર્ણ પાનનો ઉમેરો કર્યો છે. એમણે વરસીતપ, છમાસી, ચારમાસી, પાંચમાસી, ત્રણમાસી, બેમાસી વીસસ્થાનકની ૧૯ ઓળી, જ્ઞાનપાંચમ, મૌન એકાદશી, ઉપધાન તપ, વર્ધમાનતપની ૪૧ ઓળી, અઠ્ઠાઈ જેવી અનેક તપસ્યાઓની આરાધના પણ કરી છે. ચાલુ ૫૦૦ આયંબિલનો તપ પરમ તપસ્વી પૂ. પં. શ્રી કાન્તિવિજયજી ગણિવરશ્રી તથા દીર્ઘ ચારિત્ર્યપર્યાય સાધ્વીજી શ્રી મણીશ્રીજી સાયલાવાળાનાં સાનિધ્યમાં શરૂ કરેલ, શારીરિક અનેક કષ્ટો આવવા છતાં દૃઢ મનોબળ અને અડગ શ્રદ્ધાથી "શ્રી સિદ્ધચક્ર ભગવંત"નું અવિરત રટણ સાથે, તેમનાં પતિ ભાઈલાલ ત્રંબકલાલ તરફથી આ તપમાં સર્વ પ્રકારની અનુકૂલતાઓ સાથે ગૃહકાર્ય કરતાં કરતાં ઉભયટંકનાં આવશ્યક, હંમેશા જિનેન્દ્રપ્રજા, સામાયિક, સ્વાધ્યાયમાં સમય પસાર કરી ૫૦૦ આયંબિલ તપની પૂર્ણાહુતિએ પહોંચનાર શ્રાવિકા બહેન કસ્તુરીબહેન અન્ય બહેનોને આદર્શ દૃષ્ટાંત પૂરું પાડે છે. ધન્ય છે જૈન ધર્મને અને ધન્ય છે આવા તપસ્વીઓને કે જેને લઈને જૈન દર્શનનો તપધર્મ આકાશમાં સૂર્ય સમાન દેદિપ્યમાન છે.

● **મુંબઈ :** લાલબાગમાં પૂ. આચાર્યદેવશ્રી વિજય લબ્ધિસૂરિશ્વરજી મહારાજની નિશ્રામાં પર્યુષણા સુંદર ઉજવાયા શ્રી અમરચંદ સુરતવાળાએ ૨૯ ઉપવાસના પારણે ૩૩ ઉપવાસની તથા શ્રી કનુભાઈ લાલભાઈએ ૩૧ ઉપવાસ, વગેરે તપસ્યા સારી થઈ. ૧૨૦ ચોસઠ પહોરી પોસાતીઓને ૦। ગીની વગેરે પ્રભાવના થઈ ઊપજ વગેરે સારું થયું.

● **મુંબઈ વર્ધમાનતપ આયંબિલ :** ખાતાની શ્રા. સુદમાં જનરલ સભા થતાં સં. ૨૦૧૫ ના હિસાબ પાસ થયા પ્રમુખ વગેરેની નવી ચૂંટણી થઈ. બાદ ઓ. સેક્રેટરી શેઠ જેઠાલાલ ચુનીલાલ ઘી વાળાએ મુંબઈ જેવા શહેરમાં આ આયંબિલ ખાતું કેટલો બધો લાભ ઊઠાવે છે. અને એમાં ખોટ પૂરવાની કેટલી બધી જરૂર છે, એ પર અપીલ કરતાં ત્યાંને ત્યાં રૂા. ૧૬/- હજારની ટીપ થઈ. સુંદર સહકાર મળ્યા તેમજ નવી સ્કીમ મુજબ રૂા. ૨૧૦૧/- અનામત ફંડ અમર મકાન ફંડ ખાતે આપનાર સદ્‌ગૃહસ્થનો ફોટો કરાવી મૂકવાની વસ્તુ રજૂ કરી તેમાં શેઠ માણેકલાલ ચુનીલાલ, શ્રીમતી કુસુમબેન માણેકલાલ અને શેઠ જીવતલાલ પ્રતાપશીના નામ નોંધાયા રૂા. ૩૦૦૬/- કાયમી તિથિઓના અને રૂા. ૨૦૧/- પાણીની તિથિના મળ્યા હતા. શ્રી જેઠાભાઈએ બીજા ઉપાશ્રયો વગેરેમાં સારો પરિશ્રમ અને અપીલ કરતાં સારી રકમ એકત્રિત થઈ હતી.

● **શિવગંજ :** અત્રે ગુરુદેવ પૂ. આચાર્ય દેવેશ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબની નિશ્રામાં શ્રી સંઘમાં ધર્મનો ઉપયોગ સારો થઈ રહ્યો છે. નવાં વર્ધમાન આંબેલ પાયા, ચાલુ વર્ધમાન ઓળીઓ, વરસીતપ વગેરે તપો, શ્રી શંખેશ્વરજીના અઠ્ઠમ નવકારમંત્રનો તપ વગેરે સારું થયું. જૈન તત્ત્વજ્ઞાનનો પ્રૌઢોને માટે વર્ગ ચાલ્યો. પર્યુષણમાં માસખમણ, ૨૧-૧૫-૧૦-૮-૬-૪-૩ વગેરે ઉપવાસોની તપસ્યા વિપુલ પ્રમાણમાં થઈ. દાદાઈવાળા શેઠ કેસરીમલજી તરફથી ચાંદીના ગ્લાસની પ્રભાવના તથા બીજા ભાઈઓ તરફથી પ્રભાવનાઓ સારી થઈ. મારવાડ જેવા દેશમાં પણ વિશાળ સંખ્યામાં ભાઈઓ બેનોએ કલાકો સુધી શાંતિ અને ભાવપૂર્વક વ્યાખ્યાનો સાંભળ્યા. સારી ઊપજ ઉપરાંત એક વિશેષતા એ થઈ કે પૂજ્યશ્રીના ઉપદેશથી શ્રી સંઘે સ્વપ્ન દ્રવ્ય હવેથી મંદિરમાં જ વાપરવાનું નક્કી કર્યું.

પૂ.પં. શ્રી પદ્મવિજયજી મહારાજને પર્યુષણાના પહેલા દિવસથી ઉપવાસ ચાલુ છે. આજ ભા.સુ. ૧૫નો ૧૮મો ઉપવાસ છે એ એમાં આગમ વાંચન, જાપ,

ધ્યાન, વગેરે સુંદર કરી રહ્યા છે. માથાનો દુઃખાવો બંધ જેવો છે અને ગળે સહેજ પાણી પણ ઊતરે છે. કેન્સરની વ્યાધિમાં એમની આરાધના સુંદર છે.

● **પાલીતાણા :** અત્રે આરિસા ભવનમાં સ્થવિરપુંગવ પૂ. મુનિરાજશ્રી મંગલવિજયજી મહારાજ તથા પૂ.પં. શ્રી ભક્તિવિજયજી મ. તથા પૂ.પં. શ્રી કનકવિજયજી મ. આદિના ચાતુર્માસમાં સુંદર ધર્મ પ્રવૃત્તિઓનો લાભ શ્રી સંઘને થયો. પૂ.પં. શ્રી કનકવિજયજી મ.ના શિષ્ય પૂ. મુનિરાજશ્રી પૂર્ણભદ્રવિજયજી મહારાજે ૭૦ વર્ષની વયે ૪૫ ઉપવાસની કઠોર તપસ્યા સુખપૂર્વક પૂર્ણ કરી પૂર્વે પણ એમણે ૧ માસખમણ બે વાર ૨૧-૧૬ વગેરે તપસ્યા કરેલી. દર વર્ષે ૬ અઠ્ઠાઈઓમાં ૮-૯ ઉપવાસ કરતા પંન્યાસજી મ. રોજ વિપાક સૂત્ર અને શત્રુંજય મહાત્મ્ય પર સુંદર પ્રવચન આપે છે.

● **ઈડર :** પૂ.પં. શ્રી પ્રવીણવિજયજી મ.પૂ.પં. શ્રી મહિમાવિજયજી મ. આદિના ચાતુર્માસથી ધર્મજાગૃતિ સુંદર આવી ૧૦-૮-૭-૪-૩ ઉપવાસ ૨૮ લબ્ધિ તપ, ૭ સૌખ્ય તપ, વગેરે સુંદર થયા. તપનો સુંદર વરઘોડો નીકળ્યો. અરિહંતનો ૧। ક્રોડનો જાપ ૪૦૦ આંબેલથી થયો. મુંબઈથી વંદનાર્થે આવેલ લલિત બ્રધર્સવાળા શેઠ શ્રી છોટુભાઈ તથા શેઠ નાનચંદ જુઠાલાલે તપસ્વીઓને રોકડ પ્રભાવના કરી સાધ્વી શ્રી સુભદ્રાશ્રીજી મ. ઠા. ૫ ને વર્ધમાન તપ ચાલે છે શ્રી જિનેન્દ્રશ્રીજી મ. ને ૫૦૦ આંબેલ ચાલે છે.

● **સેવાડી :** પૂ.મ. શ્રી ભદ્રંકરવિજયજી મ. ના શિષ્યો પૂ. મુનિશ્રી કૈલાસપ્રભવિજયજી મ. આદિનું ચોમાસું હોઈ સંઘમાં ધર્મનો જયકાર વર્તી રહ્યો છે. પુ. મુનિશ્રી જિનપ્રભ વિ.મ.ની દેશનામાં લોકો બહુ લાભ લે છે. નવકાર મંત્ર તપ થયો. વર્ધમાન આંબેલતપ ખાતાને કાયમી કરવા રૂા. ૪૫/- હજાર સુધી ટીપ થઈ છે. નવા પાયા નંખાયા ટીપ હજી વધશે.

● **પાલડી :** પૂ.પં. શ્રી ત્રિલોચનવિજયજી મહારાજ અહીં પર્યુષણાર્થે પધારતાં દેવ દ્રવ્યાદિના ચોપડાની ચોખવટ થઈ, બીજી બોલીઓ ઉપરાંત મંદિરમાં સંઘને પૂજાર્થે કેસર સુખડ વગેરે અર્પણ કરવાની બોલી બોલતાં રૂા. ૮૦૦/- ઉપર ઉછામણી થઈ. પૂ. મુનિરાજશ્રી રત્નાંશુવિજયજી મ. તથા શ્રી વિમલસેનવિજયજી તથા શ્રી વિમલસેનવિજયજી મહારાજે વ્યાખ્યાનો સારા વાંચ્યા.

● **વાલી :** પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજના ઉપદેશથી પર્યુષણાંમાં મંદિરમાં કેસર સુખડ સંઘને પૂજા કરવા અર્થે અર્પણ કરવાની બોલી બોલાતાં રૂા. ૧૨૦૦/- ની ઉપજ થઈ પર્યુષણ સારા ઊજવાયા.

• **વડાવલી :** પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ.ના ચોમાસાથી સંઘમાં ધર્મરંગ સારો આવ્યો છે. નવકાર તપની જેમ પર્યુષણાની આરાધનામાં પણ જૈનેતર ભાઈઓ સારા જોડાયા, અને અઠ્ઠાઈ સુધીની તપસ્યાઓ કરી શ્રી સંઘે પણ એમને સાધર્મિક વાત્સલ્ય પ્રભાવના વગેરેમાં ઉત્સાહ પ્રેરક ભક્તિ દાખવી. ૩૫ ઘરની વસ્તીમાં ૫૨ અઠ્ઠાઈની તપશ્ચર્યા થઈ. સુંદર રથયાત્રાનો વરઘોડો નીકળ્યો એ ૬ રથ, ઇન્દ્ર ધ્વજા, ઘોડાગાડીઓ. ઘોડાની કતારો મધુરું બેન્ડ વગેરેથી અને ન્યાયાધીશ શ્રી બાટવીઆ, મામલતદાર શ્રી બારોટ, ટેનન્સી મામલતદાર શ્રી અંબાલાલ શાહ, વકીલો શ્રી સુરજમલ શાહ, શ્રી કાન્તિલાલ શાહ વગેરે સાજ થી બહુ દીપ્યો, શ્રાવિકાઓ માટે ઉપાશ્રયમાં રૂા. ૮૦૦૦/- ભરાયા.

• **લુણાવા :** શાંતમૂર્તિ પૂ. ઉપા. શ્રી ધર્મવિયજી મહારાજની નિશ્રામાં ચોમાસાથી સંઘમાં ધર્મની રેલમછેલ વર્તી રહી છે. પૂ. મુનિરાજશ્રી પુણ્યોદય વિ.મ. ની દેશનાથી દયા, દાન, પરોપકાર, વ્રત નિયમો વગેરે સારા થઈ રહ્યા છે. નવકારમંત્રના તપમાં ૪૦૦ જણે લાભ લીધો. શેઠશ્રી મનાલાલજી વગેરે સંઘે પકવાન્નથી સારી ભક્તિ કરી. અઠ્ઠમ ૪૦ પંચરંગી તપમાં ૫૦, વગેરે સારું થયું.

• **બેડા :** પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજના પધારવાથી સંઘમાં અલૌકિક ધર્મરંગ પ્રવર્તી રહ્યો છે. પર્યુષણા પર્વમાં સાધ્વીજી મહારાજો વગેરેમાં બે માસખમણ, ત્રણ સિદ્ધિતપ, બે માસખમણ, ૩૦ અઠ્ઠાઈઓ વગેરે સારો તપ થયો. આવક પણ સારી થઈ. સુદ-૭ થી ઉત્સવ, સુ. ૧૪ સિદ્ધચક્ર પૂજન સુંદર થયું. ઉપધાન આસો વદ ૯ શરૂ થનાર છે. ઉજમણું તથા સંઘયાત્રાની પણ યોજના છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" વર્ષ-૯,અંક-૨,તા.૧૭-૯-૧૯૬૦

ધી રિલીજિઅસ પબ્લિક ટ્રસ્ટ બિલ. ૧૯૬૦ (બિલ નં.૧૪)

આપશ્રીએ વર્તમાનપત્રોમાંથી જાણ્યું હશે કે ભારત સરકારે લોકસભા અને રાજ્યસભાની બેઠકોમાં ઉપર્યુક્ત બિલ પ્રસ્તુત કર્યું હતું. તે બંને સભાઓએ તે બિલને હવે પ્રવર સમિતિને સોંપ્યું છે. પ્રવર સમિતિના ૪૫ સભાસદો છે. તેમાં ૩૦ લોકસભાના અને ૧૫ રાજ્યસભાના છે. આ સમિતિના પ્રમુખશ્રી જગન્નાથરાવ એમ.પી. છે. આ સમિતિની મિટિંગ તા. ૧૦ ઓક્ટોમ્બર ૧૯૬૦ના થશે, આ સમિતિ પોતાનો રિપોર્ટ પાર્લામેન્ટમાં નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં પ્રસ્તુત કરે, એવી સંભાવના છે. પ્રવર સમિતિએ તા. ૨૧ સપ્ટેમ્બર ૧૯૬૦ સુધી જનતા

પાસેથી નિવેદન પત્રોની માગણી કરી છે. નિવેદનોના વિષયમાં જેઓની પ્રવરસમિતિ સમક્ષ ઉપસ્થિત થવાની ઇચ્છા હોય, તેમને તે સમિતિ તેમના મંતવ્યને વ્યક્ત કરવા માટે સમય આપશે.

તેથી ધાર્મિક ટ્રસ્ટોના વિષયમાં જેમને રસ હોય તેઓએ ટ્રસ્ટ બિલના વિષયને સારી રીતે જાણીને પોતાનું નિવેદન પ્રવરસમિતિ પર મોકલાવીને અથવા તે સમિતિ સમક્ષ ઉપસ્થિત થઈને પોતાનું મંતવ્ય રજૂ કરવું જોઈએ. તેથી પ્રવરસમિતિને એ ખ્યાલ આવશે કે ટ્રસ્ટીઓનો આ વિષયમાં શો અભિપ્રાય છે અને આ બીલ પાસ થવાથી ટ્રસ્ટીઓને ટ્રસ્ટની વ્યવસ્થામાં કેવી અડચણો ઊભી થશે ?

આ બીલની વિશેષ વિગતો આ રીતે છે :

(૧) જમ્મુ અને કાશ્મીર ભારતરાજ્યનાં અંગો હોવા છતાં આ બીલ જમ્મુ અને કાશ્મીરને લાગુ પડતું નથી.

(૨) આ બીલ સમગ્ર ભારતમાં લાગુ પાડવામાં આવતું નથી કિન્તુ કેન્દ્રસરકારથી શાસિત સ્થાનોમાં જ લાગુ પડે છે. રાજ્યોને આપવામાં આવી છે કે તેમની ઇચ્છા હોય તો તેઓ આ બીલને લાગુ કરે, અન્યથા આવા વિકલ્પના કારણે રાજ્યોમાં આ બીલ સંબંધિ અનેક મુશ્કેલીઓ ઊભી થશે.

(૩) આ બીલની કલમ ૩૧ને અનુસરે આ બીલ ફકત હિંદુઓ, જૈનો તથા બોદ્ધોને લાગુ થશે. આવી નીતિ શા માટે પસંદ કરવામાં આવી છે, તેનું કોઈપણ કારણ સરકારે બતાવ્યું નથી. મુંબઈ અને અન્ય પ્રાંતોમાં આવી જાતના બીલ મુસલમાનો સિવાય સૌને લાગુ કરવામાં આવ્યા છે.

(૪) આ બીલ ધાર્મિક ટ્રસ્ટોને લાગુ પાડવામાં આવ્યું છે કિન્તુ ધાર્મિક ટ્રસ્ટોની વ્યાખ્યામાં ધાર્મિક ટ્રસ્ટોથી સંબંધિત સખાવતોને પણ લઈ લેવામાં આવી છે. તેથી તેમને પણ તે લાગુ પડશે.

(૫) આ બીલમાં પ્રત્યેક ટ્રસ્ટ કે જેની આવક રૂા. ૫૦૦૦થી ઉપર હોય તેનું કમિશનર દ્વારા નિશ્ચિત ફોર્મ પર અને વિશિષ્ટ પદ્ધતિથી આવક અને ખર્ચનું અંદાજ પત્ર બનાવવું ફરજીયાત રાખવામાં આવ્યું છે. તે અંદાજપત્ર અતિશીઘ્રતઃ કમિશનર પર મોકલવું પડશે. કમિશનરને એ અધિકાર હશે કે તે ટ્રસ્ટીઓને સાંભળીને બજેટમાં સંશોધન અથવા સુધારો કરી શકે. એટલું જ નહીં પણ કમિશનરને એ પણ અધિકાર હશે કે તે જુદા જુદા ખાતાઓ, રીતરિવાજો, તથા પર્વ આદિના વિષયમાં ઓછાવત્તા ખર્ચની મંજૂરી આપી શકે અથવા અમુક પર્વ આદિની માન્યતાને બંધ કરી શકે.

(૬) કમિશનર દ્વારા નિશ્ચિત ફોર્મ પર અને વિશિષ્ટ પદ્ધતિ મુજબ હિસાબ રાખવો પડશે. એકત્રીશમી માર્ચ અથવા કમિશનરે નક્કી કરેલ તારીખે પ્રત્યેક ટ્રસ્ટે પોતાનો હિસાબ તૈયાર કરવો પડશે. રૂા. ૨૫૦૦૦ થી વધુ આવકવાળા પ્રત્યેક ટ્રસ્ટના હિસાબને રાખવા માટે કમિશનર એકાઉન્ટન્ટને નિયુક્ત કરશે. એકાઉન્ટન્ટનો ખર્ચ ટ્રસ્ટે આપવો પડશે.

(૭) કમિશનરને આ બીલ દ્વારા એ અધિકાર આપવામાં આવ્યો છે કે ટ્રસ્ટની યોજના (સ્કીમ) માં સંશોધન કરી શકે તેને રદ કરી શકે અથવા તેની બદલી કરી શકે.

(૮) કલમ પાંચમાં કમિશનરને જાહેર અધિકારો આપવામાં આવ્યા છે કે તે પોતાની મરજી મુજબ ટ્રસ્ટની વ્યવસ્થાને ચલાવી શકે, તેની આવકનો ઉપયોગ કરી શકે અથવા તેને તે ટ્રસ્ટના વિષયમાં જે યોગ્ય લાગે તે કરી શકે.

(૯) કમિશનરની આજ્ઞા મેળવ્યા વિના કોઈપણ ટ્રસ્ટની સ્થાવર મિલકતનો ક્રય-વિક્રય, અદલ-બદલ વગેરે કરી શકશે નહિ અને ત્રણ સાલથી અધિક મુદત માટે ભાડે પણ આપી શકાશે નહીં. આજ્ઞા આપવી કે ન આપવી તે કમિશનરની ઇચ્છા પર નિર્ભર રહેશે. કમિશનરને યોગ્ય લાગશે તો આજ્ઞા આપશે.

(૧૦) કમિશનરને જો એમ લાગશે કે ટ્રસ્ટના કાર્યોમાં ગેરવ્યવસ્થા થઈ રહી છે અથવા ટ્રસ્ટીઓ ટ્રસ્ટ-ડીડને અનુસારે પોતાના કર્તવ્યનું પાલન કરતા નથી અથવા તેઓ અસાવધાન છે, તો કમિશનર તેમની વિરુદ્ધ કાનૂની કાર્યવાહી કરી શકશે, એટલું જ નહીં તેમને પદભ્રષ્ટ પણ કરી શકશે અને જો ટ્રસ્ટીઓથી ટ્રસ્ટને નુકસાન થયું હશે તો તેઓ પાસેથી ભરપાઈ પણ કરાવી શકશે.

(૧૧) કોઈપણ ટ્રસ્ટમાં ટ્રસ્ટીની જગ્યા ખાલી થતાં તેની નિમણૂકનો અધિકાર કમિશનરને આપવામાં આવ્યો છે, જેથી તે ટ્રસ્ટ-ડીડને અનુસારે જેને યોગ્ય સમજે તેને ટ્રસ્ટી તરીકે નિયુક્ત કરી શકે છે અથવા તેવા નિયોગ પૂર્વે જ કોઈ અન્ય વ્યક્તિને પણ તે ટ્રસ્ટની મિલકતનો ચાર્જ અપાવી શકે છે.

(૧૨) કલમ ૧૮ને અનુસારે કમિશનરને અધિકાર છે કે તેને એવું લાગે કે જે ધ્યેયથી ટ્રસ્ટ કરવામાં આવ્યું હતું તે ધ્યેય પૂર્ણ થઈ ચૂક્યું છે અથવા તે પૂર્ણ થઈ શકવાનું નથી તો તે એવી જ જાતનું કોઈ અન્ય કાર્ય કે જે તેને ઉચિત લાગે તે માટે તે મિલકતનો ઉપયોગ કરી શકે છે.

(૧૩) આ બીલની કલમ ૨૫ને અનુસારે ગુનો કરનારને રૂા. ૧૦૦૦ સુધીનો દંડ આપી શકાય છે.

(૧૪) કલમ ૨૮ કહે છે કે કમિશનરની પ્રત્યેક આજ્ઞા અંતિમ હશે, તેની વિરુદ્ધ હાઈકોર્ટમાં અપીલ થઈ શકશે કિન્તુ અન્ય કોર્ટમાં અપીલ કરી શકાશે નહીં.

(૧૫) આ બીલમાં જે વિષયોમાં કમિશનરને અધિકારો આપવામાં આવ્યા છે, તે વિષયો સંબંધી કોઈપણ ન્યાયાલયને સાંભળવાનો અધિકાર નથી.

(૧૬) રજીસ્ટ્રેશન કરાવ્યા વિના કોઈપણ ટ્રસ્ટ દાવો વગેરે કરી શકશે નહીં.

(૧૭) આ બીલ સંબંધી બાબતોમાં જાંચ વગેરે કરવાનો સંપૂર્ણ અધિકાર કમિશનરને રહેશે.

(૧૮) કલમ ૨૪ મુજબ અવસરે અવસરે કમિશનર દ્વારા થતી આજ્ઞાઓ અને સૂચનાઓનું પાલન નહીં થતું હશે તો સિવિલ કોર્ટ તે પાલન કરાવશે.

બીલના મહત્ત્વના મુદ્દાઓ ઉપર દર્શાવ્યા છે. એની ટ્રસ્ટોના વર્તમાન અને ભવિષ્ય પર શી અસરો થશે, તે વિષયમાં આપને અન્ય વિજ્ઞાપન દ્વારા વિદિત કરવામાં આવશે.

ઉપરના મુદ્દાઓથી આપ શ્રીમાન એ સમજી જ ગયા હશો કે આ બીલ કેવળ હાનિકારક જ નહીં અપિતુ અન્યાયથી પરીપૂર્ણ છે. એ બીલ કમિશનરને સર્વ સત્તાધીશ બનાવે છે એટલું જ નહીં કિન્તુ યોજના (સ્કીમ) બનાવવાના વિષયમાં અને તપાસના વિષયનાં જે અધિકારો પૂર્વે કલમ ૯૨ રિલીજિઅન્સ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ એક્ટ રિલીજીઅસ એન્ડાઉમેંટ એક્ટ અને ચેરિટેબલ એન્ડાઉમેંન્ટ એક્ટના કાયદાઓથી ન્યાયાલયોનો હતો. તે કાયદાઓને આ બીલની કલમ ૩૮ થી રદ કરીને તે સર્વ અધિકારો કમિશનરને આપવામાં આવ્યા છે. કમિશનર Executive Head છે, તેને એ અધિકારો આપવા તે ન્યાય સંગત નથી એટલું નહીં કિન્તુ ગણતંત્રના સિદ્ધાંતોની વિરુદ્ધ છે. ધાર્મિક વિષયોમાં રાજ્યના સર્વસત્તાધીશને નિયુક્ત કરવો અને જનતાને ન્યાયાલયોના ન્યાયથી વંચિત રાખવી એ કેવળ અવિવેક જ નથી કિન્તુ અન્યાયની ચરમ સીમા છે.

જૈન ટ્રસ્ટોની દૃષ્ટિએ વિચારીએ તો આ બીલ તેમની ધાર્મિક પ્રવૃત્તિઓમાં પૂર્ણ સ્વરૂપથી હસ્તક્ષેપ કરે છે. જૈન શાસ્ત્રોમાં સાત ક્ષેત્રોમાં જે દાન, અનુદાન વગેરેની વ્યવસ્થા છે, તે સ્વયં સંપૂર્ણ છે. આ વિષયમાં પરિવર્તન કરવાનો અધિકાર કોઈને પણ નથી. એ સિવાય પૂજન, પ્રક્ષાલ, અંગરચના, ધાર્મિક અનુષ્ઠાનો, પર્વોત્સવો વગેરેમાં પણ ફેરફારો થઈ શકે તેમ નથી. જૈન સિદ્ધાંતોથી અપરિચિત એવા કમિશનર અને તેના હાથ-નીચેના અધિકારીઓનો આ વિષયમાં હસ્તક્ષેપ કોઈ પણ રીતે ઇચ્છનીય નથી જ.

એથી આપને નમ્ર અનુરોધ છે કે આપ શ્રીમાન આ બીલનો સંપૂર્ણ રીતે વિરોધ કરો. આ વિરોધથી પ્રેસો અને પ્લેટફોર્મો પૂર જોશથી ગાજી ઉઠવા જોઈએ કે જેથી પાર્લામેન્ટને એ ખ્યાલ આવે આ બીલથી જનતા દુઃખી અને ક્ષુબ્ધ છે.

शिवमस्तु सर्वजगतः । **આપનો વિનમ્ર,**

શિરોહી જિલ્લા જૈન સંઘ. પ્રચાર સમિતિ, શિવગંજ. (એરણપુરા)

● **શિવગંજ :** પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવરને પર્યુષણા પહેલા દિનથી ઉપવાસ ચાલુ છે તે આજે ભા. વદ ૮ ના રોજ ૨૬ મો ઉપવાસ છે. કેન્સરની બિમારીમાં ઉગ્ર તપ સાથે શ્રી પન્નવણા સૂત્ર આગમાદિનું વાંચન મનન, જાપ-ધ્યાન, મુનિઓને સારણા-વારણા વગેરે ભવ્ય આરાધના કરી સુંદર ધર્મ પ્રભાવના કરી રહ્યા છે. **પૂ. ગુરુદેવ આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી સાહેબ ૭૭ વર્ષની પાક્ટ વયે પણ વિશાલગચ્છનું સંયમાદિનું સંચાલન, રાજકીય ધર્મ શાસન-આક્રમક પ્રશ્નના પ્રતિકાર, શ્રાવકોને વિવિધ ધર્મપ્રેરણા વગેરે ઉપરાંત એક મહાકિંમતી દુર્લભ શાસન સેવાના કાર્ય તરીકે ૮-૧૦ મુનિઓના એક જૂથને કર્મસાહિત્યમાં તૈયાર કરી હવે કષાયપ્રાભૃત, ષટ્‌ખંડાગમ; મહાબન્ધ વગેરેના સૂક્ષ્મ અને વિસ્તૃત પદાર્થોના ચિંતન કરાવવા પૂર્વક કમ્મપયડી-પંચગ્રહમાં ખૂટતા પદાર્થોનું વિવેચન લખાવી રહ્યા છે.**

● **મોઢેરા :** પૂ. મુનિરાજશ્રી જયવિજયજી મ. તથા શ્રી બલભદ્રવિજયજી મ. ની નિશ્રામાં પજૂસણ પર્વની ખૂબ ઉલ્લાસ પૂર્વક આરાધના થઈ હતી. મંદિરમાં અંગરચના પૂજા, પ્રભાવનાઓ, બજારની પાંખી, વ્યાખ્યાનો, તપસ્યા વગેરે સુંદર થયું. કલ્પસૂત્ર તથા પારણું શેઠશ્રી દલસુખભાઈ નાથાભાઈ ગાંધીએ બોલીને વાજતે ગાજતે ઘરે લઈ જઈ ધામધૂમ કરી. બીજા પણ ભાઈઓ બોલીઓ સારી બોલ્યાં. રબારી ભાઈએ પણ અઠ્ઠાઈ કરી સંઘમાં નવ ઉપવાસ, સાત અઠ્ઠાઈઓ, ચાર તથા અઠ્ઠમ અને છઠ્ઠ સારું થયું.

● **શિવગંજ :** પૂ. પં. શ્રી પદ્મવિજયજી મહારાજે ગાઢ કેન્સરની બીમારીમાં પર્યુષણા પ્રથમ દિવસથી શરૂ કરેલી ઉપવાસની તપસ્યામાં ભા. વ. ૧૨ સુધી ૩૦ ઉપવાસ સારી રીતે થયા. આગમ-વાચન, જાપ, મુનિઓને હિત શિક્ષા વગેરે સમાધિપૂર્વક સુંદર થયું. વદ ૧૩ રવિવારે સુખરૂપ પારણું થયું છે. અમદાવાદથી વંદનાર્થે આવેલ શેઠ શ્રી રમણલાલ વજેચંદ તરફથી શ્રી અષ્ટાપદજી મહાપૂજા જૈનધર્મ આરાધક મંડળે ભણાવી, લોકોને પહેલીવાર જ આ પૂજા અને એના ભાવ સાંભળવા મળવાથી બહુ જ આનંદ થયો.

અત્રે દિલ્હી ધાર્મિક ટ્રસ્ટબીલના પ્રતિકાર અર્થે જુદાં જુદાં ગામોના સંઘોની પ્રતિનિધિઓની એક સભા થઈ. કમિટી નીમાઈ છે. વિરોધપત્રો-તારો મેમોરેન્ડમ, સભા સરઘસો વગેરે યોજવાની વિચારણા ચાલી છે.

પૂ. આચાર્યદેવશ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**ની દોરવણી નીચે આઠેક મુનિઓ કષાયપ્રાભૃત 'મહાબંધ', ષટ્‌ખંડાગમ, વગેરે મહાશાસ્ત્રો ઉપર ઊંડું ચિંતન-આલોચન કરી કર્મસાહિત્યનું વિશાલ સર્જન કરી રહ્યા છે.

દિલ્હીમાં ધાર્મિક ટ્રસ્ટ બીલ અનેક અનિષ્ટો ઊભાં કરનારું આવ્યું હોવાથી અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તથા જૈન શ્વે. કોન્ફરન્સે અનિષ્ટો નિવારવા મોકલેલ એક મેમોરન્ડમ ઉપરાંત પ્રતિકારના બીજા ઉપાય કરવા જરૂરી લાગવાથી પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજે સ્થાનિક સંઘને પ્રબળ પ્રેરણા કરી. પરિણામે સિરોહી, ગોડવાડ વગેરેના સંઘોના પ્રતિનિધિઓને આમંત્રી એક સભા થઈ. સિરોહીના પ્રસિદ્ધ વકીલશ્રી પુખરાજજી સિંધી તથા શ્રી અચલદાસજી મોદીએ બધી હકીકત જણાવી, ઉપરાંત મુંબઈથી શ્રી ધીરજલાલ ટોકરશીને ખાસ તાર આપી બોલાવ્યા. એમણે પણ અગત્યની વિચારણાઓ આપી. રાજસ્થાનમાંથી વિરોધપત્ર, તારો, સભા-સરઘસો વગેરે કરાવવા કમિટી નીમાઈ.

આ પ્રસંગે પૂ. આચાર્યદેવે શ્રી ધીરજલાલને ખાસ આગ્રહ કરી, જેવી રીતે દીક્ષાબીલ વિરોધમાં મુંબઈમાં સમિતિ નીમાઈ ભારતવ્યાપી આંદોલન કર્યું, તેવી રીતે આ પ્રસંગમાં કરવા માટે ઉત્સાહિત કર્યા. સમિતિમાં મુંબઈના અગ્રગણ્ય નેતાઓ સાથ આપે એ માટે ભલામણપત્ર પણ પૂજ્યશ્રી તરફથી લખાયા, જણાવતાં આનંદ થાય છે કે શ્રી ધીરજલાલે અને શ્રી મોતીલાલ વીરચંદે મુંબઈમાં યોજેલી ચતુર્વિધ સંઘની સભાએ ધા. ટ્રસ્ટ બીલ સેંટ્રલ પ્રતિકાર સમિતિ નીમી છે. શ્રી ધીરજલાલે પોતાના સાહિત્યના કાર્યોમાંથી સમય કાઢી પૂજ્યશ્રીની સૂચનાને માન આપી આ મહાન કાર્ય ઉપાડ્યું, તેથી ધન્યવાદ.

● **સેવાડી :** પૂ. મુનિરાજ કૈલાસપ્રભવિજયજી તથા શ્રી જિનપ્રભવિજયજી મ. ના નિત્ય આયંબિલ સાધર્મિકભક્તિ અંગેના ઉપદેશથી શ્રી સંઘે રૂા. ૬૦/-

હજારની ટીપ કરી વર્ધમાન આંબેલ તપ ખાતાની યોજના કરી છે. દિવાળી સુધી રૂા. ૭૫/- હજાર પૂર્ણ કરવાની યોજના કરી છે. ૧૦૦ જેટલા નવા પાયા નખાયા. તિથિએ ૫૦૦ આંબેલ થાય છે.

● **પાલીતાણા :** સ્વ પૂ. લાભવિજયજી મહારાજના સમાધિમરણ નિમિત્તે એમના પંજાબવાસી ભાઈ બંસીલાલ અને એમના સુપુત્ર બાબુલાલ તરફથી આરિસાભુવનમાં સુંદર પંચકલ્યાણી-મહોત્સવ ઉજવાયો. પૂ. પં. શ્રી કનકવિજયજી મહારાજના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી પૂર્ણભદ્રવિજયજીની ૪૫ ઉપવાસની મહાતપસ્યા નિમિત્તે એમના સંસારી બંધુ શ્રી કલ્યાણભાઈ નાણાવટી તરફથી શાનદાર અઠ્ઠાઈમહોત્સવ વગેરે થયું.

● **પિંડવાડા :** અત્રે ભવ્ય અંજનશલાકા મહોત્સવ ઉજવાયા બાદ મંદિરનું બાકીનું કાર્ય પૂર્ણ કરવા માટે સંઘ સભા થઈ. મીસ્ત્રી હરિભાઈના સુંદર પ્લાન શ્રી ચીમનલાલ કેશવલાલ કડીયાએ સંઘને સમજાવતાં સંઘનું સંગઠન અને ઈજ્જત વધે એ માટે હૃદયદ્રાવક અનુભવપૂર્ણ વિવેચનકર્યું. બાદ શ્રી સમરથમલજી રાયચંદને પ્રાસાદની આકૃતિનું ચાંદીનું કાસ્કેટ તથા તેવું જ બીજું મહોત્સવના આયોજક અને સફળ સંચાલક શ્રી કડિયાને અર્પણ કર્યું. તેમજ ધ્વજા ચઢાવનાર શ્રી મનરૂપજી અચલદાસવાળા ખૂબચંદભાઈને તેવું કાસ્કેટ અર્પણ કરવાનું જાહેર થયું. ગવૈયા હીરાભાઈ તથા ગજાનન ઠાકુર, પેન્ટર ઈચ્છાશંકર, લાઈટ યોજક મણિલાલ વગેરેને ઈનામો તથા સમિતિઓ વગેરેને અભિનંદનપત્રો અર્પણ કરાયાં.

● **ખાનદેશ :** શ્રી અમદાવાદ જીર્ણોદ્ધાર કમિટીને મહારાષ્ટ્રના ભડવીર શાસનકાર્ય શ્રી રીખવચંદ હાથીભાઈએ મળી જિનમંદિરોના જીર્ણોદ્ધારની વસ્તુ સમજાવતાં કમિટીએ મેનેજર શ્રી મલુકચન્દને અમલનેર મોકલ્યા, ત્યાંથી ગામોના મંદિરોની તપાસ કરી આ પ્રમાણે કમિટી તરફથી નક્કી કર્યું.

● **બોરકુંડ :** ધુળીયાનું જુનું જીર્ણશીર્ણ મંદિર સમરાવવા રૂા. ૧૬૦૦૦), **બેલાપુર :** સીટીના જીર્ણ મંદિર માટે રૂા. ૮૦૦૦), **ટાકેદ (નાસિક) :** મંદિર માટે રૂા. ૧૦૦૦), **ઘોટી (નાસિક) :** ઘણા વરસથી મંદિરનું કામ અધુરું તે ૫૦-૬૦ હજારના ખર્ચે ચાલુ થયું. શ્રી રીખવચંદે ટ્રસ્ટીઓને સાથે લઈ મુંબઈ અનંતનાથજી ટ્રસ્ટમાં મહેનત કરતાં સારી મદદની કબૂલાત મળી. **ભગુર (દેવલાલી પાસે) :** દેરાસરનું શિલાસ્થાપન શ્રા. વદ ૨ થયું. શ્રી રીખવચંદે જઈ સમજુતી આપી, મૂળનાયક શ્રી પદ્મપ્રભસ્વામીના મોટા બિમ્બની જરૂર છે. આપી શકે તેમ હોય તેમણે અમલનેર રીખવચંદભાઈ ઉપર લખવું. **ઈટારસી (મધ્ય પ્રદેશમાં જંક્શન) :**

દેરાસર બાંધવાની વિચારણા વરસોથી ચાલે છે. શ્રી રીખવચંદ તથા મીશ્રીમલજી કોઠારીએ જઈ ઠાઠથી પૂજા ભણાવી, પ્રભુદર્શન પૂજાના મહાન લાભ બતાવ્યા. પૂજા તથા પ્રભાવના ૧૨૦૦) લાડુની શાહ પુનમચંદ મુળચંદ તરફથી થઈ. દિગંબર સ્થાનકવાસી તથા ઈતરોએ પણ સારો લાભ લીધો. પ્રભુના મોટા બિંબ હાલ સ્થાનકમાં પધરાવવાનું નક્કી થયું.

● **મુંબઈ :** શ્રી ગોડીજી નેમિનાથજી સંયુક્ત ચૈત્યપરિપાટીનો ભા.વ. ૯ લાલબાગનો કાર્યક્રમ હતો. પૂ. આ. શ્રી વિજ્ઞાનસૂરીશ્વરજી મ., પૂ. શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મ., પૂ. શ્રી વિજયકસ્તુરસૂરિજી મ. વગેરે દર્શનાર્થે પધાર્યા. ત્યાં મુનિઓ વિનંતી કરવા આવ્યાથી ઉપર પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. પાસે પધાર્યા. ચાર આચાર્ય મહારાજ સાથે બેઠા, ઉલ્લાસથી વાતો થઈ. ધા. ટ્રસ્ટ બીલના પ્રતિકાર માટે કરવા પ્રશ્ન થયો. ટ્રસ્ટીઓનું આ કાર્ય છે એમ ઉત્તર થતાં, ટ્રસ્ટીઓને સૂચવવાનું નક્કી થયું. શેઠ શ્રી કેશવલાલ બુલાખીદાસ વગેરેએ પૂ. આચાર્યદેવોના સૂચનથી ચતુર્વિધસંઘની સભા ભા.વ.૧૪ લાલબાગમાં બોલાવી. સભામાં એક મુંબઈના આગેવાનોની અખિલ ભારતવર્ષિય ધાર્મિક ટ્રસ્ટ બીલ પ્રતિકાર સમિતિ નિમાઈ, ફંડ ચાલુ થતાં રૂા. ૨૦૦૦) ભરાયા. સમિતિની બેઠકો બોલાવનાર તરીકે શ્રી મોતીલાલ વીરચંદ અને શ્રી ધીરજલાલ ટોકરશી નિમાયા. પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની ખાસ ભલામણને માન આપી શ્રી ધીરજલાલ હાલ દિવસ-રાત આ કાર્યમાં ભોગ આપી રહ્યા છે. સમિતિનું કામકાજ શરૂ થઈ ગયું છે, સાહિત્ય છપાઈ રહ્યું છે, ભારતભરમાં મોકલાશે.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૯,અંક-૫,તા.૮-૧૦-૧૯૬૦**

(ટ્રસ્ટબીલ અંગે) રાજનગર સંઘનો પ્રબળ વિરોધ.

વર્તમાન સરકાર દ્વારા કત્લખાના મત્સ્યઉદ્યોગ આદિ ભયંકર હિંસાની યોજનાઓ અને ધાર્મિક ટ્રસ્ટોના ટ્રસ્ટ બીલો અને કાયદાઓ ઘડી રહેલ છે તેનો પ્રતિકાર કરવા પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ સાહેબની અધ્યક્ષતામાં ચતુર્વિધ સંઘની જાહેર સભા અમદાવાદ પ્રેમાભાઈ હોલમાં ભાદરવા વદ અમાસે સવારે ૮॥ વાગે મળી હતી. વ્યાખ્યાનવાચસ્પતિ પૂ. આચાર્યદેવ વિજય રામચંદ્રસૂરીશ્વરજી તથા પૂ. મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ તથા પૂ. મુનિરાજશ્રી ધર્મસાગરજી ગણિવર આદિએ પ્રેરક પ્રવચનો કર્યા. આ સભામાં પૂ. આચાર્યદેવશ્રી

વિજય મનોહરસૂરીશ્વરજી તથા પૂ. આ. શ્રી મહેન્દ્રસૂરીશ્વરજી પૂ. આ. વિજય ભદ્રસૂરીશ્વરજીના શિષ્ય પૂ. આ. ઓંકાર સૂરીશ્વરજી તથા સર્વ પૂ. ઉપાધ્યાયજી પંન્યાસજી મહારાજા આદિ મુનિ મહારાજાઓ તથા પૂજ્ય સાધ્વીજી મહારાજાઓ અને જૈન આગેવાનો સહિત વિશાલ મેદની ઉપસ્થિત હતી. હિંસાપ્રચાર ધર્મનાશ વગેરે સામે ભારે જેહાદ પોકારવામાં આવી, અને નીચે મુજબ પાંચ ઠરાવ પસાર થયા.

ઠરાવ ૧ : શ્રી ચતુર્વિધ જૈન સંઘની રાજનગર (અમદાવાદ) માં મળેલી આજની જાહેર સભા ખેદની સાથે નોંધ લે છે કે ભારતવર્ષમાં યોજનાઓના નામે કતલખાનાઓ અને મત્સ્યોદ્યોગ જેવા કાર્યોથી ભયંકર હિંસા વધી રહેલી છે તે ભારત વર્ષની અહિંસક સંસ્કૃતિનો મૂલથી નાશ કરે છે. અને ભારતવર્ષની જનતાના હૃદય ઉપર સખત ઘા કરે છે માટે ભારતસરકાર અને ગુજરાત સરકારને આવી તમામ યોજનાઓ પડતી મૂકવા આગ્રહ અનુરોધ કરે છે અને આવો ઉહાપોહ ઘણા વર્ષોથી અહિંસા પ્રેમી સમાજો તરફથી થયા છતાં સરકાર હિંસા માટે મોટા શહેરોમાં મોટા કતલખાના અને મત્સ્યઉદ્યોગ જેવી યોજનાઓ મોટા પાયા ઉપર ખીલવણી કરી રહી છે તે અટકાવવા ભારતની પ્રજાનું એ કર્તવ્ય છે કે આવી હિંસક યોજનાઓને ઉત્તેજન આપનાર કોઈ પણ વ્યક્તિને આગામી ધારાસભાઓની કેન્દ્રની લોકસભા અને સ્થાનિક મ્યુનિસિપાલીટી વગેરેની ચુંટણી વખતે પોતાના વોટ (મતદાન) આપવો નહિ એવી ખાસ ભલામણ કરે છે.

ઠરાવ મુકનાર શેઠ પન્નાલાલ ઉમાભાઈ, ટેકો આપનાર ભોગીલાલ લક્ષ્મીચંદ પરીખ.

ઠરાવ ૨ : સભા જાહેર કરે છે કે ધર્મ એ સર્વોપરી તંત્ર છે. રાજ્યને પણ ધર્મથી વિરુદ્ધ ન જઈને પ્રજાની શાંતિને માટે કાયદા ઘડવાના હોય છે જ્યાં આજે ધર્મ તંત્રને કાબૂમાં લેવાને માટે પ્રયત્નો ચાલી રહ્યા છે જેમાં ખાસ કરીને રાજ્ય સરકારોએ અત્યાર સુધી પાસ કરેલાં ધાર્મિક ટ્રસ્ટો સંબંધી કાયદાઓ અને તાજેતરમાં લોકસભામાં ધાર્મિક ટ્રસ્ટ બીલ રજૂ કરેલ છે તે તદ્દન અયોગ્ય છે. માટે પહેલી તકે આવાં નિયંત્રણો નાબૂદ કરવાં જોઈએ. વિશેષમાં જૈનધર્મ એ સર્વજ્ઞ કથિત ઉચ્ચ અધ્યાત્મ કોટીના બંધારણવાળો હોવાથી એનાં ઉપરનાં નિયંત્રણો બીન જરૂરી છે માટે મજકૂર કાયદાઓ અને બીલ રદ કરવાનો આ સભા આગ્રહ અનુરોધ કરે છે.

ઠરાવ રમેશચંદ્ર બકુભાઈ, ટેકો આપનાર આર.સી.શાહ.

ઠરાવ ૩ : આ સભા તમામ ભારતીય જનતાને સૂચવે છે કે હિંસક યોજનાઓ

અને ધાર્મિક ટ્રસ્ટો સંબંધી કાયદાઓ સમગ્ર આર્યદેશના અધ્યાત્મ જીવનને હાની પહોંચાડનારા છે માટે દરેક પ્રજાજને જાગૃત બની આવી યોજનાઓ અમલમાંથી રદ થાય અને આવા કાયદાઓ અમલી ન બને તેવા પ્રયત્ન કરવા જોઈએ.

ઠરાવ મુકનાર પરીખ છોટાલાલ ત્રીકમલાલ, ટેકો આપનાર શેઠ ફુલચંદ છગનલાલ કારીગર.

ઠરાવ ૪ : આ સભા જાહેર કરે છે કે દયાનાશક યોજનાઓ અને ધાર્મિક ટ્રસ્ટ બીલ લોકસભા ૧૯૬૦ મા બંને બાબતો આધ્યાત્મિક સંસ્કૃતિનો નાશ કરનાર છે માટે બંને યોજનાઓને નાબૂદ કરવા સક્રિય પ્રયત્નો કરવા અમુક પ્રકારે સરકારની સાથે સમાધાન કરી કાયદા કે યોજનાનો સ્વીકાર કરવો નહિ. છતાં કોઈ તેવું કરશે તો તે બાબત શ્રી ચતુર્વિધ જૈન સંઘને બંધનકારક નથી. કારણ કે શ્રી જૈન ધર્મની ચરાચર દ્રવ્ય ભાવ સંપત્તિ એ જૈન પ્રશાસન અર્થાત્ શ્રી ચતુર્વિધ જૈન સંઘની માલિકીની છે.

ઠરાવ મુકનાર શેઠ રમણલાલ વજેચંદ ટેકો આપનાર શેઠ ચંદુલાલ મોહનલાલ.

ઠરાવ ૫ : સભાએ કરેલા ઠરાવો માટે જરૂરી કાર્યવાહી કરવાનું કાર્ય અખીલ ભારતીય જૈન સંસ્કૃતિ રક્ષક સભાએ કરવું અને તેના આ કામમાં મદદ કરવા તથા વેગ આપવા સભ્યોની એક સમિતિ યોગ્ય નામો વધારવાની સત્તા સાથે નીમવામાં આવે છે.

ઠરાવ મુકનાર શેઠ રતીલાલ કેશવલાલ પ્રાંતિજવાલા, ટેકો આપનાર પંડીત મફતલાલ ઝવેરચંદ.

મુંબઈ જૈન સંઘનો સંયુક્ત વિરોધ

તા. ૧૯-૯-૬૦ ના સોમવારે ૯ વાગે શ્રી લાલબાગ જૈન ઉપાશ્રય, ભુલેશ્વર, મુંબઈમાં પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ, આ. શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મ., આ. શ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી મ., આ. વિજયધર્મસૂરીશ્વરજી મ., આ. શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મ., આ. શ્રી હેમસાગરસૂરીશ્વરજી મહારાજ તથા અન્ય મુનિગણની નિશ્રામાં ચતુર્વિધ સંઘ 'રિલિજિયસ ટ્રસ્ટ બીલ'નો વિરોધ કરવા એકઠો થયો હતો.

સર્વપ્રથમ શ્રી હીરાલાલ હાલચંદ દલાલે (બાર-એટ-લો) ઉપર્યુક્ત બીલની ભયંકરતા સમજાવી હતી. ત્યારબાદ શ્રી મોતીલાલ વીરચંદ શાહે તથા શ. પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહે આ બીલ અંગે જૈન સમાજનું કર્તવ્ય શું છે તે વિષે સ્પષ્ટ

સમજૂતી આપી હતી.

ત્યારબાદ ચતુર્વિધ સંઘે 'રિલિજિયસ ટ્રસ્ક બીલનો વિરોધ કરતો આ ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો હતો. અને બીલનો પ્રતિકાર કરવા માટે શ્રી અખિલ ભારતવર્ષિય ધાર્મિક ટ્રસ્ટ બીલ પ્રતિકાર-સમિતિ નીમવામાં આવી હતી. જેમાં ૩૭ સભ્યોના નામો જાહેર કરવામાં આવ્યા હતા. આ સમિતિના કન્વીનર તરીકે શ્રી ધીરજલાલ ટોકરશી શાહ તથા મોતીલાલ વીરચંદ શાહને તથા ખજાનચી તરીકે શેઠશ્રી રમણભાઈ દલસુખભાઈ શ્રોફને સર્વાનુમતે નીમવામાં આવ્યા હતા.

આ સમિતિએ આસો સુદ ૧ થી શ્રી ગોડીજી બિલ્ડિંગ, બીજે માળે, મુંબઈ-૨ પોતાનું કાર્ય શરૂ કરી દીધું છે. આ બીલના સંબંધમાં આવશ્યક સાહિત્ય તૈયાર થઈ રહ્યું છે અને ટૂંક સમયમાં તેના તરફથી તે સાહિત્ય હિન્દુસ્તાનના જુદા જુદા સંઘો, સંસ્થાઓ તથા કાર્યકર્તાઓને મોકલી આપવામાં આવશે.

દરેક જૈન સંઘ સંસ્થાઓ તથા ભાઈઓને વિનંતી છે કે સાહિત્ય વાંચી-વિચારી, તાર તથા ઠરાવ નીચે મુજબ ઠેકાણે કરવા અને બીજા જૈન તથા જૈનેતર ભાઈઓને તાર, ઠરાવ તથા વિરોધ કરવા માટે પ્રેરણા કરવી.

દિલ્હીનું સરનામું નીચે મુજબ છે :

ધી ચેરમેન, જોઈન્ટ સિલેક્ટ કમિટી, રિલિજિયસ ટ્રસ્ટ બીલ-લોકસભા-નવી દિલ્હી.

આ તાર, ઠરાવ તથા વિરોધ પત્રો તા. ૭ મી ઓક્ટોબર ૧૯૬૦ પહેલા ઉપર મુજબ, ઠેકાણે મોકલવા વિનંતી છે.

• • •

• **ખંભાત :** પૂ. આચાર્યદેવશ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજાદિના અત્રે જિનશાળામાં ચાતુર્માસથી સંઘને સુંદર ધર્મશ્રવણ ઉપરાંત અનેકવિધ ધર્માનુષ્ઠાનોનો લાભ મળ્યો. પર્યુષણમાં ઘણી તપસ્યાઓ પ્રભાવના ધર્મદ્રવ્યોની આવક સારી થઈ. શેઠ ચીમનલાલ પટવા તરફથી પર્યુષણના આગલે દિવસે બંને સંઘોનું સંયુક્ત જમણ થયું. શેઠ મૂલચંદ ડી. શાહ. શેઠ મૂળચંદ પાનાચંદ, જેઠાભાઈ પ્રેમચંદ, કસ્તુરભાઈ અમરચંદ તરફથી પણ જમણો સારાં થયાં, પૂ. આચાર્યદેવની નિશ્રામાં આસો સુદ ૧૦ થી શહેરની ચૈત્યપરિપાટી શરૂ થઈ છે. ધામધૂમ સારી છે.

• **વડાવલી ને ચાણસ્મા :** પૂ. મુનિરાજો શ્રી ધર્મગુપ્તવિજયજી મ. અને શ્રી ભદ્રગુપ્તવિજયજી મ. ના ઉપદેશથી ટ્રસ્ટ બીલ નિવારણ અર્થે 'નમો જિણાણં

જિયભયાણં'નો સાડાબાર હજારનો જાપ-કાર્યક્રમ સારો ઉજવાયો. સંઘે મોટા પ્રમાણમાં આરાધના કરી.

• **મેસાણા :** જૈન આગેવાન શ્રી અંબાલાલ લલ્લુભાઈનાં ભા.સુ. ૧૧ અવસાનની નોંધ લેતાં ખેદ થાય છે. નગરશેઠના પ્રમુખપદે મળેલી જાહેર સભાએ સ્વર્ગસ્થના જીવદયા તથા સેવાભાવી કાર્યોની તારિફ કરતાં અંજલિ આપી હતી. શ્રી યશોવિજયજી પાઠશાળાએ પણ શોકસભા કરી પાઠશાળા તથા પાંજરાપોળને એમણે આપેલી કિંમતી સેવાઓની પ્રશંસા કરી હતી.

• **અમદાવાદ :** પૂ. મુનિરાજશ્રી સૂર્યપ્રભવિજયજી નો ભા.સુ.૭ સ્વર્ગગમન થતાં, એમણે ગર્ભશ્રીમંતાઈ-ગ્રેજ્યુએટ સુધીનું કૉલેજ શિક્ષણ વગેરે ભર્યા મોહક સંસારને ત્યજી સવા પાંચ વર્ષ સુંદર ચારિત્રજીવન પાળ્યું તેની અનુમોદના નિમિત્તે એમના સંસારી પિતા સંઘવી શેઠ કેશવલાલ મોહલ્લાભાઈ વગેરે શ્રી સંઘ તરફથી વિદ્યાશાળામાં ભા.વ. ૮ થી ૧૩ સુધી જિનેન્દ્ર મહોત્સવ અને શાન્તિસ્નાત્ર સુંદર ઉજવાયા. ભા. વદ ૧૪ પૂ. બાપજી મહારાજની પહેલી સ્વર્ગવાસ તિથિ અને આ. સુ. ૧ પૂ. આ. શ્રી વિજયમેઘસૂરીશ્વરજી મ. ની સ્વર્ગગમ તિથિ અંગે સ્વર્ગસ્થ મહાત્માઓના ગુણગાનનાં વ્યાખ્યાન અને પેઢી તરફથી નવાણું અભિષેક તથા ૪૫ આગમની પૂજા ભણાવાઈ.

• **ઈડર :** દેશનાદક્ષ પૂ. પં. શ્રી પ્રવીણવિજયજી મ. તથા મહિમાવંત પૂ. પં. શ્રી મહિમાવિજયજી મ. આદિની નિશ્રામાં ચોમાસું સંઘમાં ધર્મ સૌરભથી મહેકી રહ્યું છે. વિશેષતામાં પર્યુષણા અને બીજી આરાધનાઓમાં નાના બાળકોએ પણ તપસ્યાઓ સારી કરી. બાકી ૧૫-૧૧-૧૨-૧૦-૯-૮-૭-૬-૫-૪-૩ ઉપવાસીઓના સમૂહ પારણાનું દશ્ય શ્રી સિદ્ધગિરિ વર્ષીતપ પારણાની ઝાંખી કરાવી ગયું. સુદ ૫ ભવ્ય વરઘોડો ચઢ્યો. એકંદરે પૂજ્યશ્રીની જોશીલી ધર્મદેશનાથી સંઘમાં નવો ધર્મયુગ દેખાયો.

• **પાટણ :** પૂ. મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી મ. ના મંડપમાં ચાતુર્માસથી ધર્મપ્રભાવના સારી થઈ રહી છે. મંડપનો જીર્ણોદ્ધાર થતો હોવાથી વ્યાખ્યાન કોટાવાળાની ધર્મશાળામાં બેસતાં. લોકો કહે છે પર્યુષણામાં પૂર્વે કરતાં બહુ મોટી જનતાએ વ્યાખ્યાનાદિમાં લાભ લીધો. શ્રી હીરસૂરીજી મ. સ્વર્ગવાસ દિન ભા.સુ. ૧૧ વિનંતી થતાં પૂ. મહારાજશ્રી સાગરના ઉપાશ્રયે પધાર્યા. એમણે અને પૂ. સોહંકર વિ. મ. તથા યુવાન વક્તા એસ. કે. વ્યાસ (B.A.B.Ed) પૂ. સ્વર્ગસ્થ આચાર્યદેવના જીવન પર સુંદર બોલ્યા, શ્રી વ્યાસે જૈનધર્મ જગતના ધર્મોમાં શ્રેષ્ઠ હોવાનું અનેક દૃષ્ટાન્તોથી સાબિત કર્યું.

• **મોટા ખુંટવડા :** પૂ. પં. શ્રી સુદર્શનવિજયજી મ. ની નિશ્રામાં સંઘને ચોમાસામાં ધર્મનો લાભ સારો મળ્યો, પર્યુષણામાં પૂ. શ્રીના શિષ્ય શ્રી પ્રમોદવિજયજી મ. ને સિદ્ધિતપ તથા શ્રી લાભવિજયજી મ. ને ૧૧ ઉપવાસ પૂર્ણ થયા. સંઘમાં પણ ૧૫-૧૧-૮-૫-૪ વગેરે તપસ્યાઓ સારી સંખ્યામાં થઈ.

• **વિલેપારલા :** પૂ. આ. શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી વિનયવિજયજી મ ની ૪૮ ઉપવાસની ઉગ્રતપસ્યા નિમિતે શ્રી સંઘે સુંદર અક્રાઈ મહોત્સવ ઉજવ્યો. વ્યાખ્યાનમાં લોકો સારો લાભ લઈ રહ્યા છે.

• **પાલીતાણા :** પૂ. આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મ., શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ., શ્રી વિજયલાવણ્ય સૂ. મ. આદિની નિશ્રામાં આ. સુ. ૧૧ થી ઉપધાન તપ ખૂબ ઉલ્લાસપૂર્વક શરૂ થયા છે.

• **આધોઈ :** પ.પૂ.આ. શ્રી કનકસૂરીશ્વરજી મહારાજ આદિના અત્રે ચાતુર્માસથી લોકોને ધર્મની આરાધના અપૂર્વ થઈ રહી છે. પર્યુષણમાં માસખમણ સુધીની મહાન તપસ્યાઓ બહુ થઈ. ઉપજ પણ સારી થઈ, હવે કા. સુ. ૧ થી ઉપધાન શરૂ થવાના છે.

• ધી રિલીજિયસ પબ્લિક ટ્રસ્ટ બીલ-૧૯૯૦ •

(લેખક : મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી)

આધ્યાત્મિક સંસ્કૃતિના કેન્દ્રભૂત ભારતવર્ષમાં આધ્યાત્મિકતાનાં પોષક કાયદા હોય, નાશક નહીં !

'સ્વરાજ્યની' પ્રાપ્તિ પછી દિનપ્રતિદિન પ્રજા મુક્ત આનંદને મેળવતી ગઈ કે ઘેરી ચિંતાઓમાં આકૂળ-વ્યાકૂળ બનતી ગઈ, તે વાત શું કહેવી પડે એવી છે ? પણ શાથી કરોડો માનવોની આસપાસ ચિંતાઓની અગ્નિખાઈ ખોદાઈ તેનો યશાસ્થિત વિચાર આજે થતો નથી, અને થાય છે તો ગણ્યા ગાંઠ્યા માનવોમાં.

જ્યારથી ભારત સ્વતંત્ર બન્યું ત્યારથી ભારતીય નેતાઓમાં પશ્ચિમના દેશોની હરોળમાં પોતાનું સ્થાન જમાવવાની ભાવના જાગી અને એ ભાવનાને સફળ બનાવવા પંચવર્ષીય યોજનાઓ ઘડાઈ. કેવળ દેશનો વિકાસ ભૌતિકતાની ભૂમિકા પર સર્જવા દેશનેતાઓ કટિબદ્ધ બન્યા અને એ યોજનાઓને પહોંચી વળવા અબજો રૂપિયાની જરૂરિયાત ઊભી થઈ.

સમજાયું ? દેશનો વિકાસ ઈચ્છાયો નહિ, કે પ્રજાનો ! પ્રજાથી-પ્રજાની આબાદીથી દેશનો વિકાસ થશે. એ વિચાર જાગ્યો જ નહીં ! પણ કારખાનાં, નહેરો, બંધો આ બધાથી દેશનો વિકાસ થશે. એ વિચારે વેગ પકડ્યો.

અબજો રૂપિયા લાવવા ક્યાંથી ? બુદ્ધિશાળી માનવોના ભેજા કામે લાગી ગયા ! અને પ્રજા પર એક પછી એક અનેક ટેક્સો (કર) લદાવા માંડ્યા ! પ્રજાના પોકારને એક કાને સાંભળી બીજા કાનેથી કાઢી નાખવામાં આવ્યા. પ્રજાનો ત્રાસ અસહ્ય બનતો ચાલ્યો, એટલે રૂપિયાની ભીખ માગવા ચાલ્યા પરદેશો પાસે ! દેવું કરીને કરોડો રૂપિયા લાવવામાં આવ્યા છતાંય ભૌતિક વિકાસ યોજનાઓ અપૂર્ણ રહેતી લાગી.

ફાંફાં મારવા લાગ્યા, હવે ધન ક્યાંથી લાવવું ? અને એમની તીક્ષ્ણ દૃષ્ટિ ધાર્મિક મિલકતો પર ચોંટી ! ખુશી ખુશી થઈ ગયા ! કરોડોની મિલકતો કે જે પ્રજાના આધ્યાત્મિક વિકાસમાં સીધો જ સાથ આપનારી છે. તે મિલકતો પર ધીરે ધીરે સરકારની સત્તા સ્થાપિત કરી દેવાની યોજના વિચારાઈ. અને ''ધી રિલીજીયસ પબ્લિક ટ્રસ્ટ બીલ'' (૧૯૯૦) કાયદા પ્રધાન શ્રી અશોક કે. સેન દ્વારા પાર્લામેન્ટમાં રજૂ થયું.

''પણ પ્રજાના આધ્યાત્મિક વિકાસનું શું ?'' એ પ્રશ્નના ઉત્તરમાં લોકશાહીની પ્રતિનિધિ સમી લોકસભાના નેવું ટકા સભ્યો કહી રહ્યા છે કે- ''ધર્મથી જ હિન્દુસ્તાનનું અધ:પતન થયુ છે...'' એ ધાર્મિકતા જ ન જોઈએ. પછી એનો વિકાસ શા માટે ? વિનાશ જ થવો જોઈએ !

અને એ તો હકીકત છે કે કોઈપણ સંસ્કૃતિ ત્યાં સુધી જ જીવંત રહી શકે કે જ્યાં સુધી તેની આર્થિક સદ્ધરતા હોય, ધાર્મિક સંસ્કૃતિને ઉથલાવી નાંખવા માટે તેની આર્થિક સદ્ધરતાના પાયામાં જ ઘા કરવો, એ આજની આપણી લોકશાહીની મુત્સદ્દીગીરી છે !

આજના આપણા દેશોન્નતિની લગનવાળા નેતાઓને પરમાત્માનાં મંદિરો નથી જોઈતા, એમને તો જોઈએ છે અણુમથકો ! કારખાનાં ! એમને ધર્મકરણી માટેના ઉપાશ્રયો-આશ્રમો- નથી જોઈતા, એમને જોઈએ છે મનસ્વી આનંદ માટેની કલબો અને સોસાયટીઓ-ક્રીકેટ ગ્રાઉન્ડો-ભવ્ય સિનેમાગૃહો !

એમને પવિત્રતા અને આધ્યાત્મિકતાના પ્રચારક ધર્મગુરુઓ નથી જોઈતા, એમને તો જોઈએ છે રંગભૂમિના રોમાંચક અભિનેતાઓ ને અભિનેત્રીઓ !

એમાં જ આ બધાની પાછળ થયેલો ધનવ્યય એજ દેશની આબાદી કરનાર છે. એવો એક ભયાનક સૂર સર્વવ્યાપી બનાવવાના રાષ્ટ્ર પૂરજોશમાં પ્રયત્નો કરી રહેલ છે. ''ધી રિલીજિયસ પબ્લિક ટ્રસ્ટ બીલ'' એ એવો જ એક પ્રયત્ન છે.

એ બીલ હાલમાં પાંત્રીસ સભ્યોની બનેલી પ્રવર સમિતિને સોંપાયેલ છે. એ

પ્રવર સમિતિ નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં પોતાનો રીપોર્ટ તૈયાર કરી પાર્લામેન્ટને સોંપે તેવી શક્યતા છે. બીલની રચના ઘણી જ વિચિત્ર છે.

આ બધી પરિસ્થિતિમાં આધ્યાત્મિક સંસ્કૃતિના ચાહકોની લોકશાહીના સાચા અર્થના જાણકારોની ન્યાય અને નીતિના પક્ષપાતીઓની કેઈ અનિવાર્ય ફરજો થઈ પડે છે તેનું અહીં દિગ્દર્શન કરાવવાનો આ લેખનો આશય છે.

(૧) આધ્યાત્મિક સંસ્કૃતિના કેન્દ્રભૂત ભારતમાં આધ્યાત્મિકતાનાં પોષકબીલ હોઈ શકે, નાશક નહીં. આ બીલ દ્વારા આધ્યાત્મિકતાનાં વિકાસમાં મોટો અવરોધ ઊભો કરવામાં આવ્યો છે, માટે આ બીલ સામે સખત વિરોધ નોંધાવવો જોઈએ.

(૨) આ બીલ ફક્ત હિન્દુઓ જૈનો તથા બૌદ્ધોને લાગુ પાડવામાં આવે છે. અને એથી બીનધાર્મિક રાજ્યની બિનધાર્મિકતા ઘવાય છે. શિખો, પારશીઓ, મુસલમાનો વગેરેને આ બીલમાંથી બાદ કરવામાં આવ્યા છે ! કેમ એમ ? શું શિખો વગેરે ઝનૂની અને તલવાર લઈને સામે થનારી પ્રજા છે માટે ? આમ કરીને શું જૈનો વગેરે તરફ ભારે અન્યાય નથી થઈ રહ્યો ? કે જે જૈનોની ધાર્મિક મિલકતોનો વહિવટ માટે તો પ્રાચીન ઋષિ-મહર્ષિઓનાં વિશદ અને વિસ્તૃત શાસ્ત્રો અદ્યાપિ મોજુદ છે અને એ મુજબ જૈન સંઘો ધાર્મિક મિલકતોનો વહીવટ કરવા સદૈવ જાગૃત છે. સરકારને અમારી અપીલ છે કે આ બીલમાંથી જૈનોને બાદ રાખો.

(૩) વળી, આ બીલમાં સર્વે ધાર્મિક મિલકતો પર કમિશનરની સર્વસત્તા સ્થાપિત કરવામાં આવી છે ! કમિશનરને એ પણ અધિકાર હશે કે તે ભિન્ન ભિન્ન ખાતાંઓ રીતરીવાજો તથા પર્વ આદિના વિષયમાં ઓછાવત્તા ખર્ચની મંજૂરી આપી શકે અથવા અમુક પર્વ આદિની માન્યતાને બંધ કરી શકે. કમિશનર ટ્રસ્ટની યોજનામાં સંશોધન કરી શકશે અથવા તેની બદલી કરી શકશે તે પોતાની મરજી મુજબ ટ્રસ્ટની વ્યવસ્થા ચલાવી શકશે. આવકનો ઉપયોગ કરી શકશે !

તમે કમિશનરની સામે પગલાં નહિ ભરી શકો ! પગલાં ભરવાં હોય તો તમારે ઠેઠ હાઈકોર્ટ જવું પડશે ! કમિશનરની આજ્ઞાઓ અને સૂચનાઓનું પાલન નહીં કરો તો સિવિલ કોર્ટ દ્વારા તે પાલન કરાવશે !

આવા આવા તો કેઈ કાયદાઓ આ બીલમાં રજૂ થયેલા છે; અને તેથી આ બીલ ધાર્મિક પ્રવૃત્તિઓમાં પૂર્ણરૂપે હસ્તક્ષેપ કરનારું છે. જૈન ટ્રસ્ટોની દૃષ્ટિએ વિચારીએ તો જૈન શાસ્ત્રોમાં જે દાન, અનુદાન વગેરેની વ્યવસ્થા છે તે સ્વયંપૂર્ણ છે. આ વિષયમાં પરિવર્તન કરવાનો અધિકાર કોઈને પણ નથી. એ સિવાય પૂજન, પક્ષાલ, અંગરચના, ધાર્મિક અનુષ્ઠાનો, પર્વોત્સવો વગેરેમાં પણ ફેરફારો થઈ શકે એમ

નથી. જૈન સિદ્ધાંતોથી અપરિચિત એવા કમિશનર અને તેની હાથ નીચેના અધિકારીઓનો આ વિષયમાં હસ્તક્ષેપ કોઈપણ દૃષ્ટિએ આવકારપાત્ર નથી જ અને તેથી ધાર્મિક ટ્રસ્ટોના ટ્રસ્ટીઓએ અને ધાર્મિક ટ્રસ્ટોના હિત ચાહનારા પ્રત્યેક સ્ત્રી-પુરુષ આ બીલનો વિરોધ કરતા પત્રો, ઠરાવો વગેરે ન્યુ દિલ્હી સત્વરે મોકલી આપવા જોઈએ. આ બીલનો તમે સંપૂર્ણ વિરોધ કરો છો. આ બીલથી ધાર્મિક પ્રજાની લાગણીઓ દુભાઈ રહી છે. તે વિરોધ સભાઓ સરઘસો વગેરે દ્વારા તમે સરકારને ખ્યાલ આપો. **('મહાગુજરાત'માંથી સાભાર ઉદ્ધૃત)**

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' વર્ષ-૯,અંક-૬,તા.૧૫-૧૦-૧૯૬૦

શ્રી અખિલ ભારતવર્ષીય ધાર્મિક ટ્રસ્ટ બીલ પ્રતિકારક સમિતિ

શ્રી અખિલ ભારતવર્ષીય ધાર્મિક ટ્રસ્ટ બીલ પ્રતિકાર સમિતિની એક સભા તા. ૩૦-૯-૬૦ ના રોજ સાંજે ૪ વાગે શ્રી નમિનાથજી જૈન ઉપાશ્રયમાં મળી હતી. તે વખતે શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ, શેઠશ્રી જીવતલાલ પરતાપશી, શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ, શેઠશ્રી ગોવિંદજી જેવત ખોના, શેઠશ્રી કેશવલાલ બુલાખીદાસ, શેઠશ્રી રમણલાલ નગીનદાસ, શેઠશ્રી મોહનલાલ ભાણજીભાઈ, શેઠશ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા, શેઠશ્રી રકબાજી મનાલાલ, શ્રી ધીરજલાલ ટોકરશી શાહ (કન્વીનર) શેઠશ્રી પ્રતાપમલજી શેઠીયા, બાઉચંદ રામચંદ આદિ હાજર રહ્યા હતા.

શેઠશ્રી કેશવલાલ બુલાખીદાસની દરખાસ્તથી અને શેઠશ્રી રમણલાલ દલસુખભાઈના ટેકાથી શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ પ્રમુખસ્થાને બિરાજ્યા હતા. ત્યારબાદ સમિતિનું કાર્ય શરૂ થયું હતું.

(૧) સમિતિના કન્વીનર શ્રી ધીરજલાલ ટોકરશી શાહે અત્યાર સુધી થયેલ કાર્યવાહીનો વિગતવાર હેવાલ રજૂ કર્યો હતો. તેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

(૨) સમિતિના ફંડને આગળ વધારવાની વિચારણા થતા રૂા. ૨૪૫૭/- નવા લખાયા હતા. આથી ફંડ કુલ રૂા. ૪૪૬૮/- સુધી પહોચ્યું હતું અને હજુ આ ફંડ આગળ ચાલુ રાખવાનું ઠરાવ્યું હતું.

(૩) ત્યારબાદ નીચેના સભ્યોની સમિતિમાં નિમણૂક કરવામાં આવી હતી.

૧. શેઠશ્રી શાંતિલાલ ઉજમશી ૨. શેઠ મણિલાલ મોહનલાલ ઝવેરી ૩.

શેઠ નરભેરામ લાલજી શાહ ૪. રતિલાલ મણિલાલ નાણાવટી ૫. શેઠ અંબાલાલ લલ્લુભાઈ ઝવેરી ૬. નવીનચંદ્ર ભોગીલાલ ઝવેરી ૭. જયંતીલાલ રતનચંદ શાહ ૮. ફતેચંદ ઝવેરભાઈ ૯. પ્રાણજીવન હ. ગાંધી ૧૦. નાનચંદ રાયચંદ ઝવેરી ૧૧. મંગળદાસ ચીમનલાલ ઝવેરી ૧૨. મનસુખલાલ તારાચંદ મહેતા ૧૩. હીરાલાલ ત્રિકમલાલ ૧૪. લક્ષ્મીચંદ લાલજી રામજી.

આ રીતે સમિતિના સભ્યો કુલ ૫૧ થયા હતા.

(૪) ત્યારબાદ સમિતિના તાત્કાલિક અને અગત્યના કામ માટે નીચે મુજબ પેટા સમિતિની નિમણૂક કરવામાં આવી હતી.

૧. શેઠશ્રી માણેકલાલ ચુનિલાલ ૨. શેઠ રમણલાલ દલસુખભાઈ ૩. ગોવિંદજી જેવત ખોના ૪. રમણલાલ નગીનદાસ ૫. કેશવલાલ બુલાખીદાસ ૬. શ્રી જયંતીલાલ રતનચંદ ૭. શેઠ હીરાલાલ હાલચંદ દલાલ ૮. શેઠ નરોત્તમભાઈ કપાસી ૯. શેઠ મોતીલાલ વીરચંદ શાહ ૧૦. ધીરજલાલ ટોકરશી શાહ.

(૫) ત્યારબાદ કન્વીનરોને અત્યાર સુધી થયેલા ખર્ચ ઉપરાંત રૂા. ૧૦૦૦ નો ખર્ચ કરવાની સત્તા આપવામાં આવી હતી.

(૬) રિલિજિયસ ટ્રસ્ટ બીલ અને ભવિષ્યમાં દિલ્હી વગેરેમાં કેવી રીતે પ્રચાર કરવો તેની વિચારણા કરી સભા વિસર્જન થઈ હતી.

ઉપર્યુક્ત સમિતિને જુદા જુદા આગેવાનોનો સુંદર સહકાર સાંપડ્યો છે. અને કામ ખૂબ ઉત્સાહભર ચાલી રહ્યું છે.

સમિતિનું કાર્યાલય બરાબર સવારે ૯-૩૦ વાગતા શરૂ થઈ જાય છે અને સાંજના ૫-૩૦ સુધી નિયમિત ચાલુ રહે છે. દરમ્યાન અનેક માણસો રૂબરૂમાં માર્ગદર્શન લેવા આવે છે. તેને માર્ગદર્શન આપવામાં આવે છે તથા માગણી મુજબ વિરોધ કાર્ડો પણ આપવામાં આવે છે. તા. ૨૮-૯-૬૦ થી તા. ૫-૧૦-૬૦ ની સાંજ સુધીમાં ૫૦૦૦૦ કાર્ડો ઉપડી ગયા તે સમિતિના કાર્યની ઝડપ તથા તેણે સર્જેલા વાતાવરણની પ્રતીતિ કરાવે છે.

હિન્દભરમાં રોજ ટપાલ આવવાની ચાલુ થઈ ગઈ છે અને તેનો બને તેટલો જલદી નીકાલ કરવામાં આવે છે. આ ઉપરાંત તાર ટેલીફોન વગેરેનું કામ પણ ચાલુ હોય છે.

તાર અને ઠરાવો નીચે મુજબ શહેરોથી ગયા છે. સુરત, સોલાપુર, બેંગલોર, શિવગંજ, વડોદરા, સિરોહી, કલકત્તા, મોરબી, મદ્રાસ, કોલ્હાપુર, લિંબડી, ડીસા વગેરે, તેની વિગત વાર યાદી હવે પછી પ્રકટ કરવામાં આવશે.

આ બીલનો પ્રતિકાર કરવા માટે જુદા જુદા સ્થળોએથી જે સૂચનાઓ આવે છે, તેનો અભ્યાસ થઈ રહ્યો છે અને તેમના વ્યવહારું સૂચનોનો અમલ થવાની વકી છે.

આ સમિતિને પૂ. મુનિવર્યોનો સુંદર સહકાર સાંપડ્યો છે અને તેઓ સમિતિની સૂચનાનુસાર સ્થાનિક સંઘ તથા આસપાસના સંઘોને જાગૃત કરવાના કાર્યમાં લાગી ગયા છે.

સમિતિ તરફથી હિન્દના મોટાં મોટાં શહેરોમાં શાખાઓ સ્થાપવાનું કાર્ય ચાલુ છે અને તેને પણ ઘણો સારો જવાબ મળી રહ્યો છે. થોડા જ વખતમાં ૧૦૦ જેટલી શાખાઓ સ્થપાઈ જશે એમ જણાય છે.

સમિતિ તરફથી દિલ્લીમાં બનતા બનાવો ઉપર પણ ચાંપતી નજર રાખવામાં આવે છે અને ત્યાં પણ આ બીલ અંગે પૂરતી જાગૃતિ આવે તે માટેના ચક્રો ગતિમાન છે.

જૈન સમાજ સંગઠિત થઈને પ્રયાસ કરે તો આ બીલનો સફળ પ્રતિકાર થવામાં કોઈ શંકા નથી.

વિરોધના તારો ઠરાવો તા. ૧૭-૧૦-૬૦ ના પહેલા દિલ્હી નીચેના સિરનામે મોકલી આપવા વિનંતી છે.

The Chairman, Joint Select Commitee, Religious Trust Bill 196, Lok Sabha, New Delhi.

સૂચના

આથી તમામ જૈન સંઘો તથા સંસ્થાઓને વિનંતી કરવામાં આવે છે કે ભારતના જુદા જુદા રાજ્યોમાં વર્તતા રિલિજિયસ ટ્રસ્ટ એક્ટ અંગે જેમને જે જે કલમો નીચે જેમને સહન કરવું પડ્યું હોય કે બીજી રીતે હેરાનગતી થઈ હોય તે તમામ દાખલા તા. ૧૭-૧૦-૬૦ સુધીમાં નીચેના સરનામે મોકલી આપવા.

શ્રી અખિલ ભારતવર્ષીય ધાર્મિક ટ્રસ્ટ બીલ પ્રતિકાર-સમિતિ

ગોડીજી બિલ્ડીગ; ૨૦, પાયધુની, મુંબઈ-૨

મળવાનો સમય : સવારે ૯-૩૦ થી સાંજે ૫-૩૦ વાગ્યા સુધી

Tele. HINDSANGHA Phone : 73273

જિનદત્તસૂરિ સેવા સંઘ મારફત રીલીજિયસ ટ્રસ્ટ બીલ અંગે નીચેના કેન્દ્રોમાં ક્રમ શરૂ થઈ ગયું છે. હાલ કાર્ડો ભરાય છે.

ગામો : ૧ ઈન્દોર, ૨ રતલામ, ૩ ઉજજૈન ૪ જાવરા, ૫ નીમચ, ૬

જાવદ, ૭ ચિત્તોડ, ૮ ભીષણ ૯ ઉદયપુર, ૧૦ શાજાપુર, ૧૧ મંદસોર, ૧૨ પ્રતાપગઢ, ૧૩ છોટીસાદડી, ૧૪ નિમ્બાહેડા ૧૫ માજગઢ, ૧૬ દેવાકા, ૧૭ રાયપુર, ૧૮ નાગપુર, ૧૯ બરેલી, ૨૦ ભોપાલ, ૨૧ વર્ધા ૨૨ ચાંદા ૨૩ હિંગનઘાટ, ૨૪ બાલાઘાટ, ૨૫ ધમતરી ૨૬ બિકાનેર ૨૭ જોધપુર, ૨૮ જયપુર, ૨૯ જેસલમેર, ૩૦ બાડમેર, ૩૧ સિવાના, ૩૨ અજમેર, ૩૩ કેરડી, ૩૪ બ્યાવર, ૩૫ પાલી, ૩૬ રાધનપુર, ૩૭ પાલીતાણા, ૩૮ ભુજ, ૩૯ માંડવી, ૪૦ મદ્રાસ.

● **સુરેન્દ્રનગર :** તા ૨-૧૦-૧૯૬૦ ના રોજ પરમ પૂજ્ય પંન્યાસજી પરમપ્રભવિજયજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં મળેલી જૈનોની સભાએ સર્વાનુમતે નીચે મુજબ ઠરાવ કર્યો હતો.

"સુરેન્દ્રનગરના જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘની થયેલી આજની આ સભા, ભારતની લોકસભામાં રજૂ થયેલા "ધી રીલીજયસ ટ્રસ્ટ બીલ ૧૯૬૦" નો સખ્ત વિરોધ જાહેર કરે છે, કારણ કે પ્રસ્તુત બીલથી ધાર્મિક ટ્રસ્ટોનો વહીવટમાં ઘણી મોટી ડખલગીરી ઊભી થાય છે; વહીવટી અમલદારને અતિ વિશાળ સત્તાઓ પ્રાપ્ત થાય છે, અદાલત પાસેથી ન્યાય મેળવવાની જોગવાઈઓ છીનવી લેવાય છે, અને જૈન સિદ્ધાંતો અનુસારના નિયત દ્રવ્યો જે તે હેતુઓ માટે જ વાપરી શકાય તેવા વિધાનોનું આ બીલ ઉલ્લંઘન કરનારું છે. માટે નામદાર સરકારને આ બીલ પાસ નહીં કરવા વિનંતી કરે છે અથવા જૈનોને આ બીલમાંથી મુક્ત કરવા આગ્રહભરી વિનંતી કરે છે.

● **સિપોર :** પૂ. તપસ્વી મુનિરાજશ્રી રાજવિજયજી મહારાજ આદિ ઠા. ૨ અત્રે પધાર્યાથી ધર્મનો ઉદ્યોત સારો થયો છે, વર્ધમાન તપના પાયા. અઠ્ઠમ, ૬૪ પહોરી પોષધો, લાખ નવકારનો જાપ વગેરે આરાધના સારી થઈ. આસો સુ. ૯ થી વદ ૭ સુધીમાં ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ શાન્તિસ્નાત્ર ઉજવાયા, નવકારશી સ્વ. શા. કરમચંદ છગનલાલના ધર્મપત્ની હીરાબેન તરફથી થયાં.

● **વાંકલી :** હિંદુ ધર્મસ્વ વિધેયકનો જોરદાર વિરોધ વાંકલી જૈન યુવક મંડળ તરફથી જૈનોની સભા ભરી કરવામાં આવ્યો. આવા વિધેયકથી થતાં ધાર્મિક સ્વતંત્રતા પર ત્રાપ, ધાર્મિક વિષયોમાં હસ્તક્ષેપ અને દખલગીરી, ધાર્મિક દ્રવ્યો પર અનધિકાર ચેષ્ટા વગેરે નુકસાનો તરફ લક્ષ આપી સરકારને વિધેયક રદ કરી લોકશાસનમાં લોકને સંતુષ્ટ કરવા અનુરોધ કરવામાં આવ્યો.

● **હારીજ :** માસ્તર એન. બી. શાહના પ્રોત્સાહનથી 'નમો જિણાણં જિયભયાણં' નો સંઘમાં સવા લાખ જાપ ૯ થી ૮૦ વર્ષની ઉંમર સુધીનાઓએ

કર્યો. મહેતા રતનશી કે. તરફથી પેંડાની પ્રભાવના થઈ.

● **મુંબઈ :** અત્રેના 'મરાઠા' દૈનિક પત્રના તા. ૩૦ સપ્ટેબરમાં વિસ્તૃત અગ્રલેખમાં 'મહાવીર આણિ માંસાહાર' શિર્ષકથી જૈન શાસ્ત્રમાં અને પ્રભુશ્રી મહાવીરના જીવનમાં માંસાહાર હોવાનો જોરદાર આક્ષેપ કરવામાં આવ્યો છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૯,અંક-૭,તા.૨૨-૧૦-૧૯૬૦**

શ્રી અખિલ ભારતવર્ષીય ધાર્મિક ટ્રસ્ટ બીલ પ્રતિકાર સમિતિ (મુંબઈ)ની પ્રેરણા અને માર્ગદર્શન મુજબ ચાલતા પ્રતિકાર કેન્દ્રોનું લિસ્ટ (જેમાં શ્રી જિનદત્તસૂરિ સેવા સંઘ પ્રેરિત કેન્દ્રોનો પણ સમાવેશ થાય છે.

તા. ૧૨-૧૦-૬૦

૧. મહારાષ્ટ્ર	૨૩	૬. મધ્યપ્રદેશ	૪૦	૧૧. બંગાળ	૨
૨. ગુજરાત	૧૯	૭. પંજાબ	૧	૧૨. આંધ્રપ્રદેશ	૩
૩. સૌરાષ્ટ્ર	૧૦	૮. દિલ્હી	૧	૧૩. મદ્રાસ	૪
૪. કચ્છ	૧૦	૯. યુક્ત પ્રાંત	૬	૧૪. કેરળ	૩
૫. રાજસ્થાન	૩૩	૧૦. બિહાર	૧	૧૫. મૈસુર	૫
	૯૫		૪૯		૧૭

૧. મહારાષ્ટ્ર

૧. મુંબઈ	૧૩. સાંગલી
૨. પૂના	૧૪. વાઈ
૩. કોલ્હાપુર	૧૫. બાર્સી
૪. નિપાણી	૧૬. અમલનેર
૫. બેલગામ	૧૭. બેટાવદ
૬. કરાડ	૧૮. ચાંદા
૭. નાસિક	૧૯. હિંગનઘાટ
૮. માલેગામ	૨૦. અમરાવતી
૯. નંદરબાર	૨૧. બારામતી
૧૦. ધુલિયા	૨૨. નાગપુર
૧૧. તલોદ	૨૩. થાણા
૧૨. અહમદનગર	

૫. રાજસ્થાન

૧. શિવગંજ	૧૮. બાડમેર
૨. જોધપુર	૧૯. સીવાના
૩. સિરોહી	૨૦. બાલોતરા
૪. જયપુર	૨૧. મોકલસર
૫. બિકાનેર	૨૨. કેકડી
૬. ફલોધી	૨૩. બુંદી
૭. અજમેર	૨૪. કોટા
૮. ચિત્તોડ	૨૫. ખજવાના
૯. બાલી	૨૬. ખીમેલ
૧૦. ઉદેપુર	૨૭. ઝાલાવાડ
૧૧. પ્રતાપગઢ	૨૮. ઝાલરા પટન
૧૨. બ્યાવર	૨૯. મકરાણા

૨. ગુજરાત

૧. ડીસા
૨. ચાણસ્મા
૩. મહેસાણા
૪. વડોદરા
૫. સુરત
૬. રાધનપુર
૭. હિંમતનગર
૮. મોઢેરા
૯. દસાડા
૧૦. સમૌ
૧૧. રાજપિપલા
૧૨. બગવાડા
૧૩. સીનોર
૧૪. પાટણ
૧૫. લીંચ
૧૬. ગવાડા
૧૭. પાલનપુર
૧૮. ડભોઈ
૧૯. પાલેજ

૩. સૌરાષ્ટ્ર

૧. સુરેન્દ્રનગર
૨. વઢવાણ સીટી
૩. રાજકોટ
૪. મોરબી
૫. વાંકાનેર
૬. જામનગર
૭. ભાવનગર
૮. પાલીતાણા
૯. માંગરોળ
૧૦. વીરમગામ

૪. કચ્છ

૧. ભુજ
૨. માંડવી
૩. તેરા
૪. વલીયા
૫. ભુજપુર
૬. કોડાયા
૭. બીદડા
૮. મોટા આંબલીયા
૯. ગઢવારી
૧૦. દેવપુર

૭. પંજાબ

૧. અમૃતસર
૮. દિલ્હી

૯. યુક્ત પ્રાંત

૧. લખનૌ
૨. બનારસ
૩. આગ્રા
૪. કાનપુર
૫. શાહદા
૬. બરેલી

૧૦. બિહાર

૧૩. પાલી
૧૪. છોટી સાદડી
૧૫. મેડતા રોડ
૧૬. નાગોર
૧૭. લોહાવટ
૩૦. ઝુંઝનુ
૩૧. સાદડી
૩૨. જીરાવાલા
૩૩. રોહા

૬. મધ્યપ્રદેશ

૧. જબલપુર
૨. ઉજ્જૈન
૩. ઈન્દોર
૪. મંદસોર
૫. રતલામ
૬. ભોપાલ
૭. રાયપુર
૮. બાલાઘાટ
૯. ધમતરી
૧૦. ભીલવાડા
૧૧. નિમ્બાહેડા
૧૨. નિમચ
૧૩. જાવદ
૧૪. જાવરા
૧૫. ખાચરોદ
૧૬. બદનાવર
૧૭. દેવાસ
૧૮. શાજાપુર
૧૯. હોંક
૨૦. ખુજાનેર
૨૧. રાજનાદગાંવ
૨૨. નરસિંહપુર
૨૩. કુચામન રોડ
૨૪. બેરછા
૨૫. સુનીલપુર
૨૬. શિવપુરી
૨૭. સીલ્વર
૨૮. પાંડવગઢ
૨૯. બામનીયા
૩૦. રામપુરા
૩૧. પીપલીયા
૩૨. સૈલાના
૩૩. લશ્કર
૩૪. રાજગઢ
૩૫. સમદરી
૩૬. નિમચ-સીટી
૩૭. માનપુર
૩૮. બામનીયા
૩૯. નરસિંહ ગઢ
૪૦. આષ્ટા

૧૩. મદ્રાસ

૧. મદ્રાસ
૨. ઉટાકામંડ
૩. કોઈમ્બતુર
૪. કુન્નુતુર

૧૪. મૈસુર

૧. બેંગ્લોર
૨. ધારવાડ
૩. દાવણગેરી
૪. ખાનાપુર
૫. હુબલી

૧ ભાગલપુર

૧૧. બંગાલ

૧. કલકત્તા
૨. અજીમગંજ

૧૨. આંધ્રપ્રદેશ

૧. બેઝવાડા
૨. હૈદરાબાદ
૩. સિકંદરાબાદ

૧૫. કેરલ

૧. કોચીન
૨. કાલીકટ
૩. એલેખી

• **અમદાવાદ :** તા. ૯-૧૦-૧૯૬૦ રવિવારના રોજ રાતના ૮ વાગે પ્રેમાભાઈ હોલમાં શેઠશ્રી નંદદાસ હરિદાસની અધ્યક્ષતામાં મળેલા અમદાવાદ શહેરના નાગરિકોની જાહેર સભાએ **પસાર કરેલા ઠરાવો.**

ઠરાવ ૧ લો : આપણી કેન્દ્ર અને ભિન્ન ભિન્ન રાજ્ય સરકાર વગેરે મત્સ્યોદ્યોગ વિ. ની હિંસાની તથા ગ્રામ વિકાસ યોજનાને નામે મરઘાં, બતકાં વગેરે જીવોનું ઉત્પાદન વધારી તે તે જીવોની હિંસાની જે જે પ્રવૃત્તિઓ અને યોજનાઓ ચાલી રહી છે, તે આર્યોની અહિંસાની મૂલક સંસ્કૃતિના મૂળમાં ઘા કરનારી હોવાનું જાહેર કરે છે.

(૨) હુંડીયામણ મેળવવા અને ધનોપાર્જન કરવામાં અને જન કલ્યાણના નામે અસંખ્યાત જીવોની હિંસા થાય એની નિકાસ અને બીજી અનેકવિધ હિંસક પ્રવૃત્તિઓ એ સુરાજ્યના ન્યાય-નીતિ વિરૂદ્ધની છે અને દેશને માટે તે ખતરનાક છે એમ આ સભા માને છે. અને એથી પ્રજાના દિલ ખૂબ જ કકળી ઉઠ્યા છે.

(૩) આથી જીવોની એ બધી હિંસાને તાકીદે બંધ કરી દેવાની કેન્દ્ર અને સઘળીય પ્રાંતિય સરકારોને આ સભા આગ્રહભરી વિનંતી કરે છે.

(૪) વધુમાં આ સભા ગુજરાત રાજ્યનો પ્રદેશ અહિંસાના અમૃતથી વધુ સિંચાયેલો હોવાથી જીવદયામાં મોખરે છે. આથી ઉપર જણાવેલી કોઈપણ હિંસક પ્રવૃત્તિ કે યોજના ગુજરાત રાજ્યમાં કરવાની સૂચના કેન્દ્ર સરકાર તરફથી હોય તો પણ ગુજરાત રાજ્યના માનનીય પ્રધાનો અને કર્મચારીઓ તેને અમલમાં મૂકો નહિ એવી આ સભા આગ્રહપૂર્વક વિનંતી કરે છે. તથા તેવી હિંસકપ્રવૃત્તિ કે યોજનાનો પ્રારંભ થઈ ગયો હોય તો પણ તેને સત્વર બંધ કરી પ્રજાના દિલને સંતોષવા આ સભા અંતઃકરણપૂર્વક વિનંતી કરે છે.

ઠરાવ ૨ જો : તા. ૯-૧૦-૬૦ ના રોજ પ્રેમાભાઈ હોલમાં અમદાવાદ

શહેરના સમગ્ર નાગરિકોની જાહેર સભાએ ઠરાવ ૧ માં મત્સ્યોદ્યોગ વિ. હિંસક યોજનાઓ અને પ્રવૃત્તિઓ માટે જાહેર સભામાં કરેલી દુઃખની લાગણીને માનનીય પ્રધાનો અને ઉચ્ચ કક્ષાના રાજ્ય કર્મચારીઓ સમક્ષ રજૂ કરીને તે હિંસક પ્રવૃત્તિઓ બંધ થાય તે માટે સઘળુંયે કરવાની અને જરૂર જણાતાં સભ્યો વધારવાની સત્તા સાથે નીચે જણાવેલા આગેવાન નાગરિકોનું એક પ્રતિનિધિ મંડળ આ સભા નીમે છે.

પ્રતિનિધિ મંડળના સભ્યો

(૧) શેઠ કસ્તુરભાઈ લાલભાઈ (૨) શેઠ અમૃતલાલ હરગોવનદાસ (૩) શેઠ નંદલાલ હરીદાસ (૪) શેઠ સાકરલાલ બાલાભાઈ (૫) શેઠ કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી (૬) શેઠ શાંતિલાલ મંગળદાસ (૭) શેઠ રતીલાલ નાથાલાલ (૮) શેઠ ચંદુલાલ પ્રેમચંદ (૯) શેઠ મંગળદાસ મનસુખરામ વકીલ (૧૦) શ્રી ચીમનલાલ કેશવલાલ કડીયા (૧૧) શ્રી ચંદુલાલ મોહનલાલ શાહ (૧૨) શ્રી મફતલાલ ઝવેરચંદ ગાંધી

ઠરાવ ૩ જો : આ સભા ભારતીય સંસ્કૃતિ રક્ષક સભાએ મત્સ્યોદ્યોગ વિ. અનેકવિધ હિંસક પ્રવૃત્તિઓનો વિરોધ કરીને સંસ્કૃતિ રક્ષાનું કાર્ય આરંભ્યું છે તેને તન, મન, ધનથી ટેકો આપવા સર્વને ભલામણ કરે છે અને શહેરના નાગરિકોની આજની સભાએ કરેલા ઠરાવો ઘટતા સ્થળોએ મોકલી આપવાની તે સંસ્થાને સત્તા આપે છે.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૯,અંક-૮,તા.૨૯-૧૦-૧૯૬૦

● **મુંબઈ :** પૂ. વયોવૃદ્ધ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં લાલબાગમાં આરાધનાની પ્રતિદિન વૃદ્ધિ થઈ રહી છે, તેમાં પણ ૩૧,૩૦,૨૯,૨૨,૨૧,૧૫ આદિ વિવિધ તપશ્ચર્યાઓપૂર્વક શ્રી પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વની આરાધના થઈ હતી, તે નિમિત્તે અત્રે શ્રી શાન્તિસ્નાત્ર સહ અષ્ટાન્હિકા મહોત્સવરૂપ શ્રી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ આ. સુ-૧૨ થી વદ ૫ સુધી સુંદર ઉજવાયો.

● **ચાણસ્મા :** શ્રી જૈન પાઠશાળાની વાર્ષિક પરીક્ષા પ્રસિદ્ધ વક્તા પૂ. વિદ્વાન મુનિશ્રી ભદ્રગુપ્ત વિજયજી મહારાજે લેતાં પરિણામ ૮૫॥ ટકા આવેલ, તેનો ઈનામી મેળાવડો આસો સુદ ૧૨ રવિવારના રોજ પૂ. તપસ્વી મુનિમહારાજશ્રી

મહાનંદવિજયજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને ઉપાશ્રયના હોલમાં યોજવામાં આવેલ. સ્તુતિ, ગીત, સંવાદ, આદિ કાર્યક્રમ, પરીક્ષાનું પરિણામ તથા પાઠશાળાનો હેવાલ રજૂ થયેલ. આ પ્રસંગે મહેસાણાથી ખાસ આમંત્રણથી પધારેલા શ્રી વાડીલાલ મગનલાલ શેઠે શ્રુતજ્ઞાન અને તેની મહત્તા અંગે સમયોચિત વિવેચન કરેલ તથા પૂ. વિદ્વાન મુનિમહારાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજશ્રીએ શ્રુતજ્ઞાનની મહત્તા અંગે મનનીય ઉદ્બોધન કરેલ. રૂા. ૨૫૫, નાં ઈનામોની વહેંચણી થયેલ.

● **બિજાપુર :** (મૈસુર-સ્ટેટ) તા. ૫-૧૦-૬૦ બુધવારે અત્રેના જૈન શ્વે. ઉપાશ્રયમાં જૈન સંઘના પ્રેસિડેંટ શ્રી ગણપતચંદ પદમચંદના પ્રમુખપણા હેઠળ રિલિજિયસ ટ્રસ્ટ બિલનો વિરોધ કરવા એક સભા થઈ.

પ્રમુખશ્રીએ ઉપર્યુક્ત બિલની ભયંકરતા સમજાવી હતી. વિરોધનો ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો. વિરોધી તારો તેમજ કાર્ડો દિલ્હી ખાતે મોકલાયાં.

● **મુંબઈ :** ભાયખલા મોતીશા જૈન પાઠશાળાનો વાર્ષિક ઈનામી સમારંભ આસો વદી ૫ ને રવિવારે પૂ. આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ મુનિવરોની શુભ નિશ્રામાં યોજવામાં આવ્યો. આ પ્રસંગે શિક્ષણસંઘ દ્વારા લેવાયેલી પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને તેમજ પર્યુષણ પર્વમાં અનુષ્ઠાન અને તપસ્યા વગેરે આરાધના કરનારને પાઠશાળા તરફથી ઈનામો, તદુપરાંત શિક્ષણ સંઘ તરફથી ઈનામો અને પ્રમાણપત્રો અપાયાં.

● **બેડા :** પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજની નિશ્રામાં લાખ નવકારનું અનુષ્ઠાન સુંદર આરાધાયું. સાથે નવકાર અધિવેશન પણ ત્રણ દિવસ સારું ઉજવાયુ. બહારથી ઠીક ઠીક આરાધકો આવેલા. નવકારના મહિમા અને પ્રભાવ પર અનુભવાત્મક તથા ચિંતનાત્મક ભાષણો સુંદર થયાં.

શ્રી નવકાર અને પંચ પરમેષ્ઠીની વ્યાપક ભક્તિ ઉપાસના વધે એ હેતુથી શ્રી મફતલાલ સંઘવીના તંત્રીપદે સુંદર 'ધર્મચક્ર' નામનું માસિક પત્ર શરૂ કરવાનો નિર્ણય લેવાયો. કારતક સુદમાં પહેલો અંક પ્રગટ થવા વકી છે. ચોમાસું કરાવવાના મહાન લાભ લેવા ઉપરાંત લાખ નવકારનું અનુષ્ઠાન તથા અધિવેશન વગેરેમાં ભક્તિનો લાભ શેઠ હિંમતમલજી રૂગનાથજી તથા શેઠ લાલચંદજી રાજમલજી સારો લઈ રહ્યા છે.

આ. વદ ૮ થી ઉપધાન શરૂ થયા છે. પહેલા પ્રવેશમાં ૪૫૦ જણા જોડાયાં છે.

• શ્રી અખિલ ભારતવર્ષીય ધાર્મિક ટ્રસ્ટ બિલ પ્રતિકાર સમિતિને તા. ૧૭-૧૦-૬૦ સુધીમાં પ્રાપ્ત થયેલ સમાચાર મુજબ ભારતભરમાંથી રિલિજિયસ ટ્રસ્ટ બીલ ૧૯૬૦ અંગે ૧૩૩૩ વિરોધના તારો ગયા છે, ૪૩૭ વિરોધના ઠરાવો ગયા છે, ૧૪ મેમોરેન્ડમ ગયા છે. અને ૮૦૦૦૦ જેટલાં વ્યક્તિગત વિરોધનાં કાર્ડો ગયાં છે.

રિલિજિયસ ટ્રસ્ટ બિલ અંગે જોઈન્ટ સિલેક્ટ કમિટીની એક સામાન્ય બેઠક નવેમ્બરમાં મળનાર લોકસભામાં મળશે. ત્યારબાદ જાન્યુઆરી ૧૯૬૧ માં તેની ખાસ બેઠક મળશે. તે વખતે પ્રાપ્ત થયેલા સુધારા વિરોધ વગેરે અંગે વિચારણા થશે.

હિન્દુસમાજમાંથી પણ રિલિજિયસ ટ્રસ્ટ બિલ અંગે સારા પ્રમાણમાં વિરોધ જઈ રહ્યા છે. હિન્દુ રિલિજિયસ એન્ડોમેન્ટ કમિશનનું કામ ચાલુ છે. ૮ મી નવેમ્બરે અમદાવાદમાં કેટલીક અગત્યની વ્યક્તિઓની જુબાની લેવાવા વકી છે.

• **મદ્રાસ :** શ્રમણ ઔષધાલય (૧૫, મેડોક્સ સ્ટ્રીટ, ચુલૈ) જણાવે છે કે કેટલાક મુનિરાજો દવાઓના રૂપિયા અમને મોકલવા લખ્યા કરે છે, પરંતુ અમે તો યથાશક્તિ સંતસેવા તરીકે કરીએ છીએ, છતાં અમને રૂપિયા મોકલવાનો કોઈનો આગ્રહ જ હોય તો નથી જ લેવા એ નિયમ નથી, પરંતુ પાંચસોથી ઓછા સ્વીકારવામાં આવતા નથી.

• **ખુડાલા :** પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી મ. ના શ્રી ધર્મબિંદુ તથા નલદમયંતીના રાસ ઉપર પ્રેરક પ્રવચનો થયાં હતાં, આયંબિલ સાથે દોઢ લાખ નવકારનો સમૂહજાપ થયો. પુરુષવર્ગે વર્ધમાનતપના પાયા નાખ્યા. બાદ ત્રણ દિવસ ખીરના એકાસણાં સાથે ૧૩૦ સાધકોએ સામુદાયિક ૧૧ લાખ નવકારનો જાપ કર્યો. આરાધના જીવનમાં યાદગાર બની ગઈ. નવકાર-આરાધના મંદિરમાં સ્નાત્ર, જાપ, સંગીત, ધૂન, વ્યાખ્યાન વગેરે એક વાગ્યા સુધી થતું. બાદ એકાસણું કરી ફરી સાધકો જાપમાં લાગી જતા, સાધકોને ફેમસહિત નવકારના ફોટાની તેમજ રૂપિયા શ્રીફલ આદિની ૬-૭ પ્રભાવના થઈ હતી, મહારાજશ્રીની તબિયત નરમ થતાં બાલી ઉપચાર માટે જવું પડ્યું. બાલીથી પૂ. તપસ્વી ગુણચંદ્રવિજયજી પધાર્યા. ખીરનાં એકાસણાં સાથે અરિહંતપદનો ૨૦૦ આરાધકોએ જાપ કર્યો. પર્યુષણા પર્વ ભારે ઠાઠથી ઉજવાયાં. અઠ્ઠાઈ તથા વર્ધમાન તપના પાયાવાલાને રૂા. ૨૫ ની અઠ્ઠમ સુધીના તપસ્વીઓને રૂા. ૫ ની પ્રભાવનાઓ થઈ. રોજના વ્યાખ્યાનમાં પૂ. કીર્તિસેનવિજયજીની તથા તિથિએ પૂ. ગુણચંદ્રવિજયજીની પ્રેરણાથી ૫૫ ભાઈ બહેનોએ વર્ધમાન તપના પાયા નાખ્યાં, ૯ થી ૧૧ વર્ષનાં ત્રણ બાલકોએ પણ પાયાની આરાધના કરી. મુકુનચંદજીએ તપસ્વીઓની ભક્તિ આયંબિલમાં ખૂબ સુંદર કરી

પાયાવાલાઓને રૂા. ૧૫ ની પ્રભાવનાઓ તથા નવ વર્ષના તપસ્વી ચંપાલાલને રૂા. ૪૧ ની પ્રભાવના અપાઈ. ખુડાલાના ઈતિહાસમાં છેલ્લાં સેંકડો વર્ષમાં ન થયેલી ધર્મઆરાધના આ ચોમાસામાં થઈ એમ વૃદ્ધો કહે છે.

વ્યાખ્યાનમાં દસ તિથિ પ્રભાવના ચોમાસું કરાવનાર શેઠ મુકુનચંદજી તરફથી ચાલુ છે. શ્રાવિકાઓ તરફથી વીસસ્થાનકના ઉજમણા સાથે અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાયો. પૂજા, ભાવના, આંગીમાં ફાલના કૉલેજની સંગીતમંડલીએ પ્રશંસનીય સહયોગ આપ્યો. મારવાડમાં આ વખતે ઘણાં ગામોમાં પૂ. આચાર્ય મહારાજ પ્રેમસૂરીશ્વરજી મહારાજના ત્યાગી તપસ્વી વિદ્વાન મુનિરાજોના ચાતુર્માસનો યોગ મળવાથી ધર્મ આરાધનાનું સુંદર વાતાવરણ સર્જાયું છે. પૂ. આચાર્યદેવ પાંચ વર્ષ મરુધર દેશને લાભ આપે એવી આગ્રહભરી વિનંતી છે.

• • •

મત્સ્યોદ્યોગ જેવી હિંસક યોજનાઓ સામે અમદાવાના નાગરિકોનો પ્રચંડ વિરોધ.

• **અમદાવાદ :** તા. ૧૦ મી ઓક્ટોબર. નગરશેઠ વિમળભાઈ મયાભાઈ વ. ૧૨૫ આગેવાન નાગરિકોની સહીઓથી મત્સ્યોદ્યોગ વ. જનકલ્યાણના નામે સરકાર તરફથી ચલાવાતી હિંસક યોજનાઓ સામે સમગ્ર જનતાની દુભાયેલી લાગણી વ્યક્ત કરવા તા. ૯-૧૦-૬૦ ની રાતના ૮ વાગે પ્રેમાભાઈ હોલમાં વિરાટ જાહેરસભા મળી હતી. પ્રમુખસ્થાન શેઠશ્રી નંદદાસ હરિદાસે લીધું હતું. સભામાં અનેક ઉદ્યોગપતિઓ, શેરદલાલો, વકીલો, ડોક્ટરો, મસ્કતી અને કાપડ બજારના આગેવાનો અને હજારો નાગરિકોએ હાજરી આપી હતી. જેમાં મુખ્ય શેઠ શ્રી સાકરભાઈ બાલાભાઈ, શેઠ શ્રી શાંતિલાલ મંગળદાસ, શેઠ કેશવલાલ લલ્લુભાઈ, શેઠ ચંદ્રકાન્ત બકુભાઈ, શેઠ ચંદુલાલ પ્રેમચંદ, શેઠ રતિલાલ નાથાલાલ શેરદલાલ, શેઠ અનુભાઈ ચીમનલાલ, વકીલ છોટાલાલ ત્રિકમલાલ, વકીલ મંગળદાસ મનસુખરામ, શેઠ રતિલાલ મણિલાલ કાપડિયા, શેઠ રતિલાલ મનસુખરામ, વકીલ દેવેન્દ્ર ઓઝા, ડોક્ટર નાનાલાલ ભાઈલાલ, શેઠ પોપટલાલ વાડીલાલ વગેરે મુખ્ય હતા.

ઘણા વિદ્વાન વક્તાઓએ મત્સ્યોદ્યોગ વગેરે યોજનાઓથી ભયંકર હિંસા થાય છે તેનો ચિતાર રજૂ કર્યો હતો, અને પ્રજાના અંતરાત્માના અવાજ રૂપે

ઠરાવો રજૂ થયા હતા, જે અમે ગયા અંકમાં પ્રગટ કર્યા છે.

ત્યારબાદ પ્રમુખશ્રીએ સભાની અનુમતી મળતાં ત્રણે ઠરાવોને સર્વાનુમતે પસાર થયેલા જાહેર કર્યા હતા. પછી શેઠ કેશવલાલ લલ્લુભાઈ ઝવેરીએ પ્રમુખશ્રીનો આભાર માન્યો હતો. ઉપસંહાર કરતાં પ્રમુખશ્રી શેઠ નંદદાસ હરિદાસે ખૂબ જ મુદ્દાઓ સહિતનું વક્તવ્ય આપ્યું હતું અને નામદાર સરકારને પ્રજાની અહિંસાની લાગણીને માન આપવા ભારપૂર્વક જણાવ્યું હતું. પ્રજાને પણ જરૂરિયાત પ્રમાણે મક્કમપણે પણ ધીમે ધીમે અવાજને બુલંદ બનાવવા તેઓશ્રીએ જણાવ્યું હતું. સભાના મંત્રીશ્રી ચીમનલાલ કડિયાએ શહેરના નાગરિકોને ઉદ્દેશીને પૂરો સહકાર આપવા વિનંતી કરી હતી અને આ સભા સમગ્ર ગુજરાતની પ્રજાની લાગણીનો પડઘો છે, કારણ કે સામાન્ય ખબર મળતાં અનેક સ્થળોએથી આ કાર્યને ટેકો આપનાર સંખ્યાબંધ તારો, સંદેશાઓ અને પ્રતિનિધિઓ આવી પહોંચ્યા છે. છેવટે તેમણે પ્રજાના કલ્યાણ-અર્થે આ હિંસક યોજનાઓ અને પ્રવૃત્તિઓના યોજકોને અને સંચાલકોને ઉદ્દેશીને ખૂબ જ લાગણીપૂર્વક જણાવ્યું હતું કે જનતાની અસંખ્ય માછલાંઓને મારીને તેની આવક તમે કરો તેના ઉપર જીવવાની ઇચ્છા નથી. એવા જીવન કરતાં તે મરી જવાનું પસંદ કરે, માટે સમુદ્રકાંઠે રમતા ફરતા જીવોને સુખે મઝા કરવા દો. ગુજરાતના સમુદ્રકાંઠાને હિંસાથી અભડાવશો નહીં. અહિંસા ધર્મના જયઘોષ સાથે સભા વિસર્જન થઈ હતી.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૯,અંક-૯,તા.૧૨-૧૧-૧૯૬૦**

● **ચાણસ્મા :** પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્ત વિજયજી મ.ની નિશ્રામાં આસો વદ ૮-૯ શ્રી સંઘમા છઠ્ઠ તપથી શ્રી ગૌતમ સ્વામીજીની સુંદર આરાધના થઈ હતી. એમા બાળકો પણ હતાં; સુંદર પટ બનાવવામા આવ્યો હતો અને સંગીત, જાપ વગેરેથી ભક્તિરંગ સારો જામ્યો હતો.

● **મદ્રાસ :** શ્રમણ ઔષધાલય (૧૫, મેડોક્સ સ્ટ્રીટ, ચૂલૈ, મદ્રાસ, ૬) લખી જણાવે છે કે કોરા કાગળના પેડ માટે ૩૨ ન પૈ. મોકલાવવા અથવા પાલીતાણા આનંદભવનમાંથી પેડ લેવા વિનંતી છે.

● **અમદાવાદ :** શ્રી શાન્તિચન્દ્ર સેવાસમાજનો વાર્ષિક ઉત્સવ કા. સુ. ૧૩ સુંદર ઉજવાયો. પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનું, **'ભક્તિ શા**

માટે ?' એ વિષય પર સુંદર પ્રવચન થયું. બાર વ્રતની પૂજા ભણાવાઈ, રાતના મુંબઈ સાયનવાસી શેઠ શ્રી માધવલાલ હીરાલાલ જે. પી. ના પ્રમુખપદે મેળાવડામાં પ્રેરક ભાષણો થયાં.

● **હૈદ્રાબાદ :** (દક્ષિણ) ધા. ટ્રસ્ટ બી. સંબંધમાં વિચાર કરવા શ્રી ઇન્દ્રમલજી લુણિયા દ્વારા હૈદ્રાબાદ, સિકંદરાબાદ-બોલારખ નિર્મલગિરિના જૈન સંઘોની તા. ૧૩-૧૦-૬૦ ના રોજે શ્રી. કપૂરચંદજી શ્રીમાલના પ્રમુખપદે સભા થઈ. વિરોધનો ઠરાવ થયો...તરત દિલ્હી પ્રવરસમિતિને તાર આપવામાં આવ્યો, અને વિસ્તૃત વિરોધપત્ર મોકલવા સમિતિ નીમાઈ.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૯,અંક-૧૦,તા.૧૯-૧૧-૧૯૬૦**

● **શિવગંજ :** અત્રેના ઓસવાલ પંચ તથા આજુબાજુનાં ૨૬ ગામોના ઓસવાલ પંચ એમ ૨૭ પંચનુ સંગઠન ચાલતું હતું, એમાં છેલ્લા વીસેક વર્ષ પૂર્વે ગામ ધનાપરાવાળાના પાંચ ઘરના નિમિત્તને આગળ કરીને શિવગંજ પંચ અને ૨૬ ગામોના પંચો વચ્ચે વિખવાદ ઊભો થયો હતો; ને તે કેમ કરીને શમતો નહોતો. પૂ. આચાર્યદેવશ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ તથા** પૂ. આ. શ્રી **વિજય યશોદેવસૂરિજી મહારાજ**ના અત્રે ચાતુર્માસ અર્થે પુણ્યપગલાં થયા. ઉપર્યુક્ત ઝગડા ઉપરાંત અત્રે ઓસવાલના મોટા આદીશ્વરપ્રભુના દેરાસરમાં ચાર દેવળીઓની પ્રતિષ્ઠા પણ વીસેક વર્ષથી થતી નહોતી. એ બધી સ્થિતિ જોઈ પૂ. આચાર્ય દેવોએ સમજૂતી કરી સંઘમાં સંપ-સંગઠન સ્થાપવાના અને મંદિરમાં પ્રભુ પ્રતિષ્ઠિત કરાવવાના ભારે પ્રયત્ન આદર્યા. સ્થાનિક ઓસવાલ પંચે ૨૬ પંચોને અત્રે નોતર્યા; વાટાઘાટ શરૂ થઈ. પૂ. પં. શ્રી ત્રિલોચન વિજયજી મહારાજ તથા નગરશેઠ શ્રી પ્રકાશચંદ્રજી વગેરેના પણ સારા પ્રયત્ન થયા, અને શાસનદેવની કૃપાએ પૂ. ગુરુદેવો વગેરેનો પ્રયત્ન સારો સફળ થયો; બંને પક્ષે પૂ. આચાર્યદેવને નિર્ણય લાવવાનું સોંપેલું તે હિસાબે બંનેનું સાંભળી લઈને કારતક વદ ૫ ની સાંજે ૨૭ પંચોની રૂબરૂમાં હવે એકસંપીથી રહેવાનો નિર્ણય આવ્યો, જે પંચોએ સ્હર્ષ વધાવી લીધો. આમ વર્ષોનો વિખવાદ દૂર થઈ સંપ થયો, એની ખુશાલીમાં ધનાપરાવાળા પાંચ ઘરોએ શ્રી કોરટાજી તીર્થમાં રૂા. ૧૦૦૧) ભેટ આપવાનું જાહેર કર્યું, તથા ચારે દિવસ બહારના ૨૬ પંચોની સાધર્મિકભક્તિનો લાભ પણ પોતે લેવાનુ જાહેર કર્યું. સંપ થયાનો હર્ષ

એટલો બધો હતો કે ધનાપરાવાળાએ પ્રતિષ્ઠાની નવકારશી, એક દેવળીની પ્રતિષ્ઠા તથા ઉછામણીથી પ્રતિષ્ઠા-કુંકુમપત્રિકાની નીચે સહી કરવાનું પણ લીધું, ધન્ય છે. પૂ. આચાર્યદેવના સંગઠન-પ્રયત્નને તથા તેમાં સહકાર દેનાર ભાઈઓને !

● પૂ. આચાર્યદેવ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજની** નિશ્રામાં અત્રે ઓસવાલ મોટા દેરાસરે ચાર દેવળિયોમાં માગશર સુ. ૬ પ્રતિષ્ઠા કરાવવાનું નક્કી થયું છે. એનો કારતક વદ ૧૨ થી મહોત્સવ શરૂ છે. ૨૭ ગામના પંચોનો સંપ થવાથી ઉલ્લાસ ઘણો છે. તડામાર તૈયારીઓ ચાલી રહી છે. અત્રે ઉપધાન ચાલુ છે. માગશર વદ ૫ લગભગ માળ આવશે. બેડામાં શેઠ લાલચંદજી તથા હિંમતમલજી તરફથી મોટું ઉજમણું હોઈ એમની આગ્રહભરી વિનંતીને માન આપી પૂ. આચાર્યદેવ સપરિવાર વદ ૧૧ બેડા પધાર્યા છે. મા.સુ.૨ પાછા શિવગંજ પધારવા વકી છે.

● માગશર સુદ ૧૧ના દિવસે ધંધુકા નિવાસી મુમુક્ષુ છોટાલાલ તલકશીની સંઘના ભારે ઉત્સાહ વચ્ચે પૂ. આચાર્યદેવના વરદ હસ્તે ભાગવતી દીક્ષા થઈ. દીક્ષાર્થીના માતાજી તથા ભાઈઓ આ પ્રસંગ પર આવી ગયા હતા. આગલે દિવસે વર્ષીદાનનો ભવ્ય વરઘોડો ચઢ્યો હતો. દીક્ષાર્થીને પૂ.પં.શ્રી.રવિવિજયજી મહારાજનો છેલ્લા બાર માસથી સારો સંપર્ક અને પ્રેરણા હતી. દીક્ષા થયા બાદ એમનું નામ મુનિશ્રી કલ્પતરુવિજયજી રાખી એમને પૂ.પં.શ્રી રવિવિજયજી મ.ના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા. દીક્ષાર્થીના સ્વ. પિતા તલકશીભાઈએ ધંધુકામાં કેટલાય વર્ષો સુધી મંદિરનો વહીવટ સંભાળેલો એવા કુળને નૂતન મુનિશ્રીએ અજવાળ્યું છે.

● **વીસનગર :** કલ્યાણ પાર્શ્વનાથ જૈન પાઠશાળાની વાર્ષિક પરીક્ષા મહેસાણા શ્રી જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક શ્રી રામચંદ ડી. શાહે તા. ૧-૧૧-૬૦ ના રોજ લીધી. પરિણામ ૯૫।। ટકા આવેલ. તેનો ઈનામી સમારંભ પૂ. આચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની છત્રછાયામાં સારો ઉજવાયો.

શિક્ષક શ્રી વિનોદચંદ્ર પરીખે વાલીઓનું લક્ષ્ય ખેચ્યું હતું. શ્રી અમૃતલાલ મણિલાલના હાથે ઈનામો વહેંચાયાં. એમણે રૂા. ૫૧ તથા બીજાઓએ રૂા. ૭૫) ઈનામી ફંડમાં આપ્યા. શ્રી શાન્તિલાલ મોહનલાલ અને વકીલ શ્રી છનાલાલે ધાર્મિક શિક્ષણ અંગે યોગ્ય વિચારો દર્શાવ્યા. અંતમાં પૂ. આચાર્યદેવશ્રીએ સમ્યક્‌જ્ઞાન અંગે

સુંદર ઉપદેશ કર્યો હતો.

કા. સુ. ૧૫ ના રોજ પૂ. આચાર્યશ્રીનું ચાતુર્માસ પરિવર્તન શેઠ શ્રી અમૃતલાલ મણિલાલને ત્યાં કરાવવામાં આવેલ.

કા. વદ. ૩ ને રવિવારે પૂ. આચાર્યશ્રી સાથે સકળસંઘ વાલમ ગયો. ત્યાં નવકારશી પૂજા-આંગી શેઠ શ્રી અમૃતલાલભાઈ તરફથી થઈ.

● **આધોઈ :** ૫. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય કનકસૂરીશ્વરજી મહારાજ સાહેબની પવિત્ર નિશ્રામાં ઉપધાન તપની આરાધનામાં આરાધકો બે પ્રવેશના મળીને લગભગ ૧૬૦ ની સંખ્યામાં છે. સુખપૂર્વક ચાલે છે અને માળનું મુહૂર્ત માગશર વદ ૪ નું છે. તે પ્રસંગે અગ્યાર છોડનું ઉજમણું માગશર સુદ ૧૩ ને પધરાવવામાં આવશે.

● **વડાવલી :** અત્રે પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજના ઉપદેશ અને સહવાસથી વૈરાગ્ય પામી શ્રી કિશોરભાઈની ધામધૂમથી દીક્ષા કા.વ.૧૧ ના રોજ થઈ. એમના માતા-પિતા તથા ગામનો ઉલ્લાસ સારો હતો. નૂતન પૂ.મુનિશ્રીનું નામ શ્રી કીર્તિગુપ્તવિજયજી રાખી શ્રી ધર્મગુપ્ત વિજયજી મ.ના શિષ્ય જાહેર કરાયા. દીક્ષા પ્રસંગે પૂ.મુનિરાજો શ્રી જયવિજયજી મ., શ્રી મહાનંદ વિજયજી મ., શ્રી ભદ્રગુપ્તવિજયજી મ., શ્રી જયવર્ધનવિજયજી મ. વગેરે મોઢેરા, ચાણસ્મા અને ધિણોજથી પધારી ગયા હતા.

● **શિવગંજ :** અત્રે કેટલાય વર્ષોથી શ્રી આદીશ્વર પ્રભુના મોટા દેરાસરમાં ચાર બાજુની ચાર દેવળિયોમાં પ્રતિષ્ઠા અટકેલી હતી. પૂ. સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના વિશાળ પરિવાર સહિત અત્રે ચાતુર્માસ થવાથી પ્રતિષ્ઠાનું નક્કી થયું. એનું ઠેકાણું પડે એટલા માટે ઓસવાલ સંઘની વિનંતીથી પૂજ્યશ્રીએ પૂ. આચાર્ય મહારાજશ્રી વિજય યશોદેવસૂરીજી આદિને ઓસવાલ ઉપાશ્રયે મોકલ્યા હતા. એઓશ્રીએ સંઘને સારી સમજૂતી આપી પ્રતિષ્ઠાનું નક્કી કરાવ્યું. એ અંગે પાંચ દિવસ બબ્બે ટંકની નોકારશીઓની અને બીજી પૂજાઓ વગેરેની મોટી ઉછામણીઓ થઈ. પ્રતિષ્ઠા-ઉત્સવ શરૂ થતાં ગામમાં આનંદની છોળો છવાઈ રહી. આખા ગામમાં ધજા, તોરણો, દરવાજાની શોભા ઝળકી ઊઠી. મંદિરના

આંગણે આલીશાન મંડપ નખાયો. સુમેરપુરના આર્ટિસ્ટ મુકુન્દ પેન્ટર કે જેણે પિંડવાડામાં ભવ્ય રચનાઓ કરેલી, તેણે અહીં પણ સુંદર હાલતી ચાલતી રચનાઓ કરી. પ્રતિષ્ઠા-કળશ-ધ્વજદંડ વગેરેની ઉછામણીઓ ધારણા બહાર લાખ સુધી પહોંચી. ઉછરંગ ખૂબ વધી ગયો. બહાર ગામથી માનવનો મહેરામણ ઊભરાયો, માગશર સુદ ૬ ના શુભ મુહૂર્તે પૂ. આચાર્યદેવની વરદ નિશ્રામાં પ્રભુજીને ગાદીનશીન કરવામાં આવ્યા.

માગશર સુદ ૧૧ ના દિવસે ધંધુકા નિવાસી મુમુક્ષુ છોટાલાલ તલકશીની સંઘના ભારે ઉત્સાહ વચ્ચે પૂ. આચાર્યદેવના વરદ હસ્તે ભાગવતી દીક્ષા થઈ. દીક્ષાર્થીના માતાજી તથા ભાઈઓ આ પ્રસંગ પર આવી ગયા હતા. આગલે દિવસે વર્ષીદાનનો ભવ્ય વરઘોડો ચઢ્યો હતો. દીક્ષાર્થીને પૂ. પં. શ્રી. રવિવિજયજી મહારાજનો છેલ્લા બાર માસથી સારો સંપર્ક અને પ્રેરણા હતી. દીક્ષા થયા બાદ એમનું નામ મુનિશ્રી કલ્પતરુવિજયજી રાખી એમને પૂ. પં. શ્રી રવિવિજયજી મ.ના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા. દીક્ષાર્થીના સ્વ. પિતા તલકશીભાઈએ ધંધુકામાં કેટલાય વર્ષો સુધી મંદિરનો વહીવટ સંભાળેલો એવા કુળને નૂતન મુનિશ્રીએ અજવાળ્યું છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૯,અંક-૧૪,તા.૧૭-૧૨-૧૯૬૦**

શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થ પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થના જીર્ણોદ્ધારનું કામ શ્રી તીર્થંકરદેવના શાસનના પ્રભાવથી લગભગ પૂર્ણ થવા આવ્યું છે. પહાડ ઉપરના નૂતન શ્રી જળમંદિરમાં પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૧૭ના માઘવદી ૭ ને બુધવાર તા. ૮-૨-૬૧ ને દિવસે છે અને તેનો મહોત્સવ માઘસુદી ૧૩ રવિવાર તા. ૨૯-૧-૬૧ થી શરૂ થનાર છે.

શ્રી સમ્મેતશિખરજી તીર્થમાં ઉત્સવ ઉપર યાત્રાળુઓને આવવા માટે ઈસ્ટર્ન રેલ્વેના પારસનાથ અને ગીરીડીહ સ્ટેશને રેલ્વે દ્વારા આવી શકાય છે. ત્યાંથી મધુવન (તળેટી) જવા માટે મોટર બસ મળે છે. મધુવનમાં રહેવા માટે વિશાળ જૈન-ધર્મશાળાઓ છે તથા ઉત્સવ ઉપર નિવાસનાં સાધનોની પણ વિશેષ વ્યવસ્થા રાખવામાં આવશે, જેથી રહેવાની મુશ્કેલી રહેશે નહીં. વિ.સંવત ૨૦૧૭ના માઘસુદી ૧૩ તા. ૨૯-૨-૬૧ સુધીમાં દરરોજ સવારે ભાતાની વ્યવસ્થા અને બપોરે નૌકારશી

સાધર્મિક વાત્સલ્ય થશે. પાણી, બત્તી, તાર, ટપાલ, ચિકિત્સા, વગેરેની ઉચિત વ્યવસ્થા રહેશે, જેથી ઉત્સવ ઉપર પધારનારાઓને અનુકૂળતા રહેશે.

સર્વ સાધર્મિક બંધુઓ તથા બહેનોને વિનંતી કરવામાં આવે છે કે તેઓમાંના જેઓ સંઘો, સ્પેશ્યલો વગેરેથી સમુહરૂપમાં આવવાના હોય તેઓએ મહોત્સવ પહેલાં એક મહિના અગાઉ અને આવનાર કુટુંબોએ પંદર દિવસ પહેલાં આવવાનો દિવસ તથા સંખ્યા જણાવવાથી વ્યવસ્થાપકોને ઉચિત વ્યવસ્થા કરવામાં અનુકૂળતા ભરેલું રહેશે. તો અગાઉથી ખબર આપવી.

શ્રી જૈન સંઘની પ્રત્યેક વ્યક્તિ આ શુભસમાચાર ઘેર ઘેર પહોંચાડી દે, જેથી શ્રી સમ્મેત શિખરજી મહાતીર્થની પ્રતિષ્ઠાનો અલભ્ય અવસર આપણા આ જીવનમાં પ્રાપ્ત થયો છે, તેને હાથથી જવા ન દેવાય.

નિવેદક : શ્રી સમ્મેતશિખરજી જિર્ણોદ્ધાર સમિતિ, ૬ ક્રોસ સ્ટ્રીટ કલકત્તા.'

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૯,અંક-૧૫,તા.૨૪-૧૨-૧૯૬૦**

● **અમદાવાદ** : શ્રી લાલચંદજી રાજમલજી (મસ્કતી કાપડ મારકીટ) જણાવે છે કે 'જેમને ૫૦૦ આયંબિલ સળંગ અગર એકાન્તરે ફાગણ મહિના સુધીમાં પૂરા થતા હોય તેમને અમારા શિરનામે નામ નોંધાવી જવા વિનંતી છે.'

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૯,અંક-૧૬,તા.૩૧-૧૨-૧૯૬૦**

સિલદર નગરે ઉપધાન, પ્રવેશ મહા સુદ ૫ ચાલી રહેલી તડામાર તૈયારીઓ

શ્રી જીરાવલા પાર્શ્વનાથજીના તીર્થની પાસે આવેલા સિલદર નગરના વતની પૂનાવાળા શેઠ રતનાજી રુગનાથજી અને શેઠ મોટાજી રઘુનાથજીએ પૂ. ગુરુદેવ સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવેશ શ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની** પવિત્ર નિશ્રામાં વિ.સં. ૨૦૧૧-૧૨માં પૂનામાં ભવ્ય ઉપધાનતપ કરાવેલો. ૫૨૫ આરાધકોની ઝળકતી આરાધના, તથા શાસન પ્રભાવનાનો પ્રેરક પૂ. આચાર્યદેવનો પુણ્યપ્રભાવ જોઈ આ બંને બંધુઓને પોતાની જન્મભૂમિમાં પણ વિશાળ પાયા પર ઉપધાન પૂ. આચાર્યદેવેશની નિશ્રામાં કરાવવાની તમન્ના ત્યારથી હતી.

એમાં ગત વર્ષે શ્રી આચાર્ય ભગવંતના પાવન પગલાંથી મરુભૂમિ પાવન થઈ. શ્રીમદ્‌ના પ્રભાવી પ્રયત્નથી **પિંડવાડામાં** અભૂતપૂર્વ અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ, શિવગંજમાં સંઘની ધર્મસાધનાઓથી ગાજતા ચાતુર્માસમાં સ્વપ્નદ્રવ્યને જિન ભક્તિમાં જ ખર્ચવાનો સંઘનિર્ણય, ૨૭ પંચોના વર્ષોના કુસંપનું નિરાકરણ, બેડાપટ્ટાના ગામોના વર્ષો જુના ઝગડાની પતાવટ, **શિવગંજ** મોટા દેરાસરની ચાર ખૂણાની દેવળીઓમાં વર્ષોથી અટકેલી પ્રતિષ્ઠાનું સંપાદન, **ચામુંડેરી**માં અન્યત્ર ખર્ચાઈ ગયેલા દેવદ્રવ્યના રૂા. ૩૭૦૦૦નું કમિટીદ્વારા સંઘ ફંડથી ભરણું, **ભણદર** સંઘમાં સંગઠન વગેરે મહત્ત્વના ધર્મકાર્યો થયા.

હવે શેઠ રત્નાજી તથા મોટાજીને પોતાની કલ્યાણ કામના સફળ કરવાનો પુણ્ય અવસર સાંપડ્યો. પૂ. આચાર્ય ભગવંતને પોતાના પટ્ટધર આચાર્યશ્રી વિજય યશોદેવસૂરિજી મહારાજ તથા પંન્યાસજી મહારાજે અને આબાલ વૃદ્ધ મુનિમંડળના વિશાલ પરિવારને લઈ સિલદર પધારવા અને શ્રીમદ્‌ની તારક નિશ્રામાં ઉપધાન કરાવવા વિનંતી કરી. પૂજ્યશ્રીએ એમના ધર્મશ્રદ્ધાથી છલકાતા ભાવ જોઈ એમની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો, અને ઉપધાન પ્રવેશનું શુભ મુહૂર્ત મહા સુદ ૫નું નક્કી થયું.

આ ઉપધાન તપની આરાધના કરવા માટે ભારતભરમાં આમંત્રણ પાઠવવા બંને બંધુઓ તરફથી કંકોત્રીઓ મોકલવાની યોજના થઈ છે; અને એ રીતે પૂ. શાસનરત્ન આચાર્યદેવેશની પ્રભાવવંતી નિશ્રામાં ઉપધાન કરવાને પધારવા માટે સંઘ સમસ્તને આમંત્રણ છે.

આમંત્રણ-પત્રિકામાં જણાવ્યા મુજબ ઉપધાનની આરાધનામાં મોક્ષના અપ્રતિમ અનન્ય સાધનભૂત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તપની વિશિષ્ટ સાધનાનો લાભ મળે છે. પંચપરમેષ્ઠી-નમસ્કારના રોજના બબ્બે હજાર સ્મરણ, દેવવંદનો, જિનવાણી શ્રવણ વગેરે દ્વારા **સમ્યગ્દર્શન,** એક લાખ સ્વાધ્યાય દ્વારા **સમ્યગ્જ્ઞાન,** ૪૭ દિવસના અખંડ પૌષધ દ્વારા **સમ્યગ્ચારિત્ર,** અને લગભગ ૧૮ ઉપવાસ, ૧૮ એકાસણા, ૯ આંબેલ વિગઈ ત્યાગ, ૫૦૦૦ ખમાસમણાં, ૫૦૦૦ લોગસ્સના કાયોત્સર્ગ વગેરે દ્વારા બાહ્ય-અભ્યન્તર **સમ્યગ્તપ** આ બધું આરાધવાની અનુપમ તક, તે પણ પૂ. આચાર્યદેવની પવિત્ર નિશ્રા-પ્રેરણા સાથે તથા સંવેગ-વૈરાગ્ય અને તત્ત્વ તથા અનેકવિધ ધર્મમાર્ગદર્શન ભર્યા રસમય વ્યાખ્યાનોના ધારાબદ્ધ શ્રવણ સાથે મળે, એ આરાધકોના પ્રબળ પુણ્યોદયે બની શકે.

માનવજીવનનો લહાવો દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી રત્નત્રયીની આરાધનામાં જ છે. એ વિનાનું જીવન પશુ જીવનવત્ બની જાય છે. જીવનમાં કવચિત્ સાંપડતી રત્નત્રયીની વિશિષ્ટ આરાધનાની મોંઘેરી તક કોણ ચૂકે ? આ ઉપધાનમાં જોડાઈ જઈ એ તક ઝડપી લેવા ભવ્યાત્માઓને અમારો અનુરોધ છે.

આ ઉપધાનમાં વિશેષ ઉલ્લાસ અને સમજણભરી આરાધના થાય એ માટે **'ઉપધાન સ્વરૂપ', 'ઉપધાન રહસ્ય', 'ઉપધાન-ચિંતન'** એ નામની ત્રણ પુસ્તિકાઓ આપવામાં આવશે; તેમજ સુંદર ભાવપ્રેરક નવીન પટો ચિત્રો બોધક વચનોના બોર્ડોની પણ યોજના કરવામાં આવી છે. એકાગ્ર જાપ અને ભાવના તથા ધ્યાનના વિકાસ માટે આલંબન સાથે માર્ગદર્શન અપાશે.

ઉપધાન કરાવનાર ભાઈઓ તરફથી એમાં પ્રવેશ કરવા ઈચ્છનારને પોષ વદ ૧૩ સુધી પોતાના નામો નોંધાવી દેવા જણાવાયું છે. તેનાં સ્થળો : **પુના,** ભવાની પેઠ, મોટાજી રઘુનાથજી; **મુંબઈ** - મેઘાજી વનેચદ, ધનજી સ્ટ્રીટ; **સિલદર** -મોટાજી રત્નાજી (Via-રેવદર), **અમદાવાદ**-લાલચંદ રાજમલજી મસ્કતી માર્કેટ, સિલદર આવવા માટે આબુરોડ (ખરેડી), તથા સ્વરૂપગંજ તથા શિરોહી રોડથી મોટરનું સાધન મળે છે.

● **શિવગંજ :** પૂ.પં.શ્રી પદ્મવિજયજી મહારાજ કેન્સરની વ્યાધિથી પીડાઈ રહ્યા છે. અવરનવર કોઈને કોઈ ભારી વેદના ઉપડી આવે છે, પરંતુ સહિષ્ણુતા અને સમાધિ ખૂબ જ અનુમોદનીય જાળવે છે. વેદના જોનારને તો હૈયું કંપી ઉઠે છે, પરંતુ એઓશ્રી જે ધીરતાથી સહન કરે છે તે પ્રભુશાસનના સાધુપણાની અને જૈનતત્ત્વજ્ઞાનની બલિહારી છે. વર્ષો સુધી ત્યાગ, તપસ્યા ને શાસ્ત્રરટણ ઉપરાંત ગુરુસેવા, સંયમ અને ભારે સહિષ્ણુતા સાધી છે, એના રૂડાં ફળરૂપે આવી કપરી સ્થિતિમાં કર્મની મહાન નિર્જરા અને ભવાંતરનું વિશિષ્ટ સુસંસ્કારોનું ભાતું ભેગું કરી રહ્યા છે. પૂ. ગુરુદેવ શ્રી આચાર્યદેવેશ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજે પરિવાર સાથે એમને પણ લઈ મહા સુ. ૫ સિલદરમાં ઉપધાન અંગે પોષ સુદ દસમે વિહાર કર્યો છે. સિરોહી થઈને મહા સુદ ૨ લગભગ સિલદર પધારવા વકી છે.

● **પૂના :** શિક્ષણક્ષેત્રે ખ્યાતિ પ્રાપ્ત કરનાર શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-પૂનાની જૈન દર્શનની પ્રબોધિની-પ્રાથમિક પ્રારંભિક-પ્રવેશ-પરિચય અને પ્રદીપ એ ૬ પરીક્ષાઓ તા. ૩૦-૩૧ જુલાઈ તથા ૧૩-૧૪ ઓગષ્ટમાં લેવાઈ હતી. તત્ત્વજ્ઞાનના જિજ્ઞાસુ જૈન-જૈનેતર વર્ગ હોંશથી પરીક્ષાઓ આપે અને ભગવાન શ્રી

મહાવીરપ્રભુના શુદ્ધ સિદ્ધાંતને તત્ત્વસ્વરૂપે સમજી જીવન વ્યવહારમાં ઉતારે એ જ મુખ્ય આ સંસ્થાનો ઉદ્દેશ છે.

આ વર્ષે ભારતભરમાં વિવિધ પ્રદેશોના લગભગ ૨૮૦૦ આબાલવૃદ્ધ પરીક્ષાર્થીઓ બેઠા હતા. જેનું પરિણામ પ્રબોધિનીમાં ૮૦ ટકા, પ્રાથમિકમાં ૬૯ ટકા, પ્રારંભિકમાં ૬૫ ટકા, પ્રવેશમાં ૬૨ ટકા, પરિચયમાં ૪૭ ટકા, પ્રદીપમાં ૬૬ ટકા જાહેર કરવામાં આવે છે.

● **સિહોર :** અત્રે સાધારણ ખાતાના તોટાને પહોંચી વળવા માટે એક ગૃહસ્થ તરફથી રૂા. ૨૫૦૦૧) નું ગુપ્તદાન મળેલું. એ કાળા બજારની કમાણીનું નહિ, પણ દાતાની પસીનાની કમાણીનું, એ આવક વેરા ખાતાને બક્ષીસ વેરો ભરપાઈ કરેલું ન્યાયસંપન્ન વિભવનું હતું. આવું દાન અને તે ગુપ્તપણે, તેમજ સાધારણખાતામાં, - એ આજના કાળે ખરેખર પ્રશંસનીય અને અનુકરણીય દાન છે. એનો તથા શ્રી નેમકોરબેન આંબેલ ખાતાને કરેલ રૂા. ૨૩૫૦૨/- ના દાનનો અભિનંદન મેળાવડો પૂ. મુનિરાજશ્રી ભુવનવિજયજી મ. ની નિશ્રામાં સારો ઉજવાયો. શેઠ શ્રી રમણલાલ દલસુખભાઈના હસ્તે આંબેલ ખાતાનું ઉદ્‌ઘાટન થયું. શેઠશ્રી પ્રાગજીભાઈ ઝવેરચંદના હસ્તે નવા આંબેલભવનની શિલારોપણ વિધિ થઈ. એમણે નવકારશી જમણ આપ્યું. નવું મકાન રૂા. ૨૫ હજારની કિંમતનું થશે. રૂા. ૧૫ હજારથી દાન કરવાની માગણી આવી છે.

● **કલકત્તા :** અત્રે ૯૬ કેનીંગ સ્ટ્રીટ, જૈન પાઠશાળામાં માસ્તર કનૈયાલાલ આવ્યેથી વિદ્યાર્થીઓમાં ઉત્સાહ સારો છે. પાઠશાળાના બાળક બાલિકાઓને જીયાગંજ-અજીમગંજ-કટગોળા વગેરેની સમૂહયાત્રા કરાવાઈ. સ્નાત્રાદિ સારું થયું-દર રવિવારે સ્નાત્ર ૩-૪ કલાક ચાલે છે.

● **પાલીતાણા :** બિરાજમાન પૂ. વિદુષી સાધ્વી શ્રી દર્શનશ્રીજી મ.ના શિષ્યા તપસ્વીની સાધ્વીજી શ્રી પદ્મયશાશ્રીજીએ ૨૦૧૫ ના જેઠ સુદિ ૧૪ થી તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિવરની છત્રછાયામાં અખંડ આયંબિલની તપશ્ચર્યા શરૂ કરેલ તે ૨૦૧૭ ના માગશર સુદિ ૫ ના તેમને ૫૩૫ આયંબિલો પૂર્ણ થયા. આ પહેલાં તેઓએ ૨૦૧૪ માગશર વદિ ૧૩ થી આસો સુદિ બીજ સુધી ૩૦૦ આયંબિલો અખંડ રીતે કરેલ, ત્રણ વર્ષના ગાળામાં તેઓએ ૮૩૫ આયંબિલ કર્યા; તેઓએ ૧૪ વર્ષની વયે ૨૦૦૫ માં દીક્ષા લીધેલી, આજે ૨૬ વર્ષની વયે તેમણે આવી તપશ્ચર્યા કરી છે. તેમના સંસારી અવસ્થાના પિતાશ્રીએ જેઓનું દીક્ષિત થયા બાદ

મુનિશ્રી હીરવિજયજી નામ હતું તેઓએ પણ વર્ધમાન તપની ઓળીઓ કરી હતી ને ૫૦૦ આયંબિલો અખંડ કર્યા હતા. તેમણે ૩૯ વર્ષની વયે દીક્ષા લીધેલી ને ૪૬ વર્ષની વયે તેઓ કાળધર્મ પામ્યા હતા. પૂ. સાધ્વીશ્રીની તપશ્ચર્યા નિમિત્તે જામનગર, નવાગામવાળા શા વેલજી કાળુભાઈ તરફથી પાલીતાણા આરિસા ભુવનમાં માગશર સુદિ બીજથી અઠ્ઠાઈ મહોત્સવ થયેલ.

● **ઈડર :** પૂ.પં.શ્રી પ્રવીણવિજયજી મ.ની નિશ્રામાં પૂ.મુનિશ્રી મહિમાવિજયજી મ. ના શુભ પ્રયત્ને સંઘમાં ધર્માદા દલાલી તથા ઉપાશ્રય અંગેના મતભેદ દૂર થયા. પૂ.શ્રી ના હસ્તે વડાવલીમાં અઠ્ઠાઈ મહોત્સવ અષ્ટોત્તરી સ્નાત્ર સાથે સુંદર ઉજવાયો. ઈડરથી મૌન ૧૧ પછી વિહાર કરતાં જનતાને સારા વ્રત નિયમો આપ્યા. પૂજ્યશ્રીના વિહારમાં ધર્મપ્રભાવના સારી થાય છે, એઓશ્રી પો. સુ. ૧૩-૧૪-૧૫ શંખેશ્વરજી કરી પાલીતાણા પધારશે.

● ● ●

